
ચોથી શ્રેણી

પુસ્તક–૧૨૦



તા.૧૬મી માર્ચ ૨૦૨૬
ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે
થી
તા.૧૮મી માર્ચ, ૨૦૨૬
ફાલ્ગુન ૨૭, ૧૯૪૭ શાકે

ગુજરાત વિધાનસભા

ચર્ચાઓ

સત્તાવાર અહેવાલ
પંદરમી ગુજરાત વિધાનસભા
આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૧૨૦	અ નુ ક્ર મ ણિ કા	ચોથી શ્રેણી	
	વિષય	પાન નબર	
	તા.૧૬મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૧	૧૩
	અતારાંકિત પ્રશ્નો	૧૪	૪૮
	પોઇન્ટ ઓફ ઓર્ડર (પ્રશ્નોત્તરીકાળનો સમય વ્યતિત ન કરવા અંગે)	૪૯	૫૦
	માન.અધ્યક્ષશ્રીનો નિર્ણય (બંધારણે આપેલા વિશેષાધિકારો અને ફરજોનું પાલન કરવા અંગે)	૫૧	૫૨
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૫૨	૫૨
	વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત	૫૨	૫૨
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)	૫૩	૮૫
	તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે(પહેલી બેઠક)		
	વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને. મતદાન (નિયમ–૨૩૩)	૮૬	૮૬
	પોઇન્ટ ઓફ ઓર્ડર	૮૭	૯૩
	(૧) દિવસના કામકાજની યાદીમાં ફેરફાર કરવા અંગે	૮૭	૯૨
	(૨) સભાગૃહનો સમય બિનજરૂરી વ્યય કરવા અંગે	૯૩	૯૩
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)	૯૪	૧૨૫
	તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે(બીજી બેઠક)		
	તારાંકિત પ્રશ્નો	૧૨૬	૧૩૮
	અતારાંકિત પ્રશ્નો	૧૩૯	૨૦૦
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)	૨૦૧	૨૧૫
	પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો	૨૧૫	૨૧૫
	તા.૧૮મી માર્ચ, ૨૦૨૬ ફાલ્ગુન ૨૭, ૧૯૪૭ શાકે		
	તારાંકિત પ્રશ્નો	૨૧૬	૨૫૩
	અતારાંકિત પ્રશ્નો	૨૫૪	૫૪૦
	માન.અધ્યક્ષશ્રીની જાહેરાત (નાણાકીય સમિતિઓના ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર અંગે)	૫૪૦	૫૪૦
	પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન (ઇ–મેઇલ દ્વારા વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવા અંગે)	૫૪૦	૫૪૦
	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો	૫૪૧	૫૪૨
	વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત	૫૪૩	૫૪૩
	માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)	૫૪૪	૫૬૪

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

સોમવાર, તા. ૧૬મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

ડીપ સી ડીસ્ચાર્જ પાઇપલાઇન

***15/8/2930 શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ ડીપ સી ડીસ્ચાર્જ, ડીસ્ચાર્જ યોજના અંતર્ગત ખંભાતના અખાતમાં અને પોરબંદરના દરિયામાં પાઇપલાઇન નાખવાની યોજનાને ક્યારે મંજૂરી આપવામાં આવી,	(૧)	ડીપ સી ડીસ્ચાર્જ યોજના અંતર્ગત ખંભાતના અખાતમાં; ૧) અંકલેશ્વર થી ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટને તા.૨૯/૦૩/૨૦૨૨ ના રોજ, ૨) સાયખા ઔદ્યોગિક વસાહતથી ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટને તા.૩૦/૦૩/૨૦૨૧ ના રોજ, ૩) અમદાવાદ ઔદ્યોગિક વસાહતથી ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટને તા.૨૬/૧૧/૨૦૧૯ ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે. તથા પોરબંદરના દરિયામાં; ૧) જેતપુર ખાતેથી ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટને તા.૨૬/૧૧/૨૦૧૯ થી મંજૂરી આપવામાં આવેલ છે.
(૨)	ઉક્ત સ્થિતિએ ઉક્ત પાઇપલાઇન નાખવા માટે કેટલો ખર્ચ કોના દ્વારા કરવામાં આવ્યો,	(૨)	GWIL દ્વારા જેતપુર પ્રોજેક્ટ માટે રૂ.૧૦૮.૩૮ કરોડનો તથા જીઆઇડીસી દ્વારા અંકલેશ્વર અને સાયખાના પ્રોજેક્ટ માટે રૂ.૬૨૯.૫૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.
(૩)	ઉક્ત પાઇપલાઇન માટે સરકાર દ્વારા ફીઝીબીલીટી અને એન્વાયરમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ અભ્યાસ કર્યો છે કે કેમ, અને	(૩)	• અંકલેશ્વર, સાયખા અને જેતપુરના ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટ માટે ફીઝીબીલીટી અને એન્વાયરમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટ અભ્યાસ કરેલ છે. • અમદાવાદ ખાતેના ડીપ–સી પાઇપલાઇન પ્રોજેક્ટ માટે ફીઝીબીલીટી અને એન્વાયરમેન્ટલ ઇમ્પેક્ટ એસેસમેન્ટના અભ્યાસ અર્થે તાંત્રિક તજજ્ઞની નિમણૂંક કરેલ છે.
(૪)	જો હા, તો તેની વિગતો શું છે?	(૪)	અંકલેશ્વર, સાયખા અને જેતપુર પ્રોજેક્ટ માટે MoEF & CC દ્વારા CRZ Clearance ની મંજૂરી મળેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદના ઉદ્યોગો હોય, અંકલેશ્વરના હોય કે જેતપુરના હોય એમાંથી ખૂબ મોટા પ્રમાણમાં પ્રદૂષિત પાણી બહાર નીકળે છે, કચરો નીકળે છે અને હેઝાર્ડ્સ કેમિકલ નીકળે છે. એનાથી પર્યાવરણને પણ નુકસાન થાય છે અને જમીનના તળ પણ બગડે છે. અહીંયાં આપણે ડીપ–સી ડિસ્ચાર્જ પ્રોજેક્ટ માટે અલગ–અલગ વર્ષોથી મંજૂરી આપી છે. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે આ પ્રોજેક્ટ કરીએ છીએ એ એક વાત છે પણ જે ટ્રીટેડ

વૉટરમાં કોઇ પણ જાતના હેઝાર્ડ્સ કેમિકલના તત્ત્વો તેમાં નથી તો આ પાણીને રિસાયકલ કરીને એ જ ઉદ્યોગોમાં ઉપયોગ કરવા, કોર્પોરેશન વિસ્તારમાં ઉપયોગ કરવા અથવા એમાં કોઇ કેમિકલ નથી તો એ વિસ્તારના ખેડૂતોને ખેતી કરવા માટે ઉપયોગમાં લેવાનું કોઇ આયોજન કરવામાં કેમ નથી આવ્યું? કરોડો રૂપિયા ખર્ચીને પણ આપણે દરિયાની અંદરના વિસ્તારમાં પાણી છોડવાના છીએ તો એનાથી દરિયાઇ જીવોને નુકસાન થાય, દરિયાનું પૉલ્યુશન થાય, માછીમારીના વ્યવસાયને અસર થાય અને એનાથી જે નુકસાન થાય એ બાબતનો કોઇ અભ્યાસ કરવામાં આવ્યો છે કે કેમ?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો આ પ્રશ્ન પર્યાવરણ વિષયને લગતો છે, પણ માનનીય સભ્યશ્રીએ જે રીતે ડીપ–સી રિચાર્જ પાઇપલાઇનની વાત કરી છે એમાં ડિસ્પરઝન મોડેલિંગ એ એક વૈજ્ઞાનિક સેમ્યુઅલ છે જે પાઇપલાઇન દ્વારા શુદ્ધિકૃત ગંદા પાણીને ઊંડા દરિયામાં યોગ્ય નિકાલ માટે તે કેવી રીતે ફેલાય અને મિક્સ થાય છે તેનું અનુમાન કરવા માટે ઉપયોગમાં લેવાય છે. કોમ્પ્યુટરાઇઝ્ડ સોલ્યુશન દ્વારા ડાઇલ્યુશન પોઇન્ટની ઓળખ, સી.પી.સી.બી.ના ધોરણો જેવાં કે ૧૫૦ ગણું ડાઇલ્યુશન તેમજ ૧૦૦ મીટરના અંતરે ૧૫૦૦ ગણું ડાઇલ્યુશન કરવા મેળવવામાં આવે છે. ડિસ્પરઝન મોડેલિંગમાં શુદ્ધિકૃત ગંદા પાણીનો ફ્લો રેટ, પાણીની ઘનતા, તાપમાન, ક્ષાર અને પોલ્યુટન્ટની સાંદ્રતાની વિગતોની જરૂરિયાત રહે છે. આ ઉપરાંત દરિયાના પાણીના અભ્યાસ માટે ટાઇડલ કરંટ અને કરંટની દિશા, કરંટ વેલોસિટી સંબંધિત માહિતી, બાયોમેટ્રિક અભ્યાસ અને પાણીની ઘનતા, શહેરીકરણની વિગતોની જરૂરિયાત રહે છે. સભ્યશ્રીએ જે રીતે વાત કરી એ રીતે સી.ઇ.ટી.પી.માં પાણી ભેગું કરીને ફરીથી શુદ્ધ કરી દરિયામાં લઇ જવામાં આવે છે. માનનીય સભ્યશ્રીએ ખેતી અને સિંચાઇ માટેની વાત કરી એ એમનું સૂચન છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે જવાબ આપ્યો એમાં ખાસ કરીને ઝઘડિયા અને અંકલેશ્વરથી આખા ગુજરાતની સૌપ્રથમ ડીપ–સી પાઇપલાઇન ખંભાતના અખાતમાં નંખાઇ અને ત્યારપછી ત્રણ વર્ષ પછી એન.આઇ.એ.નો રિપોર્ટ લીધો. એમાં જળચર પ્રાણીઓને કંઇ પણ અસર થયેલી નથી. બીજું કે સુરતમાં લગભગ ૧૫૦થી ૨૦૦ એમ.એલ.ડી. પાણી ઉદ્યોગોમાં વપરાય છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એટલી જ છે કે આપણે જો આટલું ટ્રીટેડ પાણી મોકલીએ છીએ કે જેનાથી કોઇ નુકસાન થવાનું નથી તો એક બાજુ ઉદ્યોગોને આપવા માટે આપણે નર્મદાનું પાણી ફાળવવું પડે છે અને બીજી બાજુ ખેતીમાં પણ પાણીની તકલીફ પડે છે. તો કોર્પોરેશન વિસ્તારમાં સ્વચ્છતા અને ગાર્ડન માટે બાકીની જે વ્યવસ્થાઓ છે એમાં પણ ખૂબ મોટા પ્રમાણમાં પાણી વપરાય છે. તો એ પાણીને રીસાયકલિંગ કરીને પાણીનો ઉપયોગ ત્યાં કરવામાં આવે તો આ પ્રશ્ન સોલ્વ થાય અને દરિયામાં જાય તો નુકસાન થવાની શક્યતા છે તે પણ અટકે. આપણે બધા જાણીએ છીએ કે સાબરમતી નદીમાં જે પાણી છોડવામાં આવે છે, આપણે ભાષણો કરીએ છીએ કે ''કલ કલ બહેતી સાબરમતી એ સ્વચ્છ નદી છે'' પણ પરિસ્થિતિ બધાંની આંખો સામે છે. ખૂબ ગંદુ પૉલ્યુટેડ પાણી જાય છે અને એની અસર છેક કાંઠા સુધીના વિસ્તારના ખેતરોમાં થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ આપના પ્રશ્ન પર આવી જાઓ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી એટલી જ છે કે, આપણે ટ્રીટેડ વૉટરને દરિયામાં છોડવાના બદલે બાકીનાં કામોમાં તેનો ઉપયોગ કેમ કરતાં નથી, તે માટે કોઇ અભ્યાસ કર્યો છે કે કેમ? જો અભ્યાસ કર્યો હોય અને નેગેટિવ રિપોર્ટ આવ્યો હોય તો જ દરિયામાં છોડવાની વાત આવે. તે પાણીનો ઉપયોગ જે તે જગ્યાએ જ થઇ જવાનો હોય તો દરિયામાં છોડવાની જરૂરિયાત શું છે?

અધ્યક્ષશ્રી : મને લાગે કે છે કે, આ પ્રશ્ન પર્યાવરણ વિભાગનો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખરેખર આ પ્રશ્ન પર્યાવરણ વિભાગનો છે. આ બાબતે માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ જવાબ આપી દીધેલ છે, પરંતુ આ બાબતે વૈકલ્પિક ટેક્નોલૉજી માટેનાં સૂચનો મળેલાં છે. હાલ આ પ્રશ્નની ચર્ચા નહીં થઇ શકે. કારણ કે આ બાબતે ખારવા સમાજ હાઇકોર્ટમાં ગયેલ છે. આ સબજ્યુડિસ મેટર છે એટલે હું માનું છું ત્યાં સુધી ન્યાયની પ્રક્રિયા માટે તે હિતાવહ નથી.

અધ્યક્ષશ્રી : સબજ્યુડિસ મેટર હોવાથી વિગતવાર ચર્ચા નહીં કરી શકાય.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું ચર્ચા કરવા માટે કહેતો નથી. મારો પ્રશ્ન લોકહિતનો જ છે. સરકારનું કરોડો રૂપિયાનું બજેટ વપરાય છે, પ્રજાના પૈસા છે ત્યારે મારી માગણી એટલી જ છે કે પાણીને ડિસ્ચાર્જ કરવા માટે જ આટલી રકમ ખર્ચવામાં આવે છે તો આ પાણીનો ત્યાં જ ઉપયોગ કેમ કરવામાં આવતો નથી? ૧૦૦ ટકા ન વાપરી શકાય તો ૭૦– ૮૦ ટકા વાપરવાની નીતિ કેમ બનતી નથી?

અધ્યક્ષશ્રી : જો પાણી ખરેખર વાપરવાલાયક હોય તો તેને ખેતીમાં વાપરવા માગો છો કે કેમ**?** માનનીય મંત્રીશ્રી**,** કોર્ટ કેસને અસર ન થાય તે પ્રમાણે જવાબ આપી શકો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં જવાબ આપી દીધેલ છે કે**,** આ બાબતે વૈકલ્પિક ટેક્નોલૉજીનાં સૂચનો મળેલાં છે પરંતુ આ સબજ્યુડિસ મેટર હોવાથી વિગતવાર ચર્ચા નહીં કરી શકાય.

તાપીમાં આવેલ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કૂલ

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

***15/8/1965 શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી** (વ્યારા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત અને યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાપીમાં આવેલ જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કૂલ ખાતે કેટલા ખેલાડીઓ આ યોજનાનો લાભ મેળવી રહ્યા છે, અને	(૧)	**૧૨૮ (એકસો અઠ્યાવીસ)** ખેલાડીઓ
(૨)	ઉક્ત સ્થિતિએ જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કૂલ યોજના હેઠળ તાપી જિલ્લામાં કઈ રમતોની તાલીમ આપવામાં આવી રહી છે?	(૨)	ઉક્ત સ્થિતિએ જિલ્લાકક્ષાની સ્પોર્ટસ સ્કૂલ યોજના હેઠળ તાપી જિલ્લામાં નીચે મુજબની રમતોની તાલીમ આપવામાં આવી રહી છે. (૧) એથ્લેટીક્સ (૨) કબડ્ડી (૩) ખો-ખો (૪) શુટીંગ (૫) ટેક્વાન્ડો

મોહનભાઈ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તાપી જિલ્લામાં જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલમાં કેટલા ખેલાડીઓ લાભ લે છે? તેની સાથે જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલ તાપી જિલ્લામાં કઇ રમતોની તાલીમ આપવામાં આવે છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તાપી જિલ્લામાં આવેલ જિલ્લા કક્ષાના સ્પોર્ટ્સ સંકુલમાં હાલ ૧૨૮ ખેલાડીઓ લાભ લે છે અને આ સ્પોર્ટ્સ સંકુલ યોજના હેઠળ એથ્લેટિક્સ, કબડ્ડી, ખો-ખો, શૂટિંગ અને તાયકવોન્ડોની રમતો રમાય છે.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાનો જન્મદિવસ છે ત્યારે તેમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહ વતી આપણે બધા માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાને જન્મદિવસની શુભકામનાઓ પાઠવીએ છીએ. શતં જીવં શરદ.

શ્રી પ્રવીણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત ખેલાડીઓને તાલીમ દરમિયાન થતી ઇજાઓ માટે ફિઝિયોથૅરપિસ્ટની નિમણૂક કરવામાં આવે છે કેમ? જો હા, તો કેટલા ફિઝિયોથૅરપિસ્ટની નિમણૂક કરવામાં આવેલ છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત જે સ્કૂલ ચાલે છે તેમાં જિલ્લાદીઠ એક ફિઝિયોથૅરાપિસ્ટની નિમણૂક કરવામાં આવે છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સ્પોર્ટ્સ સંકુલમાં પાંચ જેટલી રમતોની તાલીમ આ ૧૨૮ ખેલાડીઓને આપવામાં આવી રહી છે ત્યારે તેમાંથી કોઇએ રાજ્ય કક્ષાએ કે રાષ્ટ્રીય કક્ષાએ નોંધપાત્ર દેખાવ કર્યો હોય તેવી કોઇ ઘટના બની છે કે કેમ? અને આ પાંચ રમતની તાલીમ આપવામાં આવે છે તે રમતોમાં વધારો કરવા માગો છો કે કેમ?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સંકુલ યોજના અંતર્ગત કુલ ૨૧ રમતોનો સમાવેશ થાય છે. તાપી જિલ્લામાંથી અન્ય જિલ્લાઓ અને રાજ્ય સ્તરે ખેલાડીઓ ભાગ લે છે.

સુરત જિલ્લામાં વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના

***15/8/1938 શ્રી મનુભાઈ એમ. પટેલ** (ઉધના) **: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા, જી

(૨)	જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શો લાભ આપવામાં આવે છે, અને	(૨)	લાભાર્થી દીઠ રૂ.૧,૭૦,૦૦૦/– ની સહાય
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવેલ છે?	(૩)	રૂ. ૪૪૮.૬૦ લાખ

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સુરત જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં કેટલા આવાસ મંજૂર થયા? અને સહાય પેટે કુલ કેટલી રકમ આપવામાં આવી છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અનુસૂચિત જનજાતિ માટે વ્યક્તિગત વસવાટની મુશ્કેલીઓ દૂર કરી શકાય, કુટુંબને મદદરૂપ થઇ શકાય અને તેમાં રહીને કુટુંબીજનો વિકાસ કરી શકે એ માટેની છે. આ અંગે તાલુકાવાર વિગતો આપું તો, માંડવી તાલુકામાં ૪૬ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે અને રૂ.૧૧૯.૫ લાખની સહાય ચૂકવેલ છે. ઉમરપાડામાં ૧૧૦ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને રૂ.૧૨૭.૯ લાખની સહાય ચૂકવેલ છે, બારડોલીમાં ૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને રૂ.૧૪.૫ લાખની સહાય ચૂકવેલ છે, માંગરોળમાં ૪૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને રૂ.૫૭.૮ લાખની સહાય ચૂકવેલ છે, મહુવામાં ૭૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને રૂ.૧૧૮.૧ લાખની સહાય ચૂકવેલ છે, પલસાણામાં રૂ.૯.૮ લાખની સહાય ચૂકવેલ છે, ઓલપાડમાં ૨ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને રૂ. ૧ લાખની સહાય ચૂકવેલ છે. આમ, કુલ ૩૧૫ આવાસો મંજૂર કરવામાં આવેલ છે અને કુલ રૂ.૪૪૮.૬ લાખની સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૪માં કુલ ૩૧૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા અને રૂ.૨૬૦.૧ લાખની સહાય ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૨૫માં ૨૫૧ આવાસો મંજૂર કરવામાં આવ્યા અને રૂ.૧૮૮.૫ લાખની સહાય ચૂકવવામાં આવી. આમ, સુરત જિલ્લામાં ૫૬૬ લાભાર્થીઓને રૂ.૪૪૮.૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રી પાસેથી જાણવા માગું છું કે, આવાસ યોજના એ ખૂબ સારી સરકારની યોજના છે. એમાં વ્યક્તિગત ધોરણે આવાસ યોજના હેઠળ લાભ મેળવવા માટે આવકમર્યાદા નિશ્ચિત થયેલ છે કે કેમ? અને આ યોજના હેઠળ મળવાપાત્ર આર્થિક સહાયમાં તાજેતરમાં કોઇ સુધારા કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કુટુંબની વાર્ષિક આવક રૂ.૬ લાખ નિયત કરવામાં આવેલ છે અને અનુસૂચિત જનજાતિમાં પણ અત્યંત પછાત એવા આદિમ જૂથ કોટવાળિયા, કોલઘા, કાથોડી, સીદી અને પઢારના લાભાર્થીઓને કોઇ આવકમર્યાદા નક્કી કરવામાં આવેલ નથી. આર્થિક સહાયમાં સુધારા બાબતે જણાવું તો, વર્ષ ૨૦૨૫માં રૂ.૧ લાખ ૨૦ હજારની સહાય હતી એ વધારીને રૂ.૧ લાખ ૭૦ હજાર લાભાર્થીના ખાતામાં ઇ–પેમેન્ટથી જમા કરવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગ્રામ્ય વિસ્તારમાં આવાસો માટે રૂ.૧ લાખ ૭૦ હજારની સહાય મળે છે અને શહેરી વિસ્તારના આવાસો માટે રૂ.૪ લાખની સહાય મળે છે. શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં જોવા જઇએ તો, ઇંટ, કપચી, રેતી, સિમેન્ટ, પતરાં વગેરેનો ભાવ શહેર જેટલો જ હોય છે તો આ રકમમાં વધારો કરવા માગો છો કે કેમ?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના અમારા આદિજાતિ વિભાગની છે. આદિજાતિ વિભાગમાં કુલ મળીને ત્રીસેક જેટલી જ્ઞાતિઓ છે. એમાં આદિમ જૂથમાં છથી સાત જ્ઞાતિઓ માટે જનધન યોજના બની ગઇ છે અને રૂ.૨ લાખની સહાય આપીએ છીએ. બાકીની જે આદિજાતિની વસ્તી છે એમાં જે ગરીબ લોકો છે એમના માટે રૂ.૬ લાખની મર્યાદા કરી છે. એમને રૂ.૧ લાખ ૭૦ હજારની સહાય આપીએ છીએ. શહેરી આવાસ યોજના અલગ પ્રકારની યોજના છે. આ યોજનામાં અલગ રીતે ગરીબ પરિવારને સહાય આપીએ છીએ.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબે મારો અડધો જવાબ આપી દીધો છે. આદિજાતિ વિકાસ માટે આપણે મકાન ફાળવણી કરીએ છીએ એમાં ગ્રામ્ય વિસ્તારમાં કેટલા સ્કવેર ફૂટ બાંધકામની પરવાનગી આપીએ છીએ અને નગરપાલિકા વિસ્તારમાં આદિજાતિ વિકાસ માટે એટલે કે એસ.ટી.ના કોઈ વ્યક્તિ રહેતા હોય તો એમના માટે કેટલા સ્કવેર ફૂટનું કન્સ્ટ્રકશન હોય છે? જો બંનેના કન્સ્ટ્રકશન સરખા હોય તો બંનેના ભાવમાં ફેર કેમ છે? એની સમજૂતી આપવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજનાનો જે ક્રાઇટેરિયા છે એમાં જે સ્કેવર ફૂટમાં બાંધકામ થાય છે એ જ પ્રકારની આ યોજના છે. અમારી આ યોજનામાં જો લાભાર્થી જાતે કરે કારણ કે આ સહાય છે તો એ મોટું ઘર બનાવી શકે છે પણ આપણો ક્રાઇટેરિયા નક્કી કરેલો છે કે પાકી દીવાલ હોવી જોઇએ, પ્લાસ્ટર હોવું જોઇએ, પી.સી.સી. હોવું જોઇએ એ ધારાધોરણ મુજબ તે મોટું ઘર કરી શકે અને અમે એને એ રીતે સહાય આપીએ છીએ.

અનુસૂચિત જાતિના ખોટા પ્રમાણપત્ર અન્વયેના પોલીસ કેસો

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

તારાંકિત પ્રશ્નો

*** 15/8/2736 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		જવાબ	
(૧)	અનુસૂચિત જાતિના પ્રમાણપત્ર આપવા અને ખરાઇ કરવાના ૨૦૨૦ના નિયમો અમલમાં આવ્યા બાદ તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખોટા પ્રમાણપત્રો અન્વયે કેટલા પોલીસ કેસ નોંધવામાં આવ્યા,	(૧)	એક પણ નહી.
(૨)	ઉક્ત કેસો પૈકી કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	કેટલા ઇસમોની ધરપકડ કરવાની બાકી છે ?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવું છે કે અનુસૂચિત જાતિના આવા ખોટા પ્રમાણપત્રની કેટલી ફરિયાદ મળી છે અને ફરિયાદ મળી હોય તો એના ઉપર શું કાર્યવાહી કરવામાં આવી છે? અને સરકાર પાસે એવા કોઇ ડેટા છે કે જેમાં ખોટા પ્રમાણપત્રો બતાવીને અથવા ખોટા પ્રમાણપત્રો થકી નોકરી મેળવી છે? એના વિશેની માહિતી આપે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રમાણપત્ર ખરાઇ કરવાની વાત કરી છે એ અનુસંધાનમાં વર્ષ ૨૦૨૦ના નિયમોનો ઉલ્લેખ કરીએ તો અનુસૂચિત જાતિના ગુજરાત સરકારના...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપે જવાબ તો આપી દીધેલ છે ને? જવાબમાં તો કહી દીધેલ છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હા. જવાબ આપી દીધો છે. એમને બીજા પ્રશ્નમાં ફરિયાદની વાત કરી છે. આ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગને લગતો પ્રશ્ન છે એટલે એ પ્રશ્ન સ્કોપ બહાર છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ખોટા પ્રમાણપત્રો મેળવી સરકારી લાભો મેળવતા હોવાના આક્ષેપો થતા હોય છે પરંતુ છેલ્લાં બે વર્ષમાં અનુસૂચિત જાતિના આવા ખોટા પ્રમાણપત્રો મેળવ્યાનો એકપણ કિસ્સો બન્યો નથી એટલા માટે હું સરકારશ્રીને અભિનંદન આપું છું. આ પ્રમાણપત્રોની ચકાસણી માટે રાજ્ય સ્તરે કમિટી બનાવવામાં આવી છે કે કેમ? અને જો કમિટી છે તો એમાં કોણ કોણ સભ્યો છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં જણાવું તો આના માટે સરકારશ્રીમાં એક કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીના સભ્યો તરીકે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામકશ્રી, આદિજાતિ સંશોધન અને તાલીમ સોસાયટી, સેકશન અધિકારી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તથા સંયુકત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણનો સમાવેશ થાય છે. સરકારશ્રી દ્વારા વિભાગ માટે આ પ્રકારની એક કમિટી બનાવવામાં આવી છે.

ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર

*** 15/8/2730 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં કયા પોલીસ સ્ટેશનોમાં કેટલા કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવ્યો,	(૧)	ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં એક પણ કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવેલ નથી.
(૨)	FIR નોંધવાનો ઈન્કાર કરનાર પોલીસ અધિકારીઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર ના થાય તે માટે શા આદેશો આપવામાં આવ્યા છે ?	(૩)	જ્યારે કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ જાહેર કરવામાં આવે ત્યારે તાત્કાલિક ફરિયાદીની ફરિયાદ નોંધવા અને કાર્યવાહી કરવા સારૂ ➢ ગૃહ વિભાગના તા.૨૯/૦૫/૧૯૯૫ના પરિપત્ર

			ક્રમાંક: પરચ/૨૯૯૫/ ૪૪૧૫/૬ ➢ ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: વસફ/૧૦૨૦૧૫/૭૨૧૦ /૬ ➢ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૦૯/૦૭/૨૦૧૩ના પત્ર ક્રમાંક:જી-૧(ક્રાઈમ) /ટે-૧/ચાદી/૨૨૯૮/૨૦૧૩ ➢ અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૧/૦૨/૨૦૧૭ના પત્ર ક્રમાંક: સીઆઈડી/ પીસીઆર/૯૭/૨૦૧૭થી આદેશો આપવામાં આવેલ છે.

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલા કિસ્સામાં એફ.આઈ.આર. નોંધવાનો ઇન્કાર કરવામાં આવ્યો છે કે ત્યારે મને જવાબ આપવામાં આવ્યો છે કે એકપણ કિસ્સામાં એફ.આઈ.આર. નોંધવાનો ઇન્કાર કરવામાં આવ્યો નથી. હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઘણીવાર પોલીસ સ્ટેશન જતા હોઈએ એફ.આઈ.આર. લેવામાં ના આવતી હોય ત્યારે ઘણા લોકો અરજી કરતા હોય છે, પોતાની અરજી ઇન્વર્ડ કરાવતા હોય છે, પોસ્ટ મારફત મોકલતા હોય છે અથવા કુરિયર મારફત મોકલતા હોય છે, તો આવી કેટલી અરજીઓ ત્યાં આવેલી છે? અને આવી અરજીઓ ઉપર એફ.આઈ.આર થયેલી ન હોય તો જે તે અધિકારીઓ ઉપર ૧૬૬ (એ) મુજબ ગુનો દાખલ કરવા માગો છો, અને આવા અધિકારીઓને સસ્પેન્ડ કરવા માગો છો, તેમની ઉપર તપાસ કરાવવા માગો છો કે નહીં? મારો બીજો પ્રશ્ન છે કે અંદાજિત દોઢ કે બે વર્ષ પહેલાં, અમરેલી જિલ્લામાંથી એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવેલી હતી અને તેને ગીર સોમનાથ લાવેલા હતા તથા કસ્ટડીમાં પોલીસ તંત્ર દ્વારા મારવાથી તેમનું મૃત્યુ થયેલ હતું અને ત્યારે એમની બોડી પણ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં રાખવામાં આવી હતી. એમના પરિવાર દ્વારા બોડી સ્વીકારવામાં આવી ન હતી. ત્યારે એમના ઉપર એફ.આઈ.આર. કરવામાં આવી ન હતી. અમે પ્રયત્ન કરેલ પણ આજે કોર્ટમાં મેટર થયેલ છે. તો આવા અધિકારી ઉપર કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો પ્રશ્નની ચર્ચા કરતા પહેલાં મારે એ જિલ્લાની તાસીર વિશે જાણ કરવી છે. સમગ્ર વિશ્વમાં જૂનાગઢ અને ગીર સોમનાથ એક એવું સ્થાન છે કે જ્યાં સિદ્ધ સંત, નરબંકા શૂરવીરો અને સાવજનો ત્રિવેણી સંગમ હોય એવી એક માત્ર ભૂમિ એટલી ગીર સોમનાથ અને જૂનાગઢ છે. આફ્રિકામાં સિંહ તો રહે છે પરંતુ ત્યાં સંતો નથી, શૂરવીરો નથી. માત્ર ગીર સોમનાથ અને જૂનાગઢની ભૂમિ ઉપર આ ત્રિવેણી સંગમ સાથે જોડાયેલી ભૂમિ છે. હિમાલયથી પણ પ્રાચીન ગિરનાર છે. ભગવાન દત્તાત્રેય, ભગવાન નેમીનાથથી લઇ નરસિંહ મહેતા, ગુણાતીતાનંદ સ્વામી અને કાશ્મીરી બાપુ જેવા અનેક સિદ્ધ સંતોની આ ભૂમિ છે. સ્કંદ પુરાણમાં ઉલ્લેખ છે કે પૃથ્વીના ૯ ભાગ પૈકીનો એક ભાગ ભારત વર્ષ છે. ભારતના ૯ ભાગ પૈકીનો એક સૌરાષ્ટ્ર પ્રદેશ છે અને સૌરાષ્ટ્રના ૯ ભાગ પૈકીનો એક તે પ્રભાસ ક્ષેત્ર છે. વિશ્વમાં એક માત્ર સૂર્ય અને શિવની ઉપાસનાનું મહત્ત્વનું સ્થાન એટલે પ્રભાસ ક્ષેત્ર અને ગીર સોમનાથ છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમે આનો જવાબ આપો. (અંતરાય) આપ બેસો. મંત્રીશ્રી જવાબ આપે છે.

શ્રી કૌશિકભાઈ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જવાબ સાંભળવાની પણ તૈયારી રાખવી જોઈએ. હું જવાબ આપી રહ્યો છું. આપણી કેન્દ્ર સરકારે સામાન્ય માણસની ચિંતા કરી છે. ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૭૩માં ફરજિયાત એફ.આઈ.આર.ની જોગવાઈ રાખી છે. જો કોઈ પોલીસ અધિકારી એફ.આઈ.આર. દાખલ કરવાનો ઇન્કાર કરે તો આપણે એસ.પી.ને પણ મળી શકતા હોઈએ છીએ. મેજિસ્ટ્રેટ પાસે અરજી પણ દાખલ કરી શકતા હોઈએ છીએ. સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં એવા એક પણ કેસ નોંધાયેલ નથી. હું આ ગૃહનું ગૌરવપૂર્વક ધ્યાન દોરવા માગું છું કે આપણા ગુજરાતમાં ખાલી પોલીસ અધિકારીઓની નહીં પણ આપણા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી દર સોમવાર અને મંગળવારે અરજદારોને સાંભળવા બેસતા હોય છે. એમની પાસે કોઇ રજૂઆત આવે તો પોલીસને પણ જાણ કરતા હોય છે. દર મહિનાના ચોથા ગુરુવારે સ્વાગત કાર્યક્રમમાં આપણા મુખ્યમંત્રીશ્રી અરજદારોને ડાયરેક્ટ સાંભળતા હોય છે. અરજદારને ગાંધીનગરનો ધક્કો ન ખાવો પડે એ માટે જિલ્લા કક્ષાએ એસ.પી., ડી.વાય.એસ.પી., ડી.સી.પી. અઠવાડિયાની અંદર દરેક અરજદારોને રૂબરૂ પણ સાંભળતા હોય છે. એ જ રીતે અધિકારીઓએ કેટલા અરજદારોને કેટલા દિવસ સાંભળ્યા છે એની સમીક્ષા કરવામાં આવે છે. એ અરજી નાયબ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ઇ-ગુજકોક સોફ્ટવેરમાં એન્ટ્રી કરી અને નાયબ મુખ્યમંત્રીશ્રી એ અરજીની ચકાસણી કરતા હોય છે. આ સરકારની સ્પષ્ટ નીતિ છે કે એફ.આઈ.આર. નોંધવી ફરજિયાત છે. પણ ઓનલાઇન ફરિયાદ સિસ્ટમના માધ્યમથી ઇ-એફ.આઈ.આર. અને ઝીરો-એફ.આઈ.આર.ની જોગવાઇ પણ સરકાર દ્વારા કરવામાં આવી છે. જ્યારે પણ પોલીસ અધિકારી લગતો ગુનો બને ત્યારે એફ.આઈ.આર. દાખલ કરવામાં આવે છે. જ્યારે

તારાંકિત પ્રશ્નો

પોલીસ અધિકારી બહારની બાબતમાં હોય તો એન.સી. દાખલ કરવામાં આવે છે. અમુક કિસ્સામાં અટકાયતી પગલાંની કાનૂની કાર્યવાહી પણ કરવામાં આવે છે. એવી જ રીતે રજૂઆત અને બાતમી માહિતી પ્રકારની પણ હોય છે. એવા કિસ્સાના ગુના દાખલ કરવાના કે જે કિસ્સામાં પ્રાથમિક તપાસ કરવી પણ જરૂરી હોય છે. ઘણીવાર મિલકતોને લગતા પ્રશ્નો પણ હોય છે. મિલકતોમાં ભાઇ ભાગના પ્રશ્નો પણ હોય છે. ભાગીદારોના પણ પ્રશ્નો હોય છે. એમના વિરુદ્ધ પોલીસમાં કોઇ અરજી થયેલ હોય ત્યારે પોલીસ વિશેષ તપાસ કરે છે અને ત્યારબાદ એમની એફ.આઇ.આર. દાખલ કરતા હોય છે. એવી રીતે મેડિકલના કોઇ ગુના હોય તો આવા ગુનામાં ડાયરેક્ટ એફ.આઇ.આર. થતી નથી. એની તપાસ કમિટિ રિપોર્ટ રજૂ કરે છે ત્યારબાદ એમની સામે એફ.આઇ.આર. થતી હોય છે. એવી જ રીતે લગ્નેત્તરના પ્રશ્નો હોય એવી અરજીઓ આવતી હોય છે ત્યારે એ અરજી આવ્યા બાદ એની તપાસ કરવામાં આવે છે અને ત્યારબાદ એફ.આઇ.આર. કરવામાં આવતી હોય છે. પોલીસ ખાલી ગુનો દાખલ કરે એ પૂરતું નથી. પરંતુ મેરિટના આધારે ઘણીવાર એવું બને ત્યારે પોલીસ ડંડો લઇ એનો પ્રયોગ કરતી હોય છે. પણ જે રીતે અમરેલીની એફ.આઇ.આર. માટેની વાત કરી, આ પ્રશ્ન ગીર સોમનાથ અને જૂનાગઢનો છે એટલે અમરેલીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એટલો હતો કે અમરેલીમાંથી ઘરપકડ કરીને ગીર સોમનાથ પોલીસ લાવી હતી. બનાવ ગીર સોમનાથ જિલ્લામાં બન્યો હતો. સૂત્રાપાડા ગામે પોલીસ સ્ટેશનમાં બન્યો છે. ત્યાં કસ્ટડીમાં મૃત્યુ થયું હતું. કોર્ટ મેટર છે એટલે મેં એની વધારે ચર્ચા ન કરી. મારો પ્રશ્ન એટલો છે કે આપના માધ્યમથી મંત્રીશ્રીએ એ પૂછવા માગું છું કે જે અરજી પોસ્ટ થ્રુ, રૂબરૂ ઇનવર્ડ કરાવી છે એવી કેટલી અરજીઓ છે અને એ અરજીઓ ઉપર એફ.આઇ.આર. નથી કરી તો આવા અધિકારીઓ ઉપર કલમ-૧૬૬ મુજબ ગુનો દાખલ કરવા માગો છો? એમને સસ્પેન્ડ કરવા માગો છો અને તપાસ કરવા માગો છો?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કસ્ટોડિયન ડેથની વાત કરી એ કોર્ટ મેટર હોવાથી અત્યારે એનો જવાબ આપી શકાશે નહીં. સાથોસાથ ગીર સોમનાથ જિલ્લામાં ૩૦૮ એફ.આઇ.આર. થઇ છે, ૧૬૯ એન.સી. કરવામાં આવી છે, ૧૦૩૮ ઉપર અટાકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. જૂનાગઢ જિલ્લામાં ૨૫૧ એફ.આઇ.આર. થઇ છે, ૨૮૭ કેસમાં એન.સી. કરવામાં આવી છે અને ૨૫,૦૦૦ કરતાં વધારે અટાકાયતી પગલાં લેવામાં આવ્યાં છે. ઘણીવાર એવું બને છે કે, અરજી કરી હોય ત્યારે અરજદારને પોલીસ જવાબ લેવા માટે બોલાવે છે ત્યારે અરજદાર આવતા ના હોવાથી ઘણીવાર અરજી ફાઇલ કરવામાં આવે છે આવા કેસો સામે આવતા હોય છે પણ એ સિવાય પણ માનનીય સભ્યશ્રીને શંકા દેખાતી હોય તો મેરિટ આધારે અમને ચાદી આપે અમે અધિકારીઓને સૂચના આપીશું કે એમાં એની તપાસ કરે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આપ પરમિશન આપો તો આપના ધ્યાને મારે એક વાત મૂકવી છે.

અધ્યક્ષશ્રી : અત્યારે પ્રશ્ન જ પૂછો ને.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપે અમારા માટે શરૂઆત કરાવી છે અને એ બાબતે માટે ધ્યાન દોરવું છે એટલા માટે..(અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ વિષય મૂકો. શું વિષય છે?

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સદસ્ય નિવાસમાં આપના માર્ગદર્શન નીચે ધારાસભ્યો માટે યોગના ક્લાસ ચાલુ થયા છે ત્યારે મારી વિનંતી એટલી છે કે યોગ ક્લાસ ધારાસભ્યશ્રી પોતાના વિસ્તારમાં સ્કૂલોમાં બાળકો માટે કરી શકે તો અમારી હયાત ગ્રાન્ટ છે એ ગ્રાન્ટમાંથી નીતિ-નિયમો પ્રમાણે થોડી વાપરવાની જો પરમિશન મળે એ આપના માધ્યમથી વાત કરવા માગું છું.

અધ્યક્ષશ્રી : આજે તમારા તરફથી માનનીય ધારાસભ્યશ્રીઓ માટે જમવાનું પણ રાખ્યું છે તો તમામ સભ્યશ્રીઓને નિમંત્રણ છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હા, બધાને નિમંત્રણ છે.

અધ્યક્ષશ્રી : સારું. પ્રશ્ન હજુ બીજો છે?

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એક તો ઝીરો-એફ.આઇ.આર. શું છે? અત્યાર સુધીમાં ગીર-સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં આવી કોઇ એફ.આઇ.આર. નોંધાયેલ છે કે નહીં? એની વિગત આપે અને બીજું, સોમનાથમાં વી.વી.આઇ.પી. મહેમાનો દરરોજ ઘણા આવતા હોય છે ત્યારે બહારની પોલીસ પણ પુષ્કળ ત્યાં બંદોબસ્ત માટે આવે છે તેમાં દીકરીઓનું પ્રમાણ પણ હોય છે તો એમને એક રહેવાની વ્યવસ્થા માટે સોમનાથમાં એક સારું પોલીસ ભવન ગેસ્ટ હાઉસ બને તો એમને ક્યાંય બીજે બહાર જવું ના પડે અને બીજું, એક વેરાવળમાં પોલીસ પરિવાર માટે અકે સારો હોલ બને તો એ પરિવારો ત્યાં લગ્ન પ્રસંગ કે બીજા પ્રસંગો ઊજવી શકે તો આવું સરકાર વિચારે છે કે નહીં? એટલી મારી વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગીર-સોમનાથ અને વેરાવળમાં પોલીસ ભવન માટેની વાત છે એ માનનીય સભ્યશ્રીનું સૂચન છે. ખાસ કરીને ગુજરાત સરકારનો મુખ્ય કોઇ પણ પીડિત વ્યક્તિને ગુનાની જાણ કરવા માટે

મુશ્કેલી ના પડે અને હદનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત ના થાય તે સુનિશ્ચિત કરવા માટે આ વ્યવસ્થા મુજબ કોઇ પણ નાગરિકને ગુનો જ્યાં હોય ત્યાં એની પરવા કર્યા વગર નજીકના કોઇ પણ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવી શકે તે ફરિયાદ સબંધિત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવામાં આવશે. આ જોગવાઇનો મુખ્ય હેતુ પીડિત વ્યક્તિને ત્વરિત કાનૂની મદદ અને હદના કારણે ન્યાયમાં વિલંબ ના થાય અને ખાસ કરીને મહિલા, બાળકો અને વૃદ્ધો માટે અત્યંત ઉપયોગી વ્યવસ્થા કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આ અંગેની સ્પષ્ટ સૂચના છે અને તાલીમ પણ આપવામાં આવે છે અને આ સૂચનાના ભંગ બદલ કડક કાર્યવાહી પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. ઝીરો એફ.આઇ.આર.ની વાત કરી છે તેમાં ગીર–સોમનાથમાં ૩૦, જૂનાગઢમાં ૨ ઝીરો એફ.આઇ.આર. દાખલ કરવામાં આવેલ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન એવો છે કે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં પોલીસે એફ.આઇ.આર. નોંધવાનો ઇન્કાર કર્યો હોય એવી ઘટના કેટલી છે? આજથી ૪ મહિના પહેલા મેં પોતે ધારાસભ્યના લેટર પેડ ઉપર વિસાવદર પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપેલ છે એનો આજ દિવસ સુધી ગુનો નોંધાયેલ નથી. ગુનો નોંધાયેલા ના હોય તો શાં કારણો છે? તેનો કોઇ વળતો પત્ર મને મળેલ નથી. મેં લેટર જાતે સબમિટ કરાવ્યા પછી વિસાવદર પોલીસે મને કોઇ રિપ્લાય આપેલ નથી. નંબર–૧. તો મારી ફરિયાદના આધારે વિસાવદર પોલીસે શું કાર્યવાહી કરી? એનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે? નંબર–૨. પોલીસે એફ.આઇ.આર. નોંધવાની ના પાડી હોય એવી કોઇ ઘટના બનેલ નથી એવું સરકાર કહે છે. વેરાવળની અંદર પ્રતિષ્ઠિત ડૉ.અતુલ ચગે આત્મહત્યા કરીને બહુ મોટા નેતાનું નામ એની સ્યુસાઇડ નોટમાં લખ્યું. ડૉ. અતુલ ચગની આત્મહત્યાની એફ.આઇ.આર. કરાવવા માટે એમના પરિવારજનોએ હાઇકોર્ટ સુધી જવું પડ્યું એ ઘટના સાચી છે કે કેમ તેનો માનનીય મંત્રીશ્રી જવાબ આપે? નંબર–૩ જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં મેં પોતે પોલીસની ટ્રેનિંગ લીધેલી છે. સાહેબ, મારી માતૃ સંસ્થા છે એની અંદર એક પોલીસ કોન્સ્ટેબલે આત્મહત્યા કરી લીધી અને ડી.વાય.એસ.પી.નું નામ ચિઠ્ઠીમાં લખતા ગયા.એ પોલીસ કોન્સ્ટેબલના પરિવારજનોએ એફ.આઇ.આર.લખાવવા માટે હાઇકોર્ટ સુધી જવું પડયું તે હકીકત સાચી છે કે કેમ? આ ત્રણેય ઘટનાના માનનીય મંત્રીશ્રી જવાબ આપે અને જો બંને ઘટનામાં એફ.આઇ.આર. લખાવવા માટે હાઇકોર્ટ સુધી જવું પડયું હોય તો સમયસર એફ.આઇ.આર.નહીં લખનાર અધિકારીઓ સામે ખાતાકીય નહીં પણ ફોજદારી રાહે શું પગલાં લેવામાં આવ્યાં?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અરજી માટેની જે વાત કરી છે તે અરજીની તપાસણી પણ પોલીસ દ્વારા કરવામાં આવેલ છે. એમનો જવાબ પણ આવશે, એટલે થોડાક દિવસમાં માનનીય સભ્યશ્રીને જવાબ આપવામાં આવશે. સાથોસાથ જે ડૉ.ચગના કેસની વાત કરવામાં આવી છે તેમના કોર્ટના હુકમના આદેશથી તેમની સામે એફ.આઇ.આર. પણ દાખલ કરવામાં આવી છે. જેમણે કોર્ટમાં એપ્લિકેશન દાખલ કરી હતી તે આધાર ઉપર પોલીસે ફરિયાદ પણ દાખલ કરેલી છે. આવા જે પણ કેસો આવતા હોય છે તેમાં પોલીસ પોતે તપાસ કરી અને કડકમાં કડક પગલાં પણ લેતી હોય છે. મેં અગાઉના જવાબમાં પણ કહ્યું કે ઘણી વખત તપાસનાં કામ ઉપરથી કોઇ મિલકતના પ્રશ્નો હોય છે, ઘણી વખત કોઇ મેડિકલના પ્રશ્નો હોય છે એવી તપાસમાં ડાયરેકટ ફરિયાદ થતી નથી તેમની તપાસ પણ કરવામાં આવે છે. આ પ્રશ્ન છેલ્લાં બે વર્ષનો છે. તેમણે જે કેસની વાત કરી તે છેલ્લાં બે વર્ષ પહેલાંની બાબત છે એટલે આ પ્રશ્ન સ્કોપ બહાર ગણાશે કારણ કે આ પ્રશ્ન છેલ્લાં બે વર્ષ માટેનો છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં કેટલી ઇ–એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, જયારે કોઇ વ્યકિતનો મોબાઇલ કે વાહન ગુમ થાય છે ત્યારે તે વ્યકિત પોર્ટલ ઉપર તેની એન્ટ્રી કરી શકે છે. ૪૮ કલાકમાં ફરિયાદ દાખલ કરે છે અને આ ઇ–એફ.આઇ.આર.ની ઉચ્ચ કક્ષાએથી સમીક્ષા થઇ અને ખૂબ ઝડપથી ફરિયાદ દાખલ થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથની અંદર ૨૪૨ અને જૂનાગઢની ૨૬૯ ઇ–એફ.આઇ.આર. દાખલ કરવામાં આવી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ગીર સોમનાથનો છે પણ આખા ગુજરાતમાં એક કોમન ફરિયાદ છે કે, પોલીસ સ્ટેશનમાં જઇએ એટલે એફ.આઇ.આર.નોંધવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : અત્યારે જે પ્રશ્ન છે માત્ર એની જ ચર્ચા કરીએ. આમાં આખા ગુજરાતની વાત નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ સ્ટેશનમાં એમ કહેવામાં આવે છે કે અરજી આપો. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, એફ.આઇ.આર.માટે સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ હેઠળ જોગવાઇ છે કે, લેખિત કે મૌખિક રીતે કોઇ ફરિયાદ કરે તો એફ.આઇ.આર.નોંધવાની હોય છે અને તેની નકલ પણ ફરિયાદીને મફતમાં આપવાની જોગવાઇ છે. અને હવે વાત થઇ ઇ–એફઆઇઆર પણ થાય છે તો કાયદામાં કોઇ અરજી આપવાની જોગવાઇ છે કે કેમ? અને અરજી આપ્યા પછી જ તેની તપાસ કરી અને એફ.આઇ.આર.કરવી એવી કોઇ જોગવાઇ કાયદામાં છે કે નહીં તે કલમ સાથે, વિગત સાથે આપવા વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી ખૂબ વિદ્વાન અને હોંશિયાર પણ છે. મારે સભ્યશ્રીને જણાવવું છે કે, ઘણી વખત કોઇ અરજદાર અરજી કરવા જાય અને એફ.આઇ.આર. કરવા માટેની વાત હોય તેનો જવાબ મેં

આગળ પણ આપ્યો હતો. સી.આર.પી.સી.ના સ્થાને બી.એન.એસ.એસ.અમલી છે અને આ જે કલમ નીચે જે કેન્દ્ર સરકાર દ્વારા કલમ બનાવવામાં આવી છે તેના અનુસંધાને ફરિયાદ લેવી ફરજિયાત હોય છે. ખાસ કરીને એમ-કેસમાં કોઇ પણ ફરિયાદ ગીર સોમનાથ જિલ્લાની અંદર જોવા મળેલ નથી. જૂનાગઢમાં એક કેસમાં એમ-કેસ હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. જે કોર્ટે હુકમ કર્યો હોય તેના આધાર ઉપર ફરિયાદ દાખલ કરેલ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, વાત એટલી જ છે કે, કાયદામાં અને કલમમાં જોગવાઇ છે કે કોઇ પણ ફરિયાદી જાય તો એફ.આઇ.આર. નોંધવી. પણ કઇ કલમ હેઠળ? એવી જોગવાઇ છે કે, એફ.આઇ.આર.નોંધતા પહેલાં અરજી આપવી અને તપાસ કર્યા પછી જ એફ.આઇ.આર.નોંધવી તે માનનીય મંત્રીશ્રી ખાલી કલમ અને કાયદાની જોગવાઇ જણાવે એટલી જ વિનંતી છે?

અધ્યક્ષશ્રી : કલમ, વિગત તમારી પાસે અત્યારે અવેલેબલ ના હોય તો પાછળથી આપજો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે બી.એન.એસ.એસ. હેઠળ કલમ-૧૭૩ મુજબ જે નવી કલમ કેન્દ્ર સરકાર દ્વારા બનાવવામાં આવેલ છે તેના અનુસંધાને કલમ નંબર-૧૭૩ મુજબ ફરિયાદ નોંધવામાં આવતી હોય છે. આ કલમ સાથેનો તમને હું જવાબ આપી રહ્યો છું એ મુજબ જ પોલીસ કાર્યવાહી કરતી હોય છે અને એમ છતાં પણ અરજદારને સંતોષ ના થાય તો એમ-કેસ મુજબ કોર્ટમાં પોતે અરજી દાખલ કરે છે અને કોર્ટ પોતે તપાસ કર્યા બાદ પોલીસને જાણ પણ કરે છે.

અધ્યક્ષશ્રી : હવે ચર્ચા થઇ ગઇ છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ ફરિયાદ ના લખે ત્યારે અને ત્યારે જ ફરિયાદીએ કોર્ટમાં જવું પડે છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું કે એક કેસ છે એમ-કેસ છે. પોલીસે ના લખી એટલે કોર્ટમાં ગયા અને કોર્ટે આદેશ કર્યો અને એટલે પછી એફ.આઇ.આર.લખાઇ તો જે પોલીસે જ ફરિયાદ લખવાની ફરજ હતી તેણે ફરજ નિભાવી નથી તે બદલ તે પોલીસ સામે શું ફરિયાદ કરવામાં આવી?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને મારે જણાવવું છે કે જે રીતે અરજદાર કોર્ટમાં જાય છે એમાં ઘણી વખત અરજદાર પોલીસ પાસે ગયા જ ના હોય, ડાયરેકટ કોર્ટમાં ગયા હોય અને એ આધાર ઉપર કોર્ટે આદેશ કર્યો હોય એ આધાર ઉપર પણ પોલીસ ફરીયાદ દાખલ કરી હોય, સાથો સાથ અરજદાર રૂબરૂ જાય ત્યારે પોલીસ એમને સાંભળતી પણ હોય છે, (અંતરાય) પ્રશ્ન પૂછવાની તૈયારી હોય તો જવાબ સાંભળવાની પણ તૈયારી રાખવી પડે. અમે જવાબ આપી રહ્યા છીએ. અરજદાર જયારે રૂબરૂ જાય ત્યારે જે પણ ગુનો હોય એ દાખલ કરી શકે છે અને પોલીસ દ્વારા એ ગુનો લખી અને દાખલ કરવામાં આવતો હોય છે. મેં અગાઉ બી.એન.એસ.એસ. કલમ-૧૭૩ મુજબ એ ગુનો દાખલ કરવામાં આવતો હોય છે. ઘણી વખત કોઇ એફ.આઇ.આર. ના થાય તો પોલીસ ઉપર ખાતાકીય તપાસ પણ આપવામાં આવતી હોય છે.

અમદાવાદ જિલ્લામાં MSME એકમોની કેપિટલ સહાયની અરજીઓ

*** 15/8/2623 શ્રી બાબુભાઇ જમનાદાસ પટેલ** (દસક્રોઇ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં MSME (Micro, Small and Medium Enterprise) એકમોની કેપિટલ સહાયની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	આત્મનિર્ભર ગુજરાત યોજના - ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના અને કેપિટલ સહાય યોજના બંન્ને ભિન્ન યોજનાઓ હોઈ, અમદાવાદ જિલ્લામાં MSME (Micro, Small and Medium Enterprise) એકમોની; • વ્યાજ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ - ૩૨૮૩ કેપિટલ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ - ૧૧૬૧
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૨)	• વ્યાજ સહાય રૂ. ૬૨૮૩.૨૦ લાખ • કેપીટલ સહાય રૂ. ૩૮૨૨.૮૯ લાખ

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨માં કેટલી કેપિટલ સહાય કરવામાં આવે છે અને સહાયની પાત્રતાનાં ધોરણો શું છે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ અમદાવાદ જિલ્લાના સંદર્ભમાં પ્રશ્ન પૂછ્યો છે, આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ માઇક્રો એકમોને કેપિટલ સહાય યોજનાનો લાભ આપવામાં આવે છે. વિવિધ તાલુકા કેટેગરી પ્રમાણે ૧૦ ટકાથી ૨૫ ટકા સુધી મહત્તમ રૂપિયા દસ લાખથી પાંત્રીસ લાખ રૂપિયા સુધીની કેપિટલ સહાય

આપવામાં આવે છે. આ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં રૂ.૬૨૮૩.૨૦ લાખની વ્યાજ સહાય ચૂકવવામાં આવી છે અને રૂ.૩૮૨૨.૯૮ લાખની કેપિટલ સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જે રીતે એમ.એસ.એમ.ઈ.ની અંદર અરજીઓના આધારે જે સહાય આપી છે તો અમદાવાદ જિલ્લાની અંદર એમ.એસ.એમ.ઈ.ના કુલ કેટલા રજિસ્ટ્રેશન થયેલા એકમો છે? જે એકમો પૈકી કેટલાએ અરજી કરી હતી અને પૈકી કેટલી અરજી મંજૂર કરી હતી, કેટલા એકમો છે અને કેટલા એકમોએ અરજી કરી હતી ?અને બીજો મારો પ્રશ્ન એ છે કે છેલ્લા એક વર્ષમાં એમ.એસ.એમ.ઈ.ના અમદાવાદ જિલ્લાની અંદર કેટલા કુલ એકમો બંધ પડ્યા છે એવો કોઇ આપની પાસે રેકોર્ડ હોય તો મને જવાબ આપે?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ જિલ્લામાં કુલ ૪,૩૫૫ અરજીઓ પ્રાપ્ત થયેલ હતી, એમાંથી ૩,૨૮૩ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને મંજૂર થયેલ ૩,૨૮૩ અરજીઓમાંથી ૧,૧૬૧ કલેઇમ કેપિટલ સહાયની હતી અને ૬૨૬ અરજીઓ નામંજૂર કરવામાં આવી હતી. એમણે જે એકમોની વાત કરી છે જે રીતે માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે તે તા.૧-૧-૨૦૨૫થી ૩૧-૧૨-૨૦૨૫નો પૂછ્યો છે એટલે એકમો બંધ થવાનો પ્રશ્ન આવતો નથી. કુલ ૪૩૫૫ અરજીઓ આવી હતી.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ આ આત્મનિર્ભર ગુજરાત યોજના-૨૦૨૨ હેઠળ જાન્યુઆરી-૨૦૨૫થી ડિસેમ્બર-૨૦૨૫ સુધીના સમયગાળામાં અમદાવાદ જિલ્લામાં તાલુકા પ્રમાણે કેપિટલ સહાયના કુલ કેટલા કલેઇમ થયા, કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલું ચૂકવણું કર્યા પછી હવે કેટલા બાકી રહ્યા છે એ હું આપના માધ્યમથી જાણવા માગું છું?

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ તાલુકામાં ૮૮૧ અરજીઓ આવી એમાં રૂ.૨૬૩૯.૧૬ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું, બાવળા તાલુકામાં ૧ અરજી આવી તેમાં રૂ.૨.૯૦ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. દસક્રોઇ તાલુકામાં ૨૩૮ અરજીઓ આવી એમાં રૂ. ૯૭૭.૯૮ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. ધંધુકા તાલુકામાં કુલ ૫ અરજીઓ આવી, એમાં રૂ. ૭૯.૮૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. સાણંદ તાલુકામાં ૩૪ અરજીઓ આવી. એમાં રૂ.૧૨૧.૯૫ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. વિરમગામ તાલુકામાં કુલ ૨ અરજીઓ આવી. એમાં રૂ.૧.૧૪ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું. આમ કુલ ૧૧૬૧ અરજીઓ આવી અને રૂ.૩૮,૨૨,૮૯,૦૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદનો પ્રશ્ન છે એટલા માટે મારે ખાસ કરીને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, શ્રી ઋષિકેશભાઇ, શ્રી અર્જુનભાઇ અને પૂર્વ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલનો આભાર વ્યક્ત કરવો પડે કે અમદાવાદ શહેરમાં મારા અને શ્રી શૈલેષભાઇ પરમારના વિસ્તારમાં એમ.એસ.એમ.ઈ.ના ૫૦ યુનિટો બંધ હતા એ એમના પ્રયાસથી આજે ચાલુ થયા છે. હું ખાસ સરકારનો આભાર વ્યક્ત કરું છું. (અંતરાય) એના કારણે ત્યાં ૧ લાખ લોકોને રોજી મળવાની ચાલુ થઇ ગઇ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માત્ર શાસકપક્ષના લોકો જ અભિનંદન આપી શકે એવું ન હોય, સારું કામ થયું હોય તો વિપક્ષમાંથી પણ અભિનંદન તો આપી જ શકે. એ શ્રી ઇમરાનભાઇનો અધિકાર છે. તમે એમને અટકાવી ન શકો.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, આ અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ રમાવવાની છે ત્યારે આ ઉદ્યોગોને બીજી જગ્યાએ શિફ્ટ કરવા માટે સરકાર પહેલાંથી આયોજન કરે તેવું મારું સૂચન છે.

ડૉ. જયરામભાઇ ચે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

નર્મદા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના

*** 15/8/1927 ડૉ. દર્શના ચંદુભાઇ દેશમુખ (**નાંદોદ**): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે **:-**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને	(૧)	હા,જી
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?	(૨)	કુલ ૧૧૩૮

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સંકલિત ડેરી વિકાસ યોજના ઘણા વર્ષોથી અમલમાં છે. આ યોજના થકી આદિજાતિ સમાજને શું હકારાત્મક પરિણામો જોવા મળ્યા એ જણાવવા વિનંતી? આભાર.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજનાનો મુખ્ય હેતુ પશુપાલન વ્યવસાયમાં જોડાયેલ આદિજાતિ મહિલાઓને રોજગારી આપવાનો અને તેમને પગભર કરવાનો છે. યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૦૭-૦૮થી શરૂ કરવામાં આવ્યું છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ (ઇરમા) દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪માં સંકલિત ડેરી વિકાસ

યોજનાનું મૂલ્યાંકન હાથ ધરવામાં આવ્યું છે. મહિલાઓ દ્વારા પશુની સારસંભાળ ખૂબ સારી રીતે લેવામાં આવે છે અને દૂધ ઉત્પાદનનું પ્રમાણ વધ્યું છે. મહિલાઓની આવક વધવાના કારણે સામાજિક અને આર્થિક દરજ્જો ઊંચો આવ્યો છે અને પોષણ સ્તર ઊંચું આવ્યું છે. આ યોજનાથી બાળકોના શિક્ષણ, નવા પશુઓની ખરીદી, ઘરનું સમારકામ, નાના ધંધાઓ માટે બચતની રકમનો ઉપયોગ કરી શકે છે. આ આજીવિકાના કારણે સ્થળાંતરનું પ્રમાણ ઘટ્યું છે. આ યોજના થકી આદિજાતિ મહિલાઓને સરેરાશ માસિક રૂ.૫૦૦૦થી ૭૦૦૦ની આવક મળી રહે છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સંકલિત ડેરી વિકાસ યોજના અંતર્ગત લાભાર્થીઓને દૂધાળા પશુ આપવામાં આવે છે ત્યારે આ યોજના હેઠળ આપવામાં આવતાં દૂધાળા પશુઓની ચકાસણી કરવામાં આવે છે કે કેમ? અને આ યોજનાનું મોનિટરિંગ અને સુપરવિઝન કોના દ્વારા કરવામાં આવે છે?

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના હેઠળ લાભાર્થીઓ દ્વારા ખરીદવામાં આવતા દૂધાળા પશુઓની ચકાસણી સંબંધિત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા કરવામાં આવે છે અને તેના વેટરનરી ડૉક્ટર મારફત તેમની ચકાસણી કરવામાં આવે છે. નર્મદા જિલ્લામાં દૂધધારા ડેરી સંઘ દ્વારા વેટરનરી ડૉક્ટરની ઉપસ્થિતિમાં દૂધાળા પશુઓની ચકાસણી કરી વીમા હેતુના લાભાર્થી દ્વારા પસંદ કરાયેલા પશુઓનું ટેગિંગ કરવામાં આવે છે અને સંકલિત ડેરી યોજનાનું સુપરવિઝન જિલ્લા કક્ષાએ પ્રાયોજના વહીવટદાર કચેરી અને રાજ્ય કક્ષાએ ડેવલપેમન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત(ડીસેગ) દ્વારા કરવામાં આવે છે.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંકલિત ડેરી વિકાસ અંતર્ગત ટ્રાયબલ સબ પ્લાન વિભાગ અંતર્ગત નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકામાં દૂધાળા પશુ કેન્દ્રને કયા હેતુ માટે કેટલી સબસિડી આપવામાં આવે છે? આદિજાતિ ટ્રાયબલ સબ પ્લાન વિભાગ, નર્મદા દ્વારા ડેરી વિકાસ માટે કઇ કઇ યોજના હેઠળ દૂધાળા પશુ આપવામાં આવે છે અને તેમાં કેટલી સબસિડી તથા કેટલો લોકફાળો હોય છે?

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ યોજના આદિવાસી સમાજની બહેનો માટે ખૂબ આશીર્વાદરૂપ છે. વર્ષ ૨૦૦૭-૦૮માં વનબંધુ યોજનાની શરૂઆત થઇ તે સમયે ૧૦ મુદ્દાનો કાર્યક્રમ બન્યો. આ ૧૦ મુદ્દા આધારિત ગ્રામ્ય વિસ્તારમાં અભણ અથવા ઓછું ભણેલા બધાં લોકો આ વ્યવસાય કરી શકે તેવા શુભ આશય સાથે આ યોજના શરૂ કરવામાં આવી હતી. ખાસ કરીને તેમાં બહેનોને જોડવામાં આવી. જે તે સમયે બી.પી.એલ. સ્કોર ૦ થી ૧૬ સુધી શરૂઆત થઇ. આજે ૦-૨૦ સુધી પહોંચ્યા છીએ. આ સ્કોરમાં હજુ પણ આગળ વધીશું. પહેલાંના સમયની રકમ બિલકુલ ઓછી હતી. હાલ તેનો યુનિટ કોસ્ટ રૂ.૯૦ હજાર છે. તેમાં રૂ.૫૮ હજારની સહાય આપવામાં આવે છે. આ સહાય સાથે તેમાં વીમો અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ આપવામાં આવે છે. આ યુનિટમાં પશુ માટે દાણથી લઇને અનેક પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ યોજનામાં મારા એક અનુભવની વાત કરવા માગું છું. બધાં સભ્યશ્રીઓને આનંદ થશે. હું જે ગામમાંથી આવું છું તે ગામમાં એક બહેનને બે ગાય આપવામાં આવી. સાહેબ આપ પણ ડેરી વ્યવસાય સાથે જોડાયેલા છો. એમના પરિવારમાં બે દીકરા અને એક દીકરી સહિત ત્રણ બાળકો હતા. બે ગાયને આધારે તેમણે બાળકોને ભણાવ્યા. મને કહેતાં આનંદ થાય છે કે તેમના મોટો દીકરો એમ.બી.બી.એસ. થયો. પી.જી. કર્યા પછી આજે પીડિયાટ્રિશિયન છે અને પોતાની હૉસ્પિટલ ઊભી કરી શક્યો છે. બીજો દીકરો બેંક ઓફ બરોડામાં અમરેલી ખાતે નોકરી કરે છે અને દીકરી પ્રાથમિક શિક્ષકા તરીકે નોકરી કરે છે. આ શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિ છે. આદિજાતિ ગરીબ પરિવારની મહિલા શું કરી શકે તેના માટે મેં આ વર્ણન કર્યું છે. આ યોજના આધારે બહુ વ્યવસ્થિત રીતે લાભાર્થીને લાભ આપવામાં આવે છે પણ થોડી મુશ્કેલી એ છે કે, જાતિનો દાખલો ફરજિયાત છે. તેના કારણે ક્યારેક થોડો વિલંબ થાય છે. આપ અનુભવી છો, પશુ ખરીદવાની પણ સીઝન હોય છે. ક્યારેક ઓફ સીઝનના કારણે પણ તે લાભાર્થીને ખરીદીમાં વિલંબ થાય છે. તેના કારણે ક્યારેક યોજનાના લક્ષ્યાંક કરતાં ઓછા લાભાર્થીને લાભ આપી શકીએ છીએ પણ માનનીય સભ્ય શ્રી ચૈતરભાઇના વિસ્તારમાં એક પણ લાભાર્થી બાકી ન રહી જાય તે પ્રકારે અમારી પ્રાયોજના કચેરી ધ્યાન આપે છે. આ યોજનામાં તમામ લોકોનો સમાવેશ કરીએ છીએ.

સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

*** 15/8/1913 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય ખાદી, કુટિર અને ગ્રામોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, અને	(૧)	૩૫૮૫
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	૯૦૮

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માનવ કલ્યાણ યોજના મંજૂર કરવાના ધોરણો શું છે? હિંમતનગર તાલુકામાં આવી કેટલી અરજીઓ આવી અને કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?

તારાંકિત પ્રશ્નો

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીના સમયગાળામાં માનવ કલ્યાણ યોજના અન્વયે સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકામાં ૮૩૨ અરજીઓ આવેલ છે. જે પૈકી ૨૩૭ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે. ડ્રૉમાં પસંદગી ન પામેલ અરજીઓ આગળના વર્ષમાં ધ્યાનમાં લેવામાં આવે છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ૩૫૮૫ અરજીઓ આવી એમાંથી ૯૦૮ અરજીઓ મંજૂર કરવામાં આવી એટલે કે, ૨૫૦૦ અરજીઓ પેન્ડિંગ છે તો આ અરજીઓ પેન્ડિંગ રહેવાનાં કારણો શું છે?

શ્રી સ્વરુપજી ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આધાર–પુરાવા ન હોવાના કારણે અરજીઓ નામંજૂર થયેલ છે. દા.ત. બેંકના પુરાવા, આધારકાર્ડ, પાનકાર્ડ, ચૂંટણીકાર્ડ, ઉંમરનો પુરાવો રજૂ કરેલ ન હોઇ, ગ્રામીણ વિસ્તારના બી.પી.એલ. દાખલા, શહેરી વિસ્તાર માટે સુવર્ણકાર્ડ નકલ, આવકનો દાખલો, સંબંધિત પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય . આ પ્રકારના તમામ આધાર–પુરાવા ન રજૂ હોવાના કારણે અરજીઓ મંજૂર થયેલ નથી.

એસ.ટી. બસમાં દિવ્યાંગ મુસાફરોના પાસ પરથી ડમી ટીકીટ બાબત

*** 15/8/2733 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	એસ.ટી. બસમાં દિવ્યાંગ મુસાફરો પાસ નંબરના આધારે ડમી ટીકીટ કાઢી અન્ય લોકોને મુસાફરી કરાવવામાં આવતી હોવાની હકીકત સાચી છે કે કેમ,	(૧)	ના,જી.
(૨)	જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા છ માસમાં આ અંગેની કેટલી ફરિયાદો વિભાગને મળી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	તેના માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં એસ.ટી.ના ભાડામાં ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં તાજેતરમાં હમણાં મામૂલી એટલે કે ત્રણ ટકાનો વધારો થયેલ છે અને એ સામાન્ય રૂટો માટે કોઇ અસરકર્તા નથી. એટલે નોમીનલ ત્રણ ટકાનો જ વધારો થયેલ છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, જે એસ.ટી. બસો છે એમાં ધારાસભ્યશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ માટે સીટો રિઝર્વ હોય છે તો આ સીટોની હવે સમયની અનુકૂળતાએ જરૂરિયાત નથી તો આ સીટો બંધ કરવા માગો છો કે કેમ? અને મહિલાઓ માટે કોઇ પચાસ ટકા કન્સેશનની વિચારણા સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ છે કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર

***15/8/2709 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ક્યા પોલીસ સ્ટેશનોમાં કેટલા કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવ્યો,	(૧)	બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં એક પણ કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવેલ નથી.
(૨)	FIR નોંધવાનો ઈન્કાર કરનાર પોલીસ અધિકારીઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર ના થાય તે માટે શા આદેશો આપવામાં આવ્યા છે?	(૩)	જ્યારે કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ જાહેર કરવામાં આવે ત્યારે તાત્કાલિક ફરિયાદીની ફરિયાદ નોંધવા અને કાર્યવાહી કરવા સારૂ ➢ ગૃહ વિભાગના તા.૨૯/૦૫/૧૯૯૫ના પરિપત્ર ક્રમાંક: પરચ/૨૯૯૫/૪૪૧૫/ ૬ ➢ ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: વસફ/૧૦૨૦૧૫/૭૨૧૦/૬

			➢ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૦૯/૦૭/૨૦૧૩ના પત્ર ક્રમાંક:જી-૧(ક્રાઈમ) /ટે-૧/ચાદી/૨૨૯૮/૨૦૧૩ ➢ અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૧/૦૨/૨૦૧૭ ના પત્ર ક્રમાંક: સીઆઈડી/ પીસીઆર/૯૭/૨૦૧૭ થી આદેશો આપવામાં આવેલ છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે *(**xxx**) એટલા માટે....

અધ્યક્ષશ્રી : માનનીય કાન્તિભાઇ, આપ એવી કોમેન્ટ નહીં કરી શકો. આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. બેસો આપ. તમે નીચે બેસો. વિધાનસભા, વિધાનસભાના નિયમો પ્રમાણે જ ચાલે. પ્રશ્ન પૂછવાનો આપને અધિકાર છે પરંતુ, આક્ષેપ કરીને તમે સીધો પ્રશ્ન પૂછો છો તો આ સંબંધે પુરાવો પણ તમારે પોતાની પાસે રાખવો જ જોઇએ. સભ્યશ્રી પાસે પુરાવો ન હોય તો એનો આક્ષેપ કરી શકાતો નથી. સીધા પ્રશ્ન પર આવો.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો ૧૮૨ ધારાસભ્યમાંથી હું પણ ધારાસભ્ય છું. ચૂંટણીમાં મારા ઉપર જે હુમલો થયો હતો એની તમે એફ.આઇ.આર. નોંધાવી શક્યા નથી તો બીજી વાત ક્યાંથી આવે? મારા અમીરગઢ તાલુકામાં ખારા, માનપુરીયામાં હુમલો થયો. એક-એક મહિના સુધી લોકો દવાખાનામાં હતા. દસથી પંદર-પંદર ટાંકા આવ્યા હતા તો પણ ફરિયાદ નોંધવામાં ન આવી. એના પછી તાજેતરમાં મારા પાડલીયામાં મારા ઘરે કોઇ આવીને હુમલો કરીને ગયો તેમ છતાં બધાની ફરિયાદ મારા પર નોંધાવવામાં આવી અને હું ફરિયાદ આપવા ગયો તો ફરિયાદ નોંધવામાં ન આવી પણ માનનીય મંત્રીશ્રીએ એવો જવાબ આપ્યો છે કે, 'એકપણ એફ.આઇ.આર.નોંધવાનો ઇન્કાર કર્યો નથી.' તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ત્રણેય મુદ્દામાં ફરિયાદ નોંધાવા ગયા, રજિસ્ટર એ.ડી.થી પણ ફરિયાદ મોકલી તો પણ ફરિયાદ નોંધવામાં આવી નથી તો એના કારણો શું છે?

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતની આઝાદીની પૂર્વસંધ્યાએ જેમ મહાત્મા ગાંધી અને સરદાર પટેલની જોડીએ દેશહિતમાં ઐતિહાસિક નિર્ણયો લીધા હતા એવી જ રીતે આઝાદીના અમૃત મહોત્સવની પૂર્વ સંધ્યાએ દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી આદરણીય મોદી સાહેબ અને આપણા ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહની જોડીએ જે ઐતિહાસિક નિર્ણયો લીધા છે એના અનુસંધાને.....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમણે જે પ્રશ્ન પૂછ્યા છે એના તમે જવાબ આપો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપવા જઇ રહ્યો છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, જઇ રહ્યા નહીં, તમે જવાબ જ આપી દો.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ જ આપું છું. માનનીય સભ્યશ્રીને એવું હોય છે એમને એમની અપેક્ષા મુજબનો જવાબ મળે. એવું તો ના હોય. જે રીતેની વાત છે કે એફ.આઇ.આર. કરવામાં આવતી નથી. એફ.આઇ.આર. નોંધવામાં આવતી નથી. એમણે જે વિસ્તારની વાત કરી છે એ વિસ્તારની વાત મારે આપના ધ્યાન ઉપર મૂકવી છે. શકરીબેનની અરજીના આધારે પોલીસ તપાસ કરતી હતી. પોલીસ તપાસ કરતા અરજદાર દ્વારા નિવેદન આપેલ નથી. પુરાવા રજૂ કરેલ નથી. પોલીસ તપાસમાં અન્ય સાક્ષીઓને ધ્યાને લેતાં એમના આક્ષેપોને કોઇ સમર્થન મળેલ ન હતું. તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ વન વિભાગના બે વાહનો સળગાવવામાં આવ્યાં હતાં અને પોલીસની સરકારી ગાડીને નુકસાન કરવામાં આવ્યું હતું. અવરોધો ઊભા કરવા વિગેરે ગુનાઓ કરવા બદલ રેન્જ ફોરેસ્ટ અધિકારીની ફરિયાદના આધારે પોલીસે ગુનો દાખલ કરેલ હતો. આ ગુનામાં અરજદારે ખોટા આક્ષેપોવાળી અરજી કરેલી હતી જેના આધારે અરજદારને બોલાવવામાં આવ્યા હતા, પણ અરજદાર કયારેય જવાબ આપવા આવેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તમારે વધારે કંઇ કહેવું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આ ફોરેસ્ટ વિભાગને લગતો પ્રશ્ન ઉપસ્થિત થયો છે એટલે માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે એમાં મારે કેટલીક બાબતો ધ્યાન દોરવી છે. માનનીય અમિતભાઇ, એકવાર સાંભળી લઇએ. આ પૂરક જ પ્રશ્ન છે. (અંતરાય)

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પૂરક વાત કહી રહ્યા છે. પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યાં છે? માનનીય અમિતભાઇ, આપ બેસો. પ્રશ્નનો પૂરક જવાબ આપશે તો આપણને શું વાંધો છે? વધારાની માહિતીનો જવાબ આપે છે તો એમાં શું વાંધો હોઇ શકે? સ્પેસિફિક જવાબ આપ્યા પછી વધારાની માહિતી આપે છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમિતભાઇ, આપણે સ્પેસિફિક જ વાત કરીશું. આ જ પ્રશ્નના અંતર્ગત સ્પેસિફિક વાત છે અને આપણા નિયમોનુસાર છે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ આપ બેસો. માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં કહેજો.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકમાં જ કહીશ. સભ્યશ્રીએ આરોપીની ફરિયાદ કેમ દાખલ નહીં થઇ એનો પ્રશ્ન પૂછ્યો છે. આમાં ફોરેસ્ટ વિભાગ પોતે ફરિયાદી બન્યું છે. આ પ્રશ્ન ઉપસ્થિત થયો એમાં જે લોકો ભારત સરકારના સંવિધાનમાં માનતા ના હોય એવા લોકો ભેગા થાય છે અને એવા લોકો એમ કહે છે કે હવે તમે ફરિયાદ કેમ નોંધતા નથી અને સભ્યશ્રી એમને સપોર્ટ કરી રહ્યા છે. વિધાનસભા અવગત થાય કે આ પ્રશ્નમાં ભારત સરકારની એન.જી.ઓ.ને ના માનતા હોય એવા લોકો ઊભા થયા છે... (અંતરાય)..

(આ તબક્કે ગૃહમાં હાજર કૉંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઊભા થઇ ગયા)

અધ્યક્ષશ્રી : આપ બેસો. આપ બેસો. હું તમને પૂરક પ્રશ્ન માટે એલાઉ કરું છું. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય પછી તમે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવશો તો હું તમને એની મંજૂરી આપીશ. આપ ત્યાં સુધી બેસો. હું વાત કરું છું તમે બેસો. (સતત અંતરાય) હું હોમ ડિપાર્ટમેન્ટ જવાબ આપે તેવું કરાવું છું. મેં પૂરક જવાબ માટેની વાત કરી છે એનાથી સાઇડમાં જ્યારે ગયા છે ત્યારે મેં એમને બેસાડ્યા છે. એનાથી વધારાની વાત આવી ત્યારે મેં એમને બેસાડ્યા છે. માનનીય કાન્તિભાઇ, વધારે હોય તો તમે ફરી બોલો. સીધો પ્રશ્ન પૂછો.

(૨)	ઉકત કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે અને ક્યાં સુધીમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે,અને	(૨)	ઉક્ત સ્થિતિએ કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે.
(૩)	RTO કચેરી હાલ ભાડાના મકાનમાં ચાલે છે ત્યારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર ભાડા પેટે કેટલી રકમ ચૂકવવામાં આવી?	(૩)	ઉક્ત સ્થિતિએ પ્રતિ માસ ૧૨,૯૮,૦૦૦/–(GST સાથે) ભાડા લેખે છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૨,૩૩,૬૪,૦૦૦/–(રૂ. બે કરોડ તેત્રીસ લાખ અને

			ચોસઠ હજાર પૂરા) રૂપિયા ભાડા પેટે ચુકવવામાં આવેલ છે.

સુરત જિલ્લામાં MSME એકમોની કેપિટલ સહાયની અરજીઓ

15/8/2618 શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આત્મનિર્ભર ગુજરાત યોજના – ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ સુરત જિલ્લામાં MSME (Micro, Small and Medium Enterprise) એકમોની કેપિટલ સહાયની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	આત્મનિર્ભર ગુજરાત યોજના – ૨૦૨૨ અંતર્ગત વ્યાજ સહાય યોજના અને કેપિટલ સહાય યોજના બંન્ને ભિન્ન યોજનાઓ હોઈ, સુરત જિલ્લામાં MSME (Micro, Small and Medium Enterprise) એકમોની; • વ્યાજ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ – ૯૬૯૩ • કેપિટલ સહાય યોજના હેઠળ મંજૂર અરજીઓ – ૪૮૪૩
(૨)	ઉક્ત સ્થિતિએ તે પૈકી કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ?	(૨)	• વ્યાજ સહાય રૂ. ૨૩૮૩૦.૪૯ લાખ • કેપીટલ સહાય રૂ. ૨૭૫૦૭.૨૬ લાખ

પંચમહાલ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોને વ્યાજ સહાય યોજના

15/8/2246 શ્રી જેઠાભાઇ આહીર (ભરવાડ) (શહેરા)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (લઘુ, સુક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નિતિ – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ MIcro, Small and Medium Enterprise (MSME) એકમોની કેટલી ક્લેઇમ અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૯૧ ક્લેઇમ અરજીઓ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ ૪૭ MSME એકમો સહાય રૂ.૪૬૭.૨૩ લાખ

અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા પકડેલ ઓવરલોડ વાહનો

15/8/1741 શ્રી ઘવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ)**: માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે**:–**

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ દ્વારા કેટલા ઓવરલોડ વાહનો પકડવામાં આવ્યા,	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આર.ટી.ઓ દ્વારા ૨૦૭૬ ઓવરલોડ વાહનો પકડવામાં આવ્યા.
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા વાહનો પર કાર્યવાહી કરવામાં આવી, અને	(૨)	ઉકત સ્થિતિએ પકડાયેલ તમામ ૨૦૭૬ ઓવરલોડ વાહનોને ઇ–ચલણનાં માધ્યમથી દંડ કરવામાં આવેલ છે.
(૩)	ઉકત સ્થિતિએ વાહન માલિકો પાસેથી કેટલા દંડની રકમની વસુલાત કરવામાં આવી?	(૩)	ઉક્ત સ્થિતિએ વાહન માલિકો પાસેથી રૂ.૪૬,૯૪,૦૦૦/–ની વસુલાત કરવામાં આવેલ છે.

નર્મદા અને ડાંગ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ અંતર્ગત પેન્ડીંગ દાવાઓ

15/8/2744 શ્રી અમિત ચાવડા (આંકલાવ) **: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ડાંગ જિલ્લામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ જમીન માટેના તાલુકાવાર કેટલા દાવા પેન્ડીંગ છે,	(૧) તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા અને ડાંગ જીલ્લામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ જમીન માટેના તાલુકાવાર પેન્ડીંગ દાવાઓની વિગત નીચે મુજબ છે.

જીલ્લો–નર્મદા		વર્ષ ૨૦૨૪–૨૫		વર્ષ ૨૦૨૫–૨૬	
ક્રમ	તાલુકાનું નામ	વ્યક્તિગત પડતર દાવાની સંખ્યા	સામુહિક પડતરની દાવાની સંખ્યા	વ્યક્તિગત પડતર દાવાની સંખ્યા	સામુહિક પડતરની દાવાની સંખ્યા
૧	નાંદોદ	૮૦૦	૦	૮૦૦	૦
૨	ગરુડેશ્વર	૧૨૩૭	૧	૧૨૩૭	૧
૩	તિલકવાડા	૨૭	૦	૨૭	૦
૪	દેડિયાપાડા	૨૬૧૬	૫૨	૨૬૧૬	૫૨
૫	સાગબારા	૬૮૦	૧૧	૬૮૦	૧૧
	કુલ	૫૩૬૦	૬૪	૫૩૬૦	૬૪

જીલ્લો– ડાંગ		વર્ષ ૨૦૨૪–૨૫		વર્ષ ૨૦૨૫–૨૬	
ક્રમ	તાલુકાનું નામ	વ્યક્તિગત પડતર દાવાની સંખ્યા	સામુહિક પડતરની દાવાની સંખ્યા	વ્યક્તિગત પડતર દાવાની સંખ્યા	સામુહિક પડતરની દાવાની સંખ્યા
૧	આહવા	૧૪૫૫	૦	૧૪૫૫	૦
૨	વઘઈ	૧૨૧૪	૦	૧૨૧૪	૦
૩	સુબીર	૬૩૫	૦	૬૩૫	૦
	કુલ	૩૩૦૪	૦	૩૩૦૪	૦

(૨)	ઉક્ત દાવા પેન્ડીંગ રહેવાના કારણો શા છે, અને	(૨) – ગ્રામ્ય કક્ષાએ પૂર્તતા માટે પડતર – સેટેલાઈટ ઈમેજનરી દ્વારા ચકાસણી માટે પડતર
(૩)	ઉક્ત સ્થિતિએ પેન્ડીંગ દાવાઓનો નિકાલ કેટલા સમયમાં થશે ?	(૩) ઉક્ત પડતર દાવાઓ પરત્વે જરૂરી પૂર્તતા થયેથી નિકાલ કરવામાં આવશે.

જામનગર અને વડોદરા જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/2732 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને વડોદરા જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
જામનગર	૨૦૨૪	૦૦	૦૦
	૨૦૨૫	૦૦	૦૬
વડોદરા શહેર	૨૦૨૪	૪૨૮	૦૦
	૨૦૨૫	૦૦	૩૩
વડોદરા	૨૦૨૪	૬૨.૦૫૦	૧૬

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨)

જિલ્લો	આરોપીઓની સંખ્યા

	જામનગર ૦૧ વડોદરા શહેર ૨૦ વડોદરા ગ્રામ્ય ૭૨
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩) **કાયદાની વિગત** / **નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.** પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ : ૧૧(૬)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ) ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ : ૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨), ૮(૩), ૮ (૪), ૧૦, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ : ૨૮૧, ૩૨૫ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ : ૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦ ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૬ : ૧૭૭,૧૮૪,૧૩૪ ,૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪) **જિલ્લો** / **આરોપીઓની સંખ્યા** જામનગર ૦૨ વડોદરા શહેર ૦૦ વડોદરા ગ્રામ્ય ૦૦

પાટણ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર

15/8/2723 ડૉ. કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં ક્યા પોલીસ સ્ટેશનોમાં કેટલા કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવ્યો,	(૧)	પાટણ જિલ્લાના પોલીસ સ્ટેશનોમાં એક પણ કિસ્સાઓમાં FIR નોંધવાનો ઈન્કાર કરવામાં આવેલ નથી.
(૨)	FIR નોંધવાનો ઈન્કાર કરનાર પોલીસ અધિકારીઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલા લેવામાં આવ્યા, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	પોલીસ સ્ટેશનોમાં FIR નોંધવાનો ઈન્કાર ના થાય તે માટે શા આદેશો આપવામાં આવ્યા છે ?	(૩)	જ્યારે કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદ જાહેર કરવામાં આવે ત્યારે તાત્કાલિક ફરિયાદીની ફરિયાદ નોંધવા અને કાર્યવાહી કરવા સારૂ ➢ ગૃહ વિભાગના તા.૨૯/૦૫/૧૯૯૫ના પરિપત્ર ક્રમાંક: પરચ /૨૯૯૫/૪૪૧૫/૬ ➢ ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક: વસફ/૧૦૨૦૧૫/૭૨૧૦/૬ ➢ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૦૯/૦૭/૨૦૧૩ ના પત્ર ક્રમાંક: જી–૧(ક્રાઇમ)/ટે–૧/યાદી/૨૨૯૮/ ૨૦૧૩ ➢ અધિક પોલીસ મહાનિદેશકશ્રી સી.આઈ.ડી. ક્રાઇમ અને રેલ્વેઝ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીના તા.૨૧/૦૨/૨૦૧૭ના પત્ર ક્રમાંક:

			સીઆઈડી/પીસીઆર/ ૯૭/૨૦૧૭થી આદેશો આપવામાં આવેલ છે.

ભરૂચ અને બોટાદ જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/2711 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	જવાબ
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ અને બોટાદ જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧) **જિલ્લો** / **વર્ષ** / **પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)** / **પકડાયેલ ગૌવંશની સંખ્યા** ભરૂચ / ૨૦૨૪ / ૧૭૯૦.૨૦૦ / ૧૧૩ ભરૂચ / ૨૦૨૫ / ૭૨૫ / ૧૧ બોટાદ / ૨૦૨૪ / ૦૦ / ૦૦
(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨) **જિલ્લો** / **આરોપીઓની સંખ્યા** ભરૂચ / ૧૨૯ બોટાદ / ૦૪
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩) **કાયદાની વિગત** / **નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.** પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ / ૧૧(ડ)(ઈ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ) ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ / ૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨), ૮(૩), ૮ (૪), ૧૦, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ / ૨૮૧, ૩૨૫ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ / ૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦ ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૬ / ૧૭૭,૧૮૪,૧૩૪ ,૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪) **જિલ્લો** / **આરોપીઓની સંખ્યા** ભરૂચ / ૦૦ બોટાદ / ૦૦

અમદાવાદના સુભાષબ્રીજ પાસે આર.ટી.ઓ. કચેરીના બાંધકામ બાબત

15/8/2726 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(વાહનવ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે**:–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે RTO કચેરીના નવીનીકરણનું કામ ક્યારે મંજૂર કરી ક્યારે શરૂ કરવામાં આવેલ,	(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ સુભાષબ્રીજ, અમદાવાદ ખાતે RTO કચેરીના નવીન બિલ્ડિંગનાં બાંધકામ માટે વિભાગનાં તા.૨૯/૦૮/૨૦૧૯નાં

			ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ તથા તા.૧૬/૦૯/૨૦૨૦થી વર્કઓર્ડર આપવામાં આવેલ હતો.
(૨)	ઉક્ત કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા કેટલી હતી,	(૨)	ઉક્ત કામ પૂર્ણ કરવાની સમયમર્યાદા ૧૧(અગિયાર) માસની હતી.
(૩)	ઉકત કામગીરી ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે અને ક્યાં સુધીમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે, અને	(૩)	ઉક્ત સ્થિતિએ કામગીરી મહદઅંશે પૂર્ણ થયેલ છે
(૪)	સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થયું હોય તો જવાબદાર એજન્સી સામે શી કાર્યવાહી કરી?	(૪)	સમયમર્યાદામા કામ પૂર્ણ ન થયુ હોય ત્યારે અવાર નવાર કામની પ્રગતિને ધ્યાને લઈને કામની અમલીકરણ એજન્સી માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) દ્વારા વખતોવખત એજન્સીને સમયમર્યાદા માટે નોટિસો પાઠવવામાં આવેલ છે. અને ટેન્ડરની જોગવાઈઓને આધિન સ્થિતિ અનુસાર પ્રમાણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

કચ્છ અને ખેડા જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/2717 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લા અને ખેડા જિલ્લા/શહેરમાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,

(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને

જવાબ

(૧)

જિલ્લો	વર્ષ	પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)	પકડાયેલ ગૌવંશની સંખ્યા
કચ્છ પૂર્વ	૨૦૨૪	૩૩૧.૭૦	૦૧
	૨૦૨૫	૨૦૩	૦૧
કચ્છ પશ્ચિમ	૨૦૨૪	૨૪૦	૧૧
	૨૦૨૫	૩૨૨	૧૨
ખેડા	૨૦૨૪	૨૩૧૨	૩૦

(૨)

જિલ્લો	આરોપીઓની સંખ્યા
કચ્છ પૂર્વ	૧૭
કચ્છ પશ્ચિમ	૩૯
ખેડા	૧૦૨

(૩)

કાયદાની વિગત	નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.
પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦	૧૧(૬)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ)
ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪	૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨), ૮(૩), ૮ (૪), ૧૦,
ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩	૨૮૧, ૩૨૫
ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭	૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦

	ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૯	૧૭૭,૧૮૪,૧૩૪,૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪) **જિલ્લો** – **આરોપીઓની સંખ્યા** કચ્છ પૂર્વ – ૦૦ કચ્છ પશ્ચિમ – ૦૮ ખેડા – ૧૧	

મોરબી અને નર્મદા જિલ્લામાં ગૌમાંસ અને ગૌવંશના આરોપીઓ બાબત

15/8/2720 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન	**જવાબ**
(૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લા/શહેરમાંથી અને નર્મદા જિલ્લામાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ અને ગૌવંશ પકડવામાં આવ્યા,	(૧) **જિલ્લો** – **વર્ષ** – **પકડાયેલ ગૌમાંસ (કિ.ગ્રા.)** – **પકડાયેલ ગૌવંશની સંખ્યા** મોરબી – ૨૦૨૪ – ૦૦ – ૦૦ મોરબી – ૨૦૨૫ – ૦૦ – ૧૧ નર્મદા – ૨૦૨૪ – ૦૦ – ૦૯
(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી,	(૨) **જિલ્લો** – **આરોપીઓની સંખ્યા** મોરબી – ૩૮ નર્મદા – ૦૮
(૩) તેઓ સામે કયા કાયદાની કઇ કલમ હેઠળ શી કાર્યવાહી કરવામાં આવી, અને	(૩) **કાયદાની વિગત** – **નીચે મુજબની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવેલ છે.** પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ–૧૯૬૦ – ૧૧(ડ)(ઇ), ૧૧ (ઢ), ૧૧(૧) (ક)(છ)(ઝ) ગુજરાત પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૫૪ – ૫ (૧–ક) ,૬–(ખ–૧), ૬ (ખ–૨), ૮(૨), ૮(૩), ૮ (૪), ૧૦, ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ – ૨૮૧, ૩૨૫ ગુજરાત પશુ સંરક્ષણ (સુધારા) અધિનિયમ–૨૦૧૭ – ૫ (ક), ૬ (ક),૬ (ખ) , ૮ (૨) , ૮(૪) , ૧૦ ગુજરાત મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૯ – ૧૭૭, ૧૮૪, ૧૩૪, ૧૯૨
(૪) ઉક્ત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે?	(૪) **જિલ્લો** – **આરોપીઓની સંખ્યા** મોરબી – ૦૦ નર્મદા – ૦૦

દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં વિદેશી દારૂનો જથ્થો

15/8/2380 શ્રી ચૈતરભાઇ દામજીભાઇ વસાવા (દેડીયાપાડા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.–

<table>
<tr><th colspan="2">પ્રશ્ન</th><th colspan="2">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને છોટાઉદેપુર જિલ્લામાં વિદેશી દારૂનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો,</td><td>(૧)</td><td><table><tr><th>જિલ્લો</th><th>વિદેશી દારૂનો જથ્થો (બોટલ)</th></tr><tr><td>દાહોદ</td><td>૧૫,૪૭,૧૨૮</td></tr><tr><td>છોટાઉદેપુર</td><td>૫,૭૨,૦૭૦</td></tr></table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા કેટલા ઇસમો સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે, અને</td><td>(૨)</td><td>૩૨,૪૩૨ ઇસમો વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.</td></tr>
<tr><td>(૩)</td><td>ઉક્ત સ્થિતિએ આ પ્રકારની પ્રવૃત્તિઓને રોકવા માટે શા પગલાઓ લેવામાં આવેલ છે?</td><td>(૩)</td><td>પ્રોહિબિશન ડ્રાઇવનું આયોજન કરી અવાર નવાર રેઇડો કરવામાં આવેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિ કરવાની ટેવવાળા ઇસમો વિરૂધ્ધ અટકાયતી પગલાં લેવામાં આવેલ છે. આ પ્રકારની પ્રવૃત્તિમાં વપરાતા વાહનો જપ્ત કરવામાં આવેલ છે. આંતર રાજ્ય બોર્ડર સ્પર્શતી હોય તેવા સ્થળો ઉપર સરપ્રાઇઝ વાહન ચેકિંગ કરવામાં આવેલ છે.</td></tr>
</table>

કચ્છ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ

15/8/1671 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th colspan="2">પ્રશ્ન</th><th colspan="2">જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં વાહનોના માર્ગ અકસ્માતથી મૃત્યુ પામેલ વ્યક્તિઓની સંખ્યા કેટલી છે, અને</td><td>(૧)</td><td><table><tr><th>વર્ષ/ વિગત</th><th>તા. ૦૧/૦૧/ ૨૦૨૪ થી તા. ૩૧/૧૨/ ૨૦૨૪</th><th>તા. ૦૧/૦૧/ ૨૦૨૫ થી તા. ૩૧/૧૨/ ૨૦૨૫</th></tr><tr><td>કચ્છ જિલ્લો</td><td>૩૮૮</td><td>૩૯૧</td></tr></table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતાં માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલા ભર્યા?</td><td>(૨)</td><td>લીધેલ પગલાં :
• અકસ્માતવાળી જગ્યાઓની પોલીસ, આર.ટી.ઓ વિભાગ, NHAI, R&B, UDD, GSRDC વિભાગ દ્વારા સંયુકત વિઝીટ લેવામાં આવે છે.
• ફેટલ અકસ્માત બનાવવાનું તારણ કાઢી જો રોડની ખામી જણાઇ આવેથી સબંધિત રોડ એજન્સી રોડના જરૂરી સુધારા કરવા સારૂ કાર્યવાહી કરવામાં આવે છે.
• અવેરનેશ કેમ્પ તથા અવેરનેશ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.
• ભારે વાહનોની પાછળ રેડીયમ રીફલેકટર લગાડવામાં આવે છે.
• સુચારૂ ટ્રાફિક નિયમન માટે રાજય સ્તરે અત્યાધુનિક સાધન–સામગ્રી જેવી કે, ઇન્ટર સેપ્ટરવાહન, હાઇવે પેટ્રોલ વાહન, મોટર સાયકલ, લેઝર સ્પીડગન, બેરીકેટ્સ, લાઇટ બેટન, બ્રેથ એનેલાઇઝર વગેરે સાધનોની ફાળવણી કરવામાં આવેલ છે. તેનો સુચારૂ રીતે ઉપયોગ કરવામાં આવે છે.
• અકસ્માતમાં ઘટાડો લાવવામાં માટે સ્પેશ્યલ ટ્રાફિક ડ્રાઇવનું આયોજન રાખી ટ્રાફિક એન્ફોર્સમેન્ટની કામગીરી કરવામાં આવે છે.</td></tr>
</table>

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

અમદાવાદ અને વડોદરા શહેરના પોલીસ સ્ટેશનોમાં પડેલા વાહનો

15/8/2713 શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને વડોદરા શહેરમાં ચોરી તથા અન્ય ગુનામાં પકડાયેલા અને ગુમ થયેલા કેટલા વાહનો પોલીસ સ્ટેશનમાં પડેલા છે,	(૧)	**શહેરનું નામ** / **પોલીસ સ્ટેશનમાં પડેલ ચોરીના ગુનામાં પકડાયેલ વાહનોની સંખ્યા** / **પોલીસ સ્ટેશનમાં પડેલ અન્ય ગુનામાં પકડાયેલ વાહનોની સંખ્યા** / **પોલીસ સ્ટેશનમાં પડેલ ગુમ થયેલા વાહનોની સંખ્યા** અમદાવાદ શહેર / ૮૯૬ / ૫૦૮૫ / ૦૦ વડોદરા શહેર / ૧૭૬ / ૮૫૯ / ૦૦
(૨)	તે પૈકી ચોરીમાં પકડાયેલા કેટલા વાહનો મુળ માલિકોને છેલ્લા બે વર્ષમાં પરત સોંપવામાં આવ્યા, અને	(૨)	અમદાવાદ શહેર: ૨૩૩૮ વડોદરા શહેર: ૫૦૮
(૩)	બાકી રહેલ વાહનો ક્યાં સુધીમાં મુળ માલિકોને પરત સોંપવામાં આવશે?	(૩)	બાકી રહેલ વાહનો નામદાર કોર્ટમાં કેસનો નિકાલ થયેથી નામદાર કોર્ટના હુકમ મુજબ કાર્યવાહી કરી મુળ માલિકને સોંપવામાં આવશે.

અરવલ્લી જિલ્લામાં જિલ્લા રમત સંકુલમાં રમતના મેદાનો

15/8/1742 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ): **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (રમતગમત અને યુવક સેવા)** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ,	(૧)	ના, જી. જિલ્લા રમત સંકુલની બાંધકામ કામગીરી શરૂ કરવામાં આવી છે.
(૨)	જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતનાં મેદાનો આવેલ છે, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	રૂ.૧૧.૨૩ લાખ (અંકે રૂપિયા અગિયાર લાખ ત્રેવીસ હજાર પુરા)

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રભારી ન હોય તેવા મંત્રીશ્રીએ જવાબ આપવા બાબત

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. જે રીતે આજે બનાસકાંઠા જિલ્લાનો પ્રશ્ન હતો અને ગૃહ વિભાગનો પ્રશ્ન હતો. સ્વભાવિક છે કે વિધાનસભા નિયમોથી ચાલે છે અને નિયમો સાથે આપણે બધા બંધાયેલા છીએ. જે વિભાગનો પ્રશ્ન હોય એ વિભાગના મંત્રીશ્રી એનો જવાબ આપતા હોય છે. માની લો કે કદાચ મંત્રીશ્રી પાસે અધૂરી માહિતી હોય અથવા વધારે પડતી માહિતી આપવા માગતા હોય તો રાજ્ય કક્ષાના મંત્રીશ્રી જવાબ આપતા હોય અને એમાં કોઇ ત્રુટિ રહી જાય તો કેબિનેટ મંત્રીશ્રી એનો જવાબ આપતા હોય છે. સ્વભાવિક છે કે આજે રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને કેબિનેટ મંત્રી તરીકે સન્માનનીય શ્રી હર્ષભાઇ હાજર નથી. પણ એનો જવાબ માનનીય કેબિનેટ મંત્રીશ્રી આપતા હોય છે અને એ પ્રશ્નના જવાબમાં માની લો કે કોઇ લીગલ પ્રોબ્લેમ ઊભો થાય ત્યાં કોઇ ઘટના બની હોય અને શ્રી પ્રવિણભાઇ માળી, મંત્રીશ્રી ઊભા થઇને વિગતો આપતા હતા. એવો કોઇ નિયમ નથી, પ્રણાલી રહી નથી કે મંત્રીશ્રી ઊભા થાય. ધારાસભ્યશ્રીએ પૂછેલ પ્રશ્ન હોય અને મંત્રીશ્રી ચોખવટ કરે કે આવું નથી, આના લીધે આવું થયું છે એ અયોગ્ય છે. મારી વિનંતી છે કે આપ આપના નેજા હેઠળ મંત્રીશ્રીને આદેશ કરો. આપ કહો છો કે પ્રશ્નોત્તરીનો સમય મહત્ત્વપૂર્ણ હોય છે. એક જ કલાકનો હોય છે. સભ્યશ્રીઓ વ્યવસ્થિત પ્રશ્નો પૂછે અને મંત્રીશ્રીઓ જે પ્રશ્નનો વિષય હોય એટલો જ જવાબ આપે. બીજા મંત્રીશ્રી જવાબ આપવા માગતા હોય તો નિયમ છે કે એનો પરિપત્ર બહાર પડે. વિધાનસભા સચિવાલય તરફથી એની માહિતી ધારાસભ્યોને આપવામાં આવે છે કે આજના પ્રશ્નોના જવાબ આ મંત્રીશ્રી આપશે. ભૂતકાળમાં એક-બે કિસ્સાઓ થયેલા છે એ દોહરાવતો નથી. આની અંદર આપ યોગ્ય આદેશ કરો એવી વિનંતી છે.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રેઝરી બેન્ચ તરફથી કોઇપણ મંત્રીશ્રી જ્યારે જવાબ આપતા હોય ત્યારે સરકારની કલેક્ટિવ રિસ્પોન્સિબિલિટી છે અને આપણા નિયમોમાં સ્પષ્ટ જોગવાઇ છે. એટલે મંત્રીશ્રીઓમાંથી કોઇપણ મંત્રીશ્રી જવાબ આપી શકે એવી નિયમોના નિયમમાં સ્પષ્ટ જોગવાઇ હોવાના કારણે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે શ્રી રમણભાઈની વાતના સંદર્ભમાં એટલું જ ઉમેરવાનું છે કે આ જે વાત છે એ કલેક્ટિવ રિસ્પોન્સિબિલિટી અંતર્ગત મંત્રીશ્રીએ પૂરક માહિતી નહીં, જવાબ જ આપવાની કોશિશ કરી છે. વન વિભાગ સાથે જે ઘટના બની હતી એના અનુસંધાનમાં એ વિગતો આપી રહ્યા હતા અને જવાબ આપી રહ્યા હતા. આથી આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી શૈલેષભાઈની વાત સ્પષ્ટ છે કે આપણા નિયમોમાં જોગવાઈ છે કે કયા મંત્રી કયા દિવસે કયા વિભાગ પર જવાબ આપશે એનું પહેલેથી પત્રક ભાગ–૨ બહાર પડાતું હોય છે. એ જ રીતે પ્રશ્ન દાખલ થાય છે. આજે માનનીય શ્રી કાન્તિભાઈનો પ્રશ્ન ગૃહ વિભાગનો છે. આખા પ્રશ્નમાં કે આખા જવાબમાં કોઈ જગ્યાએ વન વિભાગનો ઉલ્લેખ પણ નથી. માનનીયશ્રી કાન્તિભાઈએ ૩ કિસ્સા ગણાવ્યા એમાં પણ એમણે વન વિભાગનો ઉલ્લેખ કર્યો નથી અને માનનીય મંત્રીશ્રી કૌશિકભાઈ જવાબ આપે છે તો એમાં બીજા મંત્રીશ્રીએ એને સપોર્ટ કરવાની વાત નથી. જવાબ આપતા હતા. બીજું, વન વિભાગના મંત્રી તરીકે ખુલાસો કરવાની કે સ્ટેન્ડ મૂકવાની કોઈ આપણે ત્યાં પ્રથા કે જોગવાઈ નથી. જો આવી જ રીતે થશે તો કાલે એ જ ધારાસભ્ય પ્રશ્ન પૂછશે અને હું ઊભો થઈને કહીશ કે શ્રી કાન્તિભાઈના સપોર્ટમાં વાત કરું છું. માનનીય મંત્રીશ્રીને વધારાની માહિતી આપવી હોય કે જોઈતી હોય તો પ્રશ્ન પૂછવાનો છે તેના આધારે આપવાની છે. આવી પ્રથા પડે અને એક મંત્રીશ્રી જવાબ આપે અને જેને કન્સર્ન નથી એવા મંત્રીશ્રીઓ જરૂરિયાત નથી, ઉલ્લેખ નથી, ઉલ્લેખ થયો હોય કે વન વિભાગે આમ કર્યું, તેમ કર્યું તો કદાચ ખુલાસો કરી શકે છે. પણ અહીં તો પ્રશ્નમાં પણ નથી લખ્યું, જવાબમાં પણ નથી લખ્યું, સભ્યશ્રીએ પણ ઉલ્લેખ નથી કર્યો તેમ છતાં જો આવી પ્રથા પાડીશું તો એ યોગ્ય નહીં રહે. આથી માનનીયશ્રી શૈલેષભાઈએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એના ઉપર આપનું રુલિંગ આવશ્યક છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે કોઈ પણ પ્રશ્નના જવાબમાં કોઈ પણ મંત્રીશ્રીને એવું લાગે કે આમાં મારે વધારાની માહિતી આપવી છે તો એ આપી શકે છે અને અગાઉ આપણે ઘણી વખતે જોયું છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી પણ કેટલીય વખત ઇન્ટરવીન થઈને વિશેષ માહિતી આપતા હોય છે. પરંતુ આ કેસને લાગેવળગે છે ત્યાં સુધી આ ઘટનાની અંદર બે પ્રકારના રિપોર્ટ રજિસ્ટર્ડ થયા હતા. એક એફ.આઈ.આર. રજિસ્ટર થઈ છે અને બીજું એક ફોરેસ્ટ ઓફેન્સ રિપોર્ટ પણ રજિસ્ટર થયો છે એટલે માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રીએ વધારાની માહિતી આપી હોય તો એમાં કશું ખોટું નથી અને એમાં ઓબ્જેકશન લેવા જેવું કશું નથી. કારણ કે અગાઉના પ્રશ્નની અંદર ઉદ્યોગ વિભાગને પ્રશ્ન પૂછ્યો હતો અને પર્યાવરણ મંત્રી તરીકે મેં વધારાની માહિતી આપી હતી તો ત્યારે પણ ઓબ્જેકશન ના હતું તો આ કિસ્સામાં ઓબ્જેકશન ના હોવું જોઈએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તકના પાના નંબર ૨૪૨ ઉપર ચર્ચાઓના પુસ્તક ભાગ–૧ પુસ્તક નં.૭ ની કોલમ નં. ૧૦૦૧માં એવું લખ્યું છે કે, મંત્રીશ્રી જે ખાતું સંભાળતા હોય તે સિવાયના ખાતાની માહિતી તેમની પાસેથી મેળવવાની અપેક્ષા રાખી શકાય નહીં. એનો અર્થ એ થયો કે મંત્રીશ્રી પણ સામે ચાલીને પોતાના ખાતા સિવાયની બીજી વિગતો આપી શકાય નહીં. અહીંયા પ્રશ્ન ગૃહ વિભાગનો ચર્ચામાં હતો. વન વિભાગનો ન હતો. જો સભ્યશ્રી ગૃહ વિભાગના પ્રશ્નમાં વન વિભાગની માહિતી પૂછે તો સ્કોપ બહાર નીકળી જાય છે તો મંત્રીશ્રી પણ ગૃહ વિભાગના પ્રશ્નમાં વન વિભાગની માહિતી આપે તો એ સ્કોપ બહાર જ ગણાય છે. અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોમાં બીજો નિર્ણય પાના નં.૨૪૩ ઉપર છે કે મંત્રીને સંબંધકર્તા ના હોય તેવા ખાતાને લગતા પૂરક પ્રશ્નનો જવાબ આપવા મંત્રીને ફરજ પાડી શકાય નહીં. જે પૂરક પ્રશ્ન જે મંત્રીને નથી લાગું પડતો એનો જવાબ આપવાની ફરજ ના પાડી શકાય તો સામે એમણે પણ જબરજસ્તીથી જવાબ ના આપવો જોઈએ. એટલે અધ્યક્ષશ્રીના અગાઉના નિર્ણયો સ્વયંસ્પષ્ટ છે. જે સ્કોપનો પ્રશ્ન હોય એ જ સ્કોપના મંત્રીએ જવાબ આપવો જોઈએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૪૨ પેઇજ ઉપર જ અધ્યક્ષશ્રીનો નિર્ણય છે. તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૬૫ના રોજ જામનગર જિલ્લાના જીંજુડારા રિપ્લેસમેન્ટ બંધ બાબત વિધાનસભાના સભ્યશ્રી ભાણજીભાઇ પટેલના તારાંકિત પ્રશ્નના સો અને સો ઉપર પ્રશ્નોત્તરી દરમ્યાન વિધાનસભાના સભ્યશ્રી બાબુભાઇ વૈદ્યે મંત્રી પાસે બીજા ખાતાને લગતી માહિતી ના હોય તો પ્રશ્ન મુલતવી રાખવા માગણી કરી હતી. એમાં માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય એવો છે કે પ્રશ્ન મુલતવી રાખવા માટે કારણ જણાવવા જોઇએ. તેમના ખાતાને લગતા પ્રશ્ન ના હોય તો માનનીય મંત્રીશ્રી કહી શકે કે મારા ખાતાનો પ્રશ્ન નથી. માનનીય મંત્રીશ્રી ઉપર પછી જવાબ આપવા માટે ફરજ ના પડી શકાય. જે જવાબ આપે તે બરાબર ના હોય તો પ્રશ્ન પૂછી શકો છો. માનનીય મંત્રીશ્રીએ શું કહેવું, શું ના કહેવું એ માટે એમને ડાયરેકશન ના આપી શકાય.

અધ્યક્ષશ્રી : આપ ચર્ચા કરો. હું પરમિશન ના આપું તેના સિવાય ઊભા ના રહો. આપની વાત અને મુદ્દાને લઈશ. માનનીય કાન્તિભાઈ, તમારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કંઈ કહેવું છે? પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર કહેવાનો તમને અધિકાર છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી અર્જુનભાઇ તો બહુ સિનિયર છે. મારા ઉપર જે વખતે ઝઘડો થયો હતો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વાત કરો. તમે પોલિટિકલ વાત નહીં કરો. હું આમાં....

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ વાત ઉપર આવું છું.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

અધ્યક્ષશ્રી : વાત ઉપર આવવું નથી. સીધી એની ઉપર જ ચર્ચા ચાલે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, અર્જુનભાઇ તો બહુ સિનિયર છે •(**xxx**)

અધ્યક્ષશ્રી : આપ બેસો. માનનીય શૈલેષભાઇ, આપ બોલો. (અંતરાય) હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું, પોલિટિકલી વાત ના થાય.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અધ્યક્ષશ્રીના નિર્ણયોમાં પાના નં.૨૪૩માં છે કે, મંત્રીશ્રીને સંબંધકર્તા ના હોય તેવા ખાતાને લગતા પૂરક પ્રશ્નના જવાબ આપવા મંત્રીશ્રીને ફરજ પાડી શકાય નહીં. માનનીય કૌશિકભાઇને એવું લાગતું હોય કે વન વિભાગનો આની અંદર ઉલ્લેખ થયેલો છે તે પોતે બધા જ મંત્રીશ્રીઓ પાસે અમુક માહિતી કોઇ ધારાસભ્યશ્રી જ્યારે સાચી રજૂઆત કરતા હોય ત્યારે એવું કહી દે છે કે સૂચન છે. તેમ છતાં પાના નં.૨૪૩ (ગ)માં લખ્યું છે કે જે વિભાગના મંત્રીશ્રીને સવાલ પૂછવામાં આવ્યા હોય તે વિભાગ પૂરતી જ માહિતી આપવા મંત્રીશ્રી જવાબદાર છે.બીજા વિભાગને લગતી માહિતી માટે તે વિભાગના મંત્રીશ્રીને સવાલ પૂછવો જોઇએ નહીં. આ બન્નેમાં ઉલ્લેખ ક્લિયર છે સાહેબ કે, વન વિભાગને લગતો કોઇ પ્રશ્ન પૂછવામાં આવ્યો ન હતો તેમ છતાં પણ માનનીય પ્રવિણભાઇ વચ્ચે ઉભા થઇને તેની અંદર માહિતી આપી. બીજું, જે રીતે કહ્યું કે દરેક મંત્રીશ્રી સંયુકત રીતે જવાબ આપી શકે. સાહેબ એવો કોઇ ઉલ્લેખ આપણા નિયમોમાં નથી. હા, એ ચોક્કસ છે કે રાજય કક્ષાના મંત્રીશ્રી કદાચ જવાબ વ્યવસ્થિત ના આપી શકે તો કેબિનેટ મંત્રીશ્રી તેનો જવાબ આપે છે અને માનો કે કેબિનેટ મંત્રીશ્રી ગેરહાજર હોય તો ગૃહના નેતા તરીકે માનનીય મુખ્યમંત્રીશ્રી તેનો જવાબ આપી શકે છે પણ એ અનુસંધાનમાં બીજા કોઇ મંત્રીશ્રી ઉભા થઇને અને જો આ પ્રથા થશે તો કહેવું થશે કે, કોઇ પણ મંત્રીનો જવાબ કોઇ પણ મંત્રી આપશે અને તેનાથી ગૃહ આખું ગેરમાર્ગે દોરાશે એવું મને ચોક્કસપણે લાગે છે.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, બહુ જ સિમ્પલ છે કે, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં ફોરેસ્ટનો ઉલ્લેખ કર્યો છે અને તેમણે કહ્યું કે આ ઘટના જે ઘટી એકશનનું રીએકશન હતું. એકશન શું હતું તો ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ઉપર હુમલો થયો તે એકશન હતું. એમનો પ્રશ્ન એ રીએકશનનો હતો કે આ ફરિયાદ કેમ ના લેવામાં આવી એટલા માટે પૂરક માહિતી આપવી મારે જરૂરી બની હતી એમણે ઉલ્લેખ માનનીય મંત્રીશ્રીએ કર્યો છે તે આપના ધ્યાને મૂકું છું.

અધ્યક્ષશ્રી : હું મારો નિર્ણય આપું છું. હું પહેલાં માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે આજે જે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે તેને સ્વીકૃત કરું છું અને આના ઉપર મારો નિર્ણય એ છે કે, વિધાનસભાની અંદર જવાબ આપવાની રીસ્પોન્સિબિલિટી સંયુકતપણે મંત્રીમંડળ છે પરંતુ અનિવાર્ય સંજોગો સિવાય જે માનનીય મંત્રીશ્રીઓને જે તે વિભાગની જવાબદારી આપવાનું નક્કી થયું હોય, તેનું પત્રક બહાર પડયું હોય તેના સિવાયના બાકીના વિષયમાં તેમણે હસ્તક્ષેપ કરવો જોઇએ નહીં. તેનો જવાબ જે તે વિભાગના માનનીય મંત્રીશ્રીઓ હોય તે જ તેનો જવાબ આપે. અનિવાર્ય સંજોગો ઉભા થયા હોય અને સામેથી ડિમાન્ડ માનનીય સભ્યશ્રીઓની આવી હોય કે હવે વધારાનો જવાબ આપો અને તેવા સંજોગોમાં ખાસ કરીને અપવાદરૂપ કિસ્સો હોય તો નિર્ણય થાય. બાકી વારંવાર એક મંત્રીશ્રીના બદલે બીજા મંત્રીશ્રી જવાબ આપે તેવી બાબતથી આપણે બધા દૂર રહીએ.

માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય

બંધારણે આપેલા વિશેષાધિકારો અને ફરજોનું પાલન કરવા અંગે

અધ્યક્ષશ્રી : મારે એક નિર્ણય આપવો છે. તા. ૧૧-૦૩-૨૦૨૬ના રોજ પ્રશ્નોત્તરીકાળ બાદ માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી સભાગૃહમાં જે બાબત ચર્ચાઇ ન હોવા છતાં માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ તે વિષય સાર્વજનિક કર્યો છે તેવી રજૂઆત કરી અને તા. ૨૪-૦૨-૨૦૨૬ના રોજ મેં આપેલ નિર્ણયનો હવાલો આપીને જણાવ્યું હતું કે આમ કરી શકાતું નથી. માનનીય અધ્યક્ષશ્રીનો નિર્ણય હોવા છતાં સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ નિર્ણય વિરૂદ્ધ વર્તન કર્યું છે તેમ જણાવી મારું માર્ગદર્શન માગ્યું હતું. જે સંદર્ભે માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા તેમજ સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયા, શ્રી શૈલેષભાઇ પરમાર અને શ્રી અમીતભાઇ ચાવડાએ પોતાના મંતવ્યો વ્યકત કર્યા હતાં. અગાઉ તા.૨૪-૦૨-૨૦૨૬ના રોજ મેં આ સભાગૃહમાં નિર્ણય આપ્યો હતો કે, આ સભાગૃહમાં જે વિષયની ચર્ચા થઇ ન હોય જે કોઇ દસ્તાવેજ કે કાગળ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલ ન હોય તેવી બાબતો સાર્વજનિક કરવી નહીં. સભાગૃહમાં રજૂ થયેલ, ચર્ચાયેલ વિષયને તોડી, મરોડીને કે અધૂરી વિગતો રજૂ કરી ખોટું અર્થઘટન કરી જાહેરમાં હકીકતથી વિપરીત માહિતી જાય તેવું કરવાથી સભ્યશ્રીઓએ દૂર રહેવું જોઇએ. કોઇ પણ સભ્યશ્રી ઇરાદાપૂર્વક આવી પ્રવૃત્તિ કરતા ધ્યાને આવશે તો ભવિષ્યમાં સભાગૃહને ઔચિત્યભંગ તેમજ અન્ય શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ ન પડે તેવી સર્વે સભ્યશ્રીઓ આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લે તેવી મેં વિનંતી કરી હતી. હવે માનનીય મંત્રીશ્રી જીતેન્દ્રભાઇ વાઘાણીએ જે માર્ગદર્શન માગેલ છે તે સંબંધમાં જણાવવાનું કે, ભારતના બંધારણના ઘડવૈયાઓએ ભારત માટે હાઉસ ઓફ કોમન્સની સંસદીય લોકશાહી શાસન પદ્ધતિ અપનાવી છે. સંસદીય લોકશાહીમાં રાજય કક્ષાએ સર્વોચ્ચ સ્થાને રહેલ વિધાનસભા એક ધબકતું ગૃહ છે. લોકશાહી સરકાર માટે કહેવાય છે કે, સરકારનું સંચાલન લોકો દ્વારા સીધા મતદાન થકી પરોક્ષ રીતે લોકો જ કરે છે. માનવ અધિકારોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકશાહી સરકારનો વિકલ્પ બીજો કોઇ શકય નથી. લોકશાહી શાસન

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વ્યવસ્થાની ખૂબી એ છે કે, આમાં પક્ષ અને વિપક્ષ બન્નેના વિચારોનું સન્માન કરવામાં આવે છે. વિશ્વમાં પ્રવર્તમાન વિવિધ શાસકીય વ્યવસ્થાઓ જેવી કે પ્રમુખ શાસન, સરમુખત્યારશાહી, લશ્કરી શાસન, રાજાશાહી આ તમામ વ્યવસ્થાઓમાં લોકશાહી શાસન વ્યવસ્થા લોકભોગ્ય, લોકપ્રિય અને સર્વસ્વીકૃત અને શ્રેષ્ઠતમ છે એ માટે લોકશાહી શાસન વ્યવસ્થા ઉપર પ્રજાનો ભરોસો મજબૂત બને છે. આ ભરોસો ઘટે નહીં તે જોવાની જવાબદારી પ્રજાની સાપેક્ષમાં ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની વધારે બને છે. કોઈપણ ચૂંટાયેલા જનપ્રતિનિધિના વાણી, વ્યવહાર અને વર્તન બિનસંસદીય હોય તો પ્રજાનો લોકશાહી શાસન વ્યવસ્થા પરનો ભરોસો ઘટે જ. દુનિયાના જે દેશોમાં લોકશાહી શાસન વ્યવસ્થા નથી ત્યાં શાસકીય વ્યવસ્થાઓનાં સારાં પરિણામો મળ્યાં નથી અને શાસકીય અવ્યવસ્થા ઊભી થયાના અનેક દાખલા બન્યા છે, જેથી લોકશાહી શાસન વ્યવસ્થામાં પ્રજામાં અવિશ્વાસ ઊભો ના થાય અને વ્યવસ્થામાં ઉત્તરોત્તર સુધારો આવે, તેના માપદંડો જળવાઈ રહે તે જોવાની વિશેષ જવાબદારી ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની છે. બંધારણના અનુચ્છેદ–૧૨થી ૩૫માં ભારતના નાગરિકોને સમાનતા, વાણી સ્વાતંત્ર્ય, ધર્મ સ્વતંત્રતા, શોષણ સામેનો હક્ક, સંસ્કારિક અને શૈક્ષણિક હક્ક વગેરે મૂળભૂત અધિકારો બક્ષ્યા છે જેના થકી આપણી લોકશાહી ૭૫ વર્ષથી અડીખમ ઊભી છે જેને વધુ મજબૂત કરવાની જવાબદારી પ્રજાની સાથેસાથે ચૂંટાયેલા જનપ્રતિનિધિઓની સવિશેષ છે. જનસમૂહ સમક્ષ ચૂંટાયેલા પ્રતિનિધિઓના વાણી, વર્તન, વ્યવહાર જનસમૂહને અસરકર્તા રહે છે. બંધારણના ઘડવૈયા ડૉ.બાબાસાહેબ સહિત બંધારણ સભાના ૨૯૯ સભ્યોને બંધારણ નિર્માણમાં ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસ જેટલો સમય લાગ્યો હતો અને તે પ્રમાણે ૧૧ સત્રમાં ૧૬૬ જેટલી બેઠકો કરી હતી. આપણા બંધારણમાં રાષ્ટ્રભકિત, રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્ર પ્રત્યેની ફરજો, નાગરિકોના મૂળભૂત અધિકારો તથા તેના સંરક્ષણ અને જતન માટેની કરાયેલી વ્યવસ્થા સામે પ્રજાને અવિશ્વાસ ઊભો થાય તે કોઈપણ પ્રકારે હિતાવહ નથી. સમાજજીવનમાં ભારતની સંસદ અને વિધાનગૃહો પ્રત્યે આદર અને માનની લાગણી પ્રવર્તે છે. તેમાંય આપણા પુરોગામીઓએ ગુજરાત વિધાનસભા ગૃહની ઉચ્ચ પરંપરાઓ પ્રસ્થાપિત કરેલી છે. ગુજરાત વિધાનસભાની પરંપરાઓ દેશમાં અગ્રિમ સ્થાન ધરાવે છે. દેશના નાગરિકો આ ગૃહ પ્રત્યે ઉચ્ચ શ્રદ્ધા ધરાવે છે. આ લાગણીને ઠેસ પહોંચે કે સભાગૃહની ગરિમાને છાજે નહીં કે તેની ગરિમા ઝંખવાય તેવી કોઈપણ પ્રવૃત્તિથી જનપ્રતિનિધિઓએ દૂર રહેવું જોઈએ. જનપ્રતિનિધિઓ પોતાની ફરજો નિર્ભિક અને સ્વતંત્ર રીતે બજાવી શકે તે માટે બંધારણના અનુચ્છેદ ૧૯૪ની જોગવાઈથી વિધાનમંડળોને, ગૃહો અને તેમના સભ્યોને, સમિતિઓને સત્તા અને વિશેષ અધિકાર બક્ષ્યા છે. જનપ્રતિનિધિઓને બક્ષેલા અધિકારો સામે તેમણે પોતાની ફરજો પણ બજાવવાની રહે છે. લોકશાહી શાસન વ્યવસ્થામાં જે ઉચ્ચ વાણી વ્યવહારની અપેક્ષા જનપ્રતિનિધિઓ પાસેથી રાખી છે તેનું જનપ્રતિનિધિ દ્વારા ઉલંઘન થવું જોઈએ નહીં. સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયા આ સભાગૃહે જનહિત અને જનકલ્યાણ માટે કરેલા નિર્ણયો અંગે તેમજ કયારેક આ સભાગૃહના અન્ય સભ્યશ્રીઓ, મંત્રીશ્રીઓ અને સભાગૃહની ગરિમાને ઠેસ પહોંચે તે પ્રકારે બાબતોને સાર્વજનિક કરતા જોવા મળ્યા છે. કોઈપણ જનપ્રતિનિધિની માનહાની થાય કે સભાગૃહનું અવમાન થાય એવી કોઈપણ બાબત સાર્વજનિક કરવી તે કોઇ પણ રીતે ઉચિત નથી. આ તબક્કે હું સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાને ઠપકો આપું છું અને ભવિષ્યમાં આ બાબતે પૂરતી કાળજી રાખવા તાકીદ પણ કરું છું. જે દસ્તાવેજો સભાગૃહમાં ચર્ચાયા ન હોય પરંતુ સભાગૃહના મેજ ઉપર મૂકેલા હોય જેવા કે અતારાંકિત પ્રશ્નો સભાગૃહના મેજ ઉપર મૂકેલા કાગળો, અહેવાલો વગેરે કે જે સભાગૃના મેજ ઉપર મૂકાયા બાદ જાહેર દસ્તાવેજ ગણાય છે એમાં કોઈપણ જાતના ફેરફાર, અનુમાન કે કાલ્પનિક રીતે સાર્વજનિક કરી શકાય નહીં. માત્ર તથ્ય આધારિત દસ્તાવેજોમાં ઉલ્લેખ હોય તેટલા પૂરતું જ સાર્વજનિક કરી શકાય. આ સભાગૃહના શાસકપક્ષ અને વિપક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે બંધારણે આપણને આપેલા વિશેષાધિકારો અને ફરજોનું પાલન કરી બંધારણની વિભાવનાને કોઇ વિપરીત અસર થાય તેવા કોઇ પણ વ્યવહારથી જનપ્રતિનિધિઓએ અને આપણે સૌએ દૂર રહેવું જોઈએ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

તારાંકિત પ્રશ્ન અન્વયે વધારાની માહિતી

ડૉ. જયરામભાઇ ચે. ગામીત (રાજ્યકક્ષાના પ્રવાસન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું, તા. ૨૫–૦૨–૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શામજીભાઇ ભીમજીભાઇ ચૌહાણના ''વાયબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સ (સૌરાષ્ટ્ર અને કચ્છ ઝોન)'' વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૮/૭૭૨ (અગ્રતા–૮)ના અનુસંધાને માનનીય સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમા દ્વારા માંગવામાં આવેલ વધારાની માહિતી વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલની રજૂઆત

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો બારમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના બારમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

વન અને પર્યાવરણ વિભાગ, માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ, ક્લાઇમેટ ચેન્જ વિભાગ

વન અને પર્યાવરણ વિભાગ

માગણી નં. ૨૬

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૨,૫૯,૮૫,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૫,૪૭,૦૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૨૭

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૬,૩૧,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

માહિતી અને પ્રસારણ વિભાગ

માગણી ક્રમાંક – ૫૪

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૩,૨૫,૩૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ

માગણી ક્રમાંક – ૮૯

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૧,૩૯,૭૭,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની ૩.૩૮,૭૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૮૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.

ક્લાઇમેટ ચેન્જ વિભાગ

માગણી ક્રમાંક – ૧૦૭

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા (ક્લાઇમેટ ચેન્જ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩. ૨,૪૩,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની ૩. ૨,૧૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૧૦૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

સોમવાર, તા.૧૬/૦૩/૨૦૨૬(નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
વન અને પર્યાવરણ વિભાગ **માગણી નં. ૨૬**				
૧	૨૪૦૬–વન...જીવન	૧૦૦	રાજ્યમાં વૃક્ષારોપણ કર્યા બાદ તેનું	શ્રી ઇમરાન ખેડાવાલા

	૦૧–વનનિર્માણ ૦૦૧–નિર્દેશ અને વહિવટ રૂ. ૨,૯૩,૮૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૦૮ પાના નં. ૧૩ અને ૧૪		જતન કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	(ડૉ.કિરીટકુમાર પટેલ, હેમંતભાઈ આહીર)
૨	---"---	૧૦૦	ગીર જંગલની બોર્ડર પર થઈ રહેલા ગેરકાયદેસર બાંધકામો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૩	---"---	૧૦૦	વિસાવદર અને તાલાલા તાલુકાના વન વિભાગ હસ્તકના ગામોનું સેટલમેન્ટ કરી મહેસૂલી ગામમાં તબદીલ કરી ગ્રામજનોની હાલાંકી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
*૪	૨૪૦૬–વન...જીવન ૦૧–વનનિર્માણ ૧૦૧–વન સંરક્ષણ...પુનર્નિર્માણ રૂ. ૧,૮૦,૭૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૦૮ પાના નં. ૧૭ થી૨૫	૧૦૦	જંગલોમાં થતી ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીજ્ઞેશ મેવાણી
૫	૨૪૦૬–વન...જીવન ૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણીજીવન ૧૧૦–વન્ય પ્રાણી સંરક્ષણ રૂ. ૩,૧૦,૧૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૦૮ પાના નં. ૨૬ થી૩૦	૧૦૦	રાજ્યમાં સિંહોના થતા અપમૃત્યુ રોકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર (ઉમેશભાઈ મકવાણા)
૬	---"---	૧૦૦	રહેણાંક વિસ્તારોમાં વન્ય પ્રાણીઓના વધતા જતા હુમલાઓને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૭	---"---	૧૦૦	સાસણગીર અને દેવળીયા પાર્કમાં સિંહદર્શન માટેની કાળાબજારી અંગે તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા
૮	---"---	૧૦૦	વન્ય પ્રાણીઓની હત્યા કરનારા ઈસમોને પકડવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૯	---"---	૧૦૦	ગેરકાયદેસર લાયન શો કરતા ઈસમો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ (અમૃતજી ઠાકોર)
૧૦	---"---	૧૦૦	અભ્યારણો,રાષ્ટ્રીય ઉધાનની હદ વધારવા અંગેના નીતિ વિષયક નિર્ણયો લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૧૧	૨૪૦૬–વન...જીવન ૦૨–પર્યાવરણલક્ષી...પ્રાણીજીવન ૧૧૦–વન્ય પ્રાણી સંરક્ષણ રૂ. ૩,૧૦,૧૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૦૮ પાના નં. ૨૬ થી૩૦	૧૦૦	ગીર અભ્યારણના ઈકો સેન્સેટીવ ઝોનના નકશાઓની વિરુદ્ધમાં ખેડૂતોની વાંધા અરજીઓનેધ્યાને લઈને નક્શાક્ષતિઓ દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૨	---"---	૧૦૦	રાજ્યમાં રક્ષિત દરિયાઈ જીવોના મૃત્યુ	શ્રી વિમલભાઈ ચુડાસમા

			નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	
માગણી નં. ૨૭				
૧૩	૨૨૧૫–પાણી...સ્વચ્છતા ૦૨–ગટર...સ્વચ્છતા ૧૦૬–વાયુ...નિવારણ રૂ. ૯,૩૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૮ પાના નં. ૯	૧૦૦	રાજ્યના મહાનગરોમાં વાયુપ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ (શૈલેષ પરમાર, દિનેશભાઈ ઠાકોર)
૧૪	---"---	૧૦૦	સાબરમતી નદીમાં છોડાતા કેમિકલયુક્ત દૂષિત પાણી અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
*૧૫	---"---	૧૦૦	જેતપુર સાડી ઉદ્યોગોના ઝેરી કેમિકલયુક્ત પાણીને જળાશયોમાં છોડવામાં આવે છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
૧૬	---"---	૧૦૦	નદી પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (હેમંતભાઈ આહીર, ચૈતરભાઈ વસાવા, ઉમેશભાઈ મકવાણા)
૧૭	---"---	૧૦૦	નદીઓમાં કેમિકલયુક્ત પાણી ઠાલવતા પકડાયેલા ટેન્કરોને રાજ્યસાત કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૮	---"---	૧૦૦	ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાં થતી નાણાકીય ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી (ઇમરાન ખેડાવાલા)
૧૯	---"---	૧૦૦	જૂનાગઢની ઉબેણ નદીમાં ઔદ્યોગિક કેમિકલયુક્ત પાણી છોડવાથી ફેલાતા જળપ્રદૂષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
માહિતી અને પ્રસારણ વિભાગ **માગણી નં. ૫૪**				
૨૦	૨૨૨૦–માહિતી અને પ્રચાર ૦૧–ચલચિત્રો ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧,૦૫,૭૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૪ પાના નં. ૧૮ થી ૨૦	૧૦૦	માહિતી વિભાગ દ્વારા વિકાસ સપ્તાહ અંતર્ગત થયેલ ખર્ચની વિભાગવાર વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૨૧	---"---	૧૦૦	સરકારી જાહેરાતો પાછળ થતા ખર્ચ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
*૨૨	---"---	૧૦૦	માહિતી નિયામકકચેરી દ્વારા છાપકામ પાછળ થતા બિનજરૂરી ખર્ચને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઈ આહીર
વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ **માગણી નં. ૮૯**				

૨૩	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય રૂ. ૧,૩૯,૭૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૩ પાના નં. ૧૦ અને ૧૧	૧૦૦	ગુજરાત ડિજિટલ પોર્ટલને વેગવંતુ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
*૨૪	૨૦૫૨–સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય રૂ. ૧,૩૯,૭૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૨૩ પાના નં. ૧૦ અને ૧૧	૧૦૦	સ્ટાર્ટઅપ ઇનોવેશન હબ અને ટેકનોલોજી પાર્ક હેઠળ સર્જાયેલ રોજગારીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
*૨૫	---"---	૧૦૦	રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પાછળ થયેલ ખર્ચ તેમજ સરકારીઅને ખાનગી સંશોધન પ્રોજેક્ટ્સ માટે આપેલી સહાયની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.કિરીટકુમાર પટેલ
૨૬	---"---	૧૦૦	અમદાવાદ સાયન્સ સીટીમાં આકર્ષણોની પ્રવેશ ટિકીટોનો દરઆમ જનતાને પોષાય તેવો રાખવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૨૭	---"---	૧૦૦	સરકારી વેબસાઈટ પર દર્શાવેલ સરકારી કચેરીઓના કાર્યરત ન હોય તેવા ટેલિફોન નંબરો સુધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
૨૮	---"---	૧૦૦	સરકારી વેબસાઈટને નિયમિત રીતે અપડેટ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૯	---"---	૧૦૦	સરકારના વહીવટમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ (AI)ના ઉપયોગની અધિકારીઓને તાલીમ આપી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
ક્લાઈમેટ ચેન્જ વિભાગ **માગણી નં. ૧૦૭**				
૩૦	૩૪૫૧–સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય રૂ. ૨,૪૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૮ પાના નં. ૧૦	૧૦૦	સ્ટેટ એક્શન પ્લાન ફોર ક્લાઈમેટ ચેન્જની વિગતો સમયસર જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
૩૧	---"---	૧૦૦	ક્લાઇમેટ ચેન્જ અંગે વિભાગની નબળી કામગીરી સુધારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઈ ચુડાસમા (કાન્તીભાઈ ખરાડી)

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ તથા કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા હાથ ધરવામાં આવશે.

ડૉ. તુષાર અ. ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી ક્રમાંક–૨૬ અને ૨૭ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યંત દુ:ખ સાથે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના બેડી ગ્રુપ ગ્રામ પંચાયતના બારા ગામના માન ફળિયામાં લગભગ ૧૦૦ જેટલાં કુટુંબો વસવાટ કરે છે અને

તેમની અંદાજિત વસતી ૫૦૦ કરતાં વધારે છે. આઝાદીનાં ૭૫ વર્ષ પછી તે માન ફળિયા જતા રસ્તે હજુ સુધી પાકી સડકનું નિર્માણ થયું નથી.

માનનીય સભાપતિશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, તેનું કારણ એ છે કે તે લોકો જંગલમાં રહે છે. ત્યાં જવા માટે પણ જંગલમાંથી જ પસાર થવું પડે છે. માન ફળિયામાં ૫૦૦ જેટલાં લોકો રહેતાં હોવા છતાં ત્યાં કોઈ આંગણવાડી, વર્ગશાળા કે પ્રાથમિક શાળા નથી. તે લોકોને ત્યાં વીજળી પણ પહોંચી નથી. રસ્તાના અભાવે તે લોકોએ કોઈ તબીબી સારવાર માટે ઇમરજન્સીમાં જવું હોય તો ઝોળી કરીને લઈ જવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ કડક નિયમોના કારણે આવા લોકો રસ્તા અને અન્ય સુવિધાથી વંચિત રહેતા હોય ત્યારે નિયમોમાં ફેરફાર કરીને પણ માનવતાના ધોરણે પ્રાથમિક સુવિધા મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે. આ વાત મારે એટલા માટે કરવી પડે છે, કારણ કે મારી જ વિધાનસભામાં લગભગ ૧૧ જેટલાં રસ્તાઓ મંજૂર થયા હતા, તેના જોબ નંબર પણ આવી ગયા હતાં, જેની અંદાજિત કિંમત રૂ.૧૦ કરોડ હતી. તે મંજૂર થયેલ રસ્તાઓમાં લગભગ ૨૬.૯૧ હેક્ટર જંગલની જમીન સંપાદિત કરવામાં આવે તો જ આ રસ્તા બનાવવા શક્ય હતા. તે વખતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કલેક્ટરશ્રીને વિનંતી કરવામાં આવી ત્યારે કલેક્ટરશ્રીએ પોશીના તાલુકાના કાળાખેતરા ગામમાં ૨૬ હેક્ટર જમીન આપવાનું ઠરાવવામાં આવ્યું પણ જમીનની બજાર કિંમત રૂ.૧,૨૬૦ નક્કી કરવામાં આવી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા પ્રતિ ચો.મી.રૂ.૧,૨૬૦ લેખે રૂ.૩૩ કરોડ ૯૧ લાખ ૫૬ હજાર ૭૨૦ રકમ ચૂકવવાની થાય. જ્યારે રસ્તાની કુલ કિંમત રૂ.૧૦ કરોડ થાય છે તેની સામે માર્ગ અને મકાન વિભાગને રૂ.૩૩ કરોડ ચૂકવવાના થાય તો તે ચૂકવી શકે તેમ નથી. ત્યારે મારો પ્રશ્ન એ થાય છે કે એ જ જમીન સંપાદન અધિકારી, એ જ કલેક્ટર કચેરી જ્યારે વન વિભાગની જમીન તબદીલ કરવાની હોય તો બજારકિંમત પ્રમાણે રૂ.૧૨૬૦ ભાવ નક્કી કરતી હોય તો અને એ જ પોશીના તાલુકામાં તારંગા હિલ–અંબાજી–આબુ રેલવે લાઇન પ્રોજેક્ટ પસાર થતો હોય એની જમીન પોશીના તાલુકાના ગામો આંબા મહુડા, ગંત્રાલ, લાખીયા, ચંદ્રાણા, પેટાછાપરા, સોનગઢ વિગેરે ગામોમાંથી રેલવે માટે સંપાદિત કરવામાં આવી. આ જમીન માટે પ્રતિ ચોરસ મીટર રૂ.૩૧ થી ૪૫નું ચૂકવણું કરવામાં આવ્યું. એનો મતલબ કે આદિવાસીઓને રસ્તા બનાવવા માટે વન વિભાગમાંથી જમીન જોઈતી હોય તો એનો ભાવ રૂ.૧૨૬૦ પણ આદિવાસીઓની જમીન કોઈ બીજા વિભાગને જોઈતી હોય તો એનો ભાવ રૂ.૩૧થી ૪૫. આ તે કેવો અન્યાય? મારી તો માગણી છે કે બજારકિંમત રૂ.૧૨૬૦ હોય તો રેલવે માટે જમીન સંપાદિત થઈ હોય તો એને પણ રૂ.૧૨૬૦ પ્રમાણેનું વળતર મળવું જોઈએ. કારણ કે, જમીન સંપાદન અને કલેક્ટર કચેરી એક જ છે અને એ જ ભાવ નક્કી કરતી હોય તો આવી વિસંગતતા ના હોવી જોઈએ એવી મારી વિનંતી છે. આ માત્ર મારી વિધાનસભાનો પ્રશ્ન નથી પણ ઉમરગામથી અંબાજીના સમગ્ર વિસ્તારમાં જંગલની જમીન તબદીલ ન થવાના કારણે ઘણા બધા વિસ્તારો એવા છે કે જ્યાં આજ સુધી આપણે રસ્તાની સુવિધા પૂરી પાડી શક્યા નથી. એ માટે ચોકકસ નિયમો બનાવીને આ પ્રક્રિયા સરળ બનાવવામાં આવે. કારણ કે, હવે પ્રશ્ન એ આવશે કે આ અગિયાર રસ્તા માટે રૂ.૧૦ કરોડ મંજૂર કરેલ છે. આ પ્રક્રિયાને આજે પાંચ વર્ષ પૂર્ણ થઇ જશે. એટલે પાંચ વર્ષ પછી એનું ટેન્ડર કરવામાં આવશે તો કિંમતનો પ્રશ્ન આવશે અને રૂ.૧૦ કરોડની જગ્યાએ કદાચ એની કોસ્ટિંગ રૂ.૧૭ કરોડ કે રૂ.૨૦ કરોડ પણ થઇ જાય. માર્ગ અને મકાન વિભાગ ફરીથી સરકારમાં આવીને ભાવવધારો માંગશે. એમાં પાછા બીજા બે–ત્રણ વર્ષ નીકળી જશે. એટલે પંદર વર્ષનો આ પ્રક્રિયામાં વિલંબ થતો હોય એના કારણે આજે વિકાસ રૂંધાઇ ગયો હોય એવું દેખાઇ રહ્યું છે. આ માટે માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે એવી હું વિનંતી કરું છું. એ જ રીતે, ગઇકાલે જ મને ફરિયાદ મળી છે એ અંગે હું માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. ગામ. વડનગર, તા.કોડીનાર, જિ.ગીર–સોમનાથના રહેવાસીઓ ખેતી અને પશુપાલન પર જીવે છે. એની બાજુમાં જ સિમેન્ટ ફેક્ટરી આવેલ છે. આ ફેક્ટરીમાંથી ધૂળ, ધુમાડો અને રાસાયણિક વાયુઓ છોડવામાં આવે છે. જેના કારણે ત્યાનું પાણી લાલાશ પડતું અને દુર્ગંધવાળું થઇ ગયું છે. ખેત ઉત્પાદનમાં ભારે ઘટાડો થઇ ગયો છે. અવારનવાર ફરિયાદો કરવા છતાં કોઇ કાર્યવાહી થઇ નથી. નાળિયેરીના ઝાડ પર એક ઇંચનું થર બાઝી જાય એટલી હદે ધુમાડાનું પ્રદૂષણ ફેલાઇ રહ્યું છે. લોકોના આરોગ્ય પર ખૂબ મોટું જોખમ ઊભું થયું છે. માનનીય મંત્રીશ્રી આ બાબતમાં વડનગર ગામના લોકોને તાત્કાલિક ન્યાય અપાવે એવી મારી વિનંતી છે અને જે આજે બધી ચર્ચાઓ થઇ એ પછી પાડલીયા હોય કે મારા પોશીના તાલુકાનું કાળાખેતરા હોય. વન વિભાગ હંમેશા જંગલમાં જમીન ખેડતા આદિવાસીઓ પ્રત્યે ઓરમાયું જ વર્તન રાખે છે. એ લોકોએ દુશ્મન હોય એ રીતનો જ વ્યવહાર કર્યો છે. ઘણા બધા આદિવાસીઓ જંગલની જમીનમાં માત્ર વરસાદી ખેતી કરતાં હોય છે. ત્રણ મહિના જંગલમાં રહીને ખેતી કરીને પાક લે છે. આ સિવાયના સમયગાળામાં એ લોકો ત્યાં જતા નથી. ચોમાસા સિવાયના સમયમાં સેટેલાઇટ સરવે કરે તો ખેતી દેખાતી જ નથી. જેના કારણે વન વિભાગ કહે છે કે સરવે રિપોર્ટમાં એવું આવ્યું છે કે, અહીંયા ખેતી થતી નથી. તમે શા માટે અહીંયા ખેડો છો? એમ કરીને ખાડા ખોદીને ઊભો પાક નાશ કરી જાય છે. આવી ઘટનાઓ વારંવાર થાય છે. એના કારણે જ આદિવાસીઓ સાથે વન વિભાગનું ઘર્ષણ થાય છે તો વન વિભાગને પણ આપશ્રી સૂચના આપો કે માનવતાપૂર્ણ અભિગમ રાખવામાં આવે. આદિવાસીઓ પર્યાવરણને નુકસાન કરતાં નથી. આદિવાસીઓ તો હંમેશા જંગલની જમીનની જાળવણી કરે છે અને અનાદિકાળથી રહેતા લોકો છે તો એમની સાથે માનવતાપૂર્ણ વ્યવહાર થવો જોઇએ એવી હું માગણી કરું છું. આ બાબતોમાં માનનીય મંત્રીશ્રી હકારાત્મક અભિગમ દાખવીને નિર્ણય લે એવી મારી વિનંતી છે. આભાર.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર (સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા સાહેબ માગણી નંબર–૧૦૭ જે ક્લાઇમેટ ચેન્જ વિભાગની લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ/ગ્લોબલ વોર્મિંગ આપણા રાજ્ય કે દેશનો પ્રશ્ન નથી પરંતુ આ વૈશ્વિક સમસ્યા છે. હું એટલું જ કહીશ કે ''જ્યાં વૃક્ષની ડાળીએ ઈશ્વરનો વાસ છે, જ્યાં નદીઓના નીરમાં સંસ્કૃતિનો વાસ છે તે પ્રકૃતિના ચરણોમાં જ આપણો સાચો વિકાસ છે.'' માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કલાઇમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યાઓનું નિવારણ કરવા કટિબદ્ધ છે. આગામી વર્ષની અંદાજપત્રીય જોગવાઇઓ ગુજરાત રાજ્યના કલાઇમેટ ચેન્જ પરત્વેના સંવેદનશીલ અભિગમને વધુ એક કદમ આગળ ધપાવશે તેવો મને વિશ્વાસ છે. આપણા દેશના સન્માનનીય પ્રધાનમંત્રીશ્રી અને વૈશ્વિક નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હતા એ સમયે એમણે વિઝન અને મિશન સાથે વર્ષ ૨૦૦૯માં કલાઇમેટ ચેન્જ માટે એક અલાયદા વિભાગની સ્થાપના કરી. ગુજરાતને માત્ર ભારત દેશમાં જ નહીં પણ પૂરા એશિયા ખંડમાં કલાઇમેટ ચેન્જ વિભાગ સ્થાપનારની સિદ્ધિ અપાવવાનું કામ દેશના પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું હતું. આજના સમયમાં જ્યારે આબોહવા પરિવર્તન એટલે કે ગ્લોબલ વોર્મિંગ સમગ્ર માનવજાત માટે એક વિકરાળ પડકાર સમાન છે ત્યારે આપણે ગુજરાતમાં પ્રકૃતિ અને પ્રગતિ વચ્ચે સુમેળ સાધતો એક અનોખો અને અત્યંત પ્રેરણાદાયક માર્ગ અપનાવ્યો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસિત ભારતના સ્વપ્ન તેમજ પર્યાવરણને અનુકૂળ જીવનશૈલી માટેના મિશન લાઇફના વિઝનને આપણી ગુજરાતની ધરતી ઉપર સાકાર કરવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ છે. આ પૃથ્વી માત્ર માટી, પાણી અને પથ્થરનો ગોળો નથી. આ પૃથ્વી આપણા સૌનું એકમાત્ર સુંદર ઘર છે. આપણે વિકાસ શબ્દની પાછળ એવી તો આંધળી દોટ મૂકી છે કે વિનાશ ક્યારે પાછલા બારણેથી ઘરમાં ઘૂસી ગયો એની આપણને ખબર જ ના રહી. કલાઇમેટ ચેન્જ એટલે બીજું કઇ નહીં, આપણે જંગલો કાપ્યા, નદીઓ ડ્હોળી અને સ્વાર્થ ખાતર હવામાં ઝેર ઘોળ્યું. આ બધાના પરિણામે ઋતુઓમાં પરિવર્તન આવ્યું. ઋતુઓનું આખું ગણિત ખોરવાઇ ગયું. પહેલાં પ્રકૃતિ માત્ર ઇશારો કરતી હતી પણ હવે માણસની બેફામ લાલચ જોઇને પ્રકૃતિની ધીરજ ખૂટી ગઇ છે. આકાશમાંથી વરસતી અસહ્ય આગ અને ધરતી પરનો કાળઝાળ ઉકળાટ એ બીજું કશું નથી પણ ઘવાયેલી પ્રકૃતિનો મૂંગો ચિત્કાર છે. હમણાં ઓક્સફોર્ડ યુનિવર્સિટીનો એક અભ્યાસ અહેવાલ બહાર આવ્યો એમાં પૂરા માનવજાત માટે લાલબત્તી મૂકી છે. એ અહેવાલે સૌને ચોંકાવી દીધાં છે. અહેવાલમાં માનવજાત અને વિશ્વને ચેતવણી આપવામાં આવી છે કે, ગ્લોબલ વોર્મિંગનો ખતરો વધી રહ્યો છે. આવનારા સમયમાં લોકોના આરોગ્ય અને ખેતીપાકોને ઊંચા તાપમાનનો ખતરો પેદા થશે. વર્ષ ૨૦૫૦ સુધીમાં વિશ્વમાં ભયંકર ગરમી પડશે. આકાશમાંથી આગ વરસશે. ગણતરીના દાયકા દરમિયાન વિશ્વના અબજો લોકો આગ ઝરતી ગરમીમાં શેકાઇ શકે છે. આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જી–૨૦ સમિટનું આયોજન થયું એમાં સૂત્ર આપ્યું હતું કે ''વન અર્થ, વન ફેમિલી અને વન ફ્યુચર''. આપણે પૂરા વિશ્વને આપણો એક પરિવાર માનીએ છીએ. વિશ્વની ચિંતા કરીને વિશ્વ પર્યાવરણ દિવસ, તારીખ પમી જૂન ૨૦૨૫ના રોજ ગુજરાતે એક ઐતિહાસિક પગલું ભર્યું. ગુજરાત કલાઇમેટ એકશન ટ્રેકર ડેશબોર્ડનું માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલ સાહેબના હસ્તે લોન્ચિંગ થઇ છે. આ એક ઓપન એકસેસ વન સ્ટોપ પોર્ટલ છે જે ગુજરાતના બધા જિલ્લાઓ માટે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જન ઇન્વેન્ટરી અને આબોહવાની પરિવર્તનક્ષમતા અને આગળના તબક્કાઓમાં રોડમેપ જેવી મહત્ત્વની માહિતી એક જ જગ્યાએ ઉપલબ્ધ કરાવે એના માટેની આ એક વ્યવસ્થા છે. આ વચન નહીં પણ આમાં ડેટા આધારિત પ્રગતિ જાહેર રીતે જોઇ શકાય છે. કલાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા સૌથી પહેલાં આ વિકસિત કરવામાં આવી છે અને એમાં બોટમ–અપ આયોજનને શક્તિ આપે છે. નીતિ નિર્માતાઓ, વિભાગ, ઉદ્યોગો, રોકાણકારો અને સંશોધકો માટે ઉત્સર્જન ટ્રેન્ડર્સ મોનિટર કરવા તથા મિટિગેશન ઓપરેશન ટ્રેક કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ડેશબોર્ડના માધ્યમથી મિશનલાઇફ પંચામૃતની પ્રતિબદ્ધતાઓ તથા ભારતના નેટ ઝીરો લક્ષ્ય સાથે સંકળાઇને ગુજરાતના ૨૦૪૭ના નેટ ઝીરો વિઝન તરફથી યાત્રાને વધુ પારદર્શક, જવાબદાર અને પરિણામલક્ષી બનાવે છે. આપણા આબોહવા પરિવર્તનની સમસ્યા એક–બે દેશો પૂરતી સિમિત નથી. આખું વિશ્વ એની ઝપેટમાં આવી ગયું છે. જ્યારે દુનિયાના નકશા પર નજર કરીએ ત્યારે ધ્રુજારી છૂટી જાય એવા દ્રશ્યો આપણને જોવા મળે છે. એન્ટાર્કટિકા અને એટલાન્ટિકમાં સદીઓથી જામેલો બરફ હવે ધીરે ધીરે પીગળી રહ્યો છે જેના કારણે દરિયાની સપાટી એટલી ઊંચી આવી રહી છે કે આવનારા સમયમાં માલદીવ અને દરિયા કિનારાના વિશ્વના શહેરો છે એ કાયમ માટે ભવિષ્યમાં દરિયામાં ગરકાવ થઇ જવાનો ખતરો તોળાઇ રહ્યો છે. બીજી તરફ યુરોપના દેશોમાં ત્યાંના લોકોએ ક્યારેય એરકન્ડીશનર જોયા ન હતા ત્યાં આજે રેકોર્ડ બ્રેક હીટવેવ અને લૂ ના કારણે લોકોના જીવ જઇ રહ્યા છે. અમેરિકાના કેલિફોર્નિયાથી લઇને ઓસ્ટ્રેલિયાના ગાઢ જંગલોમાં લાગતી ભયંકર આગ લાખો અબોલ જીવો અને લીલાછમ વૃક્ષોને રાખમાં ફેરવી રહી છે. આફ્રિકાના દેશોમાં વરસાદના અભાવે ધરતી ફાટી રહી છે અને દુષ્કાળ પડ્યો છે, તો ક્યાંક કમોસમી વરસાદ બધું જ ખેદાન–મેદાન કરી રહ્યો છે. માણસે પ્રકૃતિના નિયમો સાથે જે છેડછાડ કરી છે તેનું અત્યંત કડવું પરિણામ આજે આખી દુનિયા આંખમાં આંસુ સાથે ભોગવી રહી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના દૂરદર્શી અને સંવેદનશીલ નેતૃત્વમાં ગુજરાતે માત્ર ઔદ્યોગિક પ્રગતિ જ નથી કરી પરંતુ પર્યાવરણના જતનને કેન્દ્રમાં રાખીને સર્વસમાવેશીય

વિકાસ inclusive growth નું એક ઉત્તમ મોડેલ દેશ સમક્ષ મૂક્યું છે. અમારી સરકાર માટે પર્યાવરણની સુરક્ષા એ કાગળ પરની કોઇ ઔપચારિકતા નથી. પરંતુ તે અમારા શાસનની મૂળભૂત પ્રાથમિકતા છે. વર્ષ ૨૦૧૬થી રાજ્ય સરકારે બજેટમાં ગ્રીન બજેટની ઐતિહાસિક શરૂઆત કરી દીધી છે. આ દિશામાં આગળ વધતા વર્ષ ૨૦૨૬–૨૭માં રાજ્યનો કુલ ગ્રીન બજેટ ફાળો રૂપિયા ૧૫,૦૫૬.૫૮ કરોડ જેટલો માતબર નક્કી કરવામાં આવ્યો છે. જેમાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ માટે રૂપિયા ૪૨૯ કરોડની વિશેષ જોગવાઇ છે. આ રકમ એ માત્ર આંકડાઓની રમત નથી. પરંતુ તે પૃથ્વીના રક્ષણ અને આવનારી પેઢીઓ માટે અમારો દ્રઢ સંકલ્પ છે. આ ભવિષ્યલક્ષી અંદાજપત્રમાં આપણા સૂર્યનારાયણ છે એમની પૂજા એ ઊર્જા સ્વાવલંબન તરફની દોટ છે. વિકાસ ખરા અર્થમાં ત્યારે જ સર્વસમાવેશી બને જ્યારે સરકારી તિજોરીમાંથી ખર્ચાતો પ્રત્યેક રૂપિયો પ્રજાના લાંબાગાળાના હિતમાં વપરાતો હોય. રાજ્ય સરકારે સરકારી અને અર્ધસરકારી કચેરીઓ અને રહેણાંક મકાનો ઉપર સોલાર સિસ્ટમ લગાવવા રૂપિયા ૨૭૮ કરોડની જોગવાઇ કરી છે. આ યોજના પાછળ અર્થશાસ્ત્ર અને પર્યાવરણ શાસ્ત્રનો અદભુત સમન્વય છે. આ યોજનામાં ખર્ચાયેલ પ્રત્યેક એક રૂપિયોમાંથી દર વર્ષે ૧૫ પૈસાની બચત થશે. સાથો સાથ પર્યાવરણની દ્રષ્ટિએ જોઇએ તો ઉત્પન્ન થતા પ્રત્યેક યુનિટ પર ૦.૭ કિલોગ્રામ કાર્બનડાયોકસાઇડનું ઉત્સર્જન ઘટશે. પરિણામે રાજ્યમાં વાર્ષિક એક લાખ ટન જેટલો કાર્બન ઉત્સર્જનનો જંગી ઘટાડો થશે. તદુપરાંત રૂપિયા ૨૭૮ કરોડના ખર્ચ સામે સરકારને દર વર્ષે વીજ બિલમાં રૂપિયા ૪૦ કરોડની સીધી બચત થશે. આ બચેલ નાણાં છેવાડાના માણસના શિક્ષણ, આરોગ્ય કલ્યાણકારી યોજનાઓ પાછળ, 'એક પેડ મોં કે નામ' માં વપરાશે. આધુનિક ટેકનોલોજી અને પારદર્શિતાનો સમન્વય કરીને કોઇ પણ યોજના ૧૦૦ ટકા ત્યારે જ સફળ થાય જ્યારે તેની સચોટ દેખરેખ રખાતી હોય. સરકારી ઇમારતો પર લાગેલી સોલાર સિસ્ટમ માટે ઇન્ટરનેટ ઓફ થીંક આધારિત અત્યાધુનિક મોનિટરિંગ સિસ્ટમ ઊભી કરવા માટે સરકારે રૂપિયા ૩.૫ કરોડ ફાળવ્યા છે. સરકાર માત્ર પેનલો લગાવીને સંતોષ નહીં માને પણ રીઅલ ટાઇમ મોનિટરિંગ દ્વારા પેનલોની સતત દેખરેખ રખાશે. કોઇપણ ખામી તરત જ પકડી શકાશે જેથી બંધ રહેવાનો સમય નોંધપાત્ર રીતે ઘટશે. અગમચેતીના જાળવણી રૂપે આ કાર્યક્ષમતા વધશે અને ખર્ચ ઘટશે અને ઊર્જાનો મહત્તમ ઉપયોગ થશે. યુવાશક્તિ થકી હરિયાળી ક્રાંતિનો શંખનાદ આપણે કર્યો છે. રાજ્યનું ઉજ્જ્વળ ભવિષ્ય આપણા યુવાનોના હાથમાં છે. એમને રોજગારીની સાથે નવસર્જનની તકો પણ મળવી જ જોઇએ. ગુજરાતને ગ્રીન એન્ટરપ્રિનિયોરશીપ હરિયાળી ઉદ્યોગ સાહસિકતાનું હબ બનાવવા સરકારે ગ્રીન સ્ટાર્ટઅપ એક્સલન્સ સ્કીમ માટે રૂપિયા ૫ કરોડની જોગવાઇ કરી છે. સાથોસાથ મિશન લાઇફ હેઠળ ક્લાઇમેટ ચેન્જ મોડ્યુલો બનાવવાની યોજના માટે રૂપિયા ૯.૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આનાથી યુવાનોને આબોહવા અનુકૂલ અને સમજના નવા ઉકેલોના પ્રોત્સાહન માટે માળખાગત સપોર્ટ મળશે. વિશ્વકક્ષાના ગ્રીન ટેકનોલોજીના ઉદ્યોગો વિકસશે જેનાથી રાજ્યમાં ગ્રીન જોબ્સ વધશે અને ગુજરાત અગ્રેસર બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના વિકસિત ગુજરાત ૨૦૪૭ના નેટ ઝીરો ૨૦૭૦ના લક્ષ્યાંકો સિદ્ધ કરવા સીમાચિન્હરૂપ ભાગ ભજવશે. ''નવી પેઢીના હાથમાં નવસર્જનનો જામ છે. ક્લાઇમેટ ક્રાંતિ લાવીએ એ જ મુકામ છે.'' સંવેદનાનો સ્પર્શ, ઇલેક્ટ્રિક સ્મશાનગૃહો, પર્યાવરણનું જતન અને સરકારનો સર્વ સમાવેશી અભિગમ સિદ્ધ થાય છે. માનવીની અંતિમયાત્રા જેવા સંવેદશનશીલ વિષયને પણ પર્યાવરણ સાથે જોડવામાં આવ્યો છે. ઇલેક્ટ્રિક સ્મશાનગૃહો, સોલાર રૂફ ટોપ લગાવવા રૂ.૬ કરોડ ફાળવવામાં આવ્યાં છે. રાજ્યમાં સ્મશાનગૃહમાં સુધારેલી સ્મશાન ભઠ્ઠી બેસાડવાની સહાય યોજનામાં રૂ.૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ દૂરોગામી પગલાથી પરંપરાગત ઊર્જા પરની નિર્ભરતા ઘટશે, સંચાલન ખર્ચ ઘટશે અને આ સેવાઓ પર્યાવરણને અનુકૂળ બનશે. સૌથી અગત્યની વાત આનાથી લાકડાની બચત થશે. વૃક્ષો કપાતા અટકશે. કાર્બન ટ્રેડમાં પણ ખૂબ મોટો ઘટાડો થશે. બાયોગેસ પ્લાન્ટ ગામ, શહેર બંનેને બહુવિધ લાભો આપે છે. સાથે સાથે ક્લાઇમેન્ટ ચેન્જ માટે આ બાયોગેસ પ્લાન્ટ ઉપયોગી છે. બાયોગેસ પ્લાન્ટ સ્વચ્છતા, ઊર્જા સુરક્ષા, કૃષિ સમૃદ્ધિ અને પર્યાવરણ સંરક્ષણ ચારેય મોર્ચે એક સાથે લાભકારક સાબિત થયો છે. સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે ફી સહાય અંતગર્ત ગૌ શાળા, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓ, ચેરિટેબલ ધાર્મિક ટ્રસ્ટો, પોર્ટરી ઉદ્યોગો વગેરેને અત્યાર સુધીમાં ૪૨,૧૬૦ ઘન મિટર પ્રતિ દિવસ ક્ષમતાના કુલ ૬૧૭ પ્લાન્ટ સ્થાપવા માટે કુલ રૂ.૬૫.૮૧ કરોડની સબસિડી સહાય ચૂકવવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં સંસ્થાકીય બાયોગેસ પ્લાન્ટ માટે સબસિડી સહાય યોજનામાં રૂ.૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આવતીકાલના નાગરિકનું ઘડતર મિશન લાઇફના સંસ્કાર આપણે માત્ર કાયદાઓ બનાવીને આબોહવા પરિવર્તન સામે જીતી શકીએ નહીં. તે માટે જનભાગીદારી અને ખાસ કરીને બાળકોના કુમળા માનસપટલ પર પર્યાવરણ પ્રેમનું સિંચન થવું જોઇએ એને માટે મિશન લાઇફ હેઠળ કલાઇમેન્ટ ચેઇન્જ મોડ્યુલ માટે સરકારે રૂ.૯.૩ કરોડની વિશેષ જોગવાઇ કરી છે. અંતમાં હું એટલું જ કહી કે વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર માત્ર નાણાકીય ફાળવણીનો દસ્તાવેજ નથી. પરંતુ આવનારી સદીઓ માટે ગુજરાતના અસ્તિત્વને સુરક્ષિત રાખતો એક ટ્રેઇન મેનીફિસ્ટો છે. માનનીય વડાપ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું વિઝન એકદમ સ્પષ્ટ છે કે વિકાસની ગતિ ક્યારેય અટકવી ના જોઇએ. પરંતુ તે વિકાસ ક્યારેય પ્રકૃતિના ભોગે ના હોવો જોઇએ. આ બજેટનો સર્વસમાવેશી માત્ર સમાજને જ નહીં, પરંતુ જીવન સૃષ્ટિને પણ પોતાના વિકાસના વર્તળમાં સમાવે છે. યુવાનોમાં નવસર્જનથી લઇને સૌર ઊર્જાથી નાણાની બચત, પારદર્શક વહીવટ, સ્મશાનગૃહોમાં વૃક્ષોનું જતન અને બાળકોના શિક્ષણ દ્વારા ભવિષ્યનું નિર્માણ આ તમામ પાસાઓ સાબિત કરે છે કે ક્લાઇમેન્ટ ચેઇન્જ વિભાગ એક બહુ આયામી અને સર્વાંગી અભિગમ સાથે

કાર્યરત છે. સમગ્ર દેશમાં પરંપરાગત ઊર્જા સ્વરૂપે વાહનવ્યવહાર વિભાગ તેમજ ઊર્જાની પ્રાપ્તિ કરવામાં આવે છે જેના કારણે વાતાવરણમાં ગ્રીનહાઉસ વાયુની માત્રામાં ખૂબ જ વધારો થયો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ભારતના વર્ષ ૨૦૭૦ સુધીમાં ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને નેટ ઝીરો શૂન્ય કરવાનું વચન પૂરા વિશ્વને આપેલું છે. ઉક્ત બાબતને અનુસરીને ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન નેટ ઝીરો કરવા માટે આપણે વ્યવસ્થા કરી છે. ગુજરાત સરકાર આ બજેટ થકી વિશ્વને એક સ્પષ્ટ સંદેશ આપવા માગે છે કે જ્યારે આર્થિક નીતિઓ સાથે શુદ્ધ નૈતિકતા અને પર્યાવરણીય સંવેદનશીલતા ભળે છે ત્યારે વિકસિત ભારતનું સપનું સાચા અર્થમાં શાશ્વત અને હરિયાળું બને છે. આબોહવા પરિવર્તન સામેના આ મહાયજ્ઞમાં ગુજરાત અગ્રેસર રહીને સ્વચ્છ અને સમૃદ્ધ આવતીકાલ તરફ કદમ માંડી રહ્યું છે. મારી આ ગૃહના તમામ મિત્રોને વિનંતી છે કે સર્વાનુમતે આ માગણીને સમર્થન કરે અને એટલું જ કહીશ કે ''આભે ભલે ઊડે અવનવાં વિકાસના વિમાન પણ ભૂમિ ઉપર અકબંધ રહે સદા પ્રકૃતિનું સન્માન '' નમસ્કાર સાહેબ.

સભાપતિશ્રી : વિધાનસભા ગૃહમાં પક્ષ અને વિપક્ષની હાજરી ઓછી છે. બંને પક્ષના દંડકશ્રીઓને પોતાના સભ્યોને ગૃહમાં હાજર રાખવા માટે વિનંતી કરું છું. માનનીય કુંવરજીભાઇ હળપતિ.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ (માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં તેમાં હું મારું સમર્થન રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું વિઝન લિડરશીપ હોવાના કારણે આપણા દેશમાં અને ગુજરાતમાં ૨૦ વર્ષ પહેલાં ગ્લોબલ વોર્મિંગનો જે ખતરો ઊભો થવાનો છે તેને સમજીને આપણા દેશના વડાપ્રધાન આગળ વધી રહ્યા હતા. ગ્લોબલ વોર્મિંગ માટે પર્યાવરણ ક્રાંતિના પ્રણેતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ વર્ષ–૨૦૦૯માં એશિયાના પ્રથમ અલગ ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ સ્થાપીને તેમણે એક નવો માર્ગ અને નવો રસ્તો ચીંધ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું આ ગૃહને જણાવવા માગું છું કે, સમુદ્રના કિનારે શ્રી નરેન્દ્રભાઇ મોદીને મેં પર્યાવરણને શુદ્ધીકરણ કરવા માટે મેં પ્લાસ્ટિકનો થેલો લઇને પ્લાસ્ટિકની બોટલ વીણતા પણ જોયા છે. અને જેના કારણે શ્રી નરેન્દ્રભાઇએ ગ્લોબલ વોર્મિંગની અંદર તેમણે જે પગલાં લીધાં છે તે ખૂબ સરાહનીય પગલાં છે. દરિયાકિનારાનો એ કિનારો હોય એ દરિયાકિનારા ઉપર ચેરના વાવેતર કરીને દરિયાના જે મોજાઓ છે તેનાથી રક્ષણ કરવા માટે, જમીનનું ધોવાણ અટકાવવા માટે એમણે પહેલેથી પગલાં લીધાં છે. આપના માધ્યમ દ્વારા હું કહેવા માગું છું કે, કે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ 'એક પેડ માં કે નામ' લઇને ફકત ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર દેશમાં વૃક્ષોનું એમણે વાવેતર કરાવ્યું છે. લાખો વૃક્ષોના વાવેતર કર્યા છે અને સાચા અર્થમાં હું તમને કહેવા માગું છું કે, આપણે દેશના વડાપ્રધાન પાસેથી કંઇક શીખવું જોઇએ અને ખરેખર દેશના વડાપ્રધાન પાસેથી માતૃપ્રેમ જો શીખવો હોય તો તે દેશના વડાપ્રધાન પાસેથી શીખવો જોઇએ, ધરતીપ્રેમ જો શીખવો હોય તો પણ દેશના વડાપ્રધાન પાસેથી શીખવો જોઇએ. પોતાના માં હીરાબા પ્રત્યેની જે લાગણી હતી અને તેના કારણે 'એક વૃક્ષ માં કે નામ' લઇને આપણે સમગ્ર ગુજરાતમાં અને હિન્દુસ્તાનમાં તે વાવેતર લઇને આવ્યા અને તેના કારણે આજે આપણે ત્યાં વૃક્ષોનું જતન સારી રીતે થઇ રહ્યું છે. વૃક્ષો આપણે વાવી શકીએ છીએ. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે આપણે ત્યાં વર્ષ–૨૦૦૪માં એક પુનિત વનની સ્થાપના કરી અને આજે આપણે જોવા જઇએ તો ૨૩ જેટલા વન એ સ્થાપિત કર્યા છે અને તેના કારણે આપણું પર્યાવરણ સુધરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા હું મારા દક્ષિણના વિસ્તારની વાત કરું તો મારે ત્યાં નવસારી જિલ્લામાં વાંસદાની અંદર 'જાનકી વન' આવ્યું છે, અનેક જિલ્લાના લોકો ત્યાં તે વન નિહાળવા માટે પણ આવી રહ્યા છે. એવી જ રીતે બીજી વાત કરું તો વર્ષ–૨૦૨૩માં તેમણે હરિત વનની સ્થાપના કરી હતી. હરસિદ્ધિ વનની દ્વારકાની અંદર તેમણે સ્થાપના કરી છે. ઔષધિય ક્ષેત્રે આપણે જોવા જઇએ તો જંગલોની અંદર આપણાં જે નક્ષત્ર છે તે મુજબના વૃક્ષોનું તેમણે વાવેતર કર્યું છે એ પણ આપણા માટે સરાહનીય કામગીરી છે. જંગલોમાં અમારા ખાસ કરીને આદિવાસી જે લોકો વસાહત કરે છે તે લોકોના ઉત્થાનને માટે નવી નવી યોજનાઓ જંગલ વિસ્તારોની અંદર આવી રહી છે. આજે જંગલોની અંદર આપણે જોવા જઇએ તો જંગલ વિસ્તારોમાં વસતા લોકો વન સમિતિની રચના કરવામાં આવે. વન સમિતિને કારણે એ પગભર બની શકે છે અને સારી રીતે પોતાનું જીવનનિર્વાહ કરી શકે. જંગલોમાંથી વિવિધ પ્રકારના ઔષધો લાવીને તે પોતાની રોજગારી ઊભી કરી શકે એવા પ્રકારની આ વન સમિતિની અંદર રચના કરવામાં આવી છે. ખાસ કરીને અમારા વન વિભાગ દ્વારા જે જંગલ વિસ્તારોની અંદર વસતા લોકો છે તે જંગલ વિસ્તારના લોકોને માટે એફ.આર.એ.ની જમીનની અમારા નરેશભાઇએ સગવડ કરી આપી અને તેના કારણે અમારો આદિવાસી ખેડૂત તે નાનો હોય કે શ્રીમંત ખેડૂત હોય કે મોટો ખેડૂત હોય પણ તેને એફ.આર.એ.ની જમીન આપવામાં આવે અને તેના કારણે તે પોતે તે જમીનની અંદર બોર કરી શકે, સોલર સિસ્ટમથી પાણી બહાર લાવી શકે, ખેતી સારી રીતે કરી શકે એવા પ્રકારની યોજનાઓ આ રાજયની સરકાર અને ભુપેન્દ્રભાઇ પટેલની સરકાર લાવી રહી છે.આજે દાહોદ જિલ્લાની વાત કરીએ તો ત્યાં વાઘનું રહેઠાણ છે તેના રક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે, છેલ્લી વસતિ ગણતરી મુજબ ગુજરાતમાં સિંહની સંખ્યા જોવા જઇએ તો અત્યારે ગણતરી થઇ એમાં ૮૯૧ જેટલા સિંહો ગુજરાતમાં નિવાસ કરે છે. બરડા અભયારણ્યને વિકસાવવાની કામગીરી તેજ બની છે. અમારા સુરત જિલ્લામાં માનવભક્ષી દીપડાઓ માટે રેસ્ક્યુ સેન્ટર બનાવવામાં આવ્યું છે તે પણ અમારા વનમંત્રીશ્રી અર્જુનભાઇ અને શ્રી પ્રવીણભાઇ માળી દ્વારા બનાવવામાં આવ્યું છે.

માનવભક્ષી દીપડા કે હિંસક પ્રાણીઓ જયારે મનુષ્ય ઉપર હુમલો કરે છે અને મનુષ્યનો જીવ જાય છે ત્યારે એવા સમયે ગુજરાતની સરકાર અમારા આદિવાસીઓની વ્હારે આવી છે. પહેલા એમને ચાર લાખ રૂપિયા વળતર આપતા હતા એની જગ્યાએ આજે રૂપિયા દસ લાખ સુધીનું વળતર કલાકોની અંદર આપી દેવામાં આવે એ કંઈ નાનીસૂની વાત નથી. ગુજરાત સરકાર દ્વારા સેટેલાઈટના માધ્યમથી જંગલોના લાકડાંની ચોરી પણ અટકાવી છે. અમારા આદિવાસી વિસ્તારોની અંદર અને ખાસ કરીને સુરત જિલ્લામાં અમારા મુકેશભાઈ જયારે વનમંત્રી હતા એ વખતે જંગલોમાંથી જે ઈમારતી લાકડું, ખેરનું લાકડું જે ચોરી જતા હતા એના માટે કડક કાર્યવાહી કરીને મહારાષ્ટ્રમાંથી જે ખેરનું લાકડું લઈ ગયા હતા એમાંથી ૨૫૦ જેટલી ટ્રક ભરીને ભરી પાછા ગુજરાતના મારા માંડવી ડેપોમાં લાવીને એને જમા કરવામાં આવ્યું છે અને લગભગ હું માનું છું ત્યાં સુધી રૂપિયા તેર કરોડથી વધુ રકમનો મુદ્દામાલ જપ્ત કરાવવામાં આવ્યો છે. છેલ્લી વસ્તીગણતરી મુજબ આપણા ગુજરાતની અંદર યાયાવર પક્ષીઓની સંખ્યા ૧૮ લાખથી ૨૦ લાખ જેટલી છે અને પ્રવાસે આવી રહ્યા છે અને ફરી પાછા પોતાના વતન તરફ પ્રયાસ કરે છે. અહીંયા અમારા સભ્યશ્રી વિજયભાઈ ડાંગના બેઠા છે એ ખૂબ ખડતલ દેખાય એનું કારણ એ છે કે ડાંગ ખડતલ પ્રદેશ છે. એના કારણે ખડતલપણું એમનામાં નજરે પડે છે. માત્ર શ્રી વિજયભાઈ જ નહીં પણ સમગ્ર ડાંગના આદિવાસીઓ ખડતલ છે. હું ત્યાંનો પ્રભારી રહી ચૂકયો છું. ત્યાં વિવિધ પ્રકારની વાનગીઓ બનાવવામાં આવે અને અમારા શ્રી વિજયભાઈ ડાંગની અંદર... શ્રી વિજયભાઈ, સાચી વાત કહેજો આજે ત્યાં આપણી પ્રાકૃતિક ખેતી કરવા તરફ આજે આપણે ડાંગના લોકો આગળ વધી રહ્યા છે અને એના કારણે આદિવાસીઓ જે વિસ્તારમાં વસાહત કરે છે એને પોતાના જીવનનિર્વાહ માટેનું સાધન મળી ગયું. પહેલા નાગલી, રાગી છે એને કોઈ ખરીદવા તૈયાર નહોતું પણ આજે એ નાગલીને માનનીય નરેન્દ્રભાઈ મોદીને કારણે સમગ્ર હિન્દુસ્તાનમાંજ નહીં પણ વિશ્વમાં નાગલીની બોલબાલા ચાલી રહી છે અને ડાંગની નાગલીએ વિશ્વના ખૂણેખૂણામાં અને હોટલોમાં આપણને જોવા મળે છે. ચાહે એ નાગલી રોટલાના રૂપમાં હોય કે બિસ્કિટના રૂપમાં હોય, વિવિધ ક્ષેત્રે નાગલીનો આપણને ઉપયોગ જોવા મળી રહ્યો છે અને એટલે જ ભગવત ગીતામાં ભગવાનશ્રી કૃષ્ણએ કહ્યું છે પ્રાણીઓમાં હું સિંહ છું અને વૃક્ષોમાં હું પીપળો છું, પીપળો ૨૪ કલાક આપણને ઓક્સિજન પૂરો પાડે છે અને એટલા માટે તેમાં ભગવાનનો વાસ હોય તેવું કહેવામાં આવે છે. પીપળો અંગારવાયુ લે છે અને આપણને પ્રાણવાયુ પૂરો પાડે છે, ઓક્સિજન પૂરો પાડે છે અને તેને કારણે આપણા જીવનમાં તેનું મહત્ત્વ વધી જાય છે. મારે તમને આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે જે વાત કરી છે એના વિશે મારે તમને થોડુંક કહેવું છે અને તેમાં મને એક ફિલ્મનો ડાયલોગ પણ યાદ આવે છે. ''**मंज़िलें अपनी जगह हैं, रास्ते अपनी जगह।**'. મંજિલ બતાવીને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબે પર્યાવરણનો આપણને જે રસ્તો બતાવ્યો છે અને તેને કારણે પર્યાવરણ મંજીલ બતાવીને વિકાસ અને પર્યાવરણ વચ્ચેનો જે સંવાદ છે એ વિખવાદ નથી, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ વૈશ્વિક ગ્રીન ગ્રોથના પ્રણેતાશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના મિશન લાઈફના મંત્રને કારણે ગુજરાતનો દરેક નાગરિક પર્યાવરણથી રક્ષિત બન્યો છે. આજે આપણે માનનીય ભુપેન્દ્રભાઈ પટેલના પણ કેટલાંક વાક્યો યાદ કરીએ અને માનનીય ભુપેન્દ્રભાઈ પટેલ જે રીતે વન અને પર્યાવરણ વિષયમાં આગળ વધી રહ્યા છે એના કારણે એમના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં વન અને વૃક્ષોનો આચ્છાદિત વિસ્તાર ૧૪.૭૫ ટકા જેટલો આગળ વધી ચૂક્યો છે. આંકડાઓ ગવાહી આપે છે કે આજે ગુજરાતમાં જંગલ વિસ્તારની બહાર પણ વૃક્ષોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. વિકાસ અને પ્રકૃતિના અદભૂત સમન્વય હેઠળ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દર વર્ષે ૧૦ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરીને રાજ્યને ઓક્સિજન હબ બનાવવામાં આવ્યું છે. શેરનીનો એક ડાયલોગ છે કે, **जंगल कितना भी बड़ा क्युं न हो, उसे एक इंसान की मोहब्बत बचा सकती है।** ગુજરાતના હરિયાળી સંકલ્પના પ્રહરી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની મહેનતથી આજે ગુજરાતના ૨૩ સાંસ્કૃતિક વનો મહેકી ઉઠ્યા છે. ગુજરાત પાસે ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો છે. આ દરિયાના સંરક્ષણ માટે ચેરના વૃક્ષોનું સુરક્ષા કવચ બન્યું છે. આપણી પાસે પશ્ચિમ બંગાળ પછી ૧૧૭૫ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા સૌથી વધુ ચેરના વૃક્ષો છે. આ ચેર દરિયાના ફેફસાંની જેમ વાવાઝોડા સામે ઢાલ બનીને ઊભો રહી આપણું બધાનું રક્ષણ કરે છે. એ જ પ્રમાણે ફિલ્મ દીવારનો પણ એક ડાયલોગ છે. **मेरे पास बैंक बेलेंस है, प्रोपर्टी है, गाड़ी-बंगला है।** પણ આજે ગુજરાતનો વન વિભાગ કહે છે કે અમારી પાસે ગમે તે હોય પણ જો શ્વાસ લેવા માટે શુદ્ધ હવા અને દરિયા સામે રક્ષણ આપતી ચેરની દિવાલ નહિ હોય તો એ બધું નકામું છે. આજે માનનીય મંત્રીશ્રી અર્જુનભાઈ મોઢવાડિયા અને માનનીય મંત્રીશ્રી પ્રવિણભાઈ માળી જે માગણી લઈને આવ્યા છે એમાં મારું સમર્થન જાહેર કરી મારી વાણીને વિરામ આપું છું.

શ્રી ભરતભાઈ કી. પટેલ (વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અર્જુનભાઈ સાહેબ કલાઈમેટ ચેન્જ વિભાગની માગણી ક્રમાંક –૧૦૭ લઈને આવ્યા છે એ બાબતે મારા વિચારો રજૂ કરું છું.

આજની સૌથી મોટી સમસ્યા કલાઈમેટ ચેન્જની છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કલાઈમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યા નિવારવા માટે કટિબદ્ધ છે. ત્યારે કલાઈમેટ ચેન્જના પડકારો આજની પેઢી માટે જ નહિ પરંતુ આવનારી પેઢી માટે પણ ખૂબ ગંભીર કહી શકાય. આજની સ્થિતિએ પૃથ્વીના

ત્રણ આવરણો છે. જલાવરણ, મૃદાવરણ અને વાતાવરણ આ ત્રણેય આવરણો એટલે પર્યાવરણ. પ્રાચીનકાળથી ભારત એક એવી ભૂમિ રહી છે જે પ્રકૃતિનો આદર કરે છે. તેને ફક્ત સંસાધન તરીકે જ નહિ પરંતુ એક દૈવી અસ્તિત્વ તરીકે માને છે. આપણા શાસ્ત્રો આપણને પર્યાવરણના સંરક્ષણનું મહત્ત્વ શીખવે છે. માનવતા અને પ્રકૃતિના સુમેળ પર ભાર મૂકે છે. અથર્વવેદમાં પણ કહેવાયું છે કે પૃથ્વી આપણી માતા છે અને આપણે એમના સંતાનો છીએ. પૃથ્વી પર કુદરત સાથે સૌથી વધારે ચેડાં કર્યાં હોય તો એ માનવજાતે કર્યાં છે. એના કારણે આજે કલાઇમેટ ચેન્જ થઇ રહ્યું છે અને એના કારણે દુનિયાની સજીવ સૃષ્ટિ સામે સૌથી મોટો ખતરો પેદા થયો છે. પૃથ્વીને નુકસાન કરવાનું કામ પણ માનવીમાં જે સૌથી વધુ બુદ્ધિશાળી અને વધારેમાં વધારે ટેકનૉલૉજીનો ઉપયોગ કરતાં હોય એ લોકોએ કર્યું છે. આજે સમગ્ર વિશ્વ જ્યારે ગ્લોબલ વૉર્મિંગનો સામનો કરી રહ્યું છે ત્યારે વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં સૌથી મોટો પ્રશ્ન હોય તો એ પર્યાવરણનો પ્રશ્ન છે. પર્યાવરણની રક્ષા કરવી એટલે વૃક્ષોમાં સતત વધારો કરવો, જંગલમાં સુધારો કરવો એની જવાબદારી માત્ર સરકારોની નથી પરંતુ આપણા સૌની સંયુક્ત જવાબદારી બની રહે છે. આવનારી પેઢી માટે આપણે સ્વચ્છ પાણી અને હવા આપી શકીએ તથા હરિયાળીને સમૃદ્ધ કરવાની જવાબદારી આપણા સૌની છે. માનનીય અધ્યક્ષશ્રી, આપની અધ્યક્ષતામાં વિધાનસભામાં પ્રાકૃતિક ખેતી અંગે ગુજરાતના મહામહિમ રાજ્યપાલે પ્રવચન આપ્યું હતું. એમના માર્ગદર્શન હેઠળ આપણે દરેકે પ્રાકૃતિક ખેતી તરફ વળવું જોઇએ. મહામહિમ રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી માનવજાત માટે કેટલી ઉપયોગી છે તે સમજાવ્યું છે અને પ્રાકૃતિક ખેતી અને ક્લાઇમેટ ચેન્જ એ પર્યાવરણનો એક ભાગ છે. આજે જ્યારે ગ્લોબલ વૉર્મિંગથી સમગ્ર સૃષ્ટિને ગંભીર અસર થઇ રહી છે તેવા સમયે પર્યાવરણની સુરક્ષા અને પ્રાકૃતિક ખેતીનો અમલ કરવો ખૂબ જરૂરી છે. વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને વિશ્વના સૌથી શક્તિશાળી વ્યક્તિ તરીકે આદરણીય નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ અમારા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબના છેલ્લા બે દાયકાથી સૌનો સાથ-સૌનો વિકાસના મંત્રથી આજે ગુજરાત સમગ્ર દેશમાં રૉલ મૉડલ બન્યું છે ત્યારે ગુજરાતનાં પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ વનો અને પર્યાવરણની જાળવણીમાં ખૂબ સારી કામગીરી થઇ રહી છે. તેને લક્ષમાં લઇને આગામી બજેટમાં ૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાણામંત્રી શ્રી કનુભાઇ દેસાઇ અને વનમંત્રી શ્રી અર્જુનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરદર્શી અભિગમથી તેઓ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯માં ક્લાઇમેટ ચેન્જ માટે એક અલાયદા વિભાગની સ્થાપના કરી માત્ર ભારત દેશમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયા ખંડમાં ક્લાઇમેટ ચેન્જ વિભાગ સ્થાપીને ગુજરાતને સિદ્ધિ અપાવી છે. ગુજરાત રીન્યુએબલ એનર્જી પૉલિસી-૨૦૨૩ હેઠળ રાજ્યની કુલ પવન ઊર્જાની સ્થાપિત ક્ષમતા ૧૨,૫૧૦ મેગાવૉટ થયેલ છે. પવન ઊર્જા ક્ષેત્રે ગુજરાતે આજે દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. આ જ રીતે રાજ્યની કુલ ઊર્જા સ્થાપિત ક્ષમતા ૧૭,૫૮૦ મેગાવૉટ થયેલ છે. જે દેશમાં બીજા ક્રમે છે. મને ગૃહને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્યની સમગ્ર પુન:પ્રાપ્ત ઊર્જા ક્ષમતા ૩૨,૩૦૩ મેગાવૉટ થયેલ છે. જે દેશમાં હાલમાં બીજા ક્રમે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યએ પહેલ કરીને વર્ષ ૨૦૧૫થી બૅટરી સંચાલિત વાહનો માટે સબસિડી સહાય યોજના શરૂ કરેલ છે. આ યોજના અંતર્ગત રાજ્યની શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨માં ભણતાં કૉલેજ સુધીના વિદ્યાર્થીઓ માટે બૅટરી ઓપરેટિવ દ્વિ-ચક્રી વાહન ખરીદવા માટે પ્રતિ વાહન રૂ.૧૨ હજારની સબસિડી ચૂકવવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૦ હજાર વિદ્યાર્થીઓને રૂ.૫૮ કરોડ જેટલી સબસિડી સહાય તેમના બેંક ખાતામાં ડાયરેક્ટ ચૂકવવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭માં ૭,૫૦૦ વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રિક દ્વિ-ચક્રી વાહન આપવાનો સરકારનો લક્ષ્યાંક છે. સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૯,૨૨૦ કરતાં વધુ સ્મશાન ભઠ્ઠી બેસાડેલ છે. જ્યારે આગામી વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન અત્યાર સુધીની મહત્ત્વની વાર્ષિક ૧૫૦૦ જેટલી સુધારેલ સ્મશાન ભઠ્ઠી બેસાડવાનું સરકારશ્રીનું આયોજન છે. સરકારી ઇમારતો પર સોલાર સિસ્ટમ લગાવવાની યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૩,૮૧૫ કરતાં વધુ સરકારી ઇમારતો પર ૬૫ મેગાવૉટ કરતાં વધુ સોલાર રૂફટોપ સિસ્ટમની સ્થાપના કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૬માં સરકારી ઇમારત પર સોલાર રૂફટોપની સ્થાપના કરવા માટે ૧૪ મેગાવૉટની ક્ષમતા ઊભી કરવા માટે સરકારનું આયોજન છે. રાજ્યમાં સરકારી ઇમારતો પર ઓપેક્સ મૉડેલ સોલાર રૂફટોપ પ્રોજેક્ટ માટે વર્ષ ૨૦૨૬-૨૭માં ૩૭ મેગાવૉટની ક્ષમતા ઊભી કરવા માટે સરકારશ્રીનું આયોજન છે. સંસ્થાકીય બાયોગૅસ પ્લાન્ટ માટે સબસિડી યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ૬૧૩ કરતાં વધુ પ્લાન્ટ સ્થાપવા સબસિડી સહાય ચૂકવવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૭૦૧ વિવિધ સંસ્થાઓમાં બાયોગૅસ પ્લાન્ટની સ્થાપના કરવા માટે પણ સરકારશ્રીની યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે. ક્લાઇમેટ ચેન્જ મુદ્દે સમાજમાં જાગૃતિ આવે તે માટે સમાજને ઉપયોગી થાય તેવાં ઉમદા કાર્યો તથા સંશોધન કરનારા લોકોને બિરદાવવાના હેતુથી વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન પ્રથમવાર ૧૦ લોકોને અલગ અલગ ૬ કેટેગરીમાં ક્લાઇમેટ ચેન્જ એવૉર્ડ દ્વારા પુરસ્કૃત કરીને સન્માનિત કરેલ છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૦ કૅટેગરીથી ક્લાઇમેટ ચેન્જ એવૉર્ડ દ્વારા પુરસ્કૃત કરવાનું સરકારશ્રીનું આયોજન છે. વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટની નવી બાબતો પ્રોજેક્ટ માટે રૂ.૧૬૫ કરોડ ૧૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. તે અંતર્ગત સર્ક્યુલર ઇકોનોમીને પ્રોત્સાહિત કરવા માટે ગ્રીન સેક્ટરના કાર્યો માટે કૌશલ્ય વિકાસ અને ક્ષમતા નિર્માણના અભ્યાસક્રમો શરૂ કરવા માટે પણ સંભવિત ઉપલબ્ધતાની ચકાસણી માટે સોલર ઇસ્ટ વેસ્ટમાંથી કિમતી સામગ્રી પ્રાપ્ત કરવાની માર્ગદર્શિક તૈયાર કરવા માટે પણ

જોગવાઇ કરવામાં આવી છે. નવી ગ્રીન બાબતોમાં ગ્રીન ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા માટે રાજ્યમાં ક્લાઇમેટ ચેન્જ સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે ક્લાઇમેટ ચેન્જ ફંડની સ્થાપના કરવાનું પણ સરકારશ્રીનું આયોજન છે. આપણે સૌ જાણીએ છીએ કે જળવાયુ પરિવર્તનની સમસ્યા એ આજે દેશની વૈશ્વિક પડકારો પૈકીની એક સમસ્યા છે. જે વિશ્વના દરેક ભાગમાં અસર કરે છે. આ માટે તાત્કાલિક પ્રયત્નો કરવાની જરૂર છે. ભારતના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ જળવાયુ પરિવર્તનનો સામનો કરવો એ આપણા માટે રાષ્ટ્ર કાર્યસૂચિનું કેન્દ્ર બન્યું છે. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૦૯માં માનનીય મુખ્યમંત્રી તરીકે આદરણીય નરેન્દ્રભાઇ હતા ત્યારે તેમના કાર્યકાળ દરમિયાન આબોહવા પરિવર્તનને સંબોધવા માટે સમર્પિત વિશિષ્ટ વિભાગની સ્થાપના કરી હતી. આ સીમાચિહ્ન નિર્ણયને માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં પર્યાવરણ સંચાલનમાં અગ્રેસર તરીકે સ્થાન આપ્યું છે. ક્લાઇમેટ ચેન્જ દ્વારા પમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુજરાત ક્લાઇમેટ એક્શન ટ્રેકર પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવેલ છે. જે ભારતનું પ્રથમ જિલ્લાસ્તરીય ક્લાઇમેન્ટ ચેન્જ ડેસ્કબોર્ડ છે. આ પોર્ટલ દ્વારા પુનઃ પ્રાપ્ત ઊર્જા, સ્વચ્છ મોબિલિટી અને આજના વિશ્વમાં જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ સંરક્ષણ માટેની છે. ક્લાઇમેટ ચેન્જ વિભાગે આ પડકારને ઓળખીને પર્યાવરણની અસરને ઘટાડવા માટે સક્રિય પગલાં લીધા છે. સસ્ટેઇનેબલ પ્રેક્ટિસ અપનાવી ઉદાહરણ પૂરું પાડ્યું છે. પર્યાવરણ સંરક્ષણ કરવાના ઉદ્દેશથી આ મહત્ત્વપૂર્ણ પહેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં રાજ્ય સરકારની ઇમારતો પર ૬૭ મેગાવોટ રૂફટોપ પ્રોજેક્ટની સ્થાપના કરવા માટે રૂ.૨૭૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ પગલું રાજ્યને ઊર્જા સ્વાવલંબન અને કાર્બન ઉત્સર્જન ઘટાડાની દિશામાં મજબૂત બનાવે છે. આ સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની સરકારી ઇમારતો પર રૂફટોપ સોલર પ્રોજેક્ટસ આપવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. ક્લાઇમેટ ચેન્જ વિભાગની સ્થાપના થયેથી તેના હેઠળની ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી 'જેડા' આ વિભાગની યોજનાની અમલવારીની કામગીરી કરે છે. જેમાં પુનઃ પ્રાપ્ત ઊર્જા કાર્યક્ષમતા, સ્વચ્છ હવા અને ટકાઉ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓને સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવેલ છે. સરકારી ઇમારતો, શાળાઓ અને હૉસ્પિટલ પર રૂફટોપ સોલર બાયોગેસ પ્લાન્ટ જેવી યોજનાઓની નોંધપાત્ર પ્રગતિ થઇ છે. આદર્શ નિવાસી શાળાઓ, સરકારી કન્યા છાત્રાલયોમાં નિવાસ કરતા વિદ્યાર્થીઓને ન્હાવા માટે ગરમ પાણી મળી રહે તે માટે સો ટકા સરકારી સહાયથી સોલર વોટર હિટિંગ સિસ્ટમો લગાડવામાં આવે છે અને સોલર વોટર હિટર સિસ્ટમથી વીજળીની પણ બચત કરી શકાય છે. જેના કારણે વીજળી ઉત્પાદન કરવા માટે વપરાતા પરંપરાગત ઇંધણના ઉપયોગમાં પણ ઘટાડો થાય છે. જેના લીધે પ્રદૂષણમાં પણ ઘટાડો થાય છે અને નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં આદર્શ નિવાસી શાળાઓ તથા સરકારી સોલર છાત્રાલયો સોલર વોટર હિટિંગ સિસ્ટમ માટે પણ જોગવાઇ કરવામાં આવી છે. અત્યારસુધીમાં કુલ રૂ.૩૬.૮૯ કરોડના ખર્ચે ૬૧૩ સરકારી ઇમારતો પર કુલ ૨૨.૮૪ લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતાની સોલર વોટર હિટિંગ સિસ્ટમ બેસાડવામાં આવેલ છે. બાળ ઊર્જા રક્ષકદળ અંતર્ગત ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં શાળાઓમાં પર્યાવરણ અંગે જનજાગૃતિ લાવવા માટેના કાર્યક્રમો કરવામાં આવે છે. આજે ગુજરાત ફક્ત નીતિઓ બનાવતું રાજ્ય નથી પરંતુ નીતિ આધારિત પરિણામલક્ષી અને નાગરિક કેન્દ્રિત ક્લાઇમેટ ગવર્નર ગુડ ગવર્નન્સ બની રહી છે. આપણે સાબિત કરી રહ્યા છીએ કે, વિકાસ અને પર્યાવરણ એકબીજાના વિરોધી નથી પરંતુ પૂરક છે. ક્લાઇમેટ ચેન્જના અનેક પડકારો વચ્ચે કેન્દ્ર સરકાર સાથે રાજ્યની સરકાર પણ નીતિગત નિર્ણયો લઇને આર્થિક બાબતના નિવારણ માટે જે પ્રયાસો કરી રહી છે એની આ સભાગૃહે નોંધ લેવી જોઇએ. માનનીય મંત્રીશ્રી ક્લાઇમેટ ચેન્જની માગણી લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું અને સભ્યશ્રીઓને પણ સમર્થન આપવા વિનંતી કરું છું. આભાર. જય જય ગરવી ગુજરાત.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી (દાતા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારનો સમય એટલે વસંતઋતુના સમયગાળામાં અલગ અલગ જાતની વાણી સંભળાય એવા પક્ષીઓ બોલતા હોય ત્યારે મારે એવા સમયમાં ધન્યવાદ આપવા જોઇએ કે આટલા વર્ષોથી જંગલ વિસ્તારમાં જંગલનો ઉછેર કરતા હોય અને અંબાજીથી માંડીને ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી પટ્ટીમાં સૌથી વધારે જંગલ વિસ્તાર આવેલો છે ત્યારે તમે એટલા રોપા ઉછેર કર્યા કે કોઇ કમી નથી. અત્યારે જંગલ એકદમ લીલુંછમ થઇ ગયું છે. મારા અંબાજી વિસ્તારના આજુબાજુની વાત કરું તો સમગ્ર વિસ્તારમાં ઇમારતી લાકડાં હતા, ખેર જેવી વસ્તુ હતી પણ આજે સોગંદ ખાવા પૂરતો એકપણ ખેર તમારી પાસે જોવા મળતો નથી. આ શરમજનક બાબત છે. ગઇકાલે કેસૂડા ઉછેર કરવા ગયા પણ એ કેસૂડા અમારા ઉછેરેલા હતા. એ કેસૂડા તમે ઉછેરેલા ન હતા પણ એ કુદરતી ઉછરેલા હતા. અમારા વિસ્તારમાં વર્ષોથી આદિવાસીઓ રહે છે. આ સરકાર આજે આદિવાસીઓ ઉપર ઓરમાયું વર્તન રાખી રહી છે. તમે આદિવાસીઓનાં નામ લેતા પહેલાં જે આદિવાસીઓ વર્ષોથી રહેતા આવ્યા છે એમની સરકારના નિયમોનુસારની જે માગણી હતી એ જમીન આપી હોત તો પાડલીયા ગામમાં જે કિસ્સો થયો એ ના થયો હોત . હું એ વખતે નહોતો બોલતો પણ અત્યારે બોલું છું કે વન વિભાગ અને પોલીસ કાયમી રક્ષણ માગતી હતી પણ વન વિભાગ અમારા ઘરે અમને મારવા માટે આવ્યું હતું અને મારતી વખતે લોકો નાસતા હતા, વન વિભાગ પાછળ પડ્યું હતું, લોકોને લાગ્યું હતું એ વખતે વન વિભાગ સામે અમારા માણસો પડ્યા હતા. વન વિભાગ, પોલીસ અને

રેવન્યુ વિભાગ આ બધાએ ભેગા થઇને આદિવાસીઓને માર્યા હતા અને *(**xxx**) એ રીતે વન વિભાગે આદિવાસીઓ ઉપર જે ફરિયાદ કરી...

સભાપતિશ્રી : *(**xxx**) એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવે છે.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું અત્યારે સાચી વાતનો ઉલ્લેખ કરી રહ્યો છું. સાચું બોલવું એ ગુનો નથી. વન વિભાગે આદિવાસીઓ ઉપર ફરિયાદ કરી એ લઇ લીધી પણ આદિવાસીઓને લાગ્યું એની ફરિયાદ વન વિભાગે ના લેવા દીધી. પોલીસે ના લીધી. તમારો આ વહીવટ ચોખ્ખો જગજાહેર દેખાઇ રહ્યો છે. વર્ષ ૨૦૦૬માં કાયદો આવ્યો હતો છતાં આદિવાસીઓની અઢી હેકટર કે પાંચ હેકટરની કાયદેસરની જમીનના ફોર્મ હજુ તમે દબાઇ રાખ્યા છે અને એટલા માટે હું જાહેરમાં ઓરમાયું વર્તન કહી રહ્યો છું. તમે પાડલીયા ગામમાં ડખો કર્યો. સાબરકાંઠામાં પોશીના તાલુકામાં કાળાખેતરામાં તમે એ જ ડખો કર્યો. તમે છોકરાઓને માર્યા. તમે આદિવાસીઓ પાસે આવું તો શું માગી રહ્યા છો? અત્યારે આદિજાતિ મંત્રીશ્રી બેઠા છે. એ રખેવાળ છે. અમે યાદ કરીએ છીએ. આદિવાસીઓને મારવામાં અને લૂંટવામાં આવે છે. પાડલીયા ગામની એ બાઇને જમીનમાંથી હટાવીને તમે કોને જમીન આપવાના હતા એ પણ એ વિસ્તારની જનતા પૂછી રહી છે. અંબાજીથી માંડીને ઉમરગામ સુધી આદિવાસી અત્યારે જાણી જોઇને, હતાશ થઇને એમ કહે છે કે આદિવાસીઓ પહેલાં ગોરા સામે લડ્યા હતા અને આજે આદિવાસીઓ કાળા સામે લડવા માટે તૈયાર છે. આદિવાસીઓને જ્યાં સુધી લૂંટે ત્યાં સુધી લૂંટવા દો રાજા રાવણની સત્તા રહી નથી તો આપણી સત્તા લાંબો સમય રહેશે નહીં. એટલા માટે આદિવાસીઓ બરાબર હિંમત રાખીને બેઠા છે. પણ વિનંતી એ કરીએ છીએ....(અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ (તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે વન અને પર્યાવરણની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ એ બંને વિભાગ એકબીજાના પૂરક છે. શાસ્ત્રોમાં પણ આપણા ઋષિમુનીઓએ વન અને પર્યાવરણને ઝાડ સાથે ધર્મને જોડીને વાતો કરી છે. ટીકા-ટિપ્પણ કરવી, ધ્યાન દોરવું એ ગૃહમાં અને ગૃહની બહાર પણ લોકશાહીમાં દરેક લોકોને અધિકાર હોય છે. પણ એના બદલે અત્યારે વિશ્વની સામે જે સમસ્યાઓ આવીને ઊભી છે એ સમસ્યા કોઇ એક વ્યક્તિની નથી, એ સમસ્યા કોઇ સરકારની નથી. એ સમસ્યા કોઇ રાજ્યની કે કોઇ દેશની કે એક દેશની નથી. આ સમસ્યા આખા વિશ્વમાં રહેનાર તમામ લોકોની સામે આવીને ઊભી છે. એટલા માટે દેશના વડાપ્રધાને પોતાની દીર્ઘદૃષ્ટિ, પોતાના વિઝન અને એના કારણે એમણે ભારતની અંદર અને ખાસ કરીને ગુજરાતની અંદર જી-૨૦ સમિટનું જ્યારે અહીંયા આયોજન કર્યું ત્યારે એની અંદર પ્રથમ મુદ્દો હતો વન અને પર્યાવરણ-ક્લાઇમેટ ચેન્જ. ખાલી ગુજરાત સરકાર કે ગુજરાતનો આ મુદ્દો નથી. આપણે બધાએ એની અંદર વિચાર કરવો પડશે, કામ કરવું પડશે અને પૂરક પણ બનવું પડશે. કોઇ ઉદ્યોગોથી પ્રદૂષણ થઇ જાય, નદીમાં કેમિકલ છોડી દે એનાથી પ્રદૂષણ થઇ જાય, સમસ્યાઓ ક્યાંકને ક્યાંક હશે. માનનીય રાજ્યપાલશ્રી અને દેશના વડાપ્રધાન જે પ્રાકૃતિક ખેતીની વાતો કરે છે, પ્રાકૃતિક ખેતી તરફ વાળવાની વાતો કરે છે એની સાથે પણ વન અને પર્યાવરણ જોડાયેલું છે. કોઇને લાગે કે ખેતી સાથે શું જોડાયેલ છે? હું ખેડૂતનો દીકરો છું, મને ખબર છે. ફર્ટિલાઇઝર ખાતર, કેમિકલ દવા, પેસ્ટિસાઇડ દવાઓ આનો ખેતરમાં ઉપયોગ કરીએ છીએ અને બાષ્પીભવન થાય છે એ વાતાવરણમાં ભળે છે. એના કારણે પોલ્યુશન થાય છે. પંજાબની અંદર ખેડૂતો પરાળી સળગાવે અને દિલ્હી સુધી ધુમાડો આવે એનાથી પણ પોલ્યુશન થાય. ફાકી ખાનાર માણસ ફાકી ખાઇને પ્લાસ્ટિક કાગળ જમીન ઉપર નાખી દે એનાથી પણ પોલ્યુશન થાય. પોલ્યુશન ઘણી જગ્યાએ ઘણી વસ્તુઓથી થતું હોય છે. આ ચર્ચાનો વિષય છે પણ ટીકા-ટિપ્પણનો વિષય નથી. આનો ઉકેલ કેમ કરીને, સામનો કેમ કરીને, કેમ રોકવું એના માટેનો આ વિધાનસભાના પ્લેટફોર્મ પરથી અવસર મળ્યો છે. મારી વાત કરવાનો મને અવસર મળ્યો છે. હું તો પ્રકૃતિના ખોળે જનમ્યો છું. એકબાજુ અમારું ગીર, સાવજો ડણક કરે તો બીજી બાજુ દાદો સોમનાથ, દરિયાનો ઘૂઘવાટ આ બધું મારા ક્ષેત્રમાં છે અને એ ભૂમિમાં જન્મ લેવાનો મને અવસર મળ્યો છે. આ મુદ્દાની અંદર હું પોતે પણ એકે-એક ગામ સુધી, એકે-એક બાળક સુધી જવાનો પ્રયત્ન કરું છું. વૃક્ષ વાવીએ, પ્લાસ્ટિકનો ઉપયોગ ના કરીએ, નદીઓમાં દૂષિત પાણી ના છોડીએ, આપણે આમાં સહભાગી થઇએ, આપણે બધા સાથે મળીને કામ કરીએ. કોઇ એક સરકાર નહીં કરી શકે. વિશ્વનો કોઇ દેશ નહીં કરી શકે. બધાએ સહિયારો પુરુષાર્થ કરવો પડશે. બધાએ ગંભીરતાથી વિચારવું પડશે. એક વ્યક્તિ આ કામ નહીં કરી શકે અને હું અહીંયાથી અભિનંદન આપું છું, પહેલા પણ આપ્યાં હતાં. જે વિઝન ઘરાવે છે, જે વ્યક્તિનું આપણને માર્ગદર્શન મળે છે એના વિઝન સાથે આપણે બધા કામ કરીએ છીએ એ પછી 'એક પેડ માં કે નામ' હોય કે સ્વચ્છતા અભિયાન હોય, પ્રાકૃતિક ખેતી હોય, પર્યાવરણ હોય અને દિલ્હીની અંદર બેઠા લાલકિલ્લા ઉપરથી એ ભાષણની અંદર જ્યારે આખા દેશના તમામ લોકોને આહવાન કરે અને તમામ લોકો એ વાતની અંદર સમર્થન આપીને કામ કરવા નાના-મોટા તમામ લોકો, હું ગામડાંમાં જાઉં 'એક પેડ માં કે નામ' બાળકોને કોઇને ખબર નથી કે વૃક્ષની શું કિંમત છે? વૃક્ષ આપણા માટે કેટલું જરૂરી છે? પણ 'એક પેડ માં કે નામ' માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે જ્યારે

* આ શબ્દો અધ્યક્ષસ્થાનેથી માનનીય સભાપતિના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

લાલકિલ્લા પરથી જ્યારે આખા દેશ માટે આહવાન કર્યું ત્યારે નાનાં બાળકો પણ જ્યારે આપણે સ્કૂલમાં જઇએ ત્યારે કહે કે મારે એક ઝાડ મારા જન્મદિવસે નાખવું છે ને. આ પરિણામ મળ્યું છે. પરિણામ બધા સમૂહમાં નીકળે ત્યારે મળે છે. મારી આ ગૃહના માધ્યમથી તમામ લોકોને વિનંતી છે કે આપણે બધા સહભાગી બનીએ. આપણે તમામ લોકો આમાં જોડાઇએ. આપણી બધાની જવાબદારી છે. અહીંયા વિધાનસભાના કેમ્પસમાં આવતા હોય ત્યારે કોઇપણ જગ્યાએ કંઇ પ્લાસ્ટિક પડ્યું હોય તો આપણે પોતે એની અમલવારી ચાલુ કરીએ. આપણે પોતે પ્લાસ્ટિકને ઉપાડીને યોગ્ય જગ્યાએ નાખીએ. પ્લાસ્ટિક પર્યાવરણને નુકસાન કરે છે. પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો થાય. આ વાતમાં આપણે બધાએ જવું જોઇએ. હમણાં શ્રી કાન્તિભાઇ જંગલોની વાત કરતા હતા કે જંગલ નથી, ઝાડો કપાઇ ગયા. મારે કહેવાની જરૂર નથી પણ શ્રી કાન્તિભાઇ જ્યારે વાત કરે છે ને ત્યારે મને ખબર છે એટલા માટે હું વાત કરું છું. મારી ઉંમર કદાચ ત્યારે ૨૦-૨૨ વર્ષની હશે ત્યારે વર્ષ ૧૯૮૨માં બરોબર દિવાળી ઉપર ૧૮૦ની સ્પીડથી અમારા વિસ્તારમાં બહુ મોટું વાવાઝોડું આવ્યું. અતિ નુકસાન થયું. અમારા દરિયાકાંઠાના માનનીય અર્જુનભાઇ પણ અહીંયા બેઠા છે. અમારા ગીરના જંગલમાં ઘણું બધું નુકસાન થયું. ગીરના જંગલમાં જે લાકડાં પડી ગયા. એ લાકડાં કાઢવા માટે સરકારે આખું આયોજન કર્યું. સૂકાયેલા લાકડાં પડી ગયાં હતાં. જે એજન્સીને કામ આપ્યું હતું એ એજન્સીએ સૂકાયેલા પડેલાં લાકડાં લઇ જવાને બદલે જે ઝાડ ઊભા હતા એને કટિંગ કરીને લઇ જવાનું કામ કર્યું હોય તો એ વર્ષમાં કોંગ્રેસની સરકારે આપેલો કોન્ટ્રાક્ટના માણસોએ કર્યું હતું. જંગલ કટિંગનું કામ એમણે કર્યું છે. અમે તો ઝાડ વાવવાનું કામ કર્યું છે. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે **'એક પેડ માં કે નામ'** હજારો-કરોડો વૃક્ષો વાવવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આજે તમે રોડ ઉપર નીકળો દ્વારકાથી સોમનાથ, સોમનાથથી ભાવનગર તમને લીલી હરિયાળી જોવા મળે. રોડની વચ્ચમાં ઝાડ, રોડની બંને સાઇડમાં ઝાડ આ કોણ પરિવર્તન લઇ આવ્યું? આ કોના નેતૃત્વમાં પરિવર્તન આવ્યું? કઇ સરકારમાં આવ્યું છે? તમારી સરકારના દાખલા દેવા જઇએ તો ઘણુંબધું થાય તેમ છે. કારણ કે અમને ખબર છે. એ વખતની રાજનીતિ મેં બહુ નજીકથી જોયેલી છે. આહવા-ડાંગ, ગીરનું જંગલ, ગિરનારની બોર્ડર લઇ લ્યો, ગિરનારની પેરીફેરીમાં લઇ લ્યો. મારી પાસે પ્રૂફ છે એટલે હું પ્રૂફ સાથે હાઉસમાં બોલું છું. મારે એ વાતમાં જવું નથી. કારણે કે માનનીય સભ્યશ્રી બોલ્યા છે એટલે આ વાતનો ઉલ્લેખ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, મારી બધાને વિનંતી છે કે, સહિયારો પુરુષાર્થ કરીએ, સહિયારા પુરુષાર્થથી જ આપણે પરિણામ લાવી શકીશું. અમને ગૌરવ છે કે, અમે જે સરકારમાં આજે અમે પ્રતિનિધિત્વ કરીએ છીએ એક ધારાસભ્ય તરીકે લોકોએ અમને ચૂંટીને મોકલ્યા છે ત્યારે એ વાતનો અમને આનંદ પણ છે કે, અમારી સરકાર એ વૃક્ષો માટે, પર્યાવરણ માટે જે પણ કંઇ કરવું ઘટે તે બધું કરવાના પ્રયત્નો કરીએ છીએ. એટલા માટે જ મારે એક ધ્યાન દોરવું છે. વર્ષ ૧૯૮૦ થી ૧૯૯૦ કોની સરકાર હતી? ભારતીય જનતા પાર્ટીની સરકાર નહોતી. એ વખતે કોંગ્રેસની સરકાર હતી અને કોંગ્રેસની સરકારમાં એ વખતે વન અને પર્યાવરણ માટે બજેટ કેટલું હતું? આજે વાતો કરે છે ત્યારે મારે આપના માધ્યમથી કહેવું છે એ વખતમાં રૂપિયા ૧૦૨ કરોડ ૮૦ લાખનું બજેટ છઠ્ઠી પંચવર્ષીય યોજના વર્ષ-૧૯૮૦ થી ૧૯૮૫ સુધી આ પાંચ વર્ષનું. સાતમી પંચવર્ષીય યોજનામાં એ વખતમાં વર્ષ ૧૯૮૫થી ૧૯૯૦માં રૂપિયા ૧૪૮ કરોડ ૯૩ લાખ અને આજે મારે ધ્યાન દોરવું છે કે, અમારી સરકારમાં ખાલી વન અને પર્યાવરણ વિભાગ માટે રૂપિયા ૩,૫૬૦ કરોડ રૂપિયા. આ આંકડો જોઇ લેજો, આ કામ કોણે કર્યું છે? ત્યારે જો ચિંતા કરી હોત તો કદાચ આ પરિસ્થિતિ આજે ગુજરાતમાં કયાંક કયાંક થોડીક આવી છે તે ના આવત પણ ત્યારે કોઇએ ચિંતા કરી નહીં. અત્યારે જે ચિંતા કરીને કામ કરે છે, જે દોડીને કામ કરે છે, વિઝન સાથે કામ કરે છે તેને રોકવા માટેનું, કયાંક કોઇને ઉશ્કેરવા માટેનું, કયાંક મારા અંગત લાભ ખાતર હું કોઇને ઉશ્કેરું તે રીતે કોઇને જંગલની જમીનમાં ઉશ્કેરવાનું, કોઇ જંગલમાં રહેનારા લોકોને ઉશ્કેરવાનું માનનીય અધ્યક્ષશ્રી, ચિંતા કરી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારે આદિવાસીઓની ચિંતા કરી છે. ગીરમાં રહેનારા લોકોની પણ કરી છે, ગીરમાં બોર્ડરમાં રહેનારા લોકોની પણ કરી છે અને બરડા, આલેચથી લઇને છેક આહવા, ડાંગ અને વલસાડ સુધી તમામ ગીરના જંગલની અંદર રહેનારા લોકોની જો ચિંતા કરી હોય તો એ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. એટલા માટે જ માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે હું એમાં મારું સમર્થન આપું છું અને આપ સૌને આ ગૃહના માધ્યમથી, આપના માધ્યમથી વિનંતી કરું છું કે, ચાલો, આપણે બધા સહિયારો પુરુષાર્થ કરીને આપણી આવનારી પેઢી માટે, આવનારાં બાળકો માટે આપણે બધા સાથે રહીને કામ કરીએ. તમારાં સારાં સૂચનો આપો અને એ સૂચનો સ્વીકારીને, સાથે રહીને, કામ કરીને આ મોટી સમસ્યા આખા વિશ્વની સામે આવી છે તેની અંદર આપણે સામનો કરીએ, એટલી વિનંતી સાથે આપ બધાનો આભાર.

સભાપતિશ્રીની જાહેરાત

મેડિકલ કેમ્પના આયોજન અંગે

સભાપતિશ્રી : મારે એક જાહેરાત કરવી છે, ગાંધીનગર એક્રિડિટેશન પ્રેસ ક્લબ દ્વારા ગુજરાત વિધાનસભા સચિવાલયના ચોથા માળે માનનીય ધારાસભ્યશ્રીઓ તથા પત્રકારો માટે તા. ૧૭-૦૩-૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૮-૩૦ કલાકથી મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જેનો સર્વ સભ્યશ્રીઓ તથા પત્રકાર મિત્રોને લાભ લેવા માટે જણાવવામાં આવે છે.

(વિરામ બપોરના ૨-૩૪ થી ૩-૦૦)

સભાપતિશ્રી પંકજ વિ. દેસાઇ અધ્યક્ષસ્થાને

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (કાલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, વૃક્ષ એ જીવન, એક પેડ માં કે નામનો મંત્ર લઈને વનમંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબ અને માનનીય શ્રી પ્રવિણભાઇ માળી સાહેબ એમની માગણીઓ લઈને આવ્યા છે એને મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું એ અમારો જંગલ વિસ્તાર અને જંગલ વિસ્તારોમાં શરૂઆતમાં જે સરકારો આવી અને જંગલની જોડે જે વ્યવહારો થયા એના કારણે ગયા વખતે જેમ કોરોનાનો સમય આવ્યો ત્યારે એકલા શહેરી વિસ્તાર સિવાય વન વિસ્તારમાં કોરોનામાં વન વિસ્તારમાં રહેતા લોકોને ઓછામાં ઓછી કોરોનાની અસર થઇ. અમારી સરકારે અને એમાં પણ વન વિભાગે છેલ્લાં વર્ષોમાં વનને બચાવવા માટે કરેલી કામગીરી અને વન એ મનુષ્ય જીવન માટે અગત્યનો જયારે વિભાગ હોય ત્યારે નવા ચેકડેમો બનાવ્યા, પોકળામાં તળાવો બનાવ્યા પ્રાણીઓ માટે પાણીની વ્યવસ્થા થઇ, આદિવાસી સમાજ માટે નવી નવી યોજનાઓ દાખલ કરી. હમણાં કોંગ્રેસના સભ્યશ્રીઓ કહેતા હતા કે વન વિભાગ એ આદિવાસીઓને મારે, આદિવાસીઓને હેરાન કરે, એમની સરકાર હતી એ સમયે એ આદિવાસી ખેડૂત હોય કે બક્ષીપંચનો ખેડૂત હોય, બળદ સાથે એને પોલીસ થાણામાં લઇ જાય, ઢોર માર મારે, એનો કોઇ એ વખતે બેલી નહોતો અને હમણાં એમ કહે છે કે આ સરકારમાં આદિવાસીઓને અન્યાય થાય છે. આ દેશના લાડીલા નેતા આદરણીય ઋષિતુલ્ય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી આવ્યા પછી માત્ર મતનું રાજકારણ ખેલનારા જે લોકો હતા એની જગ્યાએ વનબંધુ યોજના દાખલ કરીને નવી કોલેજો, નવી શાળાઓ, નવા રસ્તા, નવા આરોગ્ય કેન્દ્ર ઊભા કરીને અન્ય સમાજની હરોળમાં પહેલીવાર આદિવાસી સમાજને લોકશાહીનો અહેવાસાસ થયો. અમારી સરકાર આવ્યા પછી વન વિભાગમાં કરેલી કામગીરી માટે ખરેખર ગૃહમાં મારે કહેવું જોઇએ કે કયાંય રસ્તા નહોતા, ઝોળીમાં નાખીને દર્દીને લઇ જવાના દિવસો હતા. એ વખતે કોંગ્રેસના શાસન વખતે હું સરપંચ હતો, મોટરસાઇકલ લઇને ગામમાં નહીં જવાનું, બહાર મૂકી દેવાની એટલી હેરાનગતિ હતી અને હમણાં સભ્યશ્રી કહેતા હતા કે આદિવાસીઓને કંઇ આપ્યું નથી. મિત્રો મારે તમને યાદ દેવડાવવું છે, ૧૯૯૫માં પહેલી વખત માનનીય કેશુભાઇની, ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી, પહેલી સનદો આપવાનું કામ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. એક ઇંચ જમીન તમે નહોતી આપી. (અંતરાય) ભાઇ, મારી વાત સાંભળો, કાયદો લાવ્યા (અંતરાય) તમે આદિવાસીના માત્ર મતની ચિંતા કરો છો. આદિવાસીઓના મતનું રાજકારણ ખેલીને એક ઇંચ જમીન તમારી સરકારે આપી ન હતી. મારે એટલા માટે કહેવાનું છે કે આદિવાસીઓ ભલા અને ભોળા હોય છે, એમને ભડકાવવાનું કામ કરે છે. એક સનદ નહોતી આપી અને આજે અમારા આદિવાસી વિસ્તારોમાં, એકલા આદિવાસીઓને નહીં, અમારે ત્યાં બક્ષીપંચ સમાજની પણ વસ્તી છે, અન્ય સમાજની વસ્તી છે ત્યાં એક પણ રૂપિયાનું વિકાસનું કામ નહોતું કર્યું. માત્ર વોટ લેવા અને સરકાર બનાવવી. જંગલોનું નિકંદન કાઢનાર કોઇ હોય તો એ કોંગ્રેસ છે. બાળપણની વાત મને યાદ છે. આખા જંગલોના જંગલોનું ઇમારતી લાકડું. હમણાં કહેતા હતા એ ચંદન, ખેર, સાગ, સિસમ, સાદર આ જે મનુષ્યના જીવનના અગત્યના વૃક્ષો હતા, એના કોલસા પાડયા કોલસા. આ એમની *(**xxx**) આખા દેશમાં એ સમયે કમનસીબ સ્થિતિ હતી શ્રી ઇમરાનભાઇ.મારાં બે સૂચન છે: પંચમહાલ જિલ્લામાં અમારા ખેડૂતો ચંદનના વૃક્ષો રોપે છે. અમારી રાજ્ય સરકારને હું અભિનંદન આપું છું અને અમારા લાડીલા વનમંત્રીશ્રીને પણ અભિનંદન આપું છું કે ચંદનના વૃક્ષ માટે પરવાનગી આપી. એને વેચવા માટે પણ પરવાનગી આપી છે પણ માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે એને વેચવા માટે માર્કેટ વહેલી તકે તૈયાર કરો. મારા વિસ્તારમાં આંકલવા અને રામેસરા એમ બે ગામ છે. ત્યાં નવા રસ્તા બની ગયા. નિશાળો બની ગઇ. નર્સો માટેના કવાર્ટર ગયા પણ એ હજી મહેસૂલમાં તબદીલ થતા નથી. મેં કલેક્ટરશ્રી અને વનમંત્રીશ્રીને લેખિત પણ આપ્યું છે કે આ વિસ્તારને વહેલી તકે મહેસૂલમાં તબદીલ કરે. બીજું કે આઝાદી મળ્યા પછી આઝાદી મેળવનાર અને આઝાદી અપાવનાર અમારો ક્ષત્રિય સમાજ હોય કે આદિવાસી ગિરાસદારો હોય એ વર્ષોથી આજ સુધી લડે છે. એમને જંગલોની જમીનનું અને ઝાડનું વળતર આજ દિન સુધી નથી મળ્યું. એ નહિ મળવાનું કારણ કોંગ્રેસ છે. કોંગ્રેસે એના માણસો મોકલીને કોર્ટમાં કેસ દાખલ કરી દીધો. એના કારણે જ્યારે પણ કાગળ લખીએ એટલે એક જ જવાબ આપે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

સભાપતિશ્રી : આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી. આપ બેસો.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આ તમારો ઇતિહાસ જ બોલું છું. સાહેબ, એમનો ઇતિહાસ તો મારે કહેવો જોઇએ. અમે સત્ય ઘટના કહીએ છીએ. અમારી સરકાર ખડેપગે ઊભી રહે છે. ગઇ કાલે રાત્રે હું એક ગામમાં ભજનમાં ગયો હતો. અમારે ત્યાં જંગલમાં દવ લાગ્યો. મેં ૧૧:૩૦ કલાકે અમારા બીટ જમાદારને ફોન કર્યો. મને એવો જવાબ આપ્યો કે ''બાપુ અમે જંગલની નજીક પહોંચી ગયા છીએ અને જંગલમાં દવ ઓલવાઇ ગયો છે.''એમની સરકારમાં દવ લાગે તો એક–એક મહિના સુધી ઓલવે નહિ. એના કારણે વન ઔષધિનો નાશ કર્યો. આ માનવજીવનના વિરોધી એટલે કોંગ્રેસ. એટલા માટે વહેલી તકે આ ઝાડોનું વળતર મળે. નાણાંમંત્રી સાહેબને પણ મારી વિનંતી છે કે આ પ્રશ્ન બહુ જૂનો છે તો વહેલી તકે આનો ઉકેલ આવે. હમણાં જ વચ્ચે શ્રી વિમલભાઇ બોલી ગયા. શ્રી વિમલભાઇ તમારી કોંગ્રેસની માનસિકતાનો દાખલો આપું. તમારે સાંભળવું પડશે. જંગલો સળગાવીને કોલસા વેચનારા લોકો માનનીય નરેન્દ્ર મોદી સાહેબને, અમારા માનનીય ભુપેન્દ્રભાઇ

* આ શબ્દો અસંસદીય હોઇ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

પટેલ સાહેબને શિખામણ આપે છે કે ''તમે જંગલો ખતમ કરી દીધા, જંગલો ખલાસ થઈ ગયા.'' અંબાજીથી લઈને ઉમરગામ સુધી જંગલો ખલાસ કરનારી *(**xxx**) એટલે કૉંગ્રેસ. *(**xxx**) પૂરા રાજ્યના જંગલો ખલાસ કર્યા. આજે અમે ગર્વથી કહી શકીએ કે અમારું સામાજિક વનીકરણ વિભાગ કોઈ નવું બિલ્ડિંગ બને એટલે પહેલાં વૃક્ષો રોપે છે. કોઈ નવી ઓફિસ બને તો અમે વૃક્ષારોપણ કરીએ છીએ. જન્મદિવસ પર અમે વૃક્ષારોપણ કરીએ છીએ. નાનામાં નાના રસ્તા પર ફળાઉ ઝાડ ઉગાડવાની શરૂઆત અમારી સરકારે કરી છે. અમારા વન વિભાગને લાખ-લાખ અભિનંદન એટલા માટે આપવાના કે એ રાત દિવસ જંગલો માટે મહેનત કરે છે એટલા માટે અમે કહીએ કે અમે પણ વન વિસ્તારમાંથી આવીએ છીએ. કયારેય સપનામાં પણ જોયું નહોતું. ૨૦ વર્ષ પહેલાં વીજળી કોને કહેવાય એ ખબર નહોતી. વીજળી ક્યાંથી આવે એ આદિવાસીઓને ખબર નહોતી. જ્યાં આજે જી.ઈ.બી. ન પહોંચે ત્યાં અમે સોલર ઊર્જા મારફત પંપ આપીને ખેતરના કૂવા પર વીજળીની વ્યવસ્થા કરી છે. પહેલાં અમારી બાલવાડી, આંગણવાડીમાં કોઈ જીવનજરૂરી વ્યવસ્થા ન હતી, બોગસ કૂવા હતા. માત્ર ખાડા ખોદીને પૈસા પડાવ્યા. આજે અમે આર.સી.સી. બાંધકામ કરીને આદિવાસીઓને નવો કૂવો આપીએ છીએ. માત્ર મારા મતવિસ્તાર નહીં પરંતુ રાજપીપળાથી લઈને છેક ઉમરગામ સુધી ક્યાંય કોઈ આદિવાસીના નામ આગળ ડૉક્ટર લાગ્યું ન હતું. કૉંગ્રેસના ૬૦ વર્ષના શાસનમાં માત્ર એક યોજના બતાવો કે જે આદિવાસીના કલ્યાણ માટે લાવવામાં આવી હોય. ક્યાંય નહીં મળે. આજે અમારી સરકારમાં છોટાઉદેપુરની એક આદિવાસી દીકરી પાયલોટ બની. આદિવાસી દીકરા-દીકરીઓ ડૉક્ટર, પ્રોફેસર, આઇ.એસ. અધિકારીઓ બન્યા છે. તમે તો માત્ર આદિવાસીઓને પટ્ટાવાળી કરાવી હતી. આદિવાસીઓના હક્કોનું હનન કરી નાખ્યું. (અંતરાય) માનનીય અનંતભાઇ, ઇતિહાસ સાંભળવાની તૈયારી રાખવી પડે. તમે તો આદિવાસીઓ સુધી પહોંચ્યા નહીં હોય પણ હું ગઇકાલે રાત્રે આદિવાસી ભજનમાં હતો. હું આદિવાસી સમાજ સાથે જોડાયેલો છું. અમારી પાર્ટીના દરેક ધારાસભ્ય એસ.ટી. સમાજ હોય કે આદિવાસી સમાજ, અમે અઢારે વર્ણના વિકાસ માટે એક તાંતણે એક લાઇનમાં ઊભા છીએ. તમારે ત્યાં શું હતું? પહેલાના સમયમાં વીજળી ક્યાં હતી, સમૃદ્ધ જિલ્લામાં સુખી લોકોના ઘરમાં ક્યાં વિકાસ હતો. અરે, હું તમને પ્રશ્ન પૂછું છુ. આર.સી.સી. શેનું કહેવાય એ તમને ખબર નહીં હોય. તમારા જૂના કૉંગ્રેસીના ઘર આગળ શેર સિમેન્ટ નાખ્યો ન હતો. કૉંગ્રેસના નેતાને બ્લોક કોને કહેવાય તે ખબર નહીં હોય. કૉંગ્રેસે સમગ્ર દેશમાં ગાંડા બાવળ વાવીને એક મોટામાં મોટું જંગલ પ્રદૂષણ ઊભું કર્યું છે. અમારી સરકારે લોકોપયોગી વન ઔષધિ વાવી છે. ૨૩ ધાર્મિક સ્થળો ઉપર નવાં ઔષધિ વન તૈયાર કર્યાં. અનુભવ કરવા અંબાજી, ચોટીલા, પાવાગઢ કે સોમનાથની મુલાકાત લેશો તો ખ્યાલ આવશે. અમારી સરકાર વિકાસશીલ અને ગતિશીલ છે. મારું વન અને પર્યાવરણ વિભાગને સૂચન છે કે, જે ડી.જે. વગાડવામાં આવે છે તે ડી.જે.નો અવાજ મર્યાદિત કરે, રાત્રિના ૧૦ કલાક પછી ડી.જે. બંધ થાય તેવી સેન્સર બોર્ડની વિનંતી છે. ડી.જે.ના લીધે અમારી આદિવાસી સંસ્કૃતિ નાશ પામવા લાગી છે. આ ડી.જે. આવવાથી આદિવાસીઓએ લગ્ન ગીત ગાવાનું બંધ કરી દીધું. તેનું નૃત્ય બંધ કરી દીધું તેના માટે ચિંતા છે. આદિવાસી લગ્નગીત આજે પણ અકબંધ રહેવું જોઈએ. આ ડી.જે. આવવાથી આપણી સનાતન સંસ્કૃતિને મોટામાં મોટું નુકસાન થયું છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણી લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી દિનેશસિંહ રા. કુશવાહ (બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક-૮૯ વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી વિભાગ ઉપર બોલવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આગમી સમય આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, ગ્રીન ટૅક્નૉલૉજી અને અંતરિક્ષ વિજ્ઞાનનો છે. હું આજે એ.આઇ. વિશે થોડા મહત્ત્વના મુદ્દાઓ ઉપર મારા વિચારો રજૂ કરું છું. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એટલે ટૅક્નિકલી કોમ્પ્યુટર અને મશીન માનવ જેવી બુદ્ધિની જેમ વિચાર કરી શકે, નિર્ણય લઇ શકે, સમસ્યા ઉકેલી શકે. આજે એ.આઇ. વિશ્વામાં એક નવી ટૅક્નૉલૉજિકલ ક્રાંતિ લાવી રહ્યું છે. આ ટેકનોલોજી આરોગ્ય, શિક્ષણ, કૃષિ સુરક્ષા અને ઉદ્યોગ જેવા દરેક ક્ષેત્રોમાં પરિવર્તન લાવી રહી છે. ભારત પણ આ ક્ષેત્રમાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

जहां विज्ञान का दीप जलता है, वहीं विकास का सूरज निकलता है।

जहां विज्ञान की तकनीक का साथ, यही है भारत के उज्जवल भविष्य की बात।

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના અંદાજપત્રમાં સમાવિષ્ટ બાબતો પર મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરું છું. માનનીય વડાપ્રધાન અને વિશ્વના લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીના વિકસિત ભારત-૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા અર્થે એક સરળ વિજ્ઞાન અને ટેકનોલોજીને નવીનતમ ઇકો સિસ્ટમ સતત આકાર આપવા તથા આપણી રાષ્ટ્રીય આકાંક્ષાઓ અને પ્રાથમિકતા સાથે સુસંગત હોય એવા અત્યાધુનિક સહયોગી સમાવિષ્ટ અને સુસંગત દ્રષ્ટિકોણનું નિર્માણ કરવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. સાયન્સ અને ટેકનોલોજી વિભાગની કામગીરી જેમાં નવા સંશોધનો, રિસર્ચ, નવી ટેકનોલોજી વિકસાવવી, સ્ટાર્ટઅપ, ઇનોવેશન લેબોરેટરી અને વિજ્ઞાનની સંસ્થાઓ, યુવાનોને સંશોધન માટે સ્કોલરશિપ, કેન્દ્ર સરકાર દ્વારા વૈજ્ઞાનિક ટેકનોલોજીની સ્કીમો, નેશનલ રિસર્ચ ફાઉન્ડેશન, સંશોધન રીસર્ચ સુધારવા માટે લગભગ રૂ.૫૦ હજાર કરોડનું લાંબાગાળાનું ફંડ અને યુનિવર્સિટી તથા સંશોધનોને મદદ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ઇન્સપાયર પ્રોગ્રામ, વિદ્યાર્થીઓને

* આ શબ્દો આક્ષેપાત્મક હોઈ અહેવાલમાંથી દૂર કરવામાં આવેલ છે.

વિજ્ઞાનની કારકિર્દી બનાવવા માટે પ્રોત્સાહન અને સ્કોલરશિપની વ્યવસ્થા કરવામાં આવી છે. અટલ ઇનોવેશન મિશનની સ્થાપના કરીને સ્કૂલ અને કોલેજમાં ઇનોવેશન અને સ્ટાર્ટઅપ કરવા માટેની વ્યવસ્થા કરીને અટલ ટેકનિક લેબ દરેક સ્કૂલે બનાવીને લોકો અને વિદ્યાર્થીઓ એની સાથે જોડાય અને નવા-નવા રીસર્ચ કરે એની વ્યવસ્થા કરી છે. હું આપને કહેવા માગું છું કે, જૂના સમયમાં આપ જુઓ તો રીક્ષાઓ કેરોસીનથી ચાલતી હતી અને અમદાવાદ શહેરનું વાતાવરણ કૉંગ્રેસના સમયમાં ખૂબ દૂષિત હતું. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ટેકનોલોજીનો ઉપયોગ ચાલુ કર્યો અને સી.એન.જી. રીક્ષા લોકોએ અપનાવી અને એનાથી ખૂબ સારું વાતાવરણ થયું. અમદાવાદ શહેરમાં જે લોકો રહેતા હશે એમને ખ્યાલ હશે કે કૉંગ્રેસના શાસનમાં કેવી વ્યવસ્થા હતી? એમની ટેકનોલોજી એટલે રીક્ષા કેરોસીનથી ચલાવવી. અમારી ટેકનોલોજી એટલે અમે સી.એન.જી.થી રીક્ષા ચલાવીએ અને વાતાવરણને શુદ્ધ બનાવીએ. બાયોટેક સ્ટાર્ટઅપ અને સંશોધનની મદદથી અમે કામ કરવાની વ્યવસ્થા કરી. નેશનલ સુપ્રીમ કમિશન મિશન જેવી ઘણી બધી ટેકનોલોજિકલ વ્યવસ્થા કરી. આપે જોયું હશે કે પહેલાં જય જવાન, જય કિસાન હતું. એમાં અટલ બિહારી વાજપેયીજીએ જોડ્યું જય વિજ્ઞાન. નરેન્દ્રભાઇ મોદીએ જોડ્યું જય અભિજ્ઞાન. એવી રીતે દરેક વ્યવસ્થામાં 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન, જય અભિજ્ઞાન.' એ બધી જ વ્યવસ્થા છે એ નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં થઇ છે. આ વિકાસની જે વાત કરી એ વિકાસની વાતમાં આપે જોયું હશે કે નરેન્દ્રભાઇ મોદી ગુજરાત મોડલ લઇને દેશમાં ગયા તો વાઇબ્રન્ટ ગુજરાતને દરેક રાજ્યોએ સ્વીકાર્યું. આની કોપી કરીને દરેક રાજ્ય કામ કરી રહ્યું છે એની શરૂઆત નરેન્દ્ર મોદીજીએ કરી છે. આજે આપ જુઓ તો વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આપણે દરેક વ્યવસ્થામાં આગળ વધ્યા છીએ. કોવિડની વાત કરીએ તો, કોવિડ વખતે પણ આપે જોયું હશે કે આપણા ભારતીય વૈજ્ઞાનિકોએ કોવિડ વેક્સિન બનાવીને વિદેશોમાં મોકલી. વર્ષો પહેલાં જોયું હશે કે કૉંગ્રેસની સરકારમાં કોઇપણ વેક્સિન વિદેશથી આવતી હતી. આપણી ભારતીય જનતા પાર્ટીએ શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કોવિડમાં વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કર્યા. કોવિડ વેક્સિન બનાવીને લોકોને વિદેશમાં પ્રોવાઇડ કરી અને કોવિડમાંથી આપણે બહાર નીકળ્યા. આજની તારીખમાં કૉંગ્રેસ એ.આઇ.નો વિરોધ કરવા માટે દિલ્હીમાં વિરોધ કરે અને વિશ્વમાં ભારતનું નામ બગાડવાનું કામ કરતી હોય પણ ભારતીય જનતા પાર્ટી, શ્રી નરેન્દ્ર મોદીની સરકારે દરેક વ્યવસ્થામાં દેશને કેવી રીતે આગળ લઇ જવો તે માટેના પ્રયત્નો કર્યા છે. આજ સુધીના ઇતિહાસમાં ભારતીય જનતા પાર્ટીના શાસનમાં વર્ષ ૨૦૧૪ પછી દરેક વ્યવસ્થાને બદલવા માટેની એમણે તૈયારી બતાવી છે. વૈશ્વિક નેતા તરીકે આખા દેશમાં સૌથી પહેલાં કોઇ વડાપ્રધાન હોય તો આપણા શ્રી નરેન્દ્ર મોદી છે જેમણે આખા વિશ્વમાં નામના કરી છે તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં નામ અમર કર્યું છે. ટેકનોલોજીની બાબતમાં આજે આપણે દરેક દેશ સાથે આગળ વધી રહ્યા છીએ. આપણે ભારતને મોટા વૈજ્ઞાનિકોની સંસ્થા બનાવી છે. હું આજે પેપર વાંચતો હતો. શ્રી જય દેસાઇ એક ગુજરાતી વૈજ્ઞાનિક છે. એમણે એક હેલિકોપ્ટર બનાવ્યું છે જે સવા કરોડ રૂપિયામાં તમને પ્રોવાઇડ કરાવશે. આજે અમદાવાદ શહેરમાં સાયન્સ સિટી છે. ગુજરાતમાં ગિફ્ટ સિટી છે. ગુજરાતમાં ઇસરો છે એવી અનેક વ્યવસ્થાઓ ગુજરાતમાં છે. હમણાં જ સાણંદની ધરતી ઉપર આપણા શ્રી નરેન્દ્ર મોદીજી આવ્યા હતા. આપણે વર્ષોથી સેમિકન્ડકટર બહારથી લઇને આવતા હતા. આજે ગુજરાતમાં સેમિકન્ડકટરની સ્થાપના થઇ છે. ટેકનોલોજીમાં મોબાઇલની વાત કરીએ તો આખા વિશ્વમાં સૌથી વધારે મોબાઇલ ઉત્પાદન કરવાનું કામ ભારતીય જનતા પાર્ટીની શાસનમાં ભારતમાં થાય છે. એવી ઘણી બાબતો આપ લઇ શકો છો. આપણે ટેકનોલોજીની બાબતમાં ખૂબ આગળ વધ્યા છીએ. જ્યારે સોશિયલ મીડિયાની વાત થતી હતી ત્યારે લોકો સોશિયલ મીડિયામાં એટલો બધો પ્રચાર કરતા ન હતા. આજે સોશિયલ મીડિયામાં કામ કરવાની કોઇએ શરૂઆત કરી હોય તો શ્રી નરેન્દ્ર મોદીજીએ કરી છે. તેઓશ્રી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે સોશિયલ મીડિયામાં ખૂબ પ્રચાર કરી દેશને આગળ લઇ જવા માટે અનેક પ્રયાસો કર્યા અને આજે આખા દેશે ગુજરાત મૉડલ સ્વીકાર્યું છે. આ સરકારે એ પ્રમાણેનું કામ કર્યું છે. આપણે ચંદ્રયાન-૩ની સફળતાની વાત કરીએ તો તારીખ ૩જી ઓગસ્ટ ૨૦૨૩ના દિવસે ચંદ્રના દક્ષિણ ધ્રુવ ઉપર સફળ લેન્ડિંગ કરનાર ભારત પહેલો દેશ બન્યો. આપણને આવી ઘણી બધી સફળતાઓ મળી છે. આદિત્ય એલ-૧ની વાત કરીએ તો આદિત્ય એલ-૧ની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટી અને શ્રી નરેન્દ્ર મોદીના શાસનમાં થઇ છે. ગગનયાન મિશન જેવા અનેક ટેકનોલોજીના કામો ભારતીય જનતા પાર્ટીના શાસનમાં થયા છે. આપણે ભૂતકાળમાં રજી સ્પેકટ્રમ ગોટાળા વિશે સાંભળ્યું હશે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી આજસુધી કોઇ ગોટાળો થયો નથી. હવે 5G આવી ગયું છે. અમે કોઇ ગોટાળા કરતા નથી. કોલસા કૌભાંડ હોય કે બીજા કોઇપણ કૌભાંડની વાત કૉંગ્રેસના ભાગે જ જાય છે. કૉંગ્રેસ જ કાયમ કૌભાંડનું કામ કરતું હોય છે. હું જ્યારે ભારતીય જનતા પાર્ટીના એક કાર્યકર્તા તરીકે કામ કરતો હતો ત્યારે અમારા નેતા અમને કહેતા કે તમે પ્રચારમાં કૉલર ઉંચે રાખીને જાઓ તમને કોઇ બોલવાવાળું મળે તો અમે બેઠા છીએ. એવી ભારતીય જનતા પાર્ટીની સંસ્કૃતિ છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાને નેતાઓ કહેતા હોય કે તમે જાઓ અને તમને કોઇપણ વિષયમાં, કોઇપણ તકલીફ પડે તો અમે બેઠા છીએ એવા ભારતીય જનતા પાર્ટીના સંસ્કાર છે. ભારતીય જનતા પાર્ટીના સંસ્કાર જોઇએ તો કૉંગ્રેસના શાસનમાં તપેલામાં મીટ બનાવતા હોય અને ભારતીય જનતા પાર્ટીના શાસનમાં શ્રી નરેન્દ્ર મોદીજી નિર્જળા એકાદશીનો ઉપવાસ રાખી, વિદેશને સંદેશો આપે. નિર્જળા એકાદશી રાખવા પાછળનું રહસ્ય છે. તમે નિર્જળા એકાદશી કરો તો તમને કેન્સર ના થાય. આપણા ઋષિમુનિઓ વખતથી આપણી સંસ્કૃતિ ટેકનોલોજી સાથે જોડાયેલી છે. દરેક વ્યવસ્થામાં આગળ રહેવા માટે આપણા ઋષિમુનિઓએ આપણને આ બધી દેન આપી છે. આપણા તહેવારો પણ ટેકનોલોજી સાથે જોડાયેલા છે. આપણા સનાતન

ઘર્મે વર્ષોથી ટેકનોલોજીનો ઉપયોગ કરી દેશને આગળ લઇ જવા માટેનું કામ કર્યું છે. ડિજિટલ ઇન્ડિયાની વાત હોય, સ્ટાર્ટઅપ ઇનોવેશનની વાત હોય, સેમિકન્ડકટર મિશનની વાત હોય એ દરેક વ્યવસ્થામાં આપણે પ્રગતિ કરી છે. ઇસરોએ અવકાશ સંશોધનમાં પ્રગતિ કરી છે. આપણે ફિઝિકલ રીસર્ચ લેબોરેટરીમાં પ્રગતિ કરી છે. આપણી કામ કરવાની પદ્ધતિમાં જો ફેરફાર હોય તો વિકાસ આપોઆપ થાય. તમે સાચી દિશામાં સારા કામ કરો તો તમને ભગવાન પણ સાથ આપતા હોય છે. આજે આટલી બધી સંખ્યા આવી છે એમાં પણ ટેકનોલોજીનો વિષય છે. આજે હું બધા ધારાસભ્યશ્રીઓ વતી આપણા જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલને જન્મદિવસી શુભેચ્છા પાઠવું છું.દરેક વ્યવસ્થામાં જેમણે ટેકનોલોજીનો ઉપયોગ કર્યો અને વ્યવસ્થાને આગળ વધારી છે. ભારતીય જનતા પાર્ટી કાયમ ટેકનોલોજી અંતર્ગત પવન ઊર્જા, સોલાર ઊર્જા, ગીફ્ટ સિટી, ફાર્મા, બાયોટેક, એરોસ્પેસ ઉદ્યોગ દરેક વ્યવસ્થામાં ટેકનોલોજીને સાથે જોડીને કામ કઇ રીતે આગળ વધે એના માટેની વ્યવસ્થા કરે છે. ગુજરાત અવકાશ સંશોધન, પવન ઊર્જા બધામાં માસ્ટર છે. સોલાર એનર્જીમાં ગુજરાત નંબર વન છે. દરેક વ્યવસ્થામાં ગુજરાત નંબર વન છે. વાયબ્રન્ટ ગુજરાતની વાત હોય કે સેમી કન્ડકટરની વાત હોય તો ગુજરાત અગ્રેસર છે. ગુજરાતે દેશને રાહ ચીંધ્યો છે. દેશને આઝાદી આપનાર ગાંધીજી અને સરદાર એ ગુજરાતના હતા અને આજે દેશને આગળ લઇ જનાર શ્રી નરેન્દ્રભાઇ અને શ્રી અમિત શાહ ગુજરાતના છે અને તેઓ ટેકનોલોજી થકી ગુજરાત અને દેશને આગળ લઇ જવામાં અગ્રેસર છે. ધોલેરા 'સર', ગિફ્ટ સિટી એમણે બનાવ્યા. સાયન્સ સિટી અમદાવાદ શહેરમાં આજે ચાલે છે. ગ્રીન ફાઉન્ડેશન પ્રોજેક્ટ, સોલાર અને પવન ઊર્જા પાર્કની વાત હોય, ફાર્મા માટે ગુજરાતે ખૂબ પ્રોગ્રેસ કર્યો છે. સ્વ.શ્રી અટલબિહારી બાજપાઇના નામે અટલ ટેક લેબ દરેક સ્કૂલમાં બનાવી છે. (અંતરાય)

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે ગટરમાંથી ગેસ કઇ રીતે બને એ માનનીય ધારાસભ્યશ્રી માહિતી આપે?

સભાપતિશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર બનતો નથી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા (ડેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં વન અને પર્યાવરણ મંત્રીશ્રી તેમની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ સાથે અમે જોડાયેલા લોકો છીએ. અમારો સમાજ આદિ-અનાદિ કાળથી જંગલોમાં રહે છે અને પ્રકૃતિને પૂજે છે. એ ચાહે નદીઓ હોય, નાળાઓ હોય, પર્વતો હોય, અમે પણ બધા બાળપણથી એની સાથે જોડાયેલા છીએ. વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અંતર્ગત એવું સ્પષ્ટ પ્રાવધાન કરેલ છે, એમાં વર્ષ ૨૦૦૮માં નવા સુધારા થયા અને વર્ષ ૨૦૧૨માં એમાં સુધારાઓ થયા અને એમાં એવા પ્રાવધાનો કરવામાં આવ્યા કે વન અધિકાર અંતર્ગત ચેપ્ટર-૩ ની કલમ-૪ અને ૫ માં લખવામાં આવ્યું છે કે કોઇપણ વન જમીન ખેડનારાઓએ દાવો કર્યો છે અને સનદો મળી છે, અગર દાવો એમનો પેન્ડિંગ હોય છતાં વન વિભાગ એમના ભોગવટા હેઠળની કોઇ પણ જાતની જમીન ખાલી કરાવી શકશે નહીં એવું પ્રાવધાન છે. લેન્ડ ગ્રેબિંગ એક્ટ-૨૦૨૦ અંતર્ગત પણ એવું પ્રાવધાન કરવામાં આવ્યું છે કે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ કરેલા દાવા મંજૂર થયેલ હોય અન્યથા અનિર્ણિત હોય ત્યાં સુધી વન વિભાગ દાવો કરનાર દાવેદારની ખેડાણ હેઠળની જમીન ખાલી કરાવવા કોઇ હસ્તક્ષેપ કરી શકતું નથી. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે અમારો ઉકાઇ ડેમ દક્ષિણ ગુજરાતની જીવાદોરી સમાન ડેમ છે. જેને બનાવવા માટે દેશને અને પ્રદેશને જરૂર પડી તો ઉકાઇ વિસ્તારનાં ગામડાં જેમ કે પાડી, હલગામ, દોઘનવાડી, નાની નાલ, સોરતા, કાકરપાડા, મોટા કાકડીયાંબા, ભાદર, પોરોડી, ઘવલીવેલ જેવા કેટલાય ગામોએ પોતાની જમીન આપી અને વિસ્થાપિત થઇને જ્યારે જંગલની જમીન પર હતા ત્યાં પાકા અને કાચા મકાનો હતા. એમણે વર્ષ ૨૦૧૦માં ડોંગરીપાડા જે ઉમરપાડામાં છે ત્યાં વન અધિકાર સમિતિના ઠરાવ મુજબ એમણે દાવા અરજીઓ પણ કરી. એમાં ૬૦૮ દાવાઓમાંથી ૨૩ જેટલી દાવા અરજી મંજૂર થઇ અને બીજી પડતર છે. ગત વર્ષે વન વિભાગ દ્વારા પોલીસ બંદોબસ્ત લઇને ૨૦૦ જેટલા ઘરો કોઇ પણ જાતની નોટિસ કે જાણકારી વગર તોડી પાડવામાં આવ્યા છે. ૪૦૦ જેટલા પરિવારો જેમની જમીન વર્ષોથી ખેડતા હતા અને ત્યાં ઊભો પાક હતો એને નષ્ટ કરી દેવામાં આવ્યો. જ્યારે તેના આગેવાન અને વન સમિતિના પ્રમુખો રજૂઆત કરવા ત્યારે તેના પર લાઠીચાર્જ કરવામાં આવ્યો. એમના પર ફરિયાદ કરવામાં આવી. ૬ જેટલી મહિલા સહિત ૩૬ લોકો પર ફરિયાદ થઇ. હું પણ પોતે વન વિભાગમાં રજૂઆત કરવા માટે ગયો ત્યારે ત્યાં પ્રાંત, કલેક્ટર અને ત્યાંના ડિવિઝનમાં પણ વાત કરી. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઇ હતા એમને પણ રજૂઆત કરી. જે તે વખતે વનમંત્રી શ્રી મૂળુભાઇ બેરા હતા એમને પણ હું રૂબરૂ મળ્યો. મુખ્યમંત્રીશ્રી કાર્યાલયમાં ખેડૂતો આવ્યાં છતાં આજ દિન સુધી એમને ન્યાય મળ્યો નથી. કોર્ટમાં કેસ પેન્ડિંગ હોવા છતાં મારે જ્યારે એમનો જવાબ આવે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કોના કહેવાથી વર્ષોથી રહેતા લોકોને આ પ્રકારની હેરાનગતિ કરવામાં આવે છે? એમને શાંતિથી રહેવા-દેવામાં આવે, એ વિસ્થાપિતોને જીવવા દેવામાં આવે એવી મારી વિનંતી છે. બીજી વિનંતી, અમારા ૭ ટર્મના સાંસદ એમનું ગામ જૂનારાજ વર્ષોથી ઐતિહાસિક અને પૌરાણિક ગામ છે. ત્યાં વર્ષ ૧૮૩૪નું નિલકંઠેશ્વર મહાદેવનું પણ મંદિર છે. એ લોકો કરજણ ડેમમાં વિસ્થાપિત થયા અને રસ્તો ડૂબ્યો. આ રસ્તો વર્ષ ૨૦૧૯માં મંજૂર થઇને આવ્યો. ૧૬ કિલોમીટરનો રસ્તો હતો. માનનીય સાંસદ સાહેબે અને અમે બધાએ રજૂઆત કરી. એક બાજુ સ્ટેચ્યૂ ઓફ યુનિટીમાં રાતોરાત પ્રોજેક્ટો આવીને મંજૂર થઇ

જાય. એકબાજુ આદિવાસીઓને જવા માટે રસ્તો મંજૂર થતો નથી. એ જ પ્રકારે અમારા વિસ્તારમાં પ્રોજેકટમાં રાતોરાત ચાહે સાપુતારાનો ગ્રીન કોરીડોર હોય, માલ–સામાન માટેનો પ્રોજેક્ટ હોય, સફારી પાર્ક હોય મંજૂર થઇ જાય. આદિવાસીઓ આદિ–અનાદી કાળથી રહે છે એમના માટે રસ્તાની મંજૂરી મળતી નથી. જૂનારાજ રસ્તાની વાત મેં આગળ પણ કરી હતી. આજે પણ ગૃહને વિનંતી કરું છું કે એ રોડ સત્વરે ચાલુ કરી દેવામાં આવે. એજ પ્રકારે અમારા વિસ્તારમાં દીપડાનો બહુ જ ત્રાસ છે. ચાલુ વર્ષે ૧૨ જેટલા લોકોને દીપડાઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો જેમાં ૬ લોકોના મૃત્યુ થયા અને ૬ લોકો અતિગંભીર થયા. મારી વિનંતી છે કે દીપડાઓનું રેસ્ક્યુ કરીને રેસ્કયુ સેન્ટરમાં લઇ જવામાં આવે એવી વિનંતી છે અને દીપડાઓથી થતા હુમલા અટકાવવામાં આવે એવી મારી માગણી છે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી મોહનભાઇ કોંકણી.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી (વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રભારી મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબ અને માનનીય પ્રવિણભાઇ માળી સાહેબ વર્ષ ૨૦૨૬–૨૭ની અનુદાનની માગણીઓ લઇને આવ્યાં છે ત્યારે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના સૌથી લોકપ્રિય અને શક્તિશાળી નેતા આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં આ ગૃહના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી માનનીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ છેલ્લા બે દાયકાથી ''સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ''થી આ ગુજરાતમાં ખૂબ સારું કામ કરી રહ્યા છે ત્યારે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ વન અને પર્યવારણની જાળવણી ખૂબ પ્રશંસનીય થઇ રહી છે. વન અને પર્યવારણનું બજેટ રૂ.૩૫૬૦ કરોડ જેટલી માતબર રકમ સાથે માનનીય પ્રભારીમંત્રી લઇને આવ્યા છે ત્યારે એને હું અનુમોદન આપું છું. સાથે સાથે આભાર માનવા માગું છું કે, આ ગૃહના નેતા અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ, ઉપ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી સાહેબ, નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ, માનનીય શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા સાહેબ અને માનનીય પ્રવિણભાઇ માળી સાહેબનો દિલથી આભાર માનું છું કે આટલી મોટી માતબર રકમ લઇને આવ્યાં છે. વન અને પર્યાવરણનું રક્ષણ, હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર જંગલ, પહાડો અને નદીઓથી આચ્છાદિત છે ત્યારે પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે જોડાયેલા છીએ અને વન મહોત્સવની શરૂઆત વર્ષ ૨૦૦૪ પછી અત્યારના પ્રધાનમંત્રીશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ શરૂઆત કરી. વન મહોત્સવ સમગ્ર દેશમાં ફક્તને ફક્ત ખાનાપૂર્તિ કરવાની સાથે સાથે ફક્ત જે પાટનગર હોય એ પાટનગરમાં મુખ્યમંત્રીશ્રી અથવા વિભાગના અધિકારીશ્રીઓ ભેગા થઇને ખાનાપૂર્તિ કરવા માટે વન મહોત્સવ ઉજવતા હતા. વર્ષ ૨૦૦૪ પછી આ ગુજરાતમાં શરૂઆત થઇ અને વન મહોત્સવ માત્ર પાટનગર ખાતે જ નહીં,પરંતુ દરેક જિલ્લા કક્ષાએ અને જિલ્લામાં પણ જે રાજય કક્ષાનો જે વન મહોત્સવ અલગ અલગ જિલ્લાઓમાં યોજવામાં આવ્યા હતા. તેથી સાથે સાથે જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ વન મહોત્સવો ઉજવાતા હતા. આજે પણ દરેક વ્યકિત જે વન અને પર્યાવરણ સાથે જોડાયેલો છે તે વ્યકિતની વનો સાથેની લાગણી રહી છે. જે જીવ સૃષ્ટિની વાત હોય એમાં ખૂબ સારી કામગીરી થઇ રહી છે. આજે વનોનું જે મહત્ત્વ છે, જે પર્યાવરણની જાળવણી અને તેનુ સંતુલન આપણે કઇ રીતે કરી શકીએ તેનું આજે આપણી પાસે ઉત્તમ ઉદાહરણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજય સરકાર અને રાજય સરકારના જે વન અને પર્યાવરણ મંત્રી તેઓએ સારામાં સારું ઉદાહરણ પૂરું પાડયું છે. ઋતુચક્રને નિયંત્રિત કરવા માટે, આબોહવાની જાળવણી કરવા માટે અને તેની સાથે સાથે જમીનની ફળદ્રુપતા જાળવવા માટે વનોનું ખૂબ જ મહત્ત્વ છે. જો વિનાશકારી પૂર આવ્યું હોય તો તેને અટકાવવા માટે કદાચ વન હોય અને તેને પણ અટકાવવાનું કામ કરી રહ્યા છે. આજે વનોમાંથી આપણને જલાઉ લાકડા હોય, વન પેદાશો હોય એ બધી આપણને મળતી હોય છે. આજે જયારે વન પેદાશ જે અમારા જેવા જંગલ વિસ્તારના જે લોકો છે ફકત જંગલ વિસ્તારમાં રહી અને લાકડાનો ઉપયોગ કરતા નથી, પરંતુ ગૌણ પેદાશોનો ઉપયોગ કરી અને લોકો જે ગુંદર હોય, ટીમરુના પાન હોય, ડોળી હોય, મૂળ હોય કે દરેક વન પેદાશો છે તે વીણી લઇ તેમાંથી આર્થિક ઉપાર્જન કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વન અને પર્યાવરણની જે વાત થાય છે એટલા માટે વાત કરીશ કે, જયારે અમારો આદિવાસી સમાજ જે વન ગૌણ પેદાશ વીણવા માટે કે લેવા માટે જતો હોય ત્યારે આજે પર્યાવરણની વાત આવે છે તો દૂષિત પાણી હોય કે આજે કદાચ શહેરી વિસ્તારમાં જઇએ તો દૂષિત પાણી આપણને મળતું હોય છે પરંતુ જે ઝરણાં, કંદરાઓ એમાંથી જે હાથથી ખાબોચિયાં સાફ કરીને પાણી પીતા હોય છે તો પણ કદાચ કોઇ બીમારી નહીં અને કોઇ ખાંસી કે શરદી પણ થાય નહીં એ પ્રમાણે જે કુદરતી જે ઝરણાંઓ છે તે ઝરણાંઓનો ઉપયોગ અમારો આખો સમાજ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વનો આપણને કેટલા ઉપયોગી થાય છે તેની આપણને ખબર છે અને જે ભજન ગવાય છે કે, ''જીતે ભી લકડી, મરતે ભી લકડી, દેખ તમાશા લકડી કા''. આવા જે ભજનો પણ ગવાય તેની સાથે સાથે જે આપણા વિસ્તારમાં જે વન અને પર્યાવરણ અને તેનું સંતુલન જાળવવા માટે કદાચ આપણને સૌને યાદ છે કે, જે વર્ષ–૨૦૨૦માં કોરોના આવ્યો હતો. કોરોના આવ્યો હતો ત્યારે ટાઉન એરિયામાં કે સિટી એરીયામાં જે લોકો હોય તે મોટાભાગે જંગલ વિસ્તારમાં આવતા થઇ ગયા અને ત્યાં જંગલ વિસ્તારમાં આવીને જે દવા અથવા દવા સાથે કદાચ જે ઔષધિઓ છે તેનો ઉપયોગ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યારે આજે વનોનું જે મહત્ત્વ છે અને આપણને એ વખતે અસલ આપણને ખબર પડી કે જે ઓક્સિજન છે તેની કિંમત શું છે? અને તે વખતે તમામ લોકોને ઓકિસજનની મહત્તા સમજાઇ. અને તેની સાથે સાથે જે આચ્છાદિત વનો, પહાડો અને ઝરણાંઓ એ અમારા આદિવાસી સમાજના માત્ર મિત્ર જ નહીં પરંતુ તે સંતની જેમ આપણને ખૂબ સારા ઉપદેશો પણ આપે છે. કદાચ કોઇ ફળાઉ ઝાડ હોય અને ત્યારે આપણે પત્થર મારતા હોઇએ અને પત્થર મારીએ તો પણ તે ઝાડ આપણને ફળ આપતું હોય છે. આપણે પત્થર મારીએ તો પણ તે આપણને છાંયડો આપવા માટે ભૂલતું નથી, આપણે પત્થર મારીએ તો પણ તે આપણને ઓકિસજન આપવાનુ ચૂકતું નથી અને આપણે પત્થર મારતાં હોઇએ તો પણ માત્ર અને માત્ર એક સંત તરીકે આપણું ભલું જ વિચારતું હોય છે. ત્યારે જે એ સમયના કવિઓ અને એક બાલ કવિઓ દ્વારા લખાયેલ બાલ માનસપટ પર જે વારંવાર કદાચ બાળગીત આવતું હોય કે, ''તરુનો બહુ આભાર, જગત પર તરુનો બહુ આભાર''. આજે જે વૃક્ષો અને તરુ જે કલ્યાણકારી રીતે માનવી માટે કામ કરી રહ્યું છે. આજે એ જ પ્રકારે કદાચ વર્ષોથી કવિ અને લેખકોને પણ યાદ હશે અને તેમને પણ ખ્યાલ હશે કે આવનારું ભવિષ્ય કેવું થવા જઇ રહ્યું છે. વનો અને પ્રકૃતિ, વન અને પર્યાવરણ અતિ મહત્ત્વનું છે. એના માટે એમણે લખ્યું છે કે, ''હું ગુલામ, સૃષ્ટિ બાગનું અમૂલ્ય ફૂલ માનવી ગુલામ, સ્વતંત્ર પ્રકૃતિ તમામ, એક માનવી જ શું કામ ગુલામ'', આજે જે પર્યાવરણની સંતુલનતા ખોરવાઇ છે એના માટે કવિશ્રી ઉમાશંકર જોષીએ પણ લખ્યું છે કે આપણે ગુલામ કઇ રીતે, આજે પ્રકૃતિ સ્વતંત્ર છે અને એની સાથે પશુ, પંખી અને વનસ્પતિ એ તમામ સ્વતંત્ર છે તો માત્ર અને માત્ર માનવી જ શા માટે ગુલામ? અને આજે આ પ્રકૃતિ, સંસ્કૃતિ અને પર્યાવરણ સાથે આપણે જોડાઇને એના માટે કંઇક પ્રયત્ન કરવો જોઇએ અને એનાથી આપણને પ્રતીતિ થાય કે વનો અને પર્યાવરણનું આપણે જતન કરીશું તો ભવિષ્યના લોકોનું જે જીવન છે એ વિનાશ તરફ નહીં પણ વિકાસ તરફ જાય એના માટે આપણા સૌના પ્રયત્નો રહેવાના છે. હું ખુશી સાથે વાત કરવા માગું છું કે, માત્ર અમારો આદિવાસી સમાજ કે વન વિસ્તારમાં રહેતો સમાજ એ માત્ર જંગલ ઉપર નભતો જ નથી, એનું કટિંગ કરતો નથી પરંતુ એની સાથે અમારા જે લોકો છે જે તે વૃક્ષો વાવે છે, અમારા લોકો વન કલ્યાણ સમિતિ સાથે, એની સાથે વન મંડળીઓ છે અને જંગલ મંડળીઓ છે, જે કદાચ કૂપ આપવામાં આવે, કૂપ આપે દસ ઝાડો કદાચ કપાતા હોય, હમણાં તો લગભગ કૂપ બંધ છે પણ ૧૦ ઝાડ કદાચ કપાય તો એના બદલામાં ૧૦૦ ઝાડો એ અમારો સમાજ રોપતો હોય છે. એની સાથે સાથે જે વન કલ્યાણ સમિતિ અને એની સાથે સાથે સાથે જે જંગલ મંડળીઓ છે એ લોકભાગીદારીથી જે અમારા ગામના તમામે તમામ લોકો મોટા ભાગે કોઇ માનદ વેતન લીધા વગર વન વિભાગ સાથે જોડાઇ એમના અધિકારીઓ સાથે જોડાઇ અને સાથે જોડાઇને દરેક ગામની ટુકડીઓ બનાવીને જંગલનું રક્ષણ કરવા માટે પોતાનું ટિફિન, પોતાનો સમય, એ સવારે જાય અને સાંજ સુધીમાં ૨૫-૩૦ની ટુકડી બનીને પોતાના ગામના વિસ્તારની ટીમ હોય એની સાથે જોડાઇ સવારથી સાંજ સુધી જંગલની જાળવણી પણ કરતા હોય છે. એની સાથે સાથે અમે તાપી જિલ્લામાં લગભગ ગયા વર્ષે લગભગ ૨૦૨૪-૨૫માં અમે રેકોર્ડ કર્યો અમારા પ્રભારી મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ સાહેબ હતા, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ તેઓ સોનગઢના ચાંપાવાડી ગામ ખાતે અને વ્યારાના ડુંગર ગામ ખાતે લગભગ પાંચ મિનિટમાં એક સાથે જે તે વ્યકિતએ પોતે જ ખાડો ખોદી અને એમાં રોપા એક વ્યકિત રોપે એવા દસ હજાર વૃક્ષો એક સાથે રોપવાનો પણ રેકોર્ડ કર્યો છે. એની સાથે સાથે વ્યારા તાલુકાનું ડુંગર ગામ છે ત્યાં એક બાળક સાથે એની મોં, અને એ પણ માનનીય મુકેશભાઇ પટેલ સાહેબ અને શ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ સાથે રહી એ કાર્યક્રમ ખૂબ સારી રીતે પાર પાડયો છે અને આજે પણ જોવા જઇએ તો એક પણ વૃક્ષ અને એક પણ છોડ ત્યાં મર્યો નથી. અમે ત્યાં ડ્રીપ પદ્ધતિથી આખું વન બનાવી દીધું છે અને અમારો આદિવાસી સમાજ અને વન સાથે સંકળાયેલો જે સમાજ છે એ જંગલનું નિકંદન નહીં પણ જંગલનો વિકાસ કરવાવાળા અમે તમામ આદિવાસી છીએ. વનો સાથે અમે જોડાયેલા તો છીએ જ પરંતુ એની સાથે સાથે આજે પર્યાવરણની વાત છે. આજે પર્યાવરણનું સંતુલન કદાચ ન જળવાય તો આપણું ગુજરાત નહી, સમગ્ર દેશ નહીં પણ સમગ્ર વિશ્વ એની સાથે ચિંતિત થઇ અને આપણો જે વિશ્વ જેના માટે ચિંતા કરી રહ્યું છે, પ્લાસ્ટિકની જે વાત છે આજે સિંગલ યુઝ પ્લાસ્ટિક એના માટે અહીં ગૃહમાં તમામ સભ્યો જે બેઠાં છે એ તમામ સભ્યોએ આજે વિચારવાની જરૂર છે કે આપણે પોતે પ્રણ લઇએ, આપણે પોતે નિર્ણય લઇએ કે સિંગલ યુઝ પ્લાસ્ટિક હવે પછી આપણે નહીં વાપરીએ. વન અને પર્યાવરણના માનનીય મંત્રીશ્રી અને સરકારે ખૂબ સારામાં સારા નિર્ણય લીધા છે. સરકારે સારામાં સારા નિર્ણયો લીધા છે ત્યારે....

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન મંત્રીશ્રી જે માગણી ક્રમાંક - ૧૪, ૨૬, ૨૭ અને ૭૯ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એશિયામાં જો ક્યાંય સિંહ વસતા હોય તો એ આપણા ગુજરાતમાં વસે છે. જૂનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ ઉપરાંત છેલ્લાં બે-ચાર વર્ષથી બોટાદ જિલ્લામાં પણ પરિવાર સાથે આવી ગયા છે. આપણા વિભાગની કામગીરી ખૂબ સારી છે એના કારણે સિંહોની વસતી વધે છે. એની સાથે સૌથી મોટી ચિંતા એ છે કે એમનું અપમૃત્યુ થવાની સંખ્યા પણ વધી ગઇ છે. એના માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે સિંહોના અકુદરતી મૃત્યુના આંકડા પર અંકુશ આવે એના માટે ખાસ વિચારણા કરવામાં આવે.

ફાલ્ગુન ૨૫, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા **(** વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગ માત્ર રાજ્ય, દેશ માટે નહિ પરંતુ વિશ્વ અને માનવ સંસ્કૃતિ માટે, જીવસૃષ્ટિ માટે અગત્યનો વિભાગ છે. આપણા શાસ્ત્રોએ પણ હંમેશા પ્રકૃતિની પૂજા કરી છે અને પ્રકૃતિના ગુણગાન ગાયા છે. આપણા વેદોમાં લખ્યું છે કે,

''यावत भूमंडलम धत्ते सशैल वन काननं,

तावत तिष्ठति मेदिन्यः संतति पुत्र पौत्रिकी।।''

માનનીય અધ્યક્ષશ્રી, એટલે કે જ્યાં સુધી પૃથ્વી વૃક્ષો, પહાડો અને વનોથી આચ્છાદિત રહેશે ત્યાં સુધી મનુષ્યના સંતાનોની તમામ જરૂરિયાતો પૂરી થતી રહેશે. આપણા કવિઓએ પણ હંમેશા પ્રકૃતિને ધ્યાનમાં રાખીને ગીતો ગાયા છે. આપણે સૌએ સાંભળ્યું છે કે ''કોટે મોર ટહુક્યાં, વાદળ ચમકી વીજ, મારા રુદાને રાણો સાંભર્યો, વાદળ ચમકી વીજ.'' આપણા લગ્ન ગીતો પણ હંમેશા પક્ષીઓને, પ્રાણીઓને અને પ્રકૃતિને નજરમાં રાખીને ગાવામાં આવે છે. અહીંયા બેઠેલી બહેનોએ વારંવાર ગાયું હશે કે ''મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપાની પાંખ, એવી સોનાની ચાંચે રે મોરલો મોતી ચણવાને જાય.'' આ આપણી સંસ્કૃતિ છે. આપણી સંસ્કૃતિ કાપવાની નહિ પણ જીવાડવાની છે. આપણી સંસ્કૃતિ દરેક જીવોના ગીતો ગાવાની છે એટલા માટે જ ભારતમાં સંસ્કૃતિ પણ ટકી રહી છે અને વન વિભાગ પણ ટકી રહ્યો છે. ગુજરાતમાં લગભગ ૧૧.૧૪ ટકા વનવિસ્તાર આવેલો છે. એ રાષ્ટ્રીય સરેરાશ કરતાં થોડો ઓછો છે પરંતુ એને જાળવવા માટેના જે પ્રયાસો થયા છે એ ભારતમાં અગ્રિમ હરોળમાં મૂકી શકીએ એ પ્રકારના થયા છે. વન વિભાગમાં આપણા સૌનું ગૌરવ હોય તો એ આપણા પ્રાણીઓ, આપણી વાઇલ્ડ લાઇફ છે. આપણે ત્યાં સિંહોની વસતી ઘટી ગઇ હતી. ત્યારે એમ હતું કે હવે ઘટતી ઘટતી ક્યાં પહોંચશે? પણ એ ઘટતી વસતીને આગળ વધારીને જે છેલ્લી વસતી ગણતરી થઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇએ જાહેરાત કરી ત્યારે સિંહોની સંખ્યા ૮૯૧ થઇ છે અને એમાં ૩૨ ટકાનો વધારો થયો છે.સમગ્ર દુનિયામાં એક આપણા એશિયાઇ અને બીજા આફ્રિકા એમ બે જગ્યાએ સિંહો વસે છે. આપણે ત્યાં સિંહોની વસતી સતત વધતી રહે છે, જ્યારે આફ્રિકાના સિંહોની વસતી ઘટે છે. છેલ્લી ગણતરી મુજબ આફ્રિકામાં સાત સિંહોની વસતી ઘટી છે. તેનું કારણ એ છે કે આપણે પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધ્યું છે. આ તાદાત્મ્ય સાધવામાં રાજ્ય સરકારના અને વિભાગના પ્રયાસો હશે પણ સાચા અભિનંદનને પાત્ર મારા વન વિભાગના અધિકારીઓ તથા વનમાં વસતાં મારા આદિવાસી અને માલધારી ભાઇ–બહેનો છે કે જેમણે હંમેશા પ્રકૃતિનું સંરક્ષણ કરવાનું, સિંહોને જાળવવાનું કામ કર્યું છે. એટલા માટે જ આપણે સિંહને એક સહ અસ્તિત્વ તરીકે સ્વીકાર્યું છે. અત્યાર સુધીનો મારો અનુભવ છે કે, કોઇ આદિવાસી કે કોઇ માલધારીએ આવીને ફરિયાદ નથી કરી કે, અમને આ વન્ય પ્રાણી રંજાડે છે. તેઓ હંમેશા વન્ય પ્રાણીઓ સાથે સહ અસ્તિત્વ સ્વીકારીને આગળ વધ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા વન વિભાગના કર્મચારીઓને અભિનંદન આપું છું. તેમણે રાત–દિવસ જોયા વગર વન્ય પ્રાણી, વન્ય સૃષ્ટિ અને વન્ય જમીનોનું રક્ષણ કર્યું છે. એટલા માટે જ ક્યાંક નાના–મોટા સંઘર્ષો થયા હોય, ક્યાંક પરેશાની થઇ હોય તો પણ આપણા વન વિભાગમાં ફરજ બજાવતાં આપણાં વનપાલ ભાઇ–બહેન કે અધિકારીએ હૃદયપૂર્વક તેને બચાવવાનું કામ કર્યું છે. આજે તમે કોઇના ખેતરમાં કે સરકારી જમીનમાં ઘૂસી શકો પણ વન વિભાગની જમીનમાં કલેક્ટરને આવવું હોય તો પણ વન વિભાગના અધિકારીને સાથે જવું પડે તે સંસ્કૃતિ ખીલવી છે અને તેની જાળવણીમાં અમને શ્રી ભુપેન્દ્રભાઇ પટેલે નેતૃત્વ અને માર્ગદર્શન આપ્યું છે. હમણા વાઇલ્ડ લાઇફ બોર્ડની મિટિંગમાં સરકારી અને બિનસરકારી પ્રતિનિધિ હાજર હતા. બિનસરકારી પ્રતિનિધિઓ જે પર્યાવરણી સુરક્ષા માટે સતત પ્રવૃત્તિશીલ રહેનાર સભ્યો કશું બોલ્યા નહીં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે ''આપણને જાગતાં રહેનારનું શું કહેવાનું થાય છે?'' તેમણે જે સૂચન કર્યા તે મુજબ બોર્ડની મિટિંગમાં નિર્ણય લેવાયો. આ રીતે આપણે આ પ્રાણીઓને બચાવવાનું કામ કરીએ છીએ. સિંહ તો આપણું ગૌરવ છે. માનનીય ભગાભાઇ હાજર નથી પણ તેઓ એવું કહે કે, ''સિંહ લઇ જાઓ તો સાથે દીપડા પણ લઇ જાઓ.'' કારણ કે જ્યાં સિંહ આવશે ત્યાં દીપડા છાનામાના થઇને બેસી રહે. આ હકીકત છે. મજાકમાં લેવું હોય કે પોલિટિકલ લેવું હોય તો પણ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : દીપડાઓનું સંરક્ષણ સિંહ હોય ત્યાં સુધી જ થતું હોય છે તેવું?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જૈન સમાજના પ્રતિનિધિઓ રજૂઆત કરવા આવ્યા. પાલીતાણાના પવિત્ર ડુંગર ખાતે લાખો લોકો આવે છે અને ત્યાં ૧૨ જેટલા સિંહ આવી ગયા હતા. અમારા નાયબ મુખ્યમંત્રીશ્રી પણ ચિંતિત હતા કે તેના કારણે પ્રવાસીઓને વિક્ષેપ પડશે. સામાન્ય રીતે જૈન સમાજને પ્રાણીઓ સાથે બહુ નજીકનો વ્યવહાર ન હોવાના લીધે સ્વાભાવિક રીતે તેમને ડર લાગે. અધિકારીઓ સાથે મિટિંગ કરી. તે વખતે દીપડા અને સિંહ બંને હતાં. આનંદજી કલ્યાણજીની પેઢીએ ચિંતા વ્યક્ત કરી કે સિંહને અહીંથી ઉઠાવી જાઓ. અમારા અધિકારીઓએ સમજાવ્યા કે, સિંહને ઉઠાવીશું તો દીપડા આવી જશે એટલે સિંહ રહે તે સારું. આખરે તે સહમત થયા. ત્યારબાદ જે એમનો અનુભવ થયો, તે હું આપને કહેવા માગું છું. જૈન પ્રવાસીઓની છ ગાઉની યાત્રા પૂરી થયા પછી મને એક જૈન શ્રેષ્ઠીએ મેસેજ કર્યો છે , "This sunday morning, I along with my family had the divine opportunity to undertake the, ફાગણ સુદ–૧૩ છ ગાવ યાત્રા, on the sacred hills of Shatrunjaya at Palitana. On this day, more than a lakh

people visited and undertaken the divine yatra which started as early as 2 a.m. at night, વહેલી સવારના બે વાગ્યે યાત્રા શરૂ થઇ. એક લાખ લોકો હતા. With the support of Aanandji Kalyanji's Pedhi, the Palitana Police and the Forest Department managed everything very smoothly. Due to recent movement of lions on the hills there was always a scare or thought of it, but the Forest Department was still working on toes. We could see the trackers and rangers with torch lights active all night. Drones were seen flying for surveillance and special care was taken for everyone with wildlife safety. Appreciation for the team involved for the flawless management, Jay Jinendra, Warm regards". યાત્રાળુઓનો સંદેશો છે અને હું માનું છું કે આનાથી મોટું એપ્રીસીએશન મારા વન વિભાગના કર્મચારીઓ માટે શું હોઇ શકે? આ જે મેં વાત કરી એ પ્રમાણે સિંહો માત્ર ગીરમાં હતા અને એની આસપાસમાં ઇકો સિસ્ટમ બની. વર્ષ ૧૯૮૨થી સેકન્ડ હોમ ફોર લાયનનું બજેટમાં પ્રોવિઝન ચાલતું હતું. એ આજદિન સુધી ચાલતું રહ્યું પણ સિંહો ન આવ્યા. વર્ષ ૨૦૨૩માં પહેલો સિંહ આવ્યો. એની ઇકો સિસ્ટમ ગોઠવી. હું મારા પૂર્વમંત્રીશ્રી મૂળુભાઇનો આભાર માનું છું કે બરોબર એ વખતે એમણે વ્યવસ્થા કરી. એક સિંહમાંથી આજે ૧૭ સિંહનો પરિવાર બરડામાં એના સેકન્ડ હોમમાં સ્થિર થયો છે. ૧૪૩ વર્ષ પછી ત્યાં સિંહ આવ્યા. ૨૫ વર્ષ પહેલાં આપણે ત્યાં વાઘ હતા અને એ વાઘ ઓછા થતાં થતાં વર્ષ ૧૯૭૯ માં ૭ વાઘ હતા, વર્ષ ૧૯૮૯માં ૯ હતા, વર્ષ ૧૯૯૩માં ૫ હતા, વર્ષ ૧૯૯૭માં ૧ હતો. વર્ષ ૧૯૯૭ પછી એકપણ વાઘ નથી. વાઇલ્ડ લાઇફની ઇકો સિસ્ટમ એવી છે કે એમાં બધા જ પ્રકારના વાઇલ્ડ લાઇફ એનિમલ ન હોય તો એ આજુબાજુની માનવ વસાહતોને પણ નુકસાન કરે. વાઘ આવવો જરૂરી હતો. પણ કુદરતી રીતે આવવો જોઇએ. અગાઉ એક-બે વખત આવ્યા અને નીકળી ગયા. મને જણાવતાં આનંદ થાય છે કે આપણે ત્યાં રતનમહાલના જંગલમાં વાઘ સ્થિર થયો છે અને આપણા નેશનલ ટાઇગર કન્ઝર્વેશન ઓથોરિટીએ આપણા રાજ્યને વાઘની વસ્તીવાળું રાજ્ય જાહેર કર્યું છે. હું વન વિભાગને પણ અભિનંદન આપું કે એમણે વાઘ માટે આખી ઇકો સિસ્ટમ બનાવવા માટે પૂરા પ્રયાસો કર્યા, પીવાના પાણીની વ્યવસ્થા કરી, કેમેરા ગોઠવ્યા, એની સલામતી માટેની વ્યવસ્થા કરી, આજુબાજુમાં રહેતા લોકો એની સાથે બરોબર હળીમળી જાય એટલા માટે થઇને એમને એજ્યુકેશન આપવાનું કામ કર્યું. આપણા જે ટ્રેકર, ગાર્ડ છે કે ફોરેસ્ટર છે એમને તાલીમ આપવાનું કામ કર્યું. એટલું જ નહીં એનો પ્રિ-બેઝ પણ તૈયાર કર્યો. એના કારણે આપણે ત્યાં એક વાઘ સ્થિર થયો છે એને સેટલ કરવા માટે આપણે બધા જ પ્રકારના પ્રયાસો કરી રહ્યા છીએ. જાંબુઘોડામાં જે અરબી વોર બ્રીડિંગ સેન્ટર છે ત્યાં ચિત્તલનું બ્રીડિંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેથી આપણને આગળના દિવસોમાં મુશ્કેલી ન પડે. આ સિવાય આપણે ત્યાં ચિત્તા માટેની ઇકો સિસ્ટમ છે. વર્ષ ૧૯૪૭ પહેલાં ચિત્તા આપણા રાજ્યમાં હતા. એ પછી ક્યાંય ચિત્તાની આપણે ત્યાં વ્યવસ્થાઓ કે હાજરી હોવી જોઇએ એ નથી. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇને સૌથી વધારેમાં વધારે વાઇલ્ડ લાઇફ અને પ્રકૃતિ ગમે છે. તેઓશ્રી ૩જી માર્ચ, ૨૦૨૫ના રોજ સાસણ આવ્યા, નાઇટ હોલ્ટ કર્યો, એમણે એકલાએ સફારી કરી અને એ જગ્યાએ જેની સ્થાપના પણ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ કરી છે એવી ઇન્ટરનેશનલ બીગ કેટલ લાયન્સની મિટિંગ પણ સાસણમાં પહેલી વખત બોલાવી, અને નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડની મિટિંગ પણ ત્યાં બોલાવી. એમાં વિશેષ ઉલ્લેખ થયો કે ચિત્તા માટેની ઇકોસિસ્ટમ કચ્છના બન્ની ગ્રાસલેન્ડમાં થઇ શકે એમ છે. એના માટેની ઇકોસિસ્ટમ તૈયાર કરવાનું શરૂ થયું. એ વખતે આપણને ઇકોસિસ્ટમ બનાવવા માટે નેશનલ કેમ્પા ફંડમાંથી મદદ કરવામાં આવી. આપણે અત્યાર સુધીમાં રૂ. ૧૪.૭૦ કરોડનો ખર્ચ કરી, બન્ની ગ્રાસલેન્ડમાં ચિત્તા માટેની ઇકોસિસ્ટમ થાય એ માટેના પ્રયાસ કરી રહ્યા છીએ. શ્રી અનિરુદ્ધભાઇ, આવનારા દિવસોમાં ચિત્તા આવશે એટલે જે રીતે પ્રવાસીઓથી સાસણ ઘમઘમે છે, એ રીતે કચ્છ પણ પ્રવાસીઓથી ઘમઘમશે. અમને આના માટે હંમેશા માનનીય મુખ્યમંત્રીશ્રીનું માર્ગદર્શન મળતું રહે છે. આપણા ત્યાં કન્ઝર્વેશનના જે પ્રયાસો થાય છે એ કદાચ ભારતમાં નમૂનેદાર કહેવાય એ પ્રકારના થયા છે. બન્ની ગ્રાસલેન્ડ આખા એશિયાનું સૌથી મોટું ગ્રાસલેન્ડ ગણાય. અમારા માનનીય શ્રી ફતેસિંહભાઇએ જવાબ આપી દીધો એટલે મારે આપવા જેવું રહ્યું નથી. તેઓશ્રી કહેતા હતા કે બધાએ ગાંડા બાવળ વાવ્યાં. બન્ની ગ્રાસલેન્ડ એશિયાનું નમૂનેદાર હતું. આજુબાજુમાં માલધારીઓ માટેનું લાઇવલીહુડ હતું, એ ગાંડા બાવળ થઇ ગયાં. એ ગાંડા બાવળ કાઢીને ફરીથી ત્યાં ઘાસિયા મેદાનો ઊભા થાય એ માટેની આખી ઇકોસિસ્ટમ બનાવવાનું નક્કી કર્યું છે. બન્નીનો વિસ્તાર ૧૪૯૭ કિ.મી. મોટો છે. એ ઘાસિયું મેદાન આખા એશિયાનું સૌથી મોટું ગણાય એવું મેદાન છે. આ સુંદર લેન્ડસ્કેપ છે જેમાં એક તરફ રણ છે, એક તરફ વેટલેન્ડ છે અને વચ્ચે આપણું આ ઘાસનું જંગલ આવેલું છે. એને ક્રમશઃ ક્લીન કરી આપણે સૌએ ફરીથી ઘાસિયું મેદાન બનાવવાનો સંકલ્પ માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એમાં વર્ષ ૨૦૧૪-૧૫ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીમાં ૬૩૦૦ હેકટરમાંથી ગાંડા બાવળની ઝાડી દૂર કરી છે. એમાંથી લગભગ ૭૦ લાખ કિલોગ્રામ જેટલું ઘાસ એકઠું કર્યું છે. આવતા વર્ષે ભારત સરકારશ્રીના મહત્ત્વના ચિત્તા પ્રોજેક્ટને ધ્યાનમાં લઇ, ચિત્તા સહિતના હેબિટેટ માટે આગામી ૫૦૦૦ હેકટરમાં ઘાસ વાવેતરનું આયોજન કરેલું છે. આપણું ગુજરાત રાજ્ય વેટલેન્ડમાં સમૃદ્ધ રાજ્ય છે. આખા દેશનો ૨૨ ટકા વેટલેન્ડ વિસ્તાર માત્ર ગુજરાતમાં આવેલો છે કારણ કે આપણી પાસે ૨૩૪૦ મીટર જેટલો લાંબો દરિયાકિનારો છે. જીવસૃષ્ટિમાં ખૂબ વૈવિધ્યથી ભરેલો આ વિસ્તાર છે. એટલા માટે કદાચ કોઇ રાજ્ય પાસે નહીં હોય એટલી આ વેટલેન્ડની 'રામસર' સાઇટ આપણી પાસે છે. આપણી પાસે રામસરના લિસ્ટમાં ચાર વેટલેન્ડ સાઇટ છે કે જેને ઇન્ટરનેશનલ લેવલે રેકગ્નાઇઝ કરેલ છે. એમાં નળસરોવર, અમદાવાદ

સુરેન્દ્રનગરની બાજુમાં આવેલું છે. થોળ તળાવ, મહેસાણામાં આવેલું છે. વઢવાણ। વેટલેન્ડ, વડોદરામાં આવેલું છે. ખીજડીયા અભયારણ્ય, જામનગરમાં આવેલું છે અને પાંચમું હજી એક મહિના પહેલાં કચ્છનું છારીઢંઢ રિઝર્વની રામસર સાઇટમાં જાહેરાત થઇ અને એના માટે હું અગાઉના વન મંત્રીશ્રીઓ અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખરેખર આભાર માનું છું કે અમારા વન વિભાગ દ્વારા જે પ્રયાસો થયા એને હંમેશા પ્રોત્સાહન આપીને આ કરેલું છે. હજી યાદ રાખજો કે આવનારા દિવસોમાં આપણે ફરીથી પાછી બે કે ત્રણ મહિનામાં બે રામસર સાઇટ તરીકે જાહેરાત કરી શકીશું. હું અત્યારે એની જાહેરાત કરતો નથી પણ આપણે એમાં ખૂબ અગ્રિમ તબક્કામાં આગળ વધી રહ્યા છીએ. આ છારીઢંઢ વિસ્તાર લગભગ ૨૨૭ ચોરસ કિલોમીટરનો છે.એક મોટું વન હોય એટલો વિસ્તાર એટલે કે, ૨૨,૭૦૦ હેકટરમાં ફેલાયેલું છે. એમાં લગભગ ૨૫૦થી વધુ પ્રજાતિઓ નોંધાયેલ છે. માઇગ્રેટરી બર્ડ પણ ત્યાં છે. આપણે પક્ષીઓની બાબતમાં એટલો બધો અભ્યાસ કર્યો હતો પરંતુ આપણે ત્યાં બ્લેકબક સેન્કચ્યુરી, વેળાવદરમાં છે ત્યાં એક પક્ષી આવે છે દર વર્ષે એ સતત ૧૦ હજાર કિલોમિટર પ્રવાસ કરીને આવે છે. આપણે વિમાન બનાવવામાં ક્યાંક કાંઇ તકલીફ થાય પણ ભગવાને જે એન્જિન બનાવ્યું છે એ કોઇ રિપેરિંગ વગર જેટલી લાઇફ નક્કી કરેલી છે એટલી લાઇફ પૂરી કરે છે. આપણા જે પક્ષી અભયારણ્યો છે એ માત્ર અહીંથી નહીં, વિશ્વમાંથી લોકો જોવા આવે છે અને એ પક્ષી અભયારણ્યો એવા છે કે દુનિયાની અંદર ન જોવા મળતી હોય એટલી વૈવિધ્યસભર જીવસૃષ્ટિ ત્યાં ઊભી થતી હોય છે. આપણા રાજ્યમાં ૨૪ અભયારણ્યો છે. ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો છે અને એક કન્ઝર્વેશન રિઝર્વ છે અને એક બાયોસ્ફિયર રિઝર્વ છે. આપણે આની અંદર એની જાળવણી સાથે એનું ક્ષેત્રફળ ઘટે નહીં એની સતત ચિંતા કરતા આવ્યા છીએ. આપણે ત્યાં ઇકો ટુરિઝમમાં એટલું જ વૈવિધ્ય આવેલું છે. આપણે પથ્થરોના જંગલો ખૂબ જોયેલા છે, એની વચ્ચે રહીએ છીએ પણ કુદરતે દીધેલ જંગલોમાં ક્યારેક અનુભૂતિ કેવી થાય એ જોવા આપણે સૌએ જવું જોઇએ. તમામ ધારાસભ્યોને વિનંતી કરું છું કે આ ઇકો ટુરિઝમ સાઇટ ફોરેસ્ટની છે એ જોવા જરૂરથી જજો. એ ખિજડિયા હોય, નળ સરોવર હોય, સાસણ હોય, સાપુતારા હોય, કચ્છનું છારીઢંઢ હોય. એક વખત જરૂરથી જોવા જજો. (અંતરાય) અમે જરૂરથી વ્યવસ્થા કરીશું. તમારું સ્વાગત કરીશું. તમારે જોવું હોય તો સક્કરબાગ ઝૂ જોવા વિનંતી કરીશ. આખા દેશમાં બીજા નંબરનું સૌથી જૂનામાં જૂનું ઝૂ છે. વર્ષે ૧૦ લાખ લોકો આવે છે અને અનુભૂતિ કરીને જાય છે. પણ એ અલગ છે. ઝૂમાં જોવું એ અનુભૂતિ નહીં થાય, અનુભૂતિ કરવી હોય તો કુદરતની વચ્ચે જાઓ. ત્યાં રહેનારા લોકો કુદરતી જીવન જીવે છે અને પ્રાણીઓ તો કુદરતની વચ્ચે જ છે. ઇકો ટૂરિઝમ સાઇટ ઉપર તમે જરૂરથી જજો.

અધ્યક્ષશ્રી: શ્રી શૈલેષભાઇ, તમે પ્રપોઝલ આપજો, કરશે. માનનીય મંત્રીશ્રીની તમારા માટે ઉદારતા છે. (અંતરાય) કાંઇ નહીં તો ઉજાણી તો છે, રીંછ અભ્યારણ્ય છે ત્યાં.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા અને શ્રી જીતુભાઇ પાસે આપનું તો વિશેષ સ્થાન છે. આપ કહેશો તો જરૂરથી લઇ જઇશું. આ સક્કરબાગ ઝૂ છે એને સને ૧૮૬૩માં શરૂ કરવામાં આવ્યું. એના એન્કલેવ છે એ હેરીટેઝ એન્કલેવ છે. આપણે એનું હેરીટેઝ રીસ્ટોરેશન પણ કર્યું છે અને એનું વિસ્તરણ પણ એ જ રીતે થયું છે. ત્યાં ૧૦૦ કરતાં વધુ ભારતીય અને વિદેશી પ્રજાતિઓ છે. એના વન્ય જીવનનું પ્રદર્શન ત્યાં રાખેલું છે. માનનીય ચૈતરભાઇએ રેસ્ક્યુ સેન્ટરની વાત કરી. આપણે દીપડાનું રેસ્ક્યુ કરીએ છીએ. કોઇ ફરિયાદ હોય તો કહેજો, આપણે રેસ્ક્યુ કરીશું. પરંતુ ઘાયલ પક્ષી કે પ્રાણી હોય તો એનું રેસ્ક્યુ પણ કરીએ છીએ અને એ સાજા થયા પછી જંગલમાં છોડીએ છીએ. એટલું જ નહીં આપણે મનોરંજન માટે પતંગ ચગાવીએ છીએ. આકાશ આપણા માટે નહીં પક્ષીઓ માટે છે. પણ છતાં આપણે આપણી જાતને રોકી શકતા નથી. પતંગો ચગાવીએ અને એમાં આપણે ચાઇનીઝ દોરી વાપરીએ, કે બીજા પ્રકારની દોરીઓ વાપરીએ. રાત્રે પણ પતંગો ચગાવીએ જેથી અનેક પક્ષીઓ ઘાયલ થાય છે. માનનીય મુખ્યમંત્રીશ્રીની આગેવાનીમાં દર વર્ષે આપણે આ તહેવારો દરમ્યાન કરુણા અભિયાન ચલાવીએ છીએ અને હજારો પક્ષીઓનું આપણે રેસ્ક્યુ કરીને સારવાર કરીએ છીએ. પાછા એને આકાશમાં ઊડાડી દઇએ છીએ. આ કામ વન વિભાગ, વોલેન્ટિયર્સ અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગથી કરીએ છીએ. સૌથી સારામાં સારી ઇકો સિસ્ટમ હોય તો એ ચેરના જંગલો છે. આપણે ત્યાં ૨૩૪૦ કિલોમીટર જેટલો લાંબો દરિયાકિનારો છે જેના કારણે ચેરના જંગલોની મોટી ઇકો સિસ્ટમ આપણે ત્યાં ઊભી થઇ છે. એમાં પણ ગુજરાત રાજ્યમાં સૌથી વધુ ચેરના વૃક્ષો હોય તો માનનીય ત્રિકમભાઇ તમારા કચ્છમાં છે. કચ્છમાં એમાં વધારો પણ કરીએ છીએ. માનનીય પ્રધાનમંત્રીશ્રીને આ ચેરના વૃક્ષ ઉછેરનો કાર્યક્રમ સૌથી પ્રિય છે અને એટલા માટે આજે ગુજરાતની અંદર લગભગ વર્ષ ૨૦૨૫-૨૬માં ૧૨,૬૧૦ હેકટરમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરેલું છે. માનનીય વડાપ્રધાનશ્રી જ્યારે ગુજરાત રાજ્યમાં જ્યારે દ્વારકામાં આવ્યાં ત્યારે એમણે મેન્ગ્રોવ-ચેરના વૃક્ષો માટે થઇને મિષ્ટી કાર્યક્રમ , 'MISHTI' (Mangrove Initiative for Shoreline Habitats and Tangible Incomes- 'મિષ્ટી' પ્રોગ્રામ)લોન્ચ કર્યો. એ પ્રમાણે આખા દેશની અંદર ચેરના વૃક્ષો અને પ્લાન્ટ વાવવા માટેની ઝુંબેશ શરૂ કરી. ભારત સરકાર દ્વારા ૫૪૦ ચોરસ કિલોમીટરમાં ચેરના વૃક્ષોનું વાવેતર કરવાનું નક્કી કર્યું. મને જણાવતાં આનંદ થાય છે કે ગુજરાત રાજ્યમાં જ ૫૪૦ ચોરસ કિલો મીટરમાંથી ૪૧૯.૬૮ ચો.કિ.મિ. આપણે દેશમાં પહેલું પૂરું કરવાના છીએ. આખા દેશનો ક્વોટા માત્ર ગુજરાત પૂરું કરશે. એના માટે કાંઠાળ વિસ્તારમાં આપણા ભાઇઓ વસે છે એ માછીમાર ભાઇઓ, આદિવાસી ભાઇઓ હોય કે કાંઠાળમાં રહેતા ખેડૂતો હોય એમને પણ એટલા અભિનંદન છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને કાર્યકર્તાઓને પણ એટલા અભિનંદન છે અને મારા વન વિભાગના કર્મચારીઓને પણ એટલા જ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, **"एक पेड़ माँ के नाम"** એ જનઆંદોલન બની ચૂક્યું છે. આપણે મોં–નો ફોટો રાખીશું. મોં સૌને પ્રિય છે. ફોટાની અંદર જીવંત તસ્વીર નહીં દેખાય પણ મોંના નામે આંગણવાડીમાં વૃક્ષ વાવ્યું હશે, સ્કૂલમાં, બગીચામાં, રસ્તાની બાજુમાં તો એમાં મોંના જીવંત દર્શન થાશે. આમાં જેમ મોંએ મને મોટો કર્યો હતો એમ મારી મોં પણ આટલી જ મોટી થઇને મારી સામે ઊભી છે અને મને છાયો આપે છે. આ ભાવ જગાવીને આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આખા દેશમાં જનઆંદોલન ઊભું કર્યું હતું એના કારણે આજે વૃક્ષો વાવવા માટે એક પ્રકારનો ભાવ દરેકે દરેક નાગરિકના જીવનમાં ઊભો થયો છે. અગાઉના મારા પ્રવચનમાં કહ્યું હતું એમ આ સંદેશ માનનીય પ્રધાનમંત્રીશ્રીનો છે એ આફ્રિકાના ઘાના સુધી પહોંચ્યો છે. પ્રધાનમંત્રીશ્રી ત્યાંની મુલાકાતે ગયા ત્યારે ત્યાંના પ્રેસિડન્ટને કહ્યું કે અમે આ **"एक पेड़ माँ के नाम"** ઝુંબેશ ચલાવીએ છીએ એને ખૂબ આવકાર મળ્યો છે. એણે પણ આ પ્રોગ્રામ ઘાનાની અંદર રેપ્લીકેટ કર્યો. ઘાના પણ એના જંગલો માટે ખૂબ જાણીતું છે. આપણા દેશમાં જે પહેલગામ હુમલો થયો એમાં ઓપરેશન સિંદૂરની યાદમાં આપણે કચ્છમાં ૮ હેકટર વિસ્તારમાં સિંદૂર વનનું નિર્માણ કર્યું. આપણે ૨૪ જેટલા સાંસ્કૃતિક વનનું નિર્માણ કર્યું છે. છેલ્લે વર્ષ ૨૦૨૫માં ગલતેશ્વર વનનું નિર્માણ કર્યું છે. એની પહેલા વર્ષમાં માનનીય મૂળુભાઈ બેઠા છે. હર્ષદ માતાજી ખાતે તેમણે સાંસ્કૃતિક વનનું નિર્માણ કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, તમે બધા મિત્રો છો તે સોમનાથથી દ્વારકા જતાં હો તો હર્ષદ માતાજીના મંદિરની પાછળ જરૂર જજો. ત્યાં ૧૦ હેકટર જમીનની અંદર સાંસ્કૃતિક વન ઊભું છે અને ત્યાં આજે પ્રી–વેડિંગ ફોટોગ્રાફી માટેનું ડેસ્ટિનેશન સેન્ટર બની ગયું છે. એક વર્ષની અંદર હજુ તો શરૂઆત છે સાડા પાંચ લાખ લોકોએ વિઝિટ કરી છે. આજુબાજુ બીજુ કશું જ આકર્ષણ નથી છતાં પણ આપ જાવ તો જરૂરથી જજો એવા બાકીના જિલ્લાઓની અંદર પણ આપણે આવા વનોનું નિર્માણ કરવાના છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય આપણે હરિતપથ યોજના શરૂ કરી છે.એમાં પણ સોમનાથ– પોરબંદર–દ્વારકા રોડ જશો તો તેની બંને તરફ અને બીજા અનેક રસ્તાઓની અંદર આપણાં સદ્ભાવના ફાઉન્ડેશન મારફતે આપણે ૪૨ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કર્યું છે અને સો એ સો ટકા વૃક્ષો ઉછેરે અને ત્રણ વર્ષ સુધી રોપા મોટા કરી અને તેને ત્રણ વર્ષ સુધી પાણી પીવડાવી અને સો ટકા આપણે વૃક્ષો ઉછેરે તે માટેનું આયોજન પણ કરેલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં નર્સરીનું કલ્ચર નથી. આપણે કોર્પોરેટ ગૃહોની મદદ મેળવીને અલગ અલગ ઝોનની અંદર એક મોડલ નર્સરીનું આયોજન કર્યું છે. આપણે અત્યારે આજે પણ ચોમાસામાં જે વૃક્ષો વાવવાના હોય છે તો તેના માટે આંધ્રપ્રદેશથી ત્યાંના ખાનગી નર્સરીવાળા આવી અને આપણા ગામમાં વૃક્ષો વેચી જાય છે. આપણે શું કામ ના બનાવી શકીએ? આપણે એક સંકલ્પ કર્યો છે અને હું આપને પણ વિનંતી કરું છું કે, એકાદ બનાસકાંઠાનો યુનાઇટેડ જિલ્લો છે તેમાં પહેલ કરીને ૨૫ એકર જમીન જોઇશે અને તેમાં ટેકનોલોંનોજીનો ઉપયોગ કરીને આપણે Agroforestry, forestry and horticulture ત્રણેય પ્રકારના પ્લાન્ટ આપણે વાવીએ, ત્રણ વર્ષ મોટાં કરીએ અને થોડા નોમીનલ પ્રાઇઝથી ખેડૂતોને આપીએ તો હું માનું છું કે આપણે જે ગ્રીન કવર વધારવું છે તે ગ્રીન કવરની અંદર પણ આપણે વધી શકીએ. હું મારા બધા મિત્રોને વિનંતી કરું છું કે, તમારા જિલ્લાઓની અંદર પણ આ પ્રકારની નર્સરી કરવાની હોય તો જમીન આઇડેન્ટીફાઇ કરી રાખજો પાણીની વ્યવસ્થાવાળી હોય તો આપણે જરૂરથી ત્યાં પણ સારી નર્સરી કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે જિલ્લા કક્ષાએ ૨૫ વન મહોત્સવ કર્યા, મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૭, તાલુકા કક્ષાએ ૨૪૧, ગ્રામ્ય કક્ષાએ ૫૩૧૯ જેટલા વન મહોત્સવો કરી અને આપણે વૃક્ષારોપણનું આયોજન કરેલુ છે. હવે થોડી નવી બાબતોની વાત કરી લઉં. વર્ષ ૨૦૨૬–૨૭માં વન વિભાગની કુલ નવી બાબતમાં રૂપિયા ૪૮૮.૨૪ કરોડની જોગવાઇ કરેલી છે. કર્મચારીઓ છે તે ખૂબ વિપરીત પરિસ્થિતિમાં ફરજ બજાવતા હોય છે તેના માટે આ વખતે તેના કર્મચારીના મકાન બાંધવા માટે રૂપિયા ૧૪૬.૯૨ કરોડની જોગવાઇ કરેલી છે. હું માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનીશ કે જે કપરી સ્થિતિમાં નાના કર્મચારીઓ ફરજ બજાવે છે તેના માટે આ અમને મંજૂરી અપાવી. ૧૦ જેટલા નવીન ઘાસ ગોડાઉનો ઊભાં કરવાનું આયોજન છે અને તેના માટે લગભગ રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે. જે ડિસા ખાતે ડેઝર્ટ થીમ આધારિત એશિયાનું પ્રથમ પ્રાણી સંગ્રહાલય બનાવવાની યોજના છે તેના માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ છે. કૃષિ વનીકરણ થકી ખેડૂતોની આવક વધારવા માટે રૂપિયા ૨૬.૪૦ કરોડની જોગવાઇ છે. અમદાવાદ અને ગાંધીનગરમાં વન કવચ બનાવવા માટે રૂપિયા ૨૫ કરોડની જોગવાઇ છે. દરિયાઇ જીવ સૃષ્ટિ પ્રત્યે જાગૃતિ સાથે પ્રવાસન પ્રવૃત્તિઓ વિકસાવવા હેતુ કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારમાં દરિયાઇ પર્યટન વિકાસ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ છે. નદીઓના બન્ને કાંઠે Riverine landscape restoration & development ની કામગીરી માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરેલી છે. આ નદીઓને ફરી પાછી પુનઃજીવિત કરવા માટે શ્રી શ્રી રવિશંકર મહારાજના જે પ્રયાસો થયા હતા એ પ્રયાસોમાં પૂરક પ્રયાસો વન વિભાગે શરૂ કર્યા છે. જે અરવલ્લી વિસ્તારમાં ગ્રીન વોલ બનાવવાની છે એમાં વાવેતર કરવા માટે ૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ છે. રાજયમાં પાંચ નવીન વન ચેતના કેન્દ્રનું નિર્માણ કરવા તથા Mission Schools of Excellence શાળાઓમાં પર્યાવરણને લગત શિક્ષણ, જાગૃતિ અને તાલીમ કાર્યક્રમ માટે રૂપિયા ૧૦.૫૦ કરોડની જોગવાઇ છે. રાજયમાં વન્યજીવની વસતિથી સમૃદ્ધ કરવા તૃણભક્ષી પ્રાણીઓ માટે રાજયમાં પાંચ બ્રીડિંગ સેન્ટરો બનાવવા રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ છે. આહવા ખાતે વન વિજ્ઞાન

કેન્દ્રની સ્થાપના તેમજ ઘરમપુર ખાતે સર્પ સંશોધન સંસ્થા, એસ.આર.ઈ.ની બિલ્ડિંગ માટે રુ. ૬.૬૧ કરોડની જોગવાઈ. આ સ્નેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ છે એ આપણા ત્યાંના એક ડોકટર મિત્ર છે એની પહેલથી શરૂ કરેલું છે. માનનીય કનુભાઈના વિસ્તારમાં આવેલ છે અને આપણે રાજયમાં પહેલી વખત જે સર્પને રેસ્કયુ કરીને એનામાંથી વેનમ કાઢીને એન્ટી વેનમ વેક્સિન બનાવવા માટે એનો મોટા પાયે ઉપયોગ કર્યો છે અને લોકલ જે સ્પીસીઝ છે એના કારણે એની અસરકારતા પણ વધવાની છે એના માટે હું માનનીય નરેશભાઇ અને માનનીય કનુભાઈ સહિતના બધાજ સાઉથ ગુજરાતના મિત્રોએ સહકાર આપ્યો એનો આભાર માનું છું. પર્યાવરણની જે આપણી જાળવણી છે, વિકાસની સાથેસાથે ટકાઉ વિકાસ થાય એના માટે પણ આપણે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ બહુ સારું કામ કરે છે. રાજયમાં ૯૦ કરોડ જેટલી ક્ષમતાવાળા ઔદ્યોગિક ગંદા પાણીના સંયુકત શુદ્ધીકરણ પ્લાન્ટ આવેલા છે. એ દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. એ ઉપરાંત સુએજ નીકળે છે નગરપાલિકાની એના માટે પણ આપણે ઘણી સારી કામગીરી કરીએ છીએ. રાજયમાં એસ.ટી.પી. તથા ઘરગથ્થું ઘન કચરાના નિકાલ માટે ૨૧૦૦ કરોડ રુ. જેટલી માતબર રકમ રિંગ ફેન્સિંગ હેઠળ અલાયદી રાખી છે જે રાજય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે. કચરામાંથી કંચન, આપણે જે આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ રીસાઇકલ ઇકોનોમીનો કન્સેપ્ટ આપ્યો અને એમાં આપણને ૩ શબ્દો આપ્યા, રી–સાઇકલ, રી–ડ્યુસ અને રી–યુઝ. એના મારફતે આપણે સન ૨૦૫૦ સુધીમાં ટુ ટ્રિલિયન ડોલરની ઇકોનોમી સન ૨૦૫૦માં આ ખાલી કચરાનો પ્રોસેસ કરીને, રો–મટિરિયલ તરીકે ઉપયોગ કરીને આપણે આપણે ઊભી કરવાના છીએ. જોખમી કચરાના વહનની ઓનલાઇન સિસ્ટમ છે. માત્ર આપણે ત્યાં એક જ જગ્યાએ છે, વ્હીકલ લોકેશન ટ્રેકિંગ સિસ્ટમ વિકસાવવામાં આવેલી છે જેનું કંટ્રોલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ કરે છે. પ્રદૂષણ નિયંત્રણ માટે નવા કર્મચારીઓની ૪૩૦ ટેકનિકલ પોસ્ટની જગ્યા ભરવા માટે રાજય સરકારે મંજૂરી આપી છે અને ટૂંક સમયમાં આપણે પ્રક્રિયા શરૂ કરી દઇશું. ટેકનોલોજીનો પણ આપણે ઉપયોગ કરીએ છીએ. ઈમિશન ટ્રેડિંગ સ્કીમનો સુરતમાં અમલ થયેલો છે અને આપણે હવે અમદાવાદમાં કરવા જઇ રહ્યા છીએ. કેન્દ્ર સકાર દ્વારા ૧૫મા નાણાપંચ હેઠળ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા જેવાં મુખ્ય શહેરોને નેશનલ પ્રી–નેટ પ્રોગ્રામ અંતર્ગત આશરે ૧૨૮૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ શહેરોમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે ૧૨૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. એ સિવાય આપણે અત્યારે જે મ્યુનિસિપલ વેસ્ટ નીકળે છે એમાંથી એનર્જી અને ગેસ બનાવવાનું કામ આપણે કરી રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સાયન્સ અને ટેકનોલોજી વિભાગ છે એના માટેની હું વાત કરીશ. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ આપણી પાસે અસ્તિત્વમાં નહોતો, જે લોકો સાયન્ટિફિક ટેમ્પરની વાત કરતા હતા એમના વખતમાં અહીંયા સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ નહતો. સન ૨૦૦૩માં આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ આ વિભાગ શરૂ કર્યો અને આજે પણ અમુક રાજય એવા છે કે જયાં આજે પણ આ વિભાગ નથી જયારે આપણે ત્યાં આ વિભાગ છે એ દેશનું એક નમૂનેદાર કામ કરે છે. આપણે આઝાદી મળી ત્યારે આપણી પ્રાયોરિટી હતી ખેડૂતોને ઊભા કરવાના, આપણા જે આર્ટીજન, જે કારીગરો છે એમને ઊભા કરવાના અને એટલા માટે ત્યારના વિઝનરી કવિ ઝવેરચંદ મેઘાણીએ એક ગીત લખેલું છે...

ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી
ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી, બંધુડો બોલે ને બેનડ સાંભળે હો જી,
એ જી સાંભળે વેદનાની વાત, વેણે રે વેણે હો સત ફૂલડાં ઝરે હો જી,

માનનીય અધ્યક્ષશ્રી, એ ખૂબ લાંબું છે પણ હું એની એક–બે પંક્તિઓ કહું છું. કવિ કહે છે કે ''તો પણ હથિયારો તોડીને તમે શું કરશો?'' તો કહે કે,

''ઘડો હો બાળક કેરાં ઘોડિયાં હો જી,
ઘડો હો વિયાતલ નારના ઢોલિયા હો જી,
ભાઇ મારા, ગાળીને તોપગોળા, ઘડો સઇ–મોચીના સંચળ બહોળા
ઘડો રાંક રેંટુડાની આરો, ઘડો દેવ તંબુરાના તારો
હો એરણ બહેની
ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી,
બંધુડો બોલે ને બેનડ સાંભળે હોજી.'
પછી એ કારીગરને એપ્રીસીએટ કરે છે.
''ભાઇ મારા લુવારી ભડ રહેજે, આજ છેલ્લી વેળાના ઘાવ દેજે,
ઘાયે ઘાયે સંભારજે ઘટડામાં, કરોડ કરોડ શોષિતો દુનિયાના
હો એરણ બેની,
ઘણ રે બોલે ને એરણ સાંભળે હો જી,
બંધુડો બોલે ને બેનડ સાંભળે હોજી.''
આ એ વખતના વિઝનરી કવિની વાત હતી.

અધ્યક્ષશ્રી : એમાં સાથે–સાથે ''સાંભળો વેદનાની વાત રે, ઘણા રે બોલે ને એરણ સાંભળે હો જી.'' એની વેદનાની વાત સાથે લીધી છે. બહુ સરસ વાત કરી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એનું કારણ એ છે કે ૫૦૦ વર્ષની ગુલામીમાં આપણા ઉપર જે ઘાવ થયા હતા એના પ્રતિસાદરૂપે આ કાવ્ય લખાયેલું છે. એ પછી સાયન્સ અને ટૅકનૉલૉજી વિભાગ આવે છે. એમાં આ વર્ષે રૂ. ૨૬૩૩.૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હું વારંવાર કહું છું કે જે ઘરના વડીલ સમજદાર હોય એ ઘરને કોઇ દિવસ નાણાકીય મુશ્કેલી ના પડે અને દુ:ખ પણ ના આવે. આ ઘર યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી બનાવીને ગયા છે એટલે અહીંયા નાણાંની કોઇ તકલીફ ના પડે. ગુજરાત ભાગ્યશાળી છે કે પરમાત્માથી ડરનારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ છે અને કુબેર ભંડારી, જેના હાથમાં પદમ છે કે જેમની પાસે કોઇ દિવસ નાણાં ખૂટે નહિ એવા અમારા શ્રી કનુભાઇ છે અને ભાગ્યશાળી ગૃહ હોય એને શ્રી શંકરભાઇ ચૌધરી જેવા અધ્યક્ષ મળે. જે બધાને કહી શકે અને જે પોતાની બંને આંખો સરખી રાખે છે. આ સાયન્સ અને ટૅકનૉલૉજી વિભાગ જે ગતિથી પ્રગતિ કરે છે એ પ્રગતિ અદ્ભૂત છે. આપણે ત્યાં સાયન્સ, ટૅકનૉલૉજી, એન્જિનિયરિંગ અને મેથ્સને પોપ્યુલરાઇઝ કરવા કોઇએ પગલાં નહોતા લીધાં. આ સાયન્સ અને ટૅકનૉલૉજી વિભાગ શરૂ થયો એ પછી આજે આપણે વિકસિત ગુજરાત ૨૦૪૭ અંતર્ગત નાગરિકો માટે સ્ટેમની પૉલિસી બનાવી છે અને ઇઝ ઓફ લિવિંગની સાથે ઇઝ ઓફ લાઇવલીહૂડનો સિદ્ધાંત પણ આપ્યો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બધાના વખાણ કર્યા અને કરવા જ જોઇએ એમાં કાંઇ ખોટું નથી. શાસક પક્ષના ધારાસભ્યોના પણ વખાણ કરવા જોઇએ અને વિપક્ષના પણ કરવા જ જોઇએ. હવે માગણીઓ લઇને આવશે અને સમય વધારવા માટે અમારે વિચારવું પડે.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇને વિપક્ષ પર બહુ ભરોસો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું તો વિપક્ષને પણ વખાણું છું અને હું તો કહું છું કે તમે અમને જાગતા રાખો છો અને રાખતા રહેજો. તમારા કોઇ પણ પ્રશ્નો હોય તો અમારા મુખ્યમંત્રીશ્રી પાસે જજો, મંત્રીમંડળના સભ્યો પાસે જજો અને ખાલી ફોન કરી દેજો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સેમિકન્ડક્ટરની વાત કરવી છે. ઘણા વ્યક્તિત્વ એવા હોય છે કે જે પડકારને તકમાં પલટી નાખે. જેમ આઝાદી આવી અને આદરણીય ઝવેરચંદ મેઘાણીએ કહ્યું કે, હવે તોપોને ગાળી નાખો અને આપણા કારીગરો અને ખેડૂતોના હાથપગ મજબૂત કરો. હવે નવો જમાનો આવ્યો છે જે એ.આઇ., સેમિકન્ડક્ટર, ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ, ડાટા સેન્ટર, કેબલ નેટવર્કનો જમાનો છે અને એટલા માટે જ્યારે પણ પડકાર આવ્યો ત્યારે પડકારને ઝીલ્યો છે. કોવિડ–૧૯માં દુનિયા ઠપ થઇ ગઇ. ૧૪૦ કરોડ લોકોને બચાવવાનું, દવાઓ આપવાનું અને સાથે સાથે તેને વેક્સિન આપવાની. કોવિડ–૧૯ માટે વેક્સિન તો હતી જ નહીં પણ તે પડકારને માનનીય નરેન્દ્રભાઇએ ઝીલ્યો. સમગ્ર દેશમાં ઇમ્પોર્ટ કરાવ્યા વગર દવાઓ પૂરી પાડી અને દુનિયાના બીજા દેશોને પણ આપી. તેમાં આપણે બ્લેક માર્કેટિંગ ન કર્યું. ઘણા દેશોને તો વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી. વેક્સિન બનાવવામાં દાયકાઓ નીકળી જાય તેની જગ્યાએ વૈજ્ઞાનિકો અને ઉત્પાદક એકમોને કહ્યું કે, જે સગવડ જોઇએ તેના માટે એડવાન્સમાં રકમ લઇ જાઓ. ભારતીય કંપનીઓ અને વૈજ્ઞાનિકોએ સંશોધન કરીને ૧૪૦ કરોડ જનતાને સમયસર એક પણ રૂપિયો લીધા વગર વેક્સિન આપવામાં આવી. આ પડકાર ઝીલનારો માણસ છે. એટલા માટે જ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે શ્રી નરેન્દ્રભાઇએ એક કવિતા લખી હતી.

''હું પડકારને ઝીલનાર, હું સમયનો સિપાહી, આંધીઓ સામે દીવો, હું અડગ રહી લડતો રહીશ.
વાવાઝોડાં ગાજે તો શું? હિંમતનો છે શ્વાસ, પગલાં રોકે પર્વત પણ મારી આગળ નિરાશ.
અંધકારના વાદળ વચ્ચે, સૂરજનો વિશ્વાસ, નવાં સપનાને મારગે હું દેશનો લઉં શ્વાસ.
હું પડકારને ઝીલનાર, હું પરિશ્રમનો દીપ, રાષ્ટ્રસેવાના પંથે ચાલુ, મારા પગલાં અડગ, અવિરામ''.

માનનીય અધ્યક્ષશ્રી, આ પડકારને ઝીલનાર માણસે આપણને પડકારમાંથી બહાર કાઢ્યા. કોવિડના સમયગાળામાં મેન્યુફેક્ચરિંગ સેગમેન્ટનો નવો પડકાર આવ્યો. દરેક ઇલેક્ટ્રોનિક્સ આઇટમમાં ઓટોમોબાઇલ, પ્લેન, રેલવે, માઇક, કોમ્પ્યુટર, ઘડિયાળ, મોબાઇલ, ટી.વી., ફ્રિઝ બધામાં આ સેમિકન્ડક્ટર આવે, આવે અને આવે જ. કોવિડમાં સેમિકન્ડક્ટર બંધ થઇ ગયા. તે પડકારને તકમાં બદલીને નક્કી કર્યું કે, ભારતમાં સેમિકન્ડક્ટર લઇ આવીશું. કોઇ વિશ્વાસ કરે નહીં તેવી હાઇટેક પ્રોડક્શન છે. ઓપરેશન થિયેટરમાં જેટલી ક્લીન રૂમ હોય તેના કરતાં દસ ગણી ક્ષમતાનો ક્લીન રૂમ બનાવ્યો અને આ ૧૦ વર્ષના શાસનના કારણે દુનિયાના ટૅકનૉલૉજીસ્ટને વિશ્વાસ થયો અને સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝ ભારતમાં લાવવા માટે આપણે સફળ થયા. તેનો અર્થ એવો નથી કે અગાઉ પ્રયત્નો થયા ન હતા. વર્ષ ૧૯૫૦થી પ્રયાસો થતા હતાં. મને શ્રી અશ્વિની વૈષ્ણવજીએ વાત કરી છે તે હું બધાં સાથે શેર કરું છું. ભૂતકાળમાં એક વડાપ્રધાનશ્રીએ તો કોરો ચેક આપ્યો હતો અને કહ્યું હતું કે ''જે સબસિડી આપવી પડે તે આપો.'' પણ કોઇ વિશ્વાસ કરતું ન હતું. શ્રી નરેન્દ્રભાઇમાં વિશ્વાસ કર્યો અને વિદેશની કંપનીઓ ભારતમાં આવી. આજે દેશમાં અલગ–અલગ જગ્યાએ ૧૦ કંપનીઓએ નાના–મોટા મેન્યુફેક્ચરિંગ યુનિટ તૈયાર કર્યા. તેમાં ઘોલેરા ખાતે સૌથી મોટું ફેબ બનાવવાનું યુનિટ ટાટા સેમિકન્ડક્ટર રૂ.૯૧ હજાર કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. એવી રીતે સરકાર એની કાળજી લે છે. સરકારનું કલ્ચર કેવી રીતે બદલાય? જો નેતા એવા હોય તો કે એક ફરિયાદ એ યુનિટની

ના આવવી જોઇએ કે મારે કંઇક ઘટે છે. એ ઇકો સિસ્ટમ, એ કલ્ચર સરકારમાં હવે ડેવલપ થઇ રહ્યું છે. એક સમય હતો કે ધક્કા ખાઇ-ખાઇને થાકી જાય તો ના આવે પણ ઉદ્યોગપતિ ખાનગીમાં ઘરે જઇ આવે એટલે પતી જાય. અહીંયા તો ઓપનલી મિટિંગ કરે કે તમારે તકલીફ ક્યાં છે? અમે તમારા માટે બેઠાં છીએ. એટલા માટે રૂ.૧ લાખ ૨૪ હજાર ૯૩૩ કરોડના ખર્ચ સાથે માઇક્રોન, ટાટા ઇલેક્ટ્રોનિક્સ, સી.જી. સેમિકન્ડક્ટર અને કેઇન સેમીકોન એમ ચાર પ્રોજેક્ટ ગુજરાતમાં આવ્યા છે. એમાં જે માઇક્રોન યુનિટની રૂ.૨૨ હજાર ૫૦૦ કરોડના ખર્ચે સાણંદમાં સ્થાપના કરવામાં આવી. હમણાં જ વડાપ્રધાનશ્રી આવીને ગયા અને એમના હાથે ઉદ્ઘાટન થયું. વિશ્વના આ ક્ષેત્રના તજજ્ઞો બધી જ જગ્યાએથી આવ્યા હોય અને ભારતની પ્રશંસા થઇ છે કદાચ કોઇને વડાપ્રધાનની પ્રશંસા થાય તો નહીં ગમતી હોય પણ ભારતની પ્રશંસા થાય તો બધાએ રાજી થવું જોઇએ. આ કદાચ વિશ્વના ઇતિહાસમાં આ એક થર્ડ વન કન્ટ્રી શું કરી શકે એનો સૌથી મોટામાં મોટો દાખલો છે. આ સેમિકન્ડક્ટર પોલિસી માટે આપણે આ વર્ષે આ નાણાકીય બજેટમાં રૂ.૧૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ ઉપરાંત આપણે ત્યાં ગુજરાતમાં જે-તે વખતની સરકારો હતી, જ્યારે આઇ.ટી.રીવોલ્યુશન આવ્યું ત્યારે આપણી પાસે તક હતી પણ એ તક આપણે ઝડપી ન શક્યા. એના કારણે ઇકો સિસ્ટમ તમિલનાડુ, આંધ્રપ્રદેશ, તેલંગાણા, મુંબઇ, પુણે અને દિલ્હીમાં બની અને આપણે પાછળ રહી ગયા. આપણે હવે બીજો જે સેકન્ડ રીવોલ્યુશન છે એ તક ચૂકવી નથી પણ ગુજરાતે નેતૃત્વ કરવાનું છે. એ નેતૃત્વ કરવાની ગતિથી આપણે આગળ જઇએ છીએ. એટલા માટે ગુજરાતમાં જે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ છે એના માટે આ વખતે ૩૭ જેટલા એકમોને સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. એનાથી રૂ.૫૩ હજાર ૬૭૧ કરોડનું મૂડીરોકાણ થવાની સંભાવના છે. સૌથી મોટી જરૂરિયાત હોય તો એ કૌશલ્ય નિર્માણની છે. જો આપણે આ યુનિટો લઇ આવીશું અને એમાં કામ કરનારા યુવાન-યુવતીઓને તૈયાર નહીં કરીએ તો આપણે શાં માટે ઉદ્યોગો બનાવીએ છીએ? આપણે રોજગારી મળે એટલા માટે કરીએ છીએ અને કૌશલ્ય નિર્માણ માટે પણ આપણે ખૂબ સારું કામ કરી રહ્યા છીએ. ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૨૨-૨૮ હેઠળ આપણે પંડિત દીનદયાળ યુનિવર્સિટી છે ત્યાં માઇક્રોન સાયન્સ એન્ડ ટેકનૉલૉજી ડિપાર્ટમેન્ટ અને એની સાથે મળીને આપણે તાલીમ કેન્દ્રની ત્યાં પણ સ્થાપના કરી છે. એ ઉપરાંત ટાટા જે સેમિકન્ડક્ટર છે એની સાથે મળીને આપણે આઇ.આઇ.ટી. ગાંધીનગર ખાતે એ સિલિકોન એન્ડ એડવાન્સ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરીંગ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ હબ 'સમર્થ' પ્રોગ્રામની આપણે જાહેરાત કરી છે. એમાં ટાટા અને બીજા સેમિકન્ડક્ટર યુનિટો છે એના માટે આપણે ત્યાં ટ્રેનિંગ કરવાના છીએ. એ ઉપરાંત ભારત સરકારના નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇલેક્ટ્રોનિકસ અને ઇન્ફોર્મેશન ટેકનૉલૉજી સંસ્થા છે એને આઇ.ટી.આઇ. ચાંદખેડા ખાતે જમીન આપીને એક યુનિટ ત્યાં શરૂ કરવા માટેનો નિર્ણય કરેલો છે. આ ઉપરાંત ગુજરાત સરકાર ચીપ ઇન એક્સચેન્જ સેન્ટર અને વી.એલ.એસ.આઇ. ડિઝાઇનમાં સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવા માટે સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પિટિંગ બેંગલુરુ સાથે સહયોગ કરીને આપણે સેમિકન્ડક્ટર ડિઝાઇન, નવીનતા અને સાહસિક ઇન્ડિપેન્ડન્સ માટે એક રાજ્ય સ્તરીય હબ તરીકે કામ કરવાનું નક્કી કર્યું છે. આપણા વડાપ્રધાનશ્રીએ દિલ્હીમાં એ.આઇ. ઇમ્પેક્ટ સમિટ-૨૦૨૬ કરી એમાં બધાએ વાત કરી કે એ.આઇ.માં ભારત લીડર રહેવાનું છે. આખી દુનિયાના ટોપ મોસ્ટ કહી શકાય એ બધા જ ત્યાં હાજર હતા અને ભારતનું નેતૃત્વ સ્વીકાર્યું એવું સ્ટેજ ઉપર મહાનુભાવોએ જે પ્રતિભાવ આપ્યો એના ઉપરથી ખ્યાલ આવતો હતો. આપણે આ ક્ષેત્રમાં જો માનવબળ તૈયાર નહીં કરીએ, આપણા યુવાન-યુવતીઓને તૈયાર નહીં કરીએ તો આનું ઇન્વેસ્ટમેન્ટ વિફળ જવાનું છે એટલા માટે અમે શિક્ષણ વિભાગના માનનીય મંત્રી ડૉ. પ્રદ્યુમનભાઇ વાજાની સાથે વાઇસ ચાન્સેલર કોન્ફરન્સ કરી, દરેક સ્ટેજે એ.આઇ. અને ક્વોન્ટમ કોમ્પ્યુટરનો અભ્યાસ એક સબ્જેકટના રૂપમાં આવે એ માટેનો આપણે પ્રયાસ કર્યો છે. આપણે સ્પેસ ટેકનૉલૉજી માટે ઇકોસિસ્ટમ બનાવી છે. સાણંદમાં ખોરજ ખાતે ૧૦૦ એકરમાં ગુજરાત સ્પેસ પાર્કની સ્થાપના કરી છે. ત્યાં સ્પેસ ટેકનૉલૉજી ઉપરના યુનિટો સ્થપાવાના છે. મને કહેતાં આનંદ થાય છે કે અધિષ્ઠા સ્પેસ કંપનીએ રૂ. ૫૦૦ કરોડના ખર્ચે નાના સેટેલાઇટ મેન્યુફેકચરિંગ માટેનું યુનિટ સ્થાપવાનું કામ શરૂ કરી દીધું છે અને એનું ખાતમુહૂર્ત પણ થઇ ગયું છે. મને બીજી એક વાત આપ સૌની વચ્ચે શેર કહેતા આનંદ થશે કે ગઇકાલે નહીં અને પરમ દિવસે...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ વાત કરી એ આપે ફરી કહેવું પડશે. કદાચ બધા ધારાસભ્યશ્રીઓના ધ્યાનમાં નહીં હોય. નાના સેટેલાઇટ માટેનું ફરીથી એક વખતે રિપીટ કરો એટલે ગુજરાતને એ બાબતનો ગૌરવ થાય.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં અત્યારે સેટેલાઇટ મેન્યુફેકચરિંગ કયાંય થતા નથી. આવનાર દિવસો એવા આવવાના છે ફક્ત શ્રી એલન મસ્ક એકલા જ ૧૦૦૦૦ સેટેલાઇટ અંતરિક્ષમાં છોડવાના છે. રોજ ચાર-પાંચ છોડવાના છે. આપણી પાસેની ઇકોસિસ્ટમ ભારતમાં બનાવવી છે અને એના માટે આપણે આ મેન્યુફેકચરિંગ તો કરીશું જ પણ સાથેસાથે રોકેટ લોન્ચિંગ સ્ટેશનો આપણે વિસ્તૃત કરવાના છીએ. આખા ભારતમાં પહેલી વખત સેટેલાઇટ મેન્યુફેકચરિંગ કરવાનાં કામ માટે સાણંદના ખોરજ ખાતે અધિષ્ઠા કંપનીએ ગુજરાત સ્પેસ પાર્ક ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે સ્થાપના કરી છે. મને બે મહિના પહેલાં બે જુવાન છોકરાઓ મળવા આવ્યા અને કહ્યું કે અમારે રોકેટ છોડવું છે. મને એમ થયું કે કદાચ આ તુક્કો હશે કે રોકેટ કઇ ગુજરાતમાં છૂટતા હશે. એમણે કહ્યું ના અમારે સાઉન્ડિંગ રોકેટ છોડવું છે, તમે અમને પરવાનગી આપો. અમારા વિભાગના સેક્રેટરી અને બધાએ મદદ કરી અને અમદાવાદ જિલ્લાના બાવળયારી ખાતે પરમ દિવસે જ ૧-૦૦ વાગ્યે આ સાઉન્ડિંગ રોકેટ છોડવામાં આવ્યું. ત્રણ કિલોમીટર ગયું અને પાછું આવ્યું. હવે એના પછીના બીજા અખતરાઓ થશે. આપણે ઇસરોની કોમર્શિયલ બ્રાન્ચ ઇનસ્પેસ પાસે નક્કી કરાવ્યું છે કે દીવ અને કોડિનારની વચ્ચે એક જગ્યા સ્યુટેબલ છે, શ્રી

હરિકોટા જેવી છે ત્યાંથી લોન્ચિંગ પેડ બને એ માટે આપણે પ્રયાસ કરી રહ્યા છીએ. ધોલેરામાં આપણી જી.આઇ.ડી.સી. છે એમાં આપણે ઇલેક્ટ્રોનિક કોમ્પોનન્ટ અને સેમિકન્ડકટર સિટી માટે આખો એક વિભાગ અનામત રાખેલો છે. ઇલેકટ્રોનિક સેગમેન્ટને મદદ કરવા માટે આપણે આ વખતે... માનનીય મંત્રીશ્રી, આપ એક મિનિટ બેસો. માનનીય દંડકશ્રી..,

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી વિજયભાઇ ર. પટેલ : (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં ગઇકાલે જ વાત કરી હતી અને આજે ફરી દોહરાવું છું કે પ્રોરેટા મુજબ જે વિભાગની માગણીઓ આવે છે એ વિભાગની માગણીઓમાં મંત્રીશ્રી સાથેનો સમય ઇન્કલુડ કરવામાં આવે છે અને એ સમયમાં જ મતદાન થતું હોય છે, છતાં મંત્રીશ્રીની કોઇ અગત્યની બાબત રહી ગઇ હોય તો બે–પાંચ મિનિટ માટે અમને કોઇ પ્રોબલમ હોઇ શકે નહીં. આપે જે રીતે પ્રશ્નોત્તરી માટેનો સરસ મજાનો એક અવકાશ ઊભો કર્યો છે માટે નાયબ મુખ્ય દંડકશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં અમે ટેકો આપીએ છીએ.

અધ્યક્ષશ્રી: સૌ સંમત છે? (થોડીવાર બાદ) માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી આપ ૬ મિનિટમાં પૂરું કરો. ૬ મિનિટ નવી આપીએ છીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સાહેબ, મારે બે વિભાગો છે. હું વહેલાસર પૂરું કરવાનો પ્રયત્ન કરું છું.

અધ્યક્ષશ્રી: આપનો સમય પૂરો થઇ ગયો તે પછીનો હવે વધારાનો સમય આપીએ છીએ. બે મિનિટ પૂરી થઇ ગઇ તે પછી બીજી છ મિનિટ આપી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સાહેબ, અમારા એક સભ્યશ્રી રાજેશ ઝાલા છે તે બોલ્યા ન હતા. તે પંદર મિનિટ મને મળે છે.

અધ્યક્ષશ્રી: કેલ્ક્યુલેશન અહીંથી આપ્યું છે તે પ્રમાણે છે. તમે ટ્રાય કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : સાહેબ, હું ટ્રાય કરું છું. આપણે ગુજરાતની અંદર ગુજરાત સેમીકોન ૨૦૨૬ કર્યું અને એની અંદર ૭ એમ.ઓ.યુ. થયા. એમ.ઓ.યુ.નું લિસ્ટ બહું લાંબું છે છતાં હું કહીં દઉં છું. મેમરી મોડ્યુલના ઉત્પાદન સાથે જોડાયેલી જે અગ્રણી ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેકચરિંગ કંપની હોતાઇ છે એણે જી.આઇ.ડી.સી. સાણંદ ખાતે મેન્યુફેકચરિંગ ફેસિલિટી ઊભી કરવા માટે એમ.ઓ.યુ. થયું. બીજું હોરીબા, જાપાન અને ગુજરાત સરકાર વચ્ચે સેમિકન્ડકટર–ગ્રેડ માસ ફ્લો મિટર્સ અને અદ્યતન મટિરિયલ માટે અમદાવાદમાં એક આર.એન્ડ ડી. સેન્ટર સ્થાપવા એમ.ઓ.યુ. થયું. કિયાન્સ ઇન્ટરનેશનલ કોરિયા અને ગુજરાત સરકાર વચ્ચે ગુજરાતમાં સેમિકન્ડકટર અને સોલાર ઉદ્યોગ માટે ગેસ એબેટમેન્ટ સિસ્ટમ્સ સ્ક્રબર્સ સિસ્ટમ સ્થાપિત કરવા માટેનું એમ.ઓ.યુ. થયું. સુચી સેમીકોન અને આર.ઓ.એચ.એન. સેમિકન્ડકટર પ્રાઇવેટ લિમિટેડ વચ્ચે સેમી કન્ડકટર મેન્યુફેકચરિંગ ફેસિલિટી ઊભી કરવા માટે એમ.ઓ.યુ. થયું. કેઇન્સ ટેકનોલોજી એન્ડ સ્પેકટ્રગેઝ વચ્ચે એડવાન્સ આઉટરસ્પેસ ઇમેજિંગ અને સેમી કન્ડકટર ટેકનોલોજીમાં ભારતની ક્ષમતાને વેગ આપવા માટે અમદાવાદમાં સ્ટાર્ટઅપ સ્પ્રેકટાગેઝ સિસ્ટમમાં રૂપિયા ૫૦૦ કરોડનું વ્યૂહાત્મક રોકાણ કરવાનું એમ.ઓ.યુ. થયું. એ ઉપરાંત ભારત સરકારના ઇલેક્ટ્રોનિક્સ વિભાગની સંસ્થા નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇલેકટ્રોનિક્સ એન્ડ ઇન્ફર્મેશન ટેકનોલોજીનું ચાંદખેડામાં એક કેમ્પસ સ્થાપવા માટેનું એમ.ઓ.યુ. થયું. ગુજરાત સરકાર અને સી.ડેક વચ્ચે એક ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ માટે એક એમ.ઓ.યુ. થયું. એ ઉપરાંત જાપાન અને તાઇવાન સાથે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સો થઇ. એ પહેલા ગુજરાતની અંદર એ.આઇ. રિજિયોનલ સમિટ પણ થઇ અને એમાં એક એમ.ઓ.યુ. થયું. હેનોક્સ આઇ.ટી.એન્ડ ડાટા સેન્ટર પ્રાઇવેટ લિમિટેડ છે એમાં રાજ્યનું પહેલું કેબલ લેન્ડિંગ સ્ટેશન ધુવારણ ખાતે ઊભું થશે. કેબલ લેન્ડિંગ સ્ટેશન આવે પછી ડેટા સેન્ટર આવશે. એમાં આફ્રિકા–૧ કેબલ છે એ ત્યાં સુધી લંબાવાશે. બીજું, આપણે ત્યાં રિલાયન્સ જીઓ છે એ ઓમાનથી પોરબંદર સુધી કેબલ નાખશે. બીજુ કેબલ લેન્ડિંગ સ્ટેશન પોરબંદર ખાતે પણ ઊભું થશે. આપણે ત્યાં એક પણ કેબલ લેન્ડિંગ સ્ટેશન ન હતા એની જગ્યાએ બે કેબલ લેન્ડિંગ સ્ટેશન થવા જઇ રહ્યા છે. એ ઉપરાંત એ.આઇ. ઇમ્પેક્ટ સમિટ દિલ્હીમાં થઇ એમાં ૨૫૦ મેગાવોટનું ડેટા સેન્ટર બનાવવા માટે લાર્સન એન્ડ ટુબ્રો કંપની સાથે એમ.ઓ.યુ. થયા અને ૨૫ હજાર કરોડ રૂપિયાનું રોકાણ ડેટા સેન્ટર બનાવવા માટે કરવાના છીએ. એ.આઇ. છે એ નવા જમાનાનું હથિયાર છે. ડેટા સેન્ટર છે એ નવા જમાનાનું 'ઓઇલવેલ' છે. ઇકોસિસ્ટમ આખા ભારતમાં કોઇ જગ્યાએ હોય તો ગુજરાતમાં વિશેષ છે. એટલું જ નહીં આખી દુનિયામાં એના માટેની કોઇ ઇકોસિસ્ટમ સારી હોય તો તે ભારતમાં છે. આવનારા દિવસોમાં આ ફ્યુચરિસ્ટિક ઇન્ડસ્ટ્રીઝ જે ન્યુ જનરેશનની દૃષ્ટિએ આવવાની છે એ બધી જ ભારતમાં આવે એવી ઇકોસિસ્ટમ આપણા પ્રધાનમંત્રીશ્રીએ આપણે ત્યાં બનાવી છે. અહીંયા એ સિવાય આપણી બીજી અનેક પ્રકારની પોલિસીઓ છે. અત્યાર સુધી એવું કે આપણે ટ્રાન્સલેટર શોધવા જવા પડતા હતા. ભારત સરકારે આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી એક ભાષીણી ટૂલ બનાવેલું છે. આ ટૂલ એવું છે કે એ સ્ક્રિપ્ટમાં અને સ્પીચ બન્નેમાં ટ્રાન્સલેશન કરી આપે. અમે હમણાં જ એક સેમિનાર રાખ્યો ત્યારે ઇંગ્લિશનું ગુજરાતીમાં

ભાષાંતર સ્પીચથી એ.આઇ. દ્વારા સર્જિત એક છોકરીના અવાજમાં, અને બીજું સ્ક્રિપ્ટમાં બંને એક સાથે થતું હોય છે એ આપણે નજરોનજર નીહાળ્યું. એનાથી ઉપયોગ કરીને આપણે ત્યાં આપણી વેબસાઇટ સહિતની વ્યવસ્થાઓ છે એના મારફત આપણે કરવાના છીએ. બાયો ટેકનૉલૉજી ક્ષેત્રમાં પણ આપણને ગમે એવો વિષય છે. મેં આપને પ્રોમિસ કરેલું હતું કે હું આપને એ સેન્ટરમાં લઇ જઇશ. આ પૂરું થશે એટલે જરૂરથી લઇ જઇશ.

અધ્યક્ષશ્રી : મારે આવવાનું બાકી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : હા, જી. ૧૦ વર્ષ પહેલાં સ્ટાર્ટઅપ કોને કહેવાય એ શબ્દ નહોતો સાંભળ્યો. આજે દુનિયામાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમની અંદર આપણે બીજા નંબરમાં પહોંચી ગયા છીએ. એના માટે સાવલીમાં ટેકનોલોજી એન્ડ બિઝનેસ ઇન્ક્યુબેટર છે એ સંસ્થા સાવલીમાં ઊભી કરેલી છે. એમાં અનેક પ્રકારના સંશોધન અને સ્ટાર્ટઅપ ત્યાં થઇ રહ્યા છે. એ સિવાય ગુજરાત સ્ટેટ બાયોટેકનૉલૉજી મિશન હેઠળ બાયોટેકનૉલૉજી રિસર્ચ સેન્ટર છે. ગુજરાત નહિ પણ દેશની સર્વશ્રેષ્ઠ કહી શકાય એવી ગુજરાત બાયોટેકનૉલૉજી યુનિવર્સિટી પણ આપણે ત્યાં ગિફ્ટ સિટીમાં છે. ગુજરાત બાયોટેકનૉલૉજી રિસર્ચ સેન્ટર પણ ગિફ્ટ સિટીમા છે. એસ.ટી.પી.આઇ. સાવલીમાં છે. એના મારફતે ખાસ કરીને અલગ અલગ કામ કરી રહ્યાં છીએ. આ એટલા માટે થઇ શક્યું કે જે આપણા વડાપ્રધાન છે એ ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે બાયોટેકનૉલૉજી હબ બનાવવા માટે એની પ્રાથમિક શરૂઆત કરી હતી અને એનું પરિણામ આજે જોઇ રહ્યાં છીએ. આપણે ત્યાં દેશની અંદર જે બી.એસ.એલ. ૪ લેબોરેટરી છે એ માત્ર પૂણેની અંદર ભારત સરકારની એક જ છે. કોઇ રાજ્ય બનાવી નથી. આપણે રૂ.૩૬૪ કરોડના ખર્ચે ૧૪ એકર જમીનની અંદર માણસ કે પશુની અંદર જે વાયરસ કે બેકટેરિયા હોય એમાં દુનિયાની સર્વશ્રેષ્ઠ લેબ કહી શકાય તેવી લેબ આપણે ગાંધીનગરમાં યુનિયન હોમ મિનિસ્ટરશ્રી અમિતભાઇ શાહના હસ્તે એનું ખાતમુહૂર્ત કર્યું અને બે વર્ષ પછી તૈયાર થશે ત્યારે દેશના રિસર્ચ સાયન્ટિસ્ટ અને જે વેક્સિન અને દવાઓ બનાવનારા પણ એનો ઉપયોગ કરી શકશે.

આ સિવાય આપણે બ્લ્યુ ઇકોનોમી ઉપર પણ ખૂબ કામ કરી રહ્યાં છીએ. એના માટે આપણે અનેક જોગવાઇઓ કરી છે. આપણી ગુજરાત બાયોટેકનૉલૉજી યુનિવર્સિટી છે એનું જોડાણ એડિનબર્ગ યુનિવર્સિટી સાથે કરેલું છે, એના કારણે દર વર્ષે આપણા ૨૫ વિદ્યાર્થીઓ એક મહિના માટે ત્યાં ટ્રેનિંગમાં જાય છે. પાંચથી છ ફેકલ્ટી ત્યાં જાય અને અને જ્ઞાનનું આદાન-પ્રદાન થતું હોય છે. સાયન્સ સિટી આપણે બધાએ જોયું છે. ના જોયું હોય તો એકવાર બધાને જોવાનું મારું આમંત્રણ છે. આખા દેશની અંદર નમૂનેદાર કહી શકાય એવું સાયન્સ સિટી બીજા કોઇ શહેરમાં ના હોય એવું આપણે ત્યાં છે અને હજી અનેક પ્રકારના આકર્ષણો એમાં ઉમેરવાના છીએ. સાયન્ટિફિક તાત્પર્ય વધે એટલા માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનૉલૉજી કાર્યરત છે અને એ માટે રૂ.૧૯૩ કરોડની આ વર્ષે જોગવાઇ કરેલી છે. આપણે આ વખતે અત્યાર સુધીમાં લગભગ ઘણા બધા જિલ્લાઓની અંદર સાયન્સ સેન્ટર, ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર અને રિજિયોનલ સાયસન્સ સેન્ટર આપણે ઊભાં કર્યાં છે. આ વર્ષે વાવ-થરાદ જિલ્લા માટે પણ એક ડિસ્ટ્રિક્ટ સાયન્સ સેન્ટર બનાવવાની એક નવી બાબત આ વખતના બજેટમાં લીધેલી છે. પોરબંદર રિજિયોનલ સાયન્સ સેન્ટર બનાવવા માટેની યોજના પણ કરેલી છે. આખા દેશમાં જે સ્ટેન્ડ ક્વિઝ થાય છે એમાં બે કરોડ વિદ્યાર્થીઓ ભાગ લે છે અને દેશની મોટામાં મોટી આપણી આ ક્વિઝ છે. આ સિવાય આપણે ત્યાં ગુજરાત ફાયબર ગ્રીડ નેટવર્ક છે જે ૧૪,૦૦૦ ગામડાઓને જોડતું આખું નેટવર્ક છે એ આખા દેશમાં બીજા રાજ્યોમાં બી.એસ.એન.એલ. ફેસેલિટી આપે છે પણ ગુજરાત ટેકનૉલૉજી ક્ષેત્રમાં એટલું આગળ છે કે આ આખો પ્રોજેક્ટ ભારત સરકારે આપણને આપણી સાયન્સ એન્ડ ટેકનૉલૉજી વિભાગને અમલીકરણ માટે આપી છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર છે માનનીય વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૩માં એની સ્થાપના કરી. આજે દેશનું એક માત્ર આ ક્ષેત્રનું રિસર્ચ સેન્ટર કહી શકાય એ છે અને એમાં એ ઇન્સ્ટિટ્યૂટને આપણે નમો અર્થ સાયન્સ યુનિવર્સિટી તરીકે આપણે સ્થાપના કરી રહ્યાં છીએ.માનનીય અધ્યક્ષશ્રી, કહેવાનું ઘણું છે પણ સમયની મર્યાદા છે એટલે હું બહુ લાંબી વાત નહીં કરું. આ સિવાય આપણું જે કલાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ છે તેની વાત કરું તો આપણે આપણા શાસ્ત્રોમાં લખ્યું છે, **'माता भूमिः पुत्रो अहं पृथिव्याः पर्जन्यः पिता स उ नः पिपर्तु'।** પૃથ્વી આપણી માતા છે અને આપણે તેના સંતાનો છીએ. એટલે પૃથ્વીને એને જેવી છે એવી રાખવાની જરૂર છે પરંતુ દુનિયાના દેશો એટલુ બધુ પ્રદૂષણ ફેંકે છે, એટલા બધા ગ્રીન હાઉસ ગેસીસ આપે છે કે પૃથ્વીનું જે ટકાઉપણું છે તેની સામે મોટી ચેલેન્જ ઊભી થઇ છે તેની સામે પણ ભારતે પહેલ કરી છે. ગુજરાતમાં જેમ કલાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ બનાવવાની પહેલ આખા એશિયાની અંદર ગુજરાતે યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ અહીંયા મુખ્યમંત્રી હતા ત્યારે કરી હતી અને આજે કલાઇમેટ ડિપાર્ટમેન્ટ એક નોડલ ડિપાર્ટમેન્ટ તરીકે કામ કરે છે. આપણે કલાઇમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ હેઠળ આપણે કલાઇમેટ ચેન્જ યુનિવર્સિટી બનાવવાનો પણ વર્ષ-૨૦૨૩માં નિર્ણય કરેલો છે અને આપણે ટૂંક સમયમાં તેની કાર્યવાહી કરવા જઇ રહ્યાં છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગની કામગીરી છે તે એક બીજા ડિપાર્ટમેન્ટને એક મેન્ડેટ આપવાનું કામ કરે છે. જે કલાઇમેટ ચેન્જ એકશન છે તે આપણે બરાબર રીતે કરી શકીએ. અત્યારે દુનિયાની અંદર જે ટોટલ ગ્રીન હાઉસ ગેસીસ પેદા થાય છે, તેમાં ચાઇના ૩૦ ટકા અને ૧૪ ટકા યુ.એસ.એ., ઇન્ડિયા ૭ ટકા, યુરોપીયન યુનિયન ૭ ટકા, રશિયા ૫ ટકા અને જાપાન ૩ ટકા છે. છતાં બીજા દેશોએ પહેલ ના કરી પણ આપણે પહેલ કરી કે હવે ગ્રીન હાઉસ ગેસીસ ઘટાડવા જોઇએ અને વર્ષ ૨૦૭૦ સુધીમાં આપણે ઝીરો કન્ટ્રિબ્યુશન થાય તે પ્રકારની વ્યવસ્થા કરવી જોઇએ. એના માટે આપણા પ્રધાનમંત્રી વર્ષ-

૨૦૧૫ની અંદર ફ્રાંસ ગયા અને ફ્રાંસ જઈને એમણે International Solar Alliance (ISA) ની સ્થાપના કરી એનું હેડકવાર્ટર ગુડગાંવની અંદર રખાયું અને આજે સો દેશો તેના સભ્યો છે. આપણે જ્ઞાનનું આદાન-પ્રદાન હોય કે ફાઇનાન્શિયલ સપોર્ટ હોય તેમાં ભારતે લીડરશિપ લીધી છે એટલું જ નહીં વર્ષ-૨૦૩૦ સુધીમાં આપણે ૫૦૦ ગીગાવોટ આ જે રીન્યુએબલ એનર્જીમાંથી પેદા કરવાના છે એમાં ૧૦૦ ગીગાવોટનો ફાળો ગુજરાતનો એકલાનો રહેવાનો છે. આજે રીન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં વિન્ડ હોય અને સોલાર હોય બન્નેનું જો કમ્બાઈન્ડ કરીએ તો આપણે લગભગ ૫૨ ગીગાવોટ સાથે દેશમાં અવ્વલ નંબર ઉપર છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રીશ્રીએ એ ઉપરાંત એક કરોડ ઘરને મફત વીજળી આપવાની યોજના જાહેર કરી છે. એમાં પણ આજે કોઇ અગ્રીમ રાજય હોય તો એ ગુજરાત છે. ગુજરાત એમાં પણ લીડરશિપ લઇ રહ્યું છે. તે ઉપરાંત આપણે કેટલાય એવા ક્ષેત્રો છે કે જેમાં આપણે બીજા બધા રાજયો કરતાં ખૂબ આગળ નીકળ્યા છીએ. આપણે જે રીન્યુએબલ એનર્જી છે તેના મેં આંકડા આપેલા છે મારે વધારે નથી કહેવું.

માનનીય અધ્યક્ષશ્રી, હું થોડી જે માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરું તો સરકારનાં જે કામો છે, સરકારની જે યોજનાઓ છે એ લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. તેના માટે આ વર્ષનું જે બજેટ છે રૂપિયા ૩૨૫ કરોડનું તેની માગણી લઇને હું ગૃહ સમક્ષ આવ્યો છું. આપણે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ભાષામાં અખબારી યાદીઓ પણ પ્રસિદ્ધ કરીએ છીએ. પત્રકારો છે તે આપણા માટે સૌથી મોટું દિવસ-રાત મહેનત કરીને આપણા સુધી માહિતી પહોંચાડવાનું કામ કરે છે તેના માટે આપણે એક્રેડીટેશન કાર્ડ પણ આપીએ છીએ. અને પત્રકારો માટે સામૂહિક જૂથ વીમા યોજના પણ આપણે લઇ આવ્યા છીએ. આકસ્મિક મૃત્યુના કિસ્સામાં તેમના પરિવારને રૂપિયા ૨ લાખ અને રૂપિયા ૧૦ લાખનો અકસ્માત વીમો આપણે તેમને આપીએ છીએ. દિલ્હીની અંદર ૨૬મી જાન્યુઆરીની પરેડમાં આપણા જે ટેબ્લો હોય છે તેમાં સતત પાંચ વર્ષથી પ્રથમ નંબરે આવીએ છીએ. હમણાં થોડાક દિવસ પહેલા 'લાલો' ફિલ્મના કલાકારો અમારે ત્યાં આવેલા, સાવ બેઝિક કામ કરનારા યુવાનો, એમણે કહ્યું કે માત્ર અમે આ 'લાલો' ફિલ્મ બનાવવાની હિંમત કેમ કરી તો કહે કે રાજય સરકાર ફિલ્મમાં સબસિડી આપે છે એટલે અમે હિંમત કરી કે કંઇ નહીં તો ખર્ચો નીકળી જશે, થોડીઘણી ઘરની બચત વાપરી નાખીશું, પણ આજે ગૌરવ સાથે કહેવું પડે કે એ 'લાલો' ફિલ્મને રાજય સરકારની મદદથી ૧૦૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કરી અને રેકોર્ડ બનાવ્યો છે. 'ગુજરાત' પાક્ષિકનો વાચકવર્ગ પણ એટલો જ મોટો છે. અંગ્રેજી ભાષામાં પણ દર ત્રણ મહિને 'ધી ગુજરાત' નામથી પબ્લિકેશન કરીએ છીએ. આપણો દીપોત્સવી અંક ગુજરાતનો એ પણ એટલો જ લોકપ્રિય છે. પરંપરાગત માધ્યમો છે એના મારફત પણ આપણે પ્રચાર કરીએ છીએ અને એના દ્વારા આપણે કુરિવાજ હોય, આરોગ્ય હોય, ખેતી, શિક્ષણ, સંશોધનોનો પ્રચાર આ બધું એના મારફત કરીએ છીએ. હું આ બધી માગણીઓ લઇને આવ્યો છું. અત્યાર સુધીમાં વિભાગની માગણીઓ ઉપર લગભગ દસ જેટલા મારા સાથી ધારાસભ્યોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા છે. કોઇએ ટીકા કરી છે અને કોઇએ એપ્રીસીએટ કરેલ છે, જે ટીકા થઇ છે એને પણ હકારાત્મક રીતે લેવામાં આવશે. ખાસ કરીને આપણા માનનીય તુષારભાઇએ રસ્તાઓની વાત કરી છે, જે યુઝર એજન્સીઓ હોય છે એમણે એફ.સી.એ. માટેની અરજી કરવાની હોય છે, એ કદાચ મોડા થયા હોય એના કારણે બની શકે કે એના માટે પરમીશન ના મળી હોય પણ મેં ગઇ કાલે જ એના માટે જામનગર જિલ્લાના જે પ્રશ્નો હતા એનો સ્થળ ઉપર નિકાલ કર્યો છે. માનનીય ચૈતરભાઇ હોય કે શ્રી તુષારભાઇ હોય એમને પણ વિનંતી કરું છું કે તમારા જે કોઇ ઇશ્યુ હોય એને લઇને આવજો, તરત જ અમે નિકાલ કરી આપીશું. માનનીય મનસુખભાઇ વસાવાના ગામમાં જુનારાજવાળો રસ્તો છે એને ફોરેસ્ટ વિભાગની મંજૂરી નથી મળી અને હમણાંજ કહેવામાં આવ્યું કે એને મંજૂરી મળી ગઇ છે અને બાકીના પણ તમારા જે કોઇ ઇશ્યુ હોય એને જરૂરથી લઇને આવજો. આપણે એનો હકારાત્મક રીતે જેટલું થાય એટલું કરાવીશું. આ બધા વિભાગો એવા છે કે જે વિભાગો માનવ જીવનને લાગુ પડે છે એમાં કોઇ રાજનીતિ કે કોઇ એવી બાબત છે નહીં એટલે મારા બધા મિત્રોને વિનંતી કરું છું કે પોતાની કાપ દરખાસ્ત પાછી ખેંચે અને આ વિભાગની જે માગણીઓ છે એને વિના વિરોધે પસાર કરો એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : થેંકયુ.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોઢવાડિયા સાહેબની માગણીઓ ઉપર ચર્ચા થઇ છે, હમણાં માગણીઓ પાસ થવાની છે અને સભ્યશ્રીઓ પણ પ્રશ્નો કરવાના છે. એક માહિતી આપણા રાજય માટે અને દેશ માટે મહત્ત્વની છે. જે પ્રકારે સમગ્ર વિશ્વની અંદર સંકટ ઘેરાયું છે અને યુદ્ધનું વાતાવરણ છે, ઇરાક, ઇઝરાયેલ, આપણા માટે એ જાણવું મહત્ત્વનું છે કે શિવાલિક એલ.પી.જી. ગેસ એ મુન્દ્રા બંદરે ગુજરાતની ધરતી ઉપર આવી રહ્યું છે અને નંદાદેવી જહાજ કંડલા બંદરે આવી ચૂકયું છે. માનનીય વડાપ્રધાનશ્રીને આપણે ખૂબ ખૂબ અભિનંદન આપીએ કે જે પ્રકારે ડિપ્લોમેટિક રીતે આ આખો મામલો એ ભારત સમગ્ર વિશ્વની અંદર આજે અલગ ઊંચાઇ ઉપર પહોંચ્યું અને એ પ્રકારે એ જે આપણો હોર્મુઝ જળમાર્ગ છે એમાંથી ત્રીજું જહાજ પસાર થઇ ચૂકયું છે એ ભારત માટે, દેશની જનતા માટે, ગુજરાતની જનતા માટે, આપણા સૌ માટે ગર્વની વાત છે. મારે આ તકે યાદ કરવું જોઇએ કે યુક્રેન અને રશિયાના યુદ્ધ વખતે વિદ્યાર્થીઓને અને ભારતીયોને બહાર કાઢવા માટે યુદ્ધ બંધ રહે, આ નવું ભારત છે એને સમગ્ર વિશ્વ જોઇ રહ્યું છે અને આપણી ગુજરાત વિધાનસભા આ ઇન્ફર્મેશન સાથે

માનનીય વડાપ્રધાનશ્રીની જે આ નીતિ છે, ડિપ્લોમેટિક બાબત છે એને પક્ષાપક્ષી છોડીને આપણે સૌ વધાવીએ. મને ગૃહમાં આ માહિતી આપતા આનંદ અને ગૌરવ બંને થાય છે.

અધ્યક્ષશ્રી : થેંકયુ.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહમાં માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે વન અને પર્યાવરણ વિભાગમાં કામ કરતાં, જંગલ સાચવતા રોજમદારો પણ હજારોની સંખ્યામાં કામ કરી રહ્યા છે, જંગલ સાચવી રહ્યા છે ત્યારે આપણા ગુજરાત સરકારના શ્રમ નિયામકના વિભાગનો જે મિનિમમ વેજીસનો પરિપત્ર છે એ મુજબ એમને નિમણૂક મળે, એમને ગ્રેજ્યુઇટી મળે, ઇન્ક્રિમેન્ટ મળે, પી.એફ. મળે, પ્રમોશન મળે, ઓવરટાઇમ મળે, બોનસ મળે એવી આપના માધ્યમથી વિનંતી છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે મારી માગણી છે કે દહેગામ–બાયડ ૪ લેન હાઇ–વે મંજૂર થયો છે અને જીતપુર–વડાગામ રોડ છે એના જંગલ કટિંગની ફાઇલ ૩ મહિનાથી પડી છે એને મંજૂરી આપવા મારી માગણી છે. જિલ્લા લેવલ પર પત્રકારોને બેસવા માટેની વ્યવસ્થા થાય અને એમને વીમા કવચ મળે. એમના પર જે હુમલા થાય છે એના માટે કોઇ કડક કાયદો બને એવી મારી માગણી છે. જિલ્લા લેવલ પર એક સાયન્સ સિટી જેવી અદ્યતન લેબોરેટરી બને એવી મારી માગણી છે. એ ઉપરાંત વન કવચ/વન કુટિર દરેક પંચાયતમાં બને અને ઔષધિ વનની ત્રણેય તાલુકામાં મંજૂરી મળે એવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : મારી એક વિનંતી છે કે પોતાની પ્રાયોરિટીનું જે એક કામ હોય એને જ લેજો. ટેકનિકલ પ્રશ્નો માટે બાકી સમય પણ મળશે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીને મારી શુભેચ્છાઓ કે એમણે ખૂબ કન્વિન્સિંગ વાત કરી છે. અમારા મતવિસ્તારમાં મંત્રીશ્રીને મેં રૂબરૂ મળીને પણ રજૂઆત કરી છે કે, અમારે ત્યાં હસનાપુર ગામ આવ્યું છે. એ સેટલમેન્ટનું ગામ છે અને કોઇ પણ સરકારી યોજનાનો લાભ ત્યાં મળી શકતો નથી. તો એને મહેસૂલી ગામ તરીકે જાહેર કરવામાં આવે. મારા મતવિસ્તારમાં જાંબુડા, પિયાવા, દાદર, શોભાવડલા (લશ્કર), દૂધાળા અને માણંદીયા ગામોમાં સરકારશ્રીએ ખેડૂતોને જે નવી શરતની જમીન ફાળવી છે એમાં કોઇ કારણોસર બીજા હક્કમાં અનામત જંગલ જમીનની નોંધ લખાઇને આવે છે. એના કારણે ખેડૂતોને લોન નથી મળતી. ટેકાના ભાવે વેચી નથી શકતા, કનેક્શન નથી મળતાં તો આ તમામ જમીનોમાંથી અનામત જંગલ જમીનની નોંધ દૂર કરવા માટે માનનીય મંત્રીશ્રી કાર્યવાહી કરે એવી મારી વિનંતી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મોરવા–હડફ તાલુકામાં મહાદેવજીનું ખૂબ પૌરાણિક મંદિર છે. તેમાં દેલોચિયા મહાદેવને ઇકો ટુરિઝમમાં લેવા મારી વિનંતી છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં અનોડિયા ખાતે ૭૩૭ હેક્ટરમાં જંગલ આવેલું છે. મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ અમદાવાદ અને ગાંધીનગરથી નજીકનો વિસ્તાર છે. જો એને પોલો ફોરેસ્ટની જેમ ડેવલપ કરવામાં આવે તો ખૂબ મોટી સંખ્યામાં નજીકના પ્રવાસીઓ જાય એવું સ્થળ છે. આ આખું જંગલ સાબરમતી નદીના તટ ઉપર છે. મારી વિનંતી છે કે જો આને સારી રીતે ડેવલપ કરવામાં આવે તો ખૂબ આનંદ થશે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે મારા રાજકોટમાં ૭૦૦૦ વૃક્ષોનું પીંપળાવન બનાવ્યું છે. એ ઔદ્યોગિક એસોસિએશન અને લોક ભાગીદારીથી બનાવ્યું છે. હું આપ સૌને માહિતી આપું છું.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં હલદરવા ખાતે ૫ હેક્ટર જમીનની સાંસ્કૃતિક વન માટે બે વર્ષથી મારી માગણી છે. એ ખૂબ સુંદર લોકેશન છે. આખા જિલ્લામાં સૌથી સ્વચ્છ ગામનો એવોર્ડ બે વર્ષથી એ ગામને મળે છે. ત્યાં બધી જ સુવિધાઓ છે. આ ગામ નેશનલ હાઇ–વેથી ૩ કિ.મી. અંદર છે. ત્યાં તળાવ પણ છે અને એની સાથે આટલી મોટી જમીન છે. એને લેવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે જૂનાગઢ, ગિરનાર એ નેશનલ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી છે. પહેલી વખત વર્ષ ૧૯૬૬માં સેટલમેન્ટ થયું હતું. ત્યારે ગિરનારમાં જે ધાર્મિક સ્થળો હતા એ બધાનો એમાં સમાવેશ થતો હતો. જ્યારે નેશનલ સેન્ચ્યુરી ડિક્લેર થયું ત્યારે અમુક સંજોગોને કારણે ઘણાં એવા સ્થળો છે જે મિસ થયા છે. એના કારણે અત્યારે વિવાદો થાય છે. જે તે વખતે નોટિસ આપી હોય પણ એ વખતે સંતોને ખબર ન હોય તો એને ફરીથી લઇ નેશનલ વાઇલ્ડ લાઇફ બોર્ડમાં ઠરાવ મોકલવો જેથી કરીને ભવિષ્યમાં કોઇ દિવસ વિવાદ ન રહે. બીજું કે જૂનાગઢ જી.આઇ.ડી.સી. એક જ સરવે નંબરમાં આવેલો પ્લોટ છે. જ્યારે ગિરનાર નેશનલ વાઇલ્ડ લાઇફ સેન્ચ્યુરી ડિક્લેર થયું ત્યારે એના અડધા ભાગને એમાંથી બહાર રાખ્યો છે એટલે અડધામાં એને એન.ઓ.સી. આપતી નથી. તો એ સમસ્યાનો નિકાલ થાય.

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા વિસ્તારમાં બોરદા રોડ એટલે કે ઉકાઇથી બોરદા અને સાગબારા રોડ ૪ લેન બની રહ્યો છે અને વચ્ચે જે વૃક્ષો આવે છે એને કાપવા માટેની ઝડપથી મંજૂરી મળે એવી કાર્યવાહી કરવા વિનંતી છે.

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં તારંગા જૈન મંદિર આવેલું છે. એની પેરીફેરી માટે આખો રોડ મંજૂર કરાયો છે પણ એ જંગલ વિસ્તાર છે. તો એને ઝડપથી પરવાનગી મળે તો આ રોડ ન થાય એવી મારી વિનંતી છે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માત્ર મારા મતવિસ્તારમાં જ નહીં પણ ઘણા વિસ્તારોમાં ગાંડા બાવળની ખૂબ મોટી સમસ્યા છે. ગાંડા બાવળ નાબૂદ કરવા માટે યોજના બનાવવી જોઈએ તેવું મારું સૂચન છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, મારાવિસ્તારમાં જંબુસર અને આમોદ વચ્ચે આવેલી ઢાઢર નદીમાં હજારોની સંખ્યામાં આફ્રિકન પ્રજાતિના મગર રહે છે. તે જગ્યાએ ક્રોકોડાઈલ પાર્ક બનાવવામાં આવે તો ત્યાં એક સારું પર્યટક સ્થળ બની શકે તેમ છે. મારા વિસ્તારમાં ક્રોકોડાઈલ પાર્કની મારી બહુ જૂની માગણી છે. મને લાગે છે કે, હવે આ પાર્ક મળી જશે.

શ્રી દુર્લભભાઈ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં મોરબી તાલુકાના કાલીકાનગર ગામે જંગલ ખાતાની જમીનમાં ખેડૂતોના ખેતરો આવેલા છે. ત્યાં જવા-આવવા માટે રસ્તા અને વીજળીની વ્યવસ્થા કરવા વિનંતી છે.

શ્રી કલ્પેશભાઈ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અને ખાસ કરીને મારા ગામમાં ૫૦૦થી વધારે નીલગાય આવે છે. બાજુમાં પરિયેજ તળાવ અને મારા ગામમાં હરસિદ્ધિ માતાના મંદિરે ઘણા લોકો પ્રવાસે આવે છે અને મગર અને ઘણા પક્ષીઓ પણ ત્યાં આવે છે. આ જગ્યાનો પર્યટક સ્થળ તરીકે વિકાસ કરીને પરિયેજ તળાવ ઉપર પ્રવાસીઓના રોકાણની વ્યવસ્થા કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી ઈશ્વરસિંહ પરમાર: માનનીય અધ્યક્ષશ્રી, મેં લગભગ ૧૦ મહિના પહેલાં વનમંત્રીશ્રી અને વિભાગના સચિવશ્રીને એક પત્ર લખ્યો છે. આપણે ત્યાંથી કોનોકાર્પસના વૃક્ષોને દૂર કરવામાં આવ્યા છે તેમાં ખરેખર શું ક્ષતિ છે તેની યોગ્ય ચકાસણી થાય અને માર્ગદર્શન મળે.

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આંબરડી મુકામે સફારી પાર્ક આપેલ છે. ત્યાં પ્રવાસીઓના રોકાણ માટે વ્યવસ્થા કરી આપવા વિનંતી કરું છું.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને આપ પણ તેના સાક્ષી છો.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, બધામાં મને સાક્ષી ન બનાવો. આપ ચાલુ રાખો.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં આલુવાસ પૌરાણિક જગ્યા આવેલ છે જ્યાં પાંડવો રાત રોકાયેલા હતા. આ ઐતિહાસિક સ્થળે દરવર્ષે મેળો ભરાય છે. તે જગ્યાના વિકાસ માટે મેં મારી રૂ.૧૦ લાખની ગ્રાન્ટ આપી છે. આ જગ્યા ખૂબ સુંદર છે. તેને પર્યટન સ્થળ તરીકે વિકસાવવામાં આવે તો લોકોની સુખાકારીમાં વધારો થાય. ત્યાં ચારે બાજુથી ગાંડા બાવળ કાઢીને રસ્તો બનાવવામાં આવે તેવી હું વિનંતી કરું છું.

શ્રી વિજયભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ડાંગ જિલ્લાના જંગલ વિસ્તારમાં દીપડાઓનું પ્રમાણ વધી ગયું છે ત્યારે દીપડા માટે એક રેસ્ક્યુ સેન્ટર બનાવવામાં આવે અને ડાંગ જિલ્લામાં સાંસ્કૃતિક વન મંજૂર કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં બોટાદ જિલ્લામાં સિંહ પરિવારનો વસવાટ શરૂ થયો છે. મારા બોટાદ તાલુકામાં ઢાંકણિયા ખાતે એક વિશાળ બીડ આવેલું છે. તેમાં હરણની સંખ્યા પણ ખૂબ વધુ છે એટલે જંગલ સફારી આપવામાં આવે અને સિંહોના કાયમી વસવાટ માટે વ્યવસ્થા કરવા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી મોહનભાઈ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં સુરત અને તાપી જિલ્લો આવેલો છે. તાપી જિલ્લામાં મોરદેવી ગામને ઈકો ટુરિઝમ બનાવવા માટે મારી માગણી છે અને સુરત જિલ્લાના મહુવા તાલુકામાં ઉમરા ગામે બ્રહ્મદેવનું પૌરાણિક મંદિર આવેલ છે. આ ગામનું પણ ડેવલપમેન્ટ કરવામાં આવે એવી વિનંતી છે.

શ્રી ગૌતમભાઈ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર તળાજામાં આમળાથી માધેપરાનો સાડા ત્રણ કિલોમીટરનો રસ્તો બે વર્ષથી મંજૂર કર્યો છે. એમાં ૭૦૦ મીટર રિઝર્વ ફોરેસ્ટમાં આવે છે. આ રસ્તાને મંજૂરી મળેલ નથી. તો આ રસ્તાને મંજૂરી મળે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ભગવાનજીભાઈ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે, વન વિભાગ દ્વારા કરોડોની સંખ્યામાં રોપાઓનું વાવેતર કરવામાં આવે છે અને ચોમાસા પહેલાં એનું વિતરણ કરવામાં આવે છે. આ રોપાઓનું વાવેતર કર્યા પછી સાર-સંભાળના અભાવે સૂકાઈ જાય છે. એના બદલે ફળાઉ રોપાઓનો ઉછેર કરીને વિતરણ કરવામાં આવે તો ફળની આશાએ રોપાની સાર-સંભાળ રાખશે અને પશુ-પક્ષીઓને પણ એનો લાભ મળી રહેશે અને મારો વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો પ્રશ્ન છે કે, મારા વિસ્તારના લાંગોદ્રા ગામમાં હાલની સ્થિતિએ કોઈપણ જાતનું કવરેજ આવતું નથી. શાળામાં બાળકોને ભણવાની પણ મુશ્કેલી પડે છે અને મેંદરડા તાલુકાના ઈટાળી ગામમાં પણ કવરેજ આવતું નથી. આ જીવનજરૂરિયાતની વસ્તુ છે એનો ઉકેલ આવે એવી વિનંતી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર દરિયાઇ પટ્ટીમાં છે અને દરિયાનું ધોવાણ સમયાંતરે થતું રહે છે. અગાઉ સરકારશ્રીએ સારી એવી કામગીરી કરીને મેન્ગ્રુવ્ઝનું પ્લાન્ટેશન કરેલ હતું. આખા પટ્ટામાં મેન્ગ્રુવ્ઝનું પ્લાન્ટેશન કરવામાં આવે તો દરિયાથી ધોવાણ પણ અટકે અને ખારાશ પણ અટકે એવી મારી માગણી છે.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, વધુ ને વધુ વૃક્ષોનું વાવેતર એ આપણો ઉદ્દેશ છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અર્બન ફોરેસ્ટનો જે ટાર્ગેટ આપવામાં આવ્યો છે એમાં થોડો વધારો કરવામાં આવે અને મારા વિસ્તારમાં એક મોટી વન કવચની માગણી કરેલ છે એ ઝડપથી કરવામાં આવે અને રાજકોટના રેસકોર્સમાં ઘણા વખતથી એક પ્લેનિટોરિયમ બંધ હાલતમાં છે તો એ ફરીથી શરૂ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મંત્રીસાહેબે પાલીતાણાનો ઉલ્લેખ કર્યો. શેત્રુંજય પર્વતમાં ૮ થી ૧૦ સિંહ હતા. આ વખતની સિંહોની વસ્તી ગણતરી મુજબ ૫૨ સિંહોની વસ્તી છે તો મારા પાલીતાણામાં સફારી પાર્ક બનાવવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી પ્રધુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, છારીઢંઢનો રામસર સાઇટમાં સમાવેશ કરવામાં આવ્યો એ માટે અભિનંદન આપું છું. જે જમીન છે એ સરવે નંબર ૬૦ પૈકી છે. જે ટાવર્સ છે એ રેવન્યુમાં ચડે અને માપણી થઇને પછી શરૂ કરવામાં આવે તો ભવિષ્યમાં વાંધો ન આવે એવી મારી લાગણી છે.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, નવરચિત ગોવિંદગુરુ તાલુકામાં સાંસ્કૃતિક વન મંજૂર કરવામાં આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વન વિભાગના અધિકારીશ્રીઓએ રેકર્ડમાં લખ્યો જ હશે. ન લખ્યો હોય તો અહીંથી મેળવી લે અને આ કામને બજેટના આનુષંગિક જે ખર્ચ છે તેમાં પ્રાયોરિટી આપવામાં આવે અને એનો જવાબ વિધાનસભા થયુ જે–તે માનનીય સભ્યશ્રીને આપવામાં આવે.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, અને ૩૧ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૫૪, ૮૯, અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫.૨૦ કલાકે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ ના રોજ સવારના ૯.૦૦ કલાકે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા.૧૭મી માર્ચ,૨૦૨૬
ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે
પહેલી બેઠક
સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.
માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

***વધારાના ખર્ચની માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (નિયમ–૨૩૩)**

શ્રી કનુભાઈ મો. દેસાઇ (નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ભારતના બંધારણની કલમ–૨૦૫ મુજબ તેઓને મળેલી સત્તાની રૂએ સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓની વિચારણા કરવા ગુજરાતના નામદાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને ભલામણ કરેલ છે.

અધ્યક્ષશ્રી : આજે સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન હાથ ધરવાનું હોઇ, આ માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ થાય તે પહેલાં મારે સભાગૃહના ધ્યાન ઉપર મૂકવાનું કે, વિધાનસભાના નિયમોના નિયમ–૨૩૩ના પેટા નિયમ–(૪)ની જોગવાઇ મુજબ વધારાના ખર્ચની માગણીઓની બાબતમાં અંદાજપત્રમાની માગણીઓ બાબતમાં જે કાર્યરીતિ અનુસરવામાં આવે છે તે જ કાર્યરીતિ અધ્યક્ષ તેમાં ફેરફાર કરે તે સિવાય અનુસરવામાં આવે છે. વિધાનસભાએ મંજૂર કરેલ નાણાં કરતાં કોઇ વર્ષમાં વધારે ખર્ચ થઇ ગયો હોય તેવા કિસ્સામાં ઊંડી તપાસ કરીને તે ખર્ચને નિયમિત કરવા માટે જાહેર હિસાબ સમિતિ ગૃહને ભલામણ કરે છે. આ ભલામણ પછી ગૃહે મંજૂર કરેલા ખર્ચ કરતાં થયેલ વધારાના ખર્ચને નિયમિત કરવા માટે આ વધારાની માગણીઓ રજૂ કરવામાં આવે છે. આમ, આ ખર્ચ તો અગાઉ થઇ ગયેલ છે. ઉપરાંત વધારાના ખર્ચ સબંધમાં જાહેર હિસાબ સમિતિએ વિગતવાર તપાસ કરીને તેનો અહેવાલ પણ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હોવાથી બંધારણીય જોગવાઇ પ્રમાણે આ ખર્ચ નિયમિત કરવો જરૂરી છે, તેથી સરકાર સભાગૃહ પાસે આવી છે. પ્રસ્થાપિત પરંપરા અનુસાર વધારાના ખર્ચની માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવામાં આવતી નથી. તેથી હું નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ ગૃહના મત માટે રજૂ કરવા વિનંતી કરું છું.

સન ૨૦૧૧–૨૦૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૧–૧૨ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ રજૂ કરું છું.

વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૧૦, ૧૮, ૨૦, ૨૬, ૫૧, ૮૧, ૮૨, ૮૬, ૮૭ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ રજૂ કરું છું.

વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૧૯, ૨૬, ૪૩, ૭૩, ૮૧, ૮૫ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૨૦, ૨૬, ૩૯ અને ૭૩ રજૂ કરું છું.

વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૨૦, ૨૬, ૩૯ અને ૭૩ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

શ્રી કનુભાઇ મો.દેસાઇ(નાણામંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચને લગતી માગણી ક્રમાંકઃ ૯,૧૩,૧૮,૭૩ અને ૮૬ રજૂ કરું છું.

વધારાના ખર્ચ માટેની માગણી ક્રમાંકઃ ૯,૧૩,૧૮,૭૩ અને ૮૬ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

શ્રી કનુભાઇ મો.દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી પક્ષના ભાઇઓએ જે ઉદારતા બતાવી છે અને પી.એ.સી.માં સુંદર ડિસ્કશન કર્યા પછી સર્વાનુમતે મંજૂર કરી છે એના માટે સર્વેનો આભાર.

---

* સન ૨૦૧૧–૧૨, ૨૦૧૪–૧૫, ૨૦૧૫–૧૬ અને સન ૨૦૧૮–૧૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા નાણામંત્રીશ્રીએ વધારાના અનુદાન માટેની બધી માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આ માગણીઓના અનુસંધાનમાં પોઇન્ટ ઓફ ઓર્ડર છે?

પોઇન્ટ ઓફ ઓર્ડર

દિવસના કામકાજની યાદીમાં ફેરફાર કરવા અંગે

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, વિષય ખૂબ જ ગંભીર અને આ સભાગૃહના ધ્યાને મૂકવો પડે એવો મહત્ત્વનો છે. આ ગૃહની મેં ચર્ચાની જૂની પુસ્તિકાઓ વાંચી એમાંથી મને ખ્યાલ આવ્યો કે પ્રણાલિકા રહી છે અને નિયમો પણ એવું કહે છે કે, એક વખત કામકાજ સલાહકાર સમિતિનો જે અહેવાલ બહાર પડે છે કે સભાગૃહ સમક્ષ મૂકવામાં આવે એને સભાગૃહ સર્વસંમતિથી મંજૂર કરે છે અને ત્યારપછી તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરી શકાતો નથી. માનનીય મંત્રીશ્રી આજે આ પહેલી બેઠકમાં જે માગણીઓ રજૂ કરવા જઈ રહ્યા છે એ માગણીઓ કામકાજ સલાહકાર સમિતિએ અગાઉ ૯મી માર્ચના રોજ નક્કી કરી હતી. ૯મી માર્ચના રોજ આની ચર્ચા થવાની હતી અને એ સમયની ૯મી માર્ચની આ કામકાજની યાદી છે. એ કામકાજની યાદીમાં માગણી ક્રમાંક-૩૧ ચૂંટણી એ પણ ચર્ચામાં લેવાઇ હતી પણ સંજોગોવસાત આપણા ગૃહના એક સન્માનનીય સભ્યશ્રીનું મૃત્યુ થયું, શોકપ્રસ્તાવ આવ્યો એટલે કામકાજ મુલતવી રહ્યું. એટલે કામકાજ સલાહકાર સમિતિની નવી બેઠક મળી અને નવી બેઠકમાં ૯ તારીખના મુલતવી રહેલા કામને ૧૭ તારીખની પહેલી બેઠક એટલે કે, આજરોજ ખસેડવામાં આવ્યું. એટલે કે ૧૩મા અહેવાલથી આ કામ આજના દિવસે આવ્યું છે. એટલે કે કામકાજ સલાહકાર સમિતિનો બારમો અને તેરમો બંને અહેવાલ આ સભાગૃહે સર્વસંમતિથી મંજૂર કર્યા પછી જ માગણીઓ પરની ચર્ચા નક્કી થઇ છે. નિયમ એવું કહે છે કે કામકાજ સલાહકાર સમિતિએ જે કંઇ નિર્ણય કર્યો હશે એ મુજબનું પત્રક સચિવશ્રીએ બહાર પાડવાનું હોય છે. જે પત્રક સચિવશ્રીએ ૧૦ તારીખ અગાઉ બહાર પાડેલ હતું. ૨૪મી ફેબ્રુઆરીના પત્રકમાં ચૂંટણીઓ પર ચર્ચા થવાની છે પરંતુ ૯ તારીખે કામકાજ મુલતવી રહ્યા પછી કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ એવું કહે છે કે માત્ર કામને એક તારીખથી બીજી તારીખમાં લઇ જવાનું છે. વચ્ચેથી કશું હટાવી નથી દેવાનું, રદ નથી કરવાનું, બંધ નથી રાખવાનું. પણ જ્યારે અમને બીજું પત્રક જ્યારે મળ્યું આ પત્રક ૧૦મી માર્ચના રોજ મળ્યું. ૧૦મી માર્ચના રોજ સચિવશ્રીએ પત્રક બહાર પાડ્યું ત્યારે એમાંથી ચૂંટણી ગાયબ છે. એટલે હું સૌથી પહેલાં વિધાનસભા સચિવાલયની સંબંધિત ટેબલ શાખામાં અધિકારીશ્રીઓને મળવા ગયો કે ચૂંટણીની ચર્ચા ૯મી તારીખે થવાની હતી. કામકાજની યાદી બહાર પડી ગઇ. માગણી ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી બહાર પડી ગઇ. એ એકત્રિત યાદી વિભાગને પણ મોકલી આપવામાં આવી હશે. આ બધું જ થયા પછી અચાનક ચૂંટણી કયાંથી ગાયબ થઇ ગઇ? મને ટેબલ શાખામાંથી સંબંધિત અધિકારીએ એવો જવાબ આપ્યો કે અગાઉ એકવખત પૂરક માગણીઓમાં ચર્ચા થઇ ગઇ છે એટલે હવે નવેસરથી ચર્ચા નહીં થાય. મેં એમને કહ્યું કે પૂરક માગણીઓ રૂ. ૬૦ કરોડનો વધારાનો ખર્ચ જે ગયા વર્ષે કર્યો છે એના ઉપર હતી. આ ચૂંટણીની ચર્ચા સરકાર રૂ. ૨૪૦ કરોડનો નવો રેવન્યુ ખર્ચ કરવાની છે એના ઉપરની માગણીઓમાં છે તો તમે કેવી રીતે હટાવી? મેં સચિવશ્રીનું પત્ર લખીને ધ્યાન દોર્યું. એમાં બહુ ગંભીર બાબત ધ્યાનમાં આવી છે કે, કોઇ સભ્ય એક વખત કોઇ વિષયની સૂચના વિધાનસભાને આપે, એ સૂચના વિધાનસભાના અધ્યક્ષશ્રી મંજૂર કરે, દાખલ કરે, ત્યાર પછી સભ્ય પોતે પાછી ખેંચે અથવા સભ્યનું મૃત્યુ થાય અથવા સભાગૃહ પાછી ખેંચવાની મંજૂરી આપે એ સિવાય એને રદ કરી શકાતી નથી. પાછી ખેંચી શકાતી નથી. આ કિસ્સામાં એવું થયું કે, અમે બધાએ ચૂંટણી વિષય ઉપર કાપ દરખાસ્તો આપેલી છે. મેં પોતે આપેલી છે. અમને સચિવશ્રીનો પત્રો મળ્યો કે તમારી કાપ દરખાસ્તો રદ કરવામાં આવેલ છે. કયા નિયમો હેઠળ રદ કરવામાં આવેલ છે? ગુજરાત વિધાનસભાના નિયમોની આખી ચોપડી હું બે દિવસથી વાંચુ છું. એક વખત સભ્યશ્રીએ આપેલી કાપ દરખાસ્ત સચિવશ્રી પાછી ખેંચી શકતા નથી, રદ કરી શકતા નથી અને હટાવી શકતા નથી એ અધિકાર માત્ર સભ્યો અને સભાગૃહને છે. વિધાનસભાના નિયમોના નિયમ-૨૦(ક) એવું કહે છે દાખલ થયેલી સૂચનાઓ મંત્રીશ્રી અને વિભાગને મોકલવી. નિયમ -૨૦(૧) એવું કહે છે કે દાખલ થયેલી સૂચનાઓ સભ્યોને મોકલવી. આ બંને પ્રક્રિયા વિધાનસભા સચિવાલયે અપનાવી લીધા પછી અમારી કાપ દરખાસ્ત એટલે કે સૂચનાઓ રદ કેવી રીતે કરવામાં આવી? આ બાબત સિવાય બીજો વિષય એ છે કે કામકાજ સલાહકાર સમિતિએ જે નિર્ણય કર્યો હોય એ નિર્ણયને આ સભાગૃહે સર્વાનુમતે સ્વીકાર્યા પછી સચિવ પાસે એવી કોઇ સત્તા નથી કે અહેવાલની વિરુદ્ધનું પત્રક બહાર પાડવામાં આવે. કામકાજ સલાહકાર સમિતિએ ચૂંટણી ઉપર ચર્ચા કરવાનો બારમો અહેવાલ બહાર પાડેલો છે એ આધારે સચિવશ્રીએ પત્રક બહાર પાડેલું છે અને દુર્ભાગ્યવશ સભ્યશ્રીનું મૃત્યુ થવાના કારણે, શોકદર્શક પ્રસ્તાવના કારણે કામકાજ બંધ રહ્યું છે. એના કારણે આખું કામકાજ એક તારીખમાંથી બીજી તારીખ સુધી લઇ જવામાં આવ્યું. વચ્ચેથી ચૂંટણી કેવી રીતે ગાયબ થઇ ગઇ એ મને સમજાતું નથી. એટલે આ કામકાજ સલાહકાર સમિતિનો વિશેષાધિકારનો ભંગ છે. કામકાજ સલાહકાર સમિતિએ ગૃહમાં એનો અહેવાલ મંજૂર કરાવેલો છે. ગૃહે જેને માન્યતા આપી એ કામને સચિવ કેવી રીતે હટાવી શકે? ત્રીજો મુદ્દો છે કે જે દિવસે કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ વિધાનસભા સમક્ષ આપના માધ્યમથી રજૂ કરવામાં આવ્યો તે દિવસે આપે અમને ત્રણ મુદ્દાની માહિતી આપી હતી જેમાં એક મુદ્દો એવો હતો કે માગણીઓ અને એના ઉપરની ચર્ચાઓ જે ૯મી તારીખે બંધ રહી છે એને આપણે તારીખ ૧૭મીએ પહેલી બેઠકમાં લઇશું. બીજી બેઠકનું કામકાજ રાબેતા મુજબ રહેશે.

આવું આપે જાહેર કર્યું હતું. એ દિવસે સભ્યોને કે ગૃહને એ બાબતની કોઇ માહિતી આપવામાં આવી નથી કે આમાંથી ચૂંટણી ગાયબ થઇ જશે. ચૂંટણી ઉપર ઘારો કે હું ઊભો થઇને *(**xxx**)...

અધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, તમે માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરી શકશો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ વાત કરું છું.

અધ્યક્ષશ્રી : તમે માગણીઓ ઉપર નહીં બોલી શકો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, માગણી હટાવી દીધી એટલે તો પોઇન્ટ ઓફ ઓર્ડર લાવવો પડ્યો છે.

અધ્યક્ષશ્રી : પરંતુ તમે માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ બોલી શકશો. માગણીઓની ચર્ચા ઉપર તમે વાત નહીં કરી શકો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ આખા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર મારી બે બાબતો સ્પષ્ટ છે અને એ બે ઉપર આપ સાહેબનું માર્ગદર્શન માગું છું. (૧) નિયમ –૧૯૩નો પેટા નિયમ–૪....

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીના માગણીઓ ઉપરના જે શબ્દો હોય તે રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, કામકાજ સલાહકાર સમિતિ વિશેના જે નિયમો બનેલા છે એમાં નિયમ–૧૯૩ના પેટા નિયમ –૧, ૨, ૩ અને ૪ એવું દર્શાવે છે કે જ્યારે સભાગૃહમાં કોઇ પ્રસ્તાવ સુધારા સહિત કે સુધારા વગર પસાર કરે ત્યારે સભાગૃહે મંજૂર રાખેલી સમિતિની ભલામણો સભાગૃહનો આદેશ ગણાશે અને પત્રકમાં તેની જાહેરાત કરવામાં આવશે. આમાં સ્પષ્ટ લખ્યું છે કે કામકાજ સલાહકાર સમિતિનો ૧૩મો અહેવાલ એને સભાગૃહે સર્વાનુમતે મંજૂર રાખ્યો માટે એ સભાગૃહનો આદેશ છે અને સચિવશ્રીએ એ પ્રમાણે જ પત્રક બહાર પાડવાનું હતું. સભાગૃહના આદેશ વિરુદ્ધનું પત્રક બહાર પાડવામાં આવ્યું છે. એમાં નિયમ–૧૯૩ ના પેટા નિયમ–૪ નો સ્પષ્ટ ભંગ થયો છે એટલે આ કામકાજ સલાહકાર સમિતિના વિશેષાધિકારનો ભંગ થયો છે. સભ્યએ આપેલી સૂચનાને માનનીય સચિવશ્રીએ જે પત્રક તા. ૧૦મી માર્ચે બહાર પાડ્યું છે એની પાછળ ક્રમ નં. ૨૭૨થી દર્શાવવામાં આવ્યું છે કે માગણીઓમાં ફેરફાર થયેલ છે જે ધ્યાને લઇને નોટિસ પેપર ભાગ–૩ રદ કરવામાં આવે છે. એટલે કે કઇ કઇ માગણીઓ ઉપરની ચર્ચાઓનું પત્રક. એ માગણીઓ રદ કરવાનો અધિકાર સચિવને મળેલ નથી. એ માગણીઓ કે એના ઉપરની કંઇ પણ બાબત હોય તો એ પહેલા કામકાજ સલાહકાર સમિતિમાં આવવી જોઇએ. કામકાજ સલાહકાર સમિતિ એનો નિર્ણય કર્યા પછી સભાગૃહમાં આવવું જોઇએ. સભાગૃહ સર્વસંમતિથી પસાર કરે પછી જ આ બાબતની અંદર ફેરફાર થઇ શકે. હાલના કિસ્સામાં ચૂંટણીઓ અંગેની ૩૧ નંબરની માગણી જે હટાવવામાં આવી છે એમાં પ્રણાલિકાઓનો ભંગ થયો છે, નિયમોનો ભંગ થયો છે અને તેથી હાલમાં જે માગણીઓ રજૂ થઇ રહી છે એને અટકાવી અને સૌથી પહેલા આ બાબતે નિર્ણય કરવામાં આવે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(** વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોપાલભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એમાં ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૩૪માં પણ ઉચ્ચ અધિકારીઓના વર્તન અને વહેવાર વિશે આક્ષેપ કરી શકાતા નથી અને ગૃહમાં પ્રતિષ્ઠાને હાની પહોંચે એવી બાબતો વિચારણામાં લેવામાં આવતી નથી. સંસદીય પ્રણાલિકા કાર્યરીતિ ભાગ–૧ના પાન નં. ૪૦૯ પર દર્શાવ્યા અનુસાર બંધારણીય સંસ્થાઓને લગતા પ્રશ્નો સંબંધમાં વિધાનસભા નિયમોમાં કોઇ જોગવાઇ નથી. પરંતુ સામાન્ય રીતે આવી સંસ્થાઓ તેમની બંધારણીય ફરજો બજાવવામાં હસ્તક્ષેપ કરે તેવી બાબતો દાખલ કરવામાં આવતી નથી. પાના નં. ૫૩ ઉપર બે અધ્યક્ષશ્રીના નિર્ણયો પણ છે. ચૂંટણી પંચની રચના બંધારણના અનુચ્છેદ–૩૨૪થી કરવામાં આવી છે. આ જ અનુચ્છેદમાં દર્શાવ્યા અનુસાર મતદાર યાદીઓ તૈયાર કરવી, તેનું નિરીક્ષણ, નિદર્શન અને નિયંત્રણ બાબતે તે ચૂંટણી પ્રક્રિયાની બાબત હોઇ, ચૂંટણી પંચમાં નિહિત થઇ છે. આ જ અનુચ્છેદ હેઠળની જોગવાઇ હેઠળ રાજ્ય માટે મુખ્ય નિર્વાચન અધિકારી સી.ઇ.ઓ.ની નિમણૂક કરે છે. જે ચૂંટણી પંચના નિયંત્રણ હેઠળ છે. આદરણીય રાષ્ટ્રપતિશ્રી અથવા તો આદરણીય રાજ્યપાલશ્રી આ અંગે ચૂંટણી પંચને તેમની ફરજો માટે વખતો વખતનો સ્ટાફ પણ પૂરો પાડે છે. એ જ રીતે બંધારણના અનુચ્છેદ–૨૪૩ (કે) થી પંચાયત માટે અને અનુચ્છેદ–૨૪૩ (ઝેડ)(એ) થી મ્યુનિસિપલ કોર્પોરેશન, મ્યુનિસિપાલિટી માટે આ જ પ્રકારની સત્તાઓ સ્ટેટ ઇલેકશન કમિશનને આપેલી છે. જેમાં મતદાર યાદી તૈયાર કરવી, એમાં સુધારા કરવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે. આ બાબતો પાન નં. ૯૧ થી પાન. નં.૯૭, કોન્સ્ટિટ્યૂશન ઓફ ઇન્ડિયા યુનિવર્સલ પ્રકાશનમાં પ્રકાશિત થયેલ છે. લોકપ્રતિનિધિત્વ ધારો–૧૯૫૧ની કલમ–૧૩(એ) મુજબ રાજ્યના ઇલેક્ટ્રોલર અધિકારીને ઇલેકશન કમિશન નોમિનેટ કરે છે. આ કલમની પેટા કલમ–૨ મુજબ ચીફ ઇલેકટ્રોલર અધિકારીએ મતદાર યાદી તૈયાર કરવી, રિવાઇઝ કરવી, સુધારણાની કામગીરી કરવી એ ચૂંટણી પંચના કાર્યક્ષેત્રમાં આવે છે. ઇ.વી.એમ. મશીન ખોટવાઇ જવાની અને વગેરે વગેરે જે ફરિયાદો છે, આવું કંઇ હોય તો એ ત્રુટી સંદર્ભમાં રજૂઆત ઇલેકશન કમિશનને સુપ્રિન્ટેન્ડેન્ટ, નિર્દેશન અને અંકુશને લગતી સત્તાઓ ચૂંટણી પંચના કાર્યક્ષેત્રની આ બાબતો છે. કલમ–૧૫ની જોગવાઇ અનુસાર વિધાનસભા મતવિસ્તાર માટે મતદાર યાદી પણ આ જ જોગવાઇ મુજબ કરવાની રહે છે. ભૂતકાળમાં પણ લોકસભાના અધ્યક્ષે સ્વાયત્ત સંસ્થાઓ અંગે અવલોકન કરતાં જણાવ્યું છે કે, ગૃહના મુખ્ય હેતુમાં એક હેતુ માહિતી

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મેળવવાનો હોવો જોઇએ. ગૃહ સર્વસત્તાધીશ છે. છતાં આપણા બંધારણની યોજના અનુસાર આપણે જે સ્વાયત્ત સંસ્થા ઊભી કરી છે એની સ્વતંત્ર વહીવટની ભાવનામાં વધારો થવો જોઇએ. તેથી તેની સ્વાયત્તામાં ઓછામાં ઓછી દખલ કરવી જોઇએ. ચૂંટણી પંચ જેવી વૈધાનિક સંસ્થાઓને લગતા પ્રશ્ન સંબંધમાં કોઇ ચોક્કસ નિયમો ઘડવામાં આવ્યા નથી,પરંતુ સામાન્ય રીતે આવી સંસ્થાઓને તેમની વૈધાનિક ફરજો બજાવવામાં હસ્તક્ષેપ કરે એવી ચર્ચાઓને ગૃહમાં અવકાશ રહેતો નથી. એટલું જ નહીં, વિધાનસભાના નિયમોના નિયમ ૩૪(૫) ની જોગવાઇ જોતાં ઉચ્ચ સત્તાધિકારીઓના વર્તન વિશે પણ આક્ષેપ કરી શકાય નહીં. ચૂંટણીપંચનો બંધારણીય દરજ્જો જોતાં તમામ કમિશનરો ઉચ્ચ સત્તાધિકારીઓની વ્યાખ્યામાં આવી જાય છે, તેથી તેઓના સંદર્ભમાં કોઇ આક્ષેપ થઇ શકે નહીં. વિધાનસભા ગૃહ માત્ર ને માત્ર કમિશનની સ્વાયત્તા જળવાઇ રહે તે માટે રાજ્ય ચૂંટણી પંચની નાણાકીય જરૂરિયાત માટે જે જોગવાઇ હોય તે પસાર કરે છે. આ બાબતે ગૃહમાં ચર્ચાને કોઇ અવકાશ નથી. કારણ કે, આ બાબત અંગે રાજ્ય સરકારની પ્રાથમિક જવાબદારી નથી કે ચૂંટણી અંગેની સમગ્ર પ્રક્રિયામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજ્ય સરકારના કોઇ મંત્રીનો રોલ હોતો નથી. તેથી તેવી કોઇ બાબતે સરકારશ્રીનો કોઇ વિભાગ કે મંત્રી જવાબ આપવા બંધાયેલ નથી. માત્ર ને માત્ર અંદાજકીય જોગવાઇઓ જ મંજૂર કરવાનું કામ કરવાનું હોય છે. ૧૨મી માર્ચ, ૨૦૦૩નાં રોજ સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા દરમ્યાન ગૃહના કેટલાક સભ્યોએ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ માટે મતદાર યાદીમાંથી નામો કમી થઇ જવા અંગે પ્રશ્ન ઊઠાવી રાજ્યનું ચૂંટણી તંત્ર નિષ્ફળ ગયાનો મુદ્દો ઊઠાવ્યો હતો. આ તબક્કે અધ્યક્ષશ્રીએ પોતાનો ચુકાદો આપતાં જણાવ્યું હતું કે, બંધારણની કલમ ૩૨૪ હેઠળ સંસદ, વિધાનસભાને લગતી તમામ બાબતો પર દેખરેખ, નિરીક્ષણ અને નિયંત્રણ કેન્દ્રીય ચૂંટણી પંચે કામગીરી બજાવતો સ્ટાફ, ચૂંટણીપંચ હેઠળ પ્રતિનિયુક્તિ થયેલો ગણવામાં આવતો હોય છે. મતદાર યાદી તૈયાર કરવાની કામગીરીમાં આ પ્રકારની ઇ.વી.એમ. ખોટવાઇ જવું, વી.વી.પેટની કાર્યરીતિ કે કોઇ ત્રુટીના સબંધમાં રાજ્ય સરકારની કોઇ પ્રાથમિક જવાબદારી બનતી નથી. તે સબંધની રજૂઆત કે ફરિયાદ જે તે વ્યક્તિએ ચૂંટણી પંચને જ કરવાની રહે છે. આમ, મંત્રીએ પણ આ અંગે કોઇ પ્રતિભાવ આપવાનો પ્રશ્ન રહેતો નથી. સદરહુ નિર્ણય ચૂંટણી પંચના કાર્યક્ષેત્રને રાજ્ય સરકારમાં કોઇ સંબંધકર્તા ના હોવાની બાબતને પૃષ્ટિ આપે છે. આ ઉપરાંત કોલ એન્ડ શકધરની પુસ્તિકા પ્રેક્ટિસ અને પ્રોસિજર ઓફ પાર્લામેન્ટના પાનાં નં.૭૦૯ ઉપર દર્શાવ્યા અનુસાસર ડિમાન્ડ ફોર ગ્રાન્ટની ચર્ચાને અવકાશના સંદર્ભમાં જણાવેલ છે કે – "At the stage of discussion on the demands for grants in respect of ministry, the debate is essentially confined to a matter which is under the administrative control of ministry."

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય વર્ષ ૨૦૦૨માં કરેલ માર્ગદર્શિકા પુસ્તિકાના પાના નં.૬૭ ઉપર આવી સંસ્થાઓ જે કાયદાના આધારે સ્થાપવામાં આવે છે તે કાયદામાં જ તે સંસ્થાઓના વહીવટમાં સરકાર કેટલી હદ સુધી દરમ્યાનગીરી કરી શકે તેની મર્યાદાઓ નક્કી થયેલ હોય છે. સંસ્થાના રોજબરોજના વહીવટ અંગે તેમજ તેના આંતરિક વહીવટ અંગે મંત્રીની કોઇ જવાબદારી ના હોવાથી પ્રશ્ન પૂછી શકાતા નથી. તેથી અધ્યક્ષશ્રી તેવા પ્રશ્નો દાખલ કરતા નથી. તાજેતરની ઘટનાઓ ઉપર આપણે નજર કરીએ તો પશ્ચિમ બંગાળ સહિતના રાજ્યોમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીઓના સંદર્ભમાં ગઇકાલે જ જે તે રાજ્યના કેટલાક અધિકારીઓની બદલી તેમજ કેટલાક અધિકારીઓની સેવાઓ પ્રતિનિયુક્તિ ઉપર મૂકતા હુકમો કરેલ છે. જે બતાવે છે કે ચૂંટણીને લગતી બાબતોમાં રાજ્ય સરકારનો કોઇ હસ્તક્ષેપ હોઇ શકે નહીં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થયો છે. જે રીતે તા.૧૦/૩/૨૦૨૬ ના રોજ પત્રક ક્રમાંક ૨૭૧ અમારા હાથમાં આવ્યું ત્યારે એમાં માગણી ક્રમાંક–૩૧ જે ચૂંટણીના ખર્ચના અનુસંધાનમાં છે એને રદ કરવામાં આવી છે. એની જગ્યાએ માગણી ક્રમાંક–૩૫નો ઉમેરો કરવામાં આવ્યો છે. આ માગણી ક્રમાંક– ૩૧માં ૧૦થી વધારે ધારાસભ્યશ્રીઓએ પોતાની કાપ દરખાસ્ત રજૂ કરી હતી. કાપ દરખાસ્તો નિયમ–૨૨૭ મુજબ વિપક્ષના દરેક ધારાસભ્યશ્રી કાપ દરખાસ્ત મૂકી શકે છે. અને લોકસભાના નિયમ–૨૦૯ મુજબ તે કાપ દરખાસ્ત છે તેની અંદર દાખલ થઇ શકે છે. કાપ દરખાસ્ત મૂક્યા પછી ત્રણ દિવસની મુદત આપવામાં આવે છે. દાખલ કરવાની મુદત છે તે ત્રણ દિવસની હોય છે અને સંસદીય પ્રણાલી મુજબ તે ત્રણ પ્રકારની કાપ દરખાસ્ત હોય છે: એક નીતિને મંજૂર કરતી કાપ દરખાસ્ત, બીજી કરકસર માટેની કાપ દરખાસ્ત અને ત્રીજી પ્રતીક કાપ દરખાસ્ત આમ, ત્રણ કાપ દરખાસ્તો તે આપણે નિયમાનુસાર આપી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કરીને એ કહેવું છે કે, ૨૪ ફેબ્રુઆરી,૨૦૨૬ના પત્રક ક્રમાંક–૨૫૮માં અનુદાનો માટેના વિભાગોનું માગણીનું પત્રક જે ગુજરાત વિધાનસભા દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું અને તેની અંદર પણ ૯ માર્ચ, ૨૦૨૬ના પહેલા દિવસે સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર–૩૧ ચૂંટણી ખર્ચ માટેની ચર્ચા–વિચારણા થશે. તેમાં ૩૫નો કોઇ જગ્યાએ ઉલ્લેખ નથી. આ પત્રક પણ મારી પાસે છે. એવી જ રીતે ગુજરાત વિધાનસભા દ્વારા પમી માર્ચ,૨૦૨૬ના રોજ નોટિસ પત્રક ભાગ–૩ અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપ દરખાસ્તો માટેનું જે પત્રક બહાર પાડવામાં આવ્યું હતું જેમાં માગણી ક્રમાંક–૩૧માં મેં આપને જે રીતે કહ્યું વિપક્ષના ૧૦ ધારાસભ્યોએ કાપ દરખાસ્ત રજૂ કરી હતી જેની ચર્ચા અને મતદાન ૯ માર્ચ,૨૦૨૬ના રોજ ગૃહમાં થશે એવું જાહેર કરવામાં આવ્યું હતું તેની કોપી પણ મારી પાસે હાજર છે. ગુજરાત વિધાનસભા દ્વારા ૬ માર્ચ, ૨૦૨૬ના શુક્રવારના દિવસે ૯ માર્ચ, ૨૦૨૬ના સોમવારના દિવસની કામકાજની યાદીમાં પણ માગણી ક્રમાંક–૩૧ ચૂંટણી ખર્ચનો તેની અંદર સમાવેશ કરવામાં આવ્યો હતો.

તા.૧૭મી માર્ચ, ૨૦૨૬
પોઇન્ટ ઓફ ઓર્ડર

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા દ્વારા ૯ માર્ચ, ૨૦૨૬ના રોજ સોમવારના દિવસે સુધારેલા દિવસની કામકાજની યાદીનું પત્રક બહાર પાડવામાં આવ્યું અને તેની અંદર માગણી ક્રમાંક-૩૧ ચૂંટણી ખર્ચ ઉપરની ચર્ચા અને મતદાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૯ માર્ચ, ૨૦૨૬ સોમવારના દિવસે આ જ વિધાનસભાના એક આપણાં સાથી સભ્ય સ્વ.ગોવિંદભાઇ પરમારનું જયારે આકસ્મિક અવસાન થયું ત્યારે કામકાજ સલાહકાર સમિતિની એક અગત્યની મિટિંગ આપે તાત્કાલિક બોલાવી હતી અને એ આપશ્રીના અધ્યક્ષસ્થાને થતી મિટિંગમાં શાસક પક્ષ અને વિપક્ષના બન્ને સભ્યો હાજરી, ગોવિંદભાઇનું આકસ્મિક અવસાન થયું હોવાના કારણોસર વિધાનસભાની એક પ્રણાલી રહેલી છે કે સભાગૃહના કોઇ સભ્યશ્રીનું જયારે દુઃખદ અવસાન થાય તો એક દિવસ તેમના માનમાં, તેમના સન્માનમાં, તેમના શોકમાં આ સભાગૃહ બંધ રહે છે. અને તે દિવસે કામકાજ સલાહકાર સમિતિની મિટિંગની અંદર પણ એ નિર્ણય લેવાયો હતો કે ૯ માર્ચ,૨૦૨૬ સોમવારનું જે કામકાજ છે તે કામકાજમાં પ્રશ્નોત્તરીકાળના સમય પછી પ્રશ્નોત્તરી પત્યા પછી સ્વર્ગીય ગોવિંદભાઇ પરમારની શોકાંજલિ થશે અને શોકાંજલિ થયા બાદ સભાગૃહ તેમના માનમાં, તેમના શોકમાં બંધ રહેશે અને ૯મી માર્ચ,૨૦૨૬નું જે કામકાજ દિવસમાં દર્શાવેલ છે તે તમામ કામકાજ તારીખ ૧૭-૩-૨૦૨૬ની મંગળવારની પહેલી બેઠકની અંદર હાથ ધરવામાં આવશે એમાં પણ માગણી ક્રમાંક-૩૧નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. હું એ વાત સાથે પણ સંમત થાઉં છું કે વિધાનસભાની વિવિધ કમિટીઓ છે. અને વિવિધ કમિટીઓની અંદર સર્વોચ્ચ જો કોઇ કમિટી હોય તો એ કામકાજ સલાહકાર સમિતિ છે. એટલા માટે કામકાજ સલાહકાર સમિતિ સર્વોચ્ચ સમિતિ છે કે એના અધ્યક્ષ તરીકે આપ બિરાજમાન થાવ છો. માનનીય મુખ્યમંત્રીશ્રી, વિપક્ષના નેતા અન્ય સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓ પણ આ કમિટીની અંદર હોય છે. કામકાજ સલાહકાર સમિતિમાં જે કામ થાય છે, જે ઠરાવ થાય છે, જે નક્કી થાય છે તેની જાણ વિધાનસભા ગૃહના ૧૮૧ ધારાસભ્યોને કરવામાં આવે છે અને જાણ કરીને આપે આ વિધાનસભા ગૃહની અંદર કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ પણ રજૂ કર્યો છે અને અહેવાલમાં આપે જાહેર પણ કર્યું કે તા.૯મી માર્ચ, ૨૦૨૬નું બાકી રહેલા કામકાજનું કામ તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ની પહેલી બેઠકમાં કામ હાથ ધરવામાં આવશે. વિધાનસભા ગૃહની અંદર આપે કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ પણ રજૂ કર્યો હતો અને પ્રણાલિ મુજબ ૧૮૦-૧૮૦ ધારાસભ્યોએ એ અહેવાલને સર્વાનુમતે મંજૂર કર્યો હતો. બધાજ ધારાસભ્યોના મનમાં એક વાત કલીયર હતી કે તા.૯મી તારીખનું અધુરું રહેલું કામ તા.૧૭ની પહેલી બેઠકમાં હાથ ધરવામાં આવશે. શંકા ત્યાં જાય છે કે સામાન્ય વહીવટ વિભાગના ક્રમાંક ૩૧ના ચૂંટણી ખર્ચના ઉલ્લેખોનું પત્રક જયારે ગુજરાત વિધાનસભાના સચિવાલય દ્વારા ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના દિવસે માગણીપત્રકમાં એનો ઉલ્લેખ છે, તા.પમી ફેબ્રુઆરી, ૨૦૨૬ના કાપ દરખાસ્ત પત્રકમાં આનો ઉલ્લેખ છે, તા. ૬ઠ્ઠી માર્ચ, ૨૦૨૬ના દિવસના કામકાજની યાદીમાં એનો ઉલ્લેખ છે, તા.૯મી માર્ચ ૨૦૨૬ની સુધારેલા દિવસોની કામકાજની યાદીમાં આનો ઉલ્લેખ છે. મતદાનપાત્ર યાદી જે સચિવાલય બહાર પાડે છે કે કઇ માગણી ઉપર મતદાન થઇ શકે અને કઇ માગણીઓ ઉપર ના થઇ શકે, એમાં પણ એનો સમાવેશ થાય છે. જ્યારે તા.૧૦મી માર્ચ, ૨૦૨૬માં એનો સમાવેશ ના કર્યો અને તા.૧૭મી માર્ચ, ૨૦૨૬માં એટલે આજનું કામકાજ છે એનો સમાવેશ નથી કર્યો. ખાલી ૩૫ નંબરની માગણીનો સમાવેશ કરેલ છે. આ વિધાનસભા ગૃહમાં રાજયના નાણામંત્રીશ્રી જયારે બજેટ રજૂ કરે છે ત્યારે એ બજેટ રજૂ કર્યા પછી એમની જે માગણીઓ હોય છે એ માગણીઓનું પત્રક બહાર પડે છે એટલે એ પત્રકને આધીન સચિવાલય એના દિવસો નક્કી કરતા હોય છે અને દિવસો નક્કી કર્યા પછી માગણીઓ ઉપર ચર્ચા થાય છે અને વિધાનસભાગૃહની અંદર એનું મતદાન થતું હોય છે. મેં અગાઉ કહ્યું તેમ માગણીઓ બે પ્રકારની હોય છે એક મતદાનપાત્ર અને એક બિન મતદાનપાત્ર. માગણી ક્રમાંક-૩૧ એ જે માગણી વિધાનસભા ગૃહ સન ૨૦૨૬-૨૭ની માગણીઓ અને વિનિયોગની અનુસૂચિનું જે પત્રક બહાર પાડયું છે એ પત્રકની અંદર પણ માગણી નંબર ૩૧- ચૂંટણીએ મતદાનપાત્ર ખર્ચ માટેની એની અંદર જોગવાઇ છે એટલે મતદાનપાત્ર જે પણ માગણીઓ હોય એની ચર્ચા વિધાનસભા ગૃહની અંદર થઇ શકે છે. મારે ખાસ એ કહેવું છે કે, ચૂંટણી ખર્ચ માટેની ચર્ચા કેમ આ વિધાનસભાગૃહમાં ના થાય? ચૂંટણીના જે અધિકારીશ્રીઓ જે વહીવટ કરે છે એની કોઇની ટીકા ટિપ્પણી નથી, પણ ગુજરાતની પ્રજાના પૈસા, ટેકસના પૈસા, જે પૈસાનો વહીવટ ટ્રસ્ટી તરીકે આપણે કરતા હોઇએ અને ટ્રસ્ટી તરીકે જયારે કરતા હોઇએ ત્યારે ખર્ચ જયારે ચૂંટણી પંચ કરતું હોય તો એ ખર્ચની ચર્ચા કેમ વિધાનસભાગૃહમાં ના થાય? માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે માર્ચ-૨૦૦૩ના રોજ વિધાનસભાના અધ્યક્ષશ્રી દ્વારા એક રૂલિંગ આપવામાં આવ્યું હતું કે ચૂંટણી પંચ અંગેની ચર્ચા વિધાનસભા ગૃહમાં નહીં થઇ શકે એનું રૂલિંગ એની અંદર છે જ. સન ૨૦૦૩માં રૂલિંગ આ વિધાનસભા ગૃહમાં આપવામાં આવ્યું. અત્યારે સન ૨૦૨૬ ચાલે છે. ૨૩-૨૩ વર્ષનો સમયગાળો પસાર થયો અને આ ૨૩-૨૩ વર્ષના સમયગાળા દરમિયાન માગણી ક્રમાંક-૩૧ જે ચૂંટણી ખર્ચ માટેની માગણી છે એની ચર્ચા વિચારણા એનું મતદાન આ વિધાનસભા ગૃહમાં થયેલું છે. તો એવા તો કયા કારણો છે કે આજે સન ૨૦૨૬ના ચૂંટણી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૧ની ચર્ચા કયા સંજોગોમાં ના થઇ શકે? શું કામ ના થઇ શકે? એવું તો શું છે અને એવું તો શું છૂપાવવાનું છે? આમાં કોઇ રાજકીય બાબતો છે નહી, ૨૩-૨૩ વર્ષ પહેલાં વિધાનસભાના અધ્યક્ષશ્રીએ ઓર્ડર કર્યો હતો તેમ છતાં ચર્ચા ના થાય.

અધ્યક્ષશ્રી : આપ સીધા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર જ રહો. બાકી ઓબ્ઝર્વેશન પોઇન્ટ ઓફ ઓર્ડરમાં નહિ કરી શકાય.

શ્રી શૈલેષ મ. પરમાર : હું એ જ વાત કરું છું.

પોઇન્ટ ઓફ ઓર્ડર

અધ્યક્ષશ્રી : આજના પોઇન્ટ ઓફ ઓર્ડર પર જ ચર્ચા કરો. પોઇન્ટ ઓફ ઓર્ડરમાં અવલોકન પણ નહિ કરી શકીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીની શપથવિધિ થતી હોય છે. મહામહિમ રાજ્યપાલશ્રી વિધાનસભા ગૃહમાં પ્રવચન આપવા આવે છે. એની પર પણ આપણે ચર્ચા વિચારણા કરીએ છીએ. રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને મંત્રીમંડળની શપથવિધિ થતી હોય છે. વિધાનસભા દ્વારા એમને જે વિભાગ સોંપવામાં આવે છે એની ચર્ચા આ ગૃહમાં થતી હોય છે. તમામ ધારાસભ્યો વિધાનસભા ગૃહમાં શપથ લે છે. શપથ લીધા પછી વિધાનસભા ગૃહમાં ચર્ચા કરતાં હોય છે. ગુજરાત રાજ્યના ચૂંટણી પંચના અધિકારીઓની શપથવિધિ થતી નથી. કેન્દ્રના ચૂંટણી પંચના અધિકારીઓની શપથવિધિ થાય છે. જેની શપથવિધિ થાય છે એની ચર્ચા વિચારણા થાય, જેની શપથવિધિ ના થતી હોય એની ચર્ચા વિચારણા કેમ ના થઇ શકે? મને નવાઇ એ વાતની લાગે છે તા.૮ માર્ચ, ૨૦૨૬ના રોજ માનનીય નાણામંત્રીશ્રી જ્યારે પૂરક માગણી લઇને આવ્યા તેમાં પણ ચૂંટણી ખર્ચની ચર્ચા હતી. એ વખતે પણ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપાડવામાં આવ્યો હતો. એ વખતે આપે માન્ય કરીને એ અંગેની ચર્ચા વિચારણા પણ આ ગૃહમાં કરવામાં આવી હતી. આમાં સરકાર અને એના વિભાગોની પણ ખામીઓ દેખાય છે. સરકારે જે બાબતની ચર્ચા વિચારણા ના કરવી હોય, અંદાજપત્ર રજૂ થવાનું હોય એ પહેલાં એમનું એક ચાર્ટ લિસ્ટ તમારે પણ બનાવી લેવું જોઇએ જેથી કરીને વિધાનસભા ગૃહમાં આવા મુદ્દા ઉપસ્થિત ના થાય. મારી સ્પષ્ટ માગણી છે કે કયા નિયમાનુસાર ધારાસભ્યની કાપ દરખાસ્ત રદ કરવામાં આવી. બીજું પોઇન્ટ ઓફ ઓર્ડરના આધારે મારી માગણી પણ છે કે, આજની સામાન્ય વહીવટ વિભાગની જે ચર્ચા છે એ ચર્ચા આજે રદ થવી જોઇએ. અમારી માગણી ક્રમાંક–૩૧ દાખલ થવી જોઇએ અને તેનું નવું પત્રક બહાર પડે એની ચર્ચા થવી જોઇએ એવી અમારી માગણી છે. આ પ્રણાલી મારી દ્રષ્ટિએ યોગ્ય નથી. વિધાનસભા સચિવાલય દ્વારા બહાર પાડવામાં આવેલા અનેક પત્રકો પછી છેલ્લા બે દિવસના પત્રકોમાં ફેરફાર થાય એ મારી દ્રષ્ટિએ આ ગૃહ માટે પણ યોગ્ય નથી. હું ઇચ્છીશ કે આજના દિવસની કામકાજની યાદીમાં ચૂંટણી પંચની બાબતો નથી તો સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા આજના દિવસે બંધ રહેવી જોઇએ એવી મારી માગણી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની કોઇ પણ બાબત હોય એની પર કાપદરખાસ્ત મૂકવાનો બધાને અધિકાર છે. એના ઉપર ચર્ચા કરવાનો અધિકાર છે અને એની ઉપર ટીકા કરવાનો પણ અધિકાર છે. એનાથી આગળ જઇએ તો રાજ્ય સરકારે નિયુક્ત કરેલા કોઇ પણ બોર્ડ–કોર્પોરેશન કે સંસ્થા વિશે પણ બોલી શકતા હોઇએ છીએ. જ્યારે ચૂંટણી પંચ છે તે બંધારણીય સંસ્થા છે. એની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ કરે છે અને કાયદા મુજબ એના જે પ્રતિનિધિ હોય છે એ પસંદગી કરે છે અને એમાં વિરોધપક્ષના નેતા પણ સભ્ય હોય છે. ચૂંટણી પંચ અહીંયા હાજર છે અને એની ટીકા આપણે કરીએ, રાજ્ય સરકારની કોઇ પણ એન્ટિટી હોય તો એની ટીકા થઇ શકે કારણે કે રાજ્ય સરકાર સામે બેઠી છે પણ રાજ્ય સરકારની કોઇ ચર્ચા જ નથી. હાઉસમાં જેની ચર્ચા કરવા માગો છો એ બંધારણીય એન્ટિટી છે. તો આપણે લોજિકલ વિચારીએ તો પણ એની ચર્ચા થઇ શકે નહિ. બીજી વાત એ છે કે જ્યારે કાપ દરખાસ્ત મૂકે એટલે એનો મતલબ એવો છે કે શું કરવા કાપદરખાસ્ત મૂકે છે? એટલે કે ચૂંટણી પંચની ટીકા કરવી છે. અને ટીકાના ભાગરૂપે જ આ કાપ દરખાસ્તો મૂકાય છે. આપણી અલગ અલગ માર્ગદર્શિકાઓમાં દર્શાવેલું છે પણ પાના નં.૫૩ ઉપર અધ્યક્ષશ્રીએ બહુ લાંબો સ્પષ્ટ ચુકાદો આપેલ છે. શ્રી દિનેશભાઇ પરમારે આ મુદ્દો ઉપસ્થિત કરેલો. આખો વાંચુ તો ૧૫ મિનિટ થાય એટલે તેની બે ઓપરેટિવ લાઇન વાંચુ છું. ''ચૂંટણી પંચ જેવી બંધારણીય રીતે સ્વાયત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવું જોઇએ.'' એટલે તે બાબત ઉપસ્થિત જ કરી શકાય નહીં. આથી ચર્ચા કરવાનો કોઇ મુદ્દો જ નથી. બીજી વાત એ છે કે, આપણી માગણીની સૂચિઓ છે. સામાન્ય રીતે જો માનનીય વિરોધપક્ષ હોય તો બંનેના દંડકોએ સાથે મળીને માગણીઓની સહમત સૂચિ બહાર પાડવી જોઇએ. તે અત્યારે નથી અને ત્યારે પણ હું માનું છું ત્યાં સુધી કોઇએ વિરોધ કર્યો નથી. ચૂંટણી પંચ સામે જે ફોરમમાં રજૂઆત કરવાની હોય તે ફોરમમાં થઇ શકે, અહીંયા ન થઇ શકે. હું માનું છું ત્યાં સુધી આ પોઇન્ટ ઓફ ઓર્ડર નિરર્થક છે અને જેની ચર્ચા ન થાય તે મુદ્દો ઉપસ્થિત કરી શકાય નહીં. બીજી વાત એ છે કે, કોઇ નિર્ણય સચિવશ્રીનો હોતો નથી. અહીંયા જે નિર્ણય હોય છે તે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય હોય છે અને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણય ઉપર કોઇ ચર્ચા થઇ શકે નહીં.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ સમય ગયો છે એટલે હું ટૂંકી અને ટચ વાત કરીશ. (૧) માનનીય સભ્યશ્રીએ કયા નિયમોના આધારે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે? (૨) તમે કોઇપણ પ્રશ્ન પૂછો તો ૧૫૦થી વધારે શબ્દો બોલી શકતા નથી તો પોઇન્ટ ઓફ ઓર્ડરમાં આટલી લાંબી વાત કરવાનો મતલબ રહેતો નથી. એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે તે મુદ્દાસર બે વાક્યમાં કહેવું જોઇએ તો સભાગૃહને ખ્યાલ આવે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોપાલભાઇએ જે પોઇન્ટ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે તેમાં હું પણ મારા મંતવ્યો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, ભાષણ નહીં માત્ર પોઇન્ટ ઓફ ઓર્ડર પર વાત કરો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મેં માગણી ક્રમાંક–૩૧માં નિયમ–૨૦૭ મુજબ કાપ દરખાસ્ત મૂકી હતી. કોઇપણ કાપ દરખાસ્ત મૂકાતી હોય તો માનનીય અર્જુનભાઇ, માત્ર ટીકા કરવા માટે હોતી નથી પણ સભ્યશ્રીઓને જે તે વિભાગમાં ક્ષતિઓ જણાતી હોય ...

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ માનનીય અર્જુનભાઇને નહીં કહી શકો. સીધી મને વાત કરો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ક્ષતિઓનું ધ્યાન દોરવા માટે કાપ દરખાસ્ત હોય છે. આપના મારફત શ્રી અર્જુનભાઇનો શબ્દ છે તે રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય અર્જુનભાઇના વિષયને ખંડિત કરવાનું કામ આપનું નથી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આ કાપ દરખાસ્તો વર્ષ ૨૦૨૫-૨૬માં ચૂંટણીનો જે ખર્ચ થયો છે તેની ઉપર હતી. તેમાં મોટાભાગનો ખર્ચ રાજ્ય સરકાર કરે છે. રાજ્ય સરકારના મોટાભાગના કર્મચારીઓ, જેમ કે શિક્ષકોને બી.એલ.ઓ., એસ.ડી.એમ.ને ચૂંટણી અધિકારી બનાવીએ છીએ, રાજ્ય સરકાર આ કર્મચારીઓને પગાર ચૂકવે છે. આવા કર્મચારીઓ ચૂંટણીલક્ષી કામગીરી કરતાં હોય તેમાં કોઇ ક્ષતિઓ રહી જતી હોય તો તેની ચર્ચા ગૃહમાં ચોક્કસ થવી જોઇએ. સભ્ય તરીકે અમને એમ લાગે કે, માનનીય મંત્રીશ્રી અમને કન્વીન્સ કરી શકે કે આ ખર્ચ ગુજરાતની જનતાના હિત માટે છે, સારો છે તો અમે કાપ દરખાસ્ત પાછી ખેંચીએ પણ છીએ. ભૂતકાળમાં મેં પોતે પાછી ખેંચી પણ છે. ગૃહમાં આ ચર્ચા થવી અનિવાર્ય છે.

અધ્યક્ષશ્રી : માનનીય ગોપાલભાઇ, તમારે એક મિનિટમાં જે વાત કરવી હોય તે કરો. વધારાનો સમય નહીં આપું.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય મહત્ત્વનો છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ નથી કે ચૂંટણીપંચ ઉપર ચર્ચા થઇ શકે કે નહીં, તે વિષય જ નથી. વિષય એટલો જ છે કે, ૦૯ તારીખની કામકાજ સલાહકાર સમિતિની બેઠકના અહેવાલના આધારે જે યાદી બહાર પાડવામાં આવી હતી તે યાદીમાં ફેરફાર કરવાનો અધિકાર છે કે કેમ? જો અધિકાર છે તો કઇ પ્રક્રિયા અનુસરીને આ ફેરફાર કરવામાં આવ્યો છે? બીજી વાત, સત્તા હોવી અને સત્તાનો ઉપયોગ કરવાની પ્રક્રિયા હોવી તે એક બાબત છે. દાખલાથી સમજીએ. પોલીસને ઘરપકડ કરવાનો અધિકાર છે પણ ઘરપકડ કરવાની પ્રક્રિયા પણ બનેલી છે. એવી રીતે કોઇ સભ્યએ કાપ દરખાસ્ત આપેલી છે તો તે કાપ દરખાસ્ત રદ કરવાની સત્તા છે કે કેમ? સત્તા છે તો કઇ પ્રક્રિયાને અનુસરીને આ કાપ દરખાસ્ત રદ કરવામાં આવી? એટલે મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલો જ છે કે એક વખત.....

અધ્યક્ષશ્રી : અગાઉ તમે બોલ્યા છો એનું ફરી વખત રિપીટેશન નહીં કરો. એકની એક વાત વારંવાર રજૂ નહીં કરો.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, શાસક પક્ષ તરફથી જે ખુલાસો રજૂ કરવામાં આવ્યો એ પોઇન્ટ ઓફ ઓર્ડરથી અલગ દિશામાં છે. એક વખત કામકાજ સલાહકાર સમિતિએ જે નિર્ણય લીધો એમાં ફેરફાર કરવાનો અધિકાર આ સભાગૃહને છે. એની પ્રક્રિયા અનુસર્યા વગર ફેરફાર કરવો જોઇએ નહીં. પ્રક્રિયા વગર ફેરફાર થયો છે માટે આ માન્ય રાખવું જોઇએ નહીં.

અધ્યક્ષશ્રી : બસ, બેસો. હવે હું નિર્ણય આપીશ.

શ્રી રમણલાલ ઈ. વોરા : માનનીય અધ્યક્ષશ્રી, કયા નિયમના આધારે તેઓ બોલી રહ્યા છે?

અધ્યક્ષશ્રી : માનનીય રમણભાઇ જે કહે છે એ વાત અગત્યની છે, તેઓ અનુભવી છે અને અહીંયાં સ્પીકર તરીકે બેસીને તેમણે કામ કર્યું છે. એટલે એમની વાતને ગંભીરતાથી વિધાનસભાએ લેવી જોઇએ. હવે હું નિર્ણય આપું છું. વિધાનસભાના નિયમોના નિયમ-૨૨૬(૨)ની જોગવાઇ મુજબ અનુદાન માટેની માગણીઓ પર ચર્ચા અધ્યક્ષશ્રી નિર્દેશ કરે તે ક્રમમાં કરવામાં આવે છે. મેં તમને વાત કરી છે તેના પર માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો. માનનીય શૈલેષભાઇ પરમારે પણ પોતાનો મત મૂક્યો. માનનીય સંસદીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, માનનીય અર્જુનભાઇ, માનનીય રમણભાઇ વોરા અને માનનીય ઉમેશભાઇ સહિત બધા માનનીય સભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓએ પોતાનો વિસ્તૃત અભિપ્રાય મૂક્યો. તેના અનુસંધાને હું મારો નિર્ણય આપું છું. પ્રણાલિકા મુજબ જે અનુદાનો માટેની માગણીઓ ચર્ચા માટે હાથ ધરવાની હોય તે સરકારના દંડકશ્રી અને વિરોધપક્ષના દંડકશ્રી વિચારણા કરી અધ્યક્ષશ્રીની સંમતિ માટે યાદી રજૂ કરે છે. નિયમ અનુસાર હાલ વિરોધ પક્ષનું માન્ય સંખ્યાબળ ધરાવતા ન હોઇ, કોઇ પક્ષને માન્ય વિરોધ પક્ષ તરીકેની માન્યતા મળેલ નથી. જેથી શાસક પક્ષના દંડક દ્વારા રજૂ કરેલ સંમત યાદીને મેં સંમતિ આપેલ હતી. જે સોમવાર તા.૨૪/૦૨/૨૦૨૬ના રોજ પત્રક ભાગ-૨માં પ્રસિદ્ધ કરી સર્વે સભ્યશ્રીઓને જાણ કરવામાં આવી હતી. આ સંમત યાદીમાં તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ સામાન્ય વહીવટ વિભાગની માગણી નં.૩૦, ૩૧ અને ૩૩ ચર્ચા માટે દર્શાવવામાં આવેલ હતી. તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ સભ્યશ્રી ગોવિંદભાઇ પરમારના શોકદર્શક ઉલ્લેખ બાદ તેમના માનમાં સભાગૃહની બેઠક મુલતવી રાખવામાં આવેલ. જેથી કામકાજ સલાહકાર સમિતિની ભલામણ મુજબ તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ મુલતવી રાખવામાં આવેલ કામગીરી તા.૧૭/૦૩/૨૦૨૬ના રોજ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા માટે પસંદ કરવામાં આવેલ માગણી નં. ૩૧ ચૂંટણીને લગતી છે. તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પૂરક માગણીઓની ચર્ચા સમયે માગણી નં.૩૧ ચર્ચા માટે પસંદ કરવામાં આવેલ હતી પરંતુ, પૂરક વિનિયોગ વિધેયક ઉપર સભ્યશ્રીઓએ પૂરક માગણી નં.૩૧ ચૂંટણી અંગે મુદ્દાઓ રજૂ કર્યા હતા. જે ચર્ચા પર આવતા માનનીય મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી ચૂંટણી જેવી બંધારણીય રીતે સ્વાયત્ત દરજ્જો ધરાવતી સંસ્થાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી બાબતોની ચર્ચા સભાગૃહમાં ઉપસ્થિત કરવાથી દૂર રહેવું જોઇએ તેવા મારા પુરોગામી અધ્યક્ષશ્રીના નિર્ણયનો હવાલો આપી મારું માર્ગદર્શન પણ માગ્યું હતું. તે સમયે મેં જણાવ્યું હતું કે, ચૂંટણીપંચની બંધારણીય કામગીરી બાબતમાં ચર્ચા કરી શકાય નહીં. પરંતુ

પોઇન્ટ ઓફ ઓર્ડર

વહીવટી કામગીરીની ચર્ચા થઇ શકે. પરંતુ આ બંને વચ્ચેની ભેદરેખા ખૂબ જ પાતળી છે. જેથી પૂરક વિનિયોગ વિધેયકની ચર્ચા દરમિયાન સભાગૃહમાં થયેલ ચર્ચાને ધ્યાને લઇ મુખ્ય દંડકશ્રીએ તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ પહેલા દિવસે સામાન્ય વહીવટ વિભાગની ચર્ચા માટે દર્શાવેલ માગણી નંબર-૩૧ને રદ કરી માગણી નંબર-૩૫ની ચર્ચા કરવા માટે હાથ ધરવા મને વિનંતી કરી હતી. વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૫ની જોગવાઇ મુજબ સભાગૃહના નેતા અથવા તેમની ગેરહાજરીમાં બીજા કોઇપણ મંત્રી તેમણે પૂરક વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચાની મુદ્દત દરમિયાન મારા ધ્યાન ઉપર આવ્યું કે આ બાબતની પાતળી જે ભેદરેખા છે તેને દૂર કરવું અધ્યક્ષ તરીકે પણ ખૂબ મુશ્કેલ છે. અનેક એવી બાબતો હતી કે જેની વહીવટી પ્રક્રિયાની ચર્ચા કરતાં કરતાં ચૂંટણી પંચના નિર્ણયની પ્રક્રિયા છે તેના ઉપર પણ માનનીય સભ્યશ્રીઓએ ધ્યાન દોરેલ. નામદાર હાઇકોર્ટ અને ચૂંટણી પંચ બંને સ્વાયત્ત સંસ્થાઓ છે જેના ખર્ચ કરવાનું ભલે રાજ્યના બજેટમાંથી થતું હોય તો પણ તેની ચર્ચા અહીંયા કરી શકાતી નથી એટલા માટે કે તેઓશ્રીની હાજરી અહીંયા ઉપસ્થિત હોતી નથી અને જેમની અહીંયા ઉપસ્થિતિ ના હોય તેમના વિશે અહીંયા ચર્ચા કે ટીકા કરવી તે યોગ્ય ગણાશે નહીં.

પૂરક વિનિયોગ વિધેયકના મુદ્દા ઉપરની ચર્ચા દરમિયાન મારા ધ્યાન ઉપર એ પણ બાબત આવી કે, આ ગૃહમાં ચૂંટણી પંચની વૈધાનિક કામગીરીની ચર્ચાઓ થઇ શકતી નથી તો એનો વિવાદ ટાળવા માટે સરકારશ્રીના મુખ્ય દંડકશ્રીની વિનંતી મને ઉચિત લાગી. વિધાનસભાના અધ્યક્ષને મળેલ અધિકારની રૂએ મેં માગણી નંબર-૩૧ ચૂંટણી પંચની ચર્ચા રદ કરી અને માગણી નંબર-૩૫ની સામાન્ય વહીવટ વિભાગને લગતી બીજી ચર્ચા હાથ ધરવા માટે પરવાનગી આપી. તદ્ધનુસાર મંગળવાર તારીખ ૧૦મી માર્ચ ૨૦૨૬ના પત્રક ભાગ-૨થી સભ્યશ્રી ઇચ્છે તો નવી કાપ દરખાસ્તની સૂચનાઓ પણ નિયમોનુસાર સમયમર્યાદામાં આપવા માટે તેમને સમયસર જણાવ્યું. જે મુજબ ચર્ચા માટે હાથ ધરનારી માગણીઓ ઉપર કાપ દરખાસ્તો પણ મેં જોઇ છે અને તેની ચકાસણી પણ કરી છે. આજે માનનીય સભ્યશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે તેઓશ્રીએ પણ આ અંગેની કાપ દરખાસ્ત આપી છે જે મેં દાખલ કરી છે. દા.ત. ચૂંટણી પંચની જે માગણી હતી તેના બદલે બાકીના જે વિભાગની માગણીઓ અહીંયા આવી, તેના ઉપર માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ પણ માગણી ક્રમાંક-૩૫ ઉપર કાપ દરખાસ્ત રજૂ કરી છે. એમને સમયસર મળ્યું નથી અને બીજા ઉપર લાભ થઇ શક્યો નથી તેવો મુદ્દો ઉપસ્થિત રહેતો નથી.

મારે માનનીય સભ્યશ્રીઓને એ બાબત પણ ધ્યાન ઉપર મૂકવી જોઇએ કે, કામકાજ સલાહકાર સમિતિના થયેલા નિર્ણય બાબતે વિધાનસભાએ કે વિધાનસભા સચિવાલયે કામકાજ સલાહકાર સમિતિના કામમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કર્યો નથી. માત્ર જે દિવસે કામકાજ સલાહકાર સમિતિનું કામ હતું તેના બીજા દિવસે કર્યું છે અને તેની મેં સૂચના વિધાનસભા ગૃહને અહીંયા આપી છે. રહી વાત ક્રમ બદલવાની, તો ક્રમમાં કયા કામ લેવા તે અંગે પુનઃ આપ સૌના ધ્યાન ઉપર મૂકું છું કે તેનો અધિકાર અધ્યક્ષને છે. સચિવાલયને નથી. માનનીય દંડકશ્રીએ જ્યારે મારી પાસે પ્રપોઝલ કરી છે કે, આ કામના બદલે આ કારણોસર આ ક્રમ આપણે બદલી અને સામાન્ય વહીવટ વિભાગની માગણીઓને લઇએ, તેને મેં મંજૂરી આપી છે એટલે તેના ઉપર હવે ચર્ચા કરવાનું કોઇ કારણ રહેતું નથી અને બાકી બધાને સમયસર તેની જાણ પણ મેં કરી દીધી છે.

પોઇન્ટ ઓફ ઓર્ડર

સભાગૃહનો સમય બિનજરૂરી વ્યય કરવા અંગે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર નથી ને?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ના, આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર નથી. નવો છે. આપણી જે કાર્યરીતિના નિયમો છે, આપણી પ્રણાલીઓ છે અને અગાઉના અધ્યક્ષશ્રીના વખતોવખતના નિર્ણયો છે કે ગૃહનો સમય ખૂબ કિમતી હોય છે અને આ કિમતી સમયમાં આપણે પ્રજાના પ્રશ્નોની, વહીવટની અને સરકારની ઘણી બધી ચર્ચાઓ કરવાની હોય છે. એમાં આપણો અભિગમ હંમેશા એવો રહ્યો છે કે વધુમાં વધુ પ્રશ્નો ચર્ચાય, વધુમાં વધુ આ બાબતમાં સભ્યશ્રીઓ પણ ભાગ લઇ શકે અને આપણે જે અગાઉ નિર્ણયો આપ્યા છે એમાં આ સભાગૃહનો સમય બિનજરૂરી રીતે ન ખર્ચાય એ ખાસ જોવું જોઇએ. જે અનુભવી સભ્યો છે એ તો આ બાબતે ખ્યાલ રાખે છે અને એ સભ્યશ્રીઓના અધિકાર ઉપર કોઇ કાપ ન આવે એની ખાસ કાળજી રાખતા હોય છે. પરંતુ હમણાં હમણાં એવું જોવામાં આવે છે કે આ સભાગૃહનો સમય પોઇન્ટ ઓફ ઓર્ડરના નામે જે વેલીડ ન હોય, આ સભાગૃહમાં સચિવશ્રીનો કોઇ નિર્ણય હોતો નથી. નિર્ણય માનનીય અધ્યક્ષશ્રીનો હોય છે એ ખબર હોવા છતાં વારંવાર આ પ્રકારના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી આ ગૃહનો સમય બગાડવામાં આવે છે. આ ગૃહ છે એ કોઇ આપણો વૈજ્ઞાનિક અભિગમ, આધ્યાત્મિક અભિગમ દેખાડવાનું કે જ્ઞાનને પ્રદર્શિત કરવાનું પ્લેટફોર્મ નથી. પ્રજાના પ્રશ્નો શું છે એ બતાવવાનું પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મનો આ નિયમો હેઠળ દૂરુપયોગ ન થાય એટલા માટે આપનું માર્ગદર્શન એ માગું છું કે, આપ ખૂબ ઉદારતાથી કોઇપણ સભ્ય આંગળી ઊંચી કરે તો એ વાજબી હશે એમ માનીને આપ એલાઉ કરો છો. એમાં આ પક્ષ કે તે પક્ષ ક્યારેય જોવામાં આવ્યું નથી. એ ઉદારતાનો પણ ગેરલાભ ન લે એટલા માટે જો હવે કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવે તો ક્યા નિયમોના સંદર્ભમાં અથવા તો અધ્યક્ષશ્રીના અગાઉના ક્યા નિર્ણયના સંદર્ભમાં ઉઠાવવામાં આવ્યો છે અથવા તો કાર્યરીતિ, પ્રણાલીના નિયમો છે એના ઉપર કેવી રીતે ઉઠાવવામાં આવે છે એ

બાબતે આપ સૂચના આપો અને આ પ્રકારનું પુનરાવર્તન ન થાય. આ હાઉસ છે એ પ્રજાના પ્રશ્નોની ચર્ચા કરવાના બદલે જ્ઞાન પ્રદર્શિત કરવાનું પ્લેટફોર્મ ન બને એના માટે આપનું માર્ગદર્શન માગું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી અર્જુનભાઇ ખૂબ અનુભવી સિનિયર સભ્ય તરીકે રહ્યા છે. સરકારના મંત્રીશ્રી છે એટલે તેમણે જે માર્ગદર્શન માગ્યું છે તેની સાથે હું સંમત થાઉ છું કે વિધાનસભા ગૃહમાં પોઇન્ટ ઓફ ઓર્ડર જ્યારે ઉઠાવાતા હોઇએ ત્યારે તેનો પહેલા વિસ્તૃત અભ્યાસ કરી લઇએ. જમા ઉધાર બન્ને પાસાઓ એ વખત જોઇ લેવા જોઇએ. તેને સમજ્યા પછી જો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવીએ તો વધારે સારું. બીજું, કે ટુ ધી પોઇન્ટ ટૂંકમાં કરીએ. ઘણી વખત માનનીય સભ્યશ્રીના લાંબા ભાષણો પોઇન્ટ ઓફ ઓર્ડરમાં પણ થતા હોય છે. પુનરાવર્તન થતું હોય છે, વારંવાર એક જ બાબતનો પુનઃ ઉલ્લેખ કરવો એ પણ ઠીક નથી. આપ બિલ ઉપર નથી બોલતા, પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર ટુ ધી પોઇન્ટ જ વાત કરવાની હોય છે એ પણ જુએ. બીજું, મારો અભિગમ કાયમ એ રહ્યો છે કે વિધાનસભાની અંદર એ વાત સાથે ભલે હું સંમત ન હોઉ, તેમના તર્ક સાથે, તેમની વાત સાથે પરંતુ તેમના બોલવા માટેનો અધિકાર છે તેનું હું રક્ષણ કરીશ. એટલે આપના બોલવાના જે અધિકારો છે તેને વિધાનસભાના નિયમોની અંદર, તેને રક્ષણ કરવાનો મારો પ્રયત્ન સતત રહેતો હોય છે. પરંતુ એનો મતબલ એવો નથી કે આપણે બોલવા માટેના બીજા કોઇના અધિકારને વંચિત કરીએ છીએ. કેમ કે તમામ ધારાસભ્યોનો અધિકાર સમાન છે, એ શાસક પક્ષના હોય કે પ્રતિપક્ષના હોય. એ બાબતને ધ્યાનમાં રાખીને નિયમ અનુસાર જ ટૂંકમાં જ પોઇન્ટ ઓફ ઓર્ડરની રજૂઆત કરીએ અને ટૂંકમાં આપણે તર્ક મૂકીશું એ વધારે ઉલ્લેખનીય ગણાશે. આ પોઇન્ટ ઓફ ઓર્ડરને હું માન્ય રાખું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન(પહેલો દિવસ)

સામાન્ય વહીવટ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ

સામાન્ય વહીવટ વિભાગ

માગણી ક્રમાંક–૩૦

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૮૫,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

સામાન્ય વહીવટ વિભાગ

માગણી ક્રમાંક ૩૩

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ **(** સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રા.ક. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૦૨,૧૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૩૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

સામાન્ય વહીવટ વિભાગ

માગણી ક્રમાંક–૩૫

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ **(** સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રા.ક. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતું બીજું ખર્ચને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭૧,૯૪,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૭,૬૯,૩૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક –૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

માગણી ક્રમાંક–૫૦

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઉદ્યોગ અને વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ખાણ અને ખનિજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૨૮,૬૩,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૮,૨૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચૈતરભાઇ દા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

બંદરો અને વાહનવ્યવહાર વિભાગ

માગણી ક્રમાંક–૭૫

શ્રી ઋષિકેશ ગ. પટેલ (બંદરો અને વાહનવ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બંદરો અને વાહનવ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૧૨,૯૩,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૧૦,૦૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૭૫ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક–૮૫

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી ઋષિકેશ ગ. પટેલ (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાન વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૩,૪૬,૫૧,૦૦,૦૦૦/–અને મૂડી ખર્ચ માટેની રૂ.૬,૨૨,૨૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૫ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક–૮૬

શ્રી ઋષિકેશ ગ. પટેલ (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪૮,૩૬,૮૦,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૩૪,૭૫,૧૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૮૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૮૭

શ્રી ઋષિકેશ ગ. પટેલ **(**માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨૨,૦૨,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬,૧૪,૨૨,૦૦,૦૦૦/– ની માગણી ક્રમાંક–૮૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૮૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરવામાં આવી.

મંગળવાર, તા.૧૭/૦૩/૨૦૨૬(પહેલી બેઠક)(પહેલો દિવસ)* *ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી
૧	૨	૩	૪	૫
સામાન્ય વહીવટ વિભાગ **માગણી નં.૩૦**				

૧	૨૦૧૩–મંત્રી પરિષદ ૧૦૧–મંત્રીઓ...પગાર રૂ. ૭,૮૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૯ પાના નં. ૧૬	૧૦૦	ધારાસભ્યશ્રીઓએ કરેલ રજૂઆતોસંબંધમાં સક્ષમ કક્ષાએથી યોગ્ય આદેશો આપવા છતાં અમલવારી કરવામાં વહીવટી તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૨	––"––	૧૦૦	મંત્રીશ્રીઓ દ્વારા કરવામાં આવતા સરભરા ખર્ચ ઉપર અંકુશ રાખવા અને ખર્ચની ઓક્ક્સ રકમ નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૩	––"––	૧૦૦	મંત્રી પરિષદમાં રજૂ થતા તાકીદના પ્રજાના પ્રશ્નો ઉપરપૂરતું ધ્યાન આપવામાં તંત્રનીઉદાસીનતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૪	––"––	૧૦૦	અરજદારોએ મંત્રીશ્રીઓની કરેલી રજૂઆતો પરત્વે લેખિત પહોંચ પાઠવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
૫	––"––	૧૦૦	મંત્રીશ્રીની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (ગોપાલભાઈ ઈટાલીયા)
		માગણી નં–૩૩		
૬	૨૦૫૨– સચિવાલય...સેવાઓ ૦૬૦–સચિવાલય રૂ. ૧,૧૩,૭૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૯ પાના નં. ૩૬ થી ૪૧	૧૦૦	ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિઓનિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર (જીગ્નેશ મેવાણી)
૭	––"––	૧૦૦	ધારાસભ્યશ્રીઓએ કલેક્ટર કે વિભાગના વડાઓને કરેલ રજૂઆતો પરત્વે પ્રત્યુત્તર પાઠવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
*૮	––"––	૧૦૦	સરકારી ભરતીઓમાં અનામતની નીતિ અને રોસ્ટરના નિયમોનું યોગ્ય પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૯	––"––	૧૦૦	અનુસૂચિત જનજાતિના જિલ્લા રોસ્ટરમાં પોઇન્ટ મૂકવામાં રહેલ ખામીઓ માટે સુધારા ઠરાવ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
*૧૦	––"––	૧૦૦	સરકારી કાર્યક્રમોમાં ધારાસભ્યશ્રીઓનો પ્રોટોકોલ ન જાળવવા બદલ જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર (હેમંતભાઈ આહીર)
૧૧	––"––	૧૦૦	ધારાસભ્યશ્રીઓને ફાળવેલ ગ્રાન્ટમાંથી સૂચવી શકાય તેવા કામોની અદ્યતન યાદી બનાવવામાં ધારાસભ્યશ્રીઓના મંતવ્ય લેવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૧૨	––"––	૧૦૦	ઈ–સરકાર પોર્ટલમાં ધારાસભ્યશ્રીઓને એક્સેસ આપીને પત્રવ્યવહારને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
		માગણી નં. ૩૫		
૧૩	૨૦૬૨–તકેદારી ૧૦૫–અન્ય...સંસ્થાઓ રૂ. ૨૭,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૯	૧૦૦	જૂનાગઢ જિલ્લાની તમામ સરકારી કચેરીઓમાં ગુજરાત જાહેર સેવાઓ અંગેના નાગરિકોના અધિકાર અધિનિયમનું અમલીકરણ બાબતના માહિતીદર્શક બોર્ડ લગાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

	પાના નં.૪૭			
૧૪	૨૦૭૦–અન્ય...સેવાઓ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૧,૦૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૯ પાના નં. ૪૯ અને ૫૦	૧૦૦	ગુજરાત માહિતી આયોગ સમક્ષ કરવામાં આવેલી બીજી અપીલ અરજીઓનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
		ઉદ્યોગ અને ખાણ વિભાગ **માગણી નં.૫૦**		
૧૫	૨૮૫૩– બિનલોહ...ઉદ્યોગ ૦૨–ખાણોનું ...વિકાસ રૂ. ૩,૨૮,૬૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૧૩ પાના નં. ૫૪ થી ૫૭	૧૦૦	ખનીજની રોયલ્ટીમાં થઈ રહેલ ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઈ ખરાડી
૧૬	––"––	૧૦૦	ખાણ ખનીજ પેટે દર વર્ષે રોયલ્ટીની આવકની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
*૧૭	––"––	૧૦૦	ગેરકાયદેસર રેત–ખનનની પ્રવૃત્તિઓ ઉપર અંકુશ લાદવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૧૮	––"––	૧૦૦	ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ બદલ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર (ઈમરાન ખેડાવાલા, કિરીટકુમાર પટેલ, હેમંતભાઈ આહીર)
૧૯	––"––	૧૦૦	ખનીજ ચોરી અન્વયે દંડ વસૂલવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૨૦	––"––	૧૦૦	વિસાવદર મત વિસ્તારના ગોરવિયાળી ગામે નિયમ વિરુદ્ધ ખનન કરતા ઇસમો સામે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૨૧	––"––	૧૦૦	ખનીજ ચોરીમાં જપ્ત કરાયેલ વાહનોને કાયમી રીતે રાજ્યસાત કરવા નિયમોમાં સુધારા કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૨૨	––"––	૧૦૦	સુરેન્દ્રનગર જિલ્લામાંકાર્યરતકાર્બોસેલનાકુવાઓને બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૨૩	––"––	૧૦૦	પેસા એક્ટ, ૧૯૯૬ મુજબ આદિવાસી વિસ્તારોમાં સ્થાનિક લોકોને રેતીની લીઝ બ્લોક ફાળવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
		બંદરો અને વાહન વ્યવહાર વિભાગ **માગણી નં. ૭૫**		
૨૪	૩૦૫૧–બંદરો...દીવાદાંડી ૦૨–નાના બંદરો ૧૦૨–બંદર વ્યવસ્થાપન રૂ.૧,૦૯,૦૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૦ પાના નં. ૧૬	૧૦૦	વેરાવળ બંદર ઉપર માળખાકીય સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૨૫	––"––	૧૦૦	ભાવનગરના અલંગ, ઘોઘા, સરતાનપર બંદરોનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઈ મકવાણા
૨૬	૩૪૫૧–	૧૦૦	ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં આઉટસોર્સથી થતી	ડૉ. તુષાર ચૌધરી

	સચિવાલય...સેવાઓ ૦૯૦–સચિવાલય રૂ.૩,૮૩,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૦ પાના નં. ૨૨		ભરતીઓમાં ગેરરીતિઓ થતી નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	
૨૭	––"––	૧૦૦	રાજ્યના બંદરો ઉપર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
			માર્ગ અને મકાન વિભાગ **માગણી નં.૮૫**	
*૨૮	૪૨૧૬– આવાસન...જોગવાઇ ૦૧–સરકારી...મકાનો રૂ. ૬,૨૨,૨૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૧૮૯ થી ૨૧૦	૧૦૦	સરકારી મકાનોની સમયસર મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
			માગણી નં.૮૬	
૨૯	૩૦૫૪–માર્ગ અને પુલ ૮૦–સામાન્ય ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૨,૯૦,૩૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૫૦ થી ૫૪	૧૦૦	અમદાવાદ રાજકોટ વચ્ચેનો નિર્માણાધિન છ માર્ગીય હાઇવેમાં માર્ગના ડાઇવર્ઝન, રસ્તાની બિસ્માર હાલત તેમજ ખાનગી લોકો દ્વારા વસૂલવામાં આવતા ટેક્સની સમસ્યાઓને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૩૦	––"––	૧૦૦	માર્ગ અને પુલની કામગીરીઓમાં ટેન્ડર પ્રક્રીયા, ચૂકવણી તેમજ કામની ગુણવત્તા ચકાસણી અંગે અધિકારીઓની જવાબદારીઓ નક્કી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી (અમીત ચાવડા, ડૉ.કિરીટકુમાર પટેલ)
૩૧	––"––	૧૦૦	કોન્ટ્રાક્ટરો દ્વારા માર્ગોના નબળા બાંધકામ બદલ જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ (શૈલેષ પરમાર)
*૩૨	૫૦૫૪–માર્ગ...જોગવાઇ ૦૧– રાષ્ટ્રીયધોરી માર્ગ ૩૩૭–માર્ગકામો રૂ.૪,૦૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૨૫૭	૧૦૦	રાષ્ટ્રીય ધોરીમાર્ગની નબળી કામગીરી નિવારવા માટેનાં અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઇ ઠાકોર
૩૩	––"––	૧૦૦	રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગોની બિસ્માર હાલતઅનેવરસાદી પાણીના નિકાલની સુવિધાના અભાવના કારણે થઈ રહેલ અકસ્માતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ.તુષાર ચૌધરી
૩૪	૫૦૫૪–માર્ગ...જોગવાઇ ૦૩– રાજ્ય...માર્ગ ૧૦૧–પુલો રૂ. ૪,૦૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧)	૧૦૦	રાજ્યમાં નવનિર્મિત તથા નિર્માણાધિન કેટલા પુલો ક્ષતિગ્રસ્ત થયા તથાતેની મરામત પાછળ કેટલો ખર્ચ થયો તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર

	પાના નં. ૨૫૮			
*૩૫	––"––	૧૦૦	નવનિર્મિત પુલોની અયોગ્ય ડિઝાઈનના કારણે પ્રજાને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જિજ્ઞેશ મેવાણી
*૩૬	––"––	૧૦૦	નવનિર્મિત પુલોનું ફિટનેસ સર્ટીફિકેટ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
૩૭	––"––	૧૦૦	વિસાવદર મતવિસ્તારમાં આવેલ ઈટાળા, સણાથા અને પાતાપુર ગામને જોડતા મુખ્ય રસ્તા ઉપર આવેલ બે પુલના લાંબા સમયથી અધુરા છોડવામાં આવેલાકામને પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
*૩૮	––"––	૧૦૦	ગ્રામ્ય વિસ્તારોમાં જર્જરિત પુલોના નવિનીકરણ અને ડાયવર્ઝન આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઈ વસાવા
૩૯	૫૦૫૪–માર્ગ...જોગવાઈ ૦૩– રાજ્ય...માર્ગ ૩૩૭–માર્ગ કામો રૂ. ૧,૦૧,૫૨,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૨૫૮ થી ૨૬૯	૧૦૦	વિસાવદર શહેર ફરતે બાયપાસ રોડ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૪૦	––"––	૧૦૦	ભેંસાણ ગામ ખાતે ઉબેણ નદીથી રિલાયન્સ પંપ સુધીના મુખ્ય રસ્તાને તેમજ ખંભાળિયા ગામે મુખ્ય રસ્તાને વિકાસપથની સુવિધા પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૪૧	૫૦૫૪–માર્ગ...જોગવાઈ ૦૩– રાજ્ય...માર્ગ ૩૩૭–માર્ગ કામો રૂ. ૧,૦૧,૫૨,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૨૫૮ થી ૨૬૯	૧૦૦	વિસાવદરથી સાસણનો રસ્તો બનાવવા તથા દુરસ્ત કરવામાં તંત્રની ફરજનિષ્ઠાનો અભાવ.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
૪૨	––"––	૧૦૦	વિસાવદર મતવિસ્તારમાં રતાંગ, મિયાવડલા, ઈશ્વરિયા, મોટી મોણપરી રોડ તેમજ કાછીયાનેસથી લીમધ્રા રોડનું કામ સત્વરે પુરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા
		માગણી નં.૮૭		
૪૩	૨૨૧૭–શહેરી વિકાસ ૦૧–રાજ્ય...વિકાસ ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ.૨૨,૦૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૩૫ થી ૩૭	૧૦૦	પાટનગર યોજનામાં કર્મચારીગણની ઘટ નિવારવામાં અને કાયમી ભરતી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૪૪	૪૨૧૭–શહેરી...જોગવાઈ ૦૧– રાજ્ય...વિકાસ ૦૫૧–બાંધકામ રૂ.૬,૧૪,૨૨,૦૦,૦૦૦ અં.પ્ર.નં. ૨૨(ભાગ–૧) પાના નં. ૨૧૨ થી ૨૧૯	૧૦૦	ગાંધીનગરમાં નવનિર્મિત સદસ્ય નિવાસમાં ધારાસભ્યશ્રીઓ માટે ગ્રંથાલયની સુવિધા અને મહેમાનો માટે પૂરતી પાર્કિંગ વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઈ ઈટાલીયા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**અનુદાનો અંગેની માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) માટે પત્રક ભાગ–૨ ક્ર:૨૫૮ તા.૨૪–૦૨–૨૦૨૬થી નક્કી કરેલ ચર્ચાના ક્રમમાં પત્રક ભાગ–૨ ક્ર: ૨૭૧ તા.૧૦–૦૩–૨૦૨૬થી ફેરફાર કરેલ છે.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્તો રજૂ કર્યા પછી સભાગૃહની અંદર માનનીય સભ્યશ્રીઓ ઉપસ્થિત ના રહે તે બાબત કોઇ પણ રીતે વાજબી નથી. મેં અગાઉ પણ કોંગ્રેસ પક્ષના અને આમ આદમી પક્ષના બંને માનનીય સભ્યશ્રીઓના નેતાશ્રીઓને ટકોર કરી હતી કે અહીંયા એક વખત કાપ દરખાસ્ત રજૂ કર્યા પછી ઉપસ્થિત રહેવું જરૂરી છે. કાં તો તમે કાપ દરખાસ્ત મૂકો નહીં. કાપ દરખાસ્ત મૂકો, વિધાનસભા તેને મંજૂર રાખે, તેના માટેની પ્રક્રિયા પૂરી કર્યા પછી અહીંયા હાજર ના રહેવું તે કોઇ પણ રીતે વાજબી નથી. તો હવે પછી આવું ના થાય તેના માટે બન્ને પક્ષના નેતાઓ ખાસ કાળજી લે.

શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં ખાસ કરીને સામાન્ય વહીવટ વિભાગની છે. સામાન્ય વહીવટ વિભાગ એટલે સરકારનું હૃદય કહેવાય અને જો હૃદય બરાબર કામ કરે, ધબકતું રહે તો આખું શરીર ચાલે તેમ આખું તંત્ર પણ વ્યવસ્થિત ત્યારે જ ચાલે જયારે સામાન્ય વહીવટ વિભાગ વ્યવસ્થિત કામ કરે અને ધબકતું હોય એવું મહેસૂસ પણ કરાવે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા આપણે કાયદાઓ બનાવીએ, યોજનાઓ લાવીએ તેને નીચે સુધી પહોંચાડવાનું કામ જે અધિકારીઓ/કર્મચારીઓ કરે છે પણ જો પૂરતા પ્રમાણમાં એનું મહેકમ જ મંજૂર ના થાય, તેની ભરતી જ પૂરી ના થાય, નિયમિત ના થાય તો આપણે અહીંયા ગમે તેટલા બજેટ મંજૂર કરીએ, વાતો કરીએ, યોજનાઓ લાવીએ કે તેની જાહેરાતો કરીએ પણ તેનો લાભ લોકો સુધી પહોંચતો નથી. વર્ષ–૧૯૯૫માં જે મહેકમ હતું, જે સ્ટ્રેન્થ હતી તે આજે ૩૦ વર્ષ પછી પણ વસતિ અનેકગણી વધી પણ મહેકમમાં વધારો ના થયો. અનેક જગ્યાઓ રદ કરવામાં આવે છે પણ તેના પ્રમાણમાં જે નવી જગ્યાઓ ઊભી થવી જોઇએ તે થતી નથી અને તેના જ કારણે આજે ગુજરાતમાં સાડા પાંચ લાખ જેટલા કર્મચારીઓના મંજૂર મહેકમ સામે એક લાખ જેટલી જગ્યાઓ ખાલી છે.

સભાપતિશ્રી પંકજ વિ.દેસાઇ અધ્યક્ષસ્થાને

એટલે લગભગ ૨૦ ટકા જેટલી જગ્યાઓ પર આજે પણ કોન્ટ્રાકટ, આઉટસોર્સિંગની રીતે સેવાઓ લેવામાં આવી રહી છે. ગુજરાતનો યુવાન જયારે મોંઘુ શિક્ષણ લીધા પછી ભણી–ગણીને બહાર આવે ત્યારે એમ થાય કે મારે સરકારી નોકરીમાં જોડાવું છે. વર્ષો સુધી તેના માટેની પરીક્ષાની તૈયારી કરે, પરીક્ષાઓ ભરતી કેલેન્ડર મુજબ નિયમિત તેની જાહેરાત ન થાય, જાહેરાત થાય તો તેની પરીક્ષા આપવા માટે યુવાન તૈયારી કરતો હોય ત્યારે તેને જેટલો ડર પરીક્ષાથી નથી લાગતો એટલો ડર તેને એમ લાગે છે કે, પરીક્ષા આપવા જઇશ તો કયાંક પેપર તો ફૂટી નહીં જાય ને? અને એના જ કારણે પરીક્ષા આપે, પરીક્ષામાં પાસ થાય, પાસ થયા પછી એનું રિઝલ્ટ કેટલાય સમય સુધી જાહેર ના થાય. રિઝલ્ટ જાહેર થયું હોય તો એના પોસ્ટિંગના ઓર્ડરો માટે લાંબો સમય રાહ જોવી પડે એવી સ્થિતિ છે. આજે ગુજરાતના યુવાનો માનસિક તણાવમાંથી પસાર થઇ રહ્યા છે. આજે જ પેપરમાં જોયું કે જે સમયસર ટેટ–ટાટ પાસ થયેલા શિક્ષકોની ભરતી નહીં થવાને કારણે છેલ્લે સન–૨૦૧૧થી આજ સુધી દસ હજાર કરતાં વધારે ટેટ–ટાટ પાસ થયેલા યુવાનો વયમર્યાદા વટાવી ચૂકયા એટલે હવે કોઇ નોકરી નહીં મેળવી શકે અને હજી પણ જો આ તા.૩૧મી માર્ચ સુધીમાં ભરતી કરવામાં નહીં આવે તો બીજા સાડા ત્રણ હજાર ટેટ–ટાટ પાસ થયેલા યુવાનો આ ભરતી પ્રક્રિયાનો લાભ નહીં લઇ શકે. પહેલાં પણ ચર્ચા થઇ કે જયારે પરીક્ષા પાસ થયા પછી ઇન્ટર્વ્યૂ આપવા જાય છે ત્યારે આધુનિક યુગમાં પણ કેટલાય દ્રોણાચાર્યો એવા છે કે જે એસ.સી, એસ.ટી., ઓ.બી.સી., માઇનોરિટી વર્ગના પ્રતિભાશાળી યુવાનો છે એના અંગૂઠા કાપવાનું કામ કરે છે. એની વારંવાર રજૂઆતો, ફરિયાદો અને આક્રોશ વ્યકત કર્યો છે. જયારે નોકરી મળે છે, ત્યારે પણ ફિકસ પગાર, કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગના નામે ગુજરાતના યુવાનોનું શોષણ થાય છે, જે કર્મચારીઓને આપણે કર્મયોગી કહીએ છીએ એની માટેની વાતો, એની માટેની જાહેરાતો કરીએ છીએ પણ જયારે એને સમાન કામ, સમાન વેતનનો અધિકાર આપવાની વાત આવે ત્યારે આપણે એમાંથી પીછેહઠ કરીએ છીએ. ત્યારે આપણે કરકસરની વાત કરીએ અને બજેટ ફાળવતા નથી. અહીંયાં ભરતીના કેલેન્ડરો જાહેર થાય, વર્ગ–૧ અને વર્ગ–૨ની ભરતી પ્રક્રિયામાં કદાચ લાંબો સમય લાગે, ઉમેદવારો એવા ના મળે પણ વર્ગ–૩ અને વર્ગ–૪ કે જેના માટે લાખોની સંખ્યામાં ગુજરાતના યુવાનો રાહ જોઇને બેઠા હોય છે એની ભરતી સમયસર નથી થતી, એને જે ફિકસ પગાર, કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગથી શોષણ થાય છે. આ જ વિધાનસભા સચિવાલયનો કોઇ લિફટમેન હોય, કોઇ કલેકટરનો ડ્રાઇવર હોય, કોઇ વિધાનસભા કવાર્ટર્સના કર્મચારીઓ હોય એ આખા ગુજરાતમાં જે વર્ગ–૩ અને ૪માં જે લોકો આઉટસોર્સિંગમાં કામ કરે છે, કોન્ટ્રાકટમાં કામ કરે છે એનું માનસિક રીતે શોષણ થાય છે, વારંવાર એનું અપમાન થાય છે, એની મહેનત અને કામના પ્રમાણમાં એનો અધિકાર મળતો નથી, વેતન મળતું નથી અને આખા ગુજરાતમાં જે આ એજન્સીઓ શોષણ કરી રહી છે, ભ્રષ્ટાચાર કરી રહી છે એની આજદિન સુધી કોઇ તપાસ કરવામાં આવતી નથી. હમણાં જનઆક્રોશ યાત્રા લઇને અમે આખા ગુજરાતમાં ફર્યા, દરેક તાલુકામાં, દરેક જિલ્લામાં, દરેક શહેરમાં અનેક યુવાનોની ફરિયાદ હતી કે જયારે પણ કોઇ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં જઇએ, સરકારના બોર્ડ નિગમોમાં નોકરી માટે જઇએ, અલગ અલગ સરકારના વિભાગોમાં જઇએ તો જે કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગના નામે શોષણ થઇ રહ્યું છે, ફિકસ પગારના નામે શોષણ થઇ રહ્યું છે ત્યારે આખા ગુજરાતના યુવાનોની આજે એક જ માગણી છે કે કરોડો રૂપિયાનું બજેટ ફાળવો છો તો અમારી કેમ ચિંતા થતી નથી? અમારા માટે સરકાર કેમ ગંભીર નથી? ત્યારે ફિકસ પગાર,

કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગ પ્રથા સંપૂર્ણ રીતે નાબૂદ થવી જોઇએ એ આ ગુજરાતના યુવાનોની માંગ છે અને એ ગુજરાતના યુવાનોની માંગને ફરીથી દોહરાવું છું અને સરકારને ફરીથી વિનંતી કરું છું કે આ જ બજેટ સત્રમાં આજે જો જાહેરાત થાય કે ગુજરાત સરકાર ફિકસ પગાર, કોન્ટ્રાકટ અને આઉટસોર્સિંગ પ્રથા સંપૂર્ણ રીતે નાબૂદ કરે તો અમે પણ અહીંયા સમર્થન પણ કરીશું અને સાથેસાથે તમારું સન્માન પણ કરીશું. લાખો કર્મચારીઓ જે સરકારના હાથ, પગ, આંખ કાન કહેવાય, આપણે એને કર્મયોગી કહીએ છીએ પણ એને સમાન કામ અને સમાન વેતનનો અધિકાર મળતો નથી. એના માટે એને આંદોલન કરવા પડે છે. અનેક કર્મચારીઓ ઓ.પી.એસ.ની માગણી લઇ અને સતત લડી રહ્યા છે, સંઘર્ષ કરી રહ્યા છે પણ એને એનો અધિકાર નથી મળતો. અધિકારીઓ/કર્મચારીઓના જે પોસ્ટિંગ અને ટ્રાન્સફર માટેના જે નિયમો છે એમાં પારદર્શકતા હોવી જોઇએ, એમાં જે અન્યાય થાય છે, એમાં જે ભેદભાવ થાય છે કે માનીતા હોય એમને સારું પોસ્ટિંગ મળે, *(**xxx**) પણ જે નિષ્ઠાવાન પ્રામણિક અધિકારીઓ/ કર્મચારીઓને સાઇડલાઇન કરવામાં આવે છે, એની વારંવાર ટ્રાન્સફર કરવામાં આવે છે ત્યારે એ ગુજરાતના જે કર્મયોગીઓ છે એ લોકો વતી માગણી કરીએ છીએ કે તમારા ટ્રાન્સફર અને પોસ્ટિંગ માટેના જે નિયમો અને જોગવાઇ છે તેનું પૂરેપૂરું પાલન થવું જોઇએ.આખી પ્રક્રિયા પારદર્શક બનવી જોઇએ અને આ ગુજરાતના કર્મયોગીઓને અન્યાય થઇ રહ્યો છે, ભેદભાવનો ભોગ બનવું પડે છે એમાંથી એમને મુક્તિ અપાવવી જોઇએ. સામાન્ય વહીવટ વિભાગમાંથી બધા જ વિભાગોને સૂચના જાય છે, પરિપત્રો જાય છે અને વારંવાર પરિપત્રો કર્યા પછી પણ વિભાગો એને અમલ કરે છે કે કેમ? એ વાત ખાલી કાગળ પર રહી જાય છે. અહીંયા વારંવાર પ્રોટોકોલની વાત થાય છે. ધારાસભ્યના પ્રોટોકોલ નથી જળવાતાં, સરકારી કાર્યક્રમોના કાર્ડ છપાય એમાં પ્રોટોકોલ નથી જળવાતો, સ્ટેજ પર પ્રોટોકોલ નથી જળવાતો. ઉત્સવો, *(xxx) અને જાહેરાતોમાં કરોડો રૂપિયા ખર્ચ થાય તેમ છતાં આ ગુજરાતના લોકોની ચિંતા કરવાવાળો વિભાગ છે એના પરિપત્રોની કોઇ અસરકારકતા આજે દેખાતી નથી. સરકારનો નિયમ છે..

ડૉ. સી.જે. ચાવડા(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં માગણી ક્રમાંક- ૩૦, ૩૩ અને ૩૫ પર મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ આપણા ગૃહના સભ્ય વાત કરી રહ્યા હતા કે સામાન્ય વહીવટ વિભાગ એ હૃદય છે. એ બહુ સાચી વાત છે કે સામાન્ય વહીવટ વિભાગ એ હૃદય છે. હૃદય જેટલું ધબકતું રહે અને સ્વસ્થ રહે એટલું શરીર વધારે કામ કરી શકે છે. સામાન્ય વહીવટ વિભાગ સમગ્ર ગુજરાતની પ્રજા અને જે વહીવટ ચાલે છે એનું હૃદય છે. હું પૂર્વ ભૂમિકામાં જાઉં તો સમગ્ર વિશ્વના જેટલા દેશો છે એ દેશોમાં બે પ્રકારની શાસન પધ્ધતિ છે: (૧) ડેમોક્રેસી અને (૨) ઓટોક્રેસી. સરમુખત્યારશાહી અને લોકશાહી. ભારતની લોકશાહી એ સર્વોત્તમ લોકશાહી છે. બંધારણીય રીતે ગાંધી, સરદાર અને બાબા સાહેબના વિચારોને અનુરૂપ ભારતની પ્રજા અને ગુજરાતની પ્રજાનું લોકકલ્યાણ અને સર્વાંગી વિકાસનો ધ્યેય રાખીને જે બંધારણ બનાવવામાં આવ્યું અને એને અનુરૂપ જે વહીવટ ઊભો કરવામાં આવ્યો એ સામાન્ય વહીવટ વિભાગનો એક ભાગ છે. સામાન્ય વહીવટ વિભાગ એટલે ગુજરાત રાજ્યમાં જેટલા વિભાગો છે એના કર્મચારીઓ/અધિકારીઓ એના મારફતે વહીવટ કરે છે. ગુજરાતની પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા માટે નવા નવા પરિપત્રો કરીને એનો વહીવટ કેમ કરવો અને પ્રજા કેમ વધુ સુખી બને એની કાળજી આ વિભાગો રાખતા હશે અને એને કર્મચારીઓ પૂરા પાડવાનું કામ અને કામગીરી પર દેખરેખ રાખવી એટલે ત્રીજી આંખનું કામ સામાન્ય વહીવટ વિભાગ કરતો હોય છે. આ સામાન્ય વહીવટ વિભાગની આંખ નબળી હોય કે મોતિયો આવે તો ચાલે નહિ. એટલા માટે સરકાર ખૂબ કાળજી રાખીને સામાન્ય વહીવટ વિભાગની કામગીરી કરી રહી છે. સામાન્ય વહીવટ વિભાગમાં કર્મચારીઓ કે અધિકારીઓની ભરતી કરવા માટે સ્વાયત્ત સંસ્થાઓ હોય છે. ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન જેને ગુજરાત જાહેર સેવા આયોગ કહીએ છીએ. ગુજરાત ગૌણ સેવા આયોગ, પોલીસની ભરતી માટે પોલીસ ભરતી બોર્ડ, પંચાયત પસંદગી બોર્ડમાં શિક્ષકો અને પંચાયત વિભાગના કર્મચારીઓની ભરતી અને એ સિવાય પણ એક પણ કામ બગડે નહિ અને એક પણ ટેબલ ઉપરનું કામ રખડે નહિ એના માટે ભરતીમાં વિલંબ થાય ત્યાં એવું લાગે ત્યાં આઉટસોર્સિંગથી પણ ભરતી કરીને પ્રજાનું એક પણ કામ અટકી ના પડે એની કાળજી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા રાખવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગ દરેક વિભાગ સાથે સુમેળભર્યું વાતાવરણ ઊભું કરીને, તાલમેલ કરીને એની પાસેથી વિગતો મંગાવીને સતત મહેનત કરીને આગામી ૧૦ વર્ષ માટે ગુજરાતમાં કેટલા કર્મચારીઓની જરૂર પડશે, કેટલા અધિકારીઓની જરૂર પડશે એનું એક ટેબલ બનાવીને, માગણાપત્રક બનાવીને ગુજરાત જાહેર સેવા આયોગ વર્ગ-૧ અને વર્ગ-૨ની પરીક્ષા હોય, વહીવટી સેવાની પરીક્ષા હોય કે મુલ્કી સેવાઓની પરીક્ષા હોય તો વર્ગ-૧ અને વર્ગ-૨ની જાહેરાત પાડવા માટે આગામી ૧૦ વર્ષમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવાની છે એનું માગણાપત્રક તૈયાર કરીને આ સરકાર દસ વર્ષીય કેલેન્ડર બનાવે છે. સામાન્ય વહીવટ વિભાગ વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ દરમિયાન કેટલા અધિકારીઓની ભરતી કરવાની છે તેના માગણાપત્રક ગુજરાત જાહેર સેવા આયોગને મોકલે છે. આ દસ વર્ષીય કેલેન્ડરમાં વર્ગ-૩ના કર્મચારીઓના માગણાપત્રક ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને પંચાયત સેવા પસંદગી બોર્ડને મોકલે છે. આ રીતે આગામી દસ વર્ષમાં એક પણ જગ્યા ખાલી ન રહે અને ભરતીમાં ક્યાંક વહીવટી અડચણો ઊભી થાય કે કોર્ટ મેટર જેવા સંજોગોમાં આઉટસોર્સિંગથી ભરતી કરીને

* આ શબ્દો અસંસદીય અને આક્ષેપાત્મક હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

* આ શબ્દો અસંસદીય હોઇ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં

પણ સામાન્ય વહીવટ વિભાગ એક તંદુરસ્ત હૃદયની જેમ ૨૪ કલાક કામગીરી કરે છે તે આ ગૃહના ધ્યાને મૂકું છું. ૧૦ વર્ષીય કેલેન્ડરમાં ૨ લાખ ૧૦ હજાર અધિકારી/કર્મચારીઓના માગણાપત્રક મોકલવામાં આવ્યા છે. આગામી દસ વર્ષમાં ૨ લાખ ૧૦ હજાર જેટલા અધિકારી/ કર્મચારીઓની વખતોવખત ભરતી થવાની છે. આ રીતે દર વર્ષે જાહેરાતો બહાર પાડીને ભરતી કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં સાડા પાંચ લાખનું જે મહેકમ કામ કરી રહ્યું છે તેમાં એક કે બે ટકા કરતાં વધારે જગ્યાઓ ખાલી નથી. આગામી દસ વર્ષમાં કેટલી જગ્યાઓ ખાલી પડવાની છે તેની કાળજી રાખીને સરકાર ખૂબ સારી રીતે કામ કરી રહી છે. સામાન્ય વહીવટ વિભાગ જે અધિકારી/કર્મચારીઓની ભરતી કરે છે તેના અનુસંધાને ગુજરાતની તાકાત ઊભી થતી હોય છે. ગુજરાતનો વહીવટ ગાંધી અને સરદારની વિચારધારા પ્રમાણે ચાલી રહ્યો છે. આજે આખા દેશનું સુકાન ચલાવી રહ્યા છે તેવા શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઇ શાહના વડપણ હેઠળ સમગ્ર દેશનો વહીવટ ચાલી રહ્યો છે ત્યારે ગુજરાત ગ્રોથ એન્જિન બને, રોલ મૉડલ બને તે માટે સામાન્ય વહીવટ વિભાગ કામ કરી રહ્યો છે. સામાન્ય વહીવટ વિભાગ જો કામ ન કરે, વિલંબ કરે કે તુમારશાહીમાં રહે તો એક જનરલ છાપ ઊભી થાય છે. અગાઉના શાસનમાં ગાંધીનગર અને ગુજરાત માટે એક છાપ ઊભી થયેલી. તેના માટે એક કવિતા ખૂબ પ્રચલિત થયેલી. તે કવિતાના ચાર વાક્યો હું કહેવા માગું છું. કોઇપણ નાગરિક સચિવાલય સુધી પહોંચે તો એવું કહેવામાં આવતું કે,

આ છે ગાંધીનગર, ગાંધી વગરનું નગર એવું આ ગાંધીનગર. જોયા કરો ટગરટગર એવું આ ગાંધીનગર,
અહીંયા પહેરે છે સફેદ ડગલા, લાગે સફેદ બગલાં, ફાઇલોના ઢગલે ઢગલાં
કામ કોઇના થાય નહીં અને થાય તો સમજી લો કે મંત્રીના સગલાં.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉના શાસનમાં આવું વાતાવરણ ઊભું થયું હતું. સામાન્ય વહીવટ વિભાગે આ શાસનને પલટાવ્યું છે. હવે આ ગાંધીનું ગુજરાત છે, આ સરદારનું ગુજરાત છે, આ સ્વામી વિવેકાનંદનું ગુજરાત છે, આ નર્મદનું ગુજરાત છે, આ દ્વારિકાના નાથ શ્રી કૃષ્ણનું ગુજરાત છે. તેવા ગુજરાતનો વહીવટ આજે સામાન્ય વહીવટ વિભાગ કરી રહ્યો છે તેના કારણે આપણી દીકરીઓ રાત્રે બે વાગ્યે પણ નવરાત્રિ મહોત્સવમાં જઇ શકે છે. દરેક નાગરિક ૨૪ કલાક ફરી શકે છે, વેપારી વેપાર કરી શકે છે. અહીંયા લૂંટ નથી, ફાટ નથી, કોમી રમખાણો નથી. આ બધી વ્યવસ્થા સામાન્ય વહીવટ વિભાગની અધિકારી/કર્મચારીઓ પરની પકડ અને કામ કરાવવાની પદ્ધતિના કારણે શક્ય બની છે. તે બદલ સામાન્ય વહીવટ વિભાગને જેટલાં અભિનંદન આપીએ તેટલા ઓછા છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગમાં જે અધિકારી/કર્મચારીઓ કામ કરે છે તેને પણ સગવડ આપવાની હોય છે, તેની સુખાકારી પણ જોવાની હોય છે. તે સારું કામ કરે છે કે નબળું કામ કરે છે તેનું મૂલ્યાંકન પણ સામાન્ય વહીવટ વિભાગ કરતો હોય છે. એક કર્મચારી કે અધિકારી આઠ કલાકની નોકરી દરમિયાન બેસીને જતો રહે છે જ્યારે બીજો અધિકારી/કર્મચારી ખૂબ સારું કામ કરે છે. આપણા તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન અને આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આજનું આપણું સુશાસન ચાલી રહ્યું છે. સામાન્ય વહીવટ ચાલી રહ્યો છે એમાં પ્રજામાં જે છાપ ઊભી થઇ છે એના કારણે જે કર્મચારીઓ અતિ સારું કામ કરે છે. એ સચિવાલયનો કર્મચારી હોય કે ગ્રામ્ય કક્ષાનો કર્મચારી હોય, આ કર્મચારી/અધિકારીઓને પ્રોત્સાહન મળી રહે એ માટે સામાન્ય વહીવટ વિભાગે અટલ યોજના બહાર પાડી છે. આ યોજના હેઠળ જે કોઇ કર્મચારી કે અધિકારીએ અલગ પદ્ધતિથી કામ કર્યું હોય, બજેટ સેશન ચાલતું હોય ત્યારે નાણા વિભાગ ઊંઘી પણ શકતો ન હોય. ચોવીસ કલાક કામ કરવાનું થતું હોય, બજેટની રજૂઆત થાય. માનનીય રાજ્યપાલશ્રીનું પ્રવચન થાય ત્યારથી બજેટ સેશન પૂર્ણ થાય ત્યાં સુધી સચિવાલયનો દરેક વિભાગ તન, મન, ધનથી ચોવીસ કલાક અહીંયા ઉપસ્થિત રહીને કામ કરે છે, ચિંતા કરે છે. કયા પ્રશ્નો રજૂ થશે?, કઇ કાપ દરખાસ્ત આવશે?, કઇ માગણી આવશે?, કઇ માગણીમાં કયા લોકો શું પ્રવચન કરશે? ગુજરાત સરકારે કઇ રીતે જવાબ આપવો? આવા અનેકવિધ મૂલ્યાંકનો કરીને કર્મચારી/અધિકારી જાગતા હોય છે. એમ ગામડામાં પણ જ્યારે અતિવૃષ્ટિ થાય છે ત્યારે તલાટીથી માંડીને કલેક્ટર સુધીના અધિકારીઓ, તલાટીથી માંડીને ડી.ડી.ઓ. સુધીના અધિકારીઓ, કાયદો અને વ્યવસ્થા બગડી હોય તો કર્મચારી, પોલીસ કોન્સ્ટેબલથી માંડીને ડી.એસ.પી. અને ડી.આઇ.જી., આઇ.જી.સુધીના અધિકારીઓ રાત-દિવસ ઊંઘતા નથી. ચૂંટણીના સમયે ચૂંટણીની કામગીરી કરતા સંકળાયેલા તમામ કર્મચારીઓ રાત-દિવસ મહેનત કરે છે. આ પૈકીમાંથી કોણે વિશિષ્ટ મહેનત કરી? કયો કર્મચારી વિશિષ્ટ છે? કોણે એવી મહેનત કરી કે જેના કારણે સામાન્ય વહીવટ વિભાગને ચાર ચાંદ લાગી ગયા? તો એવા કર્મચારીઓને ઇનામ આપવાનું અને પ્રોત્સાહન આપવાનું કામ સામાન્ય વહીવટ વિભાગ કરે છે. એવા કર્મચારીઓને બિરદાવીને વધુ ને વધુ ઊજ્જ્વળ કારકિર્દી ગુજરાતમાં ઉત્પન્ન થાય. ગ્રામકક્ષાએ દરેક તાલુકામાં જે કર્મચારીઓ સારી કામગીરી બજાવતાં હોય એને રૂ.૬૦૦૦ સુધીનું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવે છે. તાલુકા કક્ષાએ જે કર્મચારી/અધિકારીઓએ વિશિષ્ટ કામગીરી કરીને ગુજરાતની આન, બાન અને શાન વધારી છે એમને રૂ.૧૦ હજારનું ઇનામ આપવામાં આવે છે. તમામ જિલ્લાઓમાં જિલ્લા દીઠ જિલ્લામાં સારી કામગીરી કરી હોય એને રૂ.૩૦ હજારનું ઇનામ આપવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં સચિવાલય હોય કે હેડ ઓફ ધ ઓફિસમાં સુંદર કામગીરી કરનાર કર્મચારી કે અધિકારીને રૂ.૫૦ હજારનું પ્રોત્સાહન ઇનામ આપવામાં આવે છે. ટીમ કામ કરતી હોય ધારો કે, ફાયનાન્સ ડિપાર્ટમેન્ટ સારું કામ કરતું હોય, કુદરતી આપત્તિ આવી હોય. હમણાં જ આપે જોયું હશે કે, ભારે વરસાદના કારણે મગફળી અને કપાસનો પાક

નિષ્ફળ ગયો. એવા સમયમાં ખેતીવાડી ખાતું અને રેવન્યુ તંત્રએ ત્રણ દિવસમાં સરવે કરીને કેટલું નુકસાન થયું ? અને કેટલું વળતર આપવું જોઇએ એ નક્કી કરીને રૂ.૧૧ હજાર કરોડનું પેકેજ આપવાનું નક્કી કર્યું અને એક મહિનામાં દરેક ખેડૂતના ખાતામાં રકમ પહોંચી ગઇ. આવી વિશિષ્ટ કામગીરી કરી હોય ત્યારે એવી ટીમોને પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે. સામાન્ય વહીવટ વિભાગે આવું કામ કરીને કર્મચારી અધિકારીઓના જીવનને પણ સંભાળે છે, બિરદાવે છે, પ્રોત્સાહિત કરે છે અને ધબકતું રાખે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ લોકશાહી દેશ છે. સંસદીય પ્રણાલિકાથી ચાલતો દેશ છે. વિશ્વમાં સર્વોત્તમ લોકશાહી આ દેશમાં છે. પ્રજા એના માધ્યમમાં છે. ચાહે બ્યુરોક્રસી હોય, ચાહે સત્તાધીશો હોય, ચાહે મંત્રીમંડળ હોય, ચાહે ન્યાયતંત્ર હોય આ બધાના હૃદયમાં જે મધ્યબિંદુ છે એ પ્રજા છે. પ્રજાના વિકાસ અને સુખાકારી માટે, પ્રજા ન્યાયથી અને શાંતિથી જીવી શકે એ માટે, પ્રજાને અન્યાય ન થાય એ માટે ત્રણ મુખ્ય પાયા છે. સરકાર, બ્યુરોક્રસી અને ન્યાયતંત્ર. ચોથો પાયો છે પ્રજા અને લોકશાહીને જોડે છે એ પત્રકારત્વ છે. આ ચાર પાયા લોકશાહીને મજબૂત રાખે છે. એમાંથી ઉદભવતા પ્રશ્નો કઇ રીતે સોલ્વ કરવા એ સામાન્ય વહીવટ વિભાગ સંભાળે છે. એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીએ હેલ્પલાઇન શરૂ કરી છે.ગુજરાતની ૬ કરોડ ૪૦ લાખ વસતિમાંથી કોઇપણ નાગરિક પોતાનો કોઇ પ્રશ્ન, પોતાના ગામનો પ્રશ્ન, પોતાના વિકાસનો પ્રશ્ન તેમજ પોતાની વિચારધારા સ્વાગત કાર્યક્રમમાં રજૂ કરી શકે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ફેસ ટુ ફેસ એવા અરજદારને સાંભળે છે. સાંભળીને તરત જ પ્રશ્નનો નિકાલ થાય એ માટે જે વહીવટ વિભાગને લગતો હોય ત્યાં મોકલીને, એનો જવાબ તૈયાર કરીને એને મોકલવામાં આવે છે. પ્રજાને પોતાને લાગે કે – "Democracy is for the people, of the people and by the people." લોકો દ્વારા, લોકોનું અને લોકો માટે ચાલતું શાસન એવું લાગે એટલા માટે લોકશાહીમાં આપણો સામાન્ય વહીવટ વિભાગ કામ કરી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વાતંત્ર્ય સેનાનીઓને પેન્શન આપવાની યોજના સામાન્ય વહીવટ વિભાગ ચલાવે છે. સરહદ ઉપર આ દેશના રક્ષણ માટે તેમજ દેશ અને રાજ્યમાં જ્યારે જ્યારે મોટા આંદોલનો થયા, નવનિર્માણ જેવા મોટા આંદોલનો થયા ત્યારે જે લોકો શહિદ થયા છે, જે સ્વાતંત્ર્ય સેનાનીઓ છે એમને રેગ્યુલર પેન્શન પહોંચાડવાનું કામ સામાન્ય વહીવટ વિભાગ કરે છે. વર્ષ ૨૦૨૫માં એક સુધારો કર્યો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને રૂ. ૧૦,૦૦૦ પેન્શન આપવામાં આવતું હતું એના બદલે વધારીને રૂ. ૨૦,૦૦૦નું પેન્શન કરવામાં આવ્યું અને એમના આશ્રિતને રૂ. ૭૦૦૦નું પેન્શન આપવામાં આવતું હતું એના બદલે રૂ.૧૪,૦૦૦નું પેન્શન કરવામાં આવ્યું. દેશની અંદર અને સરહદો ઉપર કાયદો અને વ્યવસ્થા જાળવતા લોકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારતને આઝાદ કરાવવા પોતાના લોહી રેડ્યા હતા, બલિદાનો આપ્યા હતા, પોતાની કાયાની ચિંતા કર્યા દેશ માટે ઝઝૂમ્યાં હતા એવા સ્વાતંત્ર્ય સેનાનીઓ માટેની પેન્શન યોજના સામાન્ય વહીવટ વિભાગ ચલાવે છે અને રેગ્યુલર એમના ખાતામાં પેન્શન જમા થાય એની કાળજી રાખે છે. સામાન્ય વહીવટ વિભાગની આવી કામગીરી અને એના માટે થતો ખર્ચો તથા એના માટે માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૩૦, ૩૩ અને ૩૫ લઇને આવ્યા છે, એને સંપૂર્ણ સમર્થન આપું છું અને આ માગણીઓ સર્વાનુમતે પસાર થાય એવી વિનંતી કરું છું. જય હિન્દ, જય ભારત.

શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર ૩૦, ૩૩ અને ૩૫ને આ સભાગૃહમાં મારું સમર્થન આપું છું અને તે અંગેના મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના અવિસ્મરણીય કવિ નર્મદે ગુજરાતના ગૌરવ વિશે જે ચિરંજીવી પંક્તિ લખી છે, ''જય જય ગરવી ગુજરાત દીપે અરણું પ્રભાત''. આ પંક્તિ માત્ર કવિતા નથી. આ પંક્તિ ગુજરાતના વિકાસ, ગુજરાતનું ગૌરવ અને સુશાસનની ભવ્ય ભાવના વ્યક્ત કરે છે. ગુજરાતની વિકાસયાત્રા માત્ર રસ્તા, પુલ અને ઇમારતો પૂરતી મર્યાદિત નથી. ગુજરાતની સાચી શક્તિ, એની સુવ્યવસ્થિત અને પારદર્શક વહીવટી વ્યવસ્થામાં છે. આ વહીવટી વ્યવસ્થાનું કેન્દ્રબિંદુ એટલે આપણો જી.એ.ડી. વિભાગ, રાજ્ય સરકારનો સામાન્ય વહીવટ વિભાગ છે. સામાન્ય વહીવટ વિભાગ એ તંત્રનો હાર્ટ છે, હમણાં સભ્યશ્રીઓએ પણ કહ્યું છે. ગુજરાત સરકારનું મગજ, એનો નર્વ એ આ જી.એ.ડી. વિભાગ છે. હું માનનીય શૈલેષભાઇ અને ડૉ. સી.જે. ચાવડાને શાંતિથી સાંભળતો હતો. એક શબ્દનો પ્રયોગ વારંવાર થયો કે ગુજરાતમાં પેપર ફૂટ્યાં, ગુજરાતમાં પેપર ફૂટ્યાં. હા, પેપર ફૂટ્યાં હતાં. ગુજરાતમાં પેપર ફૂટ્યાં હતા. એ વખતની રાજસ્થાન સરકારના શાસનમાં પેપર ફૂટ્યાં હતાં. એ વખતની પંજાબની સરકારના શાસનમાં પેપર ફૂટ્યાં હતા. દિલ્હીમાં પેપર ફૂટ્યાં હતાં. બિહારમાં પણ પેપર ફૂટ્યાં હતાં. પેપરની સાથેસાથે ત્યાંના યુવાનોનું ભાગ્ય ફૂટ્યું હતું. ત્યાંના યુવાનોનું કર્મ પણ ફૂટ્યું હતું. હા, ગુજરાતમાં પેપર ફૂટ્યાં હતાં. પરંતુ ગુજરાતના સામાન્ય વહીવટ વિભાગના કારણે એની ઉપર તાત્કાલિક અસરકારક પગલાં લીધાં, આ વહીવટી તંત્ર પેપર ફોડનારાં સુધી પહોંચ્યું અને પરિણામ એ આવ્યું કે ગુજરાતમાં પેપર ફૂટ્યાં પરંતુ અમારા લાખો યુવાનોના ભાગ્ય ના ફૂટ્યાં અને એનું કોઇને શ્રેય જતું હોય તો આ જી.એ.ડી. વિભાગને જાય છે. હમણાં ભરતી પ્રક્રિયાની વાત થતી હતી. હા, થવી જોઇએ. ભરતી પણ થવી જોઇએ. સને ૧૯૯૨માં મેં પોતે એન્જિનિયરિંગ પૂરું કર્યું અને મને પણ ત્યારે શોખ જાગ્યો કે કયાંક ગુજરાતનો કર્મયોગી બનું. વર્ષ ૧૯૯૩-૯૪માં જી.પી.એસ.સી. દ્વારા આર.ટી.ઓ. વિભાગની ભરતી માટે જાહેરાત આવી, પરીક્ષા આપવા માટેની જાહેરાત આવી. આ પરીક્ષાની અંદર ઉતીર્ણ થવા મેં પણ મહેનત શરૂ કરી. મને પણ એમ થયું કે રાજ્ય સરકારમાં કર્મયોગી બની રાજ્યની સેવામાં કયાંક મારું યોગદાન આપું. પરંતુ એ વખતની સરકારો કઇ હશે મને ખબર નથી. મેં

કહ્યું કે ભાગ્ય ફૂટ્યું. હજી પરીક્ષાની તારીખો નક્કી થઇ, એમના પત્રો અમને મળ્યા કે પરીક્ષામાં તમારે બેસવાનું છે, તમારી લાયકાત છે, તમે બેસી શકો છો. એ વખતની સરકારોએ સરકારની ભરતી ઉપર સંપૂર્ણ બાન લાવી દીધું. મને આનંદ છે કે જે સરકારે સંપૂર્ણ બાન લાવી દીધું હતું એ સરકારોમાં રહેલા એ પાર્ટીના લોકો આજે રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગની ભરતી માટે ચિંતા કરે છે. કર્મ ત્યારે ફૂટેલું હતું, કર્મ આજે ગુજરાતના જવાનોનું ફૂટેલું નથી. આજે ભરતી પ્રક્રિયાના કેલેન્ડર ગુજરાતની અંદર બનાવે તેવો રાજ્યની સરકારનો વિભાગ કામ કરે છે. સામાન્ય વહીવટ વિભાગ એ સરકારની હીટ છે. ઘણા વિભાગો સીધા પ્રજા સુધી સ્પર્શે છે. કૃષિ વિભાગ એ સીધો ખેડૂતો સુધી સ્પર્શે છે. આરોગ્ય વિભાગ દર્દીઓને સ્પર્શે છે, શિક્ષણ વિભાગ વિદ્યાર્થીઓને સ્પર્શે છે. ઉર્જા વિભાગ ઘર ઘરને સ્પર્શે છે. પાણી પુરવઠા વિભાગ એ વ્યક્તિ–વ્યક્તિને સ્પર્શે છે. પરંતુ સામાન્ય વહીવટ વિભાગ એ સરકારના સમગ્ર તંત્રને સ્પર્શે છે એવા પ્રકારનો આ વિભાગ છે. આ વિભાગ સીધો દેખાય છે ઓછો પરંતુ સમગ્ર રાજ્યના વહીવટી તંત્રને ચલાવતું વહીવટી એન્જિન એ આપણો સામાન્ય વહીવટ વિભાગ છે. જો સરકાર એક વિશાળ યંત્ર હોય તો સામાન્ય વહીવટ વિભાગ એની રીઢ અને સંચાલન શક્તિ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ વિભાગ સુશાસનના નવા ઘોરણો સ્થાપિત કરી રહ્યો છે. કર્મયોગી પોર્ટલ ડિજિટલ ગવર્નન્સનું શકિતશાળી સાઘન બન્યું છે. આજનો યુગ એ ગુડ ગવર્નન્સનો યુગ છે. ડિજિટલ યુગ છે. ગુજરાત સરકાર દ્વારા કર્મયોગી પોર્ટલ અને મોબાઇલ એપ્લીકેશન વિકસાવવામાં આવ્યા છે. આ પોર્ટલ રાજ્યના ૪ લાખથી વધુ કર્મચારીઓ અને અધિકારીઓ સાથે જોડાયેલા છે. એક સમય એવો હતો કે રાજ્યના કર્મચારીઓની રજા મંજૂર કરાવવા ફાઇલ ઓફિસ–ઓફિસ ફરતી હતી. પાસપોર્ટ માટેની એન.ઓ.સી. મેળવવામાં દિવસો લાગી જતા હતા. કામગીરીની મૂલ્યાંકનની પ્રક્રિયા ખૂબ લાંબી હતી. અધિકારીઓના નાના નાના બિલ હોય તો એની ખૂબ લાંબી પ્રક્રિયા હતી. પરંતુ આજે ફાઇલોના ઢગલામાં અટકતો એ વહીવટ હવે ડિજિટલ બન્યો છે. આ ગુજરાતના સુશાસનની નવી ઓળખ છે. લીવ મેનેજમેન્ટ, એલ.ટી.સી., પર્ફોર્મન્સ, એપ્રેઝલ, એન.ઓ.સી., પે–બિલ જેવી પ્રક્રિયા આજે ડિજિટલ પ્લેટફોર્મ ઉપર પારદર્શક રીતે થાય છે. આ ગુજરાતના વહીવટીતંત્રની સુંદરતાનો નમૂનો છે. ડિજિટલ ગવર્નન્સ એ માત્ર ટેકનૉલૉજી નથી. એ પારદર્શિતા અને વિશ્વાસનો નવો અધ્યાય છે. ખૂબ મહત્ત્વની વાત છે, સરકારની શકિત એ માત્ર નીતિમાં નથી. સરકારની સાચી શકિત એના કર્મયોગીઓમાં છે. કર્મચારીઓ એ માત્ર સરકારનો સ્ટાફ નથી, તેઓ વિકાસયાત્રાના સાચા કર્મયોગીઓ છે. આ લાખો કર્મચારીઓની તપસ્યાના કારણે એમનો ખૂબ અમૂલ્ય ફાળો, ગુજરાત આજે પ્રગતિના પથ ઉપર દોડી રહ્યું છે એમાં એનો બહુ મોટો અમૂલ્ય ફાળો છે. મિશન કર્મયોગી ભારત સરકારનું આઇ–પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. ગુજરાત રાજ્યના ૪.૩૯ લાખથી વધારે કર્મચારીઓ આ વિભાગની સાથે જોડાયેલા છે. અત્યાર સુધીમાં ૨.૨૪ લાખ કલાકથી વધુ ઓનલાઇન તાલીમ આપવામાં આવી છે. કર્મયોગીઓ માટે કેપેસિટી બિલ્ડિંગ માટેનું આ ખૂબ મોટું અને સારું પ્લેટફોર્મ છે અને એમની ક્ષમતા વધારવા માટે આ ખૂબ ઉપયોગી પણ સાબિત થયું છે. ગુજરાતી ભાષાની અંદર તાલીમ ઉપલબ્ધ કરાવવી એ પણ ગુજરાત સરકારની ખૂબ સરાહનીય પહેલ છે. નવી ટેકનૉલૉજી, નીતિ, શાસન, મેનેજમેન્ટ અંગે સતત તાલીમ આપવી એ ગુજરાતની વહીવટી પ્રક્રિયાનો ખૂબ મોટો સારો પ્રયાસ પણ છે.માનનીય અધ્યક્ષશ્રી, આઇ હબના માધ્યમથી ઓનલાઇન કોર્સિસ, વીડિયો, એસેસમેન્ટ, સર્ટિફિકેશન જેવી અનેક સુવિધાઓ એમાં ઉપલબ્ધ છે. ગુજરાતની ભરતી વ્યવસ્થા એ ગુજરાતના યુવાનો માટેની નવી તક છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી એ વખતના રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે યુવા શકિતને ડેમોગ્રાફિક ડિવિઝન તરીકે ઓળખાવી છે. ગુજરાત સરકારે આ યુવા શકિતને તક મળે એ પારદર્શી ભરતી અમલમાં મૂકી શકાય એટલા માટે ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર પણ તૈયાર કરવામાં આવ્યું છે. યુવા શકિતને તક આપવી એટલે નોકરી આપવી એવું નહિ, પરંતુ તે રાજ્યના ભવિષ્યનો મજબૂત સંકલ્પ છે. 'સ્પીપા' પ્રશાસન માટે પ્રતિભા ઘડતી આપણી સંસ્થા એ ગુજરાતનું નહિ પણ ભારતનું ગૌરવ બની છે. ગુજરાત સરકારની આ પ્રતિષ્ઠિત સંસ્થા છે. સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા આઇ.એ.એસ. અધિકારીઓને તાલીમ પણ આપે છે. રાજ્યના અધિકારીઓને કૌશલ્ય વિકાસની તાલીમ આપે છે. યુ.પી.એસી. માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. વર્ષ ૧૯૯૨થી ૩૧૨ જેટલા ઉમેદવારો આ સંસ્થામાંથી અખિલ ભારતીય સેવાઓમાં પસંદ થયા છે, એ હું માનું છું કે રાજ્યનું ખૂબ મોટું ગૌરવ છે. ગુજરાતની પ્રગતિ પાછળ માત્ર નીતિ નથી. પરંતુ એક સશક્ત અને સંકલિત વહીવટીતંત્રનું યોગદાન રહેલું છે. સી.એમ. ફેલોશિપ યોજના યુવાનો અને વહીવટ વચ્ચેનો સંગમ બની છે. વર્ષ ૨૦૦૯માં જ્યારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અહીંયાં હતા ત્યારે તેમણે સી.એમ.ફેલોશિપ યોજના કાર્યક્રમ શરૂ કર્યો. આ કાર્યક્રમ દ્વારા તેજસ્વી યુવાનોને સરકારના વહીવટ સાથે જોડવામાં આવ્યાં. સારી સરકાર એ નથી જે માત્ર જાહેરાત કરે. સારી સરકાર એ છે કે જે વ્યવસ્થાને મજબૂત બનાવે છે. કર્મયોગી પ્રશિક્ષણ મિશન એ સતત ચાલતી આપણી પ્રક્રિયા છે. ૨૫મી ડિસેમ્બર એટલે અટલજીના જન્મદિવસથી સુશાસન દિવસના દિવસે કર્મયોગી પ્રશિક્ષણ મિશનની આપણે શરૂઆત પણ કરી છે. રાજ્યના ૧૫ જિલ્લાઓમાં ૩૧ ડિસ્ટ્રિક્ટ ટ્રેઇનર્સ અને ૩૧૭ તાલુકામાં ટ્રેઇનર્સ તૈયાર કરવામાં આવ્યાં છે. સુશાસન માત્ર નીતિઓથી આવતું નથી. સુશાસન તો સક્ષમ વહીવટ અને સમર્પિત કર્મયોગીઓથી આવે છે. સુશાસનનો સાચું માપદંડ શું હોઇ શકે? સુશાસનનું સાચું માપદંડ એ છે કે સરકારનો દરેક સામાન્ય નિર્ણય એ નાગરિક સુધી અસરકારક રીતે પહોંચે. કેન્દ્રીય બજેટના ત્રણ સંકલ્પની અંદર ત્રીજો સંકલ્પ એ પણ સુશાસન માટેનો સંકલ્પ છે. સરકારની યોજનાઓ અને સરકારના નિર્ણયો, સરકારની પરિયોજનાઓ એની ડિલિવરી છેક અંતિમ માણસ સુધી જાય ત્યારે હું એમ માનું છું કે સરકારનો આ ત્રીજો

બજેટનો સંકલ્પ છે. એ અહીંયા શાશ્વત રીતે આપણે અહીંયા જે કરી રહ્યા છીએ ત્યાં પ્રદર્શિત થાય છે. ગુજરાત આજે દેશમાં ગુડ ગવર્નન્સ માટે મોડલ બની ગયું છે. અંતમાં હું એ જ વાત કહેવા માગું છું કે જ્યારે વહીવટ પારદર્શક બને, કર્મચારીઓ સશક્ત બને અને નેતૃત્ત્વ દૂરંદેશી હોય ત્યારે રાજ્યનો વિકાસ એ નવા શિખર સર કરતો હોય છે. આજ સકારાત્મકતા અને આજ અભિગમ સાથે જી.એ.ડી. વિભાગ આપણો કામ કરી રહ્યો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે ૩૦, ૩૩ અને ૩૫ ને હું મારું સમર્થન આપું છું અને ગૃહના દરેક સભ્યોને વિનંતી કરું છું કે આપ પણ સર્વાનુમતે આ માગણીઓને સમર્થન આપીને ગૃહની અંદર આ માગણીઓને પાસ કરશો. ધન્યવાદ.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ (મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી માર્ગ અને મકાન વિભાગની માર્ગ અને પુલની, રહેણાંક અને પાટનગર યોજના વિભાગ બાંધકામની માગણી નં. ૮૫, ૮૬ અને ૮૭ લઈને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને એમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આ ગૃહના વડા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, આ ગૃહના નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો હું ખૂબ ખૂબ આભાર માનું એટલો ઓછો છે. કારણ કે ઉત્તર ગુજરાતનો જે મહેસાણા અને અમદાવાદને જોડતો રોડ એ વર્ષોથી વર્ષ–૧૯૯૯ની અંદર એ ટુ લેનમાંથી ફોર લેન થયો હતો અને ઉત્તર ગુજરાત એ આર્થિક રીતે ખૂબ જ મજબૂત હોવાના કારણે અને સાહસિક લોકોની ઉદ્યોગની અંદર એક અભિરૂચિ હોવાના કારણે એક ઔદ્યોગિકગૃહ ત્યાં મોટા પ્રમાણની અંદર જ્યારે સ્થપાયું, વિવિધ કક્ષાના ઉદ્યોગો ઉત્તર ગુજરાતની અંદર ધમધમ્યા ત્યારે આ ફોર લેન રોડની અંદર પણ ટ્રાફિકની સમસ્યા દિન–પ્રતિદિન વધતી ગઇ. અને છેલ્લાં કેટલાંક વર્ષોની અંદર આખા ગુજરાતની અંદર સૌથી વધુ ટ્રાફિક કરાવતો રોડ બન્યો હોય તો તે અમદાવાદ–મહેસાણાનો રોડ છે. પ્રતિદિન લગભગ ૧ લાખ કરતાં પણ વધારે હેવી અને લાઇટ વ્હીકલ્સ જ્યારે આ રોડ ઉપરથી પસાર થાય ત્યારે ટ્રાફિકની સમસ્યા ઉત્તરોત્તર વધતી ગઇ અને ઉત્તર ગુજરાતના તમામ ધારાસભ્યોની સાથે સાથે તમામ લોકોની એક માગણી હતી કે આ રોડ તે સિકસ લેનની અંદર પરિવર્તિત થાય. અમે સિકસ લેન માગ્યો, પરંતુ આ મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને આ કુબેર ભંડારી આપણા નાણામંત્રીશ્રીએ અમને સિકસ લેન નહીં પરંતુ એઇટ લેન એટલે કે આઠ માર્ગીય રોડ અમદાવાદથી મહેસાણાના ૨૬૩૦ કરોડ રૂપિયાનો મેગા પ્રોજેકટ એમણે અમને જ્યારે આપ્યો છે ત્યારે હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે આ રોડ એ ન ભૂતો ન ભવિષ્યતે કારણ કે આઠ લેન રોડ સાથે બે સર્વિસ રોડ સાડા સાત મીટરના બનશે. આવો રોડ તે આખા ગુજરાતની અંદર કયાંય છે નહીં અને સાથે સાથે આ મહેસાણા અમદાવાદની અંદર જે જે ક્રોસિંગ થવાના છે તે ક્રોસિંગ ઉપર એઇટ લેન બ્રિજિસ અને વધુમાં સાથે કલોલની અંદર લગભગ તે એલીવેટેડ બ્રિજ કે તેને કોઇ જગ્યાએ ક્રોસ ના થાય, અકસ્માત ના થાય એવો એલીવેટેડ બ્રિજ પણ તૈયાર કરી આ મહેસાણા અમદાવાદને જોડતો રોડ બનવા જઇ રહ્યો છે. આ રોડ એટલા માટે બહુ મહત્ત્વનો છે કે, રાજસ્થાનથી ઉત્તર ભારત સાથે કનેકટ કરતો અને ત્રણ ડેરી, કૃષિ સંલગ્ન ૧૬ માર્કેટ યાર્ડ, ૪ મોટી યુનિવર્સિટી, ૧૬ શૈક્ષણિક સંસ્થાનો, ૧૨ ઔદ્યોગિક ક્ષેત્રો, ધાર્મિક સંસ્થાનોને કારણે સ્થાનિક કૃષિ, આદ્યોગિક અને સામાજિક ગતિવિધિ આ રોડ ઉપર બહુ રહેવાના કારણે જે ટ્રાફિકની સમસ્યા છે તે આવનારા દિવસોની અંદર ઓછી થશે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીએ એઇટ લેનનો જે રોડ મંજૂર કર્યો છે ત્યારે તેમને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. સાથે સાથે માર્ગ અને મકાન વિભાગ એ રાજ્ય સરકારનો એક એવો વિભાગ તે ચોવીસ કલાકનો જાગતો વિભાગ છે. આ વિભાગ દ્વારા ખરેખર આપણે આ ગૃહના તમામ સભ્યોએ ગર્વ લેવો જોઇએ કે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે તે મહેસૂલી ખર્ચ બીજા વિભાગ કરતા ઓછાં અને મૂડી જે એસેટસ ક્રિએટ થાય છે તે મહેસૂલ ખર્ચના પ્રમાણની અંદર એ મહેસૂલી ખર્ચ ૩૫ ટકા થાય છે અને સામે આપણને આ વખતના બજેટની અંદર મહેસૂલી ખર્ચ ટોટલ ત્રણે ત્રણ જે માગણી છે તેમાં રૂપિયા ૫૨૦૫.૩૩ કરોડ મહેસૂલી ખર્ચ થવાનો છે અને સામે ૧૪૭૧૧.૦૬ કરોડ રૂપિયા જેટલી એસેટસ આપણને મળવા જઇ રહી છે. એટલે આ વિભાગ એ માર્ગ અને મકાન વિભાગ દ્વારા કરવામાં આવતા બધા જ કામો એ રોજગાર પણ ઉત્પન્ન કરે છે સાથે સાથે જી.ડી.પી., જી.એસ.ડી.પી., અને દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જે સંકલ્પ છેકે સન ૨૦૪૭ની અંદર વિકસિત ભારત તરીકે આખો દેશ આ વિશ્વની અંદર અંકાય એ માટે આ એક વિભાગ દ્વારા રોડમેપ પણ નક્કી કરવામાં આવતા હોય છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાઇસ્પીડ કોરીડોર, બંદરોને જોડતા રસ્તા, ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તા, યાત્રાધામને જોડતા રસ્તા, જિલ્લા મથકથી બાજુના જિલ્લા મથક સાથે ૧૦ મીટર પહોળા રસ્તાનું જોડાણ, પ્રવાસન સ્થળોને જોડતા રસ્તા, અત્યંત પ્રચલિત થયેલ ગ્રામ્ય માર્ગોનું માળખું ઊભું કરવા તેમજ મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે યોજનાઓ થકી સમગ્ર ગુજરાતનો વિકાસ જે થઇ રહ્યો છે એમાં ખૂબ ખૂબ અમૂલ્ય ફાળો રહેલો છે. માર્ગ અને મકાન વિભાગમાં જે અલગ પંચાયત વિભાગ છે એ પંચાયત વિભાગ દ્વારા ગ્રામ્ય કક્ષાના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના વગેરે કામો એમના દ્વારા હાથ ધરવામાં આવે છે એમાં પણ આજે જોઇએ તો ગુણવત્તાની દૃષ્ટિએ અને સમયસર આ કામો પૂરાં થાય એવો પ્રયાસ પણ કરવામાં આવી રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં માર્ગોનો યોજનાકીય રીતે વિકાસ હાથ ધરવાની દૂરંદેશિતાને અનુસંધાને ભારે ટ્રાફિક ધરાવતા હાઇવેને હાઇસ્પીડ કોરીડોર તરીકે અંદાજિત રૂ. ૧૦૭૩૧.૦૦ કરોડના ખર્ચે વિકસાવવા રાજ્ય સરકારે નિર્ણય કરેલ છે. આ નિર્ણયના ભાગરૂપે

વટામણ–પીપળી, સુરત–સચિન–નવસારી, અમદાવાદ–ડાકોર, ભુજ–ભચાઉ, રાજકોટ–ભાવનગર, મહેસાણા–પાલનપુર સહિત ૭ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા માટે રૂ. ૭૭૯૨.૩૦ કરોડની કામગીરી પ્રગતિ હેઠળ તથા ૩ હાઇસ્પીડ કોરીડોર વિકસાવવા રૂ. ૨૯૩૮.૭૦ કરોડનાં કામો આ વિભાગ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. આજે ગુજરાત રાજયની અંદર નેશનલ હાઇવે જે બીજા રાજયો સાથે આપણા રાજયને જોડે છે, એની લંબાઇ આપણા રાજયની અંદર ૬૭૨૨ કિ.મી., સ્ટેટ હાઇવે ૧૫,૭૩૮ કિ.મી., એમ.ડી.આર. ૨૦,૧૫૩ કિ.મી., ઓ.ડી.આર., ૧૦,૫૫૨ કિ.મી., વિલેજ રોડ ૨૮,૦૪૧ કિ.મી. એમ કરીને કુલ લગભગ ૮૦,૭૦૬ કિ.મી.ની માળખાકીય સુવિધા ઘરાવતું આપણું રાજય બન્યું છે. સાથે સાથે જે નોન પ્લાન રસ્તા જોઇએ તો ૫૨,૨૨૪ કિ.મી. પણ આ રાજયની અંદર નોનપ્લાન રસ્તા તરીકે આપણે જોઇએ છીએ. આમ કરીને લગભગ ૧ લાખ ૩૫ હજાર કિ.મી.નું નેટવર્ક ઘરાવતું આપણું રાજય એ દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. આજે ટેકનોલોજી ડે બાય ડે જયારે વિકસિત થતી હોય, નવા નવા પ્રયોગો થતા હોય, નવા નવા સંશોધનો થતા હોય ત્યારે આ વિભાગ દ્વારા આ વખતે પ્રથમ વખત રાજયવ્યાપી એસેટ મેનેજમેન્ટ એટલે કે રાજયના રોડ અને બ્રિજના ઇન્ફ્રાસ્ટ્રકચર માટે એસેટ મેનેજમેન્ટ પ્રવૃત્તિ સ્કેલઅપ કરવા માર્ગદર્શિકા અને ટેકનોલોજી સિસ્ટમ પણ વિકસાવવામાં આવી છે. કેપેસીટી બિલ્ડિંગ એટલે કે, આધુનિક મેઇન્ટેનન્સ પ્રોટોકોલ્સ, ઇક્વિપમેન્ટ ઓપરેશન અને ડેટા મેનેજમેન્ટ સિસ્ટમ ઉપર સ્પેશલાઇઝડ ટ્રેનિંગ દ્વારા મેઇન્ટેનન્સ સ્ટાફની કુશળતા મજબૂત કરવા જઇ રહ્યું છે. સાથેસાથે સેન્ટ્રલ ઓફ એકસલન્સ દ્વારા જે પણ સ્ટાફ છે એમાં બ્રિજના જે પણ સ્ટાફ હોય, રોડનો જે પણ સ્ટાફ હોય એને અદ્યતન મશીનરીનું જ્ઞાન આપી અને નવી નવી ટેકનોલોજી સાથે જોડવાની પ્રયાસ પણ આ બજેટની અંદર કરવામાં આવી રહ્યો છે. મેનેજમેન્ટ તરીકે એસેટના મૂલ્ય આધારિત ટકાવારી મુજબ સમર્પિત બજેટ ફાળવાયું છે. આઉટ કમ બેઇઝડ મેન્ટેનન્સ કોન્ટ્રાકિટંગ એટલે કે સ્પષ્ટ કવોલિટી બેન્ચમાર્કસ અને પર્ફોર્મન્સ મેટ્રિકસ સાથે કવોલિટી ડ્રિવન મેઇન્ટેનન્સ કોન્ટ્રાકટ્સ આપવા માટે આ બજેટની અંદર લેવામાં આવ્યું છે.મારા વિસ્તારની વાત કરું તો વર્ષ ૨૦૨૫–૨૬ દરમિયાન લગભગ રૂ.૨૦૦.૫૯ કરોડના ૪૩.૨૭ કિ.મી.લંબાઇનાં કુલ ચાર કામો મંજૂર થયેલાં છે. જે પૈકી મોટાં કામોમાં લોદરા, આજોલ, ચરાડું, ગોઝારીયા માટે લગભગ રૂ.૨૨.૩૨ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. માગણી ક્રમાંક– ૮૫ જે રહેણાંક મકાનની છે એમાં આ વિભાગ દ્વારા આ બજેટમાં નવરચિત તાલુકા અને જિલ્લામાં કર્મચારીઓના રહેણાંક માટે રૂ.૫૭.૫૪, અમદાવાદ ખાતે વિવિધ કક્ષાના અધિકારીઓ માટે વિવિધ કક્ષાના બી.૧, બી અને સી કેટેગરીના મકાનોના બાંધકામ માટે રૂ.૧૫૬.૪૭ કરોડ તથા રિપેરિંગ અને સ્ટ્રેન્ધનિંગ માટે રૂ.૪૫ કરોડ એમ કરીને સરકારી રહેણાંક માટે રૂ.૨૯૭.૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કાયદા વિભાગના વિવિધ કક્ષાના અધિકારીના રહેણાંકો માટે અમદાવાદ તેમજ ગુજરાતમાં ટાઇપ–એ, સી, ઇ–૧, ડી–૧ ટાઇપના મકાનો માટે રૂ.૫૯.૭૬ તથા કાયદા વિભાગના વિવિધ અધિકારીઓને ૬૦ ટકા ગ્રાન્ટ કેન્દ્ર સરકારમાંથી મળે છે એના માટે રૂ.૩૫.૫૨ અને ૪૦ ટકા ગ્રાન્ટ પ્રમાણે રૂ.૨૩.૬૮ એમ કરીને કુલ રૂ.૪૧૬.૯૧ કરોડ અને સાથે–સાથે કલેક્ટર, પ્રાંત, મામલતદાર તેમજ વિવિધ કક્ષાના અધિકારીઓ માટે રૂ.૨૦૨.૭૮ કરોડ એમ કરીને રૂ.૬૨૨.૨૦ કરોડની જોગવાઇ આ બજેટમાં રાખવામાં આવી છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા (સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં બંદરો અને ખાણ, ખનીજ વિશે હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ૯૦–સોમનાથ વિસ્તારમાં વેરાવળ મુકામે બંદર બનાવવા માટે અંદાજિત રૂ.૧૬૧ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા અને એમાં વધારો કરીને રૂ.૨૭૨ કરોડ કરવામાં આવ્યો છે. આ કામ વિશાખાપટ્ટનમની આર.કે.ઇ.સી. કંપનીને આપવામાં આવ્યું છે. આ બંદર કોંગ્રેસની સરકાર વખતે બનેલું હતું. જે આજ દિન સુધી અડીખમ છે પણ બોટ અને ફિશિંગનું પ્રમાણ વધતાં મારા દ્વારા માગણી કરવામાં આવેલી હતી અને બંદર મંજૂર કરવામાં આવેલું હતું. આ બંદર મંજૂર કર્યા પછી મેં ત્યાં ઘણી વખત મુલાકાત લીધેલી હતી અને ઘણી વખત ત્યાં હલકી ગુણવત્તાવાળું મટિરીયલ પણ પકડવામાં આવ્યું હતું. મારા દ્વારા ત્યાં જનતા રેડ કરવામાં આવેલ હતી અને આ કંપનીને ત્રણથી ચાર વખત મોટો દંડ કરવામાં આવેલી હતી. જે સમયે ત્યાં કામ ચાલુ હોય ત્યારે પણ મેં મુલાકાત લીધી હતી ત્યારે જે ટેટ્રાપોલ બનતા હોય, બ્લોક બનતા હોય કે કોંક્રિટનું કામ થતું હોય એ ખૂબ ખરાબ ગુણવત્તાવાળું અને ખરાબ રીતે થતું હોય છે. મેં વારંવાર ફરિયાદ કરી હતી. કારણ કે આ જ રીતે ખરાબ કામ થવાનાં કારણે માંગરોળ બંદરમાં જેટ્ટી તૂટી ગઇ છે. આ જ પરિસ્થિતિ વેરાવળ બંદરની પણ થવાની છે. આ કંપની દ્વારા એનો પ્રોજેક્ટ ઓડિટ કરવામાં આવે તો મોટા પાયે ભ્રષ્ટાચાર પકડાય એમ છે. એમની સમય–મર્યાદા પણ પૂર્ણ થઇ ગઇ છે અને જો સમય–મર્યાદામાં કોંન્ટ્રાક્ટ રિન્યૂ ન કરવામાં આવે અને બીજી સારી કંપનીને કામ સોંપવામાં આવે તો વર્ષો પછી વેરાવળનું બંદર મંજૂર થયું છે એ સારી રીતે બની શકે. જ્યારે ડ્રેઝિંગની વાત ચાલુ હોય ત્યારે થોડા દિવસ પહેલાં ડ્રેઝિંગનું કામ ચાલુ કરવામાં આવ્યું હતું. જૂની મશીનરી હોવાના કારણે તેની મશીનરી તૂટી ગઇ. આ ડ્રેઝિંગનું મટિરીયલ કાઢીને નજીકમાં દરિયામાં નાંખવામાં આવે જેના કારણે માછીમારી કરતાં હોય એની જાળ પણ તૂટી જાય છે ત્યારે તાત્કાલિક ધોરણે એમની ઉપર કાર્યવાહી કરવામાં આવે અને સારી રીતે કામ થાય એટલા માટે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

(વિરામ – ૧૧:૦૦થી ૧૧:૩૦)

માનનીય સભાપતિશ્રી પંકજભાઇ દેસાઇ અધ્યક્ષસ્થાને

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ તથા માર્ગ અને પુલ માટેની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ઇ–સરકાર પોર્ટલ બનાવવામાં આવ્યું છે જે ખરેખર ખૂબ સારી બાબત છે. પત્ર ટ્રેસ થાય છે. કયા ટેબલ ઉપર કેટલા સમય સુધી પત્ર પેન્ડિંગ રહ્યો, ક્યાં પહોંચ્યો, તેનું ફાઇનલ આઉટકમ શું આવ્યું? આ બધું મેં જોયું છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, તેમાં ધારાસભ્યશ્રીઓને પણ જોડવામાં આવે. કારણ કે ધારાસભ્યશ્રીઓ સતત ગુજરાતભરમાં રાજકીય કે સામાજિક કારણોથી પ્રવાસ કરતાં હોય છે. તેમને જ્યારે પત્ર લખવાની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે ફરજિયાતપણે પોતાના મતવિસ્તારમાં કે ઓફિસમાંથી સહી કરે પછી જ મોકલી શકે અને ત્યારબાદ તેમને જે વળતી ટપાલો મળે છે તે પણ તેમના એડ્રેસ ઉપર મળે છે. આથી ધારાસભ્યશ્રીઓને જો ઇ–સરકારના આઇ.ડી. પાસવર્ડ આપવામાં આવે તો ગુજરાતભરમાં ગમે ત્યાંથી તે સરકારને પત્ર લખી શકે અને પોતે લખેલા પત્રોને ટ્રેસ પણ કરી શકે તેવી વ્યવસ્થા થઇ શકે તેમ છે. નાગરિકોને કોઇપણ સરકારી કચેરીમાં જે સુવિધા/સેવાઓ મળવાપાત્ર છે તે તમામ સેવાઓ સમયમર્યાદામાં મળે તે માટે સરકારે વર્ષ ૨૦૧૩માં આર.સી.પી.એસ. એક્ટ બનાવેલો છે. જેમાં એવું નક્કી થયેલ છે કે, નાગરિકોને કોઇ પણ સરકારી કચેરીમાં જે સુવિધાઓ, સેવાઓ મળવાપાત્ર છે તે તમામ સેવાઓ સમયમર્યાદામાં મળે તે માટેનો કાયદો પણ બન્યો છે. તેના નિયમો પણ બન્યા છે પરંતુ મેં જાતે જોયું/ચેક કર્યું છે કે, જૂનાગઢ જિલ્લાની એક પણ સરકારી કચેરીમાં તેનું અમલીકરણ થતું નથી. જેમ આર.ટી.આઇ.ના બોર્ડ મારવા પડે છે તેમ તેના હૉર્ડિંગ્સ મારવા પડે છે. મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, તાલુકા પંચાયત, વન વિભાગ વગેરે કચેરીમાં જનતા માટે કઇ સેવાઓ છે, તેની સમયમર્યાદા શું છે, સમયમર્યાદામાં સેવા ન મળે તો અપીલ ક્યાં કરવાની, તે બધી જ વિગત દર્શાવતું બોર્ડ હોય છે. જૂનાગઢ જિલ્લાની એક પણ સરકારી કચેરીમાં આવી માહિતી દર્શાવતું બોર્ડ લાગેલું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મહત્ત્વના મુદ્દા સાથે ગૃહના તમામ સભ્યશ્રીઓ સહમત થશે. ધારાસભ્યને મળતી ગ્રાન્ટમાં પ્રમાણસરતા જોવા મળતી નથી. શહેરી વિસ્તારોના ધારાસભ્યોના મતક્ષેત્રની સંખ્યા ઘણી જગ્યાએ બે લાખ હોય, ઘણા મતવિસ્તારોમાં પાંચ લાખ હોય, ઘણા મતવિસ્તારોમાં ત્રણ નગરપાલિકા હોય, ઘણા મતવિસ્તારોમાં એક નગરપાલિકા હોય, ઘણા મતવિસ્તારોમાં ૨૦૦ ગામડાં હોય તો ક્યાંક ૧૦૦ ગામડાં હોય છે. બધા ધારાસભ્યોને એકસરખી રૂ.૨૦૦ લાખ વત્તા રૂ.૫૦ લાખની ગ્રાન્ટ મળે છે. કામરેજ વિધાનસભામાં ૪ લાખ મતદારો, અબડાસામાં ૫ લાખ જેટલા મતદારો, કરંજમાં પોણા બે લાખ જેટલા મતદારો, મારા મતવિસ્તારમાં પોણા ત્રણ લાખ મતદારો તો ક્યાંક દોઢ લાખથી લઇ પાંચ લાખ સુધીના મતદારોના મતવિસ્તાર બનેલા છે તો ધારાસભ્યોને ગ્રાન્ટ પણ તે પ્રમાણમાં મળવી જોઇએ. જેથી કરીને જનતાને એક પ્રમાણસરતાનો લાભ મળે. આથી મેં લેખિતમાં વિભાગને સૂચન આપેલું છે કે, ધારાસભ્યોને શહેરી, ગ્રામીણ, બોર્ડર વિસ્તાર, જંગલની નજીકનો વિસ્તાર, ઔદ્યોગિક વિસ્તાર પ્રમાણે અને તેની સાથે જનસંખ્યાના આધારે ગ્રાન્ટ મળે તેવું મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતના અંદાજપત્રના પ્રકાશન નં.૨૨ના ભાગ–૧ના પાના નં.૨૫૯ ઉપર વિસાવદર થી સાસણ રોડ માટે રૂ.૨૭૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગયા વર્ષે આ જોગવાઇ રૂ.૨૪૫ કરોડની હતી. આવતાં વર્ષે પણ કદાચ રૂ.૨૦૦–૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવશે. દર વર્ષે જોગવાઇ કરવામાં આવે છે, પણ મારે અત્યંત દુ:ખ સાથે જણાવવું પડે છે કે, ૨૦ વર્ષથી વિસાવદરથી સાસણ રોડ બન્યો જ નથી. વિસાવદરથી સાસણ જવું હોય તો આ રોડ બનવાથી ૧૪ કિ.મી. અંતરથી પહોંચી શકાય પણ આ રોડ ન બનવાના કારણે વાયા મેંદરડા–તાલાલા–સાસણ જવું પડે છે. તેના કારણે લોકોએ ૬૪ કિ.મી. જેટલું ફરવું પડે છે. આ ધારી, તાલાલા, વિસાવદર, ભેંસાણ વગેરે મહત્ત્વના તાલુકાઓને જોડતો એકમાત્ર રસ્તો છે જે સાસણના જંગલ વચ્ચેથી પસાર થાય છે. સરકાર દર વર્ષે જોગવાઇ કરે છે પણ રોડ બનતો નથી. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ વિસાવદર થી સાસણ રોડ પાંચ તાલુકાઓને લાગુ પડતો ખેતી, રોજગાર, ઉદ્યોગ, વેપાર–ધંધાને લગતો મહત્ત્વનો રસ્તો છે. તેને વહેલી તકે વાઇડનિંગ અને સ્ટ્રેન્ધનિંગને ધ્યાનમાં રાખીને મંજૂર કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં નવાં સદસ્ય નિવાસ બન્યાં છે. આ સદસ્ય નિવાસમાં લાઇબ્રેરી નથી. હવે મારા જેવા માણસે કાંઇક વાંચવું હોય તો ક્યાં જવું? મારી વિનંતી છે કે, એક સારી લાઇબ્રેરી બને, થોડાં પુસ્તકો, કોમ્પ્યુટર, પ્રિન્ટર હોય તો કાંઇક વાંચીએ, લખીએ, પ્રિન્ટ કાઢીને અહીંયા આવીને બોલીએ. સદસ્ય નિવાસમાં એક લાઇબ્રેરી ચાલુ થાય તેવી મારી માગણી છે.

શ્રી જનકભાઇ તળાવિયા (લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં બજેટ પરની ચર્ચામાં મારા વિચારો રજૂ કરવા માટેની તક આપવામાં આવી છે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આપનો ખૂબ ખૂબ આભાર માનું છું. રાજ્યના માર્ગો અને પુલો માટે રજૂ થયેલ વર્ષ ૨૦૨૬–૨૭ના અનુદાન માટેની માગણી ક્રમાંક–૮૫, ૮૬ અને ૮૭ને હું મારું સમર્થન આપું છું અને ગુજરાતના રસ્તાઓની વર્તમાન પરિસ્થિતિ અને હકારાત્મક પાસાંઓ વિશેના કેટલાક મૌલિક વિચારો હું આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું.

ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા રાજ્યના જુદા-જુદા વિસ્તારોમાં ઘોરીમાર્ગો હોય કે એક જિલ્લાથી બીજા જિલ્લાને જોડતો મુખ્ય માર્ગ હોય કે પુલોનું આયોજન હોય આ તમામ કામોમાં ડિઝાઇનની વાત, નવનિર્માણ કરવાની કામગીરી હોય આ તમામ કામગીરી ખૂબ સારી રીતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિયમિત અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી રહી છે. રાજ્યના વિવિધ સરકારી વિભાગોના વહીવટી, શૈક્ષણિક, આરોગ્ય અને જાહેર ઉપયોગોના મકાનોના નિર્માણનું કામ હોય કે સંરક્ષણ માટેની કામગીરી હોય ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ખૂબ સારી રીતે કામગીરી હાથ ધરવા માટે આ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ વિભાગ દ્વારા આ રાજ્યમાં સ્ટેટ એક્સપ્રેસના વિકાસની વાત હોય, હાઇસ્પીડ કોરીડોરના વિકાસની વાત હોય, બંદરોને જોડતા રસ્તાની વાત હોય, ઔધ્યોગિક વિસ્તારોને કનેક્ટિવિટી આપતા માર્ગો હોય, ખાણ વિસ્તારોને જોડતાં માર્ગો હોય કે પ્રવાસન વિભાગને સુગમ બનાવવા માટેના માર્ગો હોય આ તમામ કામો સુદઢ રીતે આ વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યાં છે. ગુજરાતના રસ્તાઓની સૌથી મોટી તાકાત છેવાડાનાં ગામડાઓ સુધી પહોંચવા માટેની હોય છે ત્યારે ગુજરાતના રસ્તાઓ માત્ર ડામર અને કોંક્રિટના પટ્ટા નથી પરંતુ, આ રસ્તાઓના કારણે ઘણી જગ્યાએ વેપાર-ઉધોગ તથા રોજગારના નવા દ્વાર ખુલતા હોય છે. ગ્રામ્ય કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે અત્યંત ઉપયોગમાં આવતા ગ્રામ્ય માર્ગોનું અપગ્રેડેશન કરવાનું હોય, વાઇડનિંગ કરવાની કામગીરી હોય અને સ્ટ્રેન્ધનિંગની કામગીરી આ વિભાગ દ્વારા ખૂબ સારી રીતે કરવામાં આવી રહી છે. વધુમાં વાત કરું તો, આ વિભાગ મુખ્યમંત્રી ગ્રામસડક યોજના સહિત વિવિધ યોજનાઓ દ્વારા સર્વગ્રાહી અને સંતુલિત માર્ગ વિકાસ સુનિશ્ચિત કરવામાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. મને એ વાત કરતાં ખૂબ આનંદ થાય કે, રાજ્યમાં જ્યારે માર્ગોની વાત થતી હોય અને મારા મતવિસ્તાર અમરેલી જિલ્લામાં લાઠી-બાબરા હોય કે અમરેલી જિલ્લાની પાંચેય વિધાનસભામાં આ વખતે જે રીતે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને આદરણીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ નાણાં ફાળવ્યાં તેના લીધે અમરેલીનો વિકાસ ઝડપથી આગળ વધી રહ્યો છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. માર્ગ અને મકાન વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭માં નવી આઇટમ તરીકે આ વખતે સ્ટેટ હાઇવે માટે એસ.ટી.એમ.સી. એટલે કે શોર્ટ ટર્મ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ હેઠળ રૂ.૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ એસ.ટી.એમ.સી. રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ માટે મહત્ત્વપૂર્ણ વ્યવસ્થાપન સાધન છે. કારણ કે તે માર્ગોને જોડતી સુવ્યવસ્થિત અને ખર્ચ પ્રભાવરહિત સંચાલન માટે અસરકારક માધ્યમ પૂરું પાડે છે. રસ્તા એ માત્ર મુસાફરી માટેના નથી પરંતુ લોકોના જીવનમાં એક નવી પ્રગતિના પ્રાણ લાવે છે. હું વાત કરું તો અત્યારે સમયની સાથે સાથે અંતરનું મહત્ત્વ ખૂબ વધી રહ્યું છે. આપણે અત્યારે રાજ્યમાં જોઇ રહ્યા છીએ કે, અમદાવાદથી વડોદરાનો એક્સપ્રેસ હાઇવે હોય કે અમદાવાદથી ધોલેરાનો એક્સપ્રેસ હાઇવે હોય આ એવા માર્ગો બની રહ્યા છે કે આ રસ્તાઓ બનવાના કારણે અત્યારે આપણા આવવા-જવાના સમય અને ઇંધણમાં ખૂબ બચાવ થાય છે. મુંબઇ અને દિલ્હી જેમ આપણા ગુજરાતનો હિસ્સો છે અને હમણાં મુંબઇનો નવો એક્સપ્રેસ હાઇવે બન્યો એના ઉપર હું ખૂબ ચાલું છું. અમારે સૌરાષ્ટ્રથી સુરત જવા માટે આઠ થી નવ કલાક જેટલો સમય પસાર થતો હતો પરંતુ આ રોડ બનવાના કારણે આજે પાંચ કે સાડા પાંચ કલાકમાં સુરતમાં પહોંચી જવાય છે અને બે અઢી કલાકનો સમય બચે છે અને ઇંધણનો ખૂબ મોટો ફાયદો થયો છે.

હું બીજી વિશેષ વાત કરું તો મારા મતવિસ્તારમાં ઢસાથી લઇ દામનગર અને ગારિયાધર સુધીના રોડની રૂ. ૯ કરોડના ખર્ચે રીસરફેસિંગની કામગીરી હમણાં પૂર્ણ થઇ છે. અમારા લાઠી શહેર, બાબરા તાલુકાની વાત કરું તો અમારા વિસ્તારના ગામડાંઓમાં નાળાં હોય કે પુલીયા હોય ત્યાં ચાલીસ-ચાલીસ વર્ષોથી એક ગામથી બીજા ગામ જવા માટે વરસાદના સમયમાં કે પૂરની પરિસ્થિતિમાં જઇ શકાતું ન હતું અને ૩૫-૪૦ વર્ષોથી નાળાં અને બ્રિજની જરૂરિયાત હતી એવાં બ્રિજનાં કામો આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યાં અને એ કામો પૂર્ણ થઇ ગયાં અને આના કારણે એ વિસ્તારના લોકોને ખૂબ મોટો ફાયદો અત્યારે મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું કે, મારી રજૂઆતને ધ્યાનમાં લઇ અમારા લાઠી વિસ્તારમાં ભુરખીયા દાદાનું એક ખૂબ મોટું કે જેને મીની સાળંગપુર કહી શકાય એવું હનુમાન દાદાનું ભુરખીયા ધામ આવેલું છે. લાઠીથી દામનગર વિસ્તારની વચ્ચેનો જે ૧૬ કિ.મી જેટલો રસ્તો છે એ ૫.૫૦ મીટરનો હતો એને ૧૦ મીટર પહોળો કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૪૬ કરોડના ખર્ચે મંજૂર કર્યો છે. આના કારણે જ્યારે હનુમાન જયંતિ જેવો મોટો તહેવાર આવે ત્યારે લાખો હરિભક્તો આ મંદિરમાં દાદાનાં દર્શન કરતા હોય છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું અને ભુરખીયા દાદાને પ્રાર્થના કરું છું કે આપણા શ્રી ભૂપેન્દ્ર દાદાને કાયમી માટે નિરોગી રાખે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બાબરા વિસ્તારની વાત કરું તો અમારા બાબરાથી વાસાવડને જોડતો અતિ મહત્ત્વનો રોડ, બાબરાથી જસદણને જોડતો અતિ મહત્ત્વનો રોડ તેમજ બાબરાથી ગઢડા તાલુકાને જોડતા અતિ મહત્ત્વના સ્ટેટ અને પંચાયતના રોડોમાં, હમણાં બે રોડનાં કામ પૂર્ણ થઇ ગયાં છે અને બે રોડનાં કામ પ્રગતિમાં છે. મને બાબરા વિસ્તારની વાત કહેતાં ખૂબ આનંદ થાય છે કે, અમારા બાબરા તાલુકાના રાયપર ગામમાં આપણા હીરાબાપાની એક પવિત્ર જગ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માતૃશ્રીના ગુરુ છે. એ આશ્રમથી લઇ ગામ સુધીનો સુવિધાપથનો રોડ હમણાં જ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે મંજૂર કર્યો છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. બાબરા-વાસાવડ રોડની લંબાઇ લગભગ ૨૯ કિલોમીટર જેટલી છે. ઢસાથી દામનગર ગારિયાધર રોડની લંબાઇ ૨૭

કિલોમીટર છે. આ તમામ રોડના રીસરફેસિંગની કામગીરી પૂર્ણ થઇ ગઇ છે. એવી જ રીતે અમારા શ્રી કૌશિકભાઇનો વિસ્તાર જે ટોડાથી લઇ શેડુભાર, અડતાળા, ઝરખિયા વાળો સ્ટેટને જોડતો રોડ, બોટાદ જિલ્લાનો આપા મેરામની જગ્યા બાબરા–દરેડ અને નાની કુંડળવાળો ૧૮ કિલોમીટરનો રોડ આ તમામ રોડ વર્ષ ૨૦૨૩માં માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યા હતા એ તમામ રોડની કામગીરી પૂર્ણ થઇ છે અને રોડ ચાલુ થઇ ગયા છે. મારા મતવિસ્તારની વાત કરું તો લાઠી શહેરમાં મહત્ત્વની ગાગડીયા નદી ઉપર અતિ મહત્ત્વની જરૂરિયાતવાળો બ્રિજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂપિયા ૭ કરોડની મંજૂરી આપી અને હાલ એ બ્રિજની કામગીરી પ્રગતિમાં છે. મારા મતવિસ્તારની વાત નહીં પણ સાથે સાથે આખા અમરેલી જિલ્લામાં જે પ્રમાણે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ પૈસાનો ઘોધ વહેવડાવ્યો એના માટે આભાર માનું છું અને જે પ્રમાણે અમારા વિસ્તારની માગણી આવે ત્યારે માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારા અમરેલી જિલ્લાને જરૂરિયાત મુજબ નાણા આપતા રહેજો. વિશેષમાં વાત નહીં કરતાં માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા (બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

સાઠંબાથી મોડાસા જતો રસ્તો ૧૦ મીટરનો થાય તો ચાર તાલુકાને ફાયદો થાય તેમ છે એની માગણી છે. સાઠંબા અને માલપુર તાલુકા પ્લેસ ઉપર સુવિધાપથ મંજૂર થાય તેવી મારી માગણી છે. પંચાયત વિભાગના મારા વિસ્તારના ૩ તાલુકામાં રૂપિયા ૧૫૦ થી ૨૦૦ કરોડના બે ગામને જોડતા રસ્તાઓ બાકી છે એ વહેલી તકે બને એવી માગણી છે. બાયડથી ભુજ, બાયડથી દ્વારકા, માલપુરથી સોમનાથ એસ.ટી.ની વોલ્વો બસ મૂકવામાં આવે એવી માગણી છે. બાયડ માલપુરથી સ્ટેચ્યૂ ઓફ યુનિટી સુધી બસ ચાલુ કરવા માટે મારી માગણી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ (ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં જે સરહદી વિસ્તાર છે એમાં ધાનેરાથી જેરડા સુધીનો રસ્તો મંજૂર કર્યો છે તે બદલ આભાર માનું છું. જેરડાથી ડીસાનો રસ્તો ખૂબ ટ્રાફિકવાળો અને એક્સિડન્ટ ઝોન વાળો રસ્તો છે તો એ રસ્તો મંજૂર થાય એવી માગણી છે. સાથે સાથે ધાનેરાથી રાજસ્થાન સરહદી વિસ્તારને જોડતો ૫.૫ મીટરનો ૨૨ કિલોમીટરનો રસ્તો છે એ ૧૦ મીટરનો થાય તો આ વિસ્તાર માટે ખૂબ ઉપયોગી થાય. પાથાવાડા તાલુકા જેવું સેન્ટર છે એમાંથી મેઇન હાઇવે ચાલે છે એની સાથે સર્વિસ રોડ બને તો અકસ્માતો ન થાય એવી મારી માગણી છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નં. ૮૫ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા બોટાદ શહેરમાં ભાવનગર રોડ ઉપર એક રેલ્વેનું ફાટક આવેલું છે. એના ઉપર ઓવરબ્રિજ બનાવવાની ખાસ જરૂર છે તો તેના માટે માગણી કરું છું. બોટાદ–લાઠીદડ– કેરીયાની ધાર ત્યાં સ્પિનિંગના મોટા ઉદ્યોગો છે તો એ રોડને ફોર લેન બનાવવા વિનંતી છે. બોટાદ જિલ્લામાં કેતન કન્સ્ટ્રકશન અને ભવાની કન્સ્ટ્રકશન કામ કરે છે એ સમયસર અને ગુણવત્તાવાળું કામ કરે એવી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર (પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આજના અનુદાનની માગણીઓ સંદર્ભે માગણી ક્રમાંક–૭૫ બંદર વિભાગના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે આખા દેશની અંદર ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિલોમીટર જેટલો વિશાળ છે. ગુજરાતનો દરિયા કિનારો એ વિવિધતા અને વેપારનું પ્રતીક છે. ગુજરાતનો દરિયાકિનારો અનેક ઈતિહાસનો સાક્ષી છે. ગુજરાતના આ દરિયાકિનારાથી આપણો દેશ વિશ્વ સાથે જોડાયેલો છે. આ દરિયાકિનારાના પવનમાં આપણને આપણી સ્વતંત્રતા, આત્મનિર્ભરતા અને સ્વાભિમાનની સુગંધ આવે છે. કારણ કે, સોમનાથ દાદા ત્યાં બિરાજે છે. ગુજરાત સરકારનું ગુજરાત મેરીટાઇમ બોર્ડ આ દરિયા કિનારાના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યશીલ છે અને આ વિશાળ દરિયાકાંઠાને ધ્યાનમાં રાખીને એની વ્યૂહાત્મક દૃષ્ટિએ ગ્રીનફિલ્ડ બંદરો, શિપ યાર્ડ માટે યોગ્ય સાઇટ પસંદ કરવાની, એને ઓળખવાની આ વિકાસની પ્રક્રિયાની અંદર એક નવી પહેલ શરૂ કરી છે. આ પહેલ રાષ્ટ્રીય દૃષ્ટિએ જોઇએ તો વર્ષ ૨૦૩૦ અને આપણા બધાની વાત કરીએ તો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની પહેલ અને તેમના વિઝન વિકસિત ભારત ૨૦૪૭ને ધ્યાનમાં રાખીને વિસ્તૃત યોજનાઓ અત્યારે મેરીટાઇમ બોર્ડે અમલમાં મૂકી છે. આ પ્રક્રિયામાં ખાસ કરીને આપણે જોઇએ તો નવા ગ્રીનફિલ્ડ પોર્ટ અને મેરીટાઇમ ઇન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ ક્યારે કેટલું થઇ શકે છે? શિપ બિલ્ડિંગ અને શિપ રિપેરિંગની ઇકો સિસ્ટમનું ડેવલપમેન્ટ અને એનો વિકાસ કઇ રીતે થાય? એ રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ એટલે આઇ.એમ.ડી. ૨૦૨૩ અને અમૃતકાળ વિઝન–૨૦૪૭ ઉપર સંપૂર્ણપણે ફોકસ રાખીને ગુજરાતના મેગા શિપ બિલ્ડિંગ ક્લસ્ટરનું ડેવલપમેન્ટ કઇ રીતે શક્ય બનશે? અને ગુજરાત શિપ બિલ્ડિંગ અને રિપેરિંગ પોલિસી ૨૦૨૬ની વિચારણા ચાલુ છે એની ઉપર આ ગુજરાત મેરિટાઇમ બોર્ડ સંપૂર્ણપણે કાર્ય કરી રહ્યું છે. નવા ગ્રીન ફિલ્ડ પોર્ટ અને મેરીટાઇમ ઇન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ માટે ગુજરાત મેરીટાઇમ બોર્ડના તજજ્ઞોની ટીમ દ્વારા એનું સર્વેક્ષણ કરવામાં આવે છે અને જે તે સાઇટનો ટેકનિકલ અભ્યાસ હાથ ધરવામાં આવે છે. એમાં ખાસ કરીને એ દરિયાકાંઠાની ભૂગોળ, દરિયાની ઊંડાઇ, દરિયાનો પ્રવાહ કેવો છે, એની પર્યાવરણીય પરિસ્થિતિઓ કેવી છે, ત્યાં

આગળ જમીનની ઉપલબ્ધતાઓ કેવી છે અને ખાસ કરીને જે જગ્યાએ આ નિરીક્ષણ ચાલુ હોય એ જગ્યાની રોડ અથવા તો રેલવેની કનેક્ટિવિટી કેવી છે એના ઉપર અત્યારે અભ્યાસ હાથ ધરવામાં આવે છે. આ અભ્યાસમાં ભવિષ્યની અંદર ત્યાં આગળ આધુનિક બંદરો, શિપ બિલ્ડિંગ, શિપ રિપેરિંગની સુવિધાઓ સબંધિત ઔદ્યોગિક લોજીસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રકચર વિકસાવી શકાય તેમ છે કે નહીં? એની યોગ્ય સાઇટ પસંદગી કરવાની પ્રક્રિયા અત્યારે હાથ ધરવામાં આવી છે. આના કારણે બંદરોની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં પણ જબરજસ્ત વધારો જોવા મળશે. લોજીસ્ટિક નેટવર્કમાં પણ એક નોંધપાત્ર સુધારો ભવિષ્યમાં આપણે જોઇ શકીશું. ઔદ્યોગિક કલ્ચર, એના વેરહાઉસિંગ, કોલ્ડ સ્ટોરેજ, એના માટે ઉપયોગી લોજીસ્ટિક પાર્કનો વિકાસ આ પ્રક્રિયાની અંદર ભવિષ્યમાં શક્ય બનશે અને તેના કારણે આ બધી જ વાતો ઉપર આપણે દૃષ્ટિ નાખીશું તો આની અંદર ખૂબ જ મોટા પ્રમાણમાં નવી રોજગારીની તકોનું પણ આપણે સર્જન કરી શકીશું. આ જ રીતે મેરીટાઇમ બોર્ડ દ્વારા શિપ બિલ્ડિંગ અને શિપ રીપેરિંગ ઇકોસિસ્ટમના વિકાસ માટે અદ્યતન જહોજોનું નિર્માણ અને તેનું સમારકામ કેવી રીતે કરી શકાશે, કયાં શકય બનશે તેની ઉપર વિચાર કરવામાં આવે છે. સ્થાનિક શિપ બિલ્ડિંગ ઉદ્યોગોનો પ્રોત્સાહન આપવાની છે. નવી ટેકનોલોજી અપનાવવા માટેનો માર્ગ આખી જ આ પ્રક્રિયાની અંદર શકય બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મુદ્દાઓ આપણે ધ્યાનમાં લઇએ તો વૈશ્વિક શિપ બિલ્ડિંગ બજાર આખું માર્કેટ છે તેની અંદર આપણું પોતાનું, ભારતનું, ગુજરાતનું આ શિપ બિલ્ડિંગ માર્કેટનું સ્થાન વધુને વધુ મજબૂત થશે. આ પરિસ્થિતિને લક્ષમાં લઇએ તો ભવિષ્યમાં રાજયમાં ખૂબ જ મોટા પ્રમાણમાં મૂડીરોકાણો આવવાની શકયતાઓ પણ ઊભી થશે. સાથે સાથે આખી આ પ્રક્રિયાની અંદર આપણે જોઇએ છીએ તો રોજગારીની નવી તકોનું સર્જન થવાની શકયતાઓ આપણને દેખાય છે. આમ, ભારત સરકારનું મેરીટાઇમ ઇન્ડિયા વિઝન–૨૦૩૦ અને આપણું અમૃતકાળ વિઝન–૨૦૪૭ને સાકાર કરવા માટે મેરીટાઇમ બોર્ડ દ્વારા જે કંઇ પહેલ અત્યારે કરવામાં આવી છે તેમાં ખાસ પ્રકારે બે યોજનાઓ એમણે અત્યારે અમલમાં મૂકી છે એક છે શીપિંગ ફાઇનાન્સિયલ આસિસ્ટન્ટ સ્કીમ અને બીજી શિપ બિલ્ડિંગ ડેવલપમેન્ટ સ્કીમ. આ બન્ને યોજનાઓ અંતર્ગત શિપ ફાઇનાન્શિયલ આસિસ્ટન્ટ સ્કીમમાં ભારત સરકારે સ્વદેશી શિપયાર્ડમાં બનેલા જહાજોને વૈશ્વિક સ્તરે અને વૈશ્વિક સ્પર્ધામાં ટકી રહે તે માટે નાણાકીય રીતે સહાયભૂત થવાની આખી યોજના છે. આખા વિચારની અંદર આપણાં વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જે મેકિંગ ઇન્ડિયાનો કન્સેપ્ટ છે તે સંપૂર્ણપણે સાકાર થાય છે અને આપણી આત્મનિર્ભરતાની જે વાત છે તે આની અંદર સંપૂર્ણપણે શકય થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે શિપ બિલ્ડિંગ ડેવલપમેન્ટની જે સ્કીમ છે તેની અંદર નવા શિપયાર્ડનો વિકાસ, હયાત શિપયાર્ડનું આધુનિકીકરણ અને તેની ટેકનિકલ ક્ષમતાની અંદર કેવી રીતે વધારો શકય બનશે તેની ઉપર ધ્યાન રાખી અને તેને મદદરૂપ થવામાં આવે છે. એ જ રીતે ગુજરાતના મેગા શિપ બિલ્ડિંગ ક્લસ્ટર આ વાત પણ વૈશ્વિક સ્તરે એટલી જ અગત્યની છે કે હાલમાં મેરીટાઇમ બોર્ડનો જે રાષ્ટ્રીય કાર્યક્રમ ચાલે છે તેમાં તાલમેલ કરી અને ગુજરાતમાં મેગા શિપ બિલ્ડિંગ ક્લસ્ટર વિકસાવવાની એક વ્યૂહાત્મક રીતે આયોજન વિચારણાની અંદર છે. એક કલસ્ટર અંદાજિત ૧.૨ મિલિયન ગ્રોસ ટનથી બે મિલિયન ગ્રોસ ટન સુધીની તેની અનુમાનિત ક્ષમતા રહેશે. હવે આ વિષય છે તેમાં આપણે જોઇ શકીએ છીએ કે રાજય વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રીતે ઊભું રહી શકે, પોતાનો આધાર મજબૂત કરી શકે તે પરિસ્થિતિની અંદર લાવવાનો આખી જ આ વાતની અંદર વિચાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, દરિયા કાંઠાની ભૂગોળ હોય, પાણીની ઉંડાઇ હોય, દરિયાઇ પ્રવાહ હોય, પર્યાવર્ણીય પરિસ્થિતિ હોય, જમીનની ઉપલબ્ધતા આ બધું જ જોઇને ઔદ્યોગિક ઇકોસિસ્ટમનો અભ્યાસ હાથ ધરી એના માટે અત્યારે પ્રિ–ફિઝિબિલિટી રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. આની સાથે સાથે ગુજરાત શિપ બિલ્ડિંગ રિપેર પોલિસી–૨૦૨૬ ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા જહાજ નિર્માણ અને સમારકામ ઉદ્યોગને પ્રોત્સાહન મળી રહે એ માટે શિપ બિલ્ડિંગ એન્ડ રિપેર પોલિસી–૨૦૨૬ અત્યારે તૈયાર કરવામાં આવી છે જે મંજૂરી માટે વિચારણા હેઠળ છે અને બજેટમાં પણ તે બાબતે ૧૦ કરોડ જેટલી મોટી રકમની ફાળવણી કરવામાં આવી છે. તો ભવિષ્યમાં ભારતનો આપણો આ કિનારો છે, ભારતના આખા દેશના અને આપણા ગુજરાતના વેપારનું એક મુખ્ય કેન્દ્ર બની રહેશે તે સાથે આપણું ગુજરાત મેરીટાઇમ બોર્ડ કામ કરી રહ્યું છે અને આ માગણીના સંદર્ભમાં મેરીટાઇમ બોર્ડને જે પણ રકમ જોઇએ એ આપવી જોઇએ અને આ માગણીના સમર્થનમાં હું મારી વાત પૂરી કરું છું.

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રા.ક. ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિભાગની માગણીઓની ચર્ચામાં માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડા, માનનીય સભ્ય ડૉ.સી.જે. ચાવડા, સભ્યશ્રી મહેશભાઇ કસાવાલા, માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલીયાએ ભાગ લીધો. ઘણા સભ્યશ્રીઓએ માગણીને સમર્થન આપ્યું છે. અમુક માનનીય સભ્યશ્રીઓએ ટીકા–ટિપ્પણ પણ કરી છે, અમુક માનનીય સભ્યશ્રીઓએ સૂચન કર્યા છે જે હું સન્માનનીય સભાગૃહમાં મંજૂરી અર્થે મૂકું છું. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીજીના આત્મનિર્ભર અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની નેમ સાથે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીના સાનિધ્યમાં સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પરિવર્તન અને વિકાસ અને ગ્રીન ગ્રોથના પાંચ સ્તંભ ઉપર આધારીત સર્વગ્રાહી, સર્વ સમાવેશી અભિગમ ધરાવતું આ

નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭નું વિક્રમી રૂપિયા ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડનું સર્વસમાવેશક બજેટ રજૂ કરવા બદલ હું નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું. ગુજરાત સરકારના સન ૨૦૨૬–૨૭ના બજેટમાં રાજયના સર્વાંગી વિકાસના તમામ પાસાઓને આવરી લેવાની સાથે સમાજના દરેક વર્ગો ખાસ કરીને જ્ઞાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિતના એમ્પાવરમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના સુશાસનના વારસાને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સફળતાપૂર્વક આગળ વધારી રહ્યા છે. અમારી સરકારે જનસામાન્યના હિતમાં ઝડપથી અનેક નિર્ણયો લીધા અને અમારી સરકારનો સમયગાળો સુશાસન, સેવા, સંકલ્પ અને સમર્પણનો બની રહ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકના સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ બાબતે વાત કરું તો સન ૨૦૨૬–૨૭ની સામાન્ય વહીવટની માગણી ક્રમાંક ૩૦ હેઠળ મંત્રી પરિષદ માટે મહેસૂલી ખર્ચ રૂ. ૭ કરોડ ૮૫ લાખ, માગણી ક્રમાંક ૩૩ હેઠળ સામન્ય વહીવટ વિભાગ માટે મહેસૂલી ખર્ચ રૂ. ૨૦૨ કરોડ, ૧૨ લાખ માગણી ક્રમાંક ૩૫ હેઠળ સામાન્ય વહીવટ વિભાગને લગત બીજા ખર્ચ માટે મહેસૂલી ખર્ચ રૂ. ૭૧ કરોડ ૯૪ લાખ અને મૂડી ખર્ચ માટે રૂ.૧૭૬૯ કરોડ અને ૩૬ લાખની વિગતો આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે. રાજય સરકારનો સામાન્ય વહીવટ વિભાગ એ સરકારના તમામ વિભાગોને નિયંત્રણ અને સંકલન કરતો વિભાગ છે. જેમાં આયોજન પ્રભાગ, મંત્રી પરિષદ માટેની તમામ વ્યવસ્થાઓ, સરકારી કર્મચારીઓ–અધિકારીઓ માટે ભરતી વગેરે માટે કેન્દ્રીય માર્ગદર્શનની કામગીરી વહીવટી સુધારણા, કર્મચારી–અધિકારીઓની તાલીમ, કલ્યાણ વગેરે કામગીરીઓ જેવી કે બિનનિવાસી ગુજરાતી માટેનું સંકલન, રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીનું સંકલન, દિલ્હી ખાતે સંકલન માટે નિવાસી આયોગો માટે પ્રબંધન એવી તમામ કામગીરી રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના સીધા નિયંત્રણ હેઠળ કરવામાં આવે છે. વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ હેઠળની સંસ્થા સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ફોર પબ્લિક એડમિનિસ્ટ્રેશન એટલે કે સ્પીપા ખાતે દેશની સર્વોચ્ચ અને પ્રતિષ્ઠિત પરીક્ષાઓમાંની એક ગણાતી યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીસ પરીક્ષામાં ગુજરાતના વધુને વધુ યુવાનો સફળ થાય તેવા ઉદ્દેશ સાથે યુપીએસસી. સિવિલ સર્વિસીસ પરીક્ષા સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. આ કેન્દ્ર દ્વારા રાજયના પ્રતિભાશાળી અને સ્પર્ધાત્મક યુવાનોને કેન્દ્રીય જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવતી વહીવટી સેવા તથા તેની સંલગ્ન પરીક્ષા માટે ઉચ્ચ કક્ષાનું માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ વ્યવસ્થા માત્ર અમદાવાદ પૂરતી મર્યાદિત નથી પરંતુ રાજયના વધુ વિદ્યાર્થીઓ સુધી એનો લાભ પહોંચે એ માટે સ્પીપા ગાંધીનગર તેમજ સ્પીપાના પ્રાદેશિક તાલીમ કેન્દ્રો એવા અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ મહેસાણા ખાતે પણ આ તાલીમ વર્ગો સફળતાપૂર્વક ચલાવવામાં આવી રહ્યા છે. હાલમાં તમામ કેન્દ્રો ખાતે પસંદગી પામેલ ૬૩૫ ઉમેદવારોને તાલીમ આપવામાં આવી રહી છે. જે ગુજરાતના યુવાનોને રાષ્ટ્રીય સ્તરે સ્પર્ધાત્મક બનાવવા માટેની એક મહત્ત્વપૂર્ણ પહેલ છે. મને જણાવતાં ગર્વ થાય છે કે, વર્ષ ૧૯૯૨થી આજ દિન સુધી સ્પીપા સ્ટડી સેન્ટર દ્વારા કુલ ૩૪૮ ઉમેદવારો યુ.પી.એસ.સી.ની પરીક્ષામાં સફળ થયા છે. જે ગુજરાત માટે ગૌરવપૂર્ણ બાબત છે. યુ.પી.એસ.સી. સિવિલ સર્વિસીસ પરીક્ષાના વર્ષ ૧૯૯૨થી વર્ષ ૨૦૨૪ દરમિયાન સ્પીપામાંથી સફળ થયેલ ઉમેદવારો પૈકી ૩૪ જેટલા આઇ.એ.એસ. ઓફિસર, ૬૨ આઇ.પી.એસ. ઓફિસર, ૭૮ આઇ.આર.એસ. ઓફિસર અને ૧૪ ઓફિસર ઇન્ડિયન ફોરેન સર્વિસમાં પસંદગી પામ્યા છે. જેઓ વિવિધ દેશોમાં વિવિધ મંત્રાલયોમાં મહત્ત્વપૂર્ણ સેવાઓ આપી રહ્યા છે. હાલમાં શ્રી રોહિત વઢવાણા બોલિવિયા દેશમાં ભારતના એમ્બેસેડર તરીકે સેવાઓ આપી રહ્યા છે. વર્ષ ૨૦૨૩–૨૪ના અંતિમ પરિણામમાં સ્પીપાના કુલ ૨૭ ઉમેદવારો સફળ થયા છે. એ જ રીતે વર્ષ ૨૦૨૪–૨૫માં અંતિમ પરિણામમાં સ્પીપા ખાતે તાલીમ પ્રાપ્ત થયેલા કુલ ૩૫ ઉમેદવારો સફળ થયા છે. જેમાં શ્રી નિસાર દિશાંત અમૃતલાલે સમગ્ર ભારત કક્ષાએ ૧૯મો ક્રમાંક પ્રાપ્ત કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. વિકાસને વેગ આપવા માટે વિકેન્દ્રિત નાણાકીય સશક્તતા અનિવાર્ય છે. આ વિચારને ધ્યાનમાં રાખીને આયોજન પ્રભાગ હેઠળ વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમને વધુ સશક્ત બનાવવા માટે હાલ અંદાજિત રૂ.૫૦૦ કરોડનો વધારો કરીને રૂ.૨૧૦૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય સભ્યશ્રી ગોપાલભાઇ ઇટાલિયાએ વિસ્તાર અને વસતી પ્રમાણે ગ્રાન્ટ આપવાની જે વાત કરી એમાં હું કહીશ કે ધારાસભ્યોની વિસ્તાર વિકાસ ગ્રાન્ટ રૂ.૧.૫ કરોડ આપવામાં આવતી હતી એમાં વધારો કરીને રૂ.૨.૫ કરોડ કરવામાં આવી છે. જેમાં માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ''કેચ ધ રેઇન'' અભિયાનને વેગ આપવા માટે રૂ.૫૦ લાખ જળસંચય માટે ખર્ચ કરવાની ફરજિયાત જોગવાઇ કરવામાં આવેલી છે. એવી જ રીતે જિલ્લા સ્તરે જિલ્લા પંચાયત પ્રમુખોને પણ વિકાસ કાર્યો કરવા માટે રૂ.૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. એ જ રીતે જિલ્લા કક્ષાની વિવેકાધીન ગ્રાન્ટ રૂ.૧.૫ કરોડથી વધારીને રૂ.૨ કરોડ કરવામાં આવી છે. નગરપાલિકા કક્ષાની વિવેકાધીન ગ્રાન્ટ પહેલાં રૂ.૨૫ લાખ આપતા હતાં તેમાં વધારો કરીને રૂ.૫૦ લાખ કરવામાં આવી છે. આયોજન પ્રભાગ હેઠળ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તાલુકા સ્તરે પણ ગ્રાન્ટમાં નોંધપાત્ર વધારો કરવામાં આવ્યો છે. સામાજિક, આર્થિક સૂચકાંકોના આધારે વિકાસશીલ જાહેર થયેલ તાલુકામાં મળતી રૂ.૨ કરોડની ગ્રાન્ટ વધારીને રૂ.૨.૫ કરોડ કરવામાં આવી છે. એ.ટી.વી.ટી. વિકાસશીલ તાલુકા યોજના હેઠળ મળતી રૂ.૧ કરોડની ગ્રાન્ટ વધારીને રૂ.૧.૫ કરોડ કરવામાં આવી છે. જે થકી જિલ્લા અને તાલુકા કક્ષાએ ન્યૂનતમ જરૂરિયાતના ખૂટતી કડીરૂપ કામો માટે પણ વધુ ભંડોળ ઉપલબ્ધ થવાનું છે. આ તમામ યોજનાઓને આયોજન પોર્ટલ સાથે સાંકળીને ઓનલાઇન મોનિટરિંગ સુનિશ્ચિત કરવામાં આવેલ છે. કાર્યોની મંજૂરીથી લઇને અમલીકરણ અને પૂર્ણતા સુધીની પ્રક્રિયા ડિજિટલ રીતે મોનિટર થાય છે. તેમજ કામોનું જી.ઓ. ટેગિંગ

પણ તબક્કાવાર સુનિશ્ચિત કરવામાં આવે છે. જેના કારણે સમયબદ્ધ અમલીકરણ અને વ્યક્તિગત ઉત્તરદાયિત્વ સુનિશ્ચિત થાય છે. પારદર્શિતા અને જવાબદારી સુશાસનના મજબૂત સ્તંભ છે. આ સિદ્ધાંતને આ આયોજન પોર્ટલ મજબૂત બનાવે છે. આ અવસરે એક બાબત ઉલ્લેખનીય છે કે રાજ્યના વિકાસ માટેનું આયોજન માત્ર વર્તમાન વર્ષ સુધી બનેલું નથી. ''વિકસિત ગુજરાત ૨૦૪૭''નો દ્રષ્ટિકોણ અને વર્ષ ૨૦૨૨ની ટાસ્કફોર્સ સમિતિની ભલામણો, રાજ્યના દીર્ઘકાલિન વિકાસ માટે રાજ્યના માર્ગદર્શક માળખા તરીકે કામ કરી રહી છે. નીતિ આયોગ દ્વારા વિકસાવવામાં આવેલા સુરત આર્થિક માસ્ટર પ્લાનની જેમ ગુજરાત રાજ્ય ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન દ્વારા પાંચ મુખ્ય આર્થિક ક્ષેત્રો માટે પણ આર્થિક માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યના સૌરાષ્ટ્ર, કચ્છ, દરિયાઇ સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ક્ષેત્રોનો સમાવેશ કરવામાં આવેલ છે. જેના કારણે રાજ્યના ક્ષેત્રોની પ્રાદેશિક લાક્ષણિકતાઓના આધારે વિકાસની દિશા સુનિશ્ચિત થશે. રાજ્ય સરકાર દ્વારા વિભાગ હસ્તકની ખાલી જગ્યાઓ તથા ભવિષ્યમાં નિવૃત્તિ અને બઢતીથી ખાલી થનાર જગ્યાઓની સ્થિતિને ધ્યાને લઇને સીધી ભરતીથી આ જગ્યાઓ નિયમિત ભરવા માટેના આગોતરા આયોજન તરીકે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર તૈયાર કરીને અમલમાં મૂકવામાં આવેલ છે. આ ભરતી કેલેન્ડર સબંધિત વહીવટી વિભાગ દ્વારા નાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગના પરામર્શમાં તૈયાર કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીના ૧૦ વર્ષના ભરતી કેલેન્ડરમાં સરકારના વિવિધ વિભાગોની કુલ ૧,૯૩,૦૨૮ જગ્યાઓની ભરતી માટેનું આયોજન થયેલ. જેની સામે સબંધિત ભરતી એજન્સીઓ દ્વારા કુલ ૧,૭૯,૪૨૪ અધિકારીઓ/કર્મચારીઓની ભરતી કરવામાં આવેલ. આમ, આશરે ૯૩ ટકા સફળતા હાંસલ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ જે વાત કરી કે, વર્ગ–૩ અને ૪ની ભરતી થતી નથી અને આઉટસોર્સિંગમાં શોષણ થાય છે ત્યારે મારે આપના મારફત માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે, સરકારશ્રીમાં કચેરી સુવિધા વ્યવસ્થાપન, સાફ સફાઇ, ડ્રાઇવર, પટાવાળા જેવાં કામો માટે આઉટસોર્સિંગ સેવા મારફતે કામગીરી લેવામાં આવે છે. વધુમાં, વર્ગ–૩ની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પ્રગતિમાં હોઇ, કર્મચારી ઉપલબ્ધ થાય ત્યાં સુધી સરકારની કામગરીમાં વિક્ષેપ ન પડે તે હેતુથી વર્ગ–૩ની જગ્યાઓ માટે જે તે વિભાગ દ્વારા આઉટસોર્સિંગની સેવાઓ લેવામાં આવે છે. આ ઉપરાંત કોઇ કામગીરી માટે હંગામી ધોરણે માનવબળની આવશ્યકતા હોય તો કામચલાઉ ધોરણે ૧૧ માસના કરાર અધારિત માનવબળની સેવાઓ મેળવવામાં આવે છે. આઉટસોર્સિંગ તેમજ કરાર આધારિત ધોરણે રોકવામાં આવતાં તમામ માનવબળને સરકારશ્રીના લઘુત્તમ વેતન અધિનિયમ મુજબ વેતન મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવે છે તેમજ સંબંધિત આઉટસોર્સિંગ એજન્સીઓ દ્વારા તેઓના કર્મચારીઓનું સરકારશ્રીના પ્રવર્તમાન કાયદાઓ અને નિયમો અનુસાર કામદાર રાજ્ય વીમા યોજના તેમજ પ્રોવિડન્ટ ફંડની નિયમિત કપાત કરવામાં આવે છે તે સુનિશ્ચિત કરવામાં આવેલ છે. ત્યારબાદ વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ સુધીના ભરતી કલેન્ડર તૈયાર કરવામાં આવે છે. જે મુજબ વિવિધ વિભાગો દ્વારા તેમના હસ્તકના અલગ–અલગ સંવર્ગોની બે લાખથી વધુ જગ્યાઓ તબક્કાવાર સીધી ભરતીથી ભરવાનું આયોજન કરવામાં આવેલ છે. હાલ આ ભરતી કેલેન્ડર હેઠળ સીધી ભરતીથી વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩ની અંદાજિત ૨૬,૧૧૭ જેટલી જગ્યાઓ માટે નિમણૂક કરાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકકલ્યાણ એ ગુજરાત રાજ્યનું હાર્દ રહ્યું છે. બંધારણના સિદ્ધાંતોને અનુસરીને કલ્યાણ રાજ્યની સંકલ્પનાને સાકાર કરવા માટે ગુજરાતની ગતિશીલ સરકાર પ્રતિબદ્ધ છે. ગુજરાત રાજ્યની સ્થાપના થઇ ત્યારથી સરકાર દ્વારા સમયાંતરે સુધારાઓ કરવામાં આવેલ છે. જેમ કે, ભારત સરકાર દ્વારા અત્યાર સુધી બે વહીવટી સુધારણા પંચની રચના કરવામાં આવેલ છે અને તેની ભલામણો અન્વયે ગુજરાત સરકારમાં પણ વહીવટી સુધારણાનાં પગલાં ભરવામાં આવેલ છે. તા.૨૦મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫–૨૬ના બજેટની રજૂઆત વખતે ગુજરાત વહીવટી સુધારા પંચની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાતના માત્ર એક અઠવાડિયાની અંદર ગુજરાત સરકાર દ્વારા સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના ઠરાવથી માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખભાઇ અઢિયાની અધ્યક્ષતામાં ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરવામાં આવી છે. ગુજરાત વહીવટી સુધારણા પંચની સ્થાપના વ્યાપક વહીવટી સુધારાના અમલીકરણ માટે કરવામાં આવી છે. આ પહેલનો હેતુ રાજ્યનું વહીવટી માળખું, કાર્યપદ્ધતિ અને ક્રિયાત્મક પ્રક્રિયાઓને વધુ ઉન્નત બનાવવાનો છે. આ પંચ રાજ્યની વહીવટી કાર્યક્ષમતા, પ્રભાવશીલતા અને ભવિષ્યની આવશ્યકતાઓ ચકાસી, સુધારાં માટેનાં માર્ગદર્શક સૂચનો કરે છે. ગુજરાત વહીવટી સુધારણા પંચ દ્વારા અત્યાર સુધી અલગ–અલગ વિષયોને આવરી લઇને કુલ ૬ અહેવાલો રજૂ કરવામાં આવેલાં છે. જેના માટે રાજ્ય સરકારના અલગ અલગ વહીવટી વિભાગો દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરીને અમલીકરણ થાય તેવા પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા છે. વધુમાં, રાજ્ય સરકારે ભલામણોના અમલ માટે મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં એક હાઇપાવર કમિટીની રચના પણ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા પૂર્વ વડાપ્રધાન શ્રદ્ધેય શ્રી અટલ બિહારી વાજપેયીજી ગુડ ગવર્નન્સના પ્રખર હિમાયતી હતા, જ્યારે હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી તેના પ્રવર્તક છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જે શરૂઆતથી જ સુશાસન માટે કટિબદ્ધ રહ્યું છે. ગુડ ગવર્નન્સને લગતાં વિવિધ પગલાંઓ અંગે આ સન્માનનીય ગૃહને અવગત કરાવતાં મને આનંદ થાય છે. રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકાયેલી કામગીરી અને વિવિધ યોજનાઓના અસરકારક અમલીકરણ માટે મુખ્યમંત્રીશ્રીના દિશાનિર્દેશનમાં વિવિધ વિભાગોની જુદા–જુદા પ્રકારની કામગીરીઓનાં મહત્ત્વપૂર્ણ પેરામીટર્સને સી.એમ. ડેશબોર્ડ પર એક જ ઇન્ટિગ્રેટેડ પ્લેટફોર્મ પર લાવવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ગુડ ગવર્નન્સની એ ઉજ્જવળ પરંપરાને

ગતિપૂર્વક આગળ ધપાવતાં સી.એમ. ડેશબોર્ડ દ્વારા સમગ્રલક્ષી ગવર્નન્સ પર્ફોર્મન્સ ઇન્ડેક્સ તૈયાર કરાવ્યા છે. જિલ્લા કલેક્ટર, ડી.ડી.ઓ., મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ અને પ્રાદેશિક કમિશનરશ્રીઓની કામગીરીનું રીયલ ટાઇમ મૂલ્યાંકન અને રેન્કિંગ થઇ શકે તે માટે ''રીયલ ટાઇમ પર્ફોમન્સ મેજરમેન્ટ સિસ્ટમ ૨.૦'' લોન્ચ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા ''મારી યોજના પોર્ટલ''નો પ્રારંભ કરવામાં આવ્યો. જેમાં ૬૮૦થી વધુ સરકારી યોજનાઓની વિગતો એક ક્લિકમાં ઉપલબ્ધ બની છે. રાજ્ય સરકાર દ્વારા વહીવટમાં ગતિશીલતા લાવવા તમેજ અધિકારીઓને સારી કામગીરી માટે પ્રોત્સાહિત કરવાના હેતુથી જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને કર્મયોગી પુરસ્કાર આપવાની યોજના અમલમાં મૂકેલ છે. વહીવટમાં આધુનિક ઉપકરણનો ઉપયોગ તથા નવીનતમ યોજનાઓ/કાર્યક્રમ અને અન્ય માપદંડોને ધ્યાનમાં લઇ સી.એમ.ડેશબોર્ડ અંતર્ગત આવરી લેવાયેલ કી પર્ફોમન્સ ઇન્ડિકેટરના ધોરણે આ યોજનામાં શ્રેષ્ઠ બે જિલ્લા કલેક્ટર અને શ્રેષ્ઠ બે જિલ્લા વિકાસ અધિકારીઓ મળી પ્રતિ વર્ષ કુલ ચાર અધિકારીઓને ઇનામ માટે પસંદ કરવામાં આવે છે. મિશન કર્મયોગી પ્રશિક્ષણ અભિયાન વર્ગ હેઠળ રાજ્યના પોણા બે લાખથી વધુ સરકારી કર્મચારીઓને અસરકારક સંદેશા વ્યવહાર અને વર્તણૂકલક્ષી તાલીમ સ્પીપા દ્વારા આપવામાં આવશે. ગુજરાત સરકાર દ્વારા મે-૨૦૨૫થી તમામ કર્મચારીઓ/અધિકારીઓ અને પેન્શનર્સ માટે ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત ગુજરાતના અંદાજે સાડા છ લાખ જેટલા કર્મયોગીઓને જી-સીરીઝનું આયુષ્યમાન ભારત- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મોં કાર્ડ આપવામાં આવે છે. જેના થકી તેઓને રૂ.૧૦ લાખ સુધીની કેશલેસ તબીબી સારવારનો લાભ મળવાપાત્ર છે. આ તમામ બાબતો દર્શાવે છે કે, ગુજરાત રાજ્ય સરકાર સુશાસન પ્રત્યે કેટલી ગંભીર છે અને આ સુશાસન લગતી કામગીરીઓ માટે રાજ્ય સરકારનું સામાન્ય વહીવટ વિભાગ કડીરૂપ સાબિત થાય છે. રાજ્ય સરકારના સુશાસનલક્ષી અભિગમને કારણે જ ગુજરાત રાજ્ય દરેક ક્ષેત્રોમાં મોખરાનું સ્થાન મેળવે છે. ગુજરાત હંમેશા તમામ ક્ષેત્રોમાં અગ્રણી રહ્યું હતું, રહ્યું છે અને હંમેશા રહેશે. આ તમામ ઉપલબ્ધિઓ અટલ નેતૃત્વ, અવિરત વિકાસ અને મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમમ ગર્વનન્સ તેમજ નાગરિક દેવો ભવના મંત્ર સાથે છેવાડાના માનવી સુધી કલ્યાણની યોજનાઓના લાભ પહોંચાડીને પ્રો-પીપલ્સ ગવર્નન્સ સાકાર કરવા ટીમ ગુજરાતના સમગ્ર વહીવટીતંત્રને માર્ગદર્શન આપતા રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ તેમજ અન્ય તમામ વિભાગોની ઉપલબ્ધિ ગણી શકાય. વિવિધ સભ્યશ્રીઓ દ્વારા ૧૪ જેટલી કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરવામાં આવતી તમામ નાગરિકલક્ષી વિવિધ પ્રકારની કામગીરીઓથી મેં આ સન્માનનીય સભાગૃહને અવગત કરાવેલ છે. આમ, સામાન્ય વહીવટ વિભાગને લગતી વિવિધ આયોજનો માટેની જરૂરી જોગવાઇ વર્ષ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ હોય, હું સર્વે સદસ્યશ્રીઓને કાપ દરખાસ્તો પાછી ખેંચવાના વિકલ્પે આ કાપ દરખાસ્તો રદ કરવા અને સામાન્ય વહીવટ વિભાગની માગણીઓ સર્વાનુમતે પસાર કરવા આ ગૃહને આગ્રહ કરું છું. જય જય ગરવી ગુજરાત. ભારત માતા કી જય. વંદે માતરમ્.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું માર્ગ અને મકાન વિભાગની મૂડી અને મહેસૂલ સદરની માગણી ક્રમાંક-૮૫, ૮૬, ૮૭ તથા અન્ય અંતર્ગત કુલ રૂ.૨૯૭૦૯ કરોડની અનુદાનની માગણી રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જહોન એફ. કેનેડીએ અમેરિકા માટે એવું કહ્યું હતું કે, 'અમેરિકા વિકસિત હોવાથી ત્યાંના રસ્તા સારા નથી, પરંતુ ત્યાંના રસ્તા સારા છે એટલે અમેરિકા વિકસિત છે.' કોઇપણ દેશમાં કોઇપણ રાજ્યમાં વિકસિત થવાનો જો કોઇ માર્ગ હોય તો ત્યાંનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર છે. રસ્તાઓ, રેલ માર્ગ, હવાઇ માર્ગ અને અત્યારસુધી કોઇનું ધ્યાન નહોતું એવો દરિયાઇ માર્ગ. કોઇપણ દેશના વિકાસ માટે, રોજગારી માટે, જી.ડી.પી. માટે આ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એક જગ્યાએથી બીજી જગ્યાએ પરિવહન કરવા માટેનું જે નેટવર્ક હોય એ નેટવર્ક જયાં સુધી સ્ટ્રેન્ધનિંગ ન થાય ત્યાં સુધી કોઇપણ દેશનો જી.ડી.પી. અથવા તો એ દેશ સમૃદ્ધ અથવા તો વિકસિત બની શકતો નથી. દેશના લોકોની આશાઓ અપેક્ષાઓ આપણે સંતોષી શકતા નથી. વર્ષો સુધી રસ્તાઓ માટે, ટેકનૉલૉજી વપરાતી નહોતી. મેટલ પાથરી દેવાની, રોલરથી દબાવી દેવાની, એના પર ડામર પાથરી દેવાનો. રોડને અને ટેકનૉલૉજીને કોઇ લેવા-દેવા નહોતી. કેવળ ને કેવળ રોડ. આજે પરંપરાગત રીતથી દુનિયા ટેકનૉલૉજીથી રોડ બનાવતી થઇ, નવી નવી ટેકનૉલૉજીઓ આયાત થઇ, પરંતુ રોડ બનાવવા માટે કોઇપણ ટેકનૉલૉજીનો કયારેય ઉપયોગ થયો નથી. મને કહેતાં આનંદ થાય છે કે પહેલી વખત રાજ્યમાં વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૨૫માં રોડ નેટવર્કનો વધારો થયો છે. ૩ મીટરનો રોડ હોય તો સમયાંતરે એનું મૂલ્યાંકન થવું જોઇએ. એના ઉપર સમયાંતરે કેટલા સાધનો તથા કેટલા લોડના સાધનો પસાર થઇ રહ્યા છે એનું મૂલ્યાંકન થવું જોઇએ. અમે અત્યારે ૩.૭૫ મીટર મિનિમમ પહોળાઇ કરી દીધી છે. ૩.૭૫ થી ૫.૫., ૫.૫ થી ૭, ૭ થી ૧૦ અને ૧૦ મીટરથી જયાં જરૂર પડે ત્યાં ફોર લેન અને જયાં જરૂર પડે ત્યાં સિક્સ લેન બનાવ્યા છે. હવે રાજ્ય આઠ લેનના માર્ગો ઉપર દોડવા માંડ્યું છે. હું કમ્પેરિઝન કરું છું. કમ્પેરિઝન એટલા માટે હોય કે ઇતિહાસ હંમેશા યાદ રાખવો પડે. આપણે જ્યારે ભણતા હોઇએ ત્યારે ઇતિહાસ એટલા માટે ભણાવવામાં આવે છે કે એ ઇતિહાસમાંથી આપણે બોધપાઠ લઇએ છીએ. ઇતિહાસમાં થયેલી ભૂલો વર્તમાન અને ભવિષ્યમાં ના થાય એની ચિંતા માટે આપણે ઇતિહાસ ભણતા હોઇએ છીએ અને એટલે આ ઇતિહાસ કહેવો જરૂરી છે. રાષ્ટ્રીય એક્સપ્રેસ વે વર્ષ ૨૦૦૧ની સ્થિતિએ શૂન્ય હતો અને વર્ષ ૨૦૨૫માં આપણે ૯૩ કિ.મી.નો બનાવ્યો છે. એમાં હજી આપણી ગતિ ચાલુ છે. રાષ્ટ્રીય એક્સપ્રેસ વે પૂર્ણતાના આરે છે. વર્ષ

૨૦૦૧માં ઝીરો, વર્ષ ૨૦૨૫માં ૨૯૮ એટલે ૨૯૮નો વધારો, રાષ્ટ્રીય ધોરીમાર્ગ/નેશનલ હાઈવે ૨૩૮૨ હતા એ અત્યારે વધીને ૭૧૮૭ થયા છે. રાજ્ય ધોરીમાર્ગ ૧૯૧૨૯ હતા એ ઘટીને ૧૫૭૭૯ થયા છે. જે રાજ્ય ધોરીમાર્ગ હતા એ હવે રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં પરિવર્તિત થયા છે. એની દેખરેખ, રાખ–રખાવ તેમજ નાના કે પહોળા કરવા એ બધી બાબતો સાથે આપણે આગળ વધ્યા છીએ. એમ.ડી.આર. ૨૦૯૬૪ હતા જે ૧૯૫૧૩ થયા છે. આપણે એમ.ડી.આર.ને કન્વર્ટ કરી સ્ટેટ હાઈવેમાં લઈ ગયા છીએ. અન્ય જિલ્લા માર્ગ ઓ.ડી.આર. ૧૦૫૭૭ હતા એ ૯૮૮૦ થયા. ઘટાડો થયો પણ અપગ્રેડેશન થયું. ગ્રામ્ય માર્ગ જેને આપણે પ્લાન કહીએ છીએ. વર્ષ ૧૯૮૦માં દેશમાં પ્લાનિંગ કમિશન બેઠું અને નક્કી કર્યું કે દરેક ગામને એક રસ્તો હોવો જોઈએ. વર્ષ ૧૯૮૦માં પ્લાનિંગ થયું. વર્ષ ૧૯૮૦માં દરેક ગામને પાકો રસ્તો આપવાનો નિર્ધાર વ્યક્ત થયો. એટલે ૨૦૫૬૭ પ્લાન રસ્તા બન્યા. બધા ગામ જોડાયા ન હતા. વર્ષ ૨૦૦૧ પછી જે રહી ગયેલા ગામો હતા એને જોડવાનું ચાલુ કર્યું. ૨૭૮૧૮ એટલે ૭૨૫૧ જેટલા ગ્રામ્ય માર્ગ એટલે મિનિમમ એક ગામ કનેક્ટિવિટી મળવી જોઈએ આપણે એ હેતુ ઉપર પહોંચ્યા છીએ અને આપણે એ હેતુને સિદ્ધ કર્યો છે. એના પછી એક ગામને બીજા ગામ સાથે જોડવાનું અને ખેતરે જવાની ઘણી મુશ્કેલીઓ હતી એટલે ખેડૂતો તથા ખૂબ ધારાસભ્યશ્રીઓ આ લોકપ્રિય યોજનાની વારંવાર સરકારમાં રજૂઆત કરતા હતા. ૨૬૯૦૨ નોન–પ્લાન રસ્તાઓ હતા એ વર્ષ ૨૦૨૫–૨૬માં ૫૫૦૫૫ થયા. ૨૮૧૨૩ જેટલા રોડનો વધારો થયો. જો રોડની નેટવર્કની વાત કરું તો રોડ નેટવર્કમાં ૩.૭૫ મીટર અને એનાથી ઓછા વર્ષ ૨૦૦૧માં ૯૦૧૮૨ હતા આજે ૯૬૬૬૬ થયા છે એટલે તેમાં ૫૮૫૪નો વધારો થયો છે. ૫.૫ મીટર અને ૭ મીટરના ૯૧૪૨ રોડ હતા એ વધી ૨૪૭૦૭ થયા છે.૧૦ મીટર ચાર માર્ગીય, ૬ માર્ગીય ૫૬૭ જ હતા એની જગ્યાએ આજે ૧૪,૦૬૧ થયા. ૧૩,૪૯૪ રોડ છે એ કાં તો ૧૦ મીટર ચાર માર્ગીય અને ૬ માર્ગીય થયા. રાજ્યના વિકાસના પ્રમાણમાં અનેકવિધ રીતે આ રોડનું નેટવર્કમાં વધારો કરીને એની પહોળાઈમાં પણ વધારો કર્યો. ટેકનૉલૉજીના માધ્યમથી રોડ મજબૂત બને એની ચિંતા કરી. સને ૨૦૦૧માં ૫૩૮ કરોડનું કુલ આર.એન્ડ બી.નું બજેટ હતું અને આપણે સમજી શકીએ છીએ કે કોઈપણ ટાંકી હોય એમાં પાઈપ આવતી હોય અને પાણી આવતું હોય પણ પાઈપ કાણી હોય તો પાણી ભરાય નહીં. આ હાલત હતી. એની સામે રૂપિયા ૨૯,૭૦૯ કરોડનું આયોજન થયું છે. આ વર્ષે ૫૫ ગણો વધારો છે. જનહિતમાં સુવ્યવસ્થિત આયોજનથી ખર્ચીએ છીએ. આપણે નક્કી કર્યું છે કે આ રોડ શ્રી નરેન્દ્રભાઈની દૃષ્ટિ અને શ્રી ભુપેન્દ્રભાઈની દોટથી ચાલી રહ્યા છે. બુલેટ ટ્રેન આવી, હવે બુલેટ રોડ બનાવવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે. અમારી સરકાર, આપણી સરકાર માત્ર રસ્તાઓ બનાવતી નથી. પરંતુ ગુજરાતના કરોડો નાગરિકોના સપનાઓને સાકાર કરવાનો સેતુ બનાવીએ છીએ. એટલું જ નહીં મેં પહેલાં કહ્યું એમ ટેકનૉલૉજીનો સમન્વય જેમ જેમ કરતાં ગયા, આ વખતે વધુને વધુ ટેકનૉલૉજીથી રોડ બને એની ચિંતા આ બજેટમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. એના જે ૫ મુખ્ય ઘટકો છે: એમાં હાઈસ્પીડ મોબિલિટી, લાસ્ટ માઈલ કનેક્ટિવિટી, સેફ ઈન્ફાસ્ટ્રકચર, બિલ્ડ વીથ ક્વોલિટી અને સિટિઝન ટ્રાફિક સેન્સ. આ પાંચ મહત્ત્વના આયામ ઉપર રોડ નેટવર્ક વિસ્તારવાનું કામ આપણે કરી રહ્યાં છીએ. એમાં આઉટપુટ એન્ડ પરફોર્મન્સ બેઝ્ડ રોડ કોન્ટ્રાક્ટ, ઓ.પી.આર.સી.માં રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઈ કરી છે. લાંબાગાળાની ગુણવત્તાયુક્ત જાળવણી કરવા માટે પરફોર્મન્સના આધારે ચૂકવણું કરવાની, જથ્થાના આધારે નહીં. રોડની સપાટી હોય એની રફનેસ કેટલી છે એના આધારે પેમેન્ટ કરવાનું. બે વર્ષ બાંધકામનો સમયગાળો હતો અને ૮ વર્ષનો સમયગાળો મરામતનો રાખ્યો છે. આવતા સમયમાં જે રોડ બનશે એનું પેમેન્ટ કેવળ જથ્થો કેટલો, તમે સિમેન્ટ કેટલો વાપર્યો કે નહીં એના ઉપર નહીં પરંતુ એની રફનેસ કેટલી છે એના આધારે આપણે પેમેન્ટ કરીશું. રાજ્ય હસ્તકના સ્ટેટ હાઈવે S.T.M.C.(શોર્ટ ટર્મ મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટ)ની જાળવણી માટે રૂપિયા ૧૫૦ કરોડની જોગવાઈ કરી છે. આ જે કોન્ટ્રાક્ટ કરીએ છીએ એમાં અમે જુદી જુદા રિપેરિંગના કોન્ટ્રાક્ટ આપતા હતા. હવે એવું નક્કી કર્યું છે કે ૫૦ કિલોમિટરનું એક ક્લસ્ટર બને અને એમાં મેઇન્ટેનન્સ કોન્ટ્રાક્ટર આવે અને ત્યાં કોન્ટ્રાકટર ઓફિસ કરી શકે અને એ સમયગાળા દરમિયાન આખું મેઇન્ટેનન્સ કામ કરી શકે એવી વ્યવસ્થા કરી છે. રાજ્યમાં પુલોનું પુનઃનિર્માણ અને મજબૂતીકરણ માટે રૂપિયા ૯૬ કરોડની જોગવાઈ કરી છે. હાલની માળખાગત સ્થિતિનું વૈજ્ઞાનિક મૂલ્યાંકન, સલામતી સુનિશ્ચિત કરવા, ભાવિ ટ્રાફિકને પહોંચી વળવા હવે રાજ્યમાં આવેલ પુલોની ઉંમર, ટ્રાફિકનું ભારણ, વધતા જતા એક્સલ લોડ અને પર્યાવરણની અસરને ધ્યાને રાખી પુલોના પુનઃનિર્માણ, મજબૂતીકરણની વ્યવસ્થા આમાંથી કરવામાં આવશે. ઓવર ડાયમેન્શન કાર્ગો અને ઓવરવેઇટ કાર્ગો માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઈ કરી છે. જેમાં માર્ગની ડિઝાઇન પ્રમાણે ઓ.ડી.સી. અને ઓ.ડબલ્યુ.સી. વાહનો પ્રમાણે એક્સલ લોડ તથા કુલ વજનને અનુરૂપ રાખવામાં આવશે. સાથે માર્ગ પહોળાઇ, ટેગનિંગ રેડીઅસ, વર્ટીકલ, હોરિઝોન્ટલ કિલિયરન્સ, ઓ.ડી.સી. વાહનના સુરક્ષિત સુગમ અવર–જવર માટે યોગ્ય બનાવવામાં આવશે. નિયંત્રિત એક્સેસ, સમયબદ્ધ મુવમેન્ટ અને પરમિટ આધારિત સંચાલન વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવશે. જેનાથી આ મોનિટરિંગ સિસ્ટમ દ્વારા સતત દેખરેખ એની રાખીશું. વ્હાઇટ ટોપિંગ રોડ માટે આ બજેટમાં રૂ.૩૨ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યમાં ભારે ટ્રાફિક ભાર, બસ રૂટ, ઔદ્યોગિક વિસ્તાર, શહેરી અર્થવ્યવસ્થા ટૂંકમાં આ ડિસ્ટ્રિમ્યુનેટ રસ્તા છે, ડામરના રસ્તામાં વારંવાર ક્ષતિ, રટિંગ હોલ, પેચની સમસ્યાને નિવારવા માટે માર્ગો ઉપર જ્યાં જરૂર હોય ત્યાં વ્હાઇટ ટોપિંગ પદ્ધતિએ રસ્તાઓનું બાંધકામ કરવામાં આવે છે. અત્યારે જે ડામરની સપાટી હોય એ સપાટી ઉપર ડિઝાઇન મુજબના સ્લેબ એટલે યોગ્ય જોડાણ, જોઈન્ટ, રોડ ટ્રાન્સફર વ્યવસ્થા, ડ્રેનેજ સુધારણાથી લાંબા ગાળાની ટકાઉ અને ભારવાહક માર્ગ સુવિધા આપણે નિશ્ચિત કરવાની પણ વ્યવસ્થા કરી છે. વિવિધ વિસ્તારોમાં પાર્કિંગની ખૂબ સમસ્યાઓ હોય છે. એ પાર્કિંગની સમસ્યા

નિવારવા માટે હવે નવી આધુનિક ટેકનોલોજી પર આપણે એવા પાર્કિંગ બનાવીશું કે જ્યાં ૧૦ ગાડીઓ જમીન પર પાથરી શકીએ, પાર્કિંગ કરી શકીએ એની જગ્યાએ ૧૦૦ પાર્કિંગ એક સાથે મળે એ મિકેનાઇઝ્ડ લિફ્ટ પ્રકારની એક વ્યવસ્થા આપણે ઊભી કરીશું એમાં એક જ મિનિટમાં પાર્કિંગ કરેલી ગાડી એક જ મિનિટમાં ગ્રાહકને પરત મળે એ પ્રકારની વ્યવસ્થા માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી છે. હાલમાં આ ટેકનોલોજીનો ઉપયોગ ઇન્દોર, અયોધ્યા, હરિદ્વાર વગેરે સ્થળોએ આ પાર્કિંગનો ઉપયોગ થઇ રહ્યો છે. સેન્ટર ઓફ એક્સેલન્સ માટે રૂ.૧૧ કરોડની જોગવાઇ કરી છે. અદ્યતન લેબોરેટરી, ડિજિટલ સાધનો, વૈશ્વિક માપદંડ આધારિત સંશોધન દ્વારા કાર્યક્ષમતા વધારવા ડેટા આધારિત નિર્ણય પ્રણાલી અમલમાં મૂકવામાં આવશે. આ કેન્દ્ર દ્વારા સ્ટાફ કૌશલ્ય વિકાસ, ગુણવત્તા નિયંત્રણ અને નવીન બાંધકામ પદ્ધતિઓનો પ્રયોગ આ રૂ.૧૧ કરોડથી કરેલી શરૂઆત આગામી સમયમાં રાજ્યને રસ્તાઓ, પુલો અને બાકીની જે બધી સગવડો ઊભી કરવાની છે જેમાં મેં કહ્યું કે વધારે પડતો ટ્રાફિક, ઓવરવેઇટ, ઓવરલોડ આ બધું મોટા પ્રમાણમાં મોટા પહોળાઇના સાધનો આ બધાની વ્યવસ્થા માટે કેન્દ્ર ખૂબ મહત્ત્વનું બની રહેવાનું છે. મુખ્યમંત્રી રોડ, એસેટ મેઇન્ટેનન્સ પ્રોગ્રામ માટે રૂ.૪૫ કરોડની જોગવાઇ કરી છે. જે રસ્તાઓ ૭૦થી ૮૦ ટકા ટ્રાફિક વહન કરે છે તેવા અગત્યના હાઇવેનું સુચારુ મેઇન્ટેનન્સ થાય તે માટે તથા માર્ગોની સતત ક્ષમતા વધારવા રાઇડિંગ ક્વોલિટી સુધારવા, રોડ સેફ્ટી સુનિશ્ચિત કરવા, રાજ્યના હાઇવે નેટવર્ક એસેટ્સ માટે પદ્ધતિસર લાઇફ સાઇકલ મેનેજમેન્ટ થાય તે હેતુથી રાજ્યમાં રોડ અને એસેટ મેઇન્ટેનન્સ માટે એક સંકલિત પ્રોગ્રામ આપણે શરૂ કર્યો છે. બ્રિજ સ્ટ્રક્ચરલ મોનિટરિંગ સિસ્ટમથી બ્રિજની હેલ્થ વિષે આધુનિક પદ્ધતિ દ્વારા સચોટ માહિતી મળતા સુચારુરૂપે બ્રિજ મરામતની કામગીરીમાં વધુ સરળતા તથા સચોટ રીતે થઇ શકશે અને આ વ્યવસ્થા મોબાઇલ એપ સાથે સીધે સીધી કનેક્ટ કરી છે એટલે બ્રિજના અધિકારીઓ બ્રિજની સ્થિતિનો રિયલ ટાઇમ રિપોર્ટ મેળવી શકશે. બ્રિજ હોય એનો ગડર હોય કે પછી કેબલ બ્રિજ હોય તો એના બ્રિજની જે દોરીઓ હોય એના ઉપર સેન્સર લગાવીને તરત જ ક્યાંય નાના-મોટી મુશ્કેલી ઊભી થતી હોય એવું લાગે તો તરત જ જે તે અધિકારીને આ સેન્સરથી એને ખબર પડશે કે આ પુલની અંદર કંઇક નાની-મોટી તકલીફ છે એ પ્રકારની વ્યવસ્થા માટે પણ રૂ.૧૦ કરોડની જોગવાઇ કરી છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત ૨૦૪૭ના લક્ષને પૂર્ણ કરવા માટે આ આર. એન્ડ બી. વિભાગ– રોડ અને બિલ્ડિંગ વિભાગ ખૂબ મહત્ત્વનો વિભાગ આવતાં વર્ષોમાં બની રહેવાનો છે. વર્ષ ૨૦૪૭ સુધી પહોંચવું હોય તો અમેરિકા માટે જે રોડ એના વિકસિત થવા માટેનું કારણ હતું. વર્ષ ૨૦૪૭ વિકસિત થવાનું કારણ ભારત માટે પણ રોડ, રેઇલ, સમુદ્ર અને હવાઇ આ તમામ ઇન્ફ્રાસ્ટ્રક્ચરોનો વિકાસ થતાં આ માર્ગ ખૂબ સરળ બનાવાનો છે ત્યારે આ સરળ બનવાના માર્ગમાં ગુજરાતે પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે પણ ખૂબ સરસ નવા ઇનિસીએટીવથી આખા વિભાગની એમણે ચિંતા કરી છે. સ્માર્ટ શહેરો એકલાં જ નહીં, પરંતુ આધુનિક ગામડાઓનાં વિકાસ માટે પણ આ ખૂબ જ જરૂરી છે. આરોગ્ય, શિક્ષણ, ખેડૂતોને એ.પી.એમ.સી. સુધી પહોંચવું હોય અથવા સામાજિક કારણોસર નજીકની જગ્યાએ જવું હોય, તો તેના માટે પણ આ રોડ તે ખૂબ મહત્ત્વની કનેક્ટિવિટી બનવાની છે ત્યારે આ પરિપૂર્ણ કરવા માટે આ રાજ્ય એ નક્કરતાથી પગલાં પણ ઉપાડ્યાં છે અને નક્કરતાથી કામગીરી પણ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકસપ્રેસ વે-૧૧૧૦ કિલોમીટર અને રૂપિયા ૯૩૨૪૦ કરોડના ખર્ચે ગત વર્ષની જે આ આખી નવી બાબત હતી તેમાં અમે આગળ વધી રહ્યા છીએ. મને કહેતાં આનંદ થાય છે કે, પહેલી વખત રાજ્યમાં જેમ બુલેટ ટ્રેનની આપણે વાત કરીએ છીએ તેમ બુલેટ રોડ બનાવવાની શરૂઆત પણ આપણે કરી રહ્યા છીએ અને જેમાં 'નમો શકિત એકસપ્રેસ વે' ડિસા-સુરેન્દ્રનગર-પીપાવાવ ૪૩૧ કિલોમીટર રૂપિયા ૩૬૨૦૪ કરોડના ખર્ચે બનાવવાનો છે. પહેલાં ડિસાથી પીપાવાવ જવું હોય એટલે ઉપર રાજસ્થાન પણ આવી જાય, ઉત્તર ગુજરાત પણ આવી જાય, મધ્ય ગુજરાત પણ આવી જાય અને પછી બંદર ઉપર પહોંચી શકીએ એ પ્રકારનો જે રસ્તો હતો તે બિલકુલ નવો રસ્તો બનાવવાનો સંકલ્પ રાજ્ય સરકારે કર્યો છે. ૪૬૨ કિલોમીટરનું અંતર હતું તેમાં પાલનપુર, મહેસાણા, અમદાવાદ, ધોલેરા, મહુવા થઇને જવું પડતું હતું. હવે ૪૩૧ કિલોમીટરની લંબાઇમાં વાયા સુરેન્દ્રનગર થઇને સીધું પીપાવાવ જવાશે આમ, નમો શકિત એક્સપ્રેસ વેમાં ૩૧ કિલોમીટર ઘટશે. હાલ જે સાડા સાત કલાક લાગે છે તેની જગ્યાએ હવે ચાર જ કલાક થશે. સાડા ત્રણ કલાકના સમયની બચત, ઇંધણની બચત, માનવ શકિત વેડફાતી અટકાય તેની બચત અને રાજસ્થાનની ઉપર પણ જયપુર, દિલ્હી આ બાજુ મધ્યપ્રદેશથી બંદર સુધી આપણે જે આયાત નિકાસ કરીએ છીએ, જે આપણે એકસ્પોર્ટ, ઇમ્પોર્ટ કરીએ છીએ તેના માટેનો સુગમ રસ્તો બનાવવાનું કામ પણ આ નમો એકસપ્રેસ વે કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અને સૌરાષ્ટ્ર ઉત્તર ગુજરાતને જોડતી મહત્ત્વની કડી પણ બનવાની છે, વાણિજય પ્રવૃત્તિને પણ વેગ મળવાનો છે. એના સિવાય સોમનાથ દ્વારકા એકસપ્રેસ-વે ૬૮૦ કિલોમીટર લંબાઇ રૂપિયા ૫૭૧૨૦ કરોડ આ સંસ્કૃતિને જોડતો પુલ બની રહેવાનો છે. ૬૮૦ કિલોમીટર લંબાઇથી નવ જિલ્લાઓને અમદાવાદ, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, મોરબી, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથને વ્યૂહાત્મક રીતે સાંકળી આધ્યાત્મિક અને સાંસ્કૃતિક જોડાણ કરવાનુ આશરે રૂપિયા ૫૭૧૨૦ કરોડના ખર્ચે આ પરિયોજના હાથ ધરવાનું નક્કી કરેલ છે. બિલકુલ નવા નક્કોર રોડ એકિવઝીશનથી લઇ અને બનાવવા સુધી તમામ બિલકુલ નવા રોડ મળશે એટલે તેને પેરેલલ જે બીજા રોડ મળે છે તેની જગ્યાએ એકસપ્રેસ-વે જેને ઝડપી પહોંચવું છે, માલ સામાનનું પરિવહન ઝડપી કરવું છે એ બધા લોકોને આનો ખૂબ મોટો લાભ મળવાનો છે. આમાં ૫૯ કિલોમીટરનો જે ઘેરાવો ઘટવાનો છે અને હયાત સમય જે ૭ કલાક છે તે ૪ કલાક થઇ જશે એટલે

૩ કલાકના સમયની બચત એટલે ઇંધણમાં પણ નોંધપાત્ર બચત થશે અને આ યોજનાથી રાજયની ૫૦ ટકા કરતાં પણ વધારે વસતીને સીધો લાભ થવાનો છે. એટલે ૩ કરોડથી વધારે લોકોને આનો લાભ મળવાનો છે. યાત્રાળુઓ, પ્રવાસીઓ, વેપારીઓ વૈશ્વિક કક્ષાની મુસાફરીનો અનુભવ કરશે. આ કામગીરીનું અમલીકરણ ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડ કરવાનું છે. હાઇસ્પીડ કોરીડોર, ગરવી ગુજરાત હાઇસ્પીડ કોરીડોર અંતર્ગત રાજયના ૧૨ કોરીડોરની અંદાજે ૧૦૩૨.૮૨ કિલોમીટર લંબાઇ રૂપિયા ૭૨૪૬.૭૮ કરોડના ખર્ચે હાઇસ્પીડ તરીકે વિકસાવવાની મંજૂરી મેળવવામાં આવેલ છે. જેની કામગીરી વિવિધ તબક્કે આ ૧૨ હાઇસ્પીડ કોરીડોર બનવાથી ગુજરાતના દરેક ખૂણામાં જોડાશે જેથી પૂર્વથી પશ્ચિમ, ઉત્તરથી દક્ષિણ અને ઇશાનથી નૈઋત્ય અને અગ્નિથી વાયવ્ય ખૂણે એકધારી ઝડપી સલામતી સાથે મુસાફરી શકય બનશે. જેનો લાભ ૧૬ જિલ્લાઓને જશે જેમાંથી ૪ આદિજાતિ જિલ્લાઓ છે અને જો આ કોરીડોરના નામોની વાત કરું તો નખત્રાણા–દયાપર–નારાયણ સરોવર, બગોદરા–ધંધુકા–બરવાળા–બોટાદ, બોટાદ–ઢસા–ચાવંડ–અમરેલી–બગસરા, બિલખા–મેંદરડા, મેંદરડા–કેશોદ–માંગરોળ, ઉંઝા–પાટણ–સિંહોરી–દીયોદર–ભાભર,કરજણ–ડભોઇ–બોડેલી, બિલિમોરા–ચીખલી–વાંસદા–વઘઇ, વઘઇ–સાપુતારા, દહેગામ–બાયડ–લુણાવાડા–સંતરામપુર અને ઝાલોદ, અમદાવાદ–હરસોલ–ગાંભોઇ–વિજયનગર, સંતરામપુર–મોરવા હડફ –સંતરોડ, સંતરોડ– દેવગઢ બારીયા–છોટાઉદેપુર. ખૂબ મોટો ફાયદો આ રાજયના લોકોને થવાનો છે. આ રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ કરી કલાઇમેટ રિઝિલિયન્ટ ને પણ આપણે પ્રાથમિકતા આપી છે. માનનીય વડાપ્રધાનશ્રીના આ વિઝન હેઠળ અમારી ભુપેન્દ્રભાઇની સરકારમાં માર્ગો માટે વિકાસનાં સાધન નહીં, પરંતુ પર્યાવરણ અનુકૂળ ટકાઉ વિકાસના આધારસ્તંભ બની રહેવા માટેની અમારી ગેરંટી છે. કલાઇમેટ રેઝિલિયન્ટ અને નવી ટેકનોલોજીના ઉપયોગથી રસ્તાઓનું બાંધકામ યોજના અંતર્ગત ૨૭૦. ૬૭ કિ.મી. લંબાઇના ૨૦ રસ્તાઓની રૂ.૧૧૪૭ કરોડની મંજૂરીઓ આપેલ છે જેમાં વેસ્ટ પ્લાસ્ટિક, વાઇટ ટોપિંગ, જીઓગ્રીડ, ગ્લાસગ્રીડ, કોલ્ડ મિકસ, સિમેન્ટ સ્ટેબીલાઇઝેશન, ફલાયએશ , ઇન્ટરલોકિંગ કોંક્રિટ, બ્લોક પેવમેન્ટ, પેનલ્ડ કોંક્રિટ પેવમેન્ટ તથા પર્પેચ્યુઅલ પેવમેન્ટ જેવી નવી ટેકનોલોજી પદ્ધતિથી ડિઝાઇનના ઉપયોગથી લાંબુ આયુષ્ય ધરાવતા વધુ ટકાઉ અને મજબૂત લાઇફ સાઇકલ કોસ્ટમાં બચત થાય તેવા પર્યાવરણને અનુરૂપ માર્ગો નિર્માણની કામગીરીઓ વિવિધ તબક્કે છે. આવા કામો પૈકી એકાદ હું સેમ્પલ આપું તો લણવા–મણુદ સંડેર–બાલીસણા રોડ, ૧૬ કિ.મી.ની લંબાઇ અને ૯૫ કરોડ રૂપિયાનો ખર્ચો. વડોદરામાં કરજણ–આમોદ રોડ ૧૩ કિ.મી.ની લંબાઇ અને ૨૮૦ કરોડ રૂપિયાનો ખર્ચો, ગ્રીન ટેકનોલોજીથી હયાત સપાટી, જે ચાલુ સપાટી છે એના જૂના મટિરિયલનો ઉપયોગ કયાંય નહીં કરવાનો, ત્યાં આગળ રોડ હોય તો એના ડામર, એની સાથે ગ્રીડ કપચી એ બધાને રીસાયકલ કરી અને ચુના સાથે એનું મિશ્રણ કરી નવા રોડનો બેઝ બનાવવામાં આવે છે. આ નવો બેઝ બને છે રોડ નહીં. , આ એ જ જે આપણે ઉખાડેલું હોય, રોડની જે સપાટી ઉખાડેલી હોય એને નવો બેઝ બનાવીએ એની ઉપર સિમેન્ટ સ્પ્રેડર મશીનથી સિમેન્ટ પાથરી તેના ઉપર રીસાઇકલર મશીનથી કેમિકલ સાથે પલ્વરાઇઝ કરી સિમેન્ટ અને કેમિકલ સાથેનું સ્ટેબિલાઇઝેશન કરવામાં આવે છે. મજબૂત રોડ બનાવવા માટે નવા નવા આયામો, નવા નવા દુનિયાના આઇડિયા અને જે સંશોધનો થતા હોય એ તમામનો ઉપયોગ કરી આપણે આગળ વધી રહ્યા છીએ. ગ્રીન ટેકનોલોજીથી બની રહેલ પાયલોટ પ્રોજેકટ જંબુસર–ટંકારી–દેવલા રોડ, તાલુકો જંબુસર, ૧૦ કિ.મી. અને ૫૦ કરોડ રૂપિયા. સુરત ઇકોનોમિક રિજિયન માટે રોડ ઇન્ફ્રાસ્ટ્રકચરનો વિકાસ એમાં ૬ જિલ્લાઓ સુરત, ભરૂચ, નવસારી, વલસાડ, ડાંગ, તાપીને આવરી લેવામાં આવનાર છે. જેનાથી ઔદ્યોગિક ક્ષેત્રના રસ્તા–નેટવર્કનું મજબૂતીકરણ થશે. અર્થતંત્રના રોજગારને વેગ મળશે. ૧૧૮૫ કરોડ રૂપિયાની મંજૂરીઓ હાલ આપવામાં આવી છે. કોસ્ટલ હાઇવે, આજ સુધીમાં જે આપણો દરીયાકિનારો છે, આજ સુધી આપણે ૧૬૦૦–૧૬૦૦ કિલોમીટર કર્યે જતા હતા. સાહેબ, આ તો માપ્યું ત્યારે ખબર પડી આપણને ખોટું ભણાવ્યું હતું એવું નક્કી થયું. ૨૩૪૦ કિલોમીટર આપણો દરીયાકિનારો છે. આખા દેશની અંદર સૌથી લાંબો દરિયાકિનારો આપણે ત્યાં છે. દરિયાકિનારો એ આપણે યોગ્ય રીતે માપતા ના હોઇએ અને (અંતરાય) એ તો અમે તમારી વાત ઉપર વિશ્વાસ મૂકયો કે ૧૬૦૦ કિલોમીટર હશે, પછી થયું કે આ જુઓ તો ખરા આ લોકો ૧૬૦૦ કહે છે તો ૧૬૦૦ કિલોમીટર છે કે વધારે છે તો ૨૩૪૦ કિલોમીટર થયા. આ જે દરિયાકિનારો છે એ રાજયના વિકાસમાં બહુ મહત્ત્વની ભૂમિકા ધરાવે છે. બંદર વિભાગમાં એ વિષય આવશે પરંતુ દરિયાકાંઠાના ગામોને સીધું જોડાણ અને રાષ્ટ્રીય સુરક્ષાની કામગીરી માટે પણ આ કોસ્ટલ કનેક્ટિવિટી એ ખૂબ મહત્ત્વની છે. એના માટે માછીમારો હોય, સિકયોરિટીનો વિષય છે, દરિયાકિનારાના ગામોનો સીધો ગુજરાત સાથેના જોડાણનો વિષય છે. દરિયા સાથેના જોડાણનો વિષય છે. ખૂબ મહત્ત્વના જોડાણ સાથે આપણે આ કૉસ્ટલ હાઇવે બનાવી રહ્યા છીએ. જેના દ્વારા વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાથી શરૂ થઇ કચ્છ જિલ્લાના નારાયણ સરોવરને જોડતો મહત્ત્વનો કૉસ્ટલ હાઇવે બનાવવા માટે વર્ષ ૨૦૨૨માં કુલ ૧૫ જિલ્લાઓમાંથી પસાર થતાં ૭૪૧માં હયાત રસ્તાને ૧૦ મીટર પહોળાઇનો બનાવવા તથા ૨૬૩ કિ.મી.ની મિસિંગ લિંકની કામગીરીનો સમાવેશ કર્યો છે. આ કામગીરી ત્રણ તબક્કામાં હાથમાં ધરવામાં આવેલ છે. ૧૩ જિલ્લાઓમાંથી પસાર થતા ૨૪૭ કિ.મી.ની અંદાજિત લંબાઇના ૨૨ રસ્તાઓનાં કામો પૂરાં કર્યાં છે. બીજા તબક્કામાં ૨૦ મિસિંગ લિંકની પ્રી–કન્સ્ટ્રક્શનની કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ, કુલ ૧૮૩૪ કિ.મી.નો કૉસ્ટલ હાઇવે ઉમરગામ–તીથલ બીચ– નવસારી જિલ્લાના ઐતિહાસિક દાંડી સ્થળ, સુરત જિલ્લાનો સુવાલી બીચ, ભરૂચ જિલ્લાના દહેજ પોર્ટ, ભાવનગર– અમરેલી– વેરાવળ– પોરબંદર જિલ્લાના માધવપુર બીચ, દ્વારકા જિલ્લાના શિવરાજપુર બીચ– જામનગર– મોરબી–કચ્છ જિલ્લાના મુંદ્રા– માંડવી– જખૌ પોર્ટ થઈ કચ્છના નારાયણ સરોવર

સુધીનાં મહત્ત્વનાં સ્થળોને જોડશે. આપણે કોસ્ટલ હાઈવે તો બનાવ્યો પરંતુ, કોઈને આખા ગુજરાતના સરહદે સરહદે ફરવું હોય તો પરિક્રમાપથ બનાવ્યો. આ પરિક્રમાપથ પણ ઉમરગામથી આગળ થઈ વલસાડ જિલ્લાના ઘરમપુર– ડાંગ જિલ્લાના આહવા– તાપીનું નેત્રંગ–રાજપીપળા–છોટાઉદેપુર જિલ્લાનું ક્વાંટ–દેવગઢ બારિયા–દાહોદ–સંતરામપુર–મોડાસા–શામળાજી– વિજયનગર–પાલનપુર–થરાદથી કચ્છના નારાયણ સરોવર સુધી. ઉમરગામથી ચાલુ થઈ નારાયણ સરોવર એટલે એક કોસ્ટલ હાઈવે અને એની સાથે તરત જ બીજો લિંક એટલે આખા ગુજરાતનો પરિક્રમાપથ બનવાનો છે, એ બીજા રાજ્યોની સરહદોને લાગીને અને ખાસ કરીને જ્યારે પાકિસ્તાન પણ આપણી સરહદ સાથે જોડાયું છે ત્યારે આપણા સરહદી વિસ્તારો માટે પણ ખૂબ અગત્યનો બની રહેવાનો છે. વિકાસની જો પરિકલ્પના આપણે કોઈ કરતા હોય, તો ગુજરાતને સરહદી જિલ્લાઓ સાથે, સરહદી ગામ સાથે જોડવાનું, સરહદી ગામોને અથવા તો જે કોસ્ટલ હાઈવે ઉપર હોય અથવા તો બિલકુલ રાજ્યની સરહદ ઉપર અડીને આવેલા ગામ હોય, એ તમામને ગુજરાત સાથે જોડવા માટે આ બંને રોડ એકબીજા સાથે લિંક થઈ ગુજરાતની પરિક્રમા, જેમ નર્મદા મૈયાની પરિક્રમા કરીએ એમ ગરવી ગુજરાતની પરિક્રમા કરવી હોય તો આ બંને રોડ ખૂબ આપણા માટે મહત્ત્વના બનવાના છે. કોસ્ટલ હાઈવે સહિત ૩૨૯૬ કિ.મી. સંપૂર્ણ પરિક્રમા થવાની છે. મેં આગળ કહ્યું એમ, ઘણા બધા વિષયો સાથે આ મહત્ત્વપૂર્ણ સાબિત થવાનું છે. બંદરોના જોડાણમાં, રાજ્ય કનેક્ટિવિટી, પ્રવાસન, ખેતી ક્ષેત્ર અને સાહેબ, ખાસ કરી ઈઝ ઓફ લિવિંગ આદરણીય પ્રધાનમંત્રી મોદી સાહેબ વારંવાર કહે છે કે, દરેકનું જીવન ખૂબ સરળતાપૂર્વક પસાર થાય. નાનો વ્યક્તિ હોય, કે મોટો વ્યક્તિ હોય, એને જે પાયા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સગવડો મળવી જોઈએ, એને રહેવા અને જીવવા માટેની જે સગવડો મળવી જોઈએ એ અમીરને પણ એક હોય અને ગરીબને પણ એ જ મળવી જોઈએ. ભારતનો ૨૦૪૭ નો રોડમેપ ત્યારે જ નક્કી થાય જ્યારે કઈક વિઝન હોય કે, અત્યાર સુધી અમે અહીંયા પહોંચ્યા આગલા પાંચ વર્ષમાં અહીંયા પહોંચીશું, બીજા પાંચ વર્ષમાં અહીંયા પહોંચીશું અને છેવટે ગોલ મૂક્યો ૧૦૦ વર્ષ ભારતને પૂરા થાય, એટલે વિકાસશીલ નહી, વિકસિત દેશ બનાવવાનો છે. ગુજરાતે નક્કી કર્યું છે કે વિકસિત ગુજરાત વિકસિત ભારતમાં સૌથી પહેલા જોડાય. આપણે પહેલા વિકસિત ગુજરાત કરી માઁ ભારતીને વિકસિત ગુજરાતની ભેટ આપીએ. એના માટે આપણે આ ચિંતા કરી રહ્યા છીએ. અમારા મુકેશભાઈએ કહ્યું, અમદાવાદ–મહેસાણા આઠ માર્ગીયિકરણ પ્રોજેક્ટ માટે રૂ.૨૬૩૦ કરોડની મંજૂરી આપી છે. જેમાં ૬.૧ કિ.મી.નો એલિવેટેડ ફ્લાયઓવર ચાલુ થશે. જેમાં ૬.૧ કિ.મી. લંબાઈનો એલિવેટેડ ફ્લાયઓવર ચાલુ થશે, ૮ નવા ફ્લાયઓવર, ૮ સ્થળોએ અંડરપાસ, હયાત કલોલ આર.ઓ.બી.ની બાજુમાં વધારાનો નવો ચાર માર્ગીય આર.ઓ.બી. બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બધું તો કરીએ છીએ પણ આ સાથે અમે ક્વૉલિટી કન્ટ્રોલનો પણ વિચાર કરીએ છીએ. ગુણવત્તા એ મહત્ત્વની બાબત છે. વિભાગ હસ્તકના રસ્તાઓ તથા પુલોની કામગીરી ગુણવત્તાયુક્ત થાય તે માટે બે ઝોન, રાજ્યકક્ષાએ બે મુખ્ય ઈજનેરે, ૬ હયાત કચેરી સાથે ૪ નવીન ગુણવત્તા નિયમનની વિભાગીય કચેરી કાર્યરત કરી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ દ્વારા હાલ પ્રગતિ હેઠળના રસ્તા, મકાનો, પુલોના નિરીક્ષણો હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત ખાસ ઝુંબેશના ભાગ સ્વરૂપે સચિવશ્રી તેમજ સરકારશ્રી દ્વારા પ્રગતિ હેઠળના કામો પૈકી રેન્ડમલી કામોની પસંદગી કરી, કામોનું નિરીક્ષણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ખૂબ સારા પરિણામ મળ્યાં છે. ૯૭ કામો ઝુંબેશ હેઠળ ચકાસ્યા હતાં તેમાંથી ૯૬ ટકા કામગીરી સંતોષકારક જોવા મળી છે. રસ્તા ઉપર ડામરનું પ્રમાણ, મકાનોમાં વપરાતા કોંક્રિટની ગુણવત્તા જાણવા માટે સેમ્પલ એકત્રિત કરીને 'ગેરી' લેબોરેટરી દ્વારા સાક્ષીઓની હાજરીમાં રૂબરૂ ટેસ્ટિંગ કરાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, તાલીમ સંશોધન પણ ચાલુ રાખી છે અને તેની સાથે નવા આયામો પણ જોડ્યા છે. ગુજરાતમાં તેમજ ગુજરાત બહાર રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરો, નાયબ કાર્યપાલક ઈજનેરો, મદદનીશ ઈજનેરો માટે નોલેજ સીરિઝ અને ઓનલાઇન વેબિનારનું પણ આયોજન કરવામાં આવે છે. માર્ગ સલામતી પણ ખૂબ મહત્ત્વનો વિષય છે. સલામત રસ્તા એ ગુડ ગવર્નન્સનું પ્રતિબિંબ છે. રાજ્યએ ૧૦૭ બ્લેક સ્પોટ પર ટૂંકાગાળામાં જરૂરી તાંત્રિક સુધારણા કામગીરી પૂરી કરી છે. કુલ ૬૩૮ કિ.મી. લંબાઇના ૬૯ કામો માટે રૂ.૯૬ કરોડની અંદાજિત રકમના કામો પ્રગતિ હેઠળ છે. જ્યારે ૬૧ કિ.મી. લંબાઇના ૨૦ કામો રૂ.૩૦ કરોડની અંદાજી રકમના શરૂ થનાર છે. રોલર ક્રેશ બેરિયરનાં ૯ કામો માટે રૂ.૨૬ કરોડ મંજૂર કર્યા છે. પહેલાં પતરાની પાઇપવાળા ક્રેશ બેરિયર બનાવતાં હતાં પરંતુ ઢોળાવ અને પવર્તીય વિસ્તારના રસ્તાઓ પર એક્સિડન્ટનો ભય વધારે હોય ત્યાં રોલર મૂકવામાં આવે છે. જેથી કરીને કોઇપણ ગાડી ત્યાં અથડાય તો ખીણમાં ન પડે અથવા મોટો એક્સિડન્ટ ન થાય અને પુન: રોડ ઉપર આવી જાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. હમણાં જ અંબાજી જતા રસ્તા પર ત્રિશુળીયા ઘાટ પર એક મોટું વેગન ખીણમાં પડતું બચ્યું હતું. આ વિભાગ અનેક નવી રોડ સેફ્ટી માટે ઘણા બધા આયામો સાથે કામ કરી રહ્યો છે. ચાલુ બાબતો પણ ઘણી છે. બધી ચાલુ બાબતોમાં ઉમેરો કર્યો છે. જે ચાલુ બાબતો હતી તેમાં હવેના સમયમાં નવીન બાબતો, નવીન રૂપિયાની ફાળવણી કરી છે. જેથી કરીને આપણે જે વિકાસના પથ ઉપર આગળ વધી રહ્યા છીએ તે વિકાસની પ્રક્રિયા નિરંતર બનતી રહે તેના માટે પ્રયત્નશીલ છીએ. ચાલુ વર્ષે રાજ્ય પ્રભાગના વિકસિત શહેરો સહિતનાં કામોની સ્થિતિ નીચે મુજબ છે.

વિગત	સંખ્યા	લંબાઇ કિ.મી.	રકમ રૂ.
મંજૂર	૭૯૩	૫૩૧૨	૧૬,૦૫૯ કરોડ

પૂર્ણ	૬૨૨	૩૮૪૪	૪,૫૪૦ કરોડ
પ્રગતિ	૧૨૪૩	૯૦૩૦	૨૫,૫૯૨ કરોડ
શરૂ થનાર	૬૭૮	૫૦૩૮	૨૨,૮૪૧ કરોડ

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂ.૧૦,૪૯૮ કરોડની નવી જોગવાઈ કરવામાં આવી છે. તેમાં રસ્તાઓનું ચાર માર્ગીયકરણ, ૧૦ મીટર પહોળા કરવા, ૭ મીટરથી પહોળા કરવાના કામો, પુલો/સ્ટ્રક્ચરની કામગીરી, રાજ્ય ધોરીમાર્ગો પર ફ્લાયઓવર. વર્ષ ૨૦૨૬–૨૭માં આ બજેટમાં રૂ.૬૬ કરોડની નવી જોગવાઈ દાખલ કરી છે. પ્રગતિપથ માટે આ બજેટમાં રૂ.૨૪૦ કરોડની નવી જોગવાઈ કરી છે. જિલ્લાથી જિલ્લાને જોડતા મહાનગરોને જોડતાં રસ્તાઓની સુધારણા, મજબૂતીકરણમાં પણ રૂ.૧૮ કરોડની જોગવાઈ કરી છે. તાલુકાથી તાલુકાને જોડતાં રસ્તાઓ માટે રૂ.૯૨૭ કરોડની જોગવાઈ કરી છે. સ્ટેટ પંચાયત હસ્તકના રસ્તાઓનાં રીસર્ફેસિંગ કામો માટે પણ જોગવાઈ કરવામાં આવી છે. આખી યાદી વાચું તો ખૂબ મોટી રકમ થાય. કોઈપણ સપાટી ખરાબ થાય એની સાથે રાજ્ય સરકાર આમ, તો પ્લાન રસ્તો સાત વર્ષ અને નોન પ્લાન રસ્તો દસ વર્ષે રીસર્ફેસ કરતા હોઈએ છીએ. માનનીય ભુપેન્દ્રભાઈએ એવું રાખ્યું નથી. કોઈ પણ રોડ ખરાબ થાય, ધારાસભ્ય કે પ્રજાજનોની માગણી આવે તો તરત જ એ રસ્તાને રીસર્ફેસ કરવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. પંચાયત પ્રભાગ હેઠળ ચાલુ વર્ષે રૂ.૯૨૨૭ કરોડની અંદાજિત રકમથી ૯૫૪૧ કિલોમીટરના ૪૯૭૦ માર્ગોને મંજૂરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂ.૮૫૦૯.૪૨ કરોડની નવી જોગવાઈ છે. આમાં મુખ્યમંત્રી સડક યોજના પણ આવી જાય છે. ખૂબ મોટી લગભગ રૂ.૩૫૦૦ કરોડ મુખ્યમંત્રી સડક યોજના માટે આપ્યા છે. ચાલુ વર્ષે નદી, કોઝવે જેવા રસ્તાઓનું સુદૃઢ આયોજન, પુલોનું નિર્માણ, ચાલુ વર્ષે રૂ.૨૩૯૫ કરોડની અંદાજિત રકમથી ૧૨૪૮ પુલો અને વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૧૬૨૬.૧૫ કરોડની નવી જોગવાઈ કરી છે. વર્ષ ૨૦૧૬–૧૭થી ૨૦૨૫–૨૬ સુધીમાં મુખ્યમંત્રી ગ્રામસડક યોજના વર્ષ ૨૦૧૬–૧૭થી ૨૦૨૫–૨૬ સુધીમાં ૩૭૨૯૧ કામો ૮૫૬૧૧ કિલોમીટર, રૂ.૪૨,૭૩૨ કરોડ મંજૂર કરવામાં આવ્યાં છે અને પૂર્ણ પણ કર્યાં છે. એમાંથી ૨૮૪૩૫ કામો અને ૬૭૪૭૨ કિલોમીટરનાં આપણે પૂરાં કર્યાં છે. ૪૫૮૪ કામો ૯૭૫૨ કિલોમીટરના પ્રગતિ હેઠળ છે અને ૪૨૭૨ કામો ૮૩૮૭ કિલોમીટરનાં કામો હવે શરૂ થશે. વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં આ મુખ્યમંત્રી ગ્રામસડક યોજનામાં રૂ.૫૬૦૩ કરોડ માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યાં છે. ઘણા બધા સાથીઓ ટીકા કરતા હોય છે. માર્ગ અને મકાન વિભાગ માટે કોઈ એવી ખાસ ટીકાઓ નહોતી. પરંતુ હું એટલું ચોકક્સ કહીશ કે, આ રાજ્યનો ઝડપી વિકાસ રસ્તાઓના કારણે આયાત–નિકાસ પર, ઔદ્યોગિકરણ પર, શિક્ષણ, આરોગ્ય અને કિસાન સુધી આ રોડનો લાભ પહોંચવાનો છે ત્યારે આમાં કાપ દરખાસ્તને કોઈ અવકાશ નથી. મારા મિત્રોએ જો કાપ દરખાસ્ત કરી હોય તો વિનંતી છે કે કાપ દરખાસ્ત પાછી ખેંચે અને મુખ્યમંત્રી સડક યોજનાનો આપ પણ લાભ લો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે બંદરો અને વાહનવ્યવહાર પ્રભાગ વિશે પણ હું મારા વિચારો વ્યક્ત કરું છું. આજે લોકશાહીના મંદિરમાં અંદાજપત્રની માગણીઓ સર્વાનુમતે આ બંદર માટે મળે. મેં પહેલાં અગાઉ મારા પ્રવચનમાં કહ્યું તે રીતે બંદર....

અધ્યક્ષશ્રી : આપની પાસે ૮ મિનિટ છે. એમાં આપ જે પૂરું કરવું હોય તે કરો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સાહેબ મને વધારે કહી છે. મને ૬૦ મિનિટ કહી છે.

અધ્યક્ષશ્રી : ૪૨ મિનિટ હતી. કોણે ૬૦ મિનિટ કહી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : મને ૬૦ મિનિટ કહી એટલે ૪૦ મિનિટ આગળના વિભાગમાં બોલ્યો.

અધ્યક્ષશ્રી : કોણે ૬૦ મિનિટ કહી છે? ૧૨ મિનિટ વધારી છે. તો હવે તમારી પાસે ૧૮ મિનિટ ટાઇમ છે. તે પછી હું વધારીશ નહીં. સમયસર પૂરું કરી લેજો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દરિયાકિનારો આટલો મોટો હોય અને ગુજરાતના બંદરોનો લાભ ગુજરાત ન લે તો ગુજરાતના વિકાસ માટે, દેશના વિકાસ માટે રાજસ્થાન હોય, મધ્યપ્રદેશ હોય કે જેમની પાસે દરિયાકિનારો નથી જ્યાં નાના–મોટા થયા ઉદ્યોગો સ્થપાયા હોય અને રાજ્યના ઉદ્યોગોને દરિયાઈ માર્ગે મોકલવા માટેની વ્યવસ્થાઓ ભૂતકાળમાં નહોતી. મારી પાસે આંકડાઓ છે. હું એટલું ચોક્કસ કહીશ કે એ વ્યવસ્થા ઊભી કરવાનું શ્રેય જો કોઈને જતું હોય તો પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબને જાય છે. એ વખતે ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો કહેતા હતા. અમને ૨૦ વર્ષે ખબર પડી કે એક વખત આપણે માપો તો ખરા, કોંગ્રેસ ૧૬૦૦ કિ.મી. કહે છે. આપણે માપ્યો તો ૨૩૪૦ કિ.મી.નો દરિયાકિનારો નીકળ્યો. એ દરિયાકિનારાનો ઉપયોગ દેશની સિક્યુરિટી માટે ના થાય, દેશના ઉદ્યોગો માટે ના થાય, રાજ્યના ઉદ્યોગો માટે ના થાય, રાજ્યના યુવાનો માટે ના થાય અને આપણે એના બીચીસ પર્યટન માટે ના વિકસાવી શકીએ. બિલકુલ ઈગ્નોરન્સ થતું હતું. આટલો મોટો દરિયાકિનારો અને ભૂ–ભૌગોલિક પરિસ્થિતિનો લાભ ઉઠાવવા માટે આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબની પહેલી નજર પડી. મારી પાસે ઘણા બધા આંકડાઓ પણ સમય ઓછો છે. હું ટૂંકમાં કહું તો દેશનો ૩૦ થી ૪૦ ટકા નિકાસ દરિયાઈ માર્ગે આપણા ત્યાંથી થાય છે. ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ થાય છે. સરકાર ઈન્ફ્રાસ્ટ્રકચરમાં એટલા બધા રૂપિયા નાંખી દે તો રાજ્યના વિકાસ માટે જે રૂપિયા નાંખવાના છે એ રૂપિયા ઓછા પડે. આખી દુનિયામાં સ્વીકૃત પૉલિસી એટલે કે પી.પી.પી. મોડ ઉપર પ્રાઇવેટ ઘોરણે બંદરોના વિકાસ કરવા માટેની તક આપી એના કારણે આજે એની રોયલ્ટી આપણને મળી રહી છે

અને સાથે સાથે વિકાસને વેગ મળી રહ્યો છે. ખૂબ પ્રયત્નોના અંતે આજે ગુજરાત દેશનું નંબર વન આયાત–નિકાસનું હબ બન્યું છે. પહેલાં એવી પરિસ્થિતિ ન હતી. એકમાત્ર કંડલા બંદર ઉપર નજર હતી. કંડલા સિવાય દરિયાકિનારો કોઇને દેખાતો જ ન હતો. કંડલા સિવાય મુંદ્રા, પીપાવાવ કેટકેટલા બંદરો હતા. જ્યાં આગળ જગ્યા આપી, જ્યાં આગળ ભૂ–ભૌગોલિક પરિસ્થિતિ હતી એનો લાભ લેવાનું આદરણીય નરેન્દ્રભાઇએ મન બનાવ્યું અને એના કારણે આજે વિકાસ થયો છે. આપણો જૂનો ઇતિહાસ હતો. અહીંયા લોથલથી છેક દક્ષિણ આફ્રિકા, મેસોપોટેમિયા અને ઇજિપ્ત સુધી આપણા વહાણો ચાલતા હતા. મને શ્રી ગુણવંત આચાર્યની સાગરકથાઓ વાંચવાનો ખૂબ શોખ હતો. એ વખત કચ્છના એક લઘાભાનું પાત્ર હતું. એ લઘાભા છેક દક્ષિણ આફ્રિકા સુધી ગયા હતા અને વેપારની શરૂઆત કરાવી હતી. ગુજરાતને દુનિયા સાથે જોડાવવા માટેનું માધ્યમ ગુજરાતના સાહસિકોએ ઊભું કર્યું છે. એવા જ એક સાહસિક અને વિઝનરી નેતા આપણને મળ્યા છે એના કારણે આપણે આજે બંદરોનો ખૂબ વિકાસ કરી શક્યા છીએ. ચીપ હોય શિપ હોય. આપણે નક્કી કર્યું છે કે ગુજરાતમાં તો બનવું જોઇએ. શિપ ભાંગવાનું અને શિપ બનાવવાની આખી સાઇકલ આખા અર્થવ્યવસ્થામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. શિપ બને એટલે લોખંડ વપરાય, લાકડું વપરાય, કેટકેટલી વસ્તુઓ વપરાય અને એનાથી રોજગાર પેદા થાય. એ વસ્તુઓ માટે આજે શિપ બિલ્ડિંગ વ્યવસાય અને ભાવનગરનું અલંગ યાર્ડ દુનિયામાં આજે ડંકો વગાડી રહ્યું છે. પહેલાં અહીંયા જહાજો બનતા જ ન હતા એમ કહું તો ચાલે. આજે લગભગ ૮૦૦ થી ૯૦૦ નાના–મોટા જહાજો ગુજરાતમાં બનતા થયા છે. આપણા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીએ મેરીટાઇમ બોર્ડને ખૂબ સમૃદ્ધ કર્યું છે. ખૂબ મજબૂત કર્યું છે. ખૂબ મજબૂત કરી ગુજરાત મેરીટાઇમ બોર્ડથી અત્યાર સુધીનો ઐતિહાસિક વિક્રમ નોંધાવતા ૪૮૮ મિલિયન મેટ્રિક ટન એમ.એમ. પી. કાર્ગો હેન્ડલ કર્યો છે. આ કોઇ સામાન્ય આંકડો નથી. આ ગુજરાતના ઔદ્યોગિક સામર્થ્યનો પુરાવો છે. આ કાર્ગો વર્ષ ૧૯૯૫માં ૧૫૮ મિલિયન મેટ્રિક ટન હતો જે આજે ૪૮૮ મિલિયન મેટ્રિક ટન થયો છે. એમાં ૩૧ ગણો વધારો થયો છે. આજે આખા દેશનો ૪૦ ટકા જેટલો કુલ કાર્ગો ટ્રાફિક માત્રને માત્ર ગુજરાતના કંડલા સહિતના બંદરોથી વહન થાય છે. દેશના બંદરો અર્થતંત્રનું શ્વસનતંત્ર છે. ભારતના કુલ પોર્ટ કાર્ગોમાંથી ૬૬ ટકાથી વધુ એકલું ગુજરાત મેરીટાઇમ બોર્ડ સંભાળ છે. ૨૭૦૩ શિપનું વર્ષ ૧૯૯૪–૯૫માં સંચાલન કરતા હતા એ આજે ૧૪,૦૯૩ શિપ થઇ છે. એલ.એન.જી. અને પી.એન.જી. આ દેશની કૂટનીતિ શ્રી નરેન્દ્રભાઇની કૂટનીતિના કારણે આ પરિસ્થિતિમાં હોર્મુઝ ખાડી બંધ થઇ હતી, ઇરાનના હોર્મુઝ ખાડીમાંથી પસાર થવા માટે ખૂબ બુદ્ધિની જરૂર પડે. એવું નહીં કે કહી દીધું એટલે ઇરાન માની જાય. બદલાતા વર્લ્ડ ઓર્ડરમાં આપણું સ્થાન બનાવીને બે જહાજો આવી ગયા, હજુ રસ્તામાં છે અને બીજા આવવાના છે. આ દેશમાં ક્યારેય મુશ્કેલી પડવાની નથી. રીસાઇક્લિંગ ક્ષેત્રમાં ૯૮ ટકા હિસ્સો આપણો છે. અલંગમાં વિશ્વમાં ૩૨ ટકા, દેશમાં ૯૮ ટકા ખૂબ બધા વિષયો સાથે આપણું આ ગુજરાત મેરીટાઇમ બોર્ડ અને બંદર દ્વારા બેસ્ટ એચીવર તરીકે સ્થાન મળ્યું છે. વર્ષ ૨૦૪૭માં આપણું ગુજરાત ક્યાં હશે? વર્ષ ૨૦૪૭ સુધીમાં બંદરોની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતા વધારી ૩ હજાર એમ.એમ.પી.ટી.એ. કરવાનું નક્કી કર્યું છે. ઘણા બધા વિષયો છે. ઘણું બધું કર્યું છે. લાંબો સમયગાળો વર્ષ ૨૦૦૧ થી ૨૦૨૫ સુધીની યાત્રા છે. રોડમેપ બનાવવાનું કામ સાહેબે ચાલુ કર્યું હતું એ સતત ભારતીય જનતા પાર્ટીની સરકારો બનતી રહી, લોકોનો વિશ્વાસ ટકી રહ્યો એના કારણે આજે જે ગુજરાત દેખાય છે, દરિયાઇ સરહદો અમારી વધતી હોય, વિકાસની સરહદો પણ વધતી હોય એ પ્રકારના ગુજરાતની જ્યારે કલ્પના કરીએ છીએ ત્યારે જે માગણીઓ છે એ ગુજરાતના વિકાસની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ખાણ ખનિજને લગતી સેવાઓ અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩૨૮.૬૩ લાખ અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૮ કરોડ ૨૬ લાખની માગણીઓ એમ કુલ રૂપિયા ૩૬૬ કરોડ ૮૯ લાખની માગણીઓ લઇને લઇને ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. મારે એક વાત કરવી છે. કેવી રીતે એક સમયનું બીમાર અને નબળું રાજ્ય માળખું ભારતનું વિકાસનું સૌથી શક્તિશાળી વાહક બની ગયું છે. ભૂગર્ભની અંદર ખૂબ બધી ખનિજ સંપદાઓ પડેલી છે. એ પડી જ રહી, ભોમાં ભંડારાયેલી રહી. એનો ખરો ઉપયોગ ઉદ્યોગોમાં આવવો જોઇએ. લોકોને રોજગાર મળવો જોઇએ અને લોકોની આવકમાં વધારો થવો જોઇએ. આ રત્નગર્ભા ભૂમિના પેટાળમાં જે રત્નો પડ્યા છે એ રત્નો અને સંપતિનું રક્ષણ પણ કરવું પડે. એવું નહીં કે કોઇ આલીયો–માલીયો ખોદી જાય અને લઇ જાય. પરંતુ એની અંદર જ્યાં જ્યાં કમી લાગી છે, જ્યાં જ્યાં મુશ્કેલી લાગી છે ત્યાં સતત મોનિટર કરતા રહ્યા છીએ. જ્યાં એવા તત્વોના હાથમાં આવશે એને જેર કરવાનું કામ શ્રી ભુપેન્દ્રભાઇની સરકાર કરી રહી છે. આપણે ઇતિહાસને ભૂલ્યા નથી. વર્ષ ૨૦૧૪ પહેલાની વાત કરું તો કોલ કાંડમાં શું થયું હતું? કોલ બ્લોકની હરાજીમાં શું કર્યું હતું? ગુજરાતમાં એવું કદી બન્યું નથી. વર્ષ ૨૦૧૨માં સી.એ.જી.એ કહ્યું છે. અંગ્રેજો તો આ દેશની સંપત્તિથી ઇંગ્લેન્ડ પોતાના દેશને વિકસિત કર્યું. પરંતુ આઝાદી મળ્યા પછી કેટલાક પરિવારોએ દેશને ભાંગી પરિવારને સંપન્ન કર્યા. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર પરિવારને નહીં, વ્યક્તિગત નહીં, પરંતુ કાર્યકર્તા સમાજ સેવી અને જેને દેશ માટે કંઇ કરવું છે એવા લોકોને પ્રોત્સાહિત કરી રહી છે. પહેલા જે નીતિઓ હતી, નામદાર લોકોની ફર્સ્ટ કમ, ફર્સ્ટ સર્વની નીતિ હતી. દિલ્હીના દરબારમાં જે માથું ટેકવે એને આપી દેવાનું. ખાણ આપી દેવાની. આખી વ્યવસ્થામાં આમૂલચૂર પરિવર્તન આપણે કર્યું છે. સર્વોચ્ચ અદાલતે પણ કહેવું પડ્યું હતું કે ખનિજો અને કુદરતી સ્ત્રોતોની ફાળવણી યોગ્ય, પારદર્શક, બિનભેદભાવ અને સ્પર્ધાત્મક અને બિનભેદભાવયુક્ત રીતે જ થવી જોઇએ. વર્ષ ૨૦૧૪માં સાહેબ વડાપ્રધાન બન્યા એટલે એક નવો સૂર્યોદય થયો. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ જાન્યુઆરી ૨૦૧૫માં એટલે ૧૪મા

વડાપ્રધાન બન્યાં અને જાન્યુઆરી ૨૦૧૫માં માઇન્સ એન્ડ મીનરલ ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન એક્ટ વર્ષ ૧૯૫૭ના જૂના અને ખામીયુક્ત કાયદામાં ક્રાંતિકારી સુધારા કર્યાં અને એને કડકપણે અમલમાં પણ મૂક્યાં, જેનાથી ખનીજની ફાળવણી પ્રકૃત્તિ, પ્રગતિ અને પારદર્શિતાનો અભ્યાસ બની ગઇ. આને કહેવાય રાજકીય ઇચ્છાશક્તિ, આને કહેવાય દેશ પ્રત્યેની સમર્પણ ભાવના. સરકારની પારદર્શક ઓનલાઇન બ્લોક હરાજીની નીતિથી રાજ્યના ઇન્ફ્રાસ્ટ્રકચર અને ઉદ્યોગોનો વિકાસ થયો છે. જાહેર હરાજીથી બ્લોકની ફાળવણી કરતા પહેલા ખનીજસભર વિસ્તારમાં ખનીજનું ઊંડાણપૂર્વક સંશોધન, ભૂસ્તરીય અહેવાલ, જીઓલોજીકલ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે, ખનીજનો જથ્થો પ્રસ્થાપિત કરવામાં આવે છે ત્યારબાદ સરકાર દ્વારા બહોળી પ્રસિદ્ધિ કરી સમાચાર પત્રોમાં ઇ-હરાજી માટે નોટિસ ઇન્વાઇટીંગ ટેન્ડરની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે જેથી કરીને વધુમાં વધુ લોકો ઇ-હરાજી ભાગ લઇ શકે, ટેકનિકલ બીડ પાસ થયા પછી સૌથી ઊંચી બોલી લગાવનારને પ્રિફર બીડર તરીકે જાહેર કરવામાં આવે છે. આ ઇ-હરાજીની સિસ્ટમ માત્ર કાગળ ઉપર નથી રહી, જમીન ઉપર ઉતરી છે. વર્ષ ૨૦૧૬ થી ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીના આંકડા જોશો તો અમારી સરકારની કામગીરીની ગતિ અને પારદર્શિતાનો અંદાજ આવશે. રાજ્યમાં આજ દિન સુધી ગૌણ ખનીજના ૨૬૨૨ બ્લોકની સામે બ્લોકની અમે સંપૂર્ણ પારદર્શકતા સાથે સફળતાપૂર્વક હરાજી કરી છે. નાનાથી લઇને મોટા ખનીજ ઉદ્યોગોને આવરી લેવામાં આવ્યાં છે આ કોઇ નાની સિદ્ધિ નથી. આ બ્લોકની વિગતો જોઇએ અને સ્પષ્ટ કરીએ તો સાદી રેતી, ગ્રેવલ બ્લેક ટ્રેપ, બિલ્ડિંગ લાઇમ સ્ટોન, સેન્ડ સ્ટોન, કુલ ગૌણ ખનીજ બ્લોક ૨૬૨૨. આ ઉપરાંત કહેતાં આનંદ થાય છે કે આપણે જે મુખ્ય ખનીજ કહીએ જેવા કે બોકસાઇટ, લાઇમ સ્ટોનની ઇ-હરાજી દ્વારા ૫૭ બ્લોકની સફળતાપૂર્વક હરાજી પ્રક્રિયા પૂર્ણ કરી છે. આ પારદર્શિતા રહી એનું પરિણામ શું આવ્યું? આ હરાજી પ્રક્રિયા દરમ્યાન રાજ્ય સરકારને ટેન્ડરથી અપફ્રન્ટ પેમેન્ટ પેટે અત્યાર સુધીમાં રૂ.૬૬.૮૪ કરોડની આવક થઇ. એટલું જ નહિ આપણે જો ભવિષ્યને વિચારીએ તો આગામી ૩૦ વર્ષમાં આ ખાણોમાંથી રોયલ્ટી પેટે રૂ. ૪૭૦૪.૪૭ કરોડ ઓકશન પ્રિમિયમ પેટે રૂ. ૧૦૮૮ કરોડની માતબર આવક રાજ્ય સરકારને થશે. મારે કંઇ વિશેષ કહેવું નથી. પરંતુ ખાણ ખનીજ અકે એવો વિષય છે કે ભોમમાં ભંડારેલું ખનીજ દેશના અને રાજ્યનાં કામમાં આવે, લોકોનાં કામમાં આવે એ એક એવો વિષય છે કે એના માટેની નીતિઓ રાજ્ય સરકારે બિલકુલ પારદર્શક કરી છે. ક્યાંય નાના-મોટા વિષયો, ક્યાંય ખાયકીવાળા વિષયો ના બને એની ચિંતા કરી છે અને હજુ પણ ક્યાંયથી ફરિયાદ મળે તો રાજ્ય સરકાર ઇનીસીએટીવ કરીને એને વધુમાં વધુ પારદર્શી બનાવવાનું કામ કરી રહ્યાં છે અને આ વર્ષે જી.એમ.ડી.સી.ની તાંબાની ખાણ વર્ષોથી અંબાજીમાં બંધ પડી હતી એને રિવાઇવ કરવાનું કામ આ રાજ્ય સરકારે ચાલુ કર્યું છે. અત્યારની પરિસ્થિતિમાં મેટલ સોનું, ચાંદી, તાંબુ હેવી મેન્ટલની જે પરિસ્થિતિ ઊભી થઇ છે એટલે જ્યાં શક્ય હશે ગુજરાતની આખી ભૂમિ ઉપર મળતા ગૌણ ખનીજ, મુખ્ય ખનીજ અને સાથે દેશને જી.ડી.પી.માં આગળ લઇ જાય એવા ખનીજો માટે આ રાજ્ય સરકાર બિલકુલ પ્રતિબદ્ધ છે. મારી મિત્રોને વિનંતી છે કે આમાં કાપ-બાપ ના કરે તો વધારે સારુ છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, ડૉ. તુષારભાઇ, હવે ૩ મિનિટનો ટાઇમ છે. જવાબ પૂરો થાય ત્યાં સુધી એક દરખાસ્ત કરો તો ધારાસભ્યશ્રીઓના પ્રશ્નો આવી શકે.

સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

શ્રી વિજયભાઇ ર. પટેલ (દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસની કામકાજના દર્શાવેલ માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવા માટે દરખાસ્ત કરું છું.

શ્રી શૈલેષ મ. પરમારઃ માનનીય અધ્યક્ષશ્રી, મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે. અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માગણીઓ ઉપરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા ખેડબ્રહ્મા વિધાનસભાના વિજયનગર તાલુકામાં ચિત્રોડી તળાવ, પાડેલા ફળિયા, ઇટાવરી બરંડા ફળિયાથી ઇટાવરી વીરપુર મેઇન રોડનો રસ્તો તાત્કાલિક મંજૂર કરવામાં આવે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, ઇ.સી.ની મંજૂરી મારા વિસ્તારમાં ત્રણ વર્ષથી પેન્ડિંગ પડી રહી છે તો તેની મંજૂરી આપવામાં આવે અને એક આયોજન અધિકારી અમારે ત્યાં કાયમી નથી તે ચાર્જમાં છે તો આયોજન અધિકારી કાયમી આપવામાં આવે કારણ કે વિકાસનાં કામો તેના કારણે અટકી ગયાં છે. એક સોમપુર અને ચોરીવાડ આ બે એકસપ્રેસ સ્ટોપ મંજૂર થયા છે પણ છેલ્લાં એક વર્ષમાં એક પણ બસ ઊભી રહેતી નથી અમુક જ બસ ઊભી રહે છે તો એવી સૂચના આપવામાં આવે કે આ બસો કાયમી ત્યાં ઊભી રહે કારણ કે તેનાથી વિદ્યાર્થીઓને તકલીફ પડે છે.

શ્રી હાર્દિક પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અટલ વાડી માટે ૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. એસ.ઓ.આર.પ્રમાણે ૫૭ લાખની વાડીની મર્યાદા નક્કી કરી છે. જેમાં ૧૪૪ ફૂટ લંબાઇ અને ૩૫ ફૂટ પહોળાઇ છે. હમણાં જ અમે અમારા વિસ્તારની અંદર સી.એસ.આર.અને વિવિધ ગ્રાન્ટો ભેગી કરીને વાડી બનાવીએ છીએ. ૨૦૦ બાય ૧૦૦ તો

પણ ૩૦ થી ૩૫ લાખ રૂપિયામાં વાડી બની જાય છે તો મારી આપશ્રીને વિનંતી છે કે, જે ૫૭ લાખ રૂપિયાની વાડીની મર્યાદા નક્કી કરી છે તો તેની લંબાઇ અને પહોળાઇ વધારવામાં આવે. સાથે જ આ વાડીના અંદર ધારાસભ્યનું અથવા સી.એસ.આર.નું ફંડ છે તે ૨૫ ટકા રાખેલું છે તો એ ઘટાડી અને ૧૦ ટકા રાખવામાં આવે તેવી ખાસ વિનંતી છે. સાથે જ વિરમગામ શહેરમાં વિરમગામ–અમદાવાદ રેલ્વે લાઇન ઉપર એલ.સી.નંબર–૪૧–એ આવેલો છે તેની ઉપર ઓવરબ્રિજ અથવા અન્ડરપાસ બનાવવાની વિનંતી છે. અને ત્રીજી વાત કે વિરમગામ પાટડી તાલુકાને જોડતો આર એન્ડ બી સ્ટેટનો રોડ છે તેની પહોળાઇ ૩.૭૫ મીટર છે અને વિરમગામ, ડુમાણા,ગોરાળા, ઉપરીયાળા આ રોડનું નામ છે તો એ સાત મીટર પહોળો કરવા વિનંતી છે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, વાપીથી શામળાજી જતો રસ્તો નેશનલ હાઇવે એન.એચ.આઇ–૫૬ જે બ્રિજ બંધ થવાના કારણે હેવી લોડ ટ્રાફિક ડાયવર્ટ થયેલ છે જે માંડવાથી અંભેટી એમ.ડી.આર.નો રસ્તો છે તેને ટાઇમ લિમિટ બાકી છે પણ તેને જોબ નંબર આપવાની જરૂરિયાત છે. તેની સાથે એક ઉદવાડાથી ગોઇવા અરનાલાનો રસ્તો છે, જે સ્ટેટનો રસ્તો છે અત્યારે તેનો જોબ નંબર પણ મળી ગયેલ છે પણ ટ્રાફિક ડાયવર્ટ થવાના કારણે રસ્તાનું સરફેસ બિલકુલ ખરાબ થઇ ગયેલ છે તો તેની એકસેસ ગ્રાન્ટ ઝડપથી મંજૂર કરી આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આ જે માનનીય સભ્યશ્રીઓ બોલે છે તો સચિવશ્રીઓ માટે ખાસ સૂચના છે કે તમારે મુદ્દાની નોંધ કરીને રાખવાના છે. અને આ કામ બજેટના અનુસંધાને પ્રાયોરિટીમાં ધારાસભ્યશ્રીઓનું કામ છે, તે પ્રજાનું કામ છે તો તમારી બજેટની જે જોગવાઇઓ છે તેમાં પ્રાયોરિટી થાય અને બીજુ, તેને વિધાનસભા થ્રુ માનનીય ધારાસભ્યશ્રીઓને તેની જાણ કરી આપવામાં આવે.

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, બેચરાજી ઇન્ડસ્ટ્રીયલ એરિયા છે અને ત્યાં વાહનોનો વધારો ખૂબ જ છે એટલે બેચરાજીથી વાયા કડી સીધુ આપના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ સાહેબની વિધાનસભાને અડે એ રીતે નવીન ફોર લાઇન રસ્તાની હું માગણી કરવા માગું છું.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ખાસ તો જે સામખીયાળીથી પાલનપુર નેશનલ હાઇવે છે ત્યાં ચેખલા અને ડુંગરાસણ બન્ને મોટા ગામો આવેલા છે અને બન્ને ગામો હાઇવેની બન્ને તરફ છે. હવે ત્યાં સ્કૂલમાં બાળકોને આવવા જવા માટે થઇને ખૂબ તકલીફ પડે છે અને વારંવાર ભયંકર અકસ્માત પણ થયા છે તો એ બન્ને જગ્યાએ બ્રિજ કે સીડી બનાવવામાં આવે અને મારા વિસ્તારમાં પ્રાથમિક શાળા તાતિયાડાથી વડનગર છે અને તાતિયાડાના મોટાભાગના છોકરાઓ વડનગરની પ્રાથમિક શાળામાં ભણવા જાય છે એટલે ત્યાં જોબ નંબર ફાળવવામાં આવે અને ત્યાં આંબાથી હાઇસ્કૂલ તરફ અને મુલેઠાથી સબલીપુરા મોડાન સુધી રોડ ફાળવવામાં આવે અને વડાથી તેરવાડીયા પ્રાથમિક શાળા સુધી રોડ ફાળવવામાં આવે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ દેસાઇ સાહેબ જયારે ઉદારતાવાદી કાર્યશૈલી અપનાવી રહ્યા છે અને સરસ રીતે નાણા વિભાગ સાચવી રહ્યા છે ત્યારે વિશ્વ મહિલાદિન નિમિત્તે બધી જ મહિલા ધારાસભ્ય બહેનો વતી દર વર્ષની જેમ આ વર્ષે પણ મહિલાઓને વિશેષ ગ્રાન્ટ તરીકે રુ. બે કરોડ ફાળવવામાં આવે એવી અમારી બધી બહેનોની લાગણી છે. આ વર્ષે તા. ૮ માર્ચના રોજ રજા હોવાને કારણે વિશ્વ મહિલા દિન નિમિત્તે જાહેરાત કરવામાં આવી નથી તો આ ફલોર ઉપર આપશ્રી જાહેરાત કરશો એવી વિનંતી કરું છું.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વતનમાં ગુંદી વાસકોટ રસ્તો ચાર કિલોમીટરનો છે એને પહોળો કરવામાં આવે અને ગોદલીથી ખરોડ એને પણ પહોળો કરવામાં આવે એવી દરખાસ્ત વિભાગને મોકલી છે. કોઝવે અને નવા રસ્તા માટે વિભાગમાં મોકલ્યા છે એને પણ મંજૂર કરવામાં આવે. પાવાગઢથી દેવગઢ બારીયા ફોર લેન રસ્તો કરવામાં આવે. એમ.પી. અને રાજસ્થાનથી શ્રદ્ધાળુઓ પાવાગઢ આવતા હોઇ એને અગ્રતા આપવામાં આવે એની મારી વિનંતી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના અંતર્ગત જે પરા જોડવાના છે એમાં ૫૦૦ કરતા વધારે વસ્તી છે એના ડી.પી.આર. બનાવવા માટેની કામગીરી હાલ ચાલુ છે સામાન્ય વિસ્તાર માટે અને ૨૫૦ થી વધુ વસ્તીવાળા આદિવાસી વિસ્તાર માટે તો આ કામગીરી બહુ ઝડપથી પૂરી કરવામાં આવે તો ગુજરાતને ખૂબ મોટો ફાયદો થઇ શકે એમ છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા રિપેરિંગના ૬૪–૬૪ રસ્તા મંજૂર કરી દીધા છે અને મોટાં ભાગનાં કામ થઇ ગયાં છે પરંતુ બે રસ્તાઓ એવા છે કે જે સ્ટેટ વિભાગના રસ્તાઓ છે અને બંનેની લંબાઇ ૩૫–૩૫ કિલોમીટર છે અને હાલમાં ૩.૭૫ મીટરની પહોળાઇ ધરાવતા રસ્તાઓ છે. તો જામજોધપુર–તરસાઇ–હનુમાનગઢ અને મોટીગોપથી ધ્રાફાને જોડતા બંન્ને રસ્તાઓનું વાઇડનિંગ મંજૂર કરવામાં આવે અને ખાણ ખનિજમાં ડી.એમ.એફ.ની જે ગ્રાન્ટ ફાળવીએ છીએ એમાં અમલીકરણ અધિકારી તરીકે ભૂસ્તરશાસ્ત્રીને બનાવવામાં આવે છે જેને લઇને સમયસર કામો થતા નથી તો ભૂસ્તરશાસ્ત્રીને બદલે આયોજન અધિકારીને એમાં અમલીકરણ અધિકારી બનાવવામાં આવે.

શ્રી જયંતિભાઈ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા મતવિસ્તારની અંદર વનબંધુ કલ્યાણ યોજનાની અંદર જે રસ્તા મંજૂર થયા છે એ ખૂબ લાંબા સમયથી ફોરેસ્ટની મંજૂરી ન મળવાને કારણે એ રસ્તાઓ અટવાયા છે અને એ રસ્તાઓ ડુંગરાળ વિસ્તારના રસ્તાઓ છે. જેથી કરીને ફોરેસ્ટ વિભાગની મંજૂરી મળે એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. સાથે સાથે મારા મતક્ષેત્રની અંદર મોડાસર ચોકડીથી માંડીને કવાંટ સુધીનો જે રસ્તો દસ મીટર પહોળો કરવા માટે રાજય સરકારે જે મંજૂરી આપી છે તે માટે રાજય સરકારના સન્માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હું આભાર માનું છું. સાથેસાથે જે રસ્તો દસ મિટર પહોળો કરવા માટે આજુબાજુના જે વૃક્ષો હતા એને કટિંગ કરવા માટેની પણ મંજૂરી જે બાકી છે એ વહેલી તકે મંજૂરી મળે એવી આપના મારફત મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધાનસભા વિસ્તારમાં નરસરીથી પલાશ વીડી જામુડીયાનો જે રોડ પ૭ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર થયો છે એ રોડ અત્યારે અતિ બિસ્માર હાલતમાં છે, વહીવટી મંજૂરી પણ મળી ગઇ છે, એ જો તાત્કાલિક ચાલુ કરવામાં આવે તો લોકોને સરળતા રહે એવી મારી ખાસ વિનંતી છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કાલાવાડથી બાલમડી રોડ પહોળો કરવાનો છે, સોયલથી રોજીયા એ પણ રોડ પહોળો કરવાનો છે, વિભાણીયાવાળો રોડ પણ પહોળો કરવાની જરૂર છે. મારા જામવાડી પાસે જે બ્રિજ છે ત્યાં સામે સ્કૂલ આવેલી છે, ત્યાં બ્રિજ નથી અને કોઝવે છે તો કોઝવેની જગ્યાએ બ્રિજ બને એવી મારી પણ રજૂઆત છે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે હાલ અમદાવાદ–ગાંધીનગર હાઇવે ઉપર છારોડી જંકશન ઉપર એક ઓવરબ્રિજનું કામ ચાલી રહ્યું છે. અત્યારે વંદે માતરમ પટ્ટામાં એક ફોર લેન રોડ બની રહ્યો છે તો આ જે છારોડી જંકશન ખાતે ગેડ સેપરેટ સ્પાનની વ્યવસ્થામાં થોડો ફેરફાર કરવામાં આવે તો રાણીપ, ચાંદલોડીયા, સાબરમતી અને ચાંદખેડા બધા જ વિસ્તારના લોકો આ બ્રિજનો સરળતાથી ઉપયોગ કરી શકે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા મતવિસ્તાર રાણપુર ખાતે ખસથી બોટાદ રોડ અને રાણપુરથી ધારપીપળા રોડ આ બંને રોડ ખૂબ ટ્રાફિક વાળા હોઇ વાઇડનિંગ કરીને પહોળા કરવાની વિનંતી કરું છું. બીજું ધોલેરા હેબતપુરથી બરવાળા સુધી ફોર લેન રોડ બનાવવા વિનંતી કરું છું કારણ કે, ત્યાંથી સાળંગપુરનો ટ્રાફિક ખૂબ મોટા પ્રમાણમાં પસાર થાય છે. ધોલેરા ગામમાં સ્વામિનારાયણ મંદિર આવેલ છે ત્યાં ખૂબ મોટો સામૈયો થવાનો છે ત્યારે ધોલેરા ગામમાંથી હાઇવે જતો સુવિધાપથનો રોડ તાત્કાલિક બનાવવા વિનંતી છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે દહેગામ તાલુકાથી કપડવંજ સુધી ફોર લેન રોડ મંજૂર કરવા વિનંતી છે.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે મારા મતવિસ્તારમાં મુખ્ય નર્મદા કેનાલ વાય જંકશન કરણનગરથી કાઠિયાવાડ અને કચ્છ બાજુ જાય છે. મારા વિસ્તારમાં કડીથી થોર, કડીથી કલ્યાણપુરા, કડીથી દેત્રોજ અને કડીથી જોટાણા આ મેઇન કેનાલ પર જે પુલ છે એ પુલને ચાર માર્ગીય બનાવવામાં આવે એવી વિનંતી છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારા મતવિસ્તારમાં નવા બંદર અને જૂના બંદર એમ બે બંદરો આવેલા છે. મેં પત્ર પણ લખેલો છે. એ ઘણા લાંબા સમયથી બંધ હાલતમાં છે. તો એને ફરીથી વિકસાવવામાં આવે એવી વિનંતી છે. બીજું કે, અત્યારે અમારા ભાવનગરમાં રિંગરોડ બને છે એમાં પણ મંત્રીશ્રી તરફથી કહેવામાં આવે તો સંકલન થઇ અને રિંગરોડ જલદી બને એવી વિનંતી છે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, વિસાવદરની બાજુમાં આવેલા કાઠિયા નેસથી સાસણનો રસ્તો ૨૦ વર્ષથી નથી બન્યો. આ રસ્તો વહેલી તકે બનાવવામાં આવે એવી માગણી છે. વિસાવદર શહેર ફરતે બાયપાસ રિંગરોડ બનાવવાની પણ લાંબા સમયથી માગણી છે. માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ બાયપાસ રોડ બને અને ભેંસાણથી મોટા કોટડા સુધીનો રોડ લાંબા સમયથી મંજૂર થયો છે પણ એનું કામ ચાલુ થતું નથી તો એ કામ પણ ઝડપથી ચાલુ થાય એવી મારી વિનંતી છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રસ્તાવ માટે તો સરકારે ખૂબ પૈસા આપ્યા છે પણ દર વર્ષે જે રૂ.૧૦ કરોડના રસ્તા મળે છે એ જો વધારે મળે તો રસ્તાઓના ઘણા બધા કામ બાકી છે એ સરળ થાય.

શ્રી ભીખુસિંહજી ચ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સુપ્રીમ કોર્ટની ગાઇડલાઇન મુજબ અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠામાં ખાણ–ખનીજની ઇ.સી. આપવા માટે મનાઇ કરી છે પરંતુ મારા મતવિસ્તાર મોડાસા, ધનસુરામાં સપાટ જમીન છે અને એ અરવલ્લીની ગિરિમાળામાં આવતો નથી. તો જે વિસ્તાર નથી આવતો અને લીધો છે ત્યાં સંબંધિત અધિકારી તરફથી એના દાખલા ઝડપથી મળે એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં સુવિધાપથોની મંજૂરી સત્વરે મળે એ માટે માગણી કરું છું.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા વિસ્તારમાં આમોદથી કરજણ સુધીનો સ્ટેટ હાઇવેનો રોડ આવેલો છે ત્યાં ખૂબ ટ્રાફિક થાય છે. એમાં વચ્ચેથી એક્સપ્રેસ હાઇવે પણ પસાર થાય છે અને ફોર લેનનો અડધો રોડ મંજૂર કરવામાં આવ્યો છે અને અડધો બાકી છે. તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ રોડ તાત્કાલિક મંજૂર થાય અને અમારી જૂના રસ્તાની દરખાસ્તો આવી છે એ પણ તાત્કાલિક મંજૂર થાય એવી મારી વિનંતી છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરથી અમરેલી સુધી ક્યાંક ફોર ટ્રેકનું કામ ચાલી રહ્યું છે. લગભગ વલ્લભીપુર સુધીનું કામ પ્રગતિમાં છે. રંઘોળાથી અમરેલી સુધીનું કામ ક્યાંકને ક્યાંક મંજૂર છે અને મંત્રીશ્રીની સ્પીચમાં પણ એ આવ્યું છે પણ વલ્લભીપુરથી રંઘોળા સુધીનો ૨૭ કિ.મી.નો સ્ટ્રેચ મિસિંગ લિંક તરીકે આજ સુધી ક્યાંય નથી. મારી બે ત્રણ વખત રજૂઆત પણ છે અને મને સકારાત્મક જવાબ પણ મળ્યો છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, ૪૦૦-૪૫૦ કિ.મી.માં મિસિંગ લિંક માત્ર ૨૭ કિ.મી ફોરટ્રેક બાકી રહે છે ત્યારે આપના દ્વારા મંજૂરી આપીને ઝડપથી કામગીરી કરવામાં આવે.

શ્રી જનકભાઈ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તાર બાબરા તાલુકામાં બાબરા-કરિયાણા રોડ ઉપર સ્ટેટ હાઈવેમાં કરિયાણા ગામે કેનાલનું સ્ટ્રક્ચર જર્જરિત હાલતમાં છે. તે નવું બનાવવું અતિઆવશ્યક છે પરંતુ સિંચાઇ વિભાગમાં સ્ટાફના અભાવે અને કન્સલટન્સી સર્વિસની વ્યવસ્થા ન હોવાના કારણે માર્ગ અને મકાન વિભાગ દ્વારા તેની ડિપોઝિટ હેડ ઉપર લઇને વહેલી તકે મંજૂરી આપવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષથી જૂનાગઢ જિલ્લાના ચોરવાડ અને કુકસવાડામાં બે સરવેમાં ખેતીની જમીન આવેલી છે. ચોરવાડ ગામમાં ૧૯ ખેતીની જમીન છે. માનનીય મંત્રીશ્રી વાત કરતા હતા કે તેમાં ખૂબ મોટાપાયે ખનીજ ચોરી થાય છે. ત્યાં આખું વર્ષ ખનીજ ચોરી ચાલુ રહે છે પણ વિધાનસભાનું સત્ર ચાલુ થયું એટલે હાલ પૂરતું બંધ છે. તેના ખાડા માપવામાં આવે તો, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ મારી સાથે આવે તો કરોડો રૂપિયાની ખનીજ ચોરી પકડાય તેમ છે. મેં અવારનવાર કમિશનર શ્રી ધવલભાઇ પટેલને અને ત્યાંના ખનીજના મુખ્ય અધિકારી શ્રી કિરણભાઇ પરમારને પણ ફોન કરેલો .....

અધ્યક્ષશ્રી : વર્ણન કર્યા સિવાય કામની પ્રાયોરિટી કહો. તે માટે પ્રશ્નોતરીનો સમય આવશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હજુ તેમને જાણ કરી તેના ૩૦ મિનિટ પહેલાં ખનીજના માફિયાઓ .....

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, સાસણથી કાસિયા નેસ થઇને વિસાવદરનો રસ્તો ગીર અભ્યારણમાંથી નીકળે છે. નિયમ પ્રમાણે તે રસ્તો પાકો થઇ શકે નહીં. મારી માગણી ત્યાં એલિવેટેડ કોરિડોર બનાવવાની છે અને મેં માનનીય મુખ્યમંત્રીશ્રીને રજૂઆત પણ કરી છે. વિભાગ દ્વારા દરખાસ્ત તૈયાર કરીને વહેલી તકે સરકારમાં મોકલી આપે તો ત્યાં એલિવેટેડ કોરિડોર બનાવવાથી વિસાવદર, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાને તેનો ફાયદો થશે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં ખેરાલુથી સતલાસણા નેશનલ હાઇવે, ડભોડા ચોકડીથી પાલનપુર-દાંતા સ્ટેટ હાઇવે ઉપર મોટાસડાનો આ ૨૫ કિ.મી. રોડ સાત મીટરમાંથી ૧૦ મીટર પહોળો કરવા માટે મારી ભલામણ છે. તેમાં આઠ કિ.મી. માટે રૂ.૨૨ કરોડ મંજૂર થયેલા છે ત્યારે ૧૭ કિ.મી. રોડ પણ ૧૦ મીટર પહોળો થઇ જાય તો અંબાજી જવા માટે આ બીજો વિકલ્પ મળે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં અંબિકા નદી પર તાપી, ડાંગ અને નવસારી એમ ત્રણ જિલ્લાને જોડતો પુલ વાટી ગામે બનાવવામાં આવે. વાંસદા તાલુકામાં ઉનાઇ માતાજીનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. તે ગામમાંથી જતા રસ્તામાં બે જગ્યાએ ગરમ પાણીના કુંડ આવેલા છે. ત્યાં વર્ષો જૂનું નાળું વ્યવસ્થિત રીતે મોટું બનાવવામાં આવે તેવી મારી વિનંતી છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ઘાનેરા મતવિસ્તારમાં રેલવે ક્રોસિંગનું કામ ૭૫ ટકા પૂર્ણ થઇ ગયુંછે. આ એલ.સી.૩ એક્સેસ કામ અર્બન ડેવલપમેન્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યું છે પરંતુ તેનું કામ માર્ગ અને મકાન વિભાગ કરી રહ્યું છે. તે કામમાં સર્વિસ રોડનું કામ પહેલાં લેવામાં આવ્યું ન હતું એટલે હાલ તેની એક્સેસ માટે નવી દરખાસ્ત કરવામાં આવી છે ત્યારે આ એક્સેસની ફાઇલ તાત્કાલિક મંજૂર કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વ્યારા વિધાનસભામાં ડોલવણ તાલુકાથી ડાંગને જોડતો અને ડોલવણથી સુરતને જોડતો રસ્તો વાઇડનિંગ થાય, કારણ કે આ ખૂબ સાંકડો રસ્તો છે. તેની સાથે એક ખોડતલાવથી શિસોર અને ચીખલીથી સોનગઢને જોડતો રસ્તો અને ઘામણદેવી-સરા એ બે જિલ્લાને જોડતા રસ્તા ખૂબ અગત્યના રસ્તા છે અને લગભગ ૩.૭૫ મીટરનો રસ્તો વાઇડનિંગ કરવા વિનંતી છે.

શ્રી લવિંગજી મુ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, રાધનપુરમાં ખૂબ જ ટ્રાફિક જામ થાય છે. સબદલપુરાનો બાયપાસ વહેલી તકે જમીન સંપાદન કરીને ચાલુ થાય એવી વિનંતી છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર બાલાસિનોર, વિરપુર , કપડવંજ, કઠલાલ એમ ચાર તાલુકાઓમાં આવેલ છે. મારા વિસ્તારમાં રસ્તાઓની ખૂબ માગણી છે. જોબ નંબર પણ મળ્યા છે. અમદાવાદ–ઈન્દોર જતો જે રસ્તો છે જે.કે. સિમેન્ટ કંપનીથી બાયપાસ નીકળે તો લુણાવાડા જઇ શકાય.

અધ્યક્ષશ્રી : મને લાગે છે કે મોટાભાગના માનનીય સભ્યશ્રીઓએ રાજીપો વ્યક્ત કર્યો છે. ઘણા બધા જોબ નંબર આપ્યા લાગે છે. બાકી રહેતા પ્રશ્નો તમે લેખિતમાં આપજો. આ લેખિત પ્રશ્નો માનનીય સંસદીય મંત્રીશ્રી મુવ કરશે. આ વિધાનસભા ગૃહમાં પ્રશ્નો પૂછો છો તેનો ભાગ આપણે બનાવીને આપીશું અને તંત્રને પણ બજેટની જોગવાઇઓને આનુષંગિક પ્રાયોરિટી આપવામાં આવે. આ કામ વિસ્તાર માટે અગત્યનું છે એટલા માટે જો તમારી બજેટમાં જોગવાઇ હોય તો આ કામને પ્રાયોરિટી આપીએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૭૫ પરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું માગણી ક્રમાંક–૭૫ પરની મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : **કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ પાછી ખેંચવામાં આવે છે.**

કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૩, ૪, ૫, ૬, ૭, ૯,૧૧, ૧૨, ૧૩,૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૭,૩૮,૩૯,૪૦, ૪૧,૪૨,૪૩ અને ૪૪ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૩૦, ૩૩, ૩૫, ૫૦, ૭૫, ૮૫, ૮૬ અને ૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧.૩૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે

બીજી બેઠક

સભાગૃહ બપોરના ૨–૪૫ વાગ્યે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

સુરત જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

***15/8/2014 શ્રી મોહનભાઈ ઘનજીભાઈ ઢોડિયા** (મહુવા(એસ.ટી)) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ડૉ.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૪૪
(૨)	તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?	(૨)	૩.૬૬૦.૦૦લાખ

શ્રી મોહનભાઇ ઘ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તારીખ ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી અરજી મળેલ અને ચૂકવેલ રકમ કેટલી છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સુરત જિલ્લામાં પાંચ વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલી રકમની વિગત નીચે મુજબ છે. વર્ષ ૨૦૨૦–૨૧માં મળેલ તમામ ૪૦ અરજીઓ મંજૂર કરી રૂ. ૬ કરોડની સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૨૨–૨૩માં મળેલ ૫૩ અરજીઓ પૈકી ૫૨ અરજીઓ મંજૂર કરી રૂ. ૭.૮ કરોડની સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં મળેલ ૮૬ અરજીઓ પૈકી ૮૫ અરજીઓ મંજૂર કરી રૂ. ૧૨.૭૫ કરોડની સહાય ચૂકવેલ છે. વર્ષ ૨૦૨૪–૨૫ મળેલ તમામ ૬૭ અરજીઓ મંજૂર કરી રૂ. ૧૦.૨ કરોડની સહાય ચૂકવેલ છે. જ્યારે ચાલુ નાણાકીય વર્ષ એટલે વર્ષ ૨૦૨૫–૨૬માં તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૫ની સ્થિતિએ મળેલ તમામ ૪૪ અરજીઓ મંજૂર કરી રૂ. ૬.૬ કરોડની સહાય ચૂકવવામાં આવેલ છે. આમ, ઉક્ત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં મળેલ કુલ ૨૯૧ અરજીઓ પૈકી ૨૮૯ અરજીઓ મંજૂર કરી કુલ રૂ. ૪૩.૩૫ કરોડની સહાય ચૂકવેલ છે.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વધુમાં વધુ વિદ્યાર્થીઓ લાભ લઇ શકે તે માટે લોનની પ્રક્રિયા સરળ બનાવવા સરકારશ્રીએ શું પગલાં લીધાં છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ડૉ. બાબાસાહેબને વિદેશ અભ્યાસ માટે જે રીતે મહારાજા સયાજીરાવ ગાયકવાડે સહાય આપેલી એ જ રીતે ગુજરાતના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસ કરી શકે એના માટેની લોનની પ્રક્રિયામાં વધારે લોકો લાભ લઇ શકે તે માટે પ્રક્રિયા સરળ બનાવવા સરકારશ્રીએ નીચે મુજબનાં પગલાં લીધેલાં છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ સરકારશ્રીના તા. ૯મી માર્ચ ૧૯૯૯ના ઠરાવથી પહેલાં બે જામીનની જરૂર પડતી. હવે સરળતા કરીને બેના બદલે એક જામીનની જોગવાઇ કરવામાં આવી છે. પહેલાં વિદ્યાર્થી પરદેશમાં અભ્યાસ માટે જતો ત્યારે અભ્યાસ માટે જાય એની પહેલાં એમણે અરજી કરવાની હતી. હવે એવી સરળતા બનાવી છે કે અભ્યાસ માટે વિદેશગમનના છ મહિના સુધીમાં પણ એ અરજી કરી શકે છે. પહેલાં કુટુંબના એક જ વ્યક્તિને આ યોજનાનો લાભ મળતો હતો પરંતુ સરકારશ્રીના તા. ૩જી જાન્યુઆરી ૨૦૨૨ના ઠરાવથી હવે બે વ્યક્તિઓને લાભ આપવામાં આવે છે. પહેલાં જે લોન આપવામાં આવતી હતી એ ઇન્સ્ટોલમેન્ટમાં આપવામાં આવતી હતી. હવે સરળતા એવી બનાવી છે કે એકસાથે બધી જ રકમ વિદ્યાર્થીને ચૂકવવામાં આવે છે. વિઝા સિવાયના અન્ય સાધનિક પુરાવાઓ વિદ્યાર્થી રજૂ કરતાં જ લોનની મંજૂરીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે અને વિઝા મળે કે તરત જ લોનની ચૂકવણી કરી શકાય છે. એ સિવાય પ્રક્રિયા સરળ બનાવવા માટે ઓનલાઇન અરજીની વ્યવસ્થા કરવામાં આવી છે અને પેમેન્ટ પણ વિદ્યાર્થી ગમે ત્યાં બેસીને આખા વિશ્વમાંથી ઓનલાઇન પેમેન્ટ કરી શકાય છે. જેથી કરીને લોનની આ પ્રક્રિયા ખૂબ સરળ થઇ ગઇ છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિદેશ અભ્યાસમાં અલગ અલગ કોર્ષ માટે અલગ અલગ ફી હોય છે, તો એવા વિદ્યાર્થીઓ લોન માટે એપ્લાય કરે છે તો ફીની કેટલી લોન આપવામાં આવે છે અને લોનની મહત્તમ મર્યાદા કેટલી છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ફીના ટકા પ્રમાણે આ લોન હોતી નથી. પરંતુ ફીની ઉપરની લિમિટ હોય એ અથવા તો રૂપિયા ૧૫ લાખની એમાઉન્ટ એ બે પૈકી જે ઓછું હોય એ ચૂકવવામાં આવે છે. વિદ્યાર્થીને રૂપિયા ૧૫ લાખ સુધીમાં જેટલી લોન જોઈતી હોય એ માટે વિદ્યાર્થી અરજી કરી શકે છે.

પંચમહાલ જિલ્લામાં દિકરીના લગ્ન સમયે ૨ લાખની સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

*** 15/8/2998 શ્રી ફતેસિંહ વખતસિંહ ચૌહાણ(કાલોલ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન	જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પાલક માતા પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીના લગ્ન સમયે બે લાખ રૂપિયાની સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧) ૨૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨) ૨૧
(૩)	તે પેટે કેટલી સહાય ચુકવવામાં આવી ?	(૩) ૩.૪૨,૦૦,૦૦૦/–

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પાલક માતા–પિતા અથવા મુખ્યમંત્રી બાળસેવા યોજના અન્વયે લગ્ન સમયે જે રૂપિયા ૨ લાખ આપવામાં આવે છે તેમાં આ યોજના હેઠળ તાલુકાવાર પંચમહાલ જિલ્લામાં કેટલી અરજીઓ આવી અને કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ જિલ્લામાં પાલક માતા–પિતા અથવા મુખ્યમંત્રી બાળસેવા યોજનાના લાભાર્થી દીકરીઓને લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય આપવામાં આવે છે. એમણે તાલુકાવાર માહિતી માગી છે એ પ્રમાણે ઘોઘંબામાં કોઈપણ અરજી મળી નથી એટલે રકમ ચૂકવેલ નથી. ગોધરા ખાતે ૬ અરજી મળી હતી એ માટે રૂપિયા ૧૨ લાખ સહાય ચૂકવવામાં આવી છે. હાલોલ ખાતે ૨ અરજી મળી હતી એમાં રૂપિયા ૪ લાખ સહાય ચૂકવવામાં આવી છે. જાંબુઘોડા ખાતે ૧ અરજી મળી હતી એમાં રૂપિયા ૨ લાખ સહાય ચૂકવવામાં આવી છે. કાલોલ ખાતે ૩ અરજી મળી હતી એમાં રૂપિયા ૬ લાખ સહાય ચૂકવવામાં આવી છે. મોરવા ખાતે ૪ અરજી મળી હતી એમાં રૂપિયા ૮ લાખ સહાય ચૂકવવામાં આવી હતી. શહેરામાં કુલ ૫ અરજી મળી હતી એમાં રૂપિયા ૧૦ લાખ સહાય ચૂકવવામાં આવી છે. આમ કુલ ૨૧ અરજીઓ મળી હતી એમાં રૂપિયા ૪૨ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, પાલક માતા–પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનામાં લાભાર્થી દીકરીને લગ્ન સમયે રૂપિયા ૨ લાખની સહાય યોજના હેઠળ લાભાર્થીની પાત્રતા શું હોય છે અને આ સહાય કેવી રીતે ચૂકવવામાં આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, નિરાધાર દીકરી હોય એમને મા–બાપ ન હોય અને વાલી સાથે રહેતી હોય ત્યારે વાલીઓને આર્થિક મુશ્કેલી ન પડે અને દીકરીઓ પણ ગૌરવપૂર્ણ રીતે સાસરીમાં જઈ શકે અને જીવન જરૂરિયાતની વસ્તુ ખરીદી શકે એ માટે આ રૂપિયા ૨ લાખ ચૂકવવામાં આવે છે. પાત્રતામાં જોઈએ તો પાલક માતા–પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજના થકી જે લોકોએ લાભ લેવાનો છે, આ યોજના વર્ષ ૨૦૨૩થી શરૂ કરવામાં આવી છે પણ આ યોજનાનો લાભ એકવાર મળે છે. અરજી બે વર્ષની અંદર કરવાની હોય છે. આ સહાય ડી.બી.ટી. મારફતે બેન્ક ખાતામાં જમા કરવામાં આવે છે. આ માટે બેન્ક ખાતું હોવું જરૂરી છે.

વડોદરા જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

*** 15/8/2936શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ મહેતા** (ડભોઇ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
	તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત પર ચેકચાક કરેલ કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી?		તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત પર ચેકચાક કરેલ કુલ–૩૨ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લા તંત્ર દ્વારા આ એકમો સામે તાલુકાવાર કયા પગલાં લેવામાં આવ્યાં. જે ગુનામાં માંડવાળ કરી છે એ તાલુકાવાર માહિતી રજૂ કરવામાં આવે?

તારાંકિત પ્રશ્નો

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૩૨ એકમો સામે કાર્યવાહી કરેલ છે. તાલુકાવાર જોઇએ તો વડોદરા સિટીના ૧૯, વાઘોડિયામાં–૧, પાદરામાં–૧, ડભોઇમાં–૬ અને સાવલીમાં ૫ અને કુલ ૩૨ પૈકી રૂપિયા ૭૪ હજાર જેટલી માંડવાળ ફી વસૂલ કરવામાં આવી છે. વડોદરા સિટીમાં રૂપિયા ૪૮ હજાર, વાઘોડિયામાં રૂપિયા ૨ હજાર, પાદરામાં રૂપિયા ૨ હજાર, ડભોઇમાં રૂપિયા ૧૨ હજાર અને સાવલીમાં રૂપિયા ૧૦ હજાર.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કોઇ વેપારી દ્વારા પેકેટની છાપેલી કિંમત ઉપર ચેકછાક કરેલી હોય તો તેની સામે ક્યા કાયદા હેઠળ અને ગ્રાહકને છેતરવા બદલ શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ વ્યક્તિ જ્યારે પેકિંગવાળી વસ્તુ ખરીદતા હોય ત્યારે એની છાપેલી કિંમત અને બીજી વિગતો પણ હોય છે. છતાં જો એણે છાપેલી કિંમત ઉપર છેકછાક કરેલી હોય તો કોમોડિટી અધિનિયમ–૨૦૧૧ના નિયમ–૧૮(૫) મુજબ આ એકમો સામે કાર્યવાહી કરીને ગુનો નોંધવામાં આવે છે. પરંતુ જ્યારે પ્રથમ વખતનો ગુનો હોય ત્યારે એને માંડવાળ ફી તરીકે રૂ.૫,૦૦૦ થી લઇને રૂ.૫૦,૦૦૦ સુધી વસૂલવામાં કરવામાં આવે છે. પરંતુ છેલ્લાં ત્રણ વર્ષમાં બીજીવાર એ ભૂલ કરે અથવા બીજીવાર એ ગુનામાં પકડાય તો એની સામે ન્યાયાલયમાં કેસ દાખલ કરીને ગુનો નોંધવામાં આવે છે.

સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

*** 15/8/3000 શ્રી કાંતીભાઇ હિંમતભાઇ બલર** (સુરત(ઉત્તર)) :**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૭૯
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૭૯
(૩)	કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	રૂ.૪૧,૭૫,૦૦૦/–

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દિવ્યાંગ લગ્ન સહાય યોજનાના પાત્રતાના ધોરણો શું છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ અને સામાન્ય વ્યક્તિ સમાજમાં સન્માનપૂર્વક જીવી શકે તે હેતુથી દિવ્યાંગ લગ્ન સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. પાત્રતાની વાત કરું તો દીકરીની ઉંમર ૧૮ વર્ષથી વધુ અને દીકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઇએ. યોજનાનો લાભ ફક્ત એક જ વાર મળવાપાત્ર છે. લગ્ન થયાની તારીખથી બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે. એમાં એક વિષય એ પણ છે કે પતિ કાં તો પત્ની કોઇ એક દિવ્યાંગ હોય તો રૂ.૭૫,૦૦૦ની સહાય અને જો પતિ–પત્ની બંને દિવ્યાંગ હોય તો રૂ.૭૫–૭૫ હજાર એટલે રૂ.૧,૫૦,૦૦૦ની સહાય મળે છે. દિવ્યાંગતામાં ૨૧ પ્રકારની દિવ્યાંગતા ઘરાવતામાંથી કોઇ એક દિવ્યાંગતા એમનામાં હોય તો એમને આ લાભ મળવાપાત્ર છે. સાહેબ, ૨૧ પ્રકારની દિવ્યાંગતા વાંચી જાઉં.

અધ્યક્ષશ્રી : લાંબુ હોય તો તમે રેકર્ડ ઉપર મૂકી દેજો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૧ પ્રકારની દિવ્યાંગતા છે.

અધ્યક્ષશ્રી : એટલા બધા પ્રકારો નહીં વાંચો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને અંધત્વ ૪૦ ટકાથી વધુ હોય, સેરેબ્રલ પાલ્સી, રક્તપિત્ત હોય તો હું ઇમ્પોર્ટન્ટ છે એ વાંચી જાઉં. ક્રોનિક ન્યુરોલોજી સીસીમાં હોય તો સામાન્ય ઇજા કે જીવલેણ રક્તસ્ત્રાવ હોય, કોઇ મગજની બીમારી હોય, સાંભળવાની ક્ષતિ ૭૧ ટકાથી ૧૦૦ ટકા જેવી હોય અને વિભિન્ન બીજી દિવ્યાંગતા છે એ હું સભ્યશ્રીને પહોંચાડી દઇશ.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને કેટલી સહાય આપવામાં આવી છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર સભ્યશ્રીએ માહિતી માગી છે એ પ્રમાણે અડાજણ ખાતે ૧૨ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૬,૫૦,૦૦૦ છે. સુરત ઉત્તર ખાતે ૪ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૨,૨૫,૦૦૦ છે. કામરેજ ખાતે ૫ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૨,૭૫,૦૦૦ છે. કતારગામમાં ૧૭ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૮,૭૫,૦૦૦ છે. મહુવા ખાતે અરજી મળેલ ના હોવાથી કોઇ રકમ ચૂકવવામાં આવી નથી. માંડવી ખાતે ૧ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય

રૂ.૫૦,૦૦૦ છે. માંગરોળ ખાતે ૧ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૫૦,૦૦૦ છે. ઓલપાડ ખાતે ૩ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૩,૦૦,૦૦૦ છે. પલસાણા ખાતે ૧ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૫૦,૦૦૦ છે. પુણા તે ૧૮ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૯,૦૦,૦૦૦ છે. ઉધના ખાતે ૯ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૫,૫૦,૦૦૦ છે. ઉમરપાડા ખાતે ૨ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૧,૦૦,૦૦૦ છે. બારડોલી ખાતે કોઇ અરજી મળેલ ના હોઇ કોઇ રકમ ચૂકવેલ નથી. મજૂરા ખાતે ૩ અરજીઓ મળી છે અને ચૂકવેલ સહાય રૂ.૧,૫૦,૦૦૦ છે. આમ, કુલ ૭૯ અરજીઓ મળી છે અને ચૂકવેલ કુલ સહાય રૂ.૪૧,૭૫,૦૦૦ છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ ગોંડલ નગરપાલિકામાં મંજૂર રોડ

* 15/8/1984 **શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા** (ગોંડલ)**: માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં ગોંડલ નગરપાલિકામાં રોડના કેટલા કામ મંજૂર કરવામાં આવ્યા છે,	(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ-૯૩ કામો અને વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧૦૧ કામ એમ કુલ-૧૯૪ રોડના કામો ગોંડલ નગરપાલિકામાં મંજૂર કરવામાં આવ્યા છે.
(૨)	ઉક્ત મંજૂર થયેલ કામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને	(૨)	ગોંડલ નગરપાલિકામાં ઉકત મંજૂર થયેલ વર્ષ ૨૦૨૪-૨૫માં કુલ-૮૯ કામો પુર્ણ થયેલ છે અને ૪ રોડના કામો ભૌતિક પ્રગતિ હેઠળ છે તેમજ વર્ષ ૨૦૨૫-૨૬માં કુલ-૧૧ કામો પૂર્ણ થયેલ છે અને કુલ-૯૦ રોડના કામોને સૈદ્ધાંતિક મંજુરી મળેલ છે.
(૩)	ઉક્ત મંજૂર થયેલ કામ અંતર્ગત કુલ કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે અને કેટલો ખર્ચ થયેલ છે?	(૩)	ઉકત મંજૂર થયેલ કામો અંતર્ગત ગોંડલ નગરપાલિકામાં વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ.૧૧.૫૯ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે, તે પૈકી રૂ.૭.૭૯ કરોડનો ખર્ચ થયેલ છે અને વર્ષ ૨૦૨૫-૨૬માં રૂ.૧.૦૦ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે, તે પૈકી રૂ.૧.૦૦ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રીમતી ગીતાબા જ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના હેઠળ વર્ષ-૨૦૨૪-૨૫ અને વર્ષ-૨૦૨૫-૨૬માં ગોંડલ નગરપાલિકામાં કેટલાં કામો મંજૂર કરવામાં આવ્યાં છે? ઉકત મંજૂર થયેલ કામ કયા તબક્કે છે અને ઉકત મંજૂર થયેલ કામ અંતર્ગત કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલી છે અને કેટલો ખર્ચ કરવામાં આવેલો છે ?

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું સભાગૃહનું બહુ ગર્વથી એક ધ્યાન દોરવા માગું છું કે, હાલના વડાપ્રધાન અને તે વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે ગુજરાત રાજયની સ્થાપનાને ૫૦ વર્ષ થતા હતાં ત્યારે તેમણે વર્ષ-૨૦૦૯માં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી સડક યોજના દાખલ કરી હતી. તે સમયે યોજના રૂપિયા ૧૧૦૫ કરોડથી ચાલુ થયેલ. મને ગર્વ સાથે કહેતાં આનંદ થાય છે કે, આજે વર્ષ-૨૦૨૫-૨૬માં આ યોજના રૂપિયા ૧૨ હજાર ૮૪૬.૫૪ કરોડે પહોંચી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગમાં આ યોજના દ્વારા ખૂબ સારાં વિકાસનાં કામ થઇ રહ્યાં છે ત્યારે આ તબક્કે હું માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો, આપણા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીનો અને નાણામંત્રીશ્રી કનુભાઇનો હું આભાર માનું છું અને સભ્યશ્રીએ જે પ્રશ્ન કર્યો છે તેનો હું જવાબ આપું તો જે "અ" વર્ગની જે નગરપાલિકાઓ હોય છે તેમાં અમે વર્ષ દીઠ ૮ કરોડ રૂપિયાની નાણાકીય સહાય આપીએ છીએ. "બ" વર્ગની જે નગરપાલિકાઓ છે તેને અમે વર્ષ દીઠ રૂપિયા ૩.૬ કરોડની સહાય આપીએ છીએ. "ક" વર્ગની જે નગરપાલિકાઓ છે તેને રૂપિયા ૨.૩ કરોડની સહાય આપીએ છીએ અને જે "ડ" વર્ગની નગરપાલિકા છે તેને રૂપિયા ૧.૬ કરોડની અમે સહાય આપીએ છીએ.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત કયા પ્રકારનાં કામો હાથ ધરી શકાય તથા ધોરાજી નગરપાલિકાને છેલ્લાં બે નાણાકીય વર્ષ દરમિયાન કેટલી રકમ ફાળવવામાં આવી? અને તે પૈકી કેટલો ખર્ચ થયો?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત જે કામો હાથ ધરવામાં આવે છે તે કામોમાં આપણે ગટરલાઈનનું કામ થતું હોય એ વખતે જે રોડ ડેમેજ થાય છે, જે પાણી માટેનાં કામ થતાં હોય તે વખતે જે રોડ ડેમેજ થતાં હોય છે તો આ જે રોડ ડેમેજ થાય છે તેને ફરી પુનઃસ્થાપિત કરવા માટે આ યોજનામાં જોગવાઇ કરવામાં આવી છે. બીજું, એ છે કે જયારે રસ્તા કાચા હોય તો એ રસ્તાને પાકા બનાવવાનું પણ આ યોજના દ્વારા કામ કરવામાં આવે છે. સી.સી. રોડ બનાવવામાં આવે છે અને સૌથી વધારે મહત્ત્વનું કામ કે જયારે વરસાદની ઋતુમાં રોડ ખરાબ થઇ જાય છે ત્યારે આ રોડને ફરીથી રીસરફેસ કરી અને નવા બનાવવામાં આવે છે. શહેરી વિસ્તારોમાં ફૂટપાથ બનાવવામાં આવે છે, સી.સી.બ્લોક બનાવવામાં આવે છે અને પત્થર પેવિંગ પણ કરવામાં આવે છે. હું ધોરાજી નગરપાલિકાની વાત કરું તો ધોરાજી નગરપાલિકામાં વર્ષ–૨૦૨૪–૨૫માં રૂપિયા ૮૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી અને ૬૮.૭૦ લાખ રૂપિયાનો ખર્ચ કરી અને તે કામ પૂર્ણ કરવામાં આવ્યુ છે. અને વર્ષ ૨૦૨૫–૨૬ની વાત કરું તો તેમાં ૧૦૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી અને તે કામ રૂપિયા ૯૬.૭૨ લાખમાં પૂર્ણ કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીને મારે અભિનંદન આપવા પડે કે પ્રથમ વખત તેમણે આ જવાબ આપ્યો છે તો પણ ખૂબ સરસ અનુભવ સાથે અને કંઇ પણ રેફરન્સ ટાંકયા સિવાય મૌખિક જવાબ આપ્યો છે માટે હું તેમને અભિનંદન આપું છું.

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જી.એસ.ટી. ચોરી

*** 15/8/2106 શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા** (બાયડ)**: માનનીયનાણામંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે, –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જી.એસ.ટી. ચોરી સંબંધે કુલ કેટલી ફરિયાદો મળેલ છે,	(૧)	તા.૩૧–૦૧–૨૦૨૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર જી.એસ.ટી.ચોરી સંબંધે મળેલ ફરીયાદોની વિગત નીચે મુજબ છે.

વર્ષ	**જિલ્લાનું નામ**	**તાલુકાનું નામ**	**ફરિયાદોની સંખ્યા**
સમયગાળો: ૦૧/૦૨/૨૦૨૪ થી ૩૧/૦૧/૨૦૨૬	અરવલ્લી	મોડાસા	૦
		બાયડ	૨
		ધનસુરા	૧
		ભિલોડા	૦
		માલપુર	૧
		મેઘરજ	૦
	સાબરકાંઠા	હિંમતનગર	૧
		ઇડર	૨
		પ્રાંતિજ	૦
		તલોદ	૧
		વડાલી	૦
		ખેડબ્રહ્મા	૦
		વિજયનગર	૧
		પોશીના	૦

(૨)	ઉક્ત ફરિયાદ અન્વયે વર્ષવાર, તાલુકાવાર કેટલી સ્થળતપાસ કરી અને કેટલી રકમની કરચોરી પકડાઇ, અને	(૨)	ઉક્ત મુદ્દે પ્રાપ્ત થયેલ કુલ ૦૯ ફરિયાદો/માહિતીઓ અંગે સંબંધિત તાબાની કચેરીઓ દ્વારા વિગતવાર ચકાસણી કરવામાં આવેલ છે. પ્રાપ્ત અહેવાલો તથા ઉપલબ્ધ દસ્તાવેજી માહિતીના આધારે કરવામાં આવેલી ચકાસણી મુજબ ૦૧ ફરિયાદ/માહિતીમાં સ્થળતપાસ હાથ ધરવામાં આવેલ,જેમાં રૂ. ૪.૫૮ લાખ જેટલી કરચોરી પ્રથાપિત થતા સંબંધિત રકમની વસુલાત કરવામાં આવી છે. વધુમાં,૦૧ ફરિયાદ/માહિતી તાજેતરમાં પ્રાપ્ત થયેલ હોવાથી તે બાબતે સંબંધિત કચેરી ખાતે પ્રાથમિક ચકાસણી/વેરિફિકેશન પ્રક્રિયા હાલ ચાલુ છે. જ્યારે,બાકીની ૦૭ ફરિયાદો/માહિતીઓમાં પ્રાપ્ત થયેલ માહિતી તથા પ્રાથમિક ચકાસણીના આધારે સર્ચ અથવા સ્થળતપાસ જેવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે પૂરતા,વિશ્વસનીય તથા આધારભૂત પુરાવા ઉપલબ્ધ થયેલ નહીં. પરિણામે તે કિસ્સાઓમાં સર્ચ/સ્થળ તપાસ કરવામાં આવેલ નહીં.

(૩)	તે અન્વયે કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?	(૩)	ઉપર જણાવ્યા મુજબ ૦૧ ફરિયાદ/માહિતી અન્વયે રૂ.૪.૫૮ લાખ જેટલી કરચોરી વસૂલ કરવામાં આવેલ છે,જેમાં રૂ.૬૧,૬૪૦ દંડ પેટે વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે રીતે જી.એસ.ટી.નો કાયદો આવ્યો એ પછી અરવલ્લી જિલ્લામાં કુલ જે કેસ થયા છે એની ઉપર ૭ કેસમાં જ તપાસ જ થઇ છે. ચકાસણીના આધારે સ્થળ તપાસ જેવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા માટે પૂરતા વિશ્વસનીય અને આધારભૂત પૂરાવા ઉપલબ્ધ થયેલ નથી. એમાં શું આધારભૂત પુરાવા ઉપલબ્ધ નથી અને કેવા પ્રકારના છે? અને આ જી.એસ.ટી.થી જિલ્લામાં કેટલા પ્રકારનો ફાયદો થઇ શકે છે? અને ત્રીજી વાત એવી છે કે તમાકુના પાક ઉપર અત્યારે જી.એસ.ટી. લાગ્યો છે તો મારું સૂચન છે અને વિનંતી છે કે આ વર્ષ પૂરતો જે કર છે, હું માનું છું કે તમાકુના વ્યસનને અટકાવવા માટે જી.એસ.ટી. લગાવ્યો છે એમાં કોઇ વાંધો નથી પરંતુ ખેડૂતોએ પાક પકવી દીધો છે, આજે ૪૦ ટકા જેટલો એમાં ટેક્સ લાગ્યો છે એટલે આજે મારા વિસ્તારના તમાકુના ખેડૂતોનો પાક આજે પોતાના ખેતરમાં પડી રહ્યો છે તો એમાં આપણે કંઇક ઘટતું કરવા માટે પ્રયત્ન કરવા માગીએ છીએ કે નહીં?

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી અને સાબરકાંઠામાં માનનીય સભ્યશ્રીએ વાત કરી એ મુજબ ૯ જગ્યાએ તપાસ કરી એમાં એક જગ્યાએ ગેરરીતિ માલૂમ પડી અને એને દંડ પણ કરવામાં આવ્યો. બીજા કેસમાં ગેરરીતિના આધારે એનું લાયસન્સ પણ રદ કરવામાં આવ્યું અને ૭ જગ્યાએ જે નાના વેપારીઓ હતા, જેમનું ટર્નઓવર પણ ૪૦ લાખથી ઓછું હતું એમાં ગેરરીતિ જોવા ના મળી અને એ ફરિયાદો પણ કોઇ નામજોગ વ્યકિતગત ફરિયાદો હતી નહીં અને અમારા જી.એસ.ટી.ના અધિકારીઓએ ચેક પણ કર્યું પણ એમાં કોઇ ફરિયાદ એવી ના મળી કે એને સજા થાય. બીજો એમનો પ્રશ્ન હતો કે જી.એસ.ટી.થી સાબરકાંઠા અને અરવલ્લીમાં શું ફાયદો થયો છે? આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર, જી.એસ.ટી. કાઉન્સિલ અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વવાળી ગુજરાત સરકાર અને નાણામંત્રી આદરણીય કનુભાઇ દેસાઇ સાહેબના નેતૃત્વમાં જે જી.એસ.ટી. રિફોર્મ જે કરવામાં આવ્યું એના આધારે જે જી.એસ.ટી.માં જે સ્લેબ હતો, ૫-૧૨-૧૮-૨૮નો એની જગ્યાએ ૧૨ અને ૨૮નો સ્લેબ રદ કરી ૫ અને ૧૮ના દાયરામાં લીધું. એનાથી શું થયું કે જીવન-જરૂરિયાતની ચીજવસ્તુઓનો ટેક્સ ઝીરો ટકા કર્યો. કેટલીક જીવનજરૂરિયાત સવારથી ઉઠીને સાંજ સુધી જે ચીજવસ્તુઓ કામ આવે છે એને ઝીરોથી ૫ ટકા જી.એસ.ટી. રાખ્યો એમાં ૯૯ ટકા એવી ચીજવસ્તુઓ છે કે એનો ઝીરો ટકા ટેક્સ થયો એના લીધે ઘર-ઘર આ વખતે દિવાળી થઇ. બીજું કે, ખેડૂતોમાં જે ખેતીનાં સાધનો છે, ટ્રેકટર, ખાતર, ફર્ટીલાઇઝરમાં જે રસાયણ વપરાય છે એમાં પણ ટેક્સનો ઘટાડો કર્યો. નાનાં વાહનો કે ૧૨૦૦ સીસીથી નાના અને બાઇક જેવા, ફ્રીઝ, ઘરઘંટીમાં જે ૨૮ ટકા ટેક્સ હતો એનો ૧૮ ટકા કર્યો. ૧૦ ટકા ટેક્સ ઘટવાથી આપણે જે લોકોએ દિવાળીએ બાઇક ખરીધું એમને રૂપિયા દસ હજારનો ફાયદો આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ કર્યો. ૩ લાખ થી ૪ લાખની ગાડી ખરીદી તો એને રૂ. ૩૦ હજારથી લાખ રૂપિયાનો ફાયદો થયો. જીવનજરૂરિયાતની દવાઓ, ચીજવસ્તુઓમાં ફાયદો, મેડિકલ કલેઇમમાં મેડિકલની દવામાં ઝીરો ટકા કર્યો. એટલે તમે મેડિકલેઇમ લો એમાં પણ ફાયદો થયો છે એટલે જનજન સુધી આ જી.એસ.ટી.માં ફાયદો થયો છે. બીજું, તમાકુ અંતર્ગત એમનો પ્રશ્ન હતો પણ તમાકુનો જે પાક છે એ તમાકુ ઉપર ટેક્સ નથી લાગ્યો પણ તમાકુની પ્રોસેસ થાય છે, એ પ્રોસેસમાંથી ગુટકા બને.સિગારેટ બને, ખૈની જેવી પ્રોડક્ટ પર ૨૮ ટકાનો સ્લેબ નીકળી જવાથી ૪૦ ટકા જી.એસ.ટી. લાગ્યો. એ સ્લેબમાં તમાકુની પ્રોડક્ટ આવે છે. એમને ૪૦ ટકા રિબેટ પણ મળતી હોય છે. અમુક કંપનીઓ નિકોટીન એસિડ માટે તમાકુનો ઉપયોગ કરે છે. એ વેપારીઓને ૫ ટકા જ ટેક્સ લાગે છે. આ ટેક્સ ખેડૂતને નથી લાગતો. જે ઉપભોક્તા છે કે જે સિગરેટ ખરીદશે, ખૈની ખરીદશે કે તમાકુની પ્રોડક્ટ ખરીદશે એના પર આ ટેક્સ લાગવાનો છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજ્યમાં કુલ કેટલા કરદાતાઓ છે અને એમણે જે રિટર્ન ફાઇલ કર્યા છે એ પછી રાજ્યની શું પરિસ્થિતિ છે અને ગુજરાત રાજ્યની કેટલી આવક છે? મને એવું લાગે છે કે વધારે આવક છે એટલે વધુ વિકાસનાં કામ થઇ રહ્યાં છે, એ બાબતમાં આપનું શું કહેવું છે?

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, વિશાળ સ્કોપ ઓપન થયો છે તો આપે સાબરકાંઠા, અરવલ્લીની બહાર જવું હોય તો આપ જવાબ આપી શકો છો.

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.એસ.ટી. રિફોર્મના આધારે અત્યારે ગુજરાતમાં નાના અને લઘુ ઉદ્યોગો અને નાના વેપારીઓને ગણીએ તો ૧૩.૮૨ લાખ જી.એસ.ટી. ભરનારા કરદાતાઓ છે. ટેક્સ પેઇડ ગ્રોથ ૯.૧ ટકા છે અને જી.એસ.ટી. ગુજરાત રિટર્ન ફાઇલિંગમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં માનનીય કનુભાઇ સાહેબના નેતૃત્વમાં છેલ્લાં પાંચ વર્ષથી ભારત દેશમાં નં-૧ પર છે. ૯૯.૩ ટકા જેટલું જી.એસ.ટી. રિટર્ન ફાઇલિંગ થઇ રહ્યું છે.

અધ્યક્ષશ્રી : ભાગ્યશાળી મુખ્યમંત્રીશ્રી હોય એટલે તિજોરી પણ છલોછલ જ રહે. એમાં પ્રજાનાં કામ માટે કોઇ તકલીફ ન પડે.

તારાંકિત પ્રશ્નો

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વીર વિક્રમાદિત્ય જેવા રાજા ભારતવર્ષમાં પણ છે અને અહીંયા પણ છે એટલે માગ્યા મેહ પણ વરસે છે, અહીં સુખ અને સમૃદ્ધિ પણ છે. ઈરાનની ખાડીને પાર કરીને કંડલાના પોર્ટ પર સ્ટીમરો આજે પણ લાંગરે છે. જી.એસ.ટી.ની આવક છેલ્લા પાંચ વર્ષમાં ૧૩ ટકા ઉપરના ગ્રોથથી વધી રહી છે. ગત વર્ષે ફેબ્રુઆરી માસ સુધીની જી.એસ.ટી.ની આવક ૩.૬૫,૪૩૧ કરોડ હતી અને આ વર્ષે ફેબ્રુઆરી સુધી ૩.૭૪,૦૫૭ કરોડની આવક છે. આમ, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી અને માનનીય નાણામંત્રીના નેતૃત્વમાં લક્ષ્મીનો ભરપૂર વરસાદ છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ પટેલને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું કે જી.એસ.ટી. રિફોર્મ થવાથી ગુજરાતની આમ જનતાને ખૂબ મોટો ફાયદો થયો છે. મારો પ્રશ્ન એ છે કે ગુજરાત રાજ્યમાં ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ વધારવા જી.એસ.ટી. વિભાગ દ્વારા કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે.

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ઇઝ ઓફ ડુઇંગનો બિઝનેસ વધારવા માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા સરળ બનાવવામાં આવી છે અને ત્રણ દિવસમાં રજિસ્ટ્રેશન કરવામાં આવે છે. એમાં ૩.૨.૫ લાખનો ટેક્સ ક્રેડિટ હોય એને ૩ દિવસમાં ઓનલાઇન રજિસ્ટ્રેશન પ્રાપ્ત થાય છે. એનો મધ્યમ અને નાના કરદાતાઓને ઘરે બેઠા લાભ થાય છે. ૯૦ ટકા પ્રોવિઝનલ રિફંડની જોગવાઇ છે અને એક અઠવાડિયામાં રિફંડ પણ આપવામાં આવે છે. રેટ નેશનલાઇઝેશનના પગલે ઇનવર્ટ ડ્યૂટીના સ્ટ્રક્ચરમાં પણ સુધારા થયા છે અને એના આધારે જી.એસ.ટી. ભરનારા કરદાતાઓમાં પણ એક આશા જાગી છે. જી.એસ.ટી. રજિસ્ટ્રેશન માટે હમણાં જામગનર, આણંદ અને વડોદરા માટે નવા જી.એસ.ટી. કેન્દ્ર માટે ગુજરાત સરકારે જોગવાઇ કરી છે. જામનગરમાં નવા જી.એસ.ટી. કેન્દ્રની શરૂઆત થઇ ગઇ છે. અગાઉ બે-ચાર જિલ્લા વચ્ચે એક જી.એસ.ટી. સેવા કેન્દ્ર હતું તેની જગ્યાએ જિલ્લાવાર સેવા કેન્દ્ર માટે જોગવાઇ પણ સરકારશ્રી દ્વારા કરવામાં આવી છે.

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ જી.એસ.ટી. રિફોર્મ થવાના કારણે આ વખતે ગુજરાતની પ્રજાએ બે વાર દિવાળી ઉજવી છે તેના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણાં વિભાગને અભિનંદન આપું છું. મારા વિજાપુર તાલુકામાં અને ઉંઝા વિસ્તારમાં તમાકુનો પાક વધારે થાય છે. તમાકુની એન્ડ પ્રોડક્ટ સિગારેટ અને ગુટકા પર ૪૦ ટકા જી.એસ.ટી. થાય તેના પર કોઇ વાંધો નથી પણ ખેડૂત જે તમાકુ પકવે છે તેને પાંચ ટકા જી.એસ.ટી. ભરવો પડે છે તેમાં પણ વાંધો નથી. ખેડૂતના ખેતરમાં તમાકુનું સ્પિનિંગ કરીને વેચવાલાયક કરે છે તેના પર ૨૮ જી.એસ.ટી. કર્યો છે. તેમાં ટૅક્નિકલ વ્યાખ્યાની રજૂઆત કેન્દ્ર સરકારમાં ગુજરાત સરકાર કરવા માગે છે કે કેમ?

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. તે સૂચનને ધ્યાને લેવામાં આવશે.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જી.એસ.ટી. ચોરી બાબતે કેટલી ફરિયાદ અથવા માહિતી મળી તેના જવાબમાં નવ ફરિયાદ અથવા માહિતી મળી છે. મારો પ્રશ્ન એ છે કે, ઉક્ત વર્ષોમાં બંને જિલ્લામાં વિભાગે સામે ચાલીને કેટલી સુઓમોટો રેડ પાડી? અને કેટલી રીકવરી થઇ? મારો બીજો પ્રશ્ન એ છે કે, અનેક જગ્યાએ જી.એસ.ટી. ચોરીની એક મોડસ ઓપરેન્ડી છે કે ટર્નઓવર ખૂબ મોટું હોય પણ જી.એસ.ટી. નંબર ન લીધો હોય તેવા કેટલા અનરજિસ્ટર્ડ ડીલરોને પકડવામાં આવ્યા અને તેમાં કેટલી રકમની રીકવરી થઇ?

શ્રી કમલેશભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૨ જગ્યાએ રેડ કરવામાં આવી. તેમાં ૩.૧૩ કરોડ ૨૧ લાખ ૩ હજાર ૬૧૧ની રીકવરી કરવામાં આવી. વર્ષ ૨૦૨૫-૨૬માં ૩ રેડ કરવામાં આવી. તેમાં ૩.૧ કરોડ ૧૫ હજાર ૭૭૨ની કરચોરીની રકમ સરકારની તિજોરીમાં જમા કરવામાં આવી.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વન નેશન-વન ટેક્સના હિસાબે જી.એસ.ટી. કાઉન્સિલ દ્વારા બધા નિર્ણયો લેવામાં આવે છે. ડૉ. સી.જે.ચાવડા એ જે પ્રશ્ન કર્યો તે અમે જી.એસ.ટી. કાઉન્સિલમાં રજૂ કરવાના છીએ કે, આ ખેડૂતોની ડાયરેક્ટ પ્રોડક્ટ છે. શ્રી ગોપાલભાઇએ જે કહ્યું તેના વિશે જણાવું તો સમગ્ર ભારતમાં જી.એસ.ટી.નો રીકવરી રેટ ૮ ટકા છે, જ્યારે ગુજરાત રાજ્યનો રીકવરી રેટ ૧૩ ટકા છે. આપણો જી.એસ.ટી. વિભાગ ખૂબ સારી રીતે કામ કરી રહ્યો છે.

સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના

* **15/8/2990શ્રીસંદીપ દેસાઇ** (ચોર્યાસી) :**માનનીયસામાજિકન્યાયઅનેઅધિકારીતામંત્રીશ્રી**જણાવવાકૃપાકરશેકે :-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૭૯
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૭૯
(૩)	કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૪૧,૭૫,૦૦૦/-

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દિવ્યાંગ લગ્ન સહાય યોજના હેઠળ તાજેતરનાં વર્ષોમાં કયા કયા સુધારાઓ કરવામાં આવેલ છે?

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧૯/૧૦/૨૦૨૦ના રોજ દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં લગ્ન કર્યાની તારીખથી બે વર્ષ સુધીમાં આ યોજના અંતર્ગત રજિસ્ટર કરાવવાનું રહેશે. આ લગ્ન થાય છે ત્યારે મેરેજ સર્ટિફિકેટ પણ જમા કરવાનું રહેશે. અગાઉના ઠરાવ પ્રમાણે તા.૧૬/૦૩/૨૦૨૨થી લગ્નની કંકોતરી અથવા સંયુક્ત ફોટો રદ કરવામાં આવ્યો છે. આ દિવ્યાંગ લગ્ન સહાયની રકમ રૂ.૫૦ હજારથી વધારીને રૂ.૭૫ હજાર કરવામાં આવી છે.

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો પ્રશ્ન છે ત્યારે મારે આ સન્માનનીય સભાગૃહને જણાવવું છું કે, સુરત શહેરમાં એક એન.જી.ઓ. ન્યુ નેવી સ્પોર્ટસ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા દિવ્યાંગ અપરણિત મેળો યોજવામાં આવ્યો હતો. તેમાં ૧૨૦ કરતાં વધારે યુવક/યુવતીઓએ ભાગ લીધો હતો. ત્રણ યુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. તે ખૂબ જ અવિસ્મરણીય પ્રસંગ હતો. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની કાર્યપદ્ધતિ શું છે અને તેમાં અરજી કરવા માટે કયા કયા દસ્તાવેજો કે પુરાવાઓ આપવા જરૂરી છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, દિવ્યાંગ લગ્ન સહાય યોજનામાં લાભ મેળવવા માટે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર એપ્લાય કરવું જરૂરી છે. જો ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર એપ્લાય ન કરી શકે તો જિલ્લા સમાજ સુરક્ષા કચેરી ખાતે પણ જઈ શકે છે. ડી.બી.ટી. દ્વારા આ રકમ જમા કરવાની હોવાથી બેંકમાં એકાઉન્ટ હોવું જરૂરી છે. અન્ય જરૂરી દસ્તાવેજોમાં રહેઠાણના પુરાવા જેવા કે, રાશનકાર્ડ, વીજળી બિલ, ડ્રાઇવિંગ લાયસન્સ, આધાર કાર્ડ, ચૂંટણી કાર્ડ પૈકી કોઇપણ એક હોવું જરૂરી છે. સાથે જ કન્યા-કુમાર શાળાનું એલ.સી. હોવું જરૂરી છે અને લગ્ન નોંધણી પ્રમાણપત્ર પણ હોવું ખૂબ જરૂરી છે.

નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય

*** 15/8/2995 ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ)**: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૧૭૭૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૬૯૦
(૩)	તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી?	(૩)	રૂ.૧,૧૧,૫૨,૦૦૦/-

ડૉ. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે પરંતુ હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા જિલ્લામાં નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને જે આર્થિક સહાય યોજનાનો લાભ આપવામાં આવે છે એમાં અરજદારને એકવીસ વર્ષનો પુત્ર હોય તો તેને આ લાભ મળવાપાત્ર છે કે કેમ? અને પતિ-પત્ની બંનેની ઉંમર ૬૦ વર્ષ કે તેથી વધુ હોય તો એ બંનેને આ યોજના થકી લાભ મળી શકે કે કેમ?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, જો અરજદાર ગરીબી રેખાની યાદીમાં આવતા હોય એટલે કે ૦ થી ૨૦માં આવતા હોય તો એનો પુત્ર હોય તેમ છતાં પણ આ પેન્શનનો લાભ મળે છે. સાથે જ દિવ્યાંગ પુત્ર હોય અથવા માનસિક રીતે અસ્થિર હોય, દિવ્યાંગ હોય તો પણ પતિ-પત્નીને આ લાભ મળી શકે છે. આ લાભ પતિ-પત્ની બંનેને મળી શકે છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નિરાધાર વૃદ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે? અને આ સહાય માત્ર ડી.બી.ટી. ધોરણે જ આપવામાં આવે છે કે અન્ય કોઇ પ્રકારે પણ આપવામાં આવે છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સહાય ચૂકવવામાં આવે છે એ માત્ર ડી.બી.ટી. દ્વારા ચૂકવવામાં આવે છે. સાથે-સાથે આ યોજના હેઠળ ૬૦ વર્ષથી ૭૯ વર્ષની ઉંમર સુધીના લાભાર્થી હોય તો રૂ.૧૦૦૦ હજાર ચૂકવવામાં આવે છે. ૮૦ વર્ષ કે તેથી વધુ ઉંમર હોય તો રૂ.૧૨૫૦ ચૂકવવામાં આવે છે. સાથે સાથે નિરાધાર, દિવ્યાંગ ૪૫ વર્ષના હોય તો પણ એમને આ સહાય ચૂકવવામાં આવે છે.

મહેસાણા જિલ્લામાં ગ્રાન્ટ ઈન એઈડ કુમાર છાત્રાલયો

***15/8/2964શ્રી મુકેશકુમાર દ્વારકાદાસ પટેલ** (મહેસાણા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપાકરશે કે: -

તારાંકિત પ્રશ્નો

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ કુમાર છાત્રાલયો કેટલા છે, અને</td><td>(૧)
<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકા</th><th>કુમાર છાત્રાલયની સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>મહેસાણા</td><td>૩</td></tr>
<tr><td>૨</td><td>ખેરાલુ</td><td>૧</td></tr>
<tr><td>૩</td><td>વિજાપુર</td><td>૨</td></tr>
<tr><td>૪</td><td>કડી</td><td>૨</td></tr>
<tr><td>૫</td><td>વિસનગર</td><td>૦</td></tr>
<tr><td>૬</td><td>વડનગર</td><td>૦</td></tr>
<tr><td>૭</td><td>બેચરાજી</td><td>૨</td></tr>
<tr><td>૮</td><td>સતલાસણા</td><td>૦</td></tr>
<tr><td>૯</td><td>જોટાણા</td><td>૧</td></tr>
<tr><td>૧૦</td><td>ઊંઝા</td><td>૧</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૧૨</td></tr>
</table></td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ ઉક્ત છાત્રાલયોમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?</td><td>(૨)
<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકા</th><th>કુમાર છાત્રાલયની પ્રવેશ સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>મહેસાણા</td><td>૩૬</td></tr>
<tr><td>૨</td><td>ખેરાલુ</td><td>૨૧</td></tr>
<tr><td>૩</td><td>વિજાપુર</td><td>૫૨</td></tr>
<tr><td>૪</td><td>કડી</td><td>૫૬</td></tr>
<tr><td>૫</td><td>વિસનગર</td><td>૦</td></tr>
<tr><td>૬</td><td>વડનગર</td><td>૦</td></tr>
<tr><td>૭</td><td>બેચરાજી</td><td>૦</td></tr>
<tr><td>૮</td><td>સતલાસણા</td><td>૦</td></tr>
<tr><td>૯</td><td>જોટાણા</td><td>૦</td></tr>
<tr><td>૧૦</td><td>ઊંઝા</td><td>૦</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૧૬૫</td></tr>
</table></td></tr>
</table>

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયોમાં સરકારશ્રી તરફથી કેટલા પ્રકારની ગ્રાન્ટ મળે છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિના છાત્રાલયો માટે સરકાર તરફથી મુખ્યત્વે ત્રણ ગ્રાન્ટમાંથી પ્રથમ ગ્રાન્ટ જે છે એ નિભાવ ગ્રાન્ટ છે. એટલે કે જે સ્વૈચ્છિક સંસ્થાઓએ છાત્રાલય શરૂ કર્યું એમને છાત્રાલયની માન્ય સંખ્યાના પ્રમાણમાં છાત્ર દીઠ રૂ. ૨૧૬૦ની મર્યાદામાં દસ માસ માટે નિભાવ ગ્રાન્ટ આપવામાં આવે છે. આ નિભાવ ગ્રાન્ટમાંથી બાળકોના નિભાવ અને ભોજન પાછળ ખર્ચ કરવામાં આવે છે. આ નિભાવ ગ્રાન્ટનો દર રૂ. ૨૧૬૦નો છે પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૨૬–૨૭માં આ બજેટમાં આનો સમાવેશ કરીને દરમાં રૂ.૩૪૦નો વધારો કરીને કુલ રૂ.૨૫૦૦ કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિના આ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયનું પ્રથમ શૈક્ષણિક સત્ર જૂન ૨૦૨૬ની આસપાસ શરૂ થાય છે અને દિવાળીના વેકેશનમાં નવેમ્બર ૨૦૨૫ની આસપાસ શરૂ થાય છે. એકાદ બે માસ, શાળાને જૂન માસમાં પુનઃ શરૂ થાય છે ત્યારે નિભાવ ગ્રાન્ટ વર્ષમાં દસ માસ માટે ચૂકવવામાં આવે છે. બીજી ગ્રાન્ટ કર્મચારીની વેતન ગ્રાન્ટ છે. કર્મચારીની વેતન ગ્રાન્ટમાંથી તારીખ ૮મી એપ્રિલ ૨૦૨૨ના ઠરાવ મુજબ હાલમાં વેતન ચૂકવવામાં આવે છે. તેમાં સરકારશ્રીએ જે દર નિયત કર્યા છે એના ૯૦ ટકા રકમ સરકારશ્રી દ્વારા અને ૧૦ ટકા સંસ્થા પોતે સહયોગ કરીને ઉમેરે છે. આમ, નિયત કરેલ ફિક્સ વેતન ચૂકવવામાં આવે છે જેમાં સ્નાતક ગૃહપતિને કુલ રૂ. ૧૦,૦૦૦/– નોન ગ્રેજ્યુએટ ગૃહપતિને રૂ. ૯૦૦૦/– મુખ્ય રસોઈયાને રૂ. ૬૦૦૦/–, મદદનીશ રસોઈયાને રૂ. ૫૦૦૦ અને ચોકદારીને રૂ. ૫૦૦૦/– ચૂકવવામાં આવે છે. બીજી એક મકાન ભાડા ગ્રાન્ટ છે. તારીખ ૮મી એપ્રિલ ૨૦૨૨ના ઠરાવ મુજબ સંસ્થાઓને નીચે મુજબના મકાન ભાડા ચૂકવવા ઠરાવેલ છે. એમાં પંચાયત વિસ્તાર માટે વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦/–

નગરપાલિકા વિસ્તાર માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૧૪૦/– અને મહાનગરપાલિકા માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૧૮૦/– ચૂકવવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મહેસાણા જિલ્લામાં બેચરાજીમાં બે છાત્રાલયો છે. ઊંઝામાં એક છાત્રાલય છે અને જોટાણામાં એક છાત્રાલય છે. ટોટલ ચાર છાત્રાલયોમાં એકપણ સંખ્યા નથી. એકપણ સંખ્યા ન હોવાનું કારણ શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મહેસાણા જિલ્લાના કુલ આઠ સ્થગિત છાત્રાલયો છે. એમાંથી કુલ છ છાત્રાલયના મકાન જર્જરિત હાલતમાં હોઇ, અદ્યતન સુવિધા માટે રીનોવેશનની કામગીરી ચાલુ હોવાના કારણોસર, એક છાત્રાલય ઓછા છાત્રોના પ્રવેશના કારણોસર તથા એક છાત્રાલય શાળા બંધ થયેલ હોવાના કારણોસર સ્થગિત રાખેલ છે.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ કુમાર છાત્રાલયોમાં છેલ્લાં પાંચ વર્ષના ખર્ચની વિગત શું છે અને સુબેદાર રામજી આંબેડકર ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માટેનાં ધોરણો શું છે?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ કુમાર છાત્રાલયોમાં છેલ્લાં પાંચ વર્ષમાં કેટલો ખર્ચ થયો છે તે અંગેનો પ્રશ્ન પૂછયો છે તો તેના જવાબમાં જણાવું કે, વર્ષ ૨૦૨૧–૨૨માં રૂ. ૨૪.૭૫ લાખ, વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ. ૨૩.૩૮ લાખ, વર્ષ ૨૦૨૩–૨૪માં ૨૨.૫૬ લાખ, વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ. ૨૧.૩૫ લાખ અને વર્ષ ૨૦૨૫–૨૬માં રૂ.૧૫.૧૨ લાખનો ખર્ચ થયેલ છે. એમ કુલ મળી રૂ. ૧૦૭.૧૬ લાખનો ખર્ચ થયેલ છે. સ્થાનિક બાળકોના પ્રવેશના ધોરણોમાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઇન એઇડ છાત્રાલયોમાં અનાથ, વિધવા, ત્યકતાનાં બાળકો, પછાત વર્ગમાં પણ અતિપછાત વર્ગનાં બાળકો, જે વાલીઓ પોતાના ગુજરાન માટે બહારગામ મજૂરીએ જતા હોય એવાં વાલીઓનાં બાળકોને તેમજ સામાન્ય રીતે અસ્થિર રીતે જીવન જીવતા વાલીઓનાં બાળકોને ગામમાં માધ્યમિક શાળાઓ હોવા છતાં જે વિદ્યાર્થીઓ પ્રવેશમાંથી વંચિત રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે. બીજું, ધોરણ એ છે કે, અનુસૂચિત જાતિ માટે સો ટકા આ છાત્રાલયની વ્યવસ્થા છે પરંતુ જ્યારે અનુસૂચિત જાતિના વિદ્યાર્થી જો પ્રાપ્ત ના હોય તો બાકીના ૪૦ ટકામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને અનુસૂચિત જનજાતિના દસ ટકાને પ્રવેશ આપવામાં આવે છે.

બનાસકાંઠાજિલ્લામાં સત્યવાદીરાજાહરિશચંદ્રમરણોત્તર સહાય

***15/8/2973 શ્રી સરદારભાઈશામળભાઈચૌધરી** (ખેરાલુ) :

માનનીયસામાજિકન્યાયઅનેઅધિકારીતામંત્રીશ્રી જણાવવાકૃપાકરશેકે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સત્યવાદી રાજા હરિશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૫૬૧
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૫૭
(૩)	તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	રૂ. ૨૭,૮૫,૦૦૦/–

શ્રી સરદારભાઈ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર મરણોત્તર યોજના હેઠળ લાભ લેવા માટેની અને સહાય ચૂકવવાની કાર્યપદ્ધતિ શું છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનો મુખ્ય હેતુ ગરીબ પરિવારના સભ્યનું મૃત્યુ થાય અને આ ગરીબ પરિવારને અંતિમવિધિ માટે નાણાં સહાય મળે એ માટેની આ યોજના છે. ખાસ કરીને જ્યારે સભ્યશ્રીએ પૂછ્યું છે કે એની કાર્યપદ્ધતિ શું છે તો તેના જવાબમાં જણાવું તો અરજદારે કુટુંબના સભ્યનું મૃત્યુ થયા બાદ ૬ મહિનામાં ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર ઓનલાઇન અરજી કરવાની રહે છે. સંબંધિત તાલુકાના સમાજ નિરીક્ષક દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરીને સક્ષમ અધિકારીના અભિપ્રાય સાથે મોકલવાની રહે છે. શહેરી લાભાર્થીઓની અરજીઓ સંબંધિત જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા મંજૂર કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓની અરજીઓ સંબંધિત સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયત દ્વારા મંજૂર કરવામાં આવે છે. જિલ્લા કક્ષાના અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને ડી.બી.ટી. દ્વારા ૫ હજાર રૂપિયાની રકમ સહાય તરીકે ચૂકવવામાં આવે છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગીશ કે આ યોજનાની પાત્રતાના માપ–દંડ શું હોય છે?

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના છે એ ખાસ કરીને અનુસૂચિત જાતિના જે લોકો છે એમના માટે છે એટલે એ અનુસૂચિત જાતિના હોવા જરૂરી છે. અરજદારની આવક મર્યાદા ગ્રામ્ય કે શહેરી વિસ્તાર માટે રૂપિયા ૬ લાખથી વધારે ન હોવી જોઇએ. મત્યુના ૬ માસની સમયમર્યાદામાં અરજી કરવાની રહે છે. અવસાન પામેલ વ્યક્તિનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ડેથ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહે છે. મૃત્યુ પામેલ વારસદારની બેન્ક પાસબુકની નકલ રજૂ કરવાની રહે છે.

તારાંકિત પ્રશ્નો

પંચમહાલ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

***15/8/2944શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

	પ્રશ્ન		જવાબ
	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત કરતા વધારે કિમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી?		તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત કરતા વધારે કિમત વસૂલ કરવા બાબતે કુલ–૧૭ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, અમારા પંચમહાલ જિલ્લામાં જિલ્લા કાનૂની માપ વિજ્ઞાન તંત્ર દ્વારા ૧૭ જેટલા એકમો ઉપર કાર્યવાહી કરી છે. ૧૭ એકમોમાં કયા પ્રકારના એકમો સામે કાર્યવાહી કરેલ છે અને કેટલી રકમ માંડવાળ ફી તરીકે વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે ગ્રાહકને વિશેષાધિકાર આપ્યો છે એ પ્રમાણે કોઇપણ વસ્તુનું પેકિંગ કર્યું હોય ત્યારે પેકિંગમાં મૂળ કિમતમાં છેકછાક કરી શકાતી નથી. જો છેકછાક કરે તો ગુનો લાગુ પડે છે. મૂળ કિમત છાપેલી છે એનાથી વધારે લે તો એની સામે દંડ વસૂલ કરવામાં આવે છે અને એક કરતાં વધારે વાર ગુનો કરે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. પંચમહાલ જિલ્લામાં હાઇવે પરની હોટેલોને ચેક કરતાં ૩ જેટલા કેસો થયેલા છે. જેમાં રૂપિયા ૨૧ હજાર જેટલી રકમ વસૂલાત કરવામાં આવી છે. આ ઉપરાંત દૂધ અને દૂધની બનાવટોના ૯ જેટલા કેસો કરેલા છે અને એમાં રૂપિયા ૨૯ હજાર જેટલી રકમ વસૂલ કરેલ છે. આ ઉપરાંત રેલવે અને એસ.ટી. સ્ટેન્ડ ઉપર પણ તપાસ કરીને એના ૫ કેસો થયેલ છે અને રૂપિયા ૧૦ હજાર જેટલી રકમ વસૂલ કરેલ છે. કુલ ૧૭ કેસમાંથી રૂપિયા ૬૦ હજારની રકમ પંચમહાલ જિલ્લામાં છાપેલી કિમતમાં છેકછાક કરેલ છે એના માટે વસૂલ કરવામાં આવેલ છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, પેકેટ ઉપર કયા પ્રકારના નિર્દેશો હોવા જોઇએ અને નિયમના ભંગ બદલ એને કયા પ્રકારના દંડની જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કોઇપણ જ્યારે પેકિંગ કરેલ વસ્તુ બજારમાં વેચાવા આવે છે ત્યારે કેન્દ્ર સરકારના નિયમ મુજબ જે વસ્તુ છે એ વસ્તુ કોણે બનાવી છે એ બનાવનારનું નામ, પેકિંગ કરનારાનું નામ, સરનામું, બજારની વેચાણ કિમત, પેકિંગનું માસ અને વર્ષ, એક્સપાયરી ડેટ લખવામાં આવે છે. એના ઉપર ચોક્કસ વજન દર્શાવવામાં આવે છે. આ સાથે જેણે પેકિંગ કર્યું છે એનો કસ્ટમર કેર નંબર લખવો જરૂરી છે જો આ બધું નિયમ મુજબ હોવું જરૂરી છે અને એમાં જો ફેરફાર કરે તો કાયદાની કલમ મુજબ રૂપિયા ૫ થી ૫૦ હજાર સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી છે. ટૂંકમાં આટલા નિયમો પાળવા પડે છે.વિશેષ કહું તો અમારી રાજ્ય કક્ષાની હેલ્પલાઇન નંબર અને નેશનલ હેલ્પલાઇન નંબર પ્રમાણે ફરિયાદો મળી એના ઉપર ખૂબ સારી કામગીરી કરવામાં આવી છે. ટૂંકમાં ગ્રાહકને પુરતો સંતોષ મળે તે પ્રકારની કામગીરી અમારા વિભાગ દ્વારા કરવામાં આવે છે.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જણાવ્યા મુજબ ૧૭ એકમો સામે ફરિયાદ કરવામાં આવી છે. પરંતુ સિનેમાગૃહો, ફાઇવસ્ટાર હોટલ કે મોટા મોલ હોય છે એમાં પાણીની બોટલની કિમત રૂ.૫૦, રૂ.૧૦૦ જેવી છાપેલી કિમત કરતા ખૂબ ઊંચી કિમતે વેચાણ કરતા હોય છે તો સરકાર દ્વારા સુઓમોટો લઇને આવી કોઇ જગ્યાએ તપાસ કરવામાં આવેલ છે કે કેમ? અને જો તપાસ કરવામાં આવી હોય તો સિનેમાગૃહો ઉપર કોઇ પગલાં લીધાં છે કે કેમ?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગ દ્વારા સમગ્ર ગુજરાતમાં સતત અવાર–નવાર મોલ હોય ત્યાં પણ અમે ચેક કરાવીએ છીએ. આ વર્ષ દરમ્યાન તા.૩૧/૧૨/૨૦૨૫ સુધીમાં કુલ ૧૨૦ જેટલા વેપારી એકમો સામે આવી વિવિધ જગ્યાએ વિભાગ દ્વારા તપાસ થઇ છે અને રૂ.૪,૦૪,૦૦૦ જેટલો દંડ પણ વસૂલ કર્યો છે. હમણાં મેચ હતી ત્યારે પણ વિભાગ દ્વારા કામગીરી કરીને એ સમયમાં ૯ જેટલા સ્ટોલની તપાસ કરીને રૂ.૪૨,૦૦૦ જેટલા દંડની વસૂલાત કરી છે. ટૂંકમાં અમારો વિભાગ ગ્રાહકને કાંઇ તકલીફ ના પડે એ પ્રકારે વિભાગની કામગીરી સતત ચાલુ રહે છે. વિશેષ વાત કરું તો હમણાં ગેસના વિષયમાં બે દિવસ પહેલા એક હેલ્પલાઇન નંબર જાહેર કરીને કોઇપણ વ્યક્તિને જો તકલીફ પડે તો સીધો સંપર્ક કરે તો લગભગ સાહેબ, ત્રણ દિવસમાં એટલે કે ૧૪, ૧૫ અને ૧૬ તારીખ સુધીમાં ૪૩૦૮ જેટલા લોકોએ સંપર્ક કર્યો અને એમને સંતોષ પણ આપ્યો અને એની ખૂબ સારી ઇમ્પેક્ટ પણ જોવા મળી છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દવાઓના પેકિંગ ઉપર ભાવ વધારે બતાવવામાં આવે છે અને વેપારીઓ કન્સેશન આપતા હોય છે તો એમાં શું કાર્યવાહી કરવામાં આવે છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં હજુ સુધી કોઇ ફરિયાદ આવી નથી. અત્યારે મારી પાસે માહિતી નથી પણ જો આવી ફરિયાદ આવી હશે તો હું તે માહિતી મેજ ઉપર મૂકીશ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ખાદ્ય પદાર્થા પેકેટ કે ઠંડા પીણાંની બોટલ હોય એના પર એક્સપાયરી ડેટ છાપેલી જ હોય છે તો આવી એક્સપાયરી ડેટ પછીનો માલ વેચતા હોય તો એના માટે આ વિભાગ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવે છે કે કેમ?

શ્રી રમણભાઇ ભી. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું એ પ્રમાણે અમે દરેક કિસ્સામાં કંપની જે કંઇ પેકિંગ કરે છે ત્યારે દરેક બાબતો વિશેષ ધ્યાનમાં લેવામાં આવે છે અને એમાં જો કોઇ વ્યકિત આની અંદર પકડાય તો રૂ.૫,૦૦૦થી લઇને રૂ.૫૦,૦૦૦ સુધીનો દંડ અને બીજીવાર જો એ કંપનીનું પેકિંગ પકડાય તો એની સામે કોર્ટની કાયદેસરની કાર્યવાહી પણ અમે કરીએ છીએ.

અમરેલી જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

***15/8/2986:શ્રીજયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા** (ધારી):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા**

મંત્રીશ્રીજણાવવાકૃપા કરશે કેઃ–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની ગણવેશ સહાયની અરજીઓ મળી,	(૧)	૭૭,૮૨૬
(૨)	તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૭૭,૮૨૬
(૩)	તે પેટે કેટલી રકમની ગણવેશ સહાય ચૂકવવામાં આવી?	(૩)	રૂ.૭.૦૦૪૩ કરોડ

શ્રી જે. વી. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષ ૨૦૨૫–૨૬ અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતિ જાતિના તાલુકાવાર વિદ્યાર્થીઓની અરજી કેટલી મળી? અને તાલુકાવાર કેટલી ગણવેશ સહાય ચૂકવામાં આવી ?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ વિકસતિ જાતિના વિદ્યાર્થીઓની તાલુકાવાર મળેલ અરજીઓ તથા ગણવેશ સહાયની વાત કરું તો અમરેલી તાલુકો ૮,૩૫૧ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૭૫.૧૬ લાખ. બાબરા તાલુકો ૧૦,૦૭૫ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાય રકમ રૂ.૯૦.૬૮ લાખ. બગસરા તાલુકો ૫,૨૪૮ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૪૭.૨૩ લાખ. ધારી તાલુકો ૪,૯૦૧ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૪૪.૧૧ લાખ. જાફરાબાદ તાલુકો ૧૦,૨૧૧ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૯૧.૯૦ લાખ. ખાંભા તાલુકો ૬,૧૯૮ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૫૫.૭૮ લાખ. કુકાવાવ તાલુકો ૧,૫૩૪ અરજીઓ મળેલી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૧૩.૮૨ લાખ.લાઠી તાલુકો ૫૭૩૮ અરજી અને ચૂકવેલ સહાય રૂપિયા ૫૧.૬૪ લાખ, લીલીયા તાલુકો ૨૦૫૭ અરજી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૧૮.૫૧ લાખ, રાજુલા તાલુકો ૧૬૦૪૫ અરજી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ.૧૪૪.૪૧ લાખ અને સાવરકુંડલા તાલુકો ૭૪૬૮ અરજી અને ચૂકવેલ ગણવેશ સહાયની રકમ રૂ. ૬૭.૨૧ લાખ. એટલે ૭૭,૮૨૬ વિદ્યાર્થીઓને રૂપિયા ૭ કરોડ ૪૩ હજારની ગણવેશ સહાય ચૂકવવામાં આવેલ છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, શાળામાં ભણતાં બાળકોને ગણવેશ સરળતાથી કેવી રીતે મળી રહે તેના માટે સરકારશ્રી તરફથી શું વ્યવસ્થા કરવામાં આવી છે ?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ધોરણ–૧થી ૮માં અભ્યાસ કરતા વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને વાર્ષિક આવકમર્યાદાને ધ્યાને લીધા સિવાય ગણવેશ માટે રૂપિયા ૯૦૦ની જે ગણવેશ સહાય આપવામાં આવે છે તે વર્ષ ૨૦૧૭–૧૮થી શિષ્યવૃત્તિ સહાય યોજનાઓના સરળીકરણ માટે સાયન્સ અને ટૅકનૉલૉજી વિભાગ તેમજ નેશનલ ઇન્ફોર્મેટિક સેન્ટરના માર્ગદર્શન હેઠળ વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને મળતી તમામ પ્રકારની સહાય યોજનાઓ ગુજરાત સરકારના ડિજિટલ ગુજરાત પોર્ટલની વેબસાઇટ Digitalgujarat.gov.in ઉપરથી પ્રાથમિક શાળા, માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન જે તે કેટેગરીના વિદ્યાર્થીઓની દરખાસ્ત મેળવી જિલ્લા કક્ષાએ ઓનલાઇન દરખાસ્તોની ચકાસણી કરી તેને મંજૂર કરવી, તેના ઓનલાઇન બિલ બનાવવા અને જિલ્લા તિજોરીમાં બિલ મોકલી મંજૂર કરેલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ સહાય છે તે સીધા વિદ્યાર્થી અથવા વાલીના જે વેરીફાઇ થયેલ બેન્ક એકાઉન્ટ છે તે બેન્ક એકાઉન્ટમાં ડાયરેકટ બેનીફિટ ટ્રાન્સફર દ્વારા ઇ–પેમેન્ટથી જમા કરાવવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2885શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ

ગીર સોમનાથ જિલ્લો

તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
ગીર ગઢડા	૨૫	૦
કોડીનાર	૧૮	૦
સુત્રાપાડા	૧૧	૧
તલાલા	૦૮	૦
ઉના	૫૪	૨
વેરાવળ	૩૬	૨
કુલ	**૧૫૨**	**૫**

જુનાગઢ જિલ્લો

તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
ભેસાણ	૦	૦
જુનાગઢ	૧૦	૩
કેશોદ	૧૩	૨
માળીયા (હા)	૧૦	૨
માણાવદર	૨૪	૦
માંગરોળ	૧૧	૦
મેંદરડા	૧૭	૧
વંથલી	૨૦	૧
વિસાવદર	૨	૦
કુલ	**૧૦૭**	**૯**

(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ, જૂનાગઢ જિલ્લા અને તાલુકામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાની કેટલી ઘટ છે? ત્યારે મને જવાબ દેવામાં આવ્યો કે પ્રાથમિક શાળામાં ૧૫૨ ઓરડાની ઘટ છે અને માધ્યમિકમાં ૫ ઓરડાની ઘટ છે. જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ૧૦૭ ઓરડાની ઘટ છે અને માધ્યમિકમાં ૯ ઓરડાની ઘટ અને ઉપરકોટમાં પૂછવામાં આવ્યું કે કેટલા સમયમાં બનાવવામાં આવશે? તો ખાસ કરીને હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ચાલુ નાણાકીય વર્ષમાં ઓરડા માટે કેટલી રકમ ફાળવવામાં આવી? અને તેના માટેની કોઇ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી છે કે કેમ?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જેમ જણાવ્યું તે પ્રમાણે પ્રથમ ગીર સોમનાથ જિલ્લામાં ૭૮ વર્ગ ખંડો નાબાર્ડની લોનની નાણાકીય સહાય માટે રજૂ કરેલ છે તથા રાજય સરકારના વર્ષ–૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે રજૂ કરેલ છે. બાકીના જે વર્ગખંડો છે તેનું આયોજન આગામી સમયમાં કરેલું છે. જે જૂનાગઢ જિલ્લાના ઉકત ૧૦૭ વર્ગખંડો છે તે પૈકી તમામ વર્ગખંડો નાબાર્ડની લોનની નાણાકીય સહાય માટે રજૂ કરેલ છે તથા રાજય સરકારના વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે રજૂ કરેલ છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા અલગ અલગ શાળાઓના ઓરડાઓ ખૂબ સરસ રીતે બનાવવામાં આવ્યા છે અને તે અંતર્ગત

ફાલ્ગુન ૨૬, ૧૯૪૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ચાલુ બાંધકામ માટેની ગુણવત્તા જળવાય તે માટે તેમના શું નિયમો છે? અને એ સાથે આની અંદર જો કોઇ પણ જાતની ગેરરીતિ થાય તો તેમની અંદર કઇ જાતનાં પગલાં લેવામાં આવે છે?

અધ્યક્ષશ્રી : તપાસ કરાવી અને તેની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે બીજું શું?

ડૉ. પ્રધુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તા...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

પીએમ પોષણ યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા વિદ્યાર્થી દીઠ દૈનિક પ્રમાણ

15/8/2053: શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ (સોજિત્રા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: –

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ પીએમ પોષણ યોજના અંતર્ગત ભારત સરકારદ્વારા ફાળવવામાં આવતા અનાજનું વિદ્યાર્થીદીઠ દૈનિક પ્રમાણ કેટલું છે,</td><td>(૧</td><td>તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ પીએમ પોષણ યોજના અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા બાલવાટિકા થી ધોરણ ૫ નાં વિદ્યાર્થીદીઠ પ્રતિ દિન ૧૦૦ ગ્રામ અનાજ (૫૦ ગ્રામ ઘઉં અને ૫૦ ગ્રામ ચોખા) તેમજ ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીદીઠ પ્રતિ દિન ૧૫૦ ગ્રામ અનાજ (૭૫ ગ્રામ ઘઉં અને ૭૫ ગ્રામ ચોખા)નું દૈનિક પ્રમાણ નિયત થયેલ છે.</td></tr>
<tr><td>(૨)</td><td>ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા મટિરિયલ કોસ્ટમાં કેટલો વધારો કરેલ છે,</td><td>(૨</td><td>(અ)તા.૦૧–૦૧–૨૦૨૪ થી તા.૩૧–૧૨–૨૦૨૪ દરમિયાન નિયત થયેલ મટિરિયલ કોસ્ટમાં રાજ્ય સરકાર તરફથી શિક્ષણ વિભાગના તા.૧૧–૦૩–૨૦૨૪ના ઠરાવથી રાજ્ય સરકારના ૧૦૦% હિસ્સામાં સુપોષિત ગુજરાત મિશન હેઠળ નીચે મુજબ વધારો નિયત થયેલ છે.(રકમ રૂપિયામાં)
<table>
<tr><th>ધોરણ</th><th>કુલ મંજુર મટિરિયલ કોસ્ટ</th><th>ભારત સરકારનો હિસ્સો (૬૦% મુજબ)</th><th>રાજ્ય સરકારનો હિસ્સો (૪૦% મુજબ)</th><th>સુપોષિતગુજરાતમિશનહેઠળઅલગથીવધારાની મટિરિયલ કોસ્ટ</th><th>રાજ્ય સરકારનો કુલ હિસ્સો</th></tr>
<tr><td>A</td><td>B</td><td>C</td><td>D</td><td>E</td><td>(D+E)</td></tr>
<tr><td>બાલવાટિકા થી ધોરણ-૫</td><td>૫.૪૫</td><td>૩.૨૭</td><td>૨.૧૮</td><td>૧.૩૪</td><td>૩.૫૨</td></tr>
<tr><td>ધોરણ–૬ થી ૮</td><td>૮.૧૭</td><td>૪.૯૦</td><td>૩.૨૭</td><td>૨.૦૩</td><td>૫.૩૦</td></tr>
</table></td></tr>
</table>

(બ) શિક્ષણ વિભાગના તા.૧૩-૦૨-૨૦૨૫ અને તા.૨૫-૦૯-૨૦૨૫ના ઠરાવથી કેન્દ્ર સરકારના વધારા મુજબ રાજ્ય સરકારે પણ વધારો જાહેર કરેલ છે. જે મુજબ મટિરિયલ કોસ્ટ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.(રકમ રૂપિયામાં)

ધોરણ	કુલ મંજુર મટિરિયલ કોસ્ટ	ભારત સરકારનો હિસ્સો (૬૦% મુજબ)	**રાજ્ય સરકારનો હિસ્સો (૪૦% મુજબ)**	**સુપોષિત ગુજરાત મિશન હેઠળ અલગથી વધારાની મટિરિયલ કોસ્ટ**	**રાજ્ય સરકાર નો કુલ હિસ્સો**
A	B	C	**D**	**E**	**(D+E)**
બાલવાટિકા થી ધોરણ-૫	૬.૭૮	૪.૦૭	**૨.૭૧**	**૧.૩૪**	**૪.૦૫**
ધોરણ-૬ થી ૮	૧૦.૧૭	૬.૧૦	**૪.૦૭**	**૨.૦૩**	**૬.૧૦**

(૩	ઉકત સ્થિતિએ ભારત સરકારે નિયત કરેલ મટિરિયલ કોસ્ટમાં રાજ્ય સરકાર તરફથી કોઇ ફંડ/ફાળો આપવામાં આવે છે કે કેમ, અને	(૩	હા, ભારત સરકારે નિયત કરેલ મટિરિયલ કોસ્ટમાં ૬૦% કેન્દ્રનો હિસ્સો અને ૪૦% રાજ્ય સરકારનો હિસ્સો હોય છે. આ ઉપરાંત રાજ્ય સરકાર ગુણવત્તા વધારવા માટે મટિરિયલ કોસ્ટમાં વધારાનો હિસ્સો પણ આપે છે.
(૪	મટિરિયલ કોસ્ટમાં કઇ કઇ બાબતોનો સમાવેશ થાય છે?	(૪	મટિરિયલ કોસ્ટમાં વિદ્યાર્થીદીઠ પ્રતિ દિન નિયત થયેલ કઠોળ, શાકભાજી, ખાદ્યતેલનાં જથ્થા અને મરી-મસાલા, બળતણ, દળામણનો સમાવેશ થાય છે.

કચ્છ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

15/8/2935શ્રી અનિરૂદ્ધ ભાઈલાલ દવે (માંડવી): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન	**જવાબ**
	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત પર ચેકચાક કરેલ કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી?	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કચ્છ જિલ્લામાં કાનુનીમાપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત પર ચેકચાક કરેલ કુલ-૦૯ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ કન્યા છાત્રાલયો

15/8/2963શ્રી ગૌતમભાઈ ગોપાભાઈ ચૌહાણ (તળાજા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: -

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જાતિના ગ્રાન્ટ ઈન એઈડ કન્યા છાત્રાલયો કેટલા છે, અને	(૧)	

ક્રમ	તાલુકાનુ નામ	કન્યા છાત્રાલયની સંખ્યા
૧	રાજકોટ	૨
૨	પડધરી	૦
૩	ગોંડલ	૦
૪	ઉપલેટા	૧
૫	કોટડા સાંગાણી	૧
૬	જામકંડોણા	૨
૭	જસદણ	૦
૮	વીછીયા	૦
૯	ધોરાજી	૦
૧૦	લોધીકા	૦
૧૧	જેતપુર	૦
કુલ		૬

(૨)	ઉક્ત છાત્રાલયોમાં ઉક્ત સ્થિતિએ કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવેલ છે?	(૨)	

૧	રાજકોટ	૯૨
૨	પડધરી	૦
૩	ગોંડલ	૦
૪	ઉપલેટા	૦
૫	કોટડા સાંગાણી	૨૦
૬	જામકંડોણા	૧૦૪
૭	જસદણ	૦
૮	વીછીયા	૦
૯	ધોરાજી	૦
૧૦	લોધીકા	૦
૧૧	જેતપુર	૦
કુલ		૨૧૬

છોટાઉદેપુર તાલુકાના વરઘી ગામે પ્રાથમિક શાળાના ઓરડાઓ બાબત

15/8/2852 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં છોટાઉદેપુર તાલુકાના વરઘી ગામે પ્રાથમિક શાળાના ઓરડાઓ મંજુર થયા છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામગીરી હાલ કયા તબક્કામાં છે ?	(૨)	હાલ આ કામગીરી સ્થળ સ્થિતિ મુજબ નકશામાં ફેરફાર થતો હોઈ, સુધારેલ નકશા મુજબ ખોદકામ લેવલે છે.

ભાવનગર જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

15/8/2941શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		**જવાબ**
	તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત કરતા વધારે કિમત વસૂલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી?		તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કાનુનીમાપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિમત કરતા વધારે કિમત વસૂલ કરવા બાબતે કુલ-૧૨ વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી.

બનાસકાંઠા જિલ્લામાં સરસ્વતી સાધના યોજના અંતર્ગત સાયકલ આપવા બાબત

15/8/2982:શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ જાડેજા (રાપર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કેઃ-

	પ્રશ્ન		**જવાબ**
જીલ્લાનું નામ	વિનયન	વાણિજ્ય	વિજ્ઞાન	વિનયન અને વાણિજ્ય	વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન	કુલ
રાજકોટ	૨	૦	૨	૨	૦	૬

અમરેલી અને ભાવનગરજિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2887 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ

અમરેલી જિલ્લો		
તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
અમરેલી	૩૭	૩
બાબરા	૧૫	૫
બગસરા	૧૨	૦
ધારી	૧૯	૧
જાફરાબાદ	૨૫	૪
ખાંભા	૭	૮
કુંકાવાવ	૨૩	૦
લાઠી	૨	૯
લીલીયા	૯	૦
રાજુલા	૨૭	૦
સાવરકુંડલા	૫૧	૪
કુલ	**૨૨૭**	**૩૪**

ભાવનગર જિલ્લો		
તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
ભાવનગર	૨૦	૨૯
ગારીયાધાર	૨૨	૦
ઘોઘા	૯	૦
જેસર	૧૩	૪
મહુવા	૩૬	૩૮
પાલીતાણા	૫૪	૯
શિહોર	૫૭	૫
તળાજા	૫૬	૧૫

			ઉમરાળા ૯ ૪ વલ્લભીપુર ૨૧ ૪ **કુલ ૨૯૭ ૧૦૮**
(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓનાં ઓરડાઓ બનાવવા બાબત

15/8/2104 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકાઓના તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં નવા ઓરડાઓ બનાવવા અંગે રાજ્ય સરકારને કેટલી દરખાસ્તો મળેલ છે, અને	(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **તાલુકા** – **સરકારને મળેલ દરખાસ્તો** નખત્રાણા ૧૩૩ અબડાસા ૧૮૯ લખપત ૪૩
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા ઓરડા મંજુર કરવામાં આવેલ છે?	(૨)	**તાલુકા** – **મંજુર કરેલ ઓરડાઓ** નખત્રાણા ૧૦૧ અબડાસા ૧૫૬ લખપત ૩૮

ભરૂચ અને દાહોદ જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2860 શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ભરૂચ અને દાહોદ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ

ભરુચ જિલ્લો

તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
આમોદ	૩	૦
અંકલેશ્વર	૨૪	૩
ભરૂચ	૮	૧
હાંસોટ	૩	૦
જંબુસર	૧૧	૦
નેત્રંગ	૨	૦
વાગરા	૧	૧
વાલિયા	૩	૦
ઝઘડિયા	૦	૦
કુલ	**૫૫**	**૫**

દાહોદ જિલ્લો

તાલુકા	**પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**	**માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા**
દાહોદ	૯૩	૧૧
દેવ.બારિઆ	૮૪	૦
ધાનપુર	૩૨	૧
ફતેપુરા	૫૩	૩

			ગરબાડા	૨૯	૫
			લીમખેડા	૨૫	૦
			સંજેલી	૧૩	૨
			સિંગવડ	૧૧	૦
			ઝાલોદ	૧૫૩	૧
			કુલ	**૪૯૩**	**૨૩**
(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.		

ડાંગ અને વલસાડજિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2896 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ ડાંગ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ **ડાંગ જિલ્લો** **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** આહવા: ૧૪ / ૮ સુબીર: ૩૩ / ૦ વઘઈ: ૧૩ / ૨ **કુલ: ૯૦ / ૧૦** **વલસાડ જિલ્લો** **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** વલસાડ: ૩ / ૦ વાપી: ૧૩ / ૨ પારડી: ૨ / ૦ ઉમરગામ: ૧૭ / ૨ ધરમપુર: ૨૪ / ૬ કપરાડા: ૬૨ / ૨ **કુલ: ૧૨૧ / ૧૨**
(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બંધ કે મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાઓ

15/8/2883 શ્રીશૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા): **માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન		**જવાબ**
(૧)તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,		(૧) **જિલ્લો** / **સરકારી પ્રાથમિક શાળાઓ** અમદાવાદ: ૬૮૭ ગાંધીનગર: ૫૩૩

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કે મર્જ કરવા માટેની દરખાસ્ત રાજ્ય સરકારને મળી, અને		(૨) **સરકારી પ્રાથમિક શાળાઓ** **જિલ્લો** / **તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪**: બંધ કરવા મળેલ દરખાસ્ત; મર્જ કરવા મળેલ દરખાસ્ત / **તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫**: બંધ કરવા મળેલ દરખાસ્ત; મર્જ કરવા મળેલ દરખાસ્ત અમદાવાદ: ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧
(૩) તે પૈકી વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કે મર્જ કરવામાં આવી?		(૩) **સરકારી પ્રાથમિક શાળાઓ** **જિલ્લો** / **તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪**: બંધ કરેલ શાળાઓ; મર્જ કરેલ શાળાઓ / **તા.૦૧/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫**: બંધ કરેલ શાળાઓ; મર્જ કરેલ શાળાઓ અમદાવાદ: ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ ગાંધીનગર: ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦

રાજકોટ જિલ્લામાં મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય

15/8/3014શ્રીમેઘજીભાઇ અમરાભાઇ ચાવડા (કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં બૌદ્ધિક અસમર્થતા ઘરાવતી(મનોદિવ્યાંગ) વ્યક્તિઓને આર્થિક સહાયયોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૫૯૪
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૯૪
(૩)	કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૩૯,૬૩,૦૦૦/–

પાટણ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ

15/8/3019:શ્રીલવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીજણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૬માં પાટણ જિલ્લામાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિકસતી જાતિના કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની અરજીઓ મળી,	(૧)	૧,૧૩,૦૩૬
(૨)	તે પૈકી કેટલા વિદ્યાર્થીઓની અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧,૧૩,૦૩૬
(૩)	તે પેટે કેટલી રકમની શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવી?	(૩)	૩. ૯.૨૨૮૪ કરોડ

અતારાંકિત પ્રશ્નો

વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના

15/8/2976 શ્રીચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૧)	૯૪
(૨)	તે પૈકી કેટલી રકમની લોન આપવામાં આવી?	(૨)	૩.૧૪૧૦.૦૦ લાખ

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

15/8/3040પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ડિગ્રી ઇજનેરીમાં અભ્યાસક્રમ કરતા કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે, અને	(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ડિગ્રી ઇજનેરીમાં અભ્યાસક્રમ કરતા કુલ ૨૨,૬૨૪ વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવેલ છે.
(૨)	તે અન્વયે કેટલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનેકેટલી રકમ ચૂકવવામાં આવી?	(૨)	તે અન્વયે ૧૬,૮૦૩ વિદ્યાર્થીઓને રૂ.૭૩.૪૦ કરોડ અને ૫૮૨૧ વિદ્યાર્થીનીઓને રૂ.૨૫.૬૭ કરોડની સહાય એમ કુલ ૨૨,૬૨૪ લાભાર્થીઓને રૂ.૯૯.૦૭ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.

પંચમહાલ જિલ્લામાં દિકરીના લગ્ન સમયે ૨ લાખની સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

15/8/3007 ડૉ. દર્શીતા શાહ (રાજકોટ પશ્ચિમ)**: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં પાલક માતા પિતા અથવા મુખ્યમંત્રી બાળ સેવા યોજનાની લાભાર્થી દિકરીના લગ્ન સમયે બે લાખ રૂપિયાની સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,	(૧)	૨૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને	(૨)	૨૧
(૩)	તે પેટે કેટલી સહાય ચુકવવામાં આવી ?	(૩)	૩.૪૨,૦૦,૦૦૦/–

અમદાવાદ જિલ્લામાં પેકેજ્ડ કોમોડિટી રૂલ્સ –૨૦૧૧ મુજબ કાર્યવાહી

15/8/2934શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી (કરંજ): **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

પ્રશ્ન	જવાબ
તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કાનુની માપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેજ્ડ કોમોડિટી રૂલ્સ–૨૦૧૧ના નિયમ–૨૭ પ્રમાણે ઉત્પાદક–પેકરોએ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા કેટલા એકમો સામે કાર્યવાહી થયેલ છે, અને કેટલી માંડવાળ ફી વસૂલ કરેલ છે?	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કાનુનીમાપવિજ્ઞાન તંત્ર દ્વારા પેકેજ્ડ કોમોડીટી રૂલ્સ ૨૦૧૧ના નિયમ–૨૭ પ્રમાણે ઉત્પાદક–પેકરોએ રજીસ્ટ્રેશન ન કરાવેલ હોય તેવા કુલ–૩૧ એકમો સામે કાર્યવાહી કરી રૂ.૪,૨૫,૫૦૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચ્ચીસ હજાર પાંચસો પૂરા) માંડવાળ ફી પેટે વસૂલ કરવામાં આવ્યા.

અતારાંકિત પ્રશ્નો

રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય

15/8/3018શ્રી રમેશભાઇ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન			**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,		(૧)	૪૧૩૬
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને		(૨)	૩૯૪૧
(૩)	તે અન્વયે કેટલી રકમ ચૂકવવામાં આવી?		(૩)	૩.૨,૬૮,૭૨,૦૦૦/–

નવસારી અને તાપી જિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2899 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ નવસારી અને તાપી જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ **નવસારી જિલ્લો** **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** ચીખલી ૨૦ ૦ ગણદેવી ૫ ૦ જલાલપોર ૮ ૧ ખેરગામ ૧૦ ૦ નવસારી ૬ ૦ વાંસદા ૧૧ ૧ **કુલ** **૬૦** **૨**
			તાપી જિલ્લો **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** ડોલવણ ૯ ૧ કુકારમુંડા ૧૦ ૧ નિઝર ૭ ૨ સોનગઢ ૬૭ ૮ ઉચ્છલ ૧૪ ૦ વાલોડ ૧૦ ૨ વ્યારા ૧૫ ૦ **કુલ** **૧૩૨** **૧૪**
(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

અતારાંકિત પ્રશ્નો

સુરત અને છોટાઉદેપુરજિલ્લામાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

15/8/2871શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**માનનીય પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે, અને	(૧)	તા. ૩૧-૦૧-૨૦૨૬ની સ્થિતિએ **સુરત જિલ્લો** **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** મહુવા: ૯ / ૦ માંગરોળ: ૧૬ / ૧ બારડોલી: ૧ / ૦ ચોર્યાસી: ૦ / ૦ કામરેજ: ૨ / ૦ માંડવી: ૧૯ / ૪ ઓલપાડ: ૨૦ / ૦ પલસાણા: ૨ / ૦ ઉમરપાડા: ૦ / ૦ **કુલ: ૬૯ / ૫** **છોટાઉદેપુર જિલ્લો** **તાલુકા** / **પ્રાથમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** / **માધ્યમિક શાળાઓમાં ઘટતા ઓરડાઓની સંખ્યા** બોડેલી: ૮૩ / ૮ છોટાઉદેપુર: ૧૨૭ / ૧૫ જેતપુર પાવી: ૧૦૪ / ૭ કવાંટ: ૭૯ / ૧૪ નસવાડી: ૧૧૨ / ૮ સંખેડા: ૭૨ / ૩ **કુલ: ૫૭૭ / ૫૫**
(૨)	ઉક્ત ઘટતા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?	(૨)	તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

નવસારી જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓને કુંવરબાઈનું મામેરું યોજનાનો લાભ

15/8/2983:શ્રીરાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી):**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	નવસારી જિલ્લામાં કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫માં વિકસતી જાતિની કુલ કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે,અને	(૧)	વર્ષ / લાભાર્થીઓની સંખ્યા ૨૦૨૩-૨૪: ૧૦૯૯ ૨૦૨૪-૨૫: ૮૦૮ કુલ: ૧૯૦૭
(૨)	તે પેટે કુલ કેટલી નાણાકીય સહાય ચૂકવવામાં આવી?	(૨)	વર્ષ / ચૂકવેલ સહાય ૨૦૨૩-૨૪: રૂ.૧૩૧.૭૨ લાખ ૨૦૨૪-૨૫: રૂ.૯૬.૯૪ લાખ કુલ: રૂ.૨૨૮.૬૬ લાખ

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

માગણી ક્રમાંક– ૩૯

શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા: **(** આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ ૧,૧૨,૧૩,૬૦,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬૧,૦૫,૫૮,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક– ૩૯ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧ રજૂ કરવામાં આવી

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૪ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૮ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૯ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૯ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરવામાં આવી

માગણી ક્રમાંક– ૪૦

શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા: **(** આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ ૪૪,૬૭,૩૦,૦૦,૦૦૦ /–ની અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૦,૦૬, ૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૪૦ રજૂ કરવામાં આવી.

મંગળવાર, તા.૧૭/૦૩/૨૦૨૬ (બીજી બેઠક) (દસમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપ દરખાસ્તોની એકત્રિત યાદી.

અ.નં.	મુખ્ય સદર અને સંદર્ભ	કાપ દરખાસ્ત રૂ.	વિષય	પ્રભારી સભ્યશ્રી

૧	૨	૩	૪	૫
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ **માગણી નં.૩૯**				
૧	૨૨૧૦–તબીબી...આરોગ્ય ૦૧–શહેરી...એલોપથી ૦૦૧–નિર્દેશ અને વહીવટ રૂ. ૧૬,૫૪,૨૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૧૫ થી ૧૯	૧૦૦	સરકારી યોજના અંતર્ગત ગેરરીતિઓ આચરતી બ્લેકલીસ્ટ થયેલ હોસ્પિટલો પુનઃશરૂ થઈ જાય છે તેની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૨	––"––	૧૦૦	સ્ટાફ નર્સની પરીક્ષામાં થતી ગેરરીતિની ફરિયાદો પર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી વિમલભાઇ ચુડાસમા
૩	––"––	૧૦૦	રાજ્યમાં વ્યક્તિદીઠ આરોગ્ય સેવા પાછળ થતા ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અનંતકુમાર પટેલ
૪	––"––	૧૦૦	જન આરોગ્ય સેવાઓમાં સ્ટાફની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૫	––"––	૧૦૦	છેલ્લા ૧૫ વર્ષથી સરકારી કે ગ્રાન્ટેડ ફાર્મસી કોલેજને મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૬	––"––	૧૦૦	આદિવાસી વિસ્તારોના લોકોને નાણાકીય લાલચ આપીને થતા જોખમી દવાઓના ટ્રાયલ વિરુદ્ધ પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી
*૭	––"––	૧૦૦	આરોગ્ય વિભાગમાંકરાર આધારિત નિમણૂકને બદલે કાયમી ભરતીઓ કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૮	––"––	૧૦૦	રાજ્યમાં કલિનિકલ ટ્રાયલ માટે હ્યુમન રીસોર્સ નીતિ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર
૯	––"––	૧૦૦	બોટાદ જિલ્લામાં સરકારી સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજની જમીન ફાળવણી થયા પછી આગળની કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
*૧૦	૨૨૧૦–તબીબી...આરોગ્ય ૧૦૨–કામદાર...યોજના રૂ. ૨,૩૯,૩૬,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૨૦ થી ૨૩	૧૦૦	રાજ્યના કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ હોસ્પિટલો બનાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી દિનેશભાઈ ઠાકોર
૧૧	૨૨૧૦–તબીબી...આરોગ્ય ૦૧–શહેરી...એલોપથી ૧૧૦–હોસ્પિટલ અને દવાખાના રૂ. ૩૧,૪૮,૧૧,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૧૫ થી ૪૧	૧૦૦	જિલ્લા હોસ્પિટલોમાં IPD (અંદરના દાખલ દર્દી) સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
૧૨	––"––	૧૦૦	રાજ્યમાં દવાઓનો સંગ્રહ કરવા માટેના વેરહાઉસમાં યોગ્ય વ્યવસ્થાના અભાવે	શ્રી વિમલભાઇ ચુડાસમા

			ખરાબ થઈ જતા દવાઓના જથ્થાના કારણે થતા નાણાકીય નુકશાનને નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	
*૧૩	--"--	૧૦૦	જામનગરની સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરોની ઘટ, દવાઓની અછત તેમજ માળખાકીય સુવિધાઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી હેમંતભાઇ આહીર
*૧૪	--"--	૧૦૦	નર્મદા જિલ્લામાં શબવાહિનીઓ પુરી પાડવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
*૧૫	--"--	૧૦૦	સરકારી મેડીકલ કોલેજો અને સંલગ્ન હોસ્પિટલો ખાતે નવા તબીબી સાધનો ઉપલબ્ધ કરાવવા તંત્રની ઉદાસીનતા.	શ્રી ચૈતરભાઇ વસાવા
૧૬	૨૨૧૦-તબીબી...આરોગ્ય ૦૩-ગ્રામીણ...એલોપથી ૧૦૪-સામૂહિક...કેન્દ્રો રૂ. ૫,૮૧,૮૮,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૫૨ થી ૫૮	૧૦૦	સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અંડર ગ્રાઉન્ડ સ્ટેટીક વોટર ટેન્ક ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગુલાબસિંહ ચૌહાણ
૧૭	--"--	૧૦૦	જિલ્લાઓમાં સામૂહિક અને પેટા આરોગ્ય કેન્દ્રોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમૃતજી ઠાકોર
*૧૮	--"--	૧૦૦	ભેંસાણ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૧૯	--"--	૧૦૦	બોટાદ જિલ્લાના પાળીયાદ અને લાઠીદડ ગામ ખાતે મંજૂર થયેલ નવી ડિઝાઇન મુજબ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવામાં તંત્રની ઉદાસીનતા.	શ્રી ઉમેશભાઇ મકવાણા
*૨૦	--"--	૧૦૦	વિસાવદર અને ભેંસાણ તાલુકામાં સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના બાંધકામ/મરામતમાં થયેલ ગેરરીતિ અંગે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ગોપાલભાઇ ઇટાલીયા
૨૧	૨૨૧૦-તબીબી...આરોગ્ય ૦૬-જાહેર આરોગ્ય ૧૦૪-ઔષધ નિયમન રૂ. ૭૯,૮૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૮૯ થી ૧૧૪	૧૦૦	ફૂડ એન્ડ ડ્રગ્સ લેબોરેટરી દ્વારા દવાઓની ગુણવત્તાની ચકાસણી માટે લેવાયેલ નમૂનાના પરિક્ષણ રીપોર્ટ સમયસર જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. તુષાર ચૌધરી
૨૨	--"--	૧૦૦	રાજ્યમાં ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અટકાવવા જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી શૈલેષ પરમાર (દિનેશભાઇ ઠાકોર, ઉમેશભાઇ મકવાણા.)
*૨૩	--"--	૧૦૦	ખોરાક અને ઔષધ નિયમનની કચેરીઓમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી જીગ્નેશ મેવાણી

*૨૪	--"--	૧૦૦	હોટલ/રેસ્ટોરેન્ટમાં પેસ્ટ કન્ટ્રોલ પ્રમાણપત્રની ચકાસણી કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી અમીત ચાવડા
*૨૫	૨૨૧૦-તબીબી...આરોગ્ય ૦૬-જાહેર આરોગ્ય ૧૦૪-ઔષધ નિયમન રૂ. ૭૯,૮૫,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૮૯ થી ૧૧૪	૧૦૦	ખાણી-પીણીની દુકાનોમાં યોગ્ય પેકેજીંગ વગર ખુલ્લેઆમ થતા ખાદ્ય પદાર્થોના વેચાણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ઇમરાન ખેડાવાલા
૨૬	--"--	૧૦૦	ખાદ્ય પદાર્થના નમૂનાઓ લેવામાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા.	ડૉ. કિરીટકુમાર પટેલ
*૨૭	--"--	૧૦૦	સરકારીદવાખાનાઓમાં કર્મચારીગણની હાજરીની અનિયમિતતા દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
માગણી નં.૪૦				
*૨૮	૨૨૧૧-પરિવાર કલ્યાણ ૧૦૧-ગ્રામીણ...સેવાઓ રૂ.૧૧,૧૦,૭૯,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૧૨૭ થી ૧૨૯	૧૦૦	કુટુંબ નિયોજન યોજનાને પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી કાન્તીભાઇ ખરાડી
*૨૯	૨૨૧૧-પરિવાર કલ્યાણ ૧૦૩-પ્રસૂતી...આરોગ્ય ૦૬-HLT...યોજના રૂ.૨૩,૦૦,૦૦,૦૦,૦૦૦ અં.પ્ર.નં.૧૧ પાના નં. ૧૩૨ થી ૧૩૪	૧૦૦	મુખ્યમંત્રી અમૃતમ (મા યોજના) હેઠળ કેશલેસ સારવાર આપવામાં તંત્રની નિષ્ફળતા.	શ્રી ચૈતરભાઇ વસાવા

* આ કાપ દરખાસ્તો સભાગૃહ સમક્ષ રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ઉમેશભાઇ, તમારા પક્ષના માનનીય સભ્યશ્રીઓ આજે પણ કાપદરખાસ્તો રજૂ કરીને હાજર નથી. મને લાગે છે કે એના માટેની સૂચના તમારે આપવી જોઇએ.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હાલ અત્યારે મારા પક્ષ તરફથી મને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે એટલે હું કોઇ સભ્યશ્રીને મારા તરફથી કોઇ સૂચના નહીં આપી શકું.

અધ્યક્ષશ્રી : એટલે આપને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે એટલે આપ નહીં કહી શકો?

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, ના, નહીં કહી શકું.

અધ્યક્ષશ્રી : પછી તો કોની પાસે કહેવું? પ્રતિપક્ષ તરીકે એમણે હાજર રહેવું જોઇએ. કાપ દરખાસ્તો મૂકીને સમય બગાડવો એ પણ ઠીક નથી. કોઇ એકાદ જવાબદાર વ્યકિત તો હાજર રહેવા જોઇએ કે નહીં. નેકસ્ટ.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ (પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્યમંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના માટે મારા વિચારો રજૂ કરું છું. આરોગ્ય એ કોઇ સામાન્ય વિભાગ નથી. સામાન્ય નાગરિકોના જીવન સુરક્ષા અને ભવિષ્ય માટે આ ખૂબ જરૂરી વિભાગ છે. માત્ર સ્વસ્થ ગુજરાતની વાતો કરવાથી ગુજરાત સ્વસ્થ બનવાનું નથી. જે રીતે સારા-સારા સ્લોગન આપવામાં આવે છે પરંતુ દિવસે-દિવસે ગુજરાતની આરોગ્યની પરિસ્થિતિ બગડી રહી છે. નેશનલ હેલ્થ પૉલિસી-૨૦૧૭માં એવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે, "Minimum 8 per cent of the total budget should be spent towards Health and Family Welfare." એટલે કે જે બજેટ હોય એના ૮ ટકા બજેટ આરોગ્ય પાછળ વપરાવું જોઇએ. આવી તમારી કેન્દ્ર સરકારની પૉલિસી છે છતાં પણ ગુજરાતમાં એટલું બજેટ વપરાતું નથી. આરોગ્ય પાછળ માત્ર ૭ ટકા બજેટ વપરાય છે. તો નાણામંત્રીશ્રી આરોગ્ય માટે થોડું બજેટ વધારે એવી વિનંતી કરીએ. દિલ્હીમાં ૧૪ ટકા, રાજસ્થાનમાં ૮.૭ ટકા, ઓરિસ્સામાં ૮.૬ ટકા, ઝારખંડમાં ૮.૩ ટકા, પોંડિચેરી ૮ ટકા, મેઘાલય ૭.૯ ટકા, ગોવા ૭.૯

ટકા અને ગુજરાત આમાં આઠમા ક્રમે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, મોદી સાહેબે વર્ષ ૨૦૨૨માં મન કી બાત કહી હતી અને એમાં એમણે સ્પષ્ટ કહ્યું હતું, મારી પાસે પુરાવા પણ છે કે ''રાજ્યની જે મેડિકલ કૉલેજો છે એમાં ૫૦ ટકા ફી ફરજિયાત રાજ્ય સરકારની સરકારી કૉલેજો જેટલી કરવામાં આવશે.'' હવે મેડિકલના વિદ્યાર્થીઓ એવું વિચારી રહ્યા છે કે હવે કામની વાત કરો. માનનીય મોદી સાહેબે જે કહ્યું હતું એ કરો. આરોગ્યના વિદ્યાર્થીઓએ વિદેશમાં જવું પડે છે. બીજી મહત્ત્વની બાબત એ છે કે આપણો હેલ્થ ઇન્ડેક્સ બીજા રાજ્યોની સરખામણીમાં ખૂબ નીચો છે. આપણે ગુજરાત નં-૧ છે એવી વાતો કરીએ છીએ. વર્ષ ૨૦૨૨ પછી તો કેન્દ્ર સરકારે દર વર્ષે આ હેલ્થ ઇન્ડેક્સ રજૂ કરવો પડે પણ છેલ્લાં પાંચ વર્ષથી આ ઇન્ડેક્સ રજૂ કર્યો નથી. મિઝોરમનો હેલ્થ ઇન્ડેક્સ ૭૪.૯૭ ટકા, કેરાલાનો ૭૪.૧ ટકા, આંધ્રપ્રદેશ ૬૫.૧૩ ટકા, મહારાષ્ટ્ર ૬૩.૯૯ ટકા અને ગુજરાતમાં હેલ્થ ઇન્ડેક્સ ૬૩.૫૨ ટકા છે. કૉંગ્રેસની સરકારે જે સારી સારી ચેરીટેબલ સંસ્થાઓ બનાવી હતી, ગયા વખતે પણ વાત થઇ હતી કે ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વર્ષ ૧૯૬૦માં બનાવવામાં આવી. લોકોના રૂ.૫૦૦૦ના દાનથી આજથી ૫૦ વર્ષ પહેલાં આ સંસ્થા શરૂ થઇ હતી. કલેક્ટરે જે આદેશ કર્યો હતો એમાં તા.૧૮/૯/૨૦૦૯ના દિવસે શરત નં.-૪ રાખી હતી. એમાં એવું કહ્યું હતું કે સંસ્થાએ તેના સંચાલક મંડળમાં રાજ્ય સરકારના બે પ્રતિનિધિઓની નિમણૂક કરવાની રહેશે અને કોઇ પણ નીતિવિષયક નિર્ણય લેતાં પહેલાં રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લેવાની રહેશે. આ ચેરીટેબલ સંસ્થા હતી એ પ્રાઇવેટ કંપનીમાં તા.૧૦/૯/૨૦૨૫ના રોજ રજિસ્ટર્ડ થઇ ગઇ. મેં માનનીય મંત્રીશ્રીને એના પુરાવા પણ આપ્યા હતા અને આ હૉસ્પિટલમાં ઘણી બધી ફરિયાદો માટે અમે માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ મળ્યા છીએ. ત્યાંના ડૉક્ટરોને પણ મળ્યા છીએ. કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. તમે એવું કહો છો કે અમે કોઇ દાદાથી ગભરાતા નથી તો આ કયા દાદા છે જે આ બધું કૌભાંડ દબાવી રહ્યા છે.

અધ્યક્ષશ્રી : ડૉ.હસમુખભાઇ પટેલ. આ દાદા કોઇને ગભરાવતા નથી. એ તો માયાળું દાદા છે. દાદાને બધા માટે પ્રેમભાવ છે.

ડૉ. હસમુખ પટેલ (અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક-૩૯ અને ૪૦ લઇને આવ્યા છે તેના ઉપર મને બોલવાની તક મળી છે તે બદલ હું સન્માનનીય ગૃહનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ને આશ્ચર્ય થયું કે, આ માગણીમાં આટલી બધી કાપ દરખાસ્ત આવી. ફક્ત ભૂતકાળનો રેકર્ડ જોઇ લેવામાં આવે તો પણ તેમને ખ્યાલ આવી જાય. વર્ષ ૧૯૯૪-૯૫માં લગભગ રૂ.૩૫૦ થી રૂ.૪૦૦ કરોડનું બજેટ ફાળવવામાં આવતું હતું. જ્યારે હાલનું બજેટ જુઓ. અગાઉના સમયમાં માત્ર ૬થી ૮ મેડિકલ કૉલેજ અને એ પણ માત્ર શહેરી વિસ્તારોમાં હતી. છેવાડાના વિસ્તારોમાં તો ક્યાંય ટચ જ ન હતો. હાલ ૩૬ કરતાં વધારે મેડિકલ કૉલેજ છે. મારી પાસે ઘણા આંકડા છે એટલે બધા આંકડા જણાવીશ તો બાકીની કાપ દરખાસ્તો પાછી લેવામાં આવશે. સરકારી હૉસ્પિટલ ૩૫૦ થી ૫૦૦ જેટલી જ હતી. હાલ ૧૭૦૦ કરતાં વધારે છે. હમણાં એક કેન્સર હૉસ્પિટલની વાત નીકળી હતી. ૧૪૬૩ પી.એસ.સી. સેન્ટર, ૩૧૯ સી.એચ.સી. સેન્ટર અને ૬,૫૭૫ સબ સેન્ટર છેવાડાના માનવી સુધી પહોંચેલા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું આરોગ્ય વિભાગને છેવાડાના માનવી સુધી લઇ જવા માટેનું ધ્યેય છે. તે વખતનું પ્લાનિંગ માત્ર શહેરી વિસ્તાર પૂરતું હતું, હાલ છેવાડાના માનવી સુધી પહોંચવાનું આયોજન કરીને વ્યવસ્થાઓ કરવામાં આવી છે. એ વખત મેડિકલ સર્વિસ ગણ્યાં ગાંઠ્યા ટાંચા સાધનો સાથે માત્ર સારવાર પૂરતી જ મર્યાદિત હતી. આપણી સરકાર આવ્યા પછી સારવાર તો જડબેસલાક થાય જ છે પણ સાથે સાથે પ્રિવેન્ટીવ મેજર ઉપર અને ઇન્વેનશનમાં સારું એવું ધ્યાન આપવામાં આવ્યું છે. આપણે સૌએ કોરોનામાં તેનો દાખલો જોયો હતો. વેક્સિન શોધીને આરોગ્યમાં કઇ રીતે સુધારો થઇ શકે, ઇમ્યુનિટી કઇ રીતે વધારી શકાય તે માટે પણ એટલું જ બજેટ ફાળવવામાં આવ્યું છે. વેક્સિનેશન સાથે ટ્યુબરક્યુલોસિસ કે બીજા ઇન્ફેક્ટિવ ડિસીઝ માટે હાઇપ્રોટીન ડાયેટ આપીને હેલ્થને કેમ કરીને સુધારી શકાય, વધુ રોગ ન થાય તે માટે પ્રિવેન્ટીવ અને ચારેબાજુ માળખું રચીને આ પ્લાનિંગ કરેલું છે ત્યારે આટલી બધી કાપ દરખાસ્તો લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સરકાર આવી તો સૌ પ્રથમ ૧૦૮ની વ્યવસ્થા છેવાડાના માનવી સુધી પહોંચી છે. પી.એમ.જે.વાય. કાર્ડ આવ્યું, કોરોનામાં જે વર્લ્ડ ક્લાસ મેનેજમેન્ટ કરીને ફક્ત ટ્રીટમેન્ટ નહીં પણ ઇન્વેનશન, પ્રીવેન્ટિનેશન અને મોટિવેશનનું કોમ્બિનેશન કરીને કોરોનામાં કદાચ સમગ્ર દુનિયામાં ગુજરાતે સૌથી સારામાં સારો દાખલો બેસાડ્યો હશે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની સરકારના છેલ્લાં બે વર્ષના ક્રાઇટેરિયા ચેક કરવામાં આવે તો ઇનસેક્ટ બાઇટ મેલેરિયા કે ડેન્ગ્યૂનો અને માત્ર સ્વચ્છતા જ નહીં પણ આ સ્વચ્છતાના હિસાબે વૉટર બોન્ડ ડિસીઝ ટાઇફોડ, કૉલેરાનું પ્રમાણ પણ ઘટ્યું છે. ચારે બાજુથી એટેક કરીને આયુષ્ય સારું રહે, સ્વસ્થ રહે અને એક્ટિવ રહે તેમ કરીને એક્ટિવ હ્યુમન અવર કઇ રીતે વધે અને તે દેશના વિકાસમાં કામ આવે તે રીતે કામ કરેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૫૬-૫૭માં બનેલી પી.ડી.યુ. હૉસ્પિટલ રાજકોટના વૉર્ડ બિલ્ડિંગનું રિનોવેશન કરીને એક હજાર બેડની હૉસ્પિટલ બનાવવા માટે રૂ.૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજકોટ ઇન્ડસ્ટ્રીયલ હબની સાથે સૌરાષ્ટ્ર અને કચ્છનો સેન્ટર પોઇન્ટ કહેવાય. રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને રાજ્ય ધોરીમાર્ગ જતા હોય, ત્યારે અન્ય રાજ્યના દર્દીઓ પણ આવે છે તેને ધ્યાનમાં રાખીને હાલના જર્જરિત બિલ્ડિંગને આપણી સરકારે રિનોવેશન કરવા માટે બે-ત્રણવાર પ્રયત્ન કર્યો પણ જે પ્રમાણે દર્દીઓનો ફ્લો ચાલતો હતો તે પ્રમાણે સેટ થઇ શકતું ન હતું એટલે ઇનોવેશન કરીને નવું બનાવવાનું પ્લાનિંગ

કરેલું છે. હાલ ૩૫૦૦ જેટલા રેગ્યુલર દર્દીઓની અવરજવર થાય છે. નવા ઇનડોર પેશન્ટ ૪૦૦ કરતાં વધારે છે. એન.એમ.સી.ની ગાઇડલાઇન મુજબ મેડિકલની ૨૦૦ સીટની જગ્યાએ ૨૫૦ સીટ કરવાની છે. આ માત્ર ૫૦ વધારે તેવું નથી. તેનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર, ટેક્નિકલ સ્ટાફ બધું વધારવું પડે એટલે તેને અનુલક્ષીને આ બજેટ ફાળવવામાં આવ્યું છે. એમાં પેથોલોજી, રેડિયોલોજી, ઓર્થોપેડિક્સ, મેડિસિન, સાઇક્યાટ્રીક્સ, ઇ.એન.ટી., ઇન્ફેક્ટિવ ડિસીસમાં ચેસ્ટ, ઓ.ટી. કોમ્પ્લેક્સ અને એડમિન બ્લોક, મેડિકલ સ્ટોર, બ્લડ બેંકનું આયોજન કરવામાં આવેલ છે. પ્રિવેન્ટીવ બેઝ પર અત્યારે માતા મરણ અને બાળ મરણનો રેશિયો છેલ્લાં ઘણાં વર્ષોથી ડિક્રિઝ થયો છે. એના માટે રાજ્યમાં માતામરણ અને બાળમરણમાં ઘટાડો થયો છે. નમોશ્રી યોજના અંતર્ગત સગર્ભા માતા અને બાળકને પૂરતું પોષણ મળી રહે એ માટે રૂપિયા બાર હજારની સહાય કરવા માટે રૂ.૨૬૩.૯૩ કરોડની જોગવાઇ કરેલ છે. હાલમાં એક લાખની સંખ્યાએ એપ્રોક્સીમેટલી ૫૭ માતાનું મૃત્યુ થતું હોય છે અને અંદાજિત ૭૦૦ માતાના મૃત્યુ દર વર્ષે થતા હોય છે. આ અંગેના કારણોનું સરકારશ્રીએ ઇન્વેન્શન કર્યું. તો ડિલીવરી પછીના સાતથી આઠ દિવસમાં પ્રિવેન્ટીવ મેઝરમેન્ટ લેવા પડે અને આ માટે બાળકના રસીકરણ માટેનું પ્લાનિંગ કર્યું. હમણાં વાત કરતા હતા કે આપણી સરકારની શહેર અને પરા એરીયાની જે હોસ્પિટલોના ઇમ્પ્રુવમેન્ટનો દાખલો આપું તો લગભગ ૧૨ લાખ ડિલીવરી થાય છે. એમાંથી ૮ લાખ ખાનગી હોસ્પિટલોમાં થાય છે અને ૪ લાખ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં ડિલીવરી થાય છે. માતાનો રેશિયો અને બાળ રેશિયા ઇન્ક્રીઝ કરવા માટે નોર્મલ ડિલીવરી થાય છે કે કેમ? હાઇ રીસ્ક અને અતિ હાઇ રીસ્કની ત્રણ કેટેગરી પાડવામાં આવી. અતિ હાઇ રીસ્કના રીઝન જણાવું તો, એમાં કુલ ૧૨ પેરામીટર હતા એમાં બીજા ૭ પેરામીટર એડ કરીને ૧૯ પેરામીટર કરવામાં આવ્યા. જેમ કે, એચ.બી. લો હોય, બ્લડ પ્રેશર, બી.એમ.આઇ., ગર્ભનાળ આગળની બાજુ ચોંટી જાય, સિકલસેલ, એનીમિયા, થેલેસેમિયા, હિમોફિલિયા, ટ્વીનસ વગેરે. આ માતાઓને જિલ્લા અથવા તો શહેરની આરોગ્ય સંસ્થાઓમાં શિફ્ટ કરી દેવામાં આવે છે. એના કારણે સમય બચી જતો હોય છે. બાળકના પોષણ માટે રૂ.૨૬૩ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. છેવાડાના માનવી સુધી પહોંચી શકાય એ માટે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ મહિલા, દિવ્યાંગ મહિલા, બી.પી.એલ. કાર્ડધારક, પી.એમ.જે.એ.વાય કાર્ડધારક, ઇ-શ્રમ કાર્ડધારક, કિસાન સન્માન નિધી, મનરેગા જોબ કાર્ડધારક વાર્ષિક આવક ૮ લાખથી નીચે હોય એમને જરૂરી પુરાવા સાથે લાભ આપવામાં આવે છે. આ યોજનાની રકમ સીધી ડી.બી.ટી. દ્વારા એના ખાતામાં જાય છે. આવા તો ઘણા બધા મેજરમેન્ટ લીધેલાં છે. માનનીય મંત્રીશ્રી માગણી નં. ૩૮, ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

ડૉ. દર્શના ચં. દેશમુખ (નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા વર્ષ ૨૦૨૬-૨૭ના માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આવ્યા એના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, **प्रयोजनं चास्य स्वस्थस्य स्वास्थ्यरक्षणमातुरस्य विकारप्रशमनं च** || એટલે કે સ્વસ્થ વ્યક્તિઓ છે એમના સ્વાસ્થ્યની ચિંતા કરવી, એની રક્ષા કરવી અને રોગીઓને રોગથી દૂર કરવા. ગુજરાતમાં મેડિકલની દૃષ્ટિએ જોવા જઇએ તો, શિક્ષણ અને આરોગ્ય સેવાઓ ખૂબ જ ઉત્કૃષ્ટ રીતે કામ કરી રહી છે. જન-જન સુધી પહોંચે તે પ્રકારનું આયોજન સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા થઇ રહ્યું છે. માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઇને આવ્યા છે ત્યારે ગુજરાતના જામનગરમાં સરકારી ફિઝિયોથેરાપી કોલેજ છે એ સૌરાષ્ટ્રની અને કચ્છ વિસ્તારની એકમાત્ર કોલેજ છે. આ કૉલેજના નવીન બાંધકામ માટે, એની હૉસ્પિટલ માટે અને ૨૦૦ બોયઝ વિદ્યાર્થીઓ રહી શકે એના માટે રૂ. ૨૫.૫૬ કરોડની બાંધકામની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ જોગવાઇ અનુસાર વર્ષ ૨૦૧૦માં જ્યારે આ સંસ્થાની સરકારી ફિઝિયોથેરાપી કૉલેજ મંજૂર કરવામાં આવી ત્યારે એને ત્યાંની જ એક જૂની ટી.બી. હૉસ્પિટલમાં મંજૂરી આપવામાં આવી અને ત્યાં એને સ્થાન આપવામાં આવ્યું. એના ક્લિનિકલ કામ, વિદ્યાર્થીઓના અભ્યાસ માટેના શૈક્ષણિક કામ તથા વહીવટી કામ માટે આ સંસ્થામાં એને જોગવાઇ કરી આપવામાં આવી છે. વર્ષ ૨૦૧૯માં જ્યારે અનામતના ક્વોટા લાગુ કરવામાં આવ્યા અને એમાં ઇ.ડબલ્યુ.એસને સમાવવામાં આવ્યા ત્યારે આ સંસ્થાની પ્રવેશક્ષમતા ૧૦૦થી ઉપર ૧૨૪ થઇ. પરિણામસ્વરૂપ એ આવ્યું કે જે બાંધકામ હતું અને એમાં જે વ્યવસ્થા ઊભી કરેલી હતી એ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓને અગવડતા પડે, એને શિક્ષણમાં થોડીક મુશ્કેલીઓ આવે તથા શિક્ષક સાથે લોકોનું તાદાત્મ્ય ના સર્જાય અને એના લીધે શિક્ષણના આ ક્ષેત્રમાં વિદ્યાર્થીઓને મુશ્કેલી ના આવે તેમજ ભણતરમાં કોઇ તકલીફ ના પડે એ હેતુસર આ કૉલેજનું નવીન બાંધકામ કરવું ખૂબ જ જરૂરી છે. વર્ષ ૨૦૧૦માં કૉલેજમાં વિદ્યાર્થીઓની પ્રવેશક્ષમતા ૧૦૦ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૦-૧૧માં એની ક્ષમતા ૧૦૦ હતી. વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૦૦ થઇ, વર્ષ ૨૦૧૨-૧૩માં અનુક્રમે ૩૦૦, વર્ષ ૨૦૨૩-૨૪ અને વર્ષ ૨૦૨૪-૨૫ અનુક્રમે ૬૦૦ થઇ. વાર્ષિક ક્ષમતા જોવા જઇએ તો જે વિદ્યાર્થીઓ છે એમાં બી.પી.ટી.માં ૧૨૪ વિદ્યાર્થીઓ અને એમ.પી.ટી. એટલે કે માસ્ટર ઓફ ફિઝિયોથેરાપીમાં ૬ વિદ્યાર્થીઓની છે. જ્યારે આ વિદ્યાર્થીઓ ઇન્ટર્નશીપ કરતા આવે ત્યારે એની વાર્ષિક ક્ષમતા બી.પી.ટી.માં ૬૦૦ થઇ અને એમ.પી.ટી.માં ૧૨ થઇ. ૧૫૦ બોયઝ વિદ્યાર્થીઓ બી.પી.ટી.માં છે અને ૧ વિદ્યાર્થી એમ.પી.ટી.માં છે. ૪૫૦ ગર્લ્સ વિદ્યાર્થીની બી.પી.ટી.માં છે અને ૧૧ એમ.પી.ટી.માં છે. આમ, ટોટલ ૪૬૧ વિદ્યાર્થીનીઓ અને ૧૫૧ વિદ્યાર્થીઓને રહેવા માટે કન્સ્ટ્રકશન કરીને આખું એક સંકુલ ઊભું કરવામાં આવેલું છે. જે હૉસ્ટેલ છે પરંતુ ઇ.ડબલ્યુ.એસનો અનામત ક્વોટા લાગુ પડ્યો છે ત્યારે એમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધવાની છે. વિદ્યાર્થીઓને રહેવા માટેની જે સગવડ ઊભી કરવામાં આવે એમાં

બોયઝ વિદ્યાર્થીઓ માટે આખું અલગ સંકુલ ઊભું કરવા એ જ વિસ્તારમાં, એ જ સંકુલમાં જગ્યા છે જેથી કરીને ત્યાં હૉસ્ટેલનું બાંધકામ થઇ શકશે. વર્ષ ૨૦૧૪માં ફિઝિયોથેરાપીની ઓ.પી.ડી. ચાલુ કરવામાં આવી ત્યારે વર્ષ ૨૦૧૪–૧૫માં એમાં ૯૧૫૧ ઓ.પી.ડી. હતી. એમાં સમયાંતરે ઉત્તરોત્તર દર્દીઓનો ઘસારો વધતો ગયો અને પરિણામ સ્વરૂપ એમાં વર્ષ ૨૦૧૯–૨૦માં ૪૮૪૫૬ જેટલા દર્દીઓ સારવાર લઇ રહ્યા હતા. વર્ષ ૨૦૨૦–૨૧માં કોરોના આવ્યો ત્યારે ઓ.પી.ડી.માં સદંતર થોડોક ઘટાડો થયો અને એ ૨૪૪૭૬ થઇ. પરંતુ જે તે સમય દરમિયાન પોસ્ટ કોવિડ રિહેબિલિટી સેન્ટર ત્યાં ચાલુ જ હતી. વર્ષ ૨૦૨૧–૨૨માં ૩૫૯૯૨ દર્દીઓ ત્યાં સારવાર લઇ રહ્યા હતા અને એની સાથે સાથે વર્ષ ૨૦૨૨–૨૩માં ૪૨૬૭૬ દર્દીઓ સારવાર લઇ રહ્યા હતા. વર્ષ ૨૦૨૪–૨૫માં ત્યાં ૫૫૫૫૭ દર્દીઓ સારવાર લઇ રહ્યા હતા ત્યારે એ લોકોને બેસવા માટે અગવડતા ના પડે, લોકો સારી રીતે સારવાર લઇ શકે, કન્જેશન ના થાય, સુગમતા અને સગવડતા રહે એ હેતુસર ફિઝિયોથેરાપી કૉલેજનું નવીન શૈક્ષણિક સંકુલ, એની હૉસ્પિટલ અને બોયઝ હૉસ્ટેલ માટેની વ્યવસ્થા ઊભી કરવી ખૂબ જ જરૂરી છે. માનનીય મંત્રીશ્રી આ માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ક્ષેત્રમાં જોવા જઇએ તો રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કામગીરી હેઠળ આપણા વિસ્તારમાં મેલેરિયા થતાં હોય, ડેન્ગ્યુ થતાં હોય, ચીકનગુનિયા થતાં હોય તેમજ લિમ્ફેટિક થાઇલેરિયાસિસ જેવો રોગ પણ આજકાલ છેલ્લાં બે વર્ષમાં જોવા મળી રહ્યો છે, આ રોગો સામેના રક્ષણ માટે સરકાર દ્વારા નિયંત્રણના ખૂબ જ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે અને એ રીતે લોકોમાં એની જનજાગૃતિ કેળવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫માં ૧ કરોડ ૩૨ લાખ ૩૨ હજાર ૩૩૭ લોહીના નમૂનાનું પરિક્ષણ કરવામાં આવ્યું. અને એ નમૂનાઓનું પરીક્ષણ મેલેરિયાના રોગના નિદાન માટે કરવામાં આવે છે. પરંતુ હું ગર્વ સાથે કહી શકું કે ગુજરાત સરકારમાં આરોગ્ય વિભાગ દ્વારા કુલ ૧ કરોડ ૮૧ લાખ ૨૦ હજાર ૨૫૭ જેટલા નમૂના પરીક્ષણ કરીને ૧૮ ટકાનો લક્ષ્યાંક હતો તેમાંથી ૨૪.૬ ટકાની સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. આ લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ જે રોગ થતો હોય છે એ એક મચ્છરથી થતો રોગ છે. છેલ્લાં બે વર્ષમાં આ રોગ જોવા મળે છે ત્યારે માણસના શરીરમાં જ્યારે લિમ્ફેટિક સિસ્ટમને નુકસાન કરતું હોય છે ત્યારે એના પગમાં સોજા આવતા હોય છે. શરીરના બીજા અંગોમાં પણ સોજા આવતા હોય છે. પરિણામ સ્વરૂપ એનું જીવન ખૂબ જ મુશ્કેલ બની જતું હોય છે. આવી પરિસ્થિતિમાં જ્યારે જીવન મુશ્કેલીભર્યું લાગતું હોય છે ત્યારે એના નિયંત્રણ માટેના કાર્યક્રમો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યા છે. આ મચ્છર ગંદા પાણીમાં થતો હોય છે અને એના દ્વારા રોગ થાય છે. એને આપણે હાથીપગાનો રોગ તરીકે ઓળખીએ છીએ. ગુજરાત સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી ફેબ્રુઆરી મહિનાની ૧૦, ૧૧ અને ૧૨ તારીખ દરમિયાન આખા ગુજરાતમાં આના માટે ડ્રાઇવ કરવામાં આવે છે. એમાં આ રોગ ખાસ કરીને સૌરાષ્ટ્ર અને સાઉથ ગુજરાતના ૧૭ જિલ્લામાં સૌથી વધારે સંદેવનશીલ હોય છે. આ જિલ્લાઓમાં આ રોગના લક્ષણો દેખાય છે ત્યારે આ ડ્રાઇવ દ્વારા લોકોને આલ્બેન્ડાઝોલની દવાઓ અને ડી.ઇ.સી.ની દવાઓ તેમને આપવામાં આવે છે.

સભાપતિ શ્રીમતી સંગીતા પાટીલ અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ રીતે નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડિયાપાડા, ભરુચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં અને ડાંગ જિલ્લામાં વઘઇ તાલુકામાં કુલ ૫.૪૮ લાખ લોકોને આ દવાઓનું વિતરણ કરીને એમને રોગ સામે રક્ષણ આપવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ રોગના રક્ષણ માટે સરકાર દ્વારા પણ ખૂબ જ અસરકારક રીતે પગલાં લેવામાં આવી રહ્યાં છે ત્યારે મેલેરિયા જેવા રોગના રક્ષણ માટે પણ ૧૯૬ અતિ સંવેદનશીલ ગામો છે કે જેની ૨ લાખ ૪ હજાર વસ્તીને પણ જંતુનાશક દવાઓ દ્વારા એને નિયંત્રિત કરવામાં આવે છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન કરું છું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી નં. ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે મારા બોટાદ જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવા માટે જમીન ફાળવી દીધી છે. ચાલુ નાણાકીય વર્ષમાં તાત્કાલિક સિવિલ હોસ્પિટલ અને મેડિકલ કોલેજ બનાવે એવી વિનંતી છે. લાઠીદડમાં સી.એચ.સી. બનાવવાની મંજૂરી આપી છે એના બિલ્ડિંગનું કામ ઝડપથી ચાલુ કરવામાં આવે અને હડદડ ગામે એક પી.એચ.સી. સેન્ટર બનાવવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા (બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણીઓ લઇને મંત્રીશ્રી આવ્યા છે એને સમર્થન આપું છું અને મારી બે–ત્રણ માગણીઓ છે એ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાઠંબા તાલુકામાં એક સી.એચ.સી. સેન્ટર આપવામાં આવે કારણ કે તાલુકા સેન્ટર છે. માલપુરમાં મેં વારંવાર રજૂઆત કરી છે કે ૩૦ બેડની જગ્યાએ ૫૦ બેડ કરી આપવામાં આવે. છેલ્લાં ત્રણ–ચાર વર્ષથી માગણી કરું છું કારણ કે આજુબાજુમાં કોઇ પ્રાઇવેટ હોસ્પિટલ નથી. માલપુરમાં ૬૦૦થી વધારે ડિલિવરી થાય છે પણ ત્યાં ગાયનેક ડૉકટરની અછત છે. ત્યાં ગાયનેક ડૉકટર ફાળવવામાં આવે અને માલપુરમાં ડિજિટલ એક્સ–રે મશીન આપવામાં આવે કારણ કે ૨૦ જેટલા પેશન્ટો રોજના આવે છે. માલપુર અને બાયડમાં રેગ્યુલર એમ.ઓ. ફાળવવામાં આવે અને મારી માગણીઓની પૂર્તતા કરવામાં આવે.

ડૉ. પાયલ મ. કુકરાની (નરોડા) :

माननीय अध्यक्ष श्री, आरोग्य और परिवार कल्याण की मागणी नंबर - 39 और 40 पर आज आपने मुझे बोलने का मौका दिया है, उसके लिए मैं अपका धन्यवाद व्यक्त करती हूं।

माननीय अध्यक्ष श्री, "आरोग्यं परम भाग्यं, स्वास्थ्यं सर्वार्थ साधन।" इसका अर्थ है कि, स्वस्थ रहेना ही सब से बडा सौभाग्य है, अगर हम मानसिक और शारीरिक रूप से स्वस्थ हैं तो हमारे जिवन में कोई भी लक्ष्य या कोई भी काम आसानी से हमें प्राप्त हो सकता है। इसी सोच के साथ माननीय मंत्री श्री ये मागणी नंबर 39 और 40 लेकर आए हैं। इस पर मैं अपना विचार रखना चाहूंगी।

माननीय अध्यक्ष श्री, इस में आरोग्य के हर लेवल के उपर ज्ञान दिया गया है। वो चाहे पीएचसी हो, सीएचसी हो, डिस्ट्रीक होस्पिटल हो, हमारी ही सरकारी अस्पतालें हो, GMERS मेडिकल कोलेज या अस्पतालें हों, इन सब पर, Health Infrastructure पर Focus किया गया है। इस में **PMJAY** का समावेश भी किया गया है। और इसी में School Health कार्यक्रम का भी समावेश किया गया है। ये सभी चीजें गुजरात के हेल्थ का एक Backbone बनती हैं, जिसको मज़बूत करने के लिए माननीय मंत्रीश्री मांगणी लेकर आए हैं।

माननीय अध्यक्षश्री, वर्तमान समय में हृदय रोग, कैंसर औक किडनी रोग जैसी बड़ी बिमारीयों की समस्या हमारे सामने है। और इसके लिए हमारे पास 3 World Class Institute है। हृदय रोग के लिए U. N. Mehta Cardiac Institute है, किडनी रोग के लिए IKDRAC Kidney Hospital है और कैंसर के इलाज के लिए हमारे पास GCRI Cancer Hospital है। इन होस्पिटल में से मैंने यु. एन. महेता और किडनी होस्पिटल में मैंने दो साल मेडिकल ओफिसर के तौर पर काम किया है। मेरे कार्यकाल के दौरान जो मैंने देखा उसे मैं इस गृह के समक्ष रखना चाहूंगी।

माननीय अध्यक्षश्री, गुजरात के दूर-दूर के विस्तारों से हर एक समाज के लोग यहां पर सुपरस्पेशियालिटी केयर लेने के लिए आते थे। इतना ही नहीं गुजरात में हमने जितने भी लेवल के मेडिकल इन्फ्रास्ट्रक्चर देखे हैं, वो चाहे पीएचसी हो, सीएचसी हो , मेडिकल कोलेज हो, उन सभी के जो हृदय रोग, किडनी रोग, कैंसर से जो पीडित दर्दी होते हैं, उनको यहां रिफर किया जाता था। आज की तारीख मैं भी हजारों की तादाद में यहां पेशन्ट सारवार लेते हैं। इन तीनों इन्स्टीट्यूट में जिस प्रकार से काम हो रहा है. शायद मैं शब्दों में बयान नहीं कर पाउं। लेकिन माननीय मंत्री श्री जो ये मागणी लाए हैं, 39 और 40 उस में इन तीन इन्स्टिट्यूट को खास ध्यान में लेकर के जोगवाइ कि गई है। उस में भी महत्त्वपूर्ण और लोकहित का कार्य मैं कहूं तो वो तीन ईन्स्टिट्यूट के सेटेलाइट सेंटर गुजरात के अलग-अलग विस्तारों में शरू करने का इस मागणी में प्रावधान किया गया है।

माननीय अध्यक्षश्री, ये सेटेलाइट सेंटर क्या है। उसके समझने के लिए मैं अपना अनुभव आपको बताना चाहूंगी। 2020 में एक 10 साल का बच्चा जब हिंमतनगर सिविल होस्पिटल में मेरी ड्यूटी लगी थी, तब मैंने देखा की गुजरात के कोई दूर के विस्तार में से

आया वो बच्चा खून की कमी के कारण हिंमतनगर के होस्पिटल में एडमिट होता है। एडमिशन के समय उसके शरीर में सिर्फ दो प्रतिशत ब्लड ही था। फिर चार से पांच घंटे में हमने जब सारे रिपोर्ट्स करवाए, सारे इन्वेस्टिगेशन्स करवाए तब पता चलता है की वो बच्चे को ब्लड कैंसर था। हमने तुरंत ही उनको अहमदाबाद की कैंसर होस्पिटल में भेजने की व्यवस्था की। एम्ब्यूलंस रेडी कर दी। परिवार को समझाया, माता-पिता को समझाया। लेकिन माता-पिताने इंकार कर दिया। उन्हों ने कहा कि, बड़े शहेरों से हमें डर लगता है। क्या करें, क्या ना करें। किस से मिलें। क्योंकि, उन्हों ने कभी शहर में पांव नहीं रखा था।

माननीय अध्यक्षश्री, फिर भी उनको समझाया की एम्ब्युलंस भी फ्री है, हमारी सरकारी की स्कूल हेल्थ योजना के तहत उन्हैं अहमदाबाद में एक रुपया भी खर्च नहीं करना होगा। हमारे जितने भी सिनियर डॉक्टर्स थे उन्हों ने भी उस बच्चे के पेरेंट्स को बहोत समझाया। फिर भी आखिर में उन्हों ने कहा की, यहां पर ट्रीटमेंट करनी है तो करिए, वरना हमें घर जाने दो। फिर हमने वहीं पर ट्रिटमेंट शूरु किया। दुसरे दिन मैंने राउन्ड में देखा की वो बच्चा वेंटिलेटर पर था और बच्चे के दादी उसके साथ उसका हाथ पकड कर बैठे हुए थे। दादी ने रोते-रोते मुझसे कहा कि, क्या हम अहमदाबाद से किसी डॉक्टर को बुला सकते हैं।

माननीय अध्यक्षश्री, मुझे समझ नहीं आ रहा था कि मैं उनको किस तरह से बताउं। महज एक डॉक्टर लाने से हम जितना भी बडे-बड़े युनिट है, जितने भी संसाधन हैं उनको ओपरेट करने के लिए स्पेशियलाइज्ड स्टाफ चाहिए, डॉक्टर चाहिए। वो उसका सेटअप हम नहीं कर सकते। ये जो 39 और 40 नंबर की मांगणी है, उस में हिंमतनगर में जीसीआरए का सेटेलाइट सेंटर बनाने का प्रावधान माननीय मंत्रीश्री मांगणी में लाए हैं। तो मुझे लगता है की वो दादी की जो वेदना है वो सरकारने सुनी है। सिर्फ हिंमतनगर ही नहीं बल्की राजकोट, भावनगर, पोरबंदर, वलसाड, सिद्धपुर और गोधरा में भी कैंसर के सेटेलाइट सेंटर्स बनाए जाएंगे।

माननीय अध्यक्षश्री, ये सिर्फ किलोमीटर कम करने की सुविधा नहीं है, बल्की बहोत बड़ा सामाजिक अंतर खतम करने का सरकार की ओर से प्रयास है। माननीय मंत्रीश्री जो 39 और 40 मांगणी लाए हैं, उनका मैं समर्थन करती हूं।

बहोत बहोत धन्यवाद।

શ્રી ગોપાલ ઇટાલિયા (વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ભેંસાણ તાલુકાની રેફરલ હોસ્પિટલ છે તેમાં ડાયાલીસીસની ખૂબ તકલીફ પડે છે અને ડોકટરો અવાર–નવાર હાજર હોતા નથી, સ્ટાફ હાજર હોતો નથી, વ્યવસ્થિત જવાબો મળતાં નથી તો એ બાબતે માનનીય મંત્રીશ્રી થોડુંક ધ્યાન આપે કે ભેંસાણ તાલુકો છે તે બહુ મોટો છે અને રેફરલ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા પણ વધુ છે અને ખૂબ દર્દીઓ ડાયાલીસીસ માટે આવે છે. એક તો ડાયાલીસીસની વ્યવસ્થા પૂરતી કરવામાં આવે. ગઇકાલે જૂનાગઢમાં અને અમરેલીમાં બંને જગ્યાએ ગૌમાંસવાળું, ડુક્કરની ચરબીવાળું કેમિકલયુકત ઝેરી દૂધ પકડાયું અને એ વખતે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીઓએ એવું કહ્યું કે અમારી પાસે ટેસ્ટિંગની કોઇ સુવિધા ઉપલબ્ધ નથી તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કે હમણાં હમણાં રોજ એવું થાય છે કે, ઝેરી કેમિકલવાળું દૂધ પકડાય છે. હવે દૂધ પકડાય એને ટેસ્ટિંગ કરવા માટેની સુવિધા દરેક જિલ્લામાં આધુનિક હોવી એ હવેના સમયની જરૂરિયાત છે તો જૂનાગઢ જિલ્લામાં દૂધ ટેસ્ટિંગ માટેની વ્યવસ્થા કરવામાં આવે. અને બરડીયામાં એક દવાખાનાનું બાંધકામ થયું અને તે બાબતે મેં પોતે સ્થળ તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે, આખી વ્યવસ્થા ઉંધી થઇ છે.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા **(** આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની અંદર ડૉ. હસમુખભાઇ પટેલ, ડૉ.દર્શનાબેન દેશમુખ, ડો.પાયલબેન કુકરાની, ડૉ. કિરીટભાઇ, શ્રી ઉમેશભાઇ, શ્રી ગોપાલભાઇ વગેરે સભ્યોએ આ વિસ્તૃત ચર્ચા આ માગણી ઉપર કરી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર વર્ષ–૨૦૨૬–૨૭ના સૂચિત અંદાજપત્રીય રૂપિયા ૨૫,૪૨૩ લાખની જોગવાઇ કરેલ છે અને ગયા બજેટના સમકક્ષમાં આ બજેટમાં ૮.૬૩ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. જેમાં આરોગ્ય, પરિવાર કલ્યાણ, અને તબીબી શિક્ષણ આ ત્રણ પ્રકારે આ બજેટને ત્રણ ભાગની અંદર વહેંચવામાં આવે છે. જેમાં સને ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં જાહેર આરોગ્ય પ્રભાગ માટે રૂપિયા ૬૨૩૭.૨૬ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાતની અંદર ૯૨૩૧ પેટા આરોગ્ય કેન્દ્રો છે, ૧૫૩૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને ૩૫૩ સામૂહિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. અને આ આરોગ્ય, પેટા આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલ આ બધી જ ચેનલ દ્વારા ગામડાંની અંદરથી આવતા મધ્યમ અને ગરીબ પરિવારના દર્દીઓને જો આ પેટા આરોગ્ય કેન્દ્ર કે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં એ સવલત ના હોય તો મોટાં શહેરની અંદર તેમને એ સવલત પૂરી પાડવા માટે સરકાર કટિબદ્ધ છે. તે કામગીરી શ્રેષ્ઠ રીતે અમારા આરોગ્ય વિભાગના ડૉકટર અને તેમની ટીમ કરી રહી છે. ગુજરાત અગ્રીમ હરોળમાં આરોગ્ય ક્ષેત્રે કામગીરી કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૨ જેટલા મોબાઇલ હેલ્થ કેર યુનિટ કાર્યરત છે. વર્ષ–૨૦૨૬, જાન્યુઆરીની સ્થિતિએ આરોગ્યમાં ઓ.પી.ડી.૨ કરોડ ૬૦ લાખથી વધારે દર્દીઓ, ઇનડોર પેશન્ટમાં ૨૫ લાખથી વધારે દર્દીઓ અને પ્રસૂતિ ૯૦ હજારથી વધારે દર્દીઓએ આ આપણી સરકારના આ વિભાગની અંદર લાભ લીધો છે. મુખ્યમંત્રી નિદાન યોજનામાં લેબની સંખ્યા ૩૧ હતી તેની જગ્યાએ વધારીને ૧૩૪ લેબ કામગીરી કરે છે. રકતપિત એક સમયે જેને કહેવાય કે ગંભીર શ્રાપ કે એ રકતપિત થયેલાંને ખૂબ ત્રાસ થતો હતો ત્યારે રકતપિત નિર્મૂળ કાર્યક્રમની અંદર આજે રકતપિત પ્રમાણમાં ૧૦ હજારની વસતિએ ૦.૪૪ જેટલી સંખ્યા છે અને સતત નિર્મૂળની અવસ્થા જાળવી રાખી છે. તો પણ જો આવા દર્દીઓ કયાંક હોય તો એમના માટે સરકારે બધી વ્યવસ્થા વિનામૂલ્યે કરી છે. રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમમાં ૧ કરોડ ૮૧ લાખથી વધારે લોહીના નમૂના લઇને મેલેરિયા, ફાઇલેરિયાગ્રસ્ત વિસ્તારોમાં આ સેવાઓ આપી. ઘણી વખત આ મેલેરિયા કે ડેન્ગ્યુ તાવ જેવા રોગથી માણસ મૃત્યુ સુધી પહોંચે એટલો એ ગંભીર રોગ છે. સરકાર દ્વારા ખૂબ સરસ રીતે ગરીબ દર્દીઓને લાભ આપવામાં આવે છે. રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત જે ટી.બી., ક્ષય છે એ પણ એક સમયે ક્ષય કે ટીબી થાય એ માણસ મૃત્યુને આરે પહોંચી ગયો એવું પહેલાં સમજતા અને આ રીતે પહેલાં કોઇ વ્યવસ્થા નહોતી અને જેમ જેમ ટેકનૉલૉજી, દવાઓના સંશોધન પછી મહાનગરપાલિકામાં ક્ષય કેન્દ્રો, તાલુકાઓમાં ટી.બી યુનિટ અને તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર માઇક્રોસ્કોપીક સેન્ટર કાર્યરત છે અને ટીબીના દર્દીના નિદાન માટે ૩ કલ્ચર લેબોરેટરી, ૪૦૦ જેટલી NAT – (Nucleic Acid Amplification Test) લેબોરેટરી કાર્યરત છે. જેથી કરીને ટી.બી.ના દર્દીઓને ન્યુટ્રીશનવાળું એટલે સારું ફુડ આપવું પડે ત્યારે ૩,૪૦,૦૦૦થી વધારે આવા ક્ષયના દર્દીઓને પોષણ કીટ વિભાગ દ્વારા આપવામાં આવી છે. પહેલાં સહાય ૫૦૦ રૂપિયા અપાતી હતી એ હવે રૂપિયા૧૦૦૦ સુધીની કરવામાં આવી છે. આ અંતર્ગત વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં ટીબીના દર્દીઓના બેંક ખાતામાં રૂ. ૨૯૧ કરોડ જમા કરાવવામાં આવ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરેલા ૪,૫૦,૦૦૦ના લક્ષ્યાંકની સામે રાજય સરકારે ૪,૬૦,૦૦૦થી વધારે સફળ મોતિયાના ઓપરેશન કરેલ છે. ઘણી વખત આપણે કહીએ કે મોતિયો પાકી ગયો છે, પરંતુ આવા કેમ્પો અને જાગૃતતાથી આ ઓપરેશનો વિનામૂલ્યે સફળ થયા છે. પરિવાર કલ્યાણની અંદર સન ૨૦૨૬–૨૭માં ૫૭૩૩.૦૧ કરોડની સૂચિત જોગવાઇ છે. શ્રીમંત લોકો તો પોતાના ઘરે જયારે બાળકનો જન્મ થતો હોય એની ઉજવણી કરે, કાર લઇને ત્યાં જાય અને ઘરે લાવે પરંતુ સરકારી હોસ્પિટલ, પી.એચ.સી., સી.એચ.સી. સિવિલ હોસ્પિટલની અંદર જયારે આવી પ્રસૂતિના કેસ હોય છે ત્યારે એમની પાસે વાહન હોતું નથી ત્યારે જે દીકરો કે દીકરીનો જન્મ થયો હોય એમને ખિલખિલાટ વાહન થકી એમના ઘરે મૂકવા જાય છે. આ એમના કુટુંબ માટેની કાયમી યાદી હોય છે કે ઘરે કોઇ નવા સભ્યનો જન્મ થયો છે એટલે કે બાળક દીકરો હોય કે દીકરી હોય એને આવકારવા માટે નવી ૨૫૦ ખિલખિલાટ વાન ખરીદવા માટે સને ૨૦૨૬–૨૭માં રૂ. ૧૫.૬૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભારતની અંદર માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પી.એમ.જે.એ.વાય. યોજના અને ગુજરાતની અંદર પી.એમ.જે.એ.વાય. મોં યોજના એ કુટુંબ માટે આશીર્વાદરૂપ છે. ૫–૫ લાખ રાજય સરકાર અને ૫–૫ લાખ કેન્દ્ર સરકાર એમ કરીને ૧૦ લાખ રૂપિયા સુધીની સારવાર વિનામૂલ્યે આપવામાં આવે છે. પહેલાના વખતમાં હૃદયરોગનો હુમલો આવે એટલે આપણે એક, બે અને ત્રણ ગણવાના. એક આવી ગયો છે, બે આવશે. સારવારના પૈસા ના હોય આવા અનેક લોકો દવાના અથવા તો એમની પાસે આર્થિક તંગીના કારણે એ સારવાર નહોતા લઇ શકતા. ગુજરાત સરકાર દ્વારા મોં અમૃતમ યોજના શરૂ કરી અને કેન્દ્રની અંદર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે પી.એમ.જે.એ.વાય. મોં યોજનામાં સહાય પાંચ લાખથી વધારીને રૂ. દસ લાખ કરવામાં આવી છે. ૨૩૦૦ જેટલી પ્રોસિઝર્સ માટે હવે કુટુંબ દીઠ રૂ. ૧૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. ૨.૭૩ કરોડ લાખ જેટલા નાગરિકોનો કાર્ડની અંદર સમાવેશ થાય છે. આ બજેટની અંદર રૂ.૩૪૭૧.૭૮ કરોડ જેટલી રકમ મોં યોજનાની અંદર મૂકવામાં આવી છે. પ્રસૂતિ વખતે બાળક અને માતાના મૃત્યુનો દર ઘટાડવા માટે અને તંદુરસ્ત બાળક જન્મે અને માતાને પણ તકલીફ ન પડે એના માટે નમોશ્રી યોજનામાં ચાર તબક્કામાં રૂ.૧૨૦૦ની સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે રૂ.૩,૯૫,૦૦૦ જેટલી સગર્ભા અને ધાત્રી

બહેનોને આ લાભ આપવામાં આવ્યો છે અને એના માટે રૂ.૨૬૩.૯૬ કરોડની જોગવાઈ કરી છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૨૦૨૩ હેલ્થ એન્ડ વેલબિંગ કાઉન્સેલર માટે રૂ.૧૩ કરોડની જોગવાઈ કરી છે. તબીબી સેવાઓમાં વર્ષ ૨૦૨૬–૨૭માં રૂ.૨૫૬૧.૧૩ કરોડની જોગવાઈ કરેલી છે અને ૧૬ હજારથી વધુ પથારીની સુવિધા આજે ગુજરાતમાં પ્રાપ્ત છે. હમણાં જ નાના બાળકોની આઈ.સી.યુ. સાથેની ૧૦ એમ્બ્યુલન્સ લોકાર્પણ કરવામાં આવી હતી. રાજ્યનો બાળ મૃત્યુદર ૨૦ તેમજ નવજાત શિશુદર મૃત્યુદર ૧૫ પ્રતિ ૧૦૦૦ જીવિત જન્મ માટેનો આ સરકારનો પ્રયાસ છે. આ એસ.એન.સી.યુ. (સ્પેશિયલ ન્યુબોર્ન કેર યુનિટ) એ બાળક જન્મે તુરંત જ નાનાં સેન્ટરથી મોટાં સેન્ટર સુધી લઈ જવામાં એનો ઉપયોગ કરવામાં આવે છે. આ એમ્બ્યુલન્સની અંદર કાચની પેટી હોય છે. એમાં કાર્ડિયાક ઓક્સિજનથી લઇને તમામ પ્રકારની સુવિધા હોય છે. નાનું બાળક જન્મ્યું હોય ત્યારે એને બહુ કેરથી મોટા સેન્ટર સુધી પહોંચાડવા માટેની આ એમ્બ્યુલન્સ પણ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવી છે અને એ સફળ થઈ. પ્રધાનમંત્રી નેશનલ ડાયાલીસીસ પ્રોગ્રામ હેઠળ ૨૮૨ ડાયાલીસીસ સેન્ટરો કાર્યરત છે. માનનીય સભ્યશ્રીએ હમણાં કહ્યું એ પ્રમાણે ચોક્કસ પ્રકારે ક્યાંય પ્રોબ્લેમ હશે કે ક્ષતિ હશે તો એને સુધારવાનું અથવા તો એ ફરી વખત પૂર્વ કાર્યરત થાય એ માટે અમે તત્પર છીએ. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં ૬૭,૦૦૦ ડાયાલીસીસ સેશન્સ આ સેન્ટરો પર થયાં છે. જૂનાં મશીનને બદલે નવાં મશીન વસાવવા માટે ૧૧૩ ડાયાલીસીસ મશીનો માટે કુલ રૂ.૧૦.૧૭ કરોડની જોગવાઈ છે. આ ડાયાલીસીસ વગેરે સરકારી સેવાઓ ગરીબ માણસો કે જે એકવાર નહિ પણ જે દર્દીઓ કાયમી ડાયાલીસીસ કરાવતા હોય એમના માટે આશીર્વાદ સમાન યોજના છે. એક સમયે જ્યારે ગુજરાતની અંદર ૧૦૮ સેવા શરૂ થઈ ત્યારે ગામડાઓમાં એનું નામ મોદી ગાડી હતું. મોદી ગાડી એટલે કે ૧૦૮ મોદી સાહેબે જ્યારે શરૂઆત કરાવી ત્યારે માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી શરૂ કરી હતી. આજે રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં ૧૪૯૫ એમ્બ્યુલન્સ ગુજરાતના રસ્તા પર લોકોને બચાવવા માટે ફરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માત્ર એટલું જ નહીં સમુદ્ર તટ પર રહેતા અને જ્યાં રોડની વ્યવસ્થા નથી પણ સમુદ્રનું પાણી જ છે ત્યાં બે બોટ એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને એ એમની સેવા આપી રહી છે. દરરોજ સરેરાશ ૫૦૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે રોડ એક્સિડન્ટ કે હૃદયરોગનો હુમલો આવ્યો હોય કે અન્ય બીમારી ધરાવતાં દર્દીઓને નિ:શુલ્ક હોસ્પિટલમાં પહોંચાડે છે. આ ૧૦૮ની આપણી યોજના ગરીબો માટે જીવતદાન સમાન છે. બાળ આરોગ્ય માટે પણ નિયોનેટલ એમ્બ્યુલન્સ કાર્યરત છે. એમાં જે મેં હમણાં વાત કરી એમ નવી ૭૧ એમ્બ્યુલન્સ વાન પૂરી પાડવા માટે રૂ.૧૫.૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.તબીબી શિક્ષણ ક્ષેત્રે સંશોધન માટે રૂ.૯,૮૭૭.૧૬ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવી છે. મેડિકલ કૉલેજ ૪૧થી વધીને ૪૩, એમ.બી.બી.એસ.ની સીટ ૭,૨૫૦થી વધીને ૭,૫૨૫ અને અનુસ્નાતકોની બેઠક ૩,૦૧૫ થી વધીને ૩,૭૨૪ કરવામાં આવી છે. મેડિકલ શિક્ષણ માટે આ સીટ હજુ વધારવાની છે. પહેલાં વસતીના ધોરણ પ્રમાણે ન હતું તે રાજ્ય સરકારના સહયોગથી કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ સિવિલ હૉસ્પિટલ, સુરત સિવિલ હૉસ્પિટલ કે ભાવનગર સર ટી. હૉસ્પિટલ જેવી સરકારી હૉસ્પિટલોએ મોટાં શહેરોમાં કોરોના વખતે સૌથી શ્રેષ્ઠ સારવાર વિનામૂલ્યે આપીને હજારો લોકોના જીવ બચાવ્યા છે. આ સરકારની શ્રેષ્ઠ વ્યવસ્થાઓ છે. કોરોના વખતે ગુજરાતના અંતરિયાળ ગામડાંઓમાં વરસાદ જેવી પરિસ્થિતિમાં ચાલતા જઈને આપણી મેડિકલ ટીમે કોરોનાની વેક્સિન આપી હતી. આજે વિશ્વ કોરોનામુક્ત બન્યું છે ત્યારે આ વેક્સિનનો પણ ચોક્કસ પ્રકારના લોકો એવો પ્રચાર કરતાં હતા કે, આ વેક્સિન ન લેવાય પણ જ્યારે વેક્સિન આપવાની શરૂઆત થઈ ત્યારે તે જ લોકો લાઇનમાં પહેલાં નંબરે વેક્સિન લેવા માટે આવ્યા હતા. સુરત અને અમદાવાદ દુનિયાના નકશા પર ચમકતાં શહેરો છે. તેમનો ફાસ્ટ ગ્રોથ થઈ રહ્યો છે ત્યારે અમદાવાદના વસઈ ખાતે અને સુરતના કામરેજ ખાતે ૧૫૦ પીઘામાં ૫૦૦ બેડ કાર્ડિયાક, ૫૦૦ બેડ કિડની અને ૫૦૦ બેડ કેન્સરના એમ ૧૫૦૦ બેડની નવી આધુનિક હૉસ્પિટલ બનાવવા માટે રાજ્ય સરકારે બજેટમાં રૂ.૫૦૦ કરોડની જોગવાઇ કરી છે અને કુલ પ્રોજેક્ટ રૂ.૨૫૦૦ કરોડનો છે. જ્યારે આપણે દુનિયાના વિકસિત દેશોના ઘણીવાર બહુ વખાણ કરીએ છીએ ત્યારે કેનેડા કે અન્ય યુરોપીય દેશોમાં ભણતાં સગાંવ્હાલાંને પૂછજો કે, એમ.આર.આઇ. કરવા માટેની એપોઇન્મેન્ટ માટે કેટલી લાઇન હોય. ઈજા પહોંચી હોય અને લોહી નીકળતું હોય તો હૉસ્પિટલમાં એપોઇન્મેન્ટ લેવી પડે. આ કામગીરી તો આપણી ૧૦૮ની સેવા કરી રહી છે. કોરોના વખતે મેડિકલ ક્ષેત્રે શ્રેષ્ઠ કહેવાતી તે સેવાઓ સફળ ન રહી અને ગુજરાત સરકાર તથા ભારત સરકારની આ મેડિકલ સેવાઓએ શ્રેષ્ઠ સારવાર આપી તેના કારણે આવા મહારોગમાંથી આપણે બહાર નીકળી શક્યા હતા. અમદાવાદના વસઈ ખાતેની હૉસ્પિટલમાં તેની આજુબાજુના દસક્રોઇ, બાવળા, બગોદરા, સાણંદ, ધંધુકા, ધોળકા, ખેડા અને સમગ્ર સૌરાષ્ટ્રમાંથી દર્દીઓ ત્યાં આવી શકે. સુરતમાં કામરેજ તાલુકા આસપાસ ઓલપાડ, માંગરોળ, પલસાણા, ચાર્યાસી, બારડોલી, માંડવી, મહુવા, કીમ, અંકલેશ્વર સુધી તમામ લોકો લાભ લઈ શકે તે પ્રકારે મેડિકલ ટુરિઝમ માટેના કોન્સેપ્ટને આ બંને હૉસ્પિટલ દ્વારા સરકાર સાકાર કરશે. ૨૨ હજાર જેટલા કેન્સરના દર્દીઓ સારવાર લે છે. ૮ હજાર દર્દીઓને રેડિયોથેરાપી સારવાર અપાય છે અને પોરબંદર, હિંમતનગર, વલસાડ અને ગોધરા ખાતે નવાં સેન્ટરો શરૂ કરવામાં આવ્યાં છે. ગુજરાતમાં આ હોસ્પિટલ દ્વારા કેન્સરની અનેક સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે ત્યારે પેટા કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. સુરત, ભાવનગર, ગાંધીનગર અને સોલા અમદાવાદ ખાતે નેફ્રોલોજી, યુરોલોજી અને ભવિષ્યમાં કિડની

ટ્રાન્સપ્લાન્ટ માટે સેટેલાઇટ સેન્ટર શરૂ કરવા માટે સાધન સામગ્રી માટે રૂ.૩.૪૫ કરોડ અને માનવબળ માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વિશ્વમાં સૌથી વધુ કિડનીના ઓપરેશનો આપણી કિડની ઇન્સ્ટિટ્યૂટ કરે છે અને એ જ રીતે યુ.એન. મહેતા હોસ્પિટલ હાર્ટના સૌથી વધુ ઓપરેશનો કરે છે.

સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે

શ્રી વિજયભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને મતદાન પૂર્ણ થાય ત્યારપછી વિરામ જાહેર કરવામાં આવે તેવી દરખાસ્ત કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ દરખાસ્તને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે?(થોડીવાર બાદ) માંગણીઓ પરની ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પ્રકુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૦૫ થી સર્જરી વિભાગ દ્વારા આઇ.વી.એફ. સેવાઓ શરૂ કરવામાં આવેલ છે અને હાલમાં ૧૦થી ૧૫ ટકા નવયુગલ પ્રાઇવેટ હોસ્પિટલમાં સેવા લે છે. સરકારશ્રી દ્વારા સુરત, ભાવનગર અને જામનગર ખાતે આઇ.વી.એફ.ની સેવા પૂરી પાડવા માટે ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર, અમદાવાદના સહયોગથી સેટેલાઇટ સેન્ટરો અને લેબ કાર્યરત કરવા માટે રૂ.૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એવી જ રીતે સ્પોર્ટસ માટે ગુજરાત યજમાન બનવાનું છે ત્યારે અમદાવાદ ખાતે બાંધકામના આયોજન માટે ૩૦૦ પથારીવાળી હોસ્પિટલ, ૫૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાની હોસ્ટેલના બાંધકામ માટે રૂ. ૫૮ કરોડની જોગવાઇ છે અને કુલ પ્રોજેકટની કિંમત રૂ.૧૭૫ કરોડ છે. રાજકોટ ખાતે ૧૦૦૦ બેડની નવી સિવિલ હોસ્પિટલ બનાવવા માટે રૂ.૩૬૦ કરોડનું આયોજન કરેલ છે. આયુર્વેદ માટે ૫૭૧ આયુષ માટે રૂ.૫૭૧.૩૧ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. અમદાવાદ અને સુરેન્દ્રનગર ખાતે ૧૦૦ બેડ, વિસનગર અને આણંદ ખાતે ૫૦ બેડ અને આયુર્વેદની હોસ્પિટલના નવનિર્માણની કામગીરી પ્રગતિમાં છે. સુરત ખાતે ખોરાક અને ઔષધ પ્રયોગશાળા માટે રૂ.૧૭ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આ જ રીતે અંદાજપત્રમાં આરોગ્ય માટે સરકારે પહેલાં જે ચેનલ ચાલી આવી છે એને આધુનિક કરવા માટે, ક્ષતિઓ દૂર કરવા માટે વિરોધપક્ષના મિત્રોએ સારાં સૂચનો આપેલાં છે એને ધ્યાને રાખવામાં આવશે. આખરે તો સરકારનો એક જ હેતુ છે કે, આ યોજનાઓ લોકો સુધી પહોંચે અને ગરીબો એનો લાભ લે. આરોગ્ય ખાતે રૂ.૨૫ હજાર કરોડથી વધુ રકમ ફાળવીને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું અને વિરોધપક્ષને વિનંતી કરું છું કે કાપ દરખાસ્ત પાછી ખેંચી લોકોના હિત માટેનું આટલું મોટું બજેટ છે એટલે માગણીઓમાં સમર્થન કરે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે અત્યારે ગુજરાતમાં એ.એન.એમ., જી.એન.એમ અને બી.એસ.સી. નર્સિંગ કરેલા હજારોની સંખ્યામાં યુવક-યુવતીઓ બેકાર છે. આ યુવક-યુવતીઓને ન્યાય આપવા માટે આઉટસોર્સિંગની જગ્યાએ કોઇ ચોક્કસ પ્રકારનું ભરતી કેલેન્ડર બનાવીને પણ સરકારી નોકરી આપવામાં આવે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : અધિકારીશ્રીઓ આ બાબતો નોંધે અને બજેટની જોગવાઇઓને આનુષંગિક બજેટમાં જોગવાઇ હોય તો આ કામને પ્રાથમિકતા આપવામાં આવે તથા માનનીય સભ્યશ્રીઓને વિધાનસભા મારફતે તેનો જવાબ માનનીય સભ્યશ્રીઓને આપવામાં આવે.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આયુષ્યમાન યોજના બહુ સારી યોજના છે પરંતું એમાં જે કાર્ડ રિન્યૂ કરવામાં આવે છે એ સમયસર રિન્યૂ થતા નથી એટલે એનો લાભ મળતો નથી. ખાસ કરીને, ગર્ભાશયની કોથળીના ઓપરેશનનો એમાં સમાવેશ કરવામાં આવતો નથી. ૧૦૦માંથી ૮૦ મહિલાઓને આ ઓપરેશન કરવાની જરૂર પડે છે એટલે એમાં સમાવેશ કરવામાં આવે. વીમા એજન્સી દ્વારા સિઝેરિયનનો રૂ. ૧૨,૦૦૦/-નો ખર્ચ બતાવવામાં આવે છે, એ રૂ. ૧૨,૦૦૦/-માં સિઝેરીયન થાય નહીં એટલે એની રકમ વધારવામાં આવે એવી વિનંતી કરું છું.

ડૉ. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આપના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીનો હું ખૂબ-ખૂબ આભાર માનું છું કે ગુજરાતની બીજા નંબરની સિવિલ હૉસ્પિટલ રાજકોટ સિવિલ હૉસ્પિટલ ખૂબ જર્જરિત હતી અને આ વખતના બજેટમાં એના નવિનીકરણ માટે બજેટ મંજૂર કરવામાં આવ્યું છે. એ બદલ હું તમામ રાજકોટવાસીઓ વતી સરકારશ્રીનો આભાર માનું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ સિવિલ હૉસ્પિટલ માટે જે ઇન્સ્ટ્રુમેન્ટની જરૂરિયાત છે, એ જી.એમ.એચ.સી.એલના પોર્ટલ ઉપર વિભાગ દ્વારા અપલોડ કરવામાં આવી છે તો વહેલી તકે મંજૂર કરવામાં આવે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા જામનગરની જી.જી. હૉસ્પિટલ બહું મોટી હૉસ્પિટલ છે. આજે જામનગરની હાલત એવી છે કે આયુષ્યમાન કાર્ડમાં સારવાર કરવા માટે કાર્ડિયોલોજીસ્ટ ડોકટર એકપણ નથી. એની તાત્કાલિક વ્યવસ્થા થઇ જાય તો કોઇને એટેક આવે તો સીધું આયુષ્યમાન કાર્ડમાં સારવાર કરાવવા માટે રાજકોટ જવું પડે છે એની જગ્યાએ તાત્કાલિક જામનગરમાં થઇ જાય.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જૂનાગઢ હૉસ્પિટલ ખૂબ મોટી હૉસ્પિટલ છે અને પાંચ જિલ્લાઓના દર્દીઓને ત્યાં ખૂબ મોટો લાભ મળે છે. ત્યાં આઇ.સી.યુ. એમ્બ્યુલન્સ નથી. દર્દીને રાજકોટ કે અમદાવાદ રીફર કરવા પડે તો પ્રાઇવેટ આઇ.સી.યુ. એમ્બ્યુલન્સ મંગાવવી પડે છે અને ખૂબ મોટો ખર્ચ થાય છે તો એક આઇ.સી.યુ. એમ્બ્યુલન્સ આપવામાં આવે. બ્લડ વાન નથી. ઇન્ફ્રાસ્ટ્રકચર એટલું મોટું છે કે હજી આપણી પાસે સ્પેરમાં પડ્યું છે તો કેન્સર હૉસ્પિટલ વ્યવસ્થિત અને સારી રીતે થઇ શકે એમ છે તો એ ચાલુ કરવામાં આવે.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હાલ મહિસાગર જિલ્લાનો લુણાવાડામાંથી કોઠંબા તાલુકા છૂટો પડ્યો છે. હાલ ત્યાં સી.એચ.સી. સેન્ટર ચાલે છે એને અપગ્રેડ કરી, સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં ફેરવવામાં આવે અને બીજું, અમારી હૉસ્પિટલમાં ડૉકટરો નથી એમની તાત્કાલિક ભરતી કરવામાં આવે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે બોટાદ જિલ્લામાં સબ સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કોલેજ મંજૂર થઇ ગયા છે એનું કામ ચાલુ નાણાકીય વર્ષમાં શરૂ કરવામાં આવે અને બોટાદમાં કોઇને એટેક આવે ત્યારે એક પણ પ્રાઇવેટ હૉસ્પિટલમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ માન્ય નથી તો કોઇ એક હૉસ્પિટલમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ માન્ય થાય તેવી જોગવાઇ કરવામાં આવે અને દૂધ તથા દહીં જેવા ખાદ્યપદાર્થોમાં ભેળસેળ થઇ રહી છે તો આવા ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનારાઓ ઉપર ચોક્કસ કાર્યવાહી કરવામાં આવે. કાયદામાં ફેરફાર કરી એમના ઘર તથા મિલકત ઉપર બુલડોઝર ફેરવવામાં આવે એ પ્રકારનો કાયદો લાવી કાર્યવાહી કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા આણંદ વિધાનસભા મતવિસ્તારમાં એક માગીએ અને બે આપે એવા અમારા મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ અને એક માગીએ અને ત્રણ આપે એવા માનનીય નાણામંત્રીશ્રીએ ખૂબ સરસ પ માળની ૫૧૭ રૂમની નવી હૉસ્પિટલ આપી છે અને ૫૦ રૂમની આયુર્વેદ હૉસ્પિટલ આપી છે એ ઝડપથી ચાલુ થઇ જાય એવી વિનંતી કરું છું.

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં વડોદરા શહેરની જી.એમ.ઇ.આર.એસ. ગોત્રી હોસ્પિટલ આવેલી છે. ત્યાં સારું સંચાલન થાય છે. હજારો દર્દીઓ દિવસભરમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી આવીને એનો લાભ લેતા હોય છે. એક ન્યુરોલોજી વિભાગ નથી. હાલના ડૉકટર સી.એમ.સેતુ હેઠળ પ્રાઇવેટ પ્રેક્ટિશનરને મૂકવામાં આવ્યા છે. ત્યાં એક ડિપાર્ટમેન્ટ ઊભું થાય અને કાયમી સ્ટાફ ભરવામાં આવે તો એની સેવા મળી શકે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા મતવિસ્તારમાં આયુર્વેદિક હૉસ્પિટલની જરૂર હોઇ હું માગણી કરું છું કે મને એક આયુર્વેદિક હૉસ્પિટલ આપવામાં આવે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરની સિવિલ હોસ્પિટલ ખૂબ મોટી દક્ષિણ ગુજરાતની હોસ્પિટલ છે. એને ડિમોલિશન કરીને નવું બાંધકામ ચાલી રહ્યું છે. એ ખૂબ ધીમી ગતિએ ચાલે છે. સાથોસાથ હમણાં જ જુદા જુદા વિભાગોમાં ઓ.પી.ડી. ચાલે છે. એક વિભાગમાંથી બીજા વિભાગમાં સ્ટ્રેચરમાં લઇ જવા માટે દર્દીનાં સગાંવ્હાલાંને લઇને જવું પડે છે. સ્ટાફ ટાઇમ પર હોતો નથી. અમે ધારાસભ્ય તરીકે એમ્બ્યુલન્સ આપી હતી તેમાં સુપ્રિન્ટેન્ડેન્ટ બરાબર ધ્યાન આપતા નથી. એમને સૂચના આપવામાં આવે કે દર્દીઓને વ્યવસ્થિત લઇ જવા માટે સ્ટાફ નિમવામાં આવે એવી મારી માગણી છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં વાંસદામાં એક જ સી.એચ.સી. અને એક કોટેજ હોસ્પિટલ છે. બીજું સી.એચ.સી. મંજૂર થઇ ગયું છે છતાં હજુ સુધી બાંધકામ થતું નથી તો બાંધકામ ત્વરિત પૂર્ણ કરવામાં આવે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાના મહુવા ખાતે સિવિલનો દરજ્જો મળ્યા પછી એના બિલ્ડિંગના કામકાજનું ટેન્ડર થઇ ગયું. બે-ત્રણ વર્ષથી ધીમે ધીમે કામગીરી આગળ વધી નથી. મારા ગામ ભાદ્રોડમાં સી.એચ.સી. ૬ વર્ષથી મંજૂર થયું છે અને બે વાર જમીન એલોટ કરાવી તો હવે ગ્રાન્ટ જતી રહી છે. તો તાત્કાલિક ગ્રાન્ટ ફાળવાય એવી મારી માગણી છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરવા માગું છું કે, મારો ગોઘર નવીન તાલુકો છે ત્યાં આયુર્વેદિક હૉસ્પિટલની મંજૂરી મળે અને વર્ષ ૨૦૨૩-૨૪માં મોરવાહડફ તાલુકામાં નવાગામ પી.એચ.સી. સેન્ટર મંજૂર થયું છે અને મહેકમ મંજૂર થઇ ગયેલ છે. પરંતુ હજુ સુધી એની શરૂઆત થઇ નથી. બજેટમાં લેવાયું નથી. એવી રીતે સંતરામપુર તાલુકાનું સીંગલગઢ પી.એચ.સી. સેન્ટર એનું મહેકમ મંજૂર છે. બજેટમાં નથી લેવાયું તો બજેટમાં લેવા માટે મારી વિનંતી છે. ત્રણ પી.એચ.સી. સેન્ટર સંતરામપુર તાલુકાના ડોળી, વાંકડી અને ઉંબેર આ ત્રણેયમાં એમ્બ્યુલન્સ ફાળવવા મારી માગણી છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં લાંઘણજ સી.એચ.સી. સેન્ટર આવેલું છે. એમાં મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ અને ગાયનેકોલોજિસ્ટની જગ્યા ઘણા સમયથી ખાલી છે. એ ભરવામાં આવે એવી વિનંતી કરું છું.

શ્રી રમેશભાઈ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં પદ્મકુંવરબા હૉસ્પિટલ જૂની રાજાશાહી વખતની છે અને ત્યાં મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે. બિલ્ડિંગ જૂનું થઇ ગયું છે. નવું મંજૂર થઇ ગયું છે પણ બિલ્ડિંગનું કામ ચાલુ થયું નથી. એના માટે મંત્રીશ્રીને જણાવું છું કે સત્વરે કામ ચાલુ થાય. રાજકોટની બાજુમાં શાપર-વેરાવળ ખાતે સી.એચ.સી. ભાડાના મકાનમાં બેસે છે. નવું બિલ્ડિંગ બની ગયું છે પણ ઉદઘાટનના વાંકે બંધ છે. તો વહેલી તકે લોકાર્પણ થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી કનુભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાણંદ વિધાનસભા વિસ્તારમાં ઇન્ડસ્ટ્રીયલ એરિયા બહુ મોટો છે. કોમનવેલ્થ ગેમ્સ પણ આવી રહી છે અને ઓલિમ્પિકની પણ તૈયારી થઇ રહી છે ત્યારે સાણંદનું સી.એચ.સી. થોડું જર્જરિત છે એને ઉતારીને સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ માટે હું માગણી કરું છું.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં લખતર અને દસાડા બંને પી.એચ.સી.ના બિલ્ડિંગો હતા. બંને જગ્યાએ સી.એચ.સી. આવ્યાં છે ત્યારે સી.એચ.સી.ના નવા બિલ્ડિંગ બને એવી વિનંતી કરું છું. એના માટેની જમીનની પ્રક્રિયા એ કલેક્ટરમાં લગભગ પૂર્ણ થઇ ગઇ છે તો જમીનમાં નવા ઇન્ફ્રાસ્ટ્રકચર બિલ્ડિંગ બને એવી વિનંતી છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું મારા મતવિસ્તારમાં બે તાલુકા અને બે નગરપાલિકા આવી છે અને એકજ સબ-ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ જંબુસર ખાતે આવેલી છે જેની ઘણા સમયથી મારી માગણી છે તો મને એક ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આપવામાં આવે જેથી આ વિસ્તારમાં બલ્ક ડ્રગપાર્ક પણ બની રહ્યો છે તો આવનાર ભવિષ્યમાં આ હૉસ્પિટલનો સૌ લાભ લઇ શકે એ માટે માનનીય મંત્રીશ્રી અને સબ-ડિસ્ટ્રિક્ટમાંથી ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ આપવા માટે નમ્ર વિનંતી કરું છું.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી એક જ છે કે ધોળકામાં ૧૦૦ બેડની મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલની માગણી લગભગ અઢી વર્ષથી કરું છું. મારા વિસ્તારમાં પ્રાઇવેટ હૉસ્પિટલો, દવાખાનાઓ છે ત્યાં પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડની ક્યાંય કોઇ જગ્યાએ કોઇને મંજૂરી મળતી નથી. કોઇની પાસે લિફ્ટ નથી. ફર્સ્ટ ફ્લોર અને સેકન્ડ ફ્લોરમાં દવાખાનાં બહુ વર્ષો પહેલાં બનેલાં છે એટલે ત્યાં આગળ સગવડો હોતી નથી. બી.યુ.પરમિશન એમની પાસે નથી એટલે ગરીબ માણસો અને દર્દીઓ હેરાન થાય છે ૧૦૦ બેડની હૉસ્પિટલની હું અઢી વર્ષથી માગણી કરું છું તો આ વખતે એનું બજેટમાં પ્રાવધાન કરીને ધોળકાખાતે મંજૂર કરે એવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : કાર્ડ કાઢવા માટેની પ્રોસેસ માટે મને લાગે છે કે તમે એકાદ વખત બધા ધારાસભ્યોને મંત્રીશ્રી બોલાવીને શું શું સુવિધા હોય અને ક્યાં કિયોસ્ક મૂકેલા છે તેની માહિતી આપશો તો તેમને સરળતા રહેશે. એ દરેક જગ્યાએ કરેલું છે તો ઘણું બધું સરળ થઇ જશે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, નારોલ વિસ્તારમાં આજુબાજુ બધી ઇન્ડસ્ટ્રીઝ છે. નડિયાદથી એક્સપ્રેસ હાઇવે અને બંને હાઇવે કોઇ રેફરલ હૉસ્પિટલ ફેટલ એક્સિડન્ટ અને ઇન્ડસ્ટ્રીઝ માટે નથી. નારોલ કોર્ટની જગ્યા અવેલેબલ છે ત્યાં રેફરલ હૉસ્પિટલ બનાવવામાં આવે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રીશ્રી પાસે મારી એક રિક્વેસ્ટ છે કે રાજુલા સિવિલ હૉસ્પિટલમાં બ્લડ સ્ટોરેજની વ્યવસ્થા છે. જો બ્લડ બેંક થઇ જાય તો અમારા વિસ્તારમાં ઉદ્યોગો છે ત્યારે અવાર-નવાર નાના-મોટા એક્સિડન્ટ થતા હોય ત્યારે બ્લડ માટે બહુ કવાયત થતી હોય છે ત્યારે આપના માધ્યમથી આદરણીય મંત્રીશ્રી જો અમને એ મંજૂર કરાવી આપે તો ખૂબ સારું કામ થાય તેમ છે.

અધ્યક્ષશ્રી : આ સિવાય પણ જે જે માનનીય સભ્યશ્રીઓને પોતાની વાત મૂકવી હોય તો આજે જ મંત્રીશ્રીને એની રજૂઆત તમે આપી દો તો આ રેકોર્ડનો ભાગ બનાવીને પ્રાયોરિટી માટે કહીશું. જેને પ્રશ્ન બાકી હોય એ આજે જ આપી દે. આજે આપશો તો એ રેકોર્ડનો ભાગ બનશે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક નં.૭૯ લઇને આવ્યાં હતા. તે જનતાના હિતને ધ્યાનમાં રાખીને અને ગુજરાતના આરોગ્યમાં સારું કામ થઇ રહ્યું છે એ આશાએ મારી કાપ દરખાસ્ત સભાગૃહને વિનંતી કરું છું કે હું કાપ દરખાસ્ત પાછી ખેચું છું. બોટાદમાં ઝડપથી મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ બનાવશો એ આશાએ સભાગૃહને વિનંતી કરું છું કે હું કાપ દરખાસ્ત પાછી ખેચું છું.

અધ્યક્ષશ્રી : આમાં શરત ના હોય. પરંતુ આપને પ્રેમ થયો છે તો આપ ખેંચી શકો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી માગણી ક્રમાંક-૩૯ પરની કાપ દરખાસ્ત ક્રમાંક ૯ અને ૧૯ પાછી ખેંચી લેવાની સભાગૃહની અનુમતિ માગું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુંમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ અને ૧૯ પાછી ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : કાપ દરખાસ્ત ક્રમાંક ૯ અને ૧૯ પાછી ખેંચી લેવામાં આવે છે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક –૧, ૨, ૩, ૪, ૮, ૧૧, ૧૨, ૧૬, ૧૭, ૨૧, ૨૨ અને ૨૬ માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક– ૩૯ અને ૪૦ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

(વિરામ સાંજના ૫–૦૧ થી ૫–૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

પહેલા, બીજા, ત્રીજા વાચન માટેના બિન સરકારી વિધેયકો

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯

ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ) વિધેયક, ૨૦૨૩

શ્રી અમિત શાહ : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

સન ૨૦૨૩ નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૫

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ (૨૬ કરવા) બાબત વિધેયક, ૨૦૨૩

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૧૩

ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, ૨૦૨૩

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય સભ્યશ્રી ગેરહાજર

સન ૨૦૨૩નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૪

ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક, ૨૦૨૩

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય સભ્યશ્રી ગેરહાજર

સભાગૃહની બીજી બેઠકનું કામકાજ સાંજના ૫–૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૧૮ મી માર્ચ, ૨૦૨૬ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા. ૧૮મી માર્ચ, ૨૦૨૬

ફાલ્ગુન ૨૭, ૧૯૪૭ શાકે

સભાગૃહ સવારના ૧૦–૦૦ કલાકે મળ્યું.

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

રાજકોટ જિલ્લાના ખેડૂતોને નેટહાઉસ બનાવવા આપવામાં આવતુ પ્રોત્સાહન

***15/8/3111 : શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	રાજ્યમાં ખેડૂતોને નેટહાઉસ બનાવવા માટે સરકારશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને	(૧)	હા
(૨)	જો હા, તો નેટહાઉસ માટે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?	(૨)	કુલ–૧૯ લાભાર્થીઓને ૩.૨,૪૦,૬૦,૫૭૯/–

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજકોટ જિલ્લાના ખેડૂતો માટે નેટહાઉસ બનાવવાની યોજના ખૂબ સરસ છે, આ યોજના ક્યારથી શરૂ કરવામાં આવી છે અને આ યોજનામાં ખેડૂતોને કોઇ પ્રોત્સાહન આપવામાં આવે છે કે નહી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, કેન્દ્રીય પુરસ્કૃત યોજના મિશન ફોર ઇન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર હેઠળ પેટા યોજના અંતર્ગત ૨૦૦૫–૦૬થી નેટહાઉસ ઊભા કરવાની યોજના અમલમાં છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા માનનીય મોદી સાહેબે દેશની ધુરા સંભાળી ત્યારથી વર્ષ ૨૦૧૪–૧૫થી નેટહાઉસ બનાવવાના એકમમાં ૩.૬૦૦ પ્રતિચોરસ મીટરની જગ્યાએ ૭૧૦ ચોરસમીટર કરવામાં આવેલ છે. આમ કેન્દ્ર સરકારની નેશનલ હોર્ટીકલ્ચર મિશન અંતર્ગત ૭૧૦ પ્રતિ ચોરસમીટર ધ્યાનમાં લઇ ૪૦૦૦ ચોરસ મીટર વિસ્તાર માટે એકમ ખર્ચના ૫૦ ટકા સુધી કેન્દ્ર સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે. ખેડૂતના ખર્ચમાં રાહત મળે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇના નેતૃત્વની ભારતીય જનતા પાર્ટીની સરકારે સામાન્ય ખેડૂતો માટે ૧૫ ટકા વધારાના એટલે રાજ્ય સરકાર અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને દેવીપૂજક ખેડૂતો માટે ૨૫ ટકા વધારાની પૂરક સહાય આપવામાં આવે છે. નેટહાઉસ એ અતિ મહત્ત્વના છે. સૌ સભ્યશ્રીઓના ધ્યાનમાં રહે કે માનનીય ભુપેન્દ્રભાઇના નેતૃત્વમાં મેં ગઇકાલે જ ચર્ચા કરી છે. ખેડૂતોની આવક પણ ડબલ થાય એના માટે આપ પણ જાણો છો અને આપ પણ ખેડૂત છો. નેટહાઉસમાં ડબલ આવક થાય એવી સંભાવનાઓ છે. નેટહાઉસમાં શાકભાજી હોય કે અન્ય પ્રકારના ઉત્પાદન મેળવી શકાતા હોય છે એટલે રાજ્ય સરકાર સાથે ચર્ચાઓ કરીને નક્કી કર્યું છે કે, સમગ્ર રાજ્યની અંદર નેટહાઉસ કેવી રીતે બને, માનનીય સભ્યશ્રીઓને થશે કે આ અતિમહત્ત્વનું છે. અડધો એકર, ૧ એકર, અડધો વિઘો, ૧ વિઘામાં નેટહાઉસ બનાવવાનું શરૂ કરશે તો તેમાં ૬૫ ટકા સામાન્ય ખેડૂતને મળી રહ્યા છે. એસ.સી., એસ.ટી., અને દેવીપૂજક સમાજના ખેડૂતને ૭૫ ટકા મળી રહ્યા છે. જી.એ.સી. બેન્કના ચેરમેન અને આપ પણ તેના મેમ્બર અને વાઇસ ચેરમેન તરીકે કાયમ જવાબદારી નિભાવતાં રહ્યા છો ત્યારે માનનીય ચેરમેન અજયભાઇ સાથે અને બેન્ક સાથે ચર્ચા થઇ છે કે, ૬૫ ટકા સરકાર દ્વારા મળી રહ્યા છે. ૩૫ ટકા લોન તરીકે ખેડૂતને ૮ ટકાના સાદા વ્યાજથી આપશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે અમારા વિભાગે ખેડૂતો આ નેટહાઉસ બનાવવા માટે વધારેમાં વધારે લાભ લે તેના માટે થઇને આ નિર્ણય કર્યો છે. ૫૦૦ ચોરસમીટર માટે ૩.૩.૫૫ લાખનો ખર્ચ થતો હોય છે. સામાન્ય ખેડૂતને ૩.૨.૩૦ લાખ સહાય મળે છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિને ૩.૨.૩૦ લાખ સહાય મળે છે. એટલે ૫૦૦ ચોરસમીટરમાં ૩.૧.૩૦ લાખ જે ઘટે છે તેના માટે જી.એ.સી. બેન્ક દ્વારા લોન ઉપલબ્ધ કરાવવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો છે ત્યારે તેની વાત કરતાં મને આનંદ થાય છે. એ જ રીતે ૧૦૦૦ ચોરસમીટરમાં સામાન્ય ખેડૂતોને ૩.૨.૫૧ લાખ ઘટે છે. ૩.૧.૭૯ લાખ એસ.સી., એસ.ટી.,ના ખેડૂતોમાં ઘટે છે. તે બધા જ પૈસા ૪૦૦૦ ચોરસ મીટર સુધી આપવાના છે. તેમાં આવકના આંકડા અમે કાઢ્યા છે. તેમાં નર્સરી કરે કે સબ્જી કરે તો ૫૦૦ ચોરસમીટરમાં નર્સરીમાં ૩.૪ થી ૫ લાખ અને સબ્જીમાં ૩. ૨ લાખ, એ જ ક્રમે છેલ્લે ૨૦૦૦ ચોરસમીટરમાં ૩. ૬થી ૭ લાખ, એમાં ખીરાકાકડી, કેપ્સિકમ, ટામેટાં આ બધું ઉગાડશે તો મને લાગે છે કે માનનીય મોદી સાહેબ દ્વારા ખેડૂતોની આવક ડબલ કરવાની વાત છે એથી પણ વધારે ગુજરાત રાજ્યના ખેડૂતો માટે થઇને અમે ચિંતા કરી છે. અંતમાં વાત કરું તો ખેડૂતને એકપણ રૂપિયો કાઢવો ના પડે અને પોતાના ખેતરમાં નેટહાઉસ બનાવી શકે એ પ્રકારની વ્યવસ્થા માટે ગઇકાલે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે વાત કર્યા પછી રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. અમારા વિભાગે રાજ્યમાં ૧૦૦૦૦ જેટલા નેટહાઉસ બનાવાનો નિર્ધાર કર્યો છે. મારી સૌ સભ્યશ્રીઓને વિનંતી

છે કે, આપણે ખેડૂતોને આગળ લાવીએ અને માનનીય અધ્યક્ષશ્રી, આપનો પણ અમારે એમાં સહકાર જોઇશે. આપ ડેરી અને અન્ય ઉદ્યોગો સાથે જોડાયેલા છો. મારી તમામ સભ્યશ્રીઓને વિનંતી છે કે આપણે ખેડૂતો માટેની ચિંતા કરીએ. આવો સૌ સાથે મળીને ખેડૂતો નેટહાઉસ તરફ વળે, એમને એકપણ રૂપિયો કાઢવો ના પડે તથા બેંકમાં સીધી સબસિડી જમા થાય એ માટેની કામગીરી કરીએ. વેન્ડરોને પછીથી રાહત મળતી હોય તે મળે તો પણ અમે વેન્ડરોને તૈયાર કરીને ખેડૂત માટે વગર રૂપિયે નેટહાઉસ બને એના માટે રાજ્ય સરકારે પ્રયાસ કર્યા છે.

ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ

***5/8/3383: શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (**સોમનાથ**): માનનીય, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ આવેલી છે,	(૧)	પત્રક–૧ સામેલ છે
(૨)	ઉકત આઈ.ટી.આઈ વાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે,	(૨)	પત્રક–૨ સામેલ છે
(૩)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કરાર આધારીત અને આઉટ–સોર્સિંગથી ભરાયેલી છે, અને	(૩)	પત્રક–૩ સામેલ છે
(૪)	કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?	(૪)	પત્રક–૪ સામેલ છે

પત્રક–૧

જિલ્લો	તાલુકો	સંખ્યા	આઈ.ટી.આઈ નું નામ
ગીર સોમનાથ	**ઉના**	**૧**	**ઉના**
	કોડીનાર	**૧**	**કોડીનાર**
	ગીર ગઢડા	**૧**	**ગીર ગઢડા**
	તલાલા(ગીર)	**૧**	**તલાલા (ધુસિયા)**
	વેરાવળ	**૧**	**વેરાવળ**
	સુત્રાપાડા	**૧**	**સુત્રાપાડા**
જુનાગઢ	**કેશોદ**	**૧**	**કેશોદ**
	જુનાગઢ	**૧**	**જુનાગઢ (મહિલા)**
		૧	**જુનાગઢ**
	ભેસાણ	**૧**	**ભેસાણ**
	માંગરોળ(જુનાગઢ)	**૧**	**માંગરોળ**
	માણાવદર	**૧**	**માણાવદર**
	માળીયા (હાટીના)	**૧**	**માળીયા (હાટીના)**
	મેંદરડા	**૧**	**મેંદરડા**
	વંથલી	**૧**	**વંથલી**
	વિસાવદર	૨૧૭ **૧**	**વિસાવદર**

પત્રક–૨				
જીલ્લો	તાલુકા	સંસ્થા	સંવર્ગ	મંજુર મહેકમ
ગીર સોમનાથ	**ઉના**	**ઉના**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૩**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ– ૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ– ૩	**૨૩**
			વર્ગ – ૪	**૧**
		ઉના કુલ		૩૦
	કોડીનાર	**કોડીનાર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ– ૩	**૧૬**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		કોડીનાર કુલ		૨૧
	ગીર ગઢડા	**ગીર ગઢડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ– ૩	**૧૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		ગીર ગઢડા કુલ		૧૯
	તલાલા	**તલાલા (ઘુસિયા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ– ૩	**૧૮**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		તલાલા (ઘુસિયા) કુલ		૨૨
	વેરાવળ	**વેરાવળ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		વેરાવળ કુલ		૨૪
	સુત્રાપાડા	**સુત્રાપાડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		સુત્રાપાડા કુલ		૨૩
ગીર સોમનાથ કુલ				૧૩૯
જુનાગઢ	**કેશોદ**	**કેશોદ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**

			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૩૩**
		કેશોદ કુલ		૩૮
	જુનાગઢ	**જુનાગઢ (મહિલા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		જુનાગઢ (મહિલા) કુલ		૧૪
	જુનાગઢ સીટી	**જુનાગઢ**	**આચાર્ય વર્ગ – ૧**	**૧**
			આચાર્ય વર્ગ – ૨	**૧**
			વહીવટી અધિકારી વર્ગ–૨	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૭**
			ડ્રાઇવર વર્ગ–૩	**૧**
			કચેરી અધિક્ષક વર્ગ–૩	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૫**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૩**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૮૭**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૨**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૧**
			હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૨૦**
		જુનાગઢ કુલ		૧૩૨
	ભેસાણ	**ભેસાણ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		ભેસાણ કુલ		૧૪
	માંગરોળ	**માંગરોળ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		માંગરોળ કુલ		૧૯
	માણાવદર	**માણાવદર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**

			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧**
		માણાવદર કુલ		૧૮
	માળીયા હાટીના)	**માળીયા (હાટીના)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧**
		માળીયા (હાટીના) કુલ		૧૯
	મેંદરડા	**મેંદરડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧**
		મેંદરડા કુલ		૧૫
	વંથલી	**વંથલી**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		વંથલી કુલ		૧૫
	વિસાવદર	**વિસાવદર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		વિસાવદર કુલ		૨૨
જુનાગઢ કુલ				૩૦૬

પત્રક–૩						
જીલ્લો	તાલુકા	સંસ્થા	સંવર્ગ	કાયમી થી ભરાયેલ જગ્યા	કરાર આધારિત / આઉટ સોર્સિંગ થી ભરાયેલ જગ્યાઓ	ખાલી જગ્યાઓ
ગીર સોમનાથ	**ઉના**	**ઉના**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૩**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૮**	**૦**	**૫**
			વર્ગ – ૪	**૧**	**૦**	**૦**
		ઉના કુલ		૨૦	૦	૧૦
	કોડીનાર	**કોડીનાર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૬**	**૦**	**૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
		કોડીનાર કુલ		૧૯	૦	૨
	ગીર ગઢડા	**ગીર ગઢડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૮**	**૦**	**૬**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
		ગીર ગઢડા કુલ		૯	૦	૧૦
	તલાલા	**તલાલા (ધુસિયા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**	**૦**	**૯**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		તલાલા (ધુસિયા) કુલ		૧૧	૦	૧૧

	વેરાવળ	**વેરાવળ**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૨**	**૦**	**૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		વેરાવળ કુલ		૧૪	૦	૧૦
	સુત્રાપાડા	**સુત્રાપાડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		સુત્રાપાડા કુલ		૧૩	૦	૧૦
ગીર સોમનાથ કુલ				૮૬	૦	૫૩
જુનાગઢ	**કેશોદ**	**કેશોદ**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૨૮**	**૦**	**૫**
		કેશોદ કુલ		૩૦	૦	૮
	જુનાગઢ	**જુનાગઢ (મહિલા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૭**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		જુનાગઢ (મહિલા) કુલ		૧૦	૦	૪

	જુનાગઢ સીટી	**જુનાગઢ**	**આચાર્ય વર્ગ – ૧**	**૧**	**૦**	**૦**
			આચાર્ય વર્ગ – ૨	**૦**	**૦**	**૧**
			વહીવટી અધિકારી વર્ગ–૨	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૪**	**૦**	**૩**
			ડ્રાઇવર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			કચેરી અધિક્ષક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૪**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૬૭**	**૦**	**૨૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૨**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૧**	**૦**	**૧૯**
		જુનાગઢ કુલ		૭૯	૦	૫૩
	ભેસાણ	**ભેસાણ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૮**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
		ભેસાણ કુલ		૯	૦	૫
	માંગરોળ	**માંગરોળ**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૨**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		માંગરોળ કુલ		૧૫	૦	૪
	માણાવદર	**માણાવદર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**

			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૧**
		માણાવદર કુલ		૧૪	૦	૪
	માળીયા (હાટીના)	**માળીયા (હાટીના)**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૧**	**૦**	**૦**
		માળીયા (હાટીના) કુલ		૧૩	૦	૬
	મેંદરડા	**મેંદરડા**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૮**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૧**
		મેંદરડા કુલ		૯	૦	૬
	વંથલી	**વંથલી**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**	**૦**	**૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		વંથલી કુલ		૧૪	૦	૧
	વિસાવદર	**વિસાવદર**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**

			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૧	૦	૦
			સીનીયર કલાર્ક વર્ગ–૩	૧	૦	૦
			જુનિયર કલાર્ક વર્ગ–3	૦	૦	૧
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૮	૦	૨
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૦	૦	૧
			વર્ગ – ૪	૦	૦	૭
		વિસાવદર કુલ		૧૦	૦	૧૨
જુનાગઢ કુલ				૨૦૩	૦	૧૦૩

પત્રક–૪

જીલ્લો	તાલુકા	આઇ.ટી.આઈ	સંવર્ગ	જગ્યા ખાલી થયા તારીખ
ગીર સોમનાથ	ઉના	ઉના	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪–૦૧–૨૦૨૫
ગીર સોમનાથ	ઉના	ઉના	સીનીયર કલાર્ક વર્ગ–૩	૦૨–૦૪–૨૦૨૧
ગીર સોમનાથ	ઉના	ઉના	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૨–૦૪–૨૦૨૧
ગીર સોમનાથ	ઉના	ઉના	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૯–૨૦૧૭
ગીર સોમનાથ	ઉના	ઉના	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૫–૨૦૧૯
ગીર સોમનાથ	ઉના	ઉના	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૧૨–૦૬–૨૦૨૩
ગીર સોમનાથ	ઉના	ઉના	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૨–૦૧–૨૦૧૭
ગીર સોમનાથ	ઉના	ઉના	આચાર્ય વર્ગ – ૨	૦૬–૦૯–૨૦૨૩
ગીર સોમનાથ	ઉના	ઉના	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧–૦૯–૨૦૧૭
ગીર સોમનાથ	ઉના	ઉના	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૬–૦૮–૨૦૨૨
ગીર સોમનાથ	કોડીનાર	કોડીનાર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૭–૦૭–૨૦૨૩
ગીર સોમનાથ	કોડીનાર	કોડીનાર	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૨૮–૦૫–૨૦૨૧
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૧૩–૦૮–૨૦૨૨
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૮–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૮–૨૦૧૪
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૮–૨૦૧૪

ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૮–૨૦૧૪
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૨૧–૦૫–૨૦૨૧
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૮–૨૦૧૪
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સીનીયર કલાર્ક વર્ગ–૩	૧૭–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૬–૧૦–૨૦૧૮
ગીર સોમનાથ	ગીર ગઢડા	ગીર ગઢડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૮–૨૦૧૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	આચાર્ય વર્ગ – ૨	૧૭–૧૧–૨૦૧૯
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૩–૦૭–૨૦૨૫
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫–૦૩–૨૦૨૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૪–૦૬–૨૦૨૩
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૮–૦૮–૨૦૨૩
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૭–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૧૦–૧૧–૨૦૨૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૮–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૩૦–૦૫–૨૦૨૨
ગીર સોમનાથ	તલાલા	તલાલા (ધુસિયા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૮–૦૬–૨૦૨૩
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૫–૦૮–૨૦૨૨
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	વર્ગ – ૪	૨૧–૦૬–૨૦૧૧
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	આચાર્ય વર્ગ – ૨	૦૩–૦૧–૨૦૨૩
ગીર સોમનાથ	વેરાવળ	વેરાવળ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૮–૦૨–૨૦૧૫
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧

ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૧
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૦–૨૦૨૪
ગીર સોમનાથ	સુત્રાપાડા	સુત્રાપાડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૭–૦૫–૨૦૧૩
જુનાગઢ	કેશોદ	કેશોદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૩૦–૦૭–૨૦૧૮
જુનાગઢ	કેશોદ	કેશોદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૭–૧૦–૨૦૨૪
જુનાગઢ	કેશોદ	કેશોદ	આચાર્ય વર્ગ – ૨	૦૧–૦૭–૨૦૨૩
જુનાગઢ	કેશોદ	કેશોદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૮–૨૦૧૮
જુનાગઢ	કેશોદ	કેશોદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૭–૧૦–૨૦૨૪
જુનાગઢ	કેશોદ	કેશોદ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧–૧૨–૨૦૨૪
જુનાગઢ	કેશોદ	કેશોદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૭–૧૦–૨૦૨૪
જુનાગઢ	કેશોદ	કેશોદ	મુખ્ય કારકુન વર્ગ–૩	૧૯–૧૨–૨૦૨૫
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૪–૦૨–૨૦૧૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૧–૦૩–૨૦૧૬
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સ્ટોરકીપર વર્ગ–૩	૦૧–૧૨–૨૦૧૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૬–૦૭–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨–૦૧–૨૦૨૪
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૦–૨૦૨૪
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૦–૦૫–૨૦૧૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૨–૨૦૨૦
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૯–૨૦૧૭
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૯–૨૦૧૭

જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૨–૧૦–૨૦૧૮
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૮–૦૧–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧–૦૨–૨૦૨૧
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૨૭–૦૨–૨૦૧૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	૦૧–૦૯–૨૦૧૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સીનીયર કલાર્ક વર્ગ–૩	૦૧–૦૧–૨૦૨૬
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૮–૦૬–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૯–૨૦૦૬
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૧–૨૦૨૦
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૭–૨૦૧૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૧–૨૦૦૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૧૨–૧૯૯૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૪–૧૯૯૮
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૧૧–૨૦૨૦
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૭–૨૦૧૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૩૦–૦૧–૧૯૯૪
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૩૦–૦૧–૧૯૯૪
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૧–૨૦૧૮
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૬–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૨–૨૦૧૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૧૧–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૩–૦૫–૨૦૨૧
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૩–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૧૨–૨૦૦૯
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૨૮–૧૦–૨૦૧૮
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વર્ગ – ૪	૦૧–૦૯–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૦૪–૦૭–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૮–૦૧–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	ડ્રાઇવર વર્ગ–૩	૩૦–૦૫–૨૦૧૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૭–૦૬–૨૦૨૩

જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૬–૦૭–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	કચેરી અધિક્ષક વર્ગ–૩	૦૧–૦૧–૨૦૨૦
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૦–૨૦૨૪
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૬–૦૭–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	આચાર્ય વર્ગ – ૨	૨૩–૦૫–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	વહીવટી અધિકારી વર્ગ–૨	૧૮–૦૨–૨૦૧૦
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧–૧૧–૨૦૦૮
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૮–૦૬–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૬–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૯–૦૪–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૧–૨૦૨૨
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨–૧૧–૨૦૧૧
જુનાગઢ	જુનાગઢ સીટી	જુનાગઢ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩–૦૩–૨૦૨૪
જુનાગઢ	જુનાગઢ	જુનાગઢ (મહિલા)	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧–૦૭–૨૦૨૫
જુનાગઢ	જુનાગઢ	જુનાગઢ (મહિલા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૭–૦૫–૨૦૧૩
જુનાગઢ	જુનાગઢ	જુનાગઢ (મહિલા)	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૮–૦૬–૨૦૨૩
જુનાગઢ	જુનાગઢ	જુનાગઢ (મહિલા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૧–૦૪–૨૦૧૨
જુનાગઢ	ભેસાણ	ભેસાણ	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૦૧–૦૪–૨૦૨૧
જુનાગઢ	ભેસાણ	ભેસાણ	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૪–૧૦–૨૦૨૪
જુનાગઢ	ભેસાણ	ભેસાણ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૪–૧૦–૨૦૨૪
જુનાગઢ	ભેસાણ	ભેસાણ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪–૧૦–૨૦૨૪
જુનાગઢ	ભેસાણ	ભેસાણ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૬–૦૭–૨૦૨૩
જુનાગઢ	માંગરોળ	માંગરોળ	આચાર્ય વર્ગ – ૨	૦૬–૦૮–૨૦૨૨
જુનાગઢ	માંગરોળ	માંગરોળ	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૫–૦૬–૨૦૨૫
જુનાગઢ	માંગરોળ	માંગરોળ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫–૧૦–૨૦૨૪
જુનાગઢ	માંગરોળ	માંગરોળ	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૩૧–૦૩–૨૦૨૫
જુનાગઢ	માણાવદર	માણાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦

જુનાગઢ	માણાવદર	માણાવદર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૬–૧૦–૨૦૨૪
જુનાગઢ	માણાવદર	માણાવદર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૬–૦૩–૨૦૨૪
જુનાગઢ	માણાવદર	માણાવદર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨–૧૦–૨૦૨૧
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	સીનીયર કલાર્ક વર્ગ–૩	૦૧–૦૧–૨૦૨૬
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫–૦૬–૨૦૨૪
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૪–૦૭–૨૦૨૫
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	આચાર્ય વર્ગ – ૨	૧૬–૧૧–૨૦૧૯
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૫–૧૧–૨૦૨૪
જુનાગઢ	માળીયા (હાટીના)	માળીયા (હાટીના)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૯–૧૦–૨૦૨૪
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	સ્ટોરકીપર વર્ગ–૩	૧૫–૦૮–૨૦૦૨
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૮–૦૨–૨૦૧૫
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૭–૦૬–૨૦૨૫
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	આચાર્ય વર્ગ – ૨	૦૭–૦૮–૨૦૨૨
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧–૦૮–૨૦૨૪
જુનાગઢ	મેંદરડા	મેંદરડા	વર્ગ – ૪	૦૧–૦૩–૨૦૨૧
જુનાગઢ	વંથલી	વંથલી	આચાર્ય વર્ગ – ૨	૦૧–૦૯–૨૦૨૩
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૯–૧૦–૨૦૨૪
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૦૩–૦૯–૨૦૨૨
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	આચાર્ય વર્ગ – ૨	૦૧–૦૪–૨૦૧૮
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૮–૦૬–૨૦૨૩
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	વર્ગ – ૪	૦૩–૧૨–૨૦૧૦
જુનાગઢ	વિસાવદર	વિસાવદર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૯–૧૦–૨૦૨૪

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં કાયમી, કરાર આધારિત અને આઉટસોર્સિંગની જગ્યાઓ ખાલી છે એ કેટલા સમયમાં ભરવા માગો છો? તથા ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં મહિલા આઈ.ટી.આઈ. કૉલેજ મંજૂર કરવા માગો છો કે નહીં?

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાને લગતો પ્રશ્ન હોઈ તેમજ આઈ.ટી.આઈ.માં સંવર્ગવાઇઝ જગ્યાઓ ખાલી છે અને આઉટસોર્સ કે કરાર આધારિત જગ્યાઓની વાત કરી ત્યારે સંવર્ગવાઇઝ જગ્યાઓ ખાલી છે એમાં, ગીર સોમનાથ જિલ્લામાં વર્ગ–૨નું મંજૂર થયેલું મહેકમ ૬ છે અને ભરાયેલું મહેકમ ૩ છે અને ૩ જગ્યા ખાલી છે. વર્ગ–૩માં મંજૂર થયેલું મહેકમ ૧૧૮ છે. ૮૨ જગ્યાઓ ભરાયેલી છે અને ૩૬ જગ્યાઓ ખાલી છે. તે જ પ્રમાણે વર્ગ–૪માં મંજૂર થયેલું મહેકમ ૧૫ છે. ૧ જગ્યા ભરાયેલી છે અને ૧૪ જગ્યા ખાલી છે. ગીર સોમનાથ જિલ્લામાં મંજૂર થયેલું મહેકમ કુલ ૧૩૯ છે. ૮૬ ભરાયેલી જગ્યાઓ છે અને ૫૩ જગ્યાઓ ખાલી છે. જૂનાગઢ જિલ્લામાં વર્ગ–૧માં મંજૂર થયેલ મહેકમ ૧ છે અને આ જગ્યા ભરાયેલી છે. વર્ગ–૨માં મંજૂર થયેલ મહેકમ ૧૧ છે, તેમાં ૩ જગ્યાઓ ભરાયેલી છે અને ૮ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩માં મંજૂર થયેલું મહેકમ ૨૬૪ છે, તેમાં ભરાયેલી જગ્યા ૧૯૭ છે અને ખાલી જગ્યા ૬૭ છે. વર્ગ–૪માં મંજૂર થયેલું મહેકમ ૩૦ છે અને તેમાં ૨ જગ્યા ભરાયેલી છે અને ૨૮ જગ્યા ખાલી છે. હમણાં સભ્યશ્રીએ વાત કરી એમ સામાન્ય રીતે વર્ગ–૪માં જે જગ્યાઓ છે એ આપણે રેગ્યુલર ભરી શકતા નથી એના કારણે આપણે આઉટસોર્સથી જરૂર પ્રમાણે ભરીએ છીએ. રાજ્ય સરકારે તારીખ ૨૬/૦૯/૨૦૨૫ના રોજ દસ વર્ષીય ભરતી કેલેન્ડર મંજૂર કર્યું છે અને તબક્કાવાર જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર તલાલામાં આવેલ આઈ.ટી.આઈ. વર્ષ ૨૦૦૧–૦૨માં બનેલી છે. એને રિનોવેશન કરવાની જરૂર છે. રિનોવેશન અને રિપેરિંગ કરવા માટેની કોઇ દરખાસ્ત વિભાગ દ્વારા કરવામાં આવી છે કે નહીં? અને આવી હોય તો કેટલા સમયમાં આપણે કામ ચાલુ કરવા માગીએ છીએ. બીજું, હમણાં છેલ્લા અઠવાડિયાથી ત્યાં પંપહાઉસ ખરાબ થવાના કારણે પાણીની ઘણી બધી મુશ્કેલી છે તો એ પંપહાઉસ તાત્કાલિક રિપેર થાય એવી વિભાગને સૂચના આપવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભગાભાઇએ વાત કરી ત્યારે ફક્ત એમના વિસ્તાર માટે નહીં પણ બાકીના જિલ્લાઓમાં વર્ષો પહેલાં બનેલી આવી જર્જરિત આઇ.ટી.આઇ. હોય એ બધી જ આઇ.ટી.આઇ.નું રિનોવેશન કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીની સંમતિ સાથે રિપેર કરવા માટેની જોગવાઇ આ વખતના બજેટમાં કરી છે. ત્યાં તો કદાચ મોટરનો પ્રશ્ન છે. એ લોકલ પ્રશ્ન છે. અમે આજે જ એમને સૂચના આપીશું. આ અઠવાડિયામાં રિપેર થશે અથવા બદલાવાની થતી હશે તો કરી દઇશું. આ સિવાય જે જિલ્લામાં કોઇપણ જગ્યાએ આવી ક્ષતિ હશે તો અમે ચોક્કસ એકાદ બે દિવસમાં જોવડાવીને ક્ષતિપૂર્ણ કરાવીશું.

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના

*15/8/2765 **ડૉ. સી.જે. ચાવડા** (વિજાપુર)**: માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને	(૧)	**વર્ષ** / **વિસ્તાર (હેક્ટરમાં)** ૨૦૨૪–૨૫ / ૧૧.૫૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૬.૦૦
(૨)	તેની પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨)	**વર્ષ** / **ખર્ચ (રૂ. લાખમાં)** ૨૦૨૪–૨૫ / ૯૦.૪૭ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) / ૧૧૭.૩૨

ડૉ. સી.જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે સામૂહિક વન યોજનામાં ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં જે જંગલ વિસ્તાર વધાર્યો છે એ બદલ આ સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને આભાર પણ માનું છું. સાબરકાંઠા જિલ્લાનો પ્રશ્ન છે ત્યારે ત્યાં ગ્રીન વોલ ઓફ અરવલ્લી, અરવલ્લીની ડુંગરમાળા

સાબરકાંઠા જિલ્લાને ભેટીને પસાર થાય છે. આ ગ્રીન વોલ ઓફ અરવલ્લીની યોજના ક્યારે શરૂ કરવામાં આવી અને આ પ્રોજેક્ટ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં શું કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રીન વોલ ઓફ અરવલ્લીની ગિરિમાળા ગુજરાતથી શરૂ થઈને છેક દિલ્હી સુધી પહોંચે છે અને માનનીય શ્રી નરેન્દ્રભાઈએ આ પ્રોજેક્ટની શરૂઆત તા. ૫મી જૂન, ૨૦૨૫ના રોજ દિલ્હી ખાતેથી કરી છે. આ અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં બે વર્ષમાં ૨ લાખ ૨૦ હજાર વૃક્ષો આ પ્રોજેક્ટ અંતર્ગત વાવણી કરેલ છે અને સર્વાઇવલ રેશિયો સાથે એની જાળવણી કરવામાં આવે છે. ધીમે ધીમે એક ખૂબ મોટું આયોજન ગ્રીન વોલ ઓફ અરવલ્લીના ભાગરૂપે કરવામાં આવનાર છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતી અંતર્ગત કેટલા સ્મૃતિવનની સ્થાપના કરવામાં આવી છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ખૂબ સારો પ્રશ્ન પૂછ્યો છે. ઇન્ડિયન ઇન્ડિપેન્ડેન્ટ એક્ટ ૧૯૪૭ની અંદર જ્યારે અંગ્રેજોએ આપણા દેશનો એક્ટ લાગુ કર્યો કે જે રાજા રજવાડાઓએ પોતાના સ્ટેટને પાકિસ્તાનમાં જવું હોય તો ત્યાં રહે અને ભારતમાં રહેવું હોય તો ભારતમાં રહે અને ઇન્ડિપેન્ડેન્ટ ડોમિનેટ સ્ટેટ રહેવું હોય તો ત્યાં રહે. આવી જ્યારે જાહેરાત કરી ત્યારે સરદાર વલ્લભભાઇ પટેલે ડિપ્લોમેસીથી દરેક રાજ્યના રજવાડાઓને ભેગાં કરવાનું કામ કર્યું. આવાં ૫૬૨ રજવાડાં ભેગાં કરવાનું કામ કર્યું. હાલ સરદાર વલ્લભભાઇ પટેલની ૧૫૦મી જન્મજયંતી ચાલતી હતી એના ભાગ રૂપે ફોરેસ્ટ વિભાગે સ્મૃતિવન એટલે કે એમની યાદમાં ૫૬૨ વૃક્ષો દરેક વિધાનસભામાં વવાય, એની જાળવણી થાય એના ભાગરૂપે ઇડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ અને હિંમતનગર એમ ચાર જગ્યાઓ ઉપર આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં જોઈએ તો વર્ષ ૨૦૨૪-૨૫ કરતાં ૨૦૨૫-૨૬માં મોંઘવારી વધી હોય. તો આને હેક્ટરવાઇસ ખર્ચને ડિવાઇડ કરીએ છીએ તો રૂપિયા ૯૦.૪૭માં ૧૧.૫૦ હેક્ટર છે એટલે ૩.૭.૩ જેટલું થાય છે અને આમાં ૩. ૭.૮૦ જેટલું થાય છે તો ૨૦૨૫-૨૬માં ખર્ચ ઓછો થવાનું કારણ શું અને વર્ષ ૨૦૨૪-૨૫માં વધારે થવાનું કારણ શું? વર્ષ ૨૦૨૫-૨૬માં રૂપિયા ૧૧૭.૩૨ લાખનો ખર્ચ થયો છે એમાં વહીવટી ખર્ચ કેટલો થયો છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે તારીખ નક્કી થતી હોય એનું વર્ષ પૂરું થવાનું બાકી હોય છે. ડિસેમ્બરમાં ખર્ચ બુક થતો હોય છે. જ્યારે ફેબ્રુઆરી, માર્ચ સુધીનો ખર્ચ આમાં આવ્યો ન હોય. એટલે આવી વિસંગતતા દેખાય છે. માનનીય સભ્યશ્રીએ વહીવટી ખર્ચ અંગેનો જે પ્રશ્ન પૂછ્યો છે તેની વિગતો ટેબલ ઉપર મૂકવામાં આવશે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે નર્સરી છે એ ફક્ત સરકારી જમીનમાં અથવા બીજી સંસ્થાઓવાળા દ્વારા નર્સરીના રોપા ઉછેરવામાં આવે છે. દર વર્ષે ખેડૂતોને રોપા ફ્રી આપવામાં આવે છે એ સારી યોજના છે. આ યોજના તળે પ્રાઇવેટ લોકો કે સંસ્થાવાળા જે રોપા માગે છે એમાં સાબરકાંઠા જિલ્લામાં અરવલ્લીની ગિરિમાળાના એરિયામાં વધુમાં વધુ રોપા વાવવામાં આવે તો વડાપ્રધાનશ્રીનો ગ્રીનવેલીનો જે પ્રોજેક્ટ છે તે સફળ થાય એવું છે. વધુમાં વધુ સાબરકાંઠા જિલ્લામાં વધારેમાં વધારે રોપા વવાય તેના માટે સરકારશ્રીનું શું આયોજન છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન સારું છે. રાજ્ય સરકારનો ફોરેસ્ટ વિભાગે મોટા વૃક્ષો વાવવા તરફ આયોજન કર્યું છે. હવે વન વિભાગ જ ૬થી ૮, ૧૦ ફૂટના રોપા તૈયાર કરીને આપશે જેથી કરીને કોઇને પ્રાઇવેટ નર્સરીમાં જવું ન પડે. દરેક વિસ્તારની અંદર નર્સરીઓને સૂચના અપાઇ છે કે મોટા રોપાઓ તૈયાર કરે. આવનારા સમયમાં સારી રીતે વહેંચણીનું અને વાવવાનું આયોજન પણ કરેલ છે.

જામનગર જિલ્લામાં સામૂહિક શોકપીટના બાંધકામ બાબત

***15/8/2210 શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી** (જામનગર(દક્ષિણ)): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા સામૂહિક શોકપીટના બાંધકામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને	(૧)	૨૯ સામૂહિક શોકપીટ
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ.૨૦,૫૯,૮૬૭/- (અંકે રૂપિયા વીસ લાખ ઓગણસાઠ હજાર આઠસો સડસઠ પુરા)

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જામનગર જિલ્લામાં તા.૧-૧-૨૦૨૫થી તા.૩૧-૧૨-૨૦૨૫ દરમિયાન સ્વચ્છ મિશન યોજના અંતર્ગત તાલુકાવાઇઝ કેટલી ગ્રામ પંચાયતને સામૂહિક સોકપીટનો લાભ આપવામાં આવેલ છે?

તારાંકિત પ્રશ્નો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતને સામૂહિક સોકપીટનો લાભ આપ્યો એવું પૂછ્યું છે તેના જવાબમાં જણાવું તો જામનગર તાલુકામાં ૨ ગ્રામ પંચાયતને સામૂહિક સોકપીટ અને સામૂહિક સોકપીટની સંખ્યા કુલ ૪, ધ્રોળમાં ૪ ગ્રામ પંચાયતોમાં સામૂહિક સોકપીટ ૧૩, જોડિયામાં ૨ ગ્રામ પંચાયતોમાં સામૂહિક સોકપીટ ૨, કાલાવાડમાં ૩ ગ્રામ પંચાયતોમાં સામૂહિક સોકપીટ ૪, લાલપૂરમાં ૪ ગ્રામ પંચાયતોમાં સામૂહિક સોકપીટ ૫, જામજોધપુરમાં ૧ ગ્રામ પંચાયતમાં સામૂહિક સોકપીટ ૧. આમ કુલ ૧૬ ગ્રામ પંચાયતોમાં કુલ ૨૯ સામૂહિક સોકપીટનો લાભ આપવામાં આવેલ છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

ડૉ. મહેન્દ્રભાઇ પાડલિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૨૫ દરમ્યાન સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જામનગર જિલ્લામાં તાલુકાવાર નાણાકીય લક્ષ્યાંક સામે નાણાકીય સિદ્ધિ કેટલી છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર જિલ્લામાં તાલુકાવાર નાણાકીય લક્ષ્યાંક સામે નાણાકીય સિદ્ધિ જામનગર તાલુકામાં નાણાકીય લક્ષ્યાંક ૩.૫૨ સામે ૩.૫૨ નાણાકીય સિદ્ધિ, ધ્રોલ તાલુકામાં નાણાંકીય લક્ષ્યાંક ૯.૯૧ સામે નાણાકીય સિદ્ધિ ૯.૪૧, જોડિયા તાલુકામાં નાણાકીય લક્ષ્યાંક ૧.૪૯ સામે નાણાકીય સિદ્ધિ ૧.૪૯, કાલાવડ તાલુકામાં નાણાંકીય લક્ષ્યાંક ૨.૩૧ સામે નાણાકીય સિદ્ધિ ૨.૩૧ થયેલ છે. ટૂંકમાં કુલ જેટલો લક્ષ્યાંક મૂક્યો હતો એ પ્રમાણે નાણાકીય સિદ્ધિ પ્રાપ્ત થઇ છે.

મોરબી જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 'રાજય ટોપ અપ' તરીકે સહાય

***15/8/3079 શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા** (ધ્રાંગધ્રા): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન		જવાબ	
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ ટકા રાજય ફાળા હેઠળ 'રાજય–ટોપ–અપ' તરીકે સહાયની યોજના ક્યારથી અમલમાં છે,	(૧)	તા.૦૧/૦૪/૨૦૨૫ થી.
(૨)	ઉક્ત સ્થિતિએ 'રાજય ટોપ–અપ' તરીકે યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને	(૨)	પ્રતિ લાભાર્થી રૂ.૫૦,૦૦૦.
(૩)	ઉક્ત સ્થિતિએ મોરબી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 'રાજય ટોપ–અપ' તરીકે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૫૭૬ લાભાર્થીઓને રૂ.૨.૮૮ કરોડની સહાય.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ મારા મોરબીના લોકપ્રિય ધારાસભ્યશ્રી અને સરકારના મંત્રીશ્રી કાંતિભાઇ અમૃતિયા એ ઇશ્વરની કૃપાથી, પોતાના વીલ પાવરથી અને અને પ્રજાના આશીર્વાદથી સફળ સારવાર લઇને પ્રજા સેવામાં આવ્યાં છે ત્યારે એમને સ્વાસ્થ્યની શુભકામનાઓ પાઠવું છું.

અધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ અમૃતિયા જલ્દી સંપૂર્ણ સ્વસ્થતા પ્રાપ્ત કરે એવી હૃદયપૂર્વકની આ વિધાનસભા ગૃહ વતી શુભકામનાઓ પાઠવું છું.

શ્રી પ્રકાશભાઇ પ. વરમોરા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જાણવા માગું છું કે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ ટકા રાજ્ય ફાળાની 'રાજ્ય ટોપ અપ' યોજના ક્યારથી શરૂ કરવામાં આવી? અને આ યોજના શરૂ કરવા પાછળનો ઉદ્દેશ શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજ્યના મુખ્યમંત્રી આદરણીય ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબ આ બંને ખૂબ વિશાળ દિલના છે. ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજનાં હેઠળનાં કામો ઘણી વખત કોઇ આર્થિક કારણોસર વિલંબમાં પડ્યા રહેતાં હતાં અને પૂર્ણ થતાં ન હતાં. તેને ધ્યાનમાં રાખીને આ પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામ્ય વિસ્તારની તે અંતર્ગત ૧૦૦ ટકા રાજ્ય ફાળાથી 'રાજ્ય ટોપ અપ' યોજના નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬થી શરૂઆત કરવામાં આવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળના લાભાર્થીઓને આવાસ બાંધકામમાં વધુ મદદરૂપ થવાના ઉમદા ઉદ્દેશ સાથે એની સાથે લાભાર્થી વધુ સારું અને સુવિધાયુકત બાંધી શકે એ માટે ગ્રાસરૂટ લેવલે ૧૦૦ ટકા રાજ્ય સરકારના ફાળાથી પ્રતિ લાભાર્થી દીઠ રૂ.૫૦,૦૦૦ની વધારાની સહાય માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરી છે. આ વખતે અમે મુખ્યમંત્રીશ્રી જોડે વાત મૂકી હતી.એટલે તેમણે અગાઉ પ્રધાનમંત્રી આવાસ યોજના જેની શરૂઆત વર્ષ ૨૦૧૬–૧૭માં થઇ હતી અને વર્ષ ૨૦૨૩–૨૪ના આ સમયગાળા દરમિયાન જે પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનના બાંધકામો કેટલાંક કારણોસર અધૂરાં રહ્યાં હતાં અથવા પૂર્ણ થવામાં કયાંક વિલંબ હતો તો એવા લોકોને પણ ધ્યાનમાં રાખીને આ વખતના બજેટમાં લગભગ એવા વર્ષ ૨૦૧૬–૧૭ અને ૨૦૨૩–૨૪ના વચ્ચેના

ગાળાના લગભગ ૧૮ હજાર જેટલા મકાનો હતાં તે પૂર્ણ કરવા માટે આ વખતે નવી જોગવાઇ તરીકે રૂ.૯૦ કરોડની ફાળવણી કરી છે. એટલે આવા લોકો પણ પોતાનું મકાન પૂર્ણ કરી શકે એ માટેની જોગવાઇ પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરાવી છે.

શ્રી જિતેન્દ્ર કાં. સોમાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીને સો ટકા રાજય ફાળાની 'રાજય ટોપ અપ' યોજનાની સહાય ચૂકવવા કઇ પદ્ધતિ અનુસરવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભાર્થીને સો ટકા રાજય ફાળાની રાજય ટોપ અપ યોજનાની સહાય ચૂકવવા માટે ખાસ કરીને ડી.બી.ટી એટલે કે ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની પદ્ધતિ અપનાવવામાં આવે છે. આ યોજનાના લાભાર્થી દ્વારા તેના આવાસનું બાંધકામ રુફ કાસ્ટ લેવલ સુધી કરવામાં આવે એટલે કે આપોઆપ 'રાજય ટોપ અપ' યોજના માટે પાત્ર થાય ત્યારે ટેગ ઓફિસર ત્યાં જીઓ ટેગ કરવામાં આવે અને જીઓ ટેગ દ્વારા તાલુકા વિકાસ અધિકારીની મંજૂરી લેવામાં આવે અને જીઓ ટેગ મંજૂર થયા બાદ તાલુકા કક્ષાએથી ઓર્ડર સીટ તૈયાર કરવામાં આવે અને તેને તૈયાર કર્યા પછી તાલુકા વિકાસ અધિકારી તેમના દ્વારા તેમની મંજૂરી આપવામાં આવે અને તેના પછી લાભાર્થીને ડી.બી.ટી.થી સહાય ચૂકવવામાં આવે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગ્રામ્ય વિસ્તારમાં રૂપિયા ૧ લાખ ૭૦ હજાર આપણે સહાય આપીએ છીએ અને શહેરી વિસ્તારમાં ૪ લાખ રૂપિયા સહાય આપવામાં આવે છે અને વારંવાર આની ચર્ચા થાય છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગીએ છીએ કે, મોંઘવારી અને જે રીતની પરિસ્થિતિ છે તે મુજબ ગ્રામ્ય વિસ્તારમાં વધારો કરવા માગો છો કે નહીં ? અને બીજા નંબરે આ ૫૭૬ લાભાર્થીઓને સહાય આપવામાં આવી છે તો આખા ગુજરાતમાંથી ૫૭૬ લોકોને જ આ સહાય મળી છે તો એ પદ્ધતિ કેવી રીતે નક્કી કરવામાં આવે છે અને તેમાં પણ કોઇ લક્ષ્યાંક વધારવા માગો છો કે કેમ ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, એક તો જે ગ્રામ્ય કક્ષાએ આ પ્રધાનમંત્રી આવાસ યોજના એમાં ખાસ કરીને મનરેગામાં જયાં જયાં જરૂર પડે ત્યાં જે શ્રમિકો કામ કરતા હોય તો એ સમય દરમિયાન બાંધકામ કરતા હોય તે વખતે તેને બહાર રોજીરોટી ના મળે તેના બદલે પોતાનું મકાન બાંધકામ કરે તો એટલી તેને આ મનરેગામાંથી એ રકમ આમાં સરભર કરીને વધારાની રકમ આપવામાં આવે છે. જયારે શહેરી વિસ્તારની અંદર ખાસ કરીને આ યોજનામાં તેને સીધો મનરેગાનો લાભ આપી શકાતો નથી માટે તે પ્રમાણે તેને પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ અપાય છે. આ પ્રશ્ન ફકત મોરબી જિલ્લા પૂરતો છે અને તેમાં મોરબી જિલ્લામાં ૫૭૬ લાભાર્થીઓને લાભ અપાયો છે. બાકીના જે જિલ્લાઓમાં છે તે પ્રમાણે વધારાનો લક્ષ્યાંક ફાળવ્યો છે તે પ્રમાણે લક્ષ્યાંક પૂર્ણ કર્યો છે.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પ્રધાનમંત્રી આવાસ યોજના જે ગ્રામીણની છે તેમાં રાજય સરકારે 'રાજય ટોપ અપ' માં રૂપિયા ૫૦ હજારની જે યોજના જાહેર કરી છે ખૂબ સારી છે પણ આ રકમ મને એવું લાગે છે કે, શહેરી કક્ષાના આવાસ યોજના અંતર્ગત ઓછી છે તો આમાં વધારો કરવા માગો છો કે કેમ? અને આ યોજનામાં કેવા પ્રકારના લોકોને આનો લાભ મળી શકે એમ છે?

અધ્યક્ષશ્રી : શ્રી ઉમેશભાઇ, તમે એક જ કાગળમાંથી બધા પ્રશ્નો બોલતા હોવ છો, તો એકમાં જ બધું લખેલું હોય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રી સાહેબનો આભાર માનવો જોઇએ કે આગળના વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૬-૧૭થી શરૂ કરીને આ પ્રધાનમંત્રી આવાસ યોજનાની શરૂઆત થઇ ત્યારથી વર્ષ ૨૦૨૩-૨૪ના સમય દરમિયાન કેટલાક લાભાર્થીઓ એવા હતા કે જેમણે આ ફોર્મ ભર્યા પછી તેમની આર્થિક સ્થિતિને કારણે તે સમયમાં મકાનો પૂર્ણ કરી શકતા ન હતા. આ માનનીય મુખ્યમંત્રીશ્રી, સરકારના ધ્યાન ઉપર આવ્યું એટલે અમે વર્ષ ૨૦૨૪-૨૫ની અંદર એના માટે આ મકાનો અધૂરા જ ના રહે તો એના માટે શું કરવું? તો વર્ષ ૨૦૨૪-૨૫માં આ યોજનાને આપણે નવેસરથી દરેક લાભાર્થીને આપણે રૂપિયા ૫૦ હજાર આપીએ જેથી કરીને આ મકાન અધૂરા ના રહી જાય એટલે આની શરૂઆત કરી. વર્ષ ૨૦૨૪-૨૫થી જે મંજૂર થયા છે તે બધાને આપણે રૂપિયા ૫૦ હજાર લેખે આપીએ છીએ.પણ અહીંથી હમણાં અમારા માનનીય સભ્યશ્રીએ કહ્યું તેમ આ દીર્ઘદૃષ્ટિથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વખતે એમ કહ્યું કે આપણે સન ૨૦૨૪-૨૫થી આપીએ છીએ પણ એની પહેલાના જે મકાનો અધૂરા રહ્યા એના માટે શું? તો એના માટે લગભગ ૧૮ હજાર જેટલા લાભાર્થીના મકાન અધૂરા રહી ગયા હતા એ બધાને પૂર્ણ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વખતે ૯૦ કરોડ રૂપિયા જેટલી વધારાની સહાય આપી બાકીના અધૂરા રહેલા મકાન પૂરા કરવા માટેનું આયોજન છે.

આણંદ જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય આપવા બાબત

***15/8/2192: શ્રી ચિરાગકુમાર અરવિંદભાઇ પટેલ** (ખંભાત)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ	(૧)	૧૯૯૭

	મળી,		
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૪૦૨
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૩.૪૭,૧૯,૨૫૭/-

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સ્માર્ટફોન માટે કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી અને કેટલી રકમ ચૂકવવવામાં આવી?

અધ્યક્ષશ્રી : ત્રણેય જવાબ લેખિતમાં આપેલા જ છે. આપ બોલ્યા એ ત્રણે ત્રણનો જવાબ લેખિતમાં આપી દીધો છે. એ સિવાય આપને પ્રશ્ન પૂછવો હોય તો પૂછો? ફરી વાર આપને તક આપું છું એના સિવાય કંઇ પૂછવું હોય તો પૂછી શકો છો.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્માર્ટફોન સહાય યોજના ગુજરાત રાજયમાં કયા હેતુથી અમલી કરવામાં આવી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને સ્માર્ટફોન આપીને જે રીતે ટેકનોલોજીનો ઉપયોગ તમામ ક્ષેત્રમાં છે એ પ્રમાણે ખેડૂતોને પણ વિવિધ જાણકારી મળે તે હેતુથી એક ડિજિટલ ક્રાંતિના ભાગરૂપે એમના ઉપયોગ માટે એની તકનીક અપનાવી શકે અને એની આવકમાં વધારો થાય એ હેતુથી રાજય સરકારે સન ૨૦૨૧-૨૨થી સ્માર્ટફોન આપવાનું શરૂ કર્યું છે. આ માધ્યમથી ખેડૂતો દ્વારા આઇ-ખેડૂત પોર્ટલ, કૃષિ પ્રગતિ એપ્લિકેશન, ફાર્મર રજિસ્ટ્રી, ડિજિટલ ક્રોપ સરવે જેવી વિવિધ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે છે. હવામાન ખાતાની આગાહી પણ સ્માર્ટફોન દ્વારા મેળવી શકે છે. ખેડૂતોને સંભવિત રોગ, જીવાત, ઉપદ્રવ અને નિયંત્રણની માહિતી પણ મેળવી શકાય છે. વિવિધ જણસીની બજાર કિંમત એની પણ માહિતી અને ખેડૂતો નવીનતમ ખેત પદ્ધતિની માહિતી મેળવી અને પોતાના ખેતરમાં એની સારી રીતે નીપજ આવે અને ચેલેન્જિસને એ સમજી શકે અને એનો ઉપાય થાય, ખેતીવાડીની સંલગ્ન વિવિધ ખાતાઓની જે સહાયકારી યોજના અને એના પ્રકાશનોની પણ માહિતી મળે છે. કૃષિ સંલગ્ન ખાતાના જુદા જુદા પોર્ટલ અને તેની નોંધણી કરાવી સહાયનો પણ સીધો લાભ આના દ્વારા મળે છે અને આ સ્માર્ટફોન થકી ખેડૂતોને મોટા પ્રમાણમાં ફાયદો જોવા મળે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૧૯૪૭ અરજીમાંથી ૧૪૦૨ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી અને ૫૯૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી, તો નામંજૂર કરવાનાં કારણો શું? અને બીજું, જે રીતે ૩.૪૭ લાખ ૧૯ હજાર ૨૫૭ લાખની જે સહાય ચૂકવવવામાં આવી છે તો આપણે હિસાબ કરીએ તો ૩. ૩૩૬૬ થાય અને આપે કહ્યું કે આ સ્માર્ટફોન થકી ખેડૂતોને લાભ થાય તો ૩.૩૩૬૬ માં કયો સ્માર્ટફોન આવે છે એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, સેમસંગનો સ્માર્ટફોન રૂપિયા ૮ હજારમાં પણ આવે છે. અન્ય કંપનીનો સ્પર્ધાના કારણે રૂપિયા ૬ હજારમાં પણ આવે છે. રાજય સરકારની યોજના છે કે ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા સહાય આપવામાં આવે છે અથવા તો રૂપિયા ૬ હજાર, બેમાંથી જે પણ ઓછું હોય એ મદદ આપણે કરતા હોઇએ છીએ. નામંજૂર કરવાનાં જે કારણો છે તેમાં જણાવું તો ખેડૂતો દ્વારા સમયમર્યાદામાં ખરીદી ના કરવાને કારણે અરજી નામંજૂર કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા ખરીદી કર્યા બાદ પૂરતા ડોકયુમેન્ટ જમા ન કરાવવાને કારણે નામંજૂર કરવામાં આવે છે. ખેડૂતો દ્વારા અગાઉ લાભ લીધો હોવાને કારણે પણ નામંજૂર કરવામાં આવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં હું તમામ સભ્યશ્રીઓને કહું છું કે સ્માર્ટફોન એ કોઇ પણ ખેડૂતને જોઇતા હોય તો ૪૦ ટકા અથવા ૬ હજાર રૂપિયાની મર્યાદા એ બેમાંથી જે ઓછું હોય એ ખેડૂતના જે તે ખાતેદાર છે બધાને એ ફોર્મ ભરે અને તેની જે પ્રોસિઝર છે તે કર્યેથી પુનઃ કોઇ અરજી કરશે તો માનનીય શૈલેષભાઇ એમને અમે સ્માર્ટફોન આપીશું. સામાન્ય રીતે વિપક્ષના લોકો વિરોધ કરવા માટે આવતા હોય છે ત્યારે બ્લેક શર્ટ પહેરીને આવતા હોય છે પણ આજે આનંદની વાત છે કે આજે આપણા પાડોશી દેશમાંથી આપને જે ઇ-મેઇલ મળ્યો કે ''અહીંયા બોમ્બ છે.'' એના વિરોધમાં આજે આ બ્લેક શર્ટ પહેરીને આવ્યા હોય એવું મને લાગે છે એટલા માટે હું એમને અભિનંદન આપું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે બોમ્બની અફવા આવી ત્યારે મંત્રીશ્રીઓએ લોકોનો હોસલો બુલંદ કરવો જોઇએ એના બદલે ઘણા બધા મંત્રીઓ ભાગતા હતા.

અધ્યક્ષશ્રી : હું કહું છું, કોઇ મંત્રી ભાગ્યા નહોતા. બધા મંત્રીશ્રીઓ મારે ત્યાં જ હતા. મેં સૂચના આપી હતી કે તમે બધા બહાર જાવ તો પણ એમણે કહ્યું કે ''તમે અધ્યક્ષ તરીકે અહીંયા રહેતા હોય તો અમારે પણ અહીં રહેવું છે .''એમ કરીને બધા ત્યાં જ રહ્યા હતા. ગુજરાત કોઇથી ગભરાતું નથી. ગુજરાત પોતે સક્ષમ છે. (અંતરાય) તમે શ્રી અમિતભાઇના વખાણ કરો તો પણ એમને ખરાબ લાગે છે. આપ બેસો. (અંતરાય) એમણે એવું કહ્યું કે ''તમે પાકિસ્તાનનો વિરોધ કરવા માટે બ્લેક શર્ટ પહેરીને આવ્યા છો.'' એમાં પણ તમને વાંધો હોય તો એવું થોડું ચાલે. આપ બેસો. એમણે હકારાત્મક કહ્યું છે. આપ બેસો.

NSQF ના અભ્યાસ દરમિયાન તાલીમાર્થીઓને સુવિધા

*** 15/8/2219 શ્રી અમુલ ભટ્ટ (મણીનગર) : માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ NSQF ના અભ્યાસ દરમિયાન તાલીમાર્થીઓને શું સુવિધા આપવામાં આવે છે,	(૧)	(૧) રો–મટીરીયલ, (૨) મહિલા/એસ.સી./એસ.ટી/ઓ.બી.સી. અને દિવ્યાંગ ઉમેદવારો ને નિશુલ્ક તાલીમ, (૩) બાંધકામક્ષેત્રના જુદા જુદા ટ્રેડ માટે ટ્યુશન ફી અને પરીક્ષા ફી માંથી મુક્તિ
(૨)	આ યોજના હેઠળ કુલ કેટલા સેકટર આવરી લેવામાં આવેલ છે, અને	(૨)	૨૩
(૩)	આ યોજના હેઠળ કુલ કેટલા જોબ રોલ આવરી લેવામાં આવેલ છે?	(૩)	૧૫૨

શ્રી અમુલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ તો મને મળ્યો છે પણ નેશનલ સ્કિલ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક, જેમાં કૌશલ્ય જ્ઞાનના આધારે તાલીમાર્થીઓના શિક્ષણ અને તાલીમનું વર્ગીકરણ કરવામાં આવે છે. તો હું માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે આમાં તાલીમાર્થીઓની લઘુત્તમ વયમર્યાદા અને લઘુત્તમ લાયકાત શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું સૌપ્રથમ તો માનનીય સભ્યશ્રીઓ આભાર માનું છું કે આ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. આ યુવાનોને રોજગારી આપવા માટેનો મહત્ત્વનો પ્રશ્ન છે. તાલીમાર્થીની લઘુત્તમ વયમર્યાદા ૧૪ વર્ષ છે અને લઘુત્તમ લાયકાત ધો.૫ પાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, જો આપની અનુમતિ હોય તો એની થોડી વિગતો મારે બધા સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવી છે.

અધ્યક્ષશ્રી : મારી સંમતિ છે પણ ટૂંકમાં મૂકજો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સ્કિલ ડેવલપેમન્ટ મિશન દ્વારા રાજ્યમાં કૌશલ્ય નિર્માણ કરવાના હેતુથી સ્થાનિક ઇન્ડસ્ટ્રીની માંગને આધારિત રોજગાર અને સ્વરોજગારીની તકો તેમજ આઇ.ટી.આઇ.માં ઉપલબ્ધ માળખાકીય સુવિધાઓ, મશીનરી, ટુલ્સ, ઇક્વિપમેન્ટની જરૂરિયાત વગેરેને ધ્યાને લઇ રાજ્ય સરકાર હસ્તકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં જુદા–જુદા નેશનલ સ્કીલ ક્વૉલિફિકેશન ફ્રેમ વર્ક કક્ષાના અને ઇન્ડસ્ટ્રીની માંગ આધારિત ટૂંકા ગાળાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવે છે. એને ધ્યાનમાં રાખીને અમારા શ્રમ અને રોજગાર વિભાગે ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન દ્વારા રાજ્યની આઇ.ટી.આઇ.માં નેશનલ સ્કિલ ક્વોલિફિકેશન ફ્રેમ વર્ક કક્ષાના અને ઇન્ડસ્ટ્રીની જરૂરિયાતને આધારિત શોર્ટ ટર્મ કોર્સ શરૂ કરવા વર્ષ ૨૦૧૯–૨૦માં એક નવો ઠરાવ કરીને વધારેમાં વધારે યુવાઓને અને મહિલાઓને રોજગારી કઇ રીતે આપી શકાય એને ધ્યાનમાં રાખીને નેશનલ સ્કિલ ક્વૉલિફિકેશન ફ્રેમ વર્કની શરૂઆત કરી છે. ગુજરાત સ્કિલ ડેવલપમેન્ટ મિશન વર્ષ ૨૦૧૯માં આ યોજનામાં કાર્યરત થનાર શોર્ટ ટર્મ કોર્સિસમાં પ્રવેશના અમલીકરણ અંગેનો પરિપત્ર અને તાલીમ માટે ટ્યુશન ફીનો પરિપત્ર પણ થઇ ગયો છે. એના ઉપરથી મહિલા, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી. ઉપરાંત એમની સાથેના પી.એચ.(દિવ્યાંગ) ઉમેદવારોને નિ:શુલ્ક તાલીમ આપવામાં આવે છે. જનરલ કેટેગરીના ઉમેદવારો પાસેથી ફક્ત રૂ.૫૦ ફી લેવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, ટૂંકમાં જવાબ આપો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, બહેનો માટે ખાસ છે. એસેમ્બલી એન્ડ મેઇન્ટેનન્સ ફોર પર્સનલ કૉમ્પ્યુટર, હેન્ડ એમ્બ્રોડરી, હેર સ્ટાઇલિસ્ટ, આસિસ્ટન્ટ બ્યુટી થેરાપિસ્ટ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્ષ માટેની ડોમેસ્ટિક આઇ.ટી.આઇ. હેલ્પર માટેની, આસિસ્ટન્ટ યોગા માટેના નાના–નાના કોર્સના કારણે યુવાઓને/મહિલાઓને રોજગારી આપી શકાય એવી મહત્ત્વની બાબતોનો આ વિભાગમાં સમાવેશ થાય છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીઓને હું પુન: વિનંતી કરું છું. ગઇકાલે લોકસભાના સ્પીકર માનનીય ઓમ બિરલાજીએ લોકસભામાં કહ્યું હતું કે, માનનીય મંત્રીશ્રીઓ પ્રશ્નનો ટૂંકમાં જવાબ આપે. હું પણ માનનીય મંત્રીશ્રી અને માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, ટૂંકમાં જ પ્રશ્ન પૂછવામાં આવે અને ટૂંકમાં જ જવાબ આપીને આપણું કામ આગળ વધારીએ.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ સ્કિલ ડેવલપમેન્ટના આધારે શિક્ષણની તાસીર બદલી રહ્યા છે ત્યારે માનનીય ભુપેન્દ્રભાઇની સરકાર સતત ત્રણ વર્ષથી પ્રથમ રાજ્ય તરીકે છે તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને

અભિનંદન આપું છું અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નેશનલ સ્કિલ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક યોજના અંતર્ગત ટૂંકાગાળાના અભ્યાસક્રમમાં પરીક્ષા અને સર્ટિફિકેશન કોના દ્વારા થાય છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, નેશનલ સ્કિલ ક્વૉલિફિકેશન ફ્રેમવર્ક યોજના અંતર્ગત ટૂંકાગાળાના અભ્યાસક્રમોની પરીક્ષા તેમજ સર્ટિફિકેશન ગુજરાત કાઉન્સિલ ઓફ વૉકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી) મારફતે કરવામાં આવે છે.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ તાલીમ પૂર્ણ કર્યા બાદ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ માટે સરકાર સહાય આપે છે કે કેમ? અને આ યોજના અંતર્ગત આ યોજનાનો લાભ લેતાં વિદ્યાર્થીઓને કેટલા ટકા રોજગારી મળી છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૯-૨૦થી ઠરાવ શરૂ કરીને કરવામાં આવી છે. બાકીની ગાઇડલાઇન તૈયાર થઇ રહી છે. તે સિવાય જે વેકેશન કોર્સ ચલાવવામાં આવે છે તેમાં કોઇપણ પ્રકારની ફી લીધા વગર વિનામૂલ્યે આ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ પ્લેસમેન્ટ માટે કોઇ મદદ કરવામાં આવે છે તે પૂછ્યું છે. આર્થિક સહાય નહીં, કોઇ સહાય કરવામાં આવે છે તેમ પૂછ્યું છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, નજીકની ઇન્ડસ્ટ્રીઝની મદદથી પ્લેસમેન્ટ કરાવવામાં આવે છે.

વલસાડ જિલ્લામાં પીએમ-જનમન અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ સહાય

*** 15/8/3082 શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર** (સુરત (ઉત્તર)): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ પીએમ-જનમન અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે,	(૧)	૩.૨,૦૦,૦૦૦. (અંકે રૂપિયા બે લાખ પૂરા)
(૨)	ઉક્ત સ્થિતિએ પીએમ-જનમન અંતર્ગત પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ કેવા પ્રકારના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે, અને	(૨)	રાજ્યમાં આદિમજૂથ (PVTGs) તરીકે ઓળખાયેલ કાથોડી, કોટવાળીયા, પઢાર, સિદ્ધી અને કોલ્ગા સમુદાયોના લાભાર્થીઓને લાભ આપવામાં આવે છે.
(૩)	ઉક્ત સ્થિતિએ પીએમ-જનમન અંતર્ગત વલસાડ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી?	(૩)	વર્ષ ૨૦૨૪-૨૫: ૬૭૧ ; વર્ષ ૨૦૨૫-૨૬ (તા.૩૧/૦૧/૨૦૨૬ અંતિત): ૧૨૦૫

શ્રી કાંતિભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પીએમ-જનમન યોજનાની શરૂઆત ક્યારથી કરવામાં આવી અને યોજના શરૂ કરવાનો હેતુ શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ તા.૧૫/૧૧/૨૦૨૩ના રોજ જનજાતિ ગૌરવ દિવસે પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાન એટલે પીએમ-જનમન યોજનાની શરૂઆત કરી હતી. પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહાઅભિયાનનો ઉદ્દેશ આદિમ જૂથ એટલે વર્નરેબલ ટ્રાયબલ ગ્રુપમાં કાથોડી, કોટવાળીયા, પઢાર, સિદ્ધી અને કોલગા જાતિના લોકોને સામાજિક અને આર્થિક સ્થિતિ સુધારવા માટેની યોજના આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ દાખલ કરી.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, ભારત દેશના યશસ્વી વડાપ્રધાનશ્રીએ કાથોડી, કોટવાળીયા, પઢાર, સિદ્ધી અને કોલગા, દેશની નાનામાં નાની જાતિની ચિંતા કરી છે. ગામડામાં આ સમાજનો એક સમય એવો હતો કે તેઓ ચોમાસા માટે માત્ર ઘરમાં રહેવા આવતા. તે સિવાય આખું વર્ષ મજૂરી કરે છે તેવા સમાજની ચિંતા કરી છે. સમગ્ર દેશમાં તેનો સૌથી વધારે લાભ મારા કપરાડા વિસ્તારને મળ્યો છે તે બદલ હું આદરણીય વડાપ્રધાનશ્રીને અભિનંદન આપવા માગું છું અને હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, લાભાર્થીને લાભ મેળવવા માટેના ધારાધોરણો શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય સભ્યશ્રીને જણાવવા માગું છું કે, પીએમ-જનમન યોજના માટે ગ્રામીણ વિકાસ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા આદિમ જૂથના લાભાર્થીઓ માટે આવાસ સોફ્ટવેર ઉપર લક્ષ્યાંક ફાળવવામાં આવે છે. જે મુજબ તાલુકા કક્ષાએથી પાત્રતા ધરાવતા લાભાર્થીની ઓળખ કરી આવાસ સોફ્ટવેર ઉપર રજિસ્ટ્રેશન કરાવવામાં આવે છે. મંજૂર કરવા માટેની સંબંધિત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી એની દરખાસ્ત મોકલે છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીથી એના મારફતે જે લાભાર્થીઓના આવાસ મંજૂર થયા હોય એમને જાણ કરવામાં આવે છે. લાભાર્થી દ્વારા આવાસનું તબક્કાવાર બાંધકામ કર્યેથી જે-તે લેવલે પહોંચે ત્યારે ટેગ ઓફિસર દ્વારા જીઓ ટેગ કરવામાં

આવે છે. આ જીઓ ટેગ તાલુકા વિકાસ અધિકારી દ્વારા મંજૂર કરવામાં આવે છે. જીઓ ટેગ મંજૂર થયા પછી તાલુકા કક્ષાએથી ઓર્ડર સીટ કરવામાં આવે છે અને ફંડ ટ્રાન્સફર કરવામાં આવે છે. આના મારફતે તાલુકા વિકાસ અધિકારીએ મંજૂર કર્યા પછી લાભાર્થીના ખાતામાં ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે ડી.બી.ટી.ના માધ્યમથી જમા કરવામાં આવે છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પીએમ–જનમન પ્રધાનમંત્રી આવાસની યોજના ખૂબ સારી છે. આમાં વિચરતી જાતિ અને મોટાભાગે પ્રીમિટિવ ટ્રાઇબ્સનો સમાવેશ થાય છે પરંતુ એ પ્રીમિટિવ ટ્રાઇબ્સ કોલગા, કોટવાળીયા અને આદિમજૂથ પાસે પોતાની જમીન હોતી નથી. એ કોઇવાર ગૌચરમાં રહેતો હોય કે સરકારી ખરાબામાં રહેતો હોય છે. એવા જમીન માલિકની એના દાદા કે પરદાદા મજૂરી કરતા હોય ત્યારે એને પ્લોટમાં ઘર બનાવવું હોય ત્યારે તકલીફ પડે છે. તેની પાસે જમીન ન હોય તો આપણે શું કરી શકીએ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એન.ટી., બી.એન.ટી.ને જે રીતે ફીમાં જમીન આપવામાં આવે છે. આ લોકોને પણ આમાં મકાન બાંધવા માટે રેવન્યુ ફી વેલ્યુથી એટલે કે મફતમાં આ જમીન આપવામાં આવે છે અને એના પર મકાન બાંધી શકાય છે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને આવાસની યોજનાનો લાભ મળ્યો? અને ઘરમપુર તાલુકામાં જે આદિમ જૂથની વસ્તીવાળું કુરગામ છે એ આખું ગામ રહી જવા પામેલ છે. એની દરખાસ્ત પણ કરવામાં આવેલ છે તો એનો સમાવેશ ક્યારે કરવામાં આવશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં તાલુકાવાર વાત કરીએ તો વર્ષ ૨૦૨૪–૨૫માં અને વર્ષ ૨૦૨૫–૨૬માં એટલે તા.૩૧/૦૧/૨૦૨૬ સુધીમાં ઘરમપુર તાલુકામાં પહેલાં વર્ષ ૨૦૨૩–૨૪માં ૫૩૦ આવાસો આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૨૫–૨૬માં ૫૮૧ આવાસો આપવામાં આવેલ છે. કપરાડામાં વર્ષ ૨૦૨૪–૨૫માં ૭૯૧ અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૯૯૮ આવાસો આપવામાં આવેલ છે. પારડીમાં વર્ષ ૨૦૨૪–૨૫માં ૧૭ અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૧૧ આવાસો આપવામાં આવેલ છે. ઉમરગામમાં આ જ્ઞાતિની વસતિ ન હોવાથી એકપણ આવાસ આપવામાં આવેલ નથી. એ જ રીતે, વલસાડમાં વર્ષ ૨૦૨૪–૨૫માં ૨૭ અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૬૨ આવાસો આપવામાં આવેલ છે. વાપીમાં આ જ્ઞાતિની વસતિ ન હોવાના કારણે એકપણ આવાસ આપવામાં આવેલ નથી. આમ, કુલ ૨૦૨૪–૨૫માં ૧૩૬૫ અને વર્ષ ૨૦૨૫–૨૬માં ૧૬૫૨ આવાસો આપવામાં આવેલ છે. વલસાડ જિલ્લાના ઉમરગામ અને વાપી તાલુકામાં પીએમ–જનમન માટે પાત્રતા ધરાવતા લાભાર્થીઓ જેવા કે, કાથોડી, કોટવાળીયા, પઢાર, સિદ્ધી અને કોલગા જ્ઞાતિની વસતી ન હોવાના કારણે આપી શકાતા નથી.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ગામ યાદીમાં આવવું જોઇએ એ આવ્યું નથી. પ્રાયોજના વહીવટદાર દ્વારા દરખાસ્ત પણ કરવામાં આવેલ છે. આ ગામનો સમાવેશ ક્યારે કરવામાં આવશે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ ગામ બાકી રહી ગયું હશે તો આપણે સરવે કરાવીને એનો સમાવેશ ચોક્કસપણે કરાવી દઇશું.

સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વનીકરણ કરવા બાબત

*15/8/3224 **શ્રીમતી કંચનબેન વિનુભાઇ રાદડિ** (ઠક્કરબાપાનગર): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં કેમ્પા યોજના હેઠળ કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને	(૧)કેમ્પા યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં નીચે મુજબ વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે.

વર્ષ	વાવેતર (હેક.)
૨૦૨૪–૨૫	૨૯૦.૦૦
૨૦૨૫–૨૬ (તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)	૧૬૪.૦૦
કુલ	૪૫૪.૦૦

(૨)	તેની સામે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨) વનીકરણની કામગીરી પાછળ સાબરકાંઠા જિલ્લામાં ખેડબ્રહ્મા તાલુકામાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

વર્ષ	ખર્ચ (લાખમાં)
૨૦૨૪–૨૫	૩૭૨.૬૮
૨૦૨૫–૨૬ (તા. ૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)	૧૦૪.૪૦
કુલ	૪૭૭.૦૮

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કેમ્પા દ્વારા સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં વર્ષ ૨૦૨૪–૨૫થી વર્ષ ૨૦૨૫–૨૬ સુધીમાં કેટલા વિસ્તારમાં કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું? અને કેટલા રોપાઓ જીવંત છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં જંગલ વિસ્તાર આવેલો છે અને મોસ્ટલી ફોરેસ્ટ એરિયા પણ છે. બે વર્ષમાં ૪૫૪ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું છે અને એનો સર્વાઇવલ રેશિયો ૯૮ પર્સન્ટથી અપ છે. ૪,૫૫,૦૦૦ રોપાનું વાવેતર કર્યું છે અને ૪,૫૧,૦૦૦ રોપ જીવંત છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખેડબ્રહ્મા તાલુકાના આ યોજના હેઠળ કુલ કેટલા ગામોમાં વાવેતર કરવામાં આવ્યું છે. એ ગામો કયા કયા છે અને એમાં કયા પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, લોકલ સ્પિસિસ એટલે બાયોડાયવર્સિટી જળવાતી હોય એવા સ્પિસિસનો આપણે આગ્રહ રાખતા હોઈએ છીએ અને વાવેતર કરીએ છીએ. ગામોની વિગત મારા હાથમાં છે પણ લાંબી છે એટલે એમને વિગતવાર મોકલી આપીશું.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ કેમ્પા યોજના સારી છે પરંતુ એમાં રોપાઓનું વાવેતર થઇ જાય પછી આની જાળવણી કોણ કરે છે? અધિકારીઓ કરે છે કે બીજું કોઇ કરે છે? અને જો અધિકારીઓ જાળવણી કરતા હોય તો ગામમાં વનીકરણ મંડળીઓ હોય છે એ મંડળીઓને વાવેતર કરવાનું કામ આપણે સોંપીએ તો હું માનું છું કે એનાથી પણ સારી કામગીરી થાય. કારણ કે આપણી જોડે સ્ટાફ ઓછો હોય છે. આપણે એ કરવા માગીએ છીએ કે નહીં? અને આ વાવેતર કર્યું એમાં કેટલા રોપા અત્યારે જીવિત છે અને કેટલા મૃત છે? જો આંકડો હોય તો આપો.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ કહ્યું છે કે આનો ૯૮ પર્સન્ટ સર્વાઇવલ રેશિયો છે અને કેમ્પા યોજના અંતર્ગત અત્યાર સુધી જે જાળવણી કરવાની થાય છે એમાં દસ વર્ષ સુધીની જાળવણી ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ કરે છે. બાકીનું આપનું સૂચન છે. હવે મોટા વૃક્ષો વાવવાનું આયોજન કર્યું છે. અત્યારે સર્વાઇવલના નામે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ ખૂબ સારું કામ કરી રહ્યું છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેમ્પા યોજના તળે સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા વિસ્તારમાં રોપાઓનો ઉછેર કરવામાં આવેલ છે અને એનાથી બે વર્ષમાં પર્યાવરણને કેટલો ફાયદો થયો છે એવું કોઇ સરકારનું ધ્યાન ઉપર આવ્યું છે કે કેમ?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, હવે એ વિસ્તારના ડુંગરોને ગુગલ મેપમાં જોઇએ તો પણ આપણને હરિયાળા દેખાય છે. આપણે સર્વાઇવલ રેશિયા સાથે વાવેતર કરીએ છીએ. આ યોજનામાં આપના વિસ્તારમાં ૧૫૦૮ હેકટરમાં વાવેતર કરવામાં આવ્યું છે. એમાં ૧૪ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. જે આપને વિદિત થાય.

મોરબી અને ભાવનગર જિલ્લામાં આવેલ સરકારી આઈ.ટી.આઈ

***15/8/3380 : શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (**ચાણસ્મા**): માનનીય, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર**

મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧–૧૨–૨૦૨૫ ની સ્થિતિએ મોરબી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી આઈ.ટી.આઈ આવેલી છે,	(૧)	પત્રક–૧ સામેલ છે
(૨)	ઉકત આઈ.ટી.આઈ વાર સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલુ છે,	(૨)	પત્રક–૨ સામેલ છે
(૩)	તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ કાયમી, કરાર આધારીત અને	(૩)	પત્રક–૩ સામેલ છે

	આઉટ–સોર્સિંગથી ભરાયેલી છે, અને		
(૪)	કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે ?	(૪)	પત્રક–૪ સામેલ છે

પત્રક–૧

જિલ્લો	તાલુકો	ક્રમ	આઇ.ટી.આઇ નું નામ
મોરબી	ટંકારા	૧	ટંકારા
	માળીયા (રાજકોટ)	૧	માળિયા (મિયાણા)
	મોરબી	૧	મોરબી
	વાંકાનેર	૧	વાંકાનેર
	હળવદ	૧	હળવદ
	ગારીયાધાર	૧	ગારીયાધાર
	ઘોઘા	૧	ઘોઘા
	જેસર	૧	જેસર
	તળાજા	૧	તળાજા
	પાલીતાણા	૧	પાલીતાણા
	ભાવનગર	૧	ભાવનગર
		૨	ભાવનગર (મહિલા)
	મહુવા	૧	મહુવા
	વલ્લભીપુર	૧	વલ્લભીપુર
	શિહોર	૧	શિહોર

પત્રક–૨				
જીલ્લો	તાલુકા	સંસ્થા	સંવર્ગ	મંજુર મહેકમ
ભાવનગર	**ઉમરાળા**	**ઉમરાળા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૬**
		ઉમરાળા કુલ		૨૪
	ગારીયાધાર	**ગારીયાધાર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧**
		ગારીયાધાર કુલ		૧૬
	ઘોઘા	**ઘોઘા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૫**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		ઘોઘા કુલ		**૧૯**
	જેસર	**જેસર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		જેસર કુલ		૧૮
	તળાજા	**તળાજા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૩**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૬**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		તળાજા કુલ		૨૩
	પાલીતાણા	**પાલીતાણા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૬**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		પાલીતાણા કુલ		૨૧

	ભાવનગર	**ભાવનગર**	**આચાર્ય વર્ગ – ૧**	**૧**
			આચાર્ય વર્ગ – ૨	**૧**
			વહીવટી અધિકારી વર્ગ–૨	**૨**
			ફોરમેન ઈન્સ્ટ્રકટર વર્ગ–૩	**૫**
			કચેરી અધિક્ષક વર્ગ–૩	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૪**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૪**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦૯**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૪**
			હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧૯**
		ભાવનગર કુલ		૧૫૩
		ભાવનગર (મહિલા)	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઈન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		ભાવનગર (મહિલા) કુલ		૨૨
	મહુવા	**મહુવા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઈન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૨૭**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૨**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૧**
		મહુવા કુલ		૩૯
	વલ્લભીપુર	**વલ્લભીપુર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઈન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		વલ્લભીપુર કુલ		૧૫
	શિહોર	**શિહોર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઈન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
		શિહોર કુલ		૨૦
ભાવનગર કુલ				૩૬૭
મોરબી	**ટંકારા**	**ટંકારા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**

			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		ટંકારા કુલ		૨૧
	માળીયા (૨)	**માળીયા (મિંયાણા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૬**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		માળીયા (મિંયાણા) કુલ		૧૯
	મોરબી	**મોરબી**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૨૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૧**
		મોરબી કુલ		૨૯
	વાંકાનેર	**વાંકાનેર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૨૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૩**
		વાંકાનેર કુલ		૨૮
	હળવદ	**હળવદ**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**
			વર્ગ – ૪	**૭**
		હળવદ કુલ		૨૩
મોરબી કુલ				૧૨૦

પત્રક–૩						
જીલ્લો	તાલુકા	સંસ્થા	સંવર્ગ	કાયમી થી ભરાયેલ જગ્યા	કરાર આધારિત / આઉટ સોર્સિંગ થી ભરાયેલ જગ્યાઓ	ખાલી જગ્યાઓ
ભાવનગર	**ઉમરાળા**	**ઉમરાળા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૧**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૬**
		ઉમરાળા કુલ		૧૩	૦	૧૧
	ગારીયાધાર	**ગારીયાધાર**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૬**	**૦**	**૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૧**
		ગારીયાધાર કુલ		૮	૦	૮
	ઘોઘા	**ઘોઘા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૪**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		ઘોઘા કુલ		૧૭	૦	૨
	જેસર	**જેસર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**	**૦**	**૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		જેસર કુલ		૧૩	૦	૫
	તળાજા	**તળાજા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૩**

			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૫**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		તળાજા કુલ		૧૭	૦	૯
	પાલીતાણા	**પાલીતાણા**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૩**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		પાલીતાણા કુલ		૧૭	૦	૪
	ભાવનગર	**ભાવનગર**	**આચાર્ય વર્ગ – ૧**	**૧**	**૦**	**૦**
			આચાર્ય વર્ગ – ૨	**૧**	**૦**	**૦**
			વહીવટી અધિકારી વર્ગ–૨	**૦**	**૦**	**૨**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૫**	**૦**	**૦**
			કચેરી અધિક્ષક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			મુખ્ય કારકુન વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૪**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૨**	**૦**	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦૧**	**૦**	**૮**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૩**	**૦**	**૧**
			હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૧**	**૦**	**૧૮**
		ભાવનગર કુલ		૧૨૦	૦	૩૩
		ભાવનગર (મહિલા)	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૦**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		ભાવનગર (મહિલા) કુલ		૧૩	૦	૯
	મહુવા	**મહુવા**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**

			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૩**	**૦**	**૧૪**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
		મહુવા કુલ		૧૯	૦	૧૭
	વલ્લભીપુર	**વલ્લભીપુર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૮**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		વલ્લભીપુર કુલ		૧૧	૦	૪
	શિહોર	**શિહોર**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૪**	**૦**	**૦**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
		શિહોર કુલ		૧૮	૦	૨
ભાવનગર કુલ				૨૬૬	૦	૧૦૧
મોરબી	**ટંકારા**	**ટંકારા**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૬**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		ટંકારા કુલ		૭	૦	૧૪
	માળીયા (૨)	**માળીયા (મિંયાણા)**	**આચાર્ય વર્ગ – ૨**	**૧**	**૦**	**૦**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૨**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૪**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		માળીયા		૭	૦	૧૨

		(ભિંયાણા) કુલ				
	મોરબી	**મોરબી**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૧**	**૦**	**૧**
			સીનીયર કલાર્ક વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૨૧**	**૦**	**૧**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૧**
		મોરબી કુલ		૨૫	૦	૪
	વાંકાનેર	**વાંકાનેર**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૧**	**૦**	**૦**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૧૭**	**૦**	**૩**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			સ્ટોરકીપર વર્ગ–૩	**૦**	**૦**	**૧**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૩**
		વાંકાનેર કુલ		૧૯	૦	૯
	હળવદ	**હળવદ**	**આચાર્ય વર્ગ – ૨**	**૦**	**૦**	**૧**
			ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	**૨**	**૦**	**૦**
			જુનિયર કલાર્ક વર્ગ–3	**૦**	**૦**	**૧**
			સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	**૯**	**૦**	**૨**
			આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	**૧**	**૦**	**૦**
			વર્ગ – ૪	**૦**	**૦**	**૭**
		હળવદ કુલ		૧૨	૦	૧૧
મોરબી કુલ				૭૦	૦	૫૦

પત્રક–૪

જીલ્લો	તાલુકા	સંસ્થા	સંવર્ગ	ખાલી જગ્યાની તારીખ
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વહીવટી અધિકારી વર્ગ–૨**	**૩૧/૧૦/૨૦૧૧**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3**	**૨૮/૦૨/૨૦૨૫**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3**	**૩૦/૦૯/૨૦૨૫**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩**	**૦૫/૦૭/૨૦૨૩**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**જુનિયર કલાર્ક વર્ગ–3**	**૨૬/૦૬/૨૦૨૫**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૩૦/૦૬/૨૦૦૮**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૦૧/૧૨/૨૦૦૫**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૩૧/૦૭/૨૦૦૪**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૦૧/૧૧/૨૦૦૨**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૩૧/૦૩/૨૦૦૫**
ભાવનગર	**ભાવનગર**	**ભાવનગર**	**વર્ગ – ૪**	**૩૧/૦૩/૨૦૨૨**

ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૧૪/૦૨/૨૦૧૫
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૦/૦૯/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૧/૦૭/૨૦૨૧
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૨૪/૦૫/૨૦૧૧
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૨૮/૦૯/૨૦૦૯
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૦/૦૯/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૦/૦૯/૨૦૨૪
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૧/૦૧/૨૦૧૧
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૧/૦૭/૨૦૧૮
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૩૦/૦૬/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૧૪/૦૭/૨૦૦૧
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વર્ગ – ૪	૨૧/૦૩/૨૦૧૧
ભાવનગર	ભાવનગર	ભાવનગર	કચેરી અધિક્ષક વર્ગ–૩	૩૦/૦૯/૨૦૧૭
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪/૧૦/૨૦૨૪
ભાવનગર	ભાવનગર	ભાવનગર	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૪/૦૧/૨૦૨૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪/૦૩/૨૦૧૪
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૧/૦૭/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૧/૦૭/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫/૦૩/૨૦૨૪
ભાવનગર	ભાવનગર	ભાવનગર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩/૦૬/૨૦૨૩
ભાવનગર	ભાવનગર	ભાવનગર	વહીવટી અધિકારી વર્ગ–૨	૦૪/૦૭/૨૦૧૫
ભાવનગર	ભાવનગર	ભાવનગર	હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ વર્ગ–૩	૩૦/૧૧/૨૦૧૪
ભાવનગર	ઘોઘા	ઘોઘા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	ઘોઘા	ઘોઘા	જુનિયર કલાર્ક વર્ગ–3	૧૦/૦૧/૨૦૨૨
ભાવનગર	પાલીતાણા	પાલીતાણા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	પાલીતાણા	પાલીતાણા	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૩/૦૧/૨૦૨૫
ભાવનગર	પાલીતાણા	પાલીતાણા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૬/૧૦/૨૦૨૪
ભાવનગર	પાલીતાણા	પાલીતાણા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૦૧/૨૦૨૩
ભાવનગર	વલ્લભીપુર	વલ્લભીપુર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧/૦૭/૨૦૨૪
ભાવનગર	વલ્લભીપુર	વલ્લભીપુર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫/૧૦/૨૦૨૪
ભાવનગર	વલ્લભીપુર	વલ્લભીપુર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨/૧૨/૨૦૨૨
ભાવનગર	વલ્લભીપુર	વલ્લભીપુર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૮/૦૪/૨૦૨૨
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪/૧૧/૨૦૨૪
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪/૧૦/૨૦૨૪
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૬/૦૩/૨૦૨૪
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૪/૦૮/૨૦૨૩
ભાવનગર	મહુવા	મહુવા	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૫/૦૮/૨૦૨૨
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૭/૦૫/૨૦૨૫
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૩૦/૦૬/૨૦૨૩
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૬/૦૪/૨૦૨૨

ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧/૦૮/૨૦૧૨
ભાવનગર	મહુવા	મહુવા	આચાર્ય વર્ગ – ૨	૨૦/૦૪/૨૦૨૩
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨/૦૧/૨૦૨૨
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૩૦/૦૬/૨૦૨૩
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૮/૦૨/૨૦૧૭
ભાવનગર	મહુવા	મહુવા	સ્ટોરકીપર વર્ગ–૩	૨૫/૧૦/૨૦૨૪
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧/૦૧/૨૦૨૬
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૩૦/૦૬/૨૦૨૩
ભાવનગર	મહુવા	મહુવા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩/૦૬/૨૦૨૩
ભાવનગર	તળાજા	તળાજા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૧૬/૦૩/૨૦૨૪
ભાવનગર	તળાજા	તળાજા	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૯/૦૯/૨૦૨૨
ભાવનગર	તળાજા	તળાજા	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૬/૦૫/૨૦૨૫
ભાવનગર	તળાજા	તળાજા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૬/૦૭/૨૦૨૩
ભાવનગર	તળાજા	તળાજા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૩૧/૦૭/૨૦૧૫
ભાવનગર	તળાજા	તળાજા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૩/૧૧/૨૦૨૪
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૮/૦૮/૨૦૨૨
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૧/૦૩/૨૦૨૪
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૮/૧૦/૨૦૨૪
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫/૦૩/૨૦૨૪
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૮/૧૦/૨૦૨૪
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	જુનિયર કલાર્ક વર્ગ–3	૩૦/૦૬/૨૦૨૩
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	આચાર્ય વર્ગ – ૨	૧૧/૦૩/૨૦૨૦
ભાવનગર	ગારીયાધાર	ગારીયાધાર	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	શિહોર	શિહોર	સીનીયર કલાર્ક વર્ગ–૩	૨૮/૦૨/૨૦૨૫
ભાવનગર	શિહોર	શિહોર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૫/૧૧/૨૦૨૪
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૦૨/૧૨/૨૦૨૫
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૬/૦૧/૨૦૨૨
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	વર્ગ – ૪	૦૩/૧૨/૨૦૧૦
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૪/૦૭/૨૦૨૩
ભાવનગર	ઉમરાળા	ઉમરાળા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૯/૦૯/૨૦૨૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	આચાર્ય વર્ગ – ૨	૩૦/૧૧/૨૦૨૦
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨

ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	વર્ગ – ૪	૨૧/૦૪/૨૦૧૨
ભાવનગર	ભાવનગર	ભાવનગર (મહિલા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૪/૧૨/૨૦૨૫
ભાવનગર	જેસર	જેસર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	જેસર	જેસર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	જેસર	જેસર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૧૦/૨૦૨૪
ભાવનગર	જેસર	જેસર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૫/૦૮/૨૦૨૧
ભાવનગર	જેસર	જેસર	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૮/૧૦/૨૦૨૨
મોરબી	વાંકાનેર	વાંકાનેર	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧/૧૧/૨૦૨૩
મોરબી	વાંકાનેર	વાંકાનેર	સ્ટોરકીપર વર્ગ–૩	૧૯/૧૨/૨૦૦૩
મોરબી	વાંકાનેર	વાંકાનેર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧/૦૯/૨૦૨૫
મોરબી	વાંકાનેર	વાંકાનેર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૫/૦૩/૨૦૧૬
મોરબી	વાંકાનેર	વાંકાનેર	વર્ગ – ૪	૦૧/૦૧/૨૦૦૩
મોરબી	વાંકાનેર	વાંકાનેર	વર્ગ – ૪	૨૮/૧૦/૧૯૯૮
મોરબી	વાંકાનેર	વાંકાનેર	વર્ગ – ૪	૨૮/૦૭/૨૦૧૭
મોરબી	વાંકાનેર	વાંકાનેર	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧/૦૧/૨૦૨૫
મોરબી	વાંકાનેર	વાંકાનેર	આચાર્ય વર્ગ – ૨	૧૭/૧૧/૨૦૨૧
મોરબી	મોરબી	મોરબી	વર્ગ – ૪	૩૦/૦૬/૨૦૨૩
મોરબી	મોરબી	મોરબી	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧/૦૧/૨૦૨૫
મોરબી	મોરબી	મોરબી	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૧/૦૫/૨૦૨૫
મોરબી	મોરબી	મોરબી	આચાર્ય વર્ગ – ૨	૩૧/૧૦/૨૦૨૦
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૪/૦૧/૨૦૨૨
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૦૧/૦૯/૨૦૨૨
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૬/૦૬/૨૦૨૫
મોરબી	માળીયા	માળીયા (મિંયાણા)	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૪/૦૭/૨૦૨૩
મોરબી	ટંકારા	ટંકારા	આચાર્ય વર્ગ – ૨	૧૦/૦૯/૨૦૧૫
મોરબી	ટંકારા	ટંકારા	ફોરમેન ઇન્સ્ટ્રકટર વર્ગ–૩	૨૧/૦૨/૨૦૨૨
મોરબી	ટંકારા	ટંકારા	આસીસ્ટન્ટ સ્ટોર કીપર વર્ગ–૩	૨૩/૦૮/૨૦૨૨
મોરબી	ટંકારા	ટંકારા	જુનિયર કલાર્ક વર્ગ–3	૨૩/૦૮/૨૦૨૨
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧

મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	ટંકારા	ટંકારા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૨/૧૧/૨૦૨૫
મોરબી	ટંકારા	ટંકારા	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૧/૦૪/૨૦૨૫
મોરબી	હળવદ	હળવદ	જુનિયર કલાર્ક વર્ગ–3	૦૭/૦૯/૨૦૨૨
મોરબી	હળવદ	હળવદ	આચાર્ય વર્ગ – ૨	૧૧/૧૦/૨૦૨૨
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૦૧/૦૮/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૨૧/૦૬/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	વર્ગ – ૪	૦૧/૦૮/૨૦૧૧
મોરબી	હળવદ	હળવદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૧૧/૧૨/૨૦૨૫
મોરબી	હળવદ	હળવદ	સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર વર્ગ–3	૦૯/૦૬/૨૦૨૩

શ્રી દિનેશભાઈ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મોરબી અને ભાવનગર જિલ્લામાં આઇ.ટી.આઇ.માં ખૂબ મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે તેનાં કારણો શાં છે? તેમજ મારા ચાણસ્મા વિધાનસભા મતવિસ્તારમાં કોઈ મહિલા આઇ.ટી.આઇ. શરૂ કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બીજા જિલ્લાની ચિંતા કરી છે એટલે હું એમનો આભાર માનું છું. ભાવનગર અને મોરબી જિલ્લામાં તેમજ સમગ્ર રાજ્યના બીજા જિલ્લાઓની આઇ.ટી.આઇ.માં જગ્યાઓ ખાલી છે એ ભરવા માટેનું ભરતી કેલેન્ડર અમે મૂકી દીધું છે અને તબક્કાવાર સંવર્ગવાઇઝ જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ગૌણ સેવા પસંદગી મંડળ અને જી.પી.એસ.સી. મારફતે આ પ્રક્રિયા કાર્યરત છે અને વહેલામાં વહેલી તકે જગ્યાઓ ભરાય એના માટેની અમે વ્યવસ્થા કરી છે. પ્રશ્ન બીજા જિલ્લાનો છે છતાંયે સભ્યશ્રીએ એમના વિસ્તારમાં મહિલાઓની આઇ.ટી.આઇ.ની ચિંતા કરી છે. એ બાજુ વધારે મહિલાઓ આઇ.ટી.આઇ.માં પ્રવેશ લેતા હશે અને જરૂર જણાશે તો અલગથી મહિલા આઇ.ટી.આઇ. કરવા માટેનું પણ રાજ્ય સરકારે વિચાર્યું છે.

શ્રીમતી સેજલબેન રા. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે સરકારી આઇ.ટી.આઇ.ના તાલીમાર્થીઓ માટે કોઇ યોજના કે સુવિધા નવી મંજૂર થઇ હોય તો માનનીય મંત્રીશ્રી તેની વિગતો આપે એવી વિનંતી છે.

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને અમારી સરકારે આ વખતે ખાસ કરીને આઇ.ટી.આઇ.માં વધુ યુવાનો અને મહિલાઓ આકર્ષાય અને વધારે પ્રવેશ લે એ માટે અલગથી જોગવાઇ કરીને વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં નમો કૌશલ્ય લક્ષ્મી યોજના શરૂ કરવામાં આવી છે અને રાજ્ય સરકારની આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતી દીકરીઓને એક વર્ષના કોર્સ માટે રૂપિયા ૧૫ હજાર અને બે વર્ષના કોર્સ માટે રૂપિયા ૨૪ હજારની સહાય આપવાનું નક્કી કર્યું છે. કુલ ૨૩ હજાર જેટલી મહિલા તાલીમાર્થીઓ માટે નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં આ નવી બાબતમાં રૂપિયા ૩૩ કરોડની જોગવાઇ કરી છે. અત્યાર સુધી આઇ.ટી.આઇ.માં પ્રવેશ લેતા એને ગણવેશ માટેની અલગથી કોઇ પહેચાન ન હતી. આ વખતે ગણવેશ સહાય યોજના હેઠળ ૧.૫૦ લાખ તાલીમાર્થીઓને દરવર્ષે રૂપિયા ૨ હજાર ડી.બી.ટી.ના માધ્યમથી ચૂકવવા નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭માં નવી બાબત તરીકે લઇ રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યની સરકારી આઇ.ટી.આઇ.માં અભ્યાસ કરતાં દિવ્યાંગ તાલીમાર્થીઓને મુસાફરી ભથ્થારૂપે માસિક રૂપિયા ૩ હજારની આર્થિક સહાય આપવાનું નક્કી થયું છે અને ૬ હજારથી વધુ દિવ્યાંગ તાલીમાર્થીઓ આ યોજનાથી લાભાન્વિત થશે. એના માટે વર્ષ ૨૦૨૬–૨૭ના બજેટમાં રૂપિયા ૧.૮૦ કરોડની જોગવાઇ કરી છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આઇ.ટી.આઇ.માં જે કોર્સિસ હોય પરંતુ ત્યાં આગળ સ્થાનિક મોટા ઉદ્યોગો હોય એ ઉદ્યોગોને એમને જોઇતા ટેકનિશિયનોની નવી બ્રાન્ચ શરૂ કરવા માટે આવા ઉદ્યોગો સાથે સંકલન કરીને ઉદ્યોગો પાસેથી આઇ.ટી.આઇ.ને સુદૃઢ બનાવવા માટે લાભ લઇએ છીએ કે નહીં?

શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે તે વિસ્તારમાં અમારી સરકારી આઇ.ટી.આઇ. હોય ત્યાં આવતા નવા ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને નવા ટ્રેડ શરૂ કરીને ત્યાં સ્કીલવાળા યુવક કે યુવતીઓ મળી રહે તે માટે દરેક જિલ્લામાં જ્યાં નવા ઉદ્યોગો આવે છે ત્યાં અમે આયોજન કરીએ છીએ. એના માટે ઓન જોબ તાલીમ થકી આઇ.ટી.આઇ.માં તાલીમાર્થીઓને સૈદ્ધાંતિક તાલીમ માટે ઉદ્યોગો સાથે પ્રાયોગિક ધોરણે સંકલન કરીને એમને કયા પ્રકારના કૌશલ્યવાળા જોઇએ

છે એ પ્રમાણેના નવા ટ્રેડ શરૂ કરવા માટેનું આયોજન અમે કર્યું છે. એ પ્રમાણે ઓન જોબ દરમિયાન ઉદ્યોગોમાં લેવાતી અદ્યતન મશીનરી, ઉત્પાદન પ્રક્રિયા અને વિવિધ ટૂલ્સ અને ગુણવત્તા ચકાસણીની પ્રક્રિયાને અગત્યતા આપીએ છીએ. ઉદ્યોગોનું માળખું વગેરેને ધ્યાનમાં રાખી એ પ્રકારની તાલીમ આ આઇ.ટી.આઇ.માં ઉદ્યોગોના સહકાર અને મદદથી આપણે આપીએ છીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર જિલ્લાની અનેક આઇ.ટી.આઇ.માં ફોરમેન ઇન્સ્ટ્રકટરની જગ્યાઓ ખાલી છે એની વિગત આપી છે. ધારો કે ઇલેક્ટ્રિશિયનના ટ્રેડમાં ૧૦ વિદ્યાર્થીઓએ એડમિશન લીધું અને જગ્યાઓ ખાલી છે તો એ છોકરાઓ ક્યાં ભણે છે? એને કોણ ભણાવે છે? અલગ અલગ ટ્રેડવાર જેટલી જગ્યાઓ ખાલી છે, ફોરમેન, ફિટિંગ, વાયરમેન, ઇલેક્ટ્રિશિયન વગેરે વગેરે અનેક જગ્યાઓ ખાલી છે એ લોકોને ભણવાની શું વ્યવસ્થા છે અને પછી જો જગ્યાઓ ભરેલ નથી તો એને ડિગ્રી કેવી રીતે આપવામાં આવે છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ચિંતા વ્યક્ત કરી એ પ્રમાણે જુદા જુદા સંવર્ગવાર ભરતી કેલેન્ડર અમે મૂક્યું છે. પણ જુદા જુદા ટ્રેડવાળાને કોઇને મુશ્કેલી હોય તો બાજુથી આઇ.ટી.આઇ.માંથી ડેપ્યુટેશન ઉપર મૂકીને વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે એવી વ્યવસ્થા દરેક આઇ.ટી.આઇ.માં કરીએ છીએ. છતાં એમના ધ્યાનમાં હોય તો કહેજો, અમે તાત્કાલિક એ પ્રમાણેની વ્યવસ્થા કરીશું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું કે, રાજ્ય સરકારના ભરતી કેલેન્ડર મુજબ સરકાર ભરતી કરે છે. રાજ્યનું ૧૦ વર્ષનું ભરતી કેલેન્ડર હોય છે. હમણાં વર્ષ ૨૦૨૫નું નવું ભરતી કેલેન્ડર બહાર પડ્યું. તે પહેલાં દસ વર્ષનું હતું. વહીવટી અધિકારી વર્ગ–૨ ભાવનગરમાં તા. ૩૧–૧૦–૨૦૧૧થી જગ્યા ખાલી છે. જો આ ભરતી કેલેન્ડરની વાત કરતા હોઇએ તો આ ત્રીજું ભરતી કેલેન્ડર આવ્યું. બે ભરતી કેલેન્ડર પૂરા થયા પછી વર્ષ ૨૦૧૧થી જગ્યા ખાલી છે. વર્ગ–૪ની વર્ષ ૨૦૦૧થી જગ્યાઓ ખાલી છે અને સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટરની વર્ષ ૨૦૧૪થી જગ્યાઓ ખાલી છે. આ બીજું કેલેન્ડર આવ્યું. ભરતી કેલેન્ડરના આધારે ભરતી કરવામાં આવે છે એમ કહો છો પણ ૧૦ વર્ષનું કેલેન્ડર પૂરું થયું એમાં ભરતી કરવામાં આવી નથી એનાં કારણો શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં અમારા ધ્યાન ઉપર આવ્યું છે કે જે ટ્રેડમાં વિદ્યાર્થીઓ પ્રવેશ લેતા હોય એની સંખ્યા ઓછી હોય ત્યાં જગ્યા ખાલી રહી ગઇ હોય. પરંતુ માનનીય સભ્યશ્રીએ કહ્યું એમ જ્યાં અમારી ઔદ્યોગિક આઇ.ટી.આઇ. હતી એમાં પ્રિન્સિપાલની જગ્યાઓ ખાલી હતી એની અમારી પાસે ચાદી આવી ગઇ છે. ભરતીની પ્રક્રિયા ચાલે છે. ઇન્ટરવ્યુ થઇ રહ્યા છે અને તાત્કાલિક બધા પ્રિન્સપાલ મૂકાય અને એ જ પ્રમાણે ભરતીની જગ્યાઓ માટે અમે ગૌણ સેવા પસંદગી મંડળને પત્રક મોકલાઇ ગયું છે. વહેલામાં વહેલી તકે જાહેરાતમાંથી પસાર થાય અને આપે કહ્યું એમ લાંબા સમયથી જગ્યાઓ ખાલી છે એ જગ્યાઓ ભરાય એ માટે અલગ ભરતીથી પ્રક્રિયા કરવામાં આવે એવી વ્યવસ્થા કરી છે.

શ્રી હીરાભાઇ ઓ. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આદરણીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આઇ.ટી.આઇ. કરેલા વિદ્યાર્થીઓ હોય એ ટેકનિશિયનો માટે આપના વિભાગ દ્વારા કોઇ ઉદ્યોગો હોય ત્યાં કેમ્પ કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં મેં કહ્યું તેમ અમારો શ્રમ અને કૌશલ્ય વિભાગ માનનીય મુખ્યમંત્રીશ્રી અને દેશના પ્રધાનમંત્રીશ્રી જે રીતે નવા ઉદ્યોગો આપણા રાજ્યમાં લાવી રહ્યા છે. જે વિસ્તારમાં જે ઉદ્યોગોને જે પ્રકારના કૌશલ્યવાળા મહિલા કે પુરુષો જોઇએ છીએ. એ પ્રકારના સ્કિલ ઉદ્યોગોની મદદથી એ વિસ્તારમાં આઇ.ટી.આઇ. શરૂ કરીને એ પ્રકારના કૌશલ્યવાળા માનવબળ ત્યાં આપી શકાય એ રીતની વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રી સાહેબે આપી છે. તેમ છતાં જે વિસ્તારમાં આપે કહ્યું કે તમારા વિસ્તારમાં ઇન્ડસ્ટ્રીઝ આવી છે એમના ક્યા પ્રકારના સ્કિલવાળા, કૌશલ્યવાળા યુવાનો કે યુવતીઓ જોઇએ છીએ એ પ્રમાણે વધારાનો ટ્રેડ શરૂ કરવાની અમારી તૈયારી છે. મહિલાઓ કામમાં વધારે જોઇતી હશે તો મહિલાઓ માટેના ત્યાં જોઇતા ટ્રેડ અમરેલી વિસ્તારમાં અમે શરૂ કરાવી દઇશું.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અત્યારે આધુનિક સમયની માંગ પ્રમાણે સેમિકન્ડક્ટર અને એ.આઇ.ના કોર્સ તમે આઇ.ટી.આઇ.માં લેવા માગો છો કે કેમ? જે જિલ્લામાં મહિલા આઇ.ટી.આઇ. કોલેજ નથી તો જિલ્લા કક્ષાની મહિલા આઇ.ટી.આઇ. કોલેજ બનાવવા માગો છો કે કેમ? અને બોટાદ જિલ્લામાં સ્પિનિંગ વધુ છે ત્યારે આવા જિલ્લાના ઉદ્યોગોને ધ્યાનમાં રાખીને આઇ.ટી.આઇ. કોલેજમાં સ્પેશિયલ કોર્સ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારની અંદર અત્યારે સેમિકન્ડક્ટરના ઉદ્યોગો આવી રહ્યા છે, એવા અમદાવાદ જિલ્લાના સાણંદ, ધંધુકા અને બોટાદ સાઇડમાં સેમિકન્ડક્ટરને લગતા અભ્યાસક્રમો છે એ ટ્રેડ શરૂ કરવા માટે અમે આ વખતના વર્ષમાં આઇ.ટી.આઇ.માં અમારું આયોજન છે. એ ઉપરાંત ઘોલેરાને ધ્યાનમાં રાખીને આપે કહ્યું એમ બીજી જગ્યાઓ માટે વધારાની ઘોલેરા સહિત આ ટ્રેડ શરૂ કરવાના થતા હશે તો અમે ચોક્કસ શરૂ કરાવીશું. જ્યાં મહિલાઓ વધારે આઇ.ટી.આઇ. તરફ આવશે તો ચોક્કસ એ વિસ્તારને ધ્યાનમાં રાખીને તમારા બોટાદ જિલ્લામાં પણ અમે આવતા દિવસોમાં મહિલા આઇ.ટી.આઇ. આપવાનું વિચારીશું. તમારી જાણ માટે માનનીય મુખ્યમંત્રી સાહેબની મંજૂરીથી આ

વખતે પાળિયાદમાં એક આઈ.ટી.આઈ. નવી લઈએ છીએ પણ જરૂર પડશે તો બોટાદમાં પણ મહિલા આઈ.ટી.આઈ.આપવાનું આગામી દિવસોમાં વિચારીશું.

ખેડા જિલ્લામાં સેગ્રીગેશન શેડના બાંધકામ બાબત

***15/8/3167 શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર** (માતર): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત કેટલા સેગ્રીગેશન શેડ બનાવવામાં આવ્યા, અને	(૧)	તાલુકાનું નામ / બનાવવામાં આવેલ સેગ્રીગેશન શેડની સંખ્યા ગળતેશ્વર – ૮ કપડવંજ – ૯ કઠલાલ – ૬ ખેડા – ૩ મહુધા – ૨ માતર – ૭ મહેમદાવાદ – ૭ નડિયાદ – ૪ ઠાસરા – ૫ વસો – ૧
(૨)	તે માટે છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?	(૨)	રૂ.૪૫,૯૭,૮૬૮ /– (અંકે રૂ. પીસતાળીસ લાખ સત્તાણુ હજાર આઠસો અડસઠ રૂપિયા પુરા)

શ્રી કલ્પેશભાઈ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળી ગયો છે.

રાજ્યમાં બેટરી ઓપરેટેડ ઈલેકટ્રીક વાહનોમાં સબસિ

15/8/2177 શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત): **માનનીય કલાઇમેટ ચેન્જ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજ્યમાં બેટરી ઓપરેટેડ ત્રિ–ચક્રી વાહનો માટે સબસીડીની કોઈ યોજના અમલમાં છે કે કેમ,	(૧)	હા
(૨)	જો હા, તો ઉક્ત યોજના હેઠળ કોને લાભ આપવામાં આવે છે, અને	(૨)	ઉક્ત યોજના હેઠળ વ્યક્તિગત તથા સંસ્થાકીય લાભાર્થીઓ નાણાકીય સહાયનો લાભ લઇ શકે છે જેમાં વ્યકિતગત લાભાર્થીઓમાં રીક્ષા ચાલકો, મહિલા સાહસીકો, દિવ્યાંગો, યુવા સ્ટાર્ટઅપ સાહસીકો, શિક્ષિત બેરોજગાર તથા સંસ્થાકીય લાભાર્થીઓમાં સહકારી મંડળીઓ, યાત્રાધામો, નફો ન કરતી સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો માટે રૂ.૪૮,૦૦૦ પ્રતિ બેટરી સંચાલિત ત્રિચક્રી વાહન નાણાકીય સહાય આપવામાં આવે છે.
(૩)	ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૨૫–૨૬માં કેટલા લાભાર્થીઓને લાભ આપવા માટે મંજૂરી આપવામાં આવેલ છે?	(૩)	કુલ-૧૬૨૫

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા બેટરી સંચાલિત ત્રિ–ચક્રી વાહન યોજના ક્યારથી અમલમાં આવી? તેમજ આ યોજના હેઠળ લાભાર્થીઓને આપવામાં આવતી નાણાકીય સહાય કેટલી છે?

અતારાંકિત પ્રશ્નો

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે અને ત્રિ–ચક્રી એટલે થ્રી વ્હીલર વ્હીકલ છે એને પ્રોત્સાહન આપવા માટે વર્ષ ૨૦૧૮–૧૯થી આ યોજના ચાલુ કરવામાં આવી છે અને પ્રતિ વ્યક્તિને રૂ.૪૮,૦૦૦ની સહાય લાભાર્થીના ખાતામાં સીધી આપવામાં આવે છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બેટરી સંચાલિત વાહનો ઉપયોગથી પર્યાવરણને શું લાભ થાય છે?

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદૂષણમાં ઘટાડો થાય છે અને એના કરતાં પણ વિશેષ વાત એ છે કે દિવ્યાંગ વ્યક્તિ, રિક્ષાચાલક કે નાના વ્યક્તિઓ છે એમને પેટ્રોલ–ડીઝલમાંથી મુક્તિ મળે છે અને રાજ્ય સરકાર એને સહાય આપે છે એટલે એના જીવનમાં બદલાવ આવે એ મોટો લાભ છે.

મહિસાગર જિલ્લામાં ખેડૂતોને સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય આપવા બાબત

***15/8/2193: શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ** (બાલાસિનોર)**: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહિસાગર જિલ્લામાં સ્માર્ટફોન સહાય યોજના અંતર્ગત સહાય મેળવવા કેટલી અરજીઓ મળી,	(૧)	૧૨૯૨
(૨)	તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૭૨૧
(૩)	તે પૈકી કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	રૂ.૨૦,૯૮,૩૫૮/–

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૫ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં કેટલા ખેડૂતોએ સ્માર્ટફોન માટે અરજીઓ કરી અને એમાં કેટલાને સહાય મળી?

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, મહિસાગર જિલ્લામાં (અંતરાય)

અધ્યક્ષશ્રી : કેટલી અરજીઓ અને કેટલી સહાય આ બે આંકડા બોલી જાવ નહિતર ટાઇમ પૂરો થઇ જશે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૩૬૦ ખેડૂતોને રૂ.૨૦ લાખ ૯૮ હજારની સહાય આપવામાં આવી છે. અલગ અલગ તાલુકા પૂછ્યાં છે પણ કુલ ૩૬૦ ખેડૂતોને રૂ.૨૦ લાખ ૯૮ હજારની સહાય ચૂકવામાં આવી છે, પણ માનનીય સભ્યશ્રી,

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

મોરબી જિલ્લામાં વીડીઓમાંથી એકત્ર કરેલ ઘાસ

15/8/2784 **શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર** (દસાડા): **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.

	પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં વન વિભાગ દ્વારા વીડીઓમાંથી કેટલું ઘાસ એકત્ર કરવામાં આવ્યું, અને	(૧)	**વર્ષ**	**એકત્રિત ઘાસ (લાખ કિ.ગ્રા.)**
			૨૦૨૪–૨૫	૦.૦૦
			૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ)	૨.૦૫

(૨)	તે પૈકી કેટલું ઘાસ ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવ્યું?	(૨)	**વર્ષ** / **ગોડાઉનમાં સંગ્રહ કરેલ ઘાસનો જથ્થો (લાખ કિ.ગ્રા.)** ૨૦૨૪–૨૫ : ૦.૦૦ ૨૦૨૫–૨૬ (તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ) : ૦.૦૦

ખેડા જિલ્લામાં સામૂહિક કમ્પોસ્ટ પીટના બાંધકામ બાબત

(૨)	તેની સામે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?	(૨) વનીકરણની કામગીરી પાછળ વલસાડ જિલ્લામાં નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. વર્ષ – ખર્ચ (રૂ.લાખમાં) ૨૦૨૪–૨૫ – ૧૯૭.૮૫ ૨૦૨૫–૨૬ (તા. ૩૧.૧૨.૨૦૨૫ની સ્થિતિએ) – ૧૨૫.૦૦ કુલ – ૩૨૨.૮૫

#SB/વડોદરા જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 'રાજય ટોપ અપ' તરીકે સહાય

15/8/3197 શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર (સાવલી): **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ ની સ્થિતિએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૦ ટકા રાજય ફાળા હેઠળ 'રાજય–ટોપ–અપ' તરીકે સહાયની યોજના ક્યારથી અમલમાં આવેલ છે,	(૧)	તા.૦૧/૦૪/૨૦૨૫ થી.
(૨)	ઉક્ત સ્થિતિએ 'રાજય ટોપ–અપ' તરીકે યોજના હેઠળ કેટલી સહાય ચૂકવવામાં આવે છે, અને	(૨)	પ્રતિ લાભાર્થી રૂ.૫૦,૦૦૦.
(૩)	ઉક્ત સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં 'રાજય ટોપ–અપ' તરીકે કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી?	(૩)	૧૨૨૯ લાભાર્થીઓને રૂ.૬.૧૪૫ કરોડની સહાય.

માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત

નાણાકીય સમિતિઓના નામ–નિર્દેશન માટેની મુદત વધારવા તથા ચૂંટણી કાર્યક્રમમાં ફેરફાર અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે, વિધાનસભાની નાણાકીય સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક માટેની ચૂંટણી કાર્યક્રમની જાહેરાત મેં તા.૧૦–૦૩–૨૦૨૬ના રોજ સભાગૃહમાં કરી હતી. તે મુજબ ચૂંટણી માટે નામ–નિર્દેશન ભરવા માટે છેલ્લી તારીખ અને સમય મંગળવાર તા.૧૭–૦૩–૨૦૨૬ના રોજ સાંજે ૬–૦૦ વાગ્યા સુધીનો ઠરાવેલ હતો. માનનીય મુખ્ય દંડકશ્રીએ મુદત વધારવા માટે મારી સમક્ષ વિનંતી કરતા તેમની વિનંતી ગ્રાહ્ય રાખીને મેં આ કાર્યક્રમમાં નામ–નિર્દેશન માટેની મુદત લંબાવી ચૂંટણી કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરેલ છે. જે અંગેનું પત્રક નંબર ભાગ–૨ મંગળવાર તા. ૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ ક્રમાંક–૨૭૮થી પ્રસિદ્ધથી કરવામાં આવ્યો છે અને તેની જાણકારી હું અત્યારે આપું છું.

નામ–નિયુકિત ઉમેદવારી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સોમવાર તારીખ ૨૩–૦૩–૨૦૨૬ સાંજના ૬–૦૦ વાગ્યા સુધી, નામ–નિયુકિત ચકાસણી તારીખ અને સમય મંગળવાર, તારીખ ૨૪–૦૩–૨૦૨૬ બપોરના ૨–૩૦ વાગ્યે નાયબ સચિવશ્રી ડો.હર્ષિલ પટેલની ચેમ્બરમાં. ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ગુરુવાર, તારીખ ૨–૪–૨૦૨૬ સાંજના ૫–૦૦ વાગ્યા સુધી અને મતદાનની તારીખની જરૂર જણાય તો પાછળથી જાહેર કરવામાં આવશે તે મુજબના ફેરફારની સર્વ માનનીય સભ્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી.

પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન

ઇ–મેઇલ દ્વારા વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવા અંગે

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. આજે સવારે ગુજરાત વિધાનસભાને એક ઇ–મેઇલ મળ્યો અને ઇ–મેઇલના માધ્યમથી વિધાનસભાને બોમ્બથી ઉડાવી દેવાની જે ધમકી આપવામાં આવી. પ્રજાનું આ ધબકાર કરતું બંધારણનું આપણું આ ગૃહ અને એક ભયનું જે વાતાવરણ પેદા થયું. ગૃહ પણ એક કલાક મોડું ચાલુ થયું. અમે જયારે વિધાનસભાગૃહમાં પ્રવેશ્યા ત્યારે પોલીસ વિભાગ દ્વારા કહેવામાં આવ્યું કારણ કે સિકયુરીટી બહુ

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ટાઇટ હતી પણ અમારા કૉંગ્રેસના તમામ ધારાસભ્યો અમારી ઓફિસમાં જ નીચે બેઠા હતા. પહેલાં સ્કૂલો, કોલેજો, કોર્ટ, સરકારી કચેરીઓ, એરપોર્ટો અને આજે વિધાનસભાગૃહ સુધી ઇ–મેઇલ આવ્યો તો થોડીક ઇન્ફર્મેશન અમારે એ જોઇતી હતી કે આ મેઇલ કયારે આવ્યો? આપને કયારે જાણ થઇ? અને તે પછીની શું કાર્યવાહી થઇ તે માનનીય અધ્યક્ષશ્રી આપ હાઉસને જણાવો એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આજે સવારે જ વિધાનસભા ઉપર મેઇલ આવ્યો અને જેવો મેઇલ મળ્યો અને માનનીય સભ્યશ્રીઓને અહીંયા આવવાનો સમય થઇ ગયો હતો. એટલે અમારા સચિવશ્રીએ મારા ધ્યાન ઉપર મૂકયું એટલે તાત્કાલિક મેં માનનીય મુખ્યમંત્રીશ્રીના સંજ્ઞાનમાં આ વાતને મૂકી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, ગૃહમંત્રીશ્રી અને રાજયના ડી.જી.પી.આ ત્રણેયને તેની જાણ કરી અને કાળજીના ભાગરૂપે તેને રોજે–રોજ આમ તો વિધાનસભાગૃહનું જે કામ છે અને રાજયનું પોલીસ ડિપાર્ટમેન્ટ રોજે–રોજ તેને ચેક કરતું જ હોય છે. ચેક કર્યું અને તેની અંદર આ ટાઇપની કોઇ ઘટના નહોતી. રોજબરોજના થતા ચેકિંગ ઉપરાંત જયારે મેઇલ આવ્યો હોય તો મને એવું લાગ્યું કે આની વિશેષ કાળજી રાખીને ફરી એક વખત આપણે ચેક કરી લઇએ. એટલે મેં કહ્યું કે એક કલાક કદાચ મોડું થશે પરંતુ આપણે કાળજીના ભાગરૂપે આની કાળજી રાખીએ અને ત્યાં સુધી બહારથી કોઇ પ્રજા ના આવે અને બાકી માનનીય સભ્યશ્રીઓ જયાં હતા ત્યાં પોલીસના અધિકારીશ્રીઓને પણ અહીંયા તાત્કાલિક બોલાવી લીધા અને તેઓ આવી ગયા અને તેમણે પણ કહ્યું કે આવી ઘટના કોઇ અંદર છે નહીં. છતાં પણ મેં મારા કર્તવ્યના ભાગરૂપે વિશેષ કાળજી રાખીને બીજી વખત ચેક કરાવ્યું અને ત્યાં સુધી આ ગૃહની કાર્યવાહી એક કલાક માટે થોડી મોડી શરૂ થઇ, કેમ કે આમાં કાળજી લેવી ખૂબ જરૂરી છે. અહીંયા ઘણા બધા લોકો પણ આવતા હોય છે, પત્રકાર મિત્રો પણ હોય છે અને રાજયના માનનીય ધારાસભ્યશ્રીઓ, મંત્રીમંડળના માનનીય સભ્યશ્રીઓ હોય છે એટલે તેની કાળજીથી ચેક કરાવ્યું આવુ કંઇ હતું નહીં. મેઇલ કયાંથી આવ્યો? મેઇલ કોણે કર્યો? તેના માટેની તપાસ રાજય સરકારને સોંપી છે. અને એનો જે રિપોર્ટ હશે એ પણ મારા ધ્યાન ઉપર એ લોકો મૂકશે. એટલે કોઇના મેઇલથી ગુજરાત કયારેય ભયભીત થયું નથી અને થવાનું પણ નથી. ગુજરાતે અનેક સમસ્યાઓ જોઇ છે. ગુજરાત અનેક ટેરરીસ્ટ જેવી ઘટનામાંથી પણ બહાર આવ્યું છે અને અત્યારે ગુજરાતની પ્રજા કે માનનીય ધારાસભ્યશ્રીઓ કયારેય ભયભીત થાય એવું હું માનતો નથી અને આજે પણ ફરી પાછા કાળજી રાખીએ, ભયભીત ન થઇએ અને કાળજીના ભાગરૂપે ફરી પાછું આપણે રુટીન પ્રમાણે કામ ચાલુ પણ કર્યું છે. આ બાબતમાં મારે ગુજરાત રાજયના તમામ પક્ષના માનનીય સભ્યશ્રીઓ અભિનંદન આપવા છે કે તેઓ એક બનીને અને આવી કોઇ પણ ઘટના હોય ત્યારે આપણે બધા એક થઇને, આપણે બધા એક છીએ અને કોઇ પણ જાતની ધમકીની સામે ગુજરાત કયારેય ઝૂકયું નથી અને ઝૂકશે પણ નહીં. ધન્યવાદ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ .પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩–૨૪નો ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણભાઇ ભી .સોલંકી (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૩–૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત રેલ ઇન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ .જયરામભાઇ ચે .ગામીત (રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રેલ ઇન્ફાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ .જયરામભાઇ ચે .ગામીત (રાજયકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪-૨૫નો જી-રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડૉ .જયરામભાઇ ચે .ગામીત(રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જી-રાઇડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૦-૨૧નો ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રીમતી મનીષા રા .વકીલ (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલો

શ્રી ઋષિકેશ ગ. પટેલ(માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સમીક્ષા તેમજ સન ૨૦૨૩-૨૪ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સરકારની સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪ના ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના વાર્ષિક હિસાબો અને સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી કનુભાઇ મો. દેસાઇ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી હું, ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ, સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૩-૨૪ના અહેવાલને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક હિસાબો, વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩-૨૪નો ગુજરાત હાઉસિંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી કનુભાઇ મો .દેસાઇ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી હું, ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના વાર્ષિક અહેવાલો

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડના સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલો તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪-૨૫ના ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના વાર્ષિક હિસાબો

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(રાજ્યકક્ષાના પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૨૪-૨૫ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ અને વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૧-૨૨નો ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો વાર્ષિક હિસાબ

શ્રી પ્રવીણકુમાર ગો. માળી (રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪-૨૦૨૫નો ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો વાર્ષિક અહેવાલ

વિધાનસભાની સમિતિઓના અહેવાલની રજૂઆત

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(રાજ્યકક્ષાના વન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત જૈવવિવિધતા બોર્ડનો સન ૨૦૨૪-૨૦૨૫નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીનો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ

શ્રી પ્રવીણકુમાર ગો. માળી (રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટીનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક વહીવટી અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪-૨૫નો ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ(સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત

કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ

કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ હું કામકાજ સલાહકાર સમિતિનો ચૌદમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર તા.૧૭મી માર્ચ, ૨૦૨૬ના રોજ સભાગૃહની પહેલી બેઠક પૂર્ણ થયા બાદ માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

૧. મંગળવાર, તા.૨૪/૩/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૬નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૬નું ગુજરાત સમાન નાગરિક સંહિતા વિધેયક.

૨. કામકાજ સલાહકાર સમિતિના બારમા અહેવાલમાં કરવામાં આવેલ ભલામણ મુજબ મંગળવાર, તા.૨૪/૩/૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવનાર સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક હવે બુધવાર, તા.૨૫/૩/૨૦૨૬ના રોજ ચર્ચા માટે હાથ ધરવું અને તેની વિચારણા પૂરી કરવી.

૩. બુધવાર, તા.૨૫/૦૩/૨૦૨૬ના રોજ નીચે દર્શાવેલ ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૬નું ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક.

(૨) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૬નું ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજિસ્ટ્રેશન અને નિયમન) (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૬નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૬નું ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક

(૪) સન ૨૦૨૬નું ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત (સુધારા) વિધેયક.

અંદાજ સમિતિનો આઠમો અહેવાલ

શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો આઠમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ચૌદમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

માગણી ક્રમાંક–૬૫

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા રા.ક. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૮૫,૯૩,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૨૩,૩૧,૪૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૬૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૬૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઈ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઈ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઈ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૬૬

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (રા.ક. ના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૦,૫૭,૪૬,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૧૪,૧૨,૦૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૬૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૬૬ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઈ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક–૬૭

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (રા.ક.ના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠોને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૫૯,૨૨,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૬,૭૫,૨૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૬૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક – ૬૭ રજૂ કરવામાં આવી.

શ્રી હેમંતભાઈ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ઉમેશભાઈ ના. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, આજે સંજોગ છે કે શું?

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જીતુભાઇ જતા રહ્યા. અમે માનનીય અધ્યક્ષશ્રીના...

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અમે માનનીય અધ્યક્ષશ્રીના જૂના નિર્ણયો જ વાંચતા હતા કે સામૂહિક રીતે નક્કી કરીને બધાં કાળાં કપડાં પહેરીને વિરોધ કરે તો ગૃહમાં ન કરી શકે. પણ હું વ્યકિતગત કાળાં કપડાં પહેરું જ છું.

અધ્યક્ષશ્રી : એ વિષય નથી. પણ આજે બોમ્બની ધમકી આવવી અને આપનું કાળો શર્ટ પહેરીને આવવું. એટલે સંજોગ છે કે પછી.... બહુ સરસ લાગે છે શર્ટ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં પેલી ચૂંટણીઓ આવે ત્યારે વારંવાર આવા ઈ–મેઇલ આવતા હોય છે, ધમકીઓ આવતી હોય છે. એટલે અમે તો એના માટે વિરોધ કરવો હશે તો બહાર કરીશું પણ ગૃહ એના માટેનું માધ્યમ નથી.

અધ્યક્ષશ્રી : પણ પહેલેથી પ્રિપરેશન હોય એવું તો નથી ને?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કાળાં કપડાં પહેરીને આવવું એમાં અધ્યક્ષશ્રીનો અગાઉનો નિર્ણય છે. પણ એમાં અમારો વાંધો નથી. કપડાં પહેરીને આવો તો સારા લાગો છો. હું પણ એપ્રીસીએટ કરું છું અને વારંવાર પહેરતા રહેજો. એમાં કોઇ ખોટું નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇને તો અમારી જોડે કાળાં કપડાં પહેરીને વિરોધ કરવાનો પણ અનુભવ છે.

અધ્યક્ષશ્રી :તમે આજે હળવા મૂડમાં બહુ સરસ લાગો છો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, કાળાં કપડાં પહેરીને મારો વિરોધ કરવાનો અનુભવ નથી પણ મારા વિરોધ કરવાના ઘણા અનુભવ નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યાં સુધી કપડાં કાળાં હોય ત્યાં સુધી કોઇ વાંધો નથી.

અધ્યક્ષશ્રી : તમે બધાએ આજે ખૂબ સરસ રમૂજ ચલાવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ (વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં. ૬૫, ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મારો જિલ્લો નવસારી છે અને નવસારીમાં કૂતુહલરૂપ કહેવાય એવા દાખલા બને છે. જે રીતે નવસારી જિલ્લામાં ચોમાસામાં ઘૂંટણીયાભર પાણી ભરાઇ જાય છે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ અનંતભાઇ, મારે એક જાહેરાત કરવાની રહી ગઇ છે. સોરી વચ્ચેથી આપને ડિસ્ટર્બ નહીં કરી શકાય છતાંય હું કરું છું.

માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત
એસ.ટી.બસ ફાળવવા અંગે

અધ્યક્ષશ્રી: મારે એક જાહેરાત કરવાની છે કે, માનનીય ધારાસભ્યશ્રીઓને વિસ્તાર દીઠ એક એસ.ટી.બસ આપવાનો કાર્યક્રમ આજરોજ ગૃહનું કામકાજ પૂર્ણ થયા પછી રાખવામાં આવેલ હતો. તેના બદલે આ કાર્યક્રમ વિરામના સમયે બપોરે ૧૨.૦૦ કલાકે રાખવાનું નક્કી કરવામાં આવેલ છે. જેની જાણ તમામ સભ્યશ્રીઓને થાય અને તમામ સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા માટે વિભાગ દ્વારા આપને નિમંત્રણ પણ છે.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં ચોમાસામાં ઘૂંટણ સુધી પાણી ભરાઇ જાય છે. નવસારી નગરપાલિકાની વાત કરું તો નવસારીના ઘણા બધા વોર્ડમાં ઉનાળામાં પીવાનું પાણી મળતું નથી. મારા વિસ્તારમાં બે ડેમો આવેલા છે. એક જૂજ ડેમ છે અને બીજો કેલિયા ડેમ છે. કેલિયા ડેમથી પીવાના પાણીની વર્ષો જૂની યોજના ચાલુ છે. વર્ષો વીતી ગયા પછી અત્યારે એની પાઇપલાઇનો ખરાબ થઇ ગઇ છે, ટાંકીઓ જર્જરિત થઇ ગઇ છે. જેના કારણે પીવાના પાણીની યોજના યોગ્ય રીતે ચાલતી નથી. અમારો વિસ્તાર આદિવાસી વિસ્તાર છે અને ઓછી ખેતીના કારણે પશુપાલક બન્યો છે ત્યારે ઘર દીઠ બેથી ચાર પશુઓ હોય છે. આ પશુઓને પીવાના પાણીની ખૂબ તકલીફ પડે છે ત્યારે જૂજ ડેમ જે અમારી પૂર્વ પટ્ટીમાં આવ્યો છે અને જૂજ ડેમના ઉપરના જે ગામો છે એ બધા ગામોમાં મોટી મોટી ડેરીઓ આવેલી છે. હજારો લીટર દૂધ

ડેરીઓમાં ભરવામાં આવે છે. આ પશુઓને અને લોકોને હોળી પછી પીવાના પાણીની અછત પડે છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે અમારા વિસ્તારના જૂજ ડેમના ઉપરના ગામો માનકુનીયા, વાંગણ, ખાટા આંબા, કણઘા, મોળા આંબા, ચોરવણી, નિરપણ હોય, સિંગરમાળ અને નીચેના ગામો જેવા કે, ખાંભલા, બીલમોળા, આંબાપાળી, નાની વઘઇ જેવા ગામોમાં પીવાના પાણીની યોજના ચાલુ કરવામાં આવે તો ત્યાંના પશુઓને પૂરતાં પ્રમાણમાં પાણી મળી રહે અને લોકો ખાનગી ટેન્કર મંગાવીને પશુઓ તથા પોતાના માટે પાણી ભરે છે. આ યોજનાના કારણે એ સરળ રીતે પાર પાડી શકાય. જૂજ ડેમમાંથી માત્ર સિંચાઇના પાણીની યોજનાઓ છે. ચોમાસુ નજીક આવતા સુધીમાં ૨૨થી ૨૫ ટકા પાણી ત્યાં હયાત હોય છે. આ યોજના થકી પૂર્વ પટ્ટીના બોર્ડરના ગામોમાં હોળી પછી ઝરણાં સૂકાઇ જાય છે, તર્પણ કરીને પાણી આવે છે, સૂકાઇ જાય છે એના કારણે હોળીથી આવતા વરસાદ સુધી, બે-ત્રણ મહિના સુધી એમને પાણીની ખૂબ તકલીફ પડે છે. અમારા વિસ્તારની સિંચાઇની વાત કરીએ તો સિંચાઇ માટે નાના-મોટા ચેકડેમો બનાવવામાં આવે છે અને એ ચેકડેમોમાંથી લિફ્ટ ઇરિગેશન થકી પાણી મળી રહે છે. પરંતુ ચેકડેમો હલકી ગુણવત્તાના હોવાના કારણે તેમજ પુષ્કળ વરસાદના કારણે તૂટી જાય છે અને લોખંડની બારીઓ બનાવેલી છે એ ઘણી વખત ચોરાઇ જતી હોય છે જેના કારણે પાણી ચોમાસા પછી વહી જતું હોય છે. આપણે પાણી સંગ્રહ અને જળ સંગ્રહના ઉદ્દેશથી ચેકડેમો બનાવીએ છીએ. સરકાર અત્યારે જળસંગ્રહ માટે નવી યોજના લાવી રહી છે ત્યારે ત્યાં જળસંગ્રહ કરે અને સારી કક્ષાના ચેકડેમો બનાવવામાં આવે તો ડુંગરાળ અને જંગલ વિસ્તારમાં પીવાના પાણીની અછત નહીં રહે. લિફ્ટ ઇરિગેશનથી પાણી મળે તો આસમાની ખેતી કરતા મારા આદિવાસી ખેડૂતોને સિંચાઇનું પાણી પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ થઇ જાય.

અમારા વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જે રીતે છે, એ પ્રમાણે એક ગામમાં પાંચથી દસ ફળિયા હોય છે અને એવા વિસ્તારમાં હોય છે કે જ્યાં આપણે પાઇપલાઇન થકી પાણી લઇ જઇ શકતા નથી. જેથી નળ સે જળ યોજનામાં ફરી એવા ફળિયાઓને આઇડેન્ટિફાઇ કરવામાં આવે. અમારા વિસ્તારમાં એક ખાટાઆંબા ગામ છે. એ ડુંગર ઉપર વસેલું છે. એના પંદરથી સોળ ફળિયા ડુંગરાળ વિસ્તારમાં ઉપરની સાઇડે છે. એવા વિસ્તારમાં જળસંચય માટે કૂવા બનાવવામાં આવે, સિંચાઇ માટે કૂવા બનાવવામાં આવે તથા અંડરગ્રાઉન્ડ ટેન્ક બનાવવામાં આવે જેના કારણે ત્યાં પાણી સચવાઇ જાય અને જ્યારે પાણીની તકલીફ પડે ત્યારે દૂધાળાં પશુઓ તેમજ માનવ વસતિ માટે એ પાણીનો ઉપયોગ થાય. ઘણી વખતે ટેન્કર પણ એ ડુંગર ઉપર ચડતાં નથી ત્યારે લિફ્ટ ઇરિગેશનથી સ્પેશિયલ પાણી ચડાવવામાં આવે અને પીવાના પાણીના ઉપયોગ માટે અમારી જૂજ ડેમની માગણી છે એને આધારિત યોજના બનાવવામાં આવે. ત્યાં કેલિયા ડેમ આધારિત યોજના જૂના સમયની છે એને નવેસરથી પાઇપલાઇન બનાવીને ફરી પાછી રિવાઇઝ્ડ કરવામાં આવે અને મારી આ માગણી સ્વીકારવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી વર્ષ ૨૦૨૬ના અંદાજપત્રની રૂ. ૧૩૯૪૪ કરોડ જેટલી માતબર રકમની માગણી સાથે રાજ્યના અન્નદાતા અને પીવાના પાણીની ચિંતા કરીને આ ગૃહ સમક્ષ જ્યારે માગણીઓ લઇને આવ્યા છે ત્યારે તેને સમર્થન આપવા અને તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વેદમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે. આપઃ સ્વસ્તિ નઃ ભવન્તુ અર્થાત પાણી આપણને કલ્યાણ અને સમૃદ્ધિ આપે છે. આપણા જીવનમાં પાણીનું મહત્ત્વ ખૂબ જ છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત કે જ્યાં કાયમી ઓછો વરસાદ પડે છે તેમજ મોટી નદીઓ, બારમાસી નદીઓ કે મોટા ડેમોની અછત હોવાના કારણે પીવાના અને ખેતીના પાણીની વારંવાર તકલીફ રહે છે. આ વિસ્તારમાં પાણી સંગ્રહ એ જ એકમાત્ર ઉકેલ છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીને સમગ્ર ગુજરાતમાં પીવાના પાણી કે સિંચાઇની પરિસ્થિતિની ઊંડી સમજ હતી. એમની દૂરંદેશી નીતિઓના કારણે જ્યારે તેઓશ્રી મુખ્યમંત્રી હતા ત્યારે ડાર્કઝોન અમલમાં મૂક્યો હતો. એટલે કે જે વિસ્તારમાં ભૂગર્ભમાં જળસ્તર નીચાં ગયાં હોય એ વિસ્તારમાં વીજ કનેકશન નહીં આપવા, બોર કે કૂવા કરવાની મંજૂરી નહીં આપવાની અને એના પર પ્રતિબંધ મૂક્યો હતો ત્યારે સન્માનનીય મારા સામા પક્ષે બેઠેલા મિત્રો અને હું પણ એમાં સામેલ હતો અને અમે આંદોલનો કરતા. પણ અમે એટલું ન સમજી શક્યા કે શ્રી નરેન્દ્રભાઇનો જે નિર્ણય છે એ રાજ્યની ભાવિ પેઢી માટે અને ભૂતળનાં પાણી એકદમ નીચાં ન જતાં રહે એ અંગેનો છે. એનું પરિણામ એ આવ્યું કે, આ પ્રતિબંધના હિસાબે રાજ્યમાં જમીનમાં પાણીનાં તળ હતાં એ ખૂબ ઊંચાં આવ્યાં છે. હું વાત કરું તો શ્રી નરેન્દ્રભાઇ મોદીની દૂરંદેશી યોજના ''સૌની'' યોજના કે જે યોજના જ્યારે અહીંયા લોન્ચ કરી ત્યારે વિપક્ષના મિત્રોએ એનો ખૂબ વિરોધ કર્યો હતો અને એમ કહેતા હતા કે આ દીવાસ્વપ્ન બતાવે છે. આટલી મોટી પાઇપલાઇન શક્ય બનવાની નથી અને કદાચ બને તો એમાં પાણી નહીં પણ હવા આવશે. આવી વાતો કરી હતી અને આ યોજનાની હાંસી ઊડાવી હતી. પણ મારે આ મિત્રોને કહેવું છે કે આ સૌની યોજના મારફત સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓ કે જ્યાં ઓછો વરસાદ થાય છે. ઘણી વખત નદીમાં ઓછું પાણી આવવાના કારણે ડેમો ભરાતા નથી, ચેકડેમો અને તળાવો ખાલી રહે છે એ વખતે આ સૌની યોજનાના માધ્યમથી જે સરદાર સરોવરનું વધારાનું પાણી ઓવરફ્લો થઇને દરિયામાં જતું રહે છે એ પાણી મારફત આ પાઇપલાઇનથી નદી, તળાવો અને ચેકડેમોમાં નાખી અને ચોમાસામાં અને ઉનાળામાં પાણી ખૂટતું હોય તો સિંચાઇ માટે આ પાણી આપી ખેડૂતોને ખેતી માટે અને સિંચાઇ માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. મારે ગૌરવ સાથે

કહેવું છે કે અમારા વિસ્તારમાં આ સૌની યોજનાના પરિણામે ખેડૂતો આજે ત્રણ પાક લેતા થયા છે અને પરિણામે ખેડૂતોમાં સમૃદ્ધિ પણ આવી છે. આ સૌની યોજનાનો અને ડાર્કઝોનનો મારા મિત્રો વિરોધ કરતા હતા એમને કહેવા માગું છું કે તમે રાજ્યના હિતનું કોઈપણ કામ હોય ત્યારે પૂરો વિચાર કરીને વિરોધ કરો. શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદૃષ્ટિ હતી અને પીવાના પાણી અને સિંચાઈ માટેની જે ચિંતા હતી તે ચિંતા દૂર કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે જે જુદી જુદી યોજનાઓ મારફત પાણીનો વધુમાં વધુ સંગ્રહ થાય એના માટેની યોજનાઓ અમલમાં મૂકી. નવા ચેકડેમો, નવા તળાવો, નવા ડેમો બનાવવાની યોજનાઓ મૂકી. ચાલુ વર્ષે આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબે દરેક ધારાસભ્યને પોતાના મતવિસ્તાર દીઠ રૂપિયા ૫૦ લાખ જેટલી વધારાની ગ્રાન્ટની ફાળવણી કરી ''કેચ ધ રેઈન'' અંતર્ગત જળસંગ્રહનાં કામો કરવા માટે વિશેષ સવલત આપી છે. એના પરિણામે પ્રત્યેક ધારાસભ્યના વિસ્તારમાં ઘણા જળસંગ્રહનાં કામો થઈ શકશે. આ ''કેચ ધ રેઈન'' યોજના આપણા યશસ્વી વડાપ્રધાનશ્રીએ સમગ્ર દેશમાં અમલમાં મૂકી છે. આ કામ સમગ્ર દેશમાં ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે.

સભાપતિ શ્રી ગણપતસિંહ વસાવા અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં વધુ ચેકડેમો બને, તળાવોનાં કામો થાય, ખેતીમાં વધારે પડતા પાણીનો ઉપયોગ અટકે એ માટે 'વન ડ્રોપ મોર ક્રોપ'નું સૂત્ર આપી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૂક્ષ્મ સિંચાઈ પદ્ધત્તિ યોજના પર ભાર મૂકીને અને રાજ્યમાં એનો વ્યવસ્થિત અમલ પણ કરાવેલ છે. સાથે સાથે સરદાર સરોવર ડેમ પૂર્ણ કરાવી, એનાં કેનાલનાં કામો પૂરાં કરાવી, કેનાલો દ્વારા સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતની જમીનમાં ખેડૂતોને સિંચાઈ માટેની સુવિધા મળે એ માટે બહુ ભગીરથ કામ પણ કરાવ્યું છે. ડેમના દરવાજા મૂકાવીને ડેમનું કામ પૂરું કરાવી અને આ સરદાર સરોવર ડેમના પાણીનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ ખેડૂતો સિંચાઈ માટે કરી શકે એના માટે જે યોજનાઓ અત્યારે ચાલી રહી છે એ અભિનંદનીય છે. વધારામાં ઉત્તર ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ યોજના મારફત પણ સિંચાઈ માટેની બહુ મોટા પ્રમાણમાં કામગીરી થઈ રહી છે, એટલે રાજ્ય સરકાર આવાં કામો કરીને રાજ્યમાં કૃષિ ક્રાંતિની દિશામાં આગળ વધી રહી છે. સૌની યોજનામાં રૂ.૧૮,૮૬૩ કરોડના ખર્ચે નર્મદાના એક મિલિયન એકર ફૂટ પાણી સૌરાષ્ટ્ર માટે ફાળવવાની ઐતિહાસિક યોજના છે અને ૧,૩૭૧ કિલોમીટર પાઈપલાઈનથી ૧૧૫ જળાશયો ભરાશે, ૯૭૦થી વધુ ગામોને સિંચાઈનો લાભ મળશે. ૭૩૭ ગામો અને ૩૧ શહેરોને પીવાનું પાણી અને ૮.૨૫ લાખ એકર જમીને પિયતનો લાભ મળશે. આ સૌની યોજનાના માધ્યમથી ઉનાળામાં પણ નદીઓમાં પાણી રહેશે અને ખેડૂતો દ્વારા આ પાણીથી ચોમાસામાં પણ ખરીફ પાકો, શિયાળામાં રવિ પાક અને ઉનાળામાં ખેતી પાકો લઈને મહત્ત્વનું કામ સમગ્ર સૌરાષ્ટ્રમાં થઈ રહ્યું છે. જેનાથી ખેતી પાકોનું પૂરતું વાવેતર થાય છે અને કૃષિ ક્રાંતિ થકી ખેડૂત સમૃદ્ધ બન્યો છે. ચાલુ વર્ષે એપ્રિલના અંત સુધી સૌની યોજનાનું પાણી ચાલુ રાખવાની સરકારે જાહેરાત કરી દીધી છે એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને વિનંતી કરું છું કે આ પાણી મે મહિના સુધી ચાલુ રાખે. જેથી ખેડૂતોને આગોતરું વાવેતર કરવામાં તકલીફ ના પડે. આ યોજના માટે માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ સાહેબે પણ બજેટમાં પૂરતા પૈસા ફાળવ્યા છે એમનો પણ અભિનંદન સાથે આભાર માનું છું. સૌની યોજનાનું અમલીકરણ સંપૂર્ણ એની ક્ષમતાથી પૂર્ણ થાય એ દિશામાં સરકાર ઝડપથી કામ કરે એવી વિનંતી કરું છું.

સભાપતિશ્રી : આપની પાસે એક મિનિટનો સમય છે.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : મારાં સૂચનો બાકી છે.

સભાપતિશ્રી : એક મિનિટમાં પૂરું કરો.

શ્રી રાઘવજીભાઈ હં. પટેલ : સૌની યોજના લિંક-૧ આજી-૩થી ઉંડ સુધીથી આ લાઈનમાં ૩ કિલોમીટરની મર્યાદામાં ધ્રોલ તાલુકાનું સુધાગુના ગામ આવે છે, પરંતુ ભૌગોલિક સ્થિતિના કારણે પાણી મળી શકે એમ નથી એટલે એક ખાસ વાલ્વ મૂકી પમ્પિંગ સ્ટેશન બનાવીને આ સુધાગુના ગામ સુધી પાણી પહોંચાડવામાં આવે તો એની હેઠવાસના ૧૦ જેટલા ગામોના ખેડૂતોને સિંચાઈનો લાભ મળી શકે એમ છે અને આ ગામના તળાવો ભરાઈ શકે એમ છે. સૌની યોજનામાં જે ૩ કિલોમીટરની મર્યાદા હતી એ મર્યાદા દૂર કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ૭ કિલોમીટર સુધી પાઈપલાઈનથી બંને બાજુના ગામોના નદી-નાળાં, તળાવો ભરવાની મંજૂરી આપી છે એના માટે હું મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

સભાપતિશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમાર.

શ્રી ઈશ્વરભાઈ ર. પરમાર (બારડોલી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વર્ષ ૨૦૨૬-૨૭ ની પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક ૬૬, ૬૭ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂ. ૪,૫૯,૨૨,૦૦,૦૦૦/- અને મૂડીખર્ચ માટે રૂ.૪૬,૭૫,૨૫,૦૦,૦૦૦/-ની માગણી લઈને આવ્યા છે તેને હું સમર્થન કરીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી સરકાર અગાઉ ગુજરાતમાં પીવાના પાણીની સ્થિતિ ખૂબજ ખરાબ હતી. ટેન્કર રાજ, બેડા યુદ્ધ, દુષ્કાળ, લોકોનું સ્થળાંતર વગેરે જેવી પીડાથી રાજ્યની જનતા ત્રાહિમામ હતી. આવા કપરા સમયમાં ગુજરાતના તે વખતના મુખ્યમંત્રીશ્રી અને હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની દીર્ઘદૃષ્ટિથી ત્રણ આયામી વ્યવસ્થા દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે એક અભૂતપૂર્વ કામ કરેલ છે તેની સરાહના શબ્દાંકિત થઈ શકે તેમ નથી. માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્ત્વમાં પીવાના પાણીની યોજનાઓના અમલીકરણની ઝડપભેર વૃદ્ધિના કારણે ગુજરાતની જનતાને

પૂરતા પ્રમાણમાં પાણીની ઉપલબ્ધતા થઇ છે.ગુજરાત સરકારે પીવાના પાણીની મર્યાદિત ઉપલબ્ધતાની સમસ્યાને દૂર કરવા માટે અથાગ પ્રયાસો કર્યા છે. ગુજરાત જળ સુરક્ષા અને જળ સંસાધનોના કાર્યક્ષમ સંચાલન તરફની પહેલમાં દેશમાં અગ્રેસર રહ્યું છે. રાજયમાં દુષ્કાળની પરિસ્થિતિમાંથી છૂટકારો મેળવવા માટે પાણીના માળખામાં રોકાણ અને લાંબાગાળાની પાણીની નીતિના અમલીકરણ તથા સ્થાનિક માળખાકીય સુવિધાઓ અને પાણી પુરવઠા સેવાઓના સંચાલનમાં ગ્રામીણ સમુદાયોની ભાગીદારીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક સમયે ગુજરાતને પાણીની અછતવાળા વિસ્તાર તરીકે ઓળખવામાં આવતું હતું. સરકારના ઉત્તમ જળ વ્યવસ્થાપનથી આજે ગુજરાત પાણીદાર રાજય બન્યું છે. વર્ષ ૨૦૨૫-૨૬માં ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં નાના અને મોટા મળી કુલ-૨૦૨ ચેકડેમોનાં કામ પૂર્ણ થયાં છે. ઉપરાંત ૧૮૬ નાના અને ૨૦૪ મોટા ચેકડેમોનાં કામો પ્રગતિમાં છે. જે પૂર્ણ થતાં ૭૮૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં રાજયમાં કુલ ૧ લાખ ૮૭ હજાર ૭૯૧ ચેકડેમો થકી અંદાજે ૪.૬૧ લાખ હેકટરથી વધુ વિસ્તારમાં સીધો અથવા આડકતરો સિંચાઇનો લાભ પ્રાપ્ત થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૫ વર્ષથી પીવાના પાણીના ક્ષેત્રમાં ખૂબ કામ થયેલ છે. રાજયમાં પાણી પુરવઠા ક્ષેત્રમાં ૨૦ હજાર કરોડ છે. વધુ રકમના ખર્ચે રાજયવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ થયેલ છે. જે થકી ૩૨૯૦ કિલોમીટર બલ્ક પાઇપલાઇનનું નિર્માણ થયેલ છે. આ પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજયના ૧૫ હજાર ૮૦૦ ગામો તેમજ ૨૫૧ શહેરો નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોતથી જોડાયેલા છે. છેલ્લાં ૨૫ વર્ષમાં પાણી પુરવઠા ગ્રીડના નિર્માણની સાથોસાથ તબક્કાવાર ગુજરાતના તમામ ગ્રામ્ય વિસ્તારમાં નવીન તેમજ સુધારણા જૂથ યોજનાઓનાં કામો કરવામાં આવેલ છે. અમારી સરકાર ગુણવત્તાવાળું પાણી મળે તેના માટે ખૂબ જ કાળજી લે છે. મને જણાવતાં આનંદ થાય છે કે, રાજયમાં પાણી ગુણવત્તાની ચકાસણી માટે સ્ટેટ લેબોરેટરી, જિલ્લા કક્ષાની લેબોરેટરી અને તાલુકા કક્ષાની લેબોરેટરી એમ કુલ-૮૩ જેટલી લેબોરેટરી કાર્યાન્વિત છે. ચાલુ વર્ષે કુલ ૫ લાખ પાણીના નમૂનાની ચકાસણી પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ગુજરાત-૨૦૪૭નાં ભાગરૂપે હવે પછી તાલુકા કક્ષાની ૪૦ જેટલી નવી લેબોરેટરી સ્થાપિત કરવાનું આયોજન છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા ડિપોઝિટ વર્ક તરીકે શહેરી વિસ્તારની ભૂગર્ભ ગટર યોજનાઓનું અમલીકરણ કરવામાં આવેલ છે, જે અંતર્ગત શહેરી વિસ્તારનાં ભૂગર્ભ ગટર યોજનાનાં તેમજ એસ.ટી.પી.નાં કામો પણ પ્રગતિમાં છે. વિકસિત ગુજરાત-૨૦૪૭ માટે અન્ય યોજનાઓની વાત કરું તો, જલ જીવન મિશન, ગ્રામ્ય પાણી પુરવઠા, નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા આ રીતે અનેક યોજનાઓ પણ અમલમાં મૂકી છે. હું મારા જિલ્લાની અને મારા વિસ્તારની વાત કરું તો સુરત જિલ્લામાં કુલ-૧૧ તાલુકાનાં ૨૩ શહેરોમાં કુલ ૮૫ લાખ માણસોની વસતી છે. સુરત જિલ્લાના ૬૯૪ ગામ પૈકી ૪૭૪ ગામના તમામ ગામોને તાપી આધારિત ૧૦ જૂથ યોજના હેઠળ જોડવામાં આવેલ છે અને આ રીતે પાણીની ખૂબ જ સારી સુવિધાઓ હાલ સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલ છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી માનસિંહ કો. ચૌહાણ (બાલાસીનોર) : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જળસંપત્તિ જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જળસંપત્તિ એક મહત્ત્વનો વિષય છે કારણ કે હું ખેડૂતનો દીકરો છું અને મેં અનુભવ્યું છે કે જળ શું છે? જળ એ જીવન છે. ઘણી વખત પહેલાં દુષ્કાળ પડતા. વર્ષ ૧૯૭૫, ૧૯૮૫-૧૯૯૦ સુધી અનાવૃષ્ટિ અને દુષ્કાળ પણ આ ગુજરાતની અંદર પડતો હતો, ત્યારે એવા વખતે પાક બળી જતો હતો, સૂકાઇ જતો હતો. આપણા દેશના વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ એ વખતે ગુજરાતના મુખ્યમંત્રી હતા અને તે વખતે તેમણે ગુજરાતની અંદર નર્મદા યોજના શરૂ કરી અને આજે નર્મદા યોજના છેક સૌરાષ્ટ્રના અને કચ્છના છેવાડાના ગામો સુધી પહોંચી અને એના પાણીનો લાભ બધા ખેડૂતોને મળી રહ્યો છે. પીવાના પાણી માટે અને સિંચાઇના પાણીનો લાભ આ યોજનાથી મળ્યો છે. એ જ રીતે સુજલામ્ સુફલામ્ યોજના જે કડાણાથી લુણાવાડા, બાલાસિનોર થઇને સીધી મહેસાણાથી છેક કચ્છના છેવાડાના ગામો સુધી જાય છે. આપણે જોઇએ તો એના જળ છેક સુધી પહોંચે છે અને એ રીતે સુજલામ્ સુફલામ્ યોજના ખરેખર ખૂબ આશીર્વાદરૂપ છે. એનાથી પહેલા એક જ કિલોમીટર સુધી આજુબાજુના ગામોને પાણી આપતા હતા, આજે ત્રણ કિલોમીટર સુધી તળાવો ભરવામાં આવે છે અને એથી વિશેષ આપણા મુખ્યમંત્રીશ્રીએ તળાવો ભરવા માટે પણ એ કિલોમીટરની મર્યાદામાં વધારો કર્યો છે. સુજલામ્ સુફલામ્ યોજના સ્પ્રેડિંગ કેનાલ છે અને એના લીધે ઘણા ચેકડેમો તળાવો ભરવામાં આવે છે અને આજુબાજુના જે કોતરો હોય, વેરાઓ હોય એ પણ ભરવામાં આવે છે. આજે એટલા માટે આ સરકારનો આભાર માનવા માટે ઊભો થયો છું કારણ કે મારો વિસ્તાર ખેડા છે એમાં બાલાસિનોર તાલુકાના કપડવંજના કેટલાક ગામો અને કઠલાલના ગામોમાં પીવાના પાણી માટે ખૂબ જ મુશ્કેલી રહેતી હતી. એ વખતે આપણા તત્કાલિન જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઇ હતા અને એમણે તે વખતે રૂ. ૬૯૦ કરોડની યોજના ૧૩૪ તળાવો ભરવા માટે મંજૂર કરી આજે તે યોજનાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે અને મહીસાગરના ટોડિયા ખાતે ૧૨૦ કરોડના ખર્ચે ઊંચકીને એ પાણી લેવામાં આવે છે. આપણા મુખ્યમંત્રીશ્રીઓએ રૈયોલી (ડાયનોસોર પાર્ક) છે ત્યાં પાણી માટે મોટો સમ્પ બનાવડાવ્યો છે. કપડવંજ, કઠલાલ અને ઠાસરાના ચાર ગામો એ રીતે બાલાસિનોરને પાણી આપવાનું કામ થઇ રહ્યું છે. બાકી રહેતો મારો વિરપુર તાલુકો એમાં થોડા બાયડના ગામો અને થોડા

લુણાવાડાના ગામો એમ કરીને લગભગ વિરપુરના ૫૫ તળાવો મંજૂર કર્યા છે આ સરકારે, માનનીય મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલ સાહેબ અને નાણામંત્રીશ્રીએ ૩.૫૦૨ કરોડ મંજૂર કર્યા છે. અમારા સામાવાળા સભ્યો જે કહેતા કે પાણી લાવો,પાણી લાવો, મારા મનમાં પણ એ વાત અધૂરી રહેતી હતી પણ આજે બાલાસિનોર, કાપડવંજ, કઠલાલ અને બાયડ તાલુકાના જે તળાવો છે એ ભરવાના છે અને ૩. ૫૦૨ કરોડ મંજૂર કરવાના છે. કેટલોક ભાગ જે અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈન જે મેશ્વો, માઝુમ અને વાત્રકમાં ઠાસરા પાસેના શંકરપુરી ગામ પાસેથી જાય છે. સાબરકાંઠાના અને અરવલ્લીના પાસેના શામળાજી, મેશ્વો, માઝુમ જેવા ડેમો છે ત્યાં જાય છે. એટલે આ રીતે મારા વિસ્તારમાં પીવાના પાણી માટે, સિંચાઈ માટે જે તકલીફ હતી, આજે ખેડૂતોને હાશ છે કારણ કે ૩.૫૦૨ કરોડ આપણા મંત્રીશ્રી, નાણામંત્રીશ્રી અને આપણા મુખ્યમંત્રીશ્રીએ મંજૂર કર્યા છે ત્યારે એમનો ખૂબ ખૂબ આભાર માનવા માટે ઊભો થયો છું કારણ કે ત્યાં બીજું કંઈ હતું નહીં. મેં મારા વિસ્તારનો સૂકાતો પાક જોયો છે અને મોં માંથી કોળિયો છટકી જતો હતો. અત્યારે હવે આ તળાવો ભરવાના એટલે પાણી પરકોલેટ થવાનું એટલે બધે તળાવો ભરાશે અને લોકોને પાણી મળવાનું છે અને એટલા માટે કીધું છે કે 'જળ એ જીવન છે' અને એટલે કહ્યું છે કે અમારા ખેડૂતોને સંતોષ થયો છે અને એટલે સંતોષ એ સાચું સુખ છે એટલે ખેડૂતોને સંતોષ થયો છે, એમને જે જોઈતું હતું એ મળ્યું છે. અમારા વિસ્તારના લોકો સુખી થયા છે. અમારા વિસ્તારમાં શ્વેતક્રાંતિ થઈ છે. અમૂલ અને અમૂલ જેવા બીજા ૨૨ જેટલા દૂધ સંઘો બન્યા છે અને એમની સાથે ખેડૂતોનો પૂરક ધંધો છે એટલા માટે ખેડૂતો પણ આ તળાવો ભરાવાથી આર્થિક મજબૂત બનશે.

શ્રી હેમંતભાઈ હ. આહિર (જામજોધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જમીન માપણીની શરુઆત જામનગર અને દેવભૂમી દ્વારકા જિલ્લામાં પાયલોટ પ્રોજેકટ અંતર્ગત કરવામાં આવી એટલે તમામ પ્રકારના અખતરાઓ આ જિલ્લાઓમાં જમીન માપણી સંદર્ભે થયા. પાછલાં ૧૦ વર્ષથી જયારથી અમારા ધ્યાનમાં મુદ્દો આવ્યો, એ મુદ્દે ખેડૂતોને જાગૃત કરવા માટે અમે ગામડે ગામડે પ્રોજેકટર લઈને ગયા, ખેડૂતોને આ અંગે માહિતી આપી ત્યાર બાદ અરજીઓ કરાવી. અને જમીન માપણી રદ કરવા માટે અનેક આંદોલનો કર્યા, અનેક રેલીઓ યોજી, અનેક રસ્તા રોકો આંદોલન કર્યા અને પાછલાં ૧૦ વર્ષથી અમે આ અંગે લડાઈ કરીએ છીએ. છેલ્લાં ત્રણ વર્ષથી આ વિધાનસભાગૃહમાં આવીને મારી સતત મારી એક માગણી રહી છે કે વહેલામાં વહેલી તકે જે જિલ્લાઓમાં અખતરા કરવામાં આવ્યા હતા અને જ્યાં ખૂબ મોટા પ્રમાણમાં ભૂલો રહી ગઈ છે એવા જામનગર અને દેવભૂમિ દ્વારકામાં જમીન માપણી વહેલામાં વહેલી તકે રદ થવી જોઈએ અને ત્યાં કોઈ પણ અરજી કર્યા વગર ખેડૂતોની તમામ જમીનની માપણી ફરીથી કરી દેવામાં આવે એ અંગે અમને એક આશા હતી. પરંતુ ઘણા લાંબા સમયની લડત બાદ પણ હજી સુધી સરકારે આ અંગે કોઈ ગંભીર પગલાં લીધાં નથી. હમણાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી કે તાલુકે તાલુકે કચેરી ખોલવામાં આવશે પરંતુ તાલુકે તાલુકે કચેરી ખોલવાથી ખેડૂતોને સમસ્યાઓમાંથી મુક્તિ નહિ મળે. એમનો જમીન માપણીનો પ્રશ્ન વહેલામાં વહેલી તકે રદ કરવામાં આવે એવી હું આ ગૃહ સમક્ષ માગણી કરું છું.

એવી જ રીતે સૌરાષ્ટ્ર ખૂબ છેવાડાનો વિસ્તાર કહેવાય. ત્યાં પાણીના તળ પણ ખૂબ ઊંડા હતા. આજથી ૧૩ વર્ષ પહેલાં ત્યાં સૌની યોજનાની જાહેરાત થઈ અને ખેડૂતોમાં એક આશા બંધાઈ અને ખેડૂતોને એવું લાગ્યું કે ટૂંક સમયમાં આપણો સિંચાઈનો પ્રશ્ન હલ થઈ જશે. આજથી ૧૩ વર્ષ પહેલાં ૧૧૫ ડેમ ભરવાની જાહેરાત થઈ પરંતુ એ પૈકીના અમુક ડેમો હજી સુધી પાણી વિનાના બાકી છે. ખેડૂતોને ખૂબ આશા હતી કે આજુબાજુમાં પાંચ-સાત કિલોમીટરમાં બીજાં તળાવો છે એ તળાવો ભરવામાં આવશે પરંતુ મારે બહુ દુ:ખ સાથે કહેવું પડે કે હજી સુધી અમારા વિસ્તારમાં આ અંગે કોઈ સરવે કરવામાં પણ નથી આવ્યો. લિંક-૩ એટલે મારો જામજોધપુર મતવિસ્તાર છે. એમાં ઘણી જગ્યાએ એવી રીતે વાલ્વ મૂકવામાં આવ્યા કે ત્યાંથી કોઈ પણ ખેડૂતને ફાયદો ના થાય અને સીધું ડેમમાં પાણી વહાવી દે. આ વિભાગો પાસે મેં અનેક વખત રજૂઆત કરી. મારા વિસ્તારનું વનાણા, નંદાણા, ભૂપત આંબરડી ગામમાં જો વાલ્વની જગ્યા ફેરવીને આગળ મૂક્યો હોય તો અનેક ખેડૂતોને ફાયદો થઈ શકે. પરંતુ હજી સુધી આ અંગે સરકાર દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યાં નથી.

એવી જ રીતે હું છેલ્લાં ત્રણ વર્ષથી આ વિધાનસભાગૃહમાં મારા વિસ્તારના ઝીણાવારી ડેમ અંગે સતત રજૂઆતો કરું છું. એક ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે. હું વિસાવદર ચૂંટણીમાં ગયો હતો ત્યારે વિસાવદર વિસ્તારના કાનાવડલા ડેમની ૨૦ વર્ષથી બજેટમાં જોગવાઈ થઈ છે. એ પણ નથી બન્યો. એવી રીતે અનેક નાના-નાના ચેકડેમો માટે વિભાગ પાસે દરખાસ્ત મોકલતા, સૌરાષ્ટ્રમાં ખૂબ પ્રમાણમાં ચેકડેમોની જરૂરિયાત છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે જે ચેકડેમો તૂટેલા છે એ વહેલામાં વહેલી તકે રિપેર કરવામાં આવે અને નવા ચેકડેમો માટે જે ગાઈડલાઈન બનાવવામાં આવી છે કે 'જયાં નદીની ૧૦૦ મીટર ગોળાઈમાં ના હોય ત્યાં નવા ચેકડેમ બની શકે.' આ અંગે પણ યોગ્ય નિરાકરણ કરી જ્યાં નદી ઉપર ચેકડેમ બની શકે તેમ હોય ત્યાં વહેલામાં વહેલી તકે ચેકડેમ બનાવવામાં આવે.

શ્રી અભેસિંહ મો. તડવી **(**સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક- ૬૫ અને ૬૬ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમારો છોટાઉદેપુર જિલ્લો સિંચાઈથી ખૂબ વંચિત હતો. અમારા જિલ્લાની ભૌગોલિક સ્થિતિ પણ ડુંગરાળ છે તેથી ત્યાં પાણી પહોચતું નથી અને આ વખતે અમારા માનનીય મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને સિંચાઈ

મંત્રીશ્રીએ છોટાઉદેપુર જિલ્લાની જમણા કાંઠાની નર્મદાની નહેર છે ત્યાં પંચમહાલ જિલ્લો, દાહોદ જિલ્લો અને છોટાઉદેપુર જિલ્લામાં ઉદવહન યોજના મારફતે સિંચાઇ આપવાનું કામ બજેટમાં મંજૂર કર્યું છે ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને અમારા ભામાશાનો આભાર માનું છું. અમે ઘણા સમયથી રજૂઆત કરતાં હતાં ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમારી વાત સ્વીકારી લીધી. અમારા છોટા ઉદેપુર જિલ્લાના આદિવાસી વિસ્તારના ૬ તાલુકાને પાણી મળતું નથી એને પાણી મળશે એના માટે અમે ભા.જ.પ.ની સરકારનો આભાર માનીએ છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીને અમે વંદન અને નમન કરીએ છીએ. જ્યારે જાહેરાત થઇ ત્યારે અમારા આખા વિસ્તારના લોકોએ ''અમારે મુખ્યમંત્રીશ્રીને મળીને અભિનંદન આપવા છે.'' તેવી વાત કરી હતી. ન ભૂતો ન ભવિષ્યતિ આવી વાત આ વિસ્તારમાં થઇ છે. પહેલાં સાહેબ કશું ન હતું અને આ કામ કર્યું છે ત્યારે હું તેમનો ફરીથી આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં હેરણ કેનાલ માટે રૂ. ૨૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. પાકી કેનાલમાં પંચર પાડીને અમને આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ પાણી આપ્યું હતું. આજે મારા સંખેડા વિસ્તારના ૪૦ ગામોને પાણી મળે છે. આજે ૪૦ ગામોના લોકો ખુશખુશહાલ છે. નર્મદા વિસ્તારમાં સંખેડા-નસવાડીના ડાબા કાંઠામાં નર્મદાનું પાણી આપ્યું છે. અમારા વિસ્તારમાં વર્ષ ૧૯૯૮થી ઘણી કેનાલ ચાલુ થઇ છે. શ્રી કાન્તીલાલ તમે આવ્યા હતા એટલે તમને ખબર છે. તમે વચ્ચે ડિસ્ટર્બ ન કરો. પહેલાં પાણી ન હતું ત્યાં અત્યારે પાણી વહે છે. આદિવાસી વિસ્તારમાં ખૂબ સારું કામ થયું છે. મારા વિસ્તારમાં લોકોને પેટનો ખાડો પૂરવાની સમસ્યા હતી પણ આજે પાણી આવવાથી ખેડૂત બમણો પાક લે છે. પહેલાં કાચાં મકાનો હતાં તે વિસ્તારમાં આજે ડબલ માળનાં મકાનો છે. મોટરસાઇકલ અને ગાડીઓ અમારા વિસ્તારમાં આવી છે. પશુપાલન પણ સારા પ્રમાણમાં થાય છે. જે તે સમયે સુખી યોજના માટે રૂ.૨૨૫ કરોડની વહીવટી મંજૂરી તત્કાલીન મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયાએ આપી હતી. તે કામ હાલ પૂરજોશમાં ચાલુ છે. કોંગ્રેસના સમયમાં કોઇ ઠેકાણા ન હતા. મારા વિસ્તારમાં રામી અને લીલા જેવા ડેમનું કામ ચાલુ કરાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનામાં જે લોકોએ જમીન આપી હતી તે ૫૬ વસાહતો મારા વિસ્તારમાં વસે છે. તેના થકી રસ્તા બનાવવાનું કામ તે વખતે થયું હતું અને હાલ સરવેનું કામ ચાલે છે. આ ૫૬ ગામોના વસાહતીઓ પણ એવું કહે છે કે, મોટા મોટા રસ્તાઓ બનાવવા માટે અમે પણ જમીન આપી છે. મેં નર્મદા નિગમમાં મારી લાગણી અને માગણીની રજૂઆત કરેલી છે. નર્મદા નહેરના માળખામાંથી બાકી રહેલ કડીલા માઇનોરમાં૧૩૦૦ હેક્ટર જમીન આવે છે તેને રીપેર કરવામાં આવે તો પાણી મળે. સુખી ડેમ હોય કે રામી ડેમ હોય તેમાં પણ સારું કામ થયું છે. મારા વિસ્તારમાં હેરણ ડેમ આવ્યો છે. રબર ડેમ શું એ અમે જાણતા પણ ન હતા. તે રબર ડેમ દક્ષિણ ગુજરાતમાં રૂ.૧૦૦ કરોડના ખર્ચે રાજવાસણા ખાતે બની રહ્યો છે. કોંગ્રેસના સમયમાં આ બધા ડેમ પૂરાઇ ગયા અને તેની કોઇએ કાળજી લીધી ન હતી. મારે આ સિંચાઇ વિભાગના અધિકારીઓને પણ અભિનંદન આપવા છે કારણ કે તેમણે બધા ધારાસભ્યોને સમજાવ્યા હતા.

સભાપતિશ્રી : માનનીય અભેસિંહભાઇ આજે એટલા માટે રાજી થઇને સરકારને અભિનંદન આપી રહ્યા છે કે, નર્મદા કેનાલનું પાણી ઇતિહાસમાં પહેલીવાર સાડા પાંચ હજાર કરોડ રૂપિયાના ખર્ચે છોટાઉદેપુરમાં જવાનું છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપ, શ્રી નરેશભાઇ પટેલ અને પ્રમુખશ્રીએ જે વિષય રજૂ કરીને આ કામ કર્યું છે તે અભિનંદનને પાત્ર છે. મારા વિસ્તારમાં બીજી ઘણી કેનાલો છે. કોંગ્રેસના વખતમાં ઘનિયા ઉમરવાળ તળાવ બનેલું. તે તળાવની કોઇ ખબર લેતું ન હતું. મેં અમારા જિલ્લા પંચાયતમાં રજૂઆત કરી. રૂ.૬ કરોડના ખર્ચે તળાવ ભરવા કેનાલનું કામ મંજૂર કર્યું છે તે બદલ હું સરકારને અભિનંદન આપું છું. હાલ સિંચાઇનું કામ ખૂબ સારી રીતે ચાલે છે. હું માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

(વિરામ ૧૨.૦૦ થી ૧૨.૩૦)

માનનીય સભાપતિશ્રી પંકજ વિ. દેસાઇ અધ્યક્ષસ્થાને

શ્રી મહેશભાઇ સો. ભુરિયા (ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગની માગણી નં.૬૬ અને ૬૭ લઇને આવ્યા છે. એમાં હું મારો સૂર પુરાવું છું.

આકાશ, વાયુ, અગ્નિ, જળ અને ભૂમિથી આપણી પૃથ્વીનું નિર્માણ થયેલ છે. આ જ પંચતત્ત્વોથી આપણું શરીર પણ બનેલું છે. પૃથ્વીનો લગભગ ૩/૭ ભાગ પાણી છે. જે મહાસાગરો, નદીઓ, તળાવો, ઝરણાંઓ અને હિમાલય જેવા પર્વતો/પહાડોના રૂપમાં છે. આ પાણીનો માત્ર એક ટકા ભાગ જ પીવા માટે યોગ્ય છે. આવા સંજોગોમાં દરેક દેશ જળ બચાવો અભિયાન ચલાવે છે. જેમાં આપણે ભારતીયો પણ ઊણાં ઊતર્યા છીએ. જળ એટલે પાણીના દેવતા, વરૂણ દેવ એટલે સમુદ્ર, વર્ષા ને પાણીના દેવતા, પશ્ચિમ દિશાના અધિપતિ પણ કહેવાય છે. આગામી ૨૨મી માર્ચે આપણે સૌ વિશ્વજળ દિવસ ઊજવવાના છીએ. વર્ષ ૧૯૯૩માં પ્રથમ વખત વિશ્વજળ દિવસ ઊજવવાની શરૂઆત થઇ હતી. આપણો દેશ અને રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિ પીવાના અને સિંચાઇના પાણી માટે ખૂબ જ સાનુકૂળ અને યોગ્ય છે. મારા દાહોદ જિલ્લાની વાત કરું તો, અમારા જિલ્લાના નવ તાલુકાઓ અને ત્રણ શહેરોનો સમાવેશ થાય છે. જેની અંદાજિત કુલ વસ્તી ૧૯ લાખ ૩૬ હજાર થાય છે તેમજ જિલ્લાના ૬૪૧ ગામો પૈકી ૪૭૧ ગામોને કડાણા ડેમ તથા અન્ય સરફેસ સ્ત્રોત આધારિત ૧૨ જૂથ યોજનાઓ હેઠળ જોડવામાં આવેલ છે. જ્યારે અન્ય ગામો હાલ સ્વતંત્ર સ્ત્રોત આધારિત પાણી પુરવઠા યોજનાઓમાંથી પાણી મેળવે છે. મારી

વિધાનસભા ઝાલોદ મતવિસ્તારની વાત કરું તો, ઝાલોદ તાલુકાના ૪૦ ગામોનો સમાવેશ કરતી ઝાલોદ જૂથ પાણી પુરવઠા યોજનાના અંદાજિત રૂ.૪૮.૭૦ કરોડના કામો હાલ પ્રગતિ હેઠળ છે. ઝાલોદ તાલુકાના ૪૪ કામોનો સમાવેશ કરતી દક્ષિણ જૂથ પાણી પુરવઠા યોજનાના અંદાજિત રૂ.૯૪.૫૫ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. ઝાલોદ અને ફતેપુરા તાલુકાના ૨૨ ગામોનો સમાવેશ કરતી ગરાડુ જૂથ પાણી પુરવઠા યોજનાના અંદાજે રૂ.૬૧ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. ઝાલોદ અને દાહોદ તાલુકાના ૩૭ ગામોનો સમાવેશ કરતી પાટાડુંગરી જળાશય પાણી પુરવઠા યોજના અંદાજિત રૂ.૧૨૪ કરોડનાં કામો હાલ પ્રગતિ હેઠળ છે. ઝાલોદ તાલુકામાં પીવાના પાણી માટે અંદાજિત રૂ.૧૫૦ કરોડનો ખર્ચ થવા જઇ રહ્યો છે. રાજ્ય સરકારની ઉપલબ્ધિ અને વિકાસની પરંપરાના કારણે પ્રજા ખોબલે ને ખોબલે મત આપીને છેલ્લાં ૨૩ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ચૂંટીને લાવે છે. પાણી પુરવઠા વિભાગ પાણીની સુદ્દઢ વ્યવસ્થાઓ ઊભી કરવા માટે સતત કાર્ય કરી રહ્યું છે. રાજ્યના ગામો જ નહીં છેવાડાના ફળીયા સુધી પીવાના પાણીની સુવિધા બાકી ન રહે તે માટે મક્કમ નિર્ધાર સાથે કામગીરી કરી રહ્યો છે. જેના માટે અમે ગર્વ અનુભવીએ છીએ. દેશના પનોતા પુત્ર અને વૈશ્વિક લોકપ્રિય નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના મુખ્યમંત્રી અને વડાપ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન ગુજરાત રાજ્ય પીવાના શુદ્ધ પાણી અને સિંચાઇ થકી ખેત ઉત્પાદન કરવામાં અગ્રિમતાના શિખરે પહોંચ્યુ છે. સુચારું શાસન થકી દેશ અને રાજ્યની વિકાસની કેડીઓ કંડારી છે. આ ઉપલબ્ધિઓ દેશના વિકાસમાં અને માનવ કલ્યાણના ઇતિહાસમાં હંમેશા સર્વોપરી રહી છે. રાજ્યના તમામ ગામો, શહેરોને ઘરઆંગણે નિયમિત શુદ્ધ અને પૂરતા પ્રમાણમાં નિયત ગુણવત્તાવાળું પેયજળ સુનિશ્ચિત કરવા માટે પાણી પુરવઠા વિભાગ કટિબદ્ધ છે. જે ખૂબ જ સરાહનીય બાબત છે. રાજ્યના વિકાસ, ઉપલબ્ધિઓ ઉચ્ચ અને મહત્ત્વના ગણવામાં આવે છે. અંબાજીથી ઉમરગામના આદિજાતિ પટ્ટાના ૧૪ જિલ્લાઓમાં વસતા આદિવાસીઓની આ સરકારે ખરેખર ચિંતા કરી છે અને ડુંગરાળ, છૂટાછવાયા અને અંતરિયાળ વિસ્તારો કે જ્યાં પીવાનું પાણી ઉપલબ્ધ નથી તેવા વિસ્તારોમાં અત્યાર સુધીમાં ૧૭૭૮૯ મીની પાઇપલાઇન યોજનાઓ બનાવવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા (અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે આપણા મુખ્યમંત્રી શ્રી મોદી સાહેબ હતા અને વડાપ્રધાન થયા ત્યારે નર્મદાના ગેટ ઊંચા કરાયા એના કારણે અમે કચ્છના લોકો વિચારી ના શકીએ કે અમારા સુધી પાણી પહોંચશે પણ આપણી સરકાર તથા ઓફિસરોની ડિઝાઇન તેમજ લેવલના કારણે નેવાના પાણી મોભે ચડાવ્યા છે અને અમારા કચ્છ સુધી પાણી પહોંચાડેલ છે એના માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. અમારો વિસ્તાર પાકિસ્તાન બોર્ડર ઉપર આવેલો છે. મારો અબડાસા વિસ્તાર છેવાડાનો વિસ્તાર છે. મારા વિસ્તારમાં નર્મદાનું પાણી ખેડૂતો સુધી પહોંચાડવા માટે લાઇનોનું કામ ખૂબ ઝડપથી ચાલુ છે. હું માનનીય મંત્રીશ્રી અને તંત્રને કહું છું કે આ કામ ચોમાસા પહેલાં પૂર્ણ થઇ જાય તો ચોમાસાનું પાણી એનામાં ના જાય અને એ કામ અટકે નહીં એના માટે મારી થોડી ભલામણ છે. બીજું મારું ખાસ સૂચન છે કે, લાઇનોનું જે કામ ચાલુ છે ત્યાં રોડ આવે એ રોડનું કામ પણ પાછળ પૂરું કરતા જાય. અત્યારે તંત્ર દ્વારા કેનાલોનું જે કામ થાય છે એના માટે રોલરથી રોલિંગ કરી એની પ્લીન્થ મજબૂત કરવામાં આવે છે જેનાથી કેનાલો તૂટી ના શકે એ કામ સારું કરવામાં આવે છે. મારા વિસ્તારમાં મોટી મોટી ખાણો છે. અમારા વિસ્તારમાં જી.એમ.ડી.સી., અલ્ટ્રાટેક, સાંઘી અને અદાણી જેવી કંપનીઓ છે, જેનાથી મોટું ખોદકામ થયેલું છે. આજે રૂપિયા હજાર-હજાર કરોડમાં એટલું મોટું ખોદકામ ના થાય. એને ફરીથી દાટવામાં આવે છે, એ દાટવામાં ના આવે અને ડેમ માટે એ જગ્યાને વપરાશમાં લઇ લે તો રૂપિયા સો-સો હજાર-હજાર કરોડનો એક મોટો ડેમ તૈયાર થઇ જાય. આ મારું એક સૂચન છે. અમારા કચ્છમાં જમીનનું લેવલ નથી. કાઠિયાવાડમાં એક જગ્યાએ સિમેન્ટનો ડેમ બને તો ૧૦ કિ.મી. પાણી પડ્યું હોય. અમારા ત્યાં લેવલ નથી એટલે સિમેન્ટના ડેમ ના બનાવે પણ માટીના જ ડેમ બનાવા જોઇએ જેનાથી મોટા ક્ષેત્રફળમાં ખૂબ પાણી ભરાઇ રહે અને એનાથી રીચાર્જિંગ થાય તથા ખેડૂતો, પશુઓ તથા પીવા માટે પાણી કામ આવે. આ મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બોર રીચાર્જિંગનું સરકાર અને સંસ્થાઓનું ખૂબ કામ ચાલુ છે. મારી વિનંતી છે કે જે જૂના કૂવા છે, સરકારી છે, ખેડૂતના છે એને પહેલાં એમને એમ ઉતારવામાં આવે અને કૂવામાં પાણી ઉતારી પછી ઉપરથી છત ભરી દે તો આપણને તૈયાર બોર મળી જાય અને જ્યાં ખેડૂતની ખેતી ચાલુ છે ત્યાં જ કામ થઇ જાય. મારી આ માટે ભલામણ છે. આપણે સમજી શકીએ છીએ કે, આપણે ન્હાવા જઇએ અને ડોલો ભરીએ તો પાંચ ડોલ પાણી જોઇએ અને કૂવારાથી ન્હાઇએ તો આપણે અડધી ડોલ પાણીમાં ન્હાઇ લઇએ. ડ્રીપથી ખેતી કરવામાં આવે તો ખૂબ કરકસર થઇ શકે તેમ છે. પાણીની કરકસર કરવાની જરૂર છે. અત્યારે માનનીય નાણામંત્રીશ્રીએ નર્મદા માટે અને પીવાના પાણી માટે ખૂબ જ ફંડ ફાળવ્યું છે. આના માટે આપણે પણ થોડું ધ્યાન રાખી સરકારને પૂરો સહયોગ આપીએ તો આપણા વિસ્તારનાં કામ સારી રીતે થાય. એના માટે આપણે પણ જવાબદાર છીએ. જ્યાં કાંઠા નથી. જ્યાં બે બાજુ ડુંગર નથી ત્યાં ઇઝરાયેલી પદ્ધતિથી અંદર ખાઇ કરી, ચેનલ કરી, પ્લાસ્ટિક પાથરી, અંદર ડેન્ટોલેટ માટી નાખીએ તો દરિયામાં જે પાણી જતું રહે છે એ ના જાય, ઉનાળામાં ખારું પાણી થઇ જાય છે એ ના થાય, રોકાઇ જાય તેમજ પીવામાં તથા બોર અને ખેડૂત માટે કામમાં આવે. મારું આ એક સજેશન છે. જે તે વખતે કંઇ ન હતું ત્યારે તળાવ કરતા, તળાવમાં પાણી ખૂટી જાય એટલે વિચારીએ કે શું કરવું? ત્યારે વડીલો હાથેથી ખોદતા, ૧૦ ફૂટમાં

પાણી નીકળતું. તેના પછી કૂવા કર્યા એટલે કૂવામાં પાણી હોય. તળાવ સૂકાઇ જાય ત્યારે એના ભેજનું પાણી આવે એ પીતા. એના પછી ડંકી આવી. એના પછી બળદથી કોસથી પાણી કાઢતા. એના પછી મશીન આવ્યા. એના પછી મોનોબ્લોક આવી. પછી સબમર્શિબલ આવી. આપણે હજાર ફૂટમાંથી પાણી કાઢી લીધા. કોઇ દિવસ પાણી જમા ના કર્યું, નહીંતર આજે આપણે રણમાં મીઠું લેવા ના જવું પડતું અને આપણી વાડીમાં મીઠું નીકળત. દેશના વડાપ્રધાનશ્રીએ વિચાર કર્યો કે હવે શું થશે? તો એના માટે આઠ કલાક લાઇટની સુવિધા કરી. ત્યાં સોલાર મૂકે તો જંગલમાં પણ પશુ પાણી પી શકે અને ખેડૂત લાઇટ ના આવી હોય તો પણ પિયત કરી શકે. આપણે માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતની સરકારને અભિનંદન આપીએ એટલા ઓછા છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર (કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ૬૫, ૬૬ અને ૬૭ નંબરની માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં મારી માગણીઓ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારના ઓગડ અને કાંકરેજ તાલકામાં નર્મદા મુખ્ય કેનાલમાંથી સાઇફન દ્વારા દાંતીવાડા સુધી બાકી રહેતાં ગામોનાં તળાવો ભરવા માટે માનનીય મંત્રીશ્રીએ રૂપિયા ૪૫ કરોડ મંજૂર કર્યા એ બદલ આભાર માનું છું. એવી જ રીતે મારા ઓગડ તાલુકાના છેવાડાના ગામો, જે તળાવો ભરવાથી વંચિત છે અને સિંચાઇનું પૂરતું પાણી મળતું નથી એવા વિસ્તારમાં પણ મુખ્ય નર્મદા કેનાલથી નવી પાઇપલાઇન નાખવામાં આવે એવી મારી માગણી છે. ખેડૂત એ આ ધરતીનો માલિક છે અને જગતના તાત માટે સિંચાઇના પાણી માટે કોઇ સમયમર્યાદા ન હોવી જોઇએ. ઉદ્યોગોને બેરોકટોક પાણી આપવામાં આવે અને ખેડૂતો માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવે કે ૩૦ એપ્રિલ સુધી ખેડૂતોને સિંચાઇનું પાણી આપવામાં આવશે. ખેડૂતોને સિંચાઇ માટે પૂરતું પાણી આપવામાં આવે એવી માગણી કરું છું. નર્મદાની વિવિધ કેનાલોમાં મેઇન્ટેનન્સ માટે ખૂબ જ મોટી રકમ ફાળવવામાં આવે છે પણ આ મેઇન્ટેનન્સની કામગીરી, એની ચકાસણી સમયસર પૂર્ણ ન થવાના કારણે ક્યાંકને ક્યાંક કેનાલોમાં ગાબડાં પડે છે અને એના કારણે ખેડૂતોનો ઊભો પાક બગડી જાય છે. ખેડૂતોને મોટું નુકસાન થાય છે. આને જવાબદારી ગણી વિભાગમાં જે કોઇ અધિકારી જવાબદાર હોય, જે કોઇ એજન્સી જવાબદાર હોય એની પાસેથી ખેડૂતોને વળતર ચૂકવવું જોઇએ. જે સાઇફનો બનાવવામાં આવ્યા છે એનું મોનિટરિંગ વ્યવસ્થિત થવું જોઇએ. મારા મતવિસ્તારમાં શેઢા કેનાલ, ભાડિયા કેનાલ છે, અરજણસર કેનાલ છે. આ જે શેઢા કેનાલો છે ત્યાં રાત્રે પાણી છોડવામાં આવે છે અને દિવસે બંધ કરી દેવામાં આવે છે. જ્યારે અમે અધિકારીઓ સાથે વાત કરીએ, રવિ સિઝનમાં, ઉનાળુ સિઝનમાં પાણી માગીએ ત્યારે માગણાપત્રક માગે છે. આ બધા નિયમો જગતના તાત માટે જ કેમ? શું કેટલું પાણી જોઇએ છે એ માટે ઉદ્યોગો પાસે માગણાપત્રક માગો છો? પત્રકો બધા ખેડૂતો માટે જ કેમ? ખેડૂતની વિશેષ કાળજી રાખીને માનનીય મંત્રીશ્રી અને સરકારને વિનંતી છે કે ખેડૂતોને સિંચાઇ માટે અવિરત પાણી ફાળવવામાં આવે. બનાસકાંઠા જિલ્લા અમીરગઢ, દાંતા, પાલનપુર તાલુકાઓની અંદર પણ લઘુ સિંચાઇ ડેમ ખાલી છે એમાં પાણી ભરવામાં આવે. બનાસ નદી એ રીચાર્જિંગ નદી છે. કદાચ ગુજરાતની અંદર સૌથી વધુ જો કોઇ રીચાર્જિંગ નદી હોય તો એ બનાસ નદી છે. આ બનાસ નદીની અંદર સમયાંતરે ચેકડેમો બનાવવામાં આવે તો બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો રાજી રાજી થઇ જાય અને આર્થિક રીતે પગભર થઇ શકે. જે તળાવો ઊંડા કરવામાં આવે છે એ તળાવો ઊંડા કરવા માટે પોતાના ખેતરમાં ખેડૂત માટી નાખતો હોય તો એને રોયલ્ટીની બીક બતાવવામાં આવે છે. ખેતરની અંદર તળાવ ખોદાતું હોય અને માટી લઇ જતો હોય ત્યારે એના માટે કોઇ રોકટોક ન હોવી જોઇએ. આ તળાવ ભરવાની નીતિનો તાત્કાલિક અમલ કરવામાં આવે. કેટલાક વિસ્તારોની અંદર જે ચેકડેમો કાર્યરત છે, એ ચેકડેમની અંદર પણ બહુ મોટા પ્રમાણમાં ક્યાંય ગુણવત્તા જળવાતી નથી અને વરસાદનું પાણી વધુ આવવાથી ચેકડેમ તૂટી જવાના બનાવો બને છે. (અંતરાય)

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અમૃતજી મો. ઠાકોર : ગામડાઓમાં પીવાના પાણીમાં ક્ષારનું પ્રમાણ વધુ હોવાથી એનું સમયસર ચેકિંગ કરવામાં આવે. અત્યારે ગામડાઓમાં પાણીજન્ય રોગો ખૂબ મોટા પ્રમાણમાં થઇ રહ્યાં છે, એમાં પથરીના દર્દીઓ ખૂબ વધી રહ્યા છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી ધવલસિંહ ઝાલા.

શ્રી ધવલસિંહ ન. ઝાલા (બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓમાં મારું સમર્થન આપું છું. સાથે જ માલપુર-મેઘરજના તળાવો ભરવા માટે મારી માગણીને પૂર્ણ કરીને રૂ.૧૬૧ કરોડનાં કામો પૂર્ણ થયાં છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને હું આમંત્રણ આપું છું કે એનું લોકાર્પણ કરવા આવે. મહી નદી ફેઇઝ-૨ આધારિત રૂ.૫૦૨ કરોડનાં કામો મંજૂર કર્યા તે બદલ પણ આભાર માનું છું. માલપુર-રંભોડાથી ચોરીવાડ સુધીના ગામોનો સમાવેશ કરવા નવી યોજના માટે ગ્રાન્ટની ફાળવણી કરવા માગણી કરું છું. વાત્રક નદી ખૂબ જ છીછરી થઇ ગઇ છે ત્યારે નદીને ખોદવા માટે ખેડૂતોને મંજૂરી આપવામાં આવે તેવી પણ માગણી કરું છું. પ્રાંતવેલ જળાશય ડેમ છે એનાથી પાઇપલાઇન ત્યાં નજીકથી જાય છે તો નાની સિંચાઇ માટે ભરવા માગણી કરું છું. સાથે સિંચાઇને લગતા રિસરફેસ રોડ ઉભરાણ ભેંમપોડા થઇ વાત્રક અને માલપુર વિનાયકનગરના અને સાતરડા ગામની મારી માગણી છે એ રોડ રિસરફેસ કરવામાં આવે તેવી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે માગણી કરું છું અને સમર્થન આપું છું.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા (બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક ૬૬ અને ૬૭ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને એક રજૂઆત કરવા માગું છું અને વિનંતી કરું છું કે ગઢડા તાલુકાનું ગાળા ગામ છે ત્યાં ડેમ બનાવવા સરવેનું કામ પૂરું થઇ ગયું છે. ૯૦ ટકા કરતાં વધારે ખેડૂતોને વળતર પણ ચૂકવાઇ ગયું છે તો તાત્કાલિક ચાલુ નાણાકીય વર્ષમાં આ ડેમ બનાવવા કામગીરી શરૂ કરવામાં આવે. સાથોસાથ બોટાદ તાલુકા અને ગઢડા તાલુકાની પાણી પુરવઠાની જૂથ સુધારણા યોજનાનું કામ ચાલી રહ્યું છે તો મારા બોટાદ તાલુકાના ૧૫ ગામ એવા છે કે ત્યાં નવી પાઇપ લાઇન દ્વારા સમ્પની અંદર પાણી પહોંચ્યું નથી તો આવા ગામોને તાત્કાલિક પાણી પહોંચાડવામાં આવે. ગઢડા તાલુકાના ૨૦ ગામ એવા છે કે નવી પાઇપલાઇના દ્વારા સમ્પમાં પાણી નથી પહોંચ્યું તો એમાં પણ પહોંચાડવામાં આવે. ઘણાં બધાં કામો ગુણવત્તાવિહીન થયાં છે ત્યાં પાણી પહોંચાડવામાં આવે છે એમાં ૨૫-૩૦ લીકિઝ છે તો એ કંપની સામે પગલાં ભરવામાં આવે અને કામ કરનાર કંપનીનો સમય પૂરો થઇ ગયો છે તો આની ઉપર દંડનીય જોગવાઇ કરી કામગીરી કરવામાં આવે.

સભાપતિશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી કનુભાઇ પટેલ.

શ્રી કનુભાઇ ક. પટેલ (સાણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા અંતર્ગત વર્ષ ૨૦૨૬-૨૭ માટેની માગણી ક્રમાંક ૬૫, ૬૭ અને ૬૭ લઇને આવ્યાં છે તેને મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

આપણે બધા જાણીએ છીએ એમ પહેલા એકએક ટીપા માટે તરસતું હતું અને સિંચાઇ માટેના પાણીની વાત તો દૂરની વાત હતી. જે પાણીના બુંદ માટે તરસતું હતું તે આજે સમગ્ર દેશ માટે ઉદાહરણ છે. **''દરેક બુંદને સન્માન ત્યારે જ ખીલી ઊઠ્યું ગુજરાતનું ભાગ્યવાન''** નર્મદાએ ગુજરાતની જીવાદોરી છે. નર્મદા સરદાર સરોવર યોજના આપણે સૌ જાણીએ છીએ એમ સિંચાઇ, પશુધન અને ગુજરાતની ભૂમિ એ દ્વારકાધીશની ભૂમિની તરસ છીપાવતી આ નર્મદા અત્યારે ખૂબ સરસ મજાની યોજના છે. આપણા સૌના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇ પટેલને સને ૧૯૪૬માં એમને વિચાર આવ્યો હતો અને પમી એપ્રિલ, ૧૯૬૧ના રોજ સરદાર સરોવર યોજનાનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું અને આપણે સૌ જાણીએ છીએ એમ તે વખતની કેન્દ્ર સરકારની નેતાગીરીએ ગુજરાત પ્રત્યે ભેદભાવ રાખીને આ યોજના ઘણા સમય સુધી વિલંબિત રાખવાનું કામ, અને ખેડૂતોને સિંચાઇ સુધી તેમના ખેતર સુધી પાણી ના પહોંચે તેમના માટે થઇને તે વખતની જે કેન્દ્ર સરકાર હતી તેમણે ખૂબ ભેદભાવ રાખ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા સૌના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા સૌના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે પણ આ ખેડૂતોના હિત માટે, ખેડૂતોને તેમના ખેતર સુધી પાણી પહોંચે તેના માટે થઇને તેમણે ઉપવાસ આંદોલન પણ કરવુ પડયુ હતું. ''નર્મદાના નીરે લખાઇ કથા, ગુજરાત બની ગયું વિકાસની ગાથા, સપનાઓ આ સરદાર વલ્લભભાઇ પટેલનાં હતાં. સપનાઓ તો હતાં ઘણાં વર્ષોથી સજાયેલાં, પણ પૂર્ણ થયા સંકલ્પ મજબૂત થયા પછી જ''.

માનનીય અધ્યક્ષશ્રી, ''મોદી સાહેબે જે ઉપવાસ આંદોલન કર્યા ત્યારે અડચણો આવી ઘણી રસ્તામાં, પણ હિંમતથી જીત મેળવી દરેક કસોટીમાં. જયારે નેતૃત્વ હોય જનતા માટેનો જુસ્સો, ત્યારે જીતે જ વિકાસ અને વિશ્વાસનાં દશ્યો''. આપણે સૌ જાણીએ છીએ તેમ કે આ વખતે ૧૩૮.૬૮ મીટરની સપાટીએ ડેમ ભરાઇ ગયો અને આખે આખો ડેમ છે તે છલોછલ થઇ ગયો ત્યારે આ સરદાર સરોવર ડેમની અંદરથી કુલ-૩૮ જેટલી શાખા અને નહેરો નીકળે છે. ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં કુલ-૨૬૮૯ કિ.મી.લંબાઇની શાખા નહેરોનું કામ પૂર્ણ થઇ ગયેલ છે. જે વી-શાખા કહેવાય તેનુ પણ લગભગ ૯૬ ટકા કામ પૂર્ણ થઇ ગયું છે તથા નહેરોનું જે કામ કહેવાય તે નહેરોનું કામ પણ ૯૩ ટકા જેટલુ પૂર્ણ થઇ ગયું છે. અને ડિસેમ્બર-૨૦૨૫ સુધીમાં સમગ્ર ગુજરાતની વાત કરીએ તો ૧૭.૨૬ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇની ક્ષમતા ઉત્પન્ન થયેલ છે. આટલા ખેડૂતોને આ સિંચાઇની ક્ષમતા મળી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માત્ર સિંચાઇનું પાણી જ નહીં પણ તેના ઉપરથી સોલર વીજળી પણ ઉત્પન્ન કરવા માટે થઇને વડોદરા શાખા નહેરની અંદર કુલ ૮૫.૪૬ મેગાવોટ ક્ષમતા ધરાવતા ૧૮ લઘુવીજ મથકો સ્થાપવાની કામગીરી પૂર્ણ થયેલ છે. વડોદરાની અંદર જ ૩૫ મેગાવોટ ક્ષમતા ધરાવતી કેનાલ રૂફટોપની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે. એટલે માત્ર સિંચાઇનું પાણી નહીં પણ તેની અંદરથી વીજળી ઉત્પન્ન કરવાનુ કામ જો કોઇએ કર્યું હોય તો એ આ આપણી સરકાર છે. સાથે સાથે મારા વિસ્તારની વાત કરું તો ફતેહવાડી વિસ્તાર અને નળકાંઠા વિસ્તારની અંદર ફેઝ-૧ની અંદરનું કામ જે કહેવાય તે આ ડિસેમ્બર સુધીમાં કામ પૂર્ણ થઇ જશે. ફેઝ-૨ની અંદર પણ સરકારે ફરીથી જે ૯૫૮ કરોડ રૂપિયા મંજૂર કર્યાં છે તેના માટે હું સરકારનો ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું. અને સાથે સાથે સિંચાઇની સુવિધા વધારવા માટે સરદાર સરોવર યોજના હેઠળ બીજા ૬૦૦ કરોડ રૂપિયા એટલે મારા વિસ્તારની અંદર લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયાનાં મોટાં કામ મંજૂર કર્યાં છે એટલે હું સરકારનો હૃદયપૂર્વકનો આભાર માનું છું.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ (ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી જે સિંચાઇ અને નર્મદા યોજનાની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય સિંચાઇ મંત્રીશ્રીનો

આભાર માનું છું કે મારા વિસ્તારની અંદર રૂપિયા ૧૧૯ કરોડનો દાંતીવાડાથી સીપુની લિન્ક કેનાલનો પ્રોજેકટ અને ધાનેરા તાલુકાના બધાં તળાવો ભર્યા, તળાવો માટેનું જોડાણ પાઇપલાઇનથી કરવા માટેનું કામ કર્યું. સાથે સાથે મારા વિસ્તારની અંદર દાંતીવાડા તાલુકાની અંદર જે બધા જ ગામોનાં તળાવો ઊંડા કર્યા છે અને તેને પાઇપલાઇનથી પમ્પિંગથી ભરવા માટેનું કામ એ માનનીય મંત્રીશ્રીને કહું છું અને સાથે સાથે જે ધાનેરા તાલુકાની અંદર દસથી પંદર ગામોની અંદર એક મોટો ચેકડેમ વર્ષ ૨૦૧૭માં તે ચેક ડેમ તૂટી ગયો હતો તેના પછી ફરીથી કામ નથી થયું તો એવા ચેકડેમોનાં કામ કરવા માટે અને એક રાહથી માંડી અને નેનાવા સુધીનું કામ...

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ (રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે પાણી પુરવઠા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે માગણી નંબર–૬૭ તેના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ શહેર હોય, કોઇ પણ રાજય હોય કે કોઇ પણ દેશ હોય એની પ્રગતિમાં, તેના વિકાસમાં પાણી અને ઊર્જાનું ખૂબ મહત્ત્વ હોય છે. આ ગુજરાતનો જે રીતે સર્વાંગી વિકાસ થયો છે એમાં પાણી માટેની જે કંઇ યોજનાઓ સરકારે કરી છે, એનું અમલીકરણ કર્યું છે એનો ખૂબ જ મોટો ફાળો રહ્યો છે. આ ગૃહની અંદર બધા સભ્યશ્રીઓ ચર્ચા કરે છે એ હું સાંભળતો હતો. હું રાજકોટથી આવું છું અને રાજકોટ એ ગુજરાતની અંદર એવું શહેર કે સૌથી વધુ જો કોઇએ પાણીની તકલીફ ભોગવી હોય તો એ રાજકોટ મહાનગર હતું. ભૂતકાળમાં રાજકોટમાં ટ્રેનો દ્વારા પાણી આવતું હતું એ દિવસો મેં જોયા છે, બેડાનાં સરઘસો જોયા છે, ગલીમાં ખાડો ખોદ્યો હોય, નળ આવે, ના આવે, અને એમાંથી બહેનો પાણી ઉલેચતી હોય એ દિવસો મેં જોયા છે પણ આજે મને આનંદ થાય છે અને ગુજરાત સરકાર અને ખાસ કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગુજરાતમાં પાણીના દુષ્કાળને ભૂતકાળ બનાવવાનું જો કોઇએ કામ કર્યું હોય તો આ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. ગૃહમાં સભ્યો પાસેથી સાંભળતો હતો કે નર્મદાના નીરથી તળાવો ભરો, ડેમ ભરો. પહેલાં ભૂતકાળમાં માટલાં ભરાતાં નહોતાં અને અત્યારે ડેમ ભરો, તળાવો ભરોની વાત થાય છે એ આપણા માટે ગૌરવની વાત છે. વિપક્ષના સભ્યો ડેમ ભરવાની તળાવ ભરવાની વાત કરે છે પણ ભૂતકાળમાં માટલા નહોતા ભરાતા, ગામડામાં માતાઓ–બહેનોને પાણી ભરવા માટે બે–બે ત્રણ–ત્રણ કિલોમીટર સુધી પાણી માટે વલખાં મારવાં પડતાં હતાં. નર્મદા યોજના આપણ માટે ખૂબ મહત્ત્વની હતી. આપણા કમનસીબ કે દિલ્હીમાં આપણા લોકો નહોતા અને આ યોજના છે એમાં ૪૦–૪૫ વર્ષ સુધી મોડું થયું અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આપણા દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હમણાં જેમ કનુભાઇએ કહ્યું એમ ડેમની હાઇટ વધારવા માટે ઉપવાસ ઉપર ઉતરવું પડે. ઉપવાસ ઉપર ઉતરવું પડ્યું, પછી હાઇટ વધારવાની મંજૂરી આપવી પડે અને પછી દરવાજા ચડાવવાની મંજૂરી બે–બે ચાર–ચાર વર્ષ સુધી મંજૂરી નહોતી મળતી પણ સદનસીબ આ ગુજરાતની જનતા અને દેશની જનતાને જેટલા અભિનંદન આપીએ, જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે. એમેણે નિર્ણય કર્યો અને સન ૨૦૧૪માં આ દેશના પ્રધાનમંત્રી તરીકે ગુજરાતના પનોતાપુત્ર નરેન્દ્રભાઇ મોદી આવ્યા અને સત્તરમા દિવસે દરવાજા ચડાવવાની મંજૂરી આપી. સૌરાષ્ટ્રમાં પહેલાં કહેવત હતી કે '' દીકરીને બંદુકે દેજો પણ ધંધુકે ના દેતા'' કારણ કે પાણીની સમસ્યા હતી અને આજે તળાવો ભરવાની જે વાત ચાલે છે એ ધંધુકા, બરવાળા, વલ્લભીપુર, અમરેલી, ઢસ્સા, સાવરકુંડલા, તળાજા, મહુવા, પાલીતાણા,ભાવનગર, શિહોર, સોનગઢ, ગારીયાધાર, રાજકોટ, કાલાવાડ, જામનગર, આટકોટ, જસદણ, ગોંડલ, વીરપુર, જેતપુર, ધોરાજી, જૂનાગઢ, ઉપલેટા હોય, કચ્છ, મોરબી હોય, દેવભૂમી હોય, બનાસકાંઠા, નખત્રાણા, અબડાસા હોય, આદિપુર હોય, ગાંધીધામ હોય કે અંજાર હોય ત્યાં પાણીની સમસ્યામાંથી ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે મુકિત આપી છે. કોઇપણ સમસ્યા હોય ત્યાં થીગડાં નથી માર્યાં પણ સમસ્યાનું કાયમી સોલ્યુશન લાવી સમસ્યા હલ કરી છે. હું ભારતીય જનતા પાર્ટીને અભિનંદન આપું છું. નાણામંત્રીશ્રી કનુભાઇ, માનનીય મુખ્યમંત્રીશ્રી, ઉપ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇનો આભાર માનું છું કે જે કંઇ યોજનાઓ લઇને આવ્યા છે, વિચાર કરો નલ સે જલ, કોઇપણ ઘર પાણી વગરનું ના રહે અને આ જે કંઇ માગણી લઇને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા તથા રાજ્ય કક્ષાના માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મારા વિભાગની માગણીની ચર્ચામાં ભાગ લેનાર માનનીય સભ્યશ્રી અનંતભાઇ પટેલ, સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલ, સભ્યશ્રી ઇશ્વરભાઇ પરમાર, સભ્યશ્રી માનસિંહભાઇ ચૌહાણ, શ્રી હેમંતભાઇ આહિર, શ્રી અભેસિંહભાઇ, શ્રી મહેશભાઇ, શ્રી પ્રધુમનસિંહ, શ્રી અનિરુદ્ધજી, શ્રી ધવલસિંહ, શ્રી ઉમેશભાઇ, શ્રી કનુભાઇ, શ્રી માવજીભાઇ, શ્રી ઉદયભાઇ ઘણા સભ્યશ્રીઓએ ભાગ લીધો, ઘણા સભ્યશ્રીઓએ સમર્થન પણ કર્યું છે અને ઘણા સભ્યશ્રીઓએ પોતાનાં સૂચનો પણ કર્યાં છે. એ તમામને હું આવકારું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકના નર્મદા પ્રભાગની માગણી નં– ૬૫ અને મારા હસ્તકના જળસંપત્તિ વિભાગની માગણી નં–૬૬ તેમજ પાણી પુરવઠા વિભાગની માગણી નં–૬૭ આ ગૃહ સમક્ષ રજૂ કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના નિર્માણની દિશામાં લઇ જતું વર્ષ ૨૦૨૬–૨૭નું ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું વિક્રમી રૂ.૪,૦૮,૦૫૩ કરોડનું અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું તેને હું આવકારું છું. સાથે–સાથે અમારા વિભાગો માટે માતબર રકમની ફાળવણી કરવા

બદલ રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, રાજ્યના યુવા અને ઉત્સાહી નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો પણ આભાર વ્યકત કરું છું. અમારી સરકાર વર્ષ ૨૦૨૬–૨૭ માટે રજૂ કરાયેલ આ ઐતિહાસિક બજેટ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસિત ભારત ૨૦૪૭ના વિઝનને સાકાર કરવા માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ દૃઢ પગલાં ભરી રહ્યું છે. ગુજરાત દેશનું એવું રાજ્ય છે કે જ્યાં ''બહુજન હિતાય બહુજન સુખાય''ના ધ્યેય સાથે જનસેવા સુખાકારી પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાના લોકો સાક્ષી બન્યા છે. રાજ્ય સરકારે પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુ:ખે દુ:ખીની કાર્યશૈલીને અપનાવી છે. વિકસિત ભારતના નિર્માણમાં સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ સાથે ગુજરાત આગળ ધપી રહ્યું છે. ભારતની સમૃદ્ધિ માટે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા મજબૂત પગલાં લેવાઇ રહ્યા છે ત્યારે મારા હસ્તકના વિભાગો પણ વિકસિત ગુજરાતની આ યાત્રામાં સહભાગી થવા પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ નર્મદા પ્રભાગની માગણીઓની વાત કરું તો ગુજરાતની સમૃદ્ધિમાં નર્મદા યોજનાનું યોગદાન અમૂલ્ય છે. આ યોજના થકી સિંચાઇ, જળવિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશના પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. જેથી રાજ્યમાં આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને આરોગ્ય સંબંધી સૂચકાંકોમાં પણ હકારાત્મક પરિવર્તન આવેલ છે. વર્ષ ૨૦૨૬–૨૭માં નર્મદાના વિકાસ માટે માગણી ક્રમાંક – ૬૫ હેઠળ મહેસૂલી ખર્ચ રૂ.૭૮૫ કરોડ ૯૩ લાખ અને મૂડી ખર્ચ માટે રૂ.૨૩૩૧ કરોડ ૪૦ લાખની માગણીની વિગતો ગૃહ સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે. નર્મદા યોજનાનું મહાત્મય ગુજરાતના પરિપ્રેક્ષ્યમાં વર્ણવીએ એટલું ઓછું છે. નર્મદા યોજના વિશ્વની સૌથી વિશાળ યોજનાઓ પૈકીની એક છે અને ગુજરાતની જીવાદોરી સમાન છે. નર્મદા યોજના સંબંધી એવોર્ડ પ્રમાણે નર્મદા નદીની વાર્ષિક ૨૮ મિલિયન એકર ફીટની સરેરાશ પાણીની આવકમાંથી ગુજરાતના ફાળે ૯ મિલિયન એકર ફીટ પાણી આવે છે. જેમાંથી રાજ્ય સરકાર દ્વારા ૧.૫૯ મિલિયન એકર ફીટ પાણી ઘર વપરાશ માટે, ૦.૨૦ મિલિયન એકર ફીટ પાણી ઔદ્યોગિક વપરાશ માટે અને બાકીનું તમામ પાણી સિંચાઇ માટે વાપરવાની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. આ વર્ષે ગુજરાતની જનતા માટે સારા સમાચાર એ છે કે નર્મદા બેઝીનમાં સારા વરસાદના કારણે અંદાજિત ૯ મિલિયન એકર ફીટની સામે ૧૧ મિલિયન એકર ફીટથી પણ વધુ પાણી ગુજરાતને મળશે. જેથી યોજનાના કમાન્ડ વિસ્તારમાં સિંચાઇ માટે તેમજ રાજ્યની પ્રજાને પીવા માટે પૂરતું પાણી મળી રહેવાનું છે. નર્મદા યોજના થકી ગુજરાતના ૧૭.૯૨ લાખ હેક્ટર વિસ્તારને વાર્ષિક સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન છે. ગુજરાતની પ્રજાની પીવાના પાણીની જરૂરિયાતમાંથી ૮૦ ટકા જેટલી જરૂરિયાત આ નર્મદાના પાણીથી પૂરી પાડવામાં આવે છે અને ૮ મહાનગરપાલિકાઓ, ૧૯૦ નગરો અને ૧૦,૪૫૩ ગામોનો સમાવેશ થાય છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭ માટે રૂ.૩૩૧૭ કરોડ (કેપિટલ+રેવન્યુ)નું બજેટરી પ્રોવિઝન તેમજ નોન બજેટરી રીસોર્સ પેટે રૂ.૧૫૬૦ કરોડની સૂચિત જોગવાઇ છે. વર્ષ ૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં સમાવેશ કરેલ ચાલુ બાબત, નવી બાબત તેમજ અન્ય બાબતની વાત કરું તો અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારમાં (ફેઝ–૨) સિંચાઇ સુવિધા વધારવા માટે રૂ.૬૦૦ કરોડની જોગવાઇ, સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ભાસ્કરપુરા ગામ તળાવથી ધોલેરા SIR વિસ્તારને પાઇપલાઇન દ્વારા ૧૦૦ એમ.એલ.ડી. પાણી પૂરું પાડવા માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઇ, કચ્છ જિલ્લામાં દૂધઇ સબ બ્રાન્ચ કેનાલ માટે રૂ.૨૩૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના અગિયારા ગામોના કમાન્ડ વિસ્તાર બહારના વિસ્તાર એટલે કે ઊંચાણવાળા વિસ્તાર માટે લિફ્ટ/ગ્રેવિટી પાઇપ પ્રોજેક્ટ માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ, નર્મદા મુખ્ય નહેર પર વધારાના સ્ટ્રક્ચર માટે રૂ.૭૪ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ યોજનાના સુનિયોજીત આયોજન સાથેના સંચાલન માટે ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે અને માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આપેલ ''પર ડ્રોપ મોર ક્રોપ''નો મંત્ર ચરિતાર્થ કરવા માટે નહેરોની વહનક્ષમતા સુધારી વૉટર લોસીસ ઓછા કરી વધુમાં વધુ વિસ્તાર સુધી નહેરોનું પાણી પહોંચે તે માટે આયોજન હાથ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ સભ્યશ્રીઓ દ્વારા પાંચ જેટલી કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવેલ છે. નર્મદા પ્રભાગ દ્વારા તેમના હસ્તકના કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોને પૂરતું સિંચાઇનું પાણી મળી રહે તેમજ નર્મદાની કેનાલો થકી પીવાનું તથા અન્ય વપરાશ માટેનું પાણી અવિરત મળી રહે તે માટે નિરંતર પ્રયાસો હાથ ધર્યા છે. આમ, નર્મદા પ્રભાગની નિષ્ફળતાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. તેથી હું સર્વે સદસ્યશ્રીઓને કાપ દરખાસ્તો પાછી ખેંચવા અથવા તો કાપ દરખાસ્તો રદ કરવા અને નર્મદા પ્રભાગની માંગણીઓ સર્વાનુમતે પસાર કરવા આ ગૃહને આગ્રહ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું જળસંપત્તિ વિભાગની માગણીઓની વાત કરું તો, આપણું ગુજરાત રાજ્ય સામાન્ય રીતે પાણીની અછત અને અર્ધઅછતવાળું રાજ્ય રહ્યું છે. બારમાસી નદીઓનો અભાવ ગુજરાત માટે કાયમ ચિંતાનો વિષય રહ્યો છે પરંતુ આપણા હાલના પ્રધાનમંત્રીશ્રી અને ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીએ ગુજરાતમાં શાસનની ધુરા સંભાળી ત્યારે પાણીના પ્રશ્નને ટોચ અગ્રતા આપી અનેક યોજનાઓ થકી રાજ્યના ખૂણે ખૂણે સિંચાઇ અને પીવાનું પાણી પહોંચે તે માટે ભગીરથ કાર્ય હાથ ધર્યું. જેના પરિણામ સ્વરૂપે ''દુષ્કાળ આજે ભૂતકાળ બની ગયો છે.'' ગુજરાતની પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે જે મહત્ત્વની યોજનાઓ હાલમાં કાર્યાન્વિત છે, તેમાં જળસંચય, ઉત્તર ગુજરાત માટે સુજલામ્ સુફલામ્ યોજના, સૌરાષ્ટ્ર માટે સૌની યોજના, કચ્છ વિસ્તાર માટે નર્મદાનાં વધારાનાં વહી જતા પૂરના પાણીમાંથી એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવાની યોજના ઉપરાંત નાની મોટી અનેક યોજનાઓનો સમાવેશ થાય છે.

એમ પણ કહી શકાય કે માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં આ યોજનાઓના અમલીકરણની ઝડપભેર વૃદ્ધિના કારણે ઉનાળાના કારમા દિવસોમાં પણ ગુજરાતની જનતાને પાણીની સમસ્યાનો અનુભવ એ હવે લગભગ ભૂતકાળની ઘટના બની ગઇ છે. વર્ષ ૨૦૨૬-૨૭ની જળસંપત્તિ વિભાગની માંગણી ક્રમાંક-૬૬ હેઠળ સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ માટે મહેસૂલી ખર્ચ રૂ.૨૦૫૭ કરોડ અને ૪૬ લાખ તથા મૂડી ખર્ચ માટે રૂ.૧૧,૪૧૨ કરોડ અને ૫ લાખની વિગતો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપલબ્ધ જળસ્ત્રોતોનો કાર્યક્ષમ ઉપયોગ, વ્યાપક જળસંચય, સિંચાઇ ક્ષમતામાં વધારો તથા આધુનિક જળ વ્યવસ્થાપન રાજ્ય સરકારના મુખ્ય ઉદ્દેશો રહ્યા છે. આ દિશામાં ડેમ/બેરેજ/ ચેકડેમોનું નિર્માણ, ઇન્ટ્રા/ઇન્ટર-બેઝિન ટ્રાન્સફર, કેનાલોના આધુનિકીકરણ, સુજલામ્ સુફલામ્ જળ અભિયાન જેવી વિવધ યોજનાઓ અમલમાં મુકાઇ છે. જેના પરિણામે નવીન જળસ્ત્રોતોની ઉપલબ્ધતાને પરિણામે રાજ્યના કૃષિક્ષેત્રે નોંધપાત્ર ઉત્પાદન વૃદ્ધિ જોવા મળી છે. મને આ જણાવતાં ખૂબ જ આનંદ થાય છે કે, આ માટે તાજેતરમાં છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કાર અંતર્ગત ગુજરાત રાજ્ય એ સમગ્ર દેશમાં બીજું સ્થાન મેળવેલ છે. જે ગુજરાત માટે ગૌરવવંતી વાત ગણાય. જળસંપત્તિ પ્રભાગ હેઠળ કુલ ૧૧૧૫ ડેમો તથા તેનું કેનાલ નેટવર્ક આવેલ છે. ગુજરાત સરકાર હયાત સિંચાઇ યોજનાની કાર્યક્ષમતામાં પણ વધારો થાય અને સુચારુ સિંચાઇ વહીવટ કરી શકાય તે માટે પ્રયત્નશીલ છે. આ માટે ડેમ સેફ્ટીના સદર માટે રૂ.૬૯૩ કરોડની જોગવાઇ તથા હયાત સિંચાઇ માળખાના વિસ્તરણ, સુધારણા અને આધુનિકીકરણ માટે રૂ.૧૪૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના ''કેચ ધ રેઇન-૨.૦'' પ્રોજેક્ટ હેઠળ સપાટી જળના સંચય સિવાય વરસાદના ટીપે ટીપાંનો સંગ્રહ થાય તે માટે ભૂગર્ભજળ રીચાર્જની કામગીરીને પણ પ્રાથમિકતા આપવામાં આવી રહેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દુર્ગમ અને વિષમ પરિસ્થિતિ ધરાવતાં આદિવાસી વિસ્તાર જ્યાં અંતરિયાળ/પર્વતીય વિસ્તારોમાં સિંચાઇ માટે હયાત સિંચાઇ યોજનાઓમાંથી વહનથી પાણી આપી શકાય તેમ ન હતું ત્યાં પણ સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ કરવા માટે સરકારશ્રી દ્વારા રૂ.૫૪૩૬ કરોડના ખર્ચે ૧૯ મોટી ઉદવહન સિંચાઇ યોજનાઓને મંજૂરી આપેલ છે. જે પૈકી રૂ.૩,૧૮૨.૩૧ કરોડના ખર્ચે ૧૧ યોજનાઓની કામગીરી પૂર્ણ કરી આ યોજનાઓ કાર્યાન્વિત કરેલ છે અને ૮ યોજનાઓની કામગીરી પ્રગતિમાં છે. પૂર્ણ થયેથી કડાણા, પાનમ, કરજણ તેમજ ઉકાઇ જળાશય આધારિત કુલ ૧૧ ઉદવહન સિંચાઇ યોજનાઓ દ્વારા દાહોદ, પંચમહાલ, મહિસાગર, સુરત, ભરુચ અને નર્મદા જિલ્લાઓના ૭૬૯ ગામોના આશરે ૯૦ હજાર હેક્ટર વિસ્તારમાં સિંચાઇનો લાભ થાય છે. સરકારશ્રી દ્વારા પ્રેશરાઇઝડ ઇરીગેશન નેટવર્ક અંતર્ગત ત્રણ પ્રોજેકટ હાથ ધરવાનું આયોજન કરવામાં આવે છે. જેમાં (૧) માંડવી-માંગરોળ, જી.સુરત(૨) પિંછવી ઉદવહન સિંચાઇ યોજના. જી. ગીર સોમનાથ અને (૩)બોરીસાવર ઉદવહન સિંચાઇ યોજના.જી.તાપીનો સમાવેશ થાય છે. આ યોજનાઓમાં ખેડૂતોને સ્કાડા ટેકનોલોજીનો ઉપયોગ કરી ખેતર સુધી એટલે કે, ૧.૫ હેકટરના ચક સુધી પાણી આપવામાં આવશે. ખેતરમાં ખેડૂતને પૂરતાં પ્રેશરથી પાણી મળશે. જેથી ખેડૂત સીધો જ તેમાં સૂક્ષ્મ સિંચાઇની સિસ્ટમ ગોઠવી કરકસરયુક્ત પાણીથી સિંચાઇ કરી શકશે. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકાના અંતરિયાળ વિસ્તાર માટે મધુબન ડેમ આધારિત અંદાજિત રકમ રૂ.૧૩૩૧.૩૦ કરોડની ધરમપુર કપરાડા ઉદ્વહન સિંચાઇ યોજનાનું આયોજન કરેલ છે. જેના દ્વારા કપરાડા તાલુકાના ૨૩ ગામોમાં ૧૦,૦૭૯ હેકટર અને ધરમપુર તાલુકાના ૧૨ ગામોમાં ૬૧૫૬ હેકટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ થશે. સાગબારા તાલુકા માટે ઉકાઇ જળાશય આધારિત અંદાજિત રકમ રૂ.૫૦૦ કરોડની જૂની જાવલી ઉદવહન સિંચાઇ યોજનાનું આયોજન કરેલ છે. જેના દ્વારા નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ૫૬ ગામોના ૧૫૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ થશે. તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાંથી પસાર થતી ખાખરી, ગીરા, દમણગંગા, પૂર્ણા, અંબિકા, કાવેરી, પાર, નાર, તાન વગેરે નદીઓ ઉપર મોટા ચેકડેમો/બેરેજો/વિયર બનાવવા માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રૂ.૭૧૧ કરોડ ખર્ચની તાપી-કરજણ લિંક પાઇપલાઇનની કામગીરી પૂર્ણ કરી હાલમાં જ તા.૦૭/૦૩/૨૦૨૬ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે તેનું લોકાર્પણ કરેલ છે. જેનાથી ઉમરપાડા અને ડેડિયાપાડા તાલુકાના ૭૩ ગામોના આશરે ૨૧,૭૫૦ હેક્ટર વિસ્તારને લાભ મળતો થયો છે. સદર યોજનાના વિસ્તૃતીકરણ માટે રૂ.૨૦૮ કરોડના ખર્ચે સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ૨૯ ગામોને સિંચાઇની સુવિધા ઉપલબ્ધ કરાવવા ઉદવહન પાઇપલાઇન યોજનાની કામગરી માટે રૂ.૧૦૦ કરોડ બજેટ જોગવાઇ કરવામાં આવી છે. જેનું ખાતમુહૂર્ત પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તે જ દિવસે કરવામાં આવેલ છે. સુખી સિંચાઇ યોજના તેમજ કરજણ સિંચાઇ યોજનાની નહેરોની સુધારણા અને આધુનિકીકરણની કામગીરી માટે રૂ.૯૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતની વાત કરું તો, પ્રગતિ હેઠળની નવસારી ગણદેવી તાલુકામાં અંદાજિત રૂ.૨૫૦ કરોડના ખર્ચની વાઘરેચ ટાઇડલ રેગ્યુલેટર તેમજ વિરાવળ-કસ્બાપાર ખાતે અંદાજિત રૂ. ૧૧૦ કરોડના ખર્ચની પૂર્ણા ટાઇડલ રેગ્યુલેટર માટે રૂ.૪૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. કાકરાપાર યોજનની નહેરોની સુધારણા અને આધુનિકીકરણની કામગીરી માટે રૂ.૨૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકામાંથી પસાર થતી કીમ નદી પર રૂ.૧૧૮.૦૮ કરોડના ખર્ચે વિયર/બેરેજ અને વણ નદી પર રૂ.૧૦૯.૨૨ કરોડના ખર્ચે વિયર/બેરેજ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ બંને યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. વલસાડ જિલ્લાના વાપી તાલુકાના નામધા ગામે

અંદાજિત રકમ રૂ.૧૫૯ કરોડના આયોજિત દમણગંગા બેરેજની કામગીરી માટે રૂ.૫૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

મધ્ય ગુજરાતની વાત કરું તો, વડોદરા શહેરને વિશ્વામિત્રી નદીના પૂરથી રક્ષણ આપવા માટે મુખ્યમંત્રીશ્રી દ્વારા ગઠિત હાઇલેવલ કમિટીનાં સૂચનો ધ્યાને લઇ હયાત આજવા સરોવરના હેઠવાસમાં રૂ.૪૪.૦૦ કરોડના ખર્ચે નવીન બેરેજ બનાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. આણંદ અને ખેડા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મહી મેઇન કેનાલ તથા તેમાંથી વિભાજિત થતી નડિયાદ બ્રાન્ચ કેનાલ, પેટલાદ બ્રાન્ચ કેનાલ અને ખંભાત બ્રાન્ચ કેનાલ થકી અંદાજિત રૂ.૨૩૦ કરોડના ખર્ચે નહેર સુધારણાની કામગીરી થકી ખેડૂતો માટે સિંચાઇ સુવિધા સુદૃઢ થશે. પ્રગતિ હેઠળની અંદાજિત રૂ.૩૫૬ કરોડના ખર્ચની મહી નદી ઉપર પોઇચા ગામ પાસે વિયર બનાવવાની કામગીરી માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ. જેનાથી સાવલી અને ઉમરેઠ તાલુકાના ૪૯ ગામોના ૭૨૦૦ હેક્ટર વિસ્તારને સીધો અને આડકતરો લાભ મળશે. દાહોદ, છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લાના તળાવો/જળાશયોને નર્મદાનું પાણી લિફ્ટ કરીને ભરવાની અંદાજિત રૂ.૫૪૯૭.૩૩ કરોડની યોજનાને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. જેનાથી ઉક્ત જિલ્લાઓના ૧,૨૪,૨૦૦ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

ઉત્તર ગુજરાતની વાત કરું તો, ઉત્તર ગુજરાત વિસ્તારના નર્મદાના પાણીના લાભથી વંચિત રહેલ બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, ડીસા, દિયોદર, લાખાણી અને કાંકરેજ તાલુકાઓના ગામો માટે નવીન ૦૨ પાઇપલાઇન યોજનાઓની રૂ.૨૨૧૩ કરોડની પ્રગતિ હેઠળની કામગીરી માટે રૂ.૬૩૦ કરોડની જોગવાઇ. આ યોજનાઓ થકી ૩૦ હજાર હેકટર કરતાં વધુ વિસ્તારને સિંચાઇનો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે લાભ થનાર છે. બનાસકાંઠાના વડગામ તાલુકાના કરમાવત તળાવને પાઇપલાઇનથી જોડાણ માટેની પ્રગતિ હેઠળની રૂ. ૬૫૦ કરોડની કામગીરી માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હાલમાં પૂર્ણ થયેલ કસરાથી દાંતીવાડા પાઇપલાઇનમાંથી પાટણ જિલ્લાના સરસ્વતી, હારિજ, ચાણસ્મા, પાટણ તાલુકાના ૩૫થી વધુ ગામોના ૪૦થી વધુ તળાવો નર્મદાના પાણીથી ભરવા માટે નવીન પાઇપલાઇનની રૂ. ૨૬૦ કરોડની કામગીરી માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરી છે. જેનાથી પાટણ જિલ્લાના ૩૫૦૦થી વધુ હેકટરને પૂરક સિંચાઇનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં પૂર્ણ થયેલ ડીંડરોલથી મુક્તેશ્વર પાઇપલાઇનમાંથી પાટણ જિલ્લાના સિદ્ધપુર અને બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના કુલ ૪૦થી વધુ ગામોના ૪૫થી વધુ તળાવો નર્મદાના પાણીથી ભરવા માટે નવીન પાઇપલાઇનની રૂ. ૧૨૩ કરોડની કામગીરી માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરી છે જેનાથી પાટણ જિલ્લાના ૪૦૦૦થી વધુ હેકટરને પૂરક સિંચાઇનો લાભ મળશે. હયાત જલુન્દ્રા–માધવગઢ પાઇપલાઇન યોજનામાંથી દહેગામ તાલુકાના કડજોદરા સહિત ૧૬ ગામોનાં તળાવો પાઇપલાઇનથી ભરવાની યોજનાની કામગીરી માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં અંદાજિત રૂ. ૯૨ કરોડની બાલારામથી મલાણા સુધીની પાઇપલાઇનની કામગીરી પૂર્ણતાના આરે છે. જેનાથી બનાસકાંઠા જિલ્લાના ૧૪ ગામનાં ૧૪ તળાવો ભરવામાં આવનાર છે. જેના થકી આશરે ૨૦૦૦ હેકટર જેટલા વિસ્તારને પૂરક સિંચાઇનો લાભ મળશે. મેશ્વો, ખારી, પુષ્પાવતી અને રૂપેણ નદીઓ પર સિરીઝ ઓફ ચેકડેમ માટેની અંદાજિત રૂ. ૨૫૧ કરોડની કામગીરી માટે રૂ. ૧૧૦ કરોડની જોગવાઇ કરી છે જેનાથી ગાંધીનગર, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લાને પૂરક સિંચાઇનો લાભ મળશે. અંદાજિત રૂ. ૯૩ કરોડના ખર્ચે ઘરોઇ જળાશય યોજના આધારિત ડોભાડા ઉદવહન સિંચાઇ યોજનાથી સાબરકાંઠા જિલ્લાના ઇડર અને વડાલી તાલુકાના ૨૬ ગામના ૪૮ તળાવો ભરવામાં આવનાર છે જેના થકી આશરે ૨૦૯૫ હેકટર જેટલા વિસ્તારને સિંચાઇની સુવિધા પૂરી પાડવાનું આયોજન છે. માનનીય સભ્યશ્રી અમૃતજીભાઇએ વાત કરી કે સિંચાઇનું પાણી પૂરતા પ્રમાણમાં મળતું નથી એના માટે પણ જે પ્રમાણે કામગીરી કરવાની છે એ કરાવીને આ વિસ્તારમાં તમામ ખેડૂતોને પાણી મળે એ માટેના અમારા પ્રયત્નો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે માન. મુખ્યમંત્રીશ્રીએ ઘોળીઘજા ડેમથી વડોદ ડેમ સુધી રૂ. ૮૦૦ કરોડના ખર્ચે, ૩૦૦૦ મિલિમીટરની એક એવી બે વધારાની પાઇપલાઇન નાંખી સૌની યોજનાની લિંક–૨ અને લિંક–૪ માટે વધારાનું પાણી પહોંચાડવા માટે સંમતિ આપેલ છે. જેનાથી સૌની યોજના લિંક–૨ અને ૪ની સ્કાવર વાલ્વથી ત્રણ કિ.મી.ની મર્યાદામાં આવતા અમરેલી, ભાવનગર, બોટાદ, જૂનાગઢ અને રાજકોટના ગામોના તળાવોને સાંકળવાની કામગીરી ઝડપથી હાથ ધરી શકાશે. સૌની યોજના અંતર્ગત નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૧ મિલિયન એકર ફીટ પાણી દ્વારા સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની કામગીરી પૂર્ણતાના આરે છે. આ કામગીરીથી ૩,૩૪,૦૦૦ હેકટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા સુદૃઢ થશે તેમજ સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની સમસ્યાનું નિરાકરણ આવશે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ૧૦૫ જળાશયો, ૨૩૪ ગામ તળાવો અને ૧૧૧૬ ચેકડેમોમાં ૧,૩૨,૦૬૮ મિલિયન ઘનફૂટ પાણી આપવામાં આવેલ છે જેના થકી આશરે ૨,૬૩,૦૪૫ હેકટરમાં સિંચાઇ સુવિધા અને અનેક શહેરોમાં પીવાના પાણીની સુવિધા સુદૃઢ બની છે.

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનામાં બાકી રહેતી કામગીરી માટે રૂ. ૪૭૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં સૌની યોજના લિંક–૧ અને ૩ની સ્કાવર વાલ્વથી ત્રણ કિ.મી.ની મર્યાદામાં આવતા ગામોને સાંકળવાની કામગીરીનું આયોજન હાથ ધરેલ છે. ઘેડ વિસ્તારમાં પાણી નિકાલ અને જળ સિંચનની કામગીરી માટે રૂ. ૧૪૨૩ કરોડ પૈકી રૂ. ૩૨૬

કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. માનનીય સભ્યશ્રી હેમંતભાઈએ લિંક-૩ના વાલ્વની વાત કરી, તૂટેલા ચેકડેમો રિપેરિંગ કરવાની વાત કરી, નવા ચેકડેમોની વાત કરી એના માટે સ્થળ તપાસ કરી જ્યાં જરૂર હશે ત્યાં ચેકડેમો તાત્કાલિક રિપેરિંગ કરવામાં આવશે અને નવાની જરૂરિયાત હશે ત્યાં નવા બનાવવામાં આવશે. કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી ૧ મિલિયન એકર ફીટ પાણીનું વિતરણ કરવા માટે પ્રથમ તબક્કે ૩-પાઇપલાઇન યોજનાના કામો રૂ. ૪૧૧૮.૦૦ કરોડના ખર્ચે તથા બીજા તબક્કે ૨-પાઇપલાઇન યોજનાના કામો રૂ. ૨૩૦૬.૩૯ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. જેનાથી કુલ ૬૯ જેટલી સિંચાઇ યોજનાઓમાં નર્મદાના પૂરનું વધારાનું પાણી પહોંચાડાશે અને ૧૩૦ ગામના ૧,૭૨,૪૧૧ જેટલા હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે.કચ્છ જિલ્લાના રાપર તાલુકા માટે નર્મદાના પૂરના વધારાના પાણી પૈકી એક મિલિયન એકર ફીટ પાણીના વિતરણ માટે રૂપિયા ૭૬૫ કરોડના ખર્ચે પાઇપલાઇન યોજના આયોજન હેઠળ છે. જેનાથી રાપર તાલુકાનાં ૯૯ તળાવો અને સિંચાઇ યોજનાઓમાં નર્મદાના પૂરનું વધારાનું પાણી પહોંચાડાશે. જેનાથી ૪૩ ગામોની ૨૨ હજાર હેકટર જમીન વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે. આ કામ માટે રૂપિયા ૧૩૩૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કચ્છમાં મોટા ચેકડેમો, તળાવો અને જળસંગ્રહ માટે રૂ. ૬૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કચ્છના ખડીર વિસ્તારના ૧૦ ગામોનાં ૧૮૦ તળાવો અને ૬ નાની સિંચાઇ યોજનામાં નર્મદાના પાણી પહોંચાડવા માટે રૂપિયા ૫૦૦.૮૫ કરોડની અંદાજિત ખર્ચની યોજના આયોજન હેઠળ છે. જેનાથી ૫૩૦૩ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાનો છે. જળસંચયની કામગીરીની વાત કરું તો સમગ્ર રાજ્યમાં જળસ્ત્રોતના સંગ્રહનો વ્યાપ વધારવા છેલ્લાં ૮ વર્ષથી સુજલામ્ સુફલામ્ જળ અભિયાન હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત જળસંચયમાં વધારો થાય તેવાં કામો લોકભાગીદારીથી પણ હાથ ધરવામાં આવે છે. છેલ્લાં ૮ વર્ષથી ચાલતા આ સુજલામ સુફલામ જળ અભિયાન અંતર્ગત ૧ લાખ ૨૨ હજાર ૨૯૯નાં કામો પૂર્ણ થયાં છે. જેમાં તળાવો ઊંડા કરવાના ૩૯,૫૪૨ કામો, ચેકડેમો ડીસિલ્ટિંગ ૬૫૪૪ કામો, ચેકડેમ રિપેરીંગનાં ૭૫૯૦ કામો કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત છેલ્લાં ૮ વર્ષમાં થયેલ કામોથી જળસંગ્રહ શક્તિમાં કુલ ૧ લાખ ૩૯ હજાર ૯૫૯ લાખ ઘનફૂટ જેટલો વધારો થયેલ છે. જળસંગ્રહ અને જળસંચય ક્ષેત્રે વર્ષ ૨૦૨૫-૨૬માં ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં નાના અને મોટા મળી કુલ ૨૦૨ ચેકડેમોનાં કામો પૂર્ણ થયાં છે. ૧૮૬ નાના અને ૨૦૪ મોટા ચેકડેમો પ્રગતિ હેઠળ છે. જે પૂર્ણ થતાં ૭૮૦૦ હેકટરને સિંચાઇનો લાભ મળવાનો છે. ડિસેમ્બર-૨૦૨૫ સુધી જળસંપતિ વિભાગના કુલ ૯૫,૨૩૪ ચેકડેમો તેમજ અન્ય વિભાગના કુલ ૯૨,૫૨૭ ચેકડેમો મળીને રાજ્યમાં કુલ ૧ લાખ ૪૬ હજાર ૭૯૧ ચેકડેમો થકી અંદાજે ૪.૬૧ લાખ હેકટર વિસ્તારને સીધો કે આડકતરી રીતે લાભ પ્રાપ્ત થયો છે. સમગ્ર રાજ્યમાં મોટા ચેકડેમો, વિયર, બેરેજ બનાવવા માટે રૂપિયા ૧૫૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. આમ, જળસંચય ક્ષેત્રે માનનીય પ્રધાનમંત્રીશ્રીએ શરૂ કરેલ જળસંચય જનભાગીદારી અભિયાન યોજનાને વેગવંતી બનાવવા સરકાર આગળ વધી રહી છે. વિવિધ સભ્યશ્રીઓ દ્વારા અલગ અલગ પ કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવેલ છે. જળસંપતિ વિભાગ દ્વારા રાજ્યના દરેક જિલ્લા અને દરેક તાલુકામાં જરૂરિયાત મુજબ સુવિધા પૂરી પાડવામાં આવે છે. એ ધ્યાને લેતા જળસંપત્તિની નિષ્ફળતા માટે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી સર્વે સભ્યશ્રીઓને કાપ દરખાસ્ત પાછી ખેંચવા અથવા કાપ દરખાસ્ત રદ કરવા અને સિંચાઇ હેઠળની માગણીઓ મંજૂર કરવા મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું પાણી પુરવઠા પ્રભાગની વાત કરું છું. વર્ષ ૨૦૨૬-૨૭ની પાણી પુરવઠા વિભાગની માગણી ક્રમાંક-૬૭ હેઠળ મહેસૂલી ખર્ચ પેટે રૂપિયા ૪૫૯ કરોડ ૨૨ લાખ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૪૬૭૫ કરોડ અને ૨૫ લાખની માગણીની વિગતો સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરતાં મને આનંદ થાય છે. વર્ષો પહેલાં ગુજરાતમાં પીવાના પાણીની અછતના કારણે ટેન્કર રાજ, બેડાંયુદ્ધ, દુષ્કાળ, લોકોનું સ્થળાંતર વગેરે જે સમસ્યાઓ સામાન્ય હતી. આવા કપરા સમયમાં ગુજરાતના તે વખતના મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિથી રાજ્ય સરકારે ત્રણ આયામી વ્યવસ્થા દ્વારા પીવાના પાણીના ક્ષેત્રે એક અભૂતપૂર્વ કામ કરેલ છે જે શબ્દોથી વ્યક્ત થઇ શકે તેમ નથી. રાજ્યમાં છેલ્લાં ૨૪ વર્ષથી પીવાના પાણીના ક્ષેત્રમાં ખૂબ કામો થયેલાં છે. રાજ્યમાં પાણી પુરવઠા ક્ષેત્રમાં રૂપિયા ૨૨ હજાર કરોડથી વધુ રકમના ખર્ચે રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડનું નિર્માણ થયું છે. જે થકી ૩૨૯૦ કિલોમીટરની બલ્ક પાઇપલાઇનનું નિર્માણ થયેલ છે. આ પાણી પુરવઠા ગ્રીડ દ્વારા રાજ્યના ૧૮,૧૫૨ પૈકી ૧૫,૮૦૨ ગામો તેમજ ૨૫૧ શહેરો નર્મદા તથા અન્ય સરફેસ સ્ત્રોતથી જોડે છે. જે થકી રાજ્યના ૫ કરોડથી વધુ લોકોને સરેરાશ દૈનિક ૩૫૦૦ એમ.એલ.ડી.થી વધુ પાણી પૂરું પાડવામાં આવે છે. બજેટમાં સમાવિષ્ટ યોજનાની વાત કરીએ તો 'જળ જીવન મિશન' રાજ્ય ફાળા માટે રૂપિયા ૧૬૯૯ કરોડ,ગ્રામ્ય પાણી પુરવઠા માટે રૂ.૩૪૫૮.૫૦ કરોડ, નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજના માટે રૂ.૮૦૦ કરોડ આગામી બે વર્ષમાં બાકી રહેતા ભૂગર્ભ જળ આધારિત વ્યક્તિગત પાણી પુરવઠા યોજનાના કામોને તબક્કાવાર પાણીના સરફેસ સોર્સ આધારિત જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાનું આયોજન કરેલ છે. રાજ્ય સરકાર તમામ જિલ્લા-તાલુકાને સરફેસ વોટર આધારિત કાયમી અને વિશ્વસનીયતા સાથે પાણી આપવા સંકલ્પબદ્ધ છે. સુરત-નવસારી બલ્ક પાઇપલાઇન, ૨૬૪ ગામ અને ૬ શહેરોનો સમાવેશ કરતી ''સુરત-નવસારી બલ્ક પાઇપલાઇન'' યોજનાના અંદાજિત રૂ.૩૭૫ કરોડનાં કામો ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે. માનનીય સભ્યશ્રી અનંતભાઇએ વાત કરી કે કેલિયા જૂથ પાણી પુરવઠા યોજના જેમાં ૧૯ ગામોનો સમાવેશ થયેલ છે અને જૂની યોજના માટે કેલિયા સુધારણા યોજનામાં રૂ.૪૪.૫૪ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે. આ યોજનાની

કામગીરી પ્રગતિમાં છે જેમાં ૮૬.૫૦ ટકા ભૌતિક પ્રગતિ પણ થયેલ છે. આ યોજના પહેલી તકે પૂર્ણ કરવાનું અમારું આયોજન છે. સુબીર જૂથ યોજના આધારિત યોજના માટે રજૂઆત કરેલ છે એ બાબતે જણાવવાનું કે જૂજ જૂથ યોજનામાં વાંસદા તાલુકાના ૧૬ ગામોનો સમાવેશ છે. સરકારશ્રીના પ્રવર્તમાન નોર્મ્સ પ્રમાણે ૧૦૦ એલ.પી.સી.થી પાણી આપવા માટે સુધારણા યોજનમાં રૂ.૨૩.૭૦ કરોડના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે, જેની કામગીરી પ્રગતિમાં છે, ૯૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થયેલ છે. બીજું, કેલિયા, જૂજ ડેમોની ક્ષમતા ઓછી હોય ઉનાળાના સમયગાળામાં પાણી ઘટી જવાના કિસ્સામાં યોજના આધારિત ગામોમાં નિયમિત પાણી મળી રહે તે માટે લાંબાગાળાના આયોજન તરીકે દમણગંગા બલ્ક પાઇપ લાઇન દ્વારા ટેપિંગ કરીને પણ એ ગામોને પાણી પૂરું પાડવાનું આયોજન છે. માનપુરીયા, ખાટાઆંબા, સીંગણમર, આંબલા, નાની વઘઇ વગેરે ગામોની રજૂઆત કરવામાં આવેલ છે એમાં પણ દમણગંગા બલ્ક પાઇપલાઇન દ્વારા આધારિત ભીનાર જૂથ યોજના અને વાંકર બારતર જૂથ યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે, આ જૂથ યોજનાની કામગીરી પણ ૮૦ ટકા કામગીરી પૂર્ણ થયેલી છે. ડાંગ જિલ્લામાં પીવાના પાણી માટે ડેમ કે તળાવ જેવા સરફેસ સોર્સ ન હોવાને કારણે ડાંગ જિલ્લાથી અંદાજિત ૬૦ કિલોમીટર દૂર આવેલ તાપી નદી આધારિત તેમજ કાંકરાપાર વિયર આધારિત ડાંગ જિલ્લાના આહવા, સુબીર તેમજ વઘઇ તાલુકાના કુલ ૨૭૬ ગામો તથા ૩ શહેરોનો સમાવેશ કરતી ડાંગ જૂથ પાણી પુરવઠા યોજનાના કામો અંદાજિત રૂ.૮૬૬ કરોડના ખર્ચે અલગ અલગ ત્રણ પેકેજોમાં હાથ ધરવામાં આવેલ છે. અંબાજી ભાગ ૧ અને ૨ જૂથ પાણી પુરવઠા યોજના બનાસકાંઠા જિલ્લામાં ઘરોઇ જળાશય આધારિત દાંતા અને અમીરગઢ તાલુકાના ૩૩ અને ૧ અંબાજી શહેરનો સમાવેશ કરતી અંબાજી જૂથ પાણી પુરવઠા યોજના અંદાજિત રૂ.૧૫૩ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. નવરચિત વાવ–થરાદ જિલ્લાની સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાઓ વાવ–થરાદ જિલ્લામાં નર્મદા મુખ્ય નહેર આધારિત વાવ, થરાદ, સુઇગામ અને લાખણી તાલુકાના ૨૪૦ ગામો માટે અલગ અલગ સુધારાણા જૂથ પાણી પુરવઠા યોજનાઓના કામો અંદાજિત રૂ.૩૪૬ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે. ભાડભૂત જળાશય આધારિત પાણી પુરવઠા યોજનાની વાત કરું તો એમાં સુરત, ભરૂચ અને વડોદરા જિલ્લના ૧૩ તાલુકાઓની વિવિધ જૂથ યોજનાઓ માટે ભાડભૂત જળાશય આધારિત પાઇપલાઇન નેટવર્ક અને અન્ય માળખાકીય સુવિધાઓ માટેના આશરે રૂ.૧૨૦૦ કરોડનાં કામોનું આયોજન કરવામાં આવેલ છે. નર્મદા કેનાલ આધારિત પાણી પુરવઠા યોજનાની વાત કરું તો એમાં ઢાંકીથી નાવડા સુધીની ૫૦૦ એમ.એલ.ડી. ક્ષમતાની ૯૭ કિલોમીટર પાઇપલાઇનનાં કામો, અંદાજિત રકમ રૂ.૧૦૪૪ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ છે. આ કામ પૂર્ણ થતા મધ્ય અને દક્ષિણ સૌરાષ્ટ્ર વિસ્તાર માટે ૫૦૦ એમ.એલ.ડી. દૈનિક પાણીનો જથ્થો વધુ ઉપલબ્ધ બનશે. ઢાંકીથી માળિયા સુધીની નવિન ૧૨૦ કિલોમીટર લંબાઈની બલ્ક પાઇપલાઇન અંદાજિત કિંમત રૂ.૧૨૦૦ કરોડનાં કામો માટે જરૂરી બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ યોજનાનાં કામો પૂર્ણ થયેથી મોરબી, જામનગર, રાજકોટ, કચ્છ જિલ્લાના કુલ મળીને ૧૩૮૬ ગામો અને ૨૦ શહેરોની ભવિષ્યની કુલ ૬૦ લાખની વસ્તીને વધારાના ૫૦ કરોડ લીટર પ્રતિદિન પીવાનું પાણી ઉપલબ્ધ થશે. આદિજાતિ વિસ્તારો માટે ગ્રામ્ય પાણી પુરવઠા યોજનાઓની વાત કરું તો આદિજાતિ વિસ્તારના કુલ ૧૪ જિલ્લાઓના ૩૩૨૭ ગામોને આવરી લેતી અંદાજિત કિંમત રૂ.૫,૯૩૫ કરોડની સુધારણા તથા નવીન ૧૦૫ જૂથ યોજનાનાં કામો પ્રગતિ હેઠળ છે તથા ૬૫૧ ગામોને આવરી લેતી અંદાજિત રકમ રૂ.૨૮૦ કરોડની ૨૬ યોજનાનાં કામો આયોજન હેઠળ છે. આદિજાતિ વિસ્તારના છોટાઉદેપુર અને વલસાડમાં બલ્ક પાઇપલાઇનનાં કામો પૂર્ણ કરવામાં આવેલ છે. જ્યારે દાહોદ, મહિસાગર, નવસારી, સુરત જિલ્લામાં બલ્ક પાઇપલાઇનાનાં કામો પ્રગતિમાં છે. ઊના–દીવ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું તો ગીર સોમનાથ જિલ્લાની ઊના–દીવ જૂથ પાણી પુરવઠા યોજનાની અંદાજિત રકમ રૂ.૧૧૫.૨૩ કરોડનાં ખર્ચે કામો પ્રગતિ હેઠળ છે. આ કામો પૂર્ણ થતાં આ જૂથ યોજનાના હેઠળના ૩૪ ગામોને અને ૧ શહેરને પૂરતું અને શુદ્ધ પીવાના પાણીનો લાભ મળતો થશે. બેડિયા–મચ્છુન્દ્રી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું તો ગીર સોમનાથ જિલ્લાની ઊના અને ગીર ગઢડા તાલુકાની બેડિયા–મચ્છુન્દ્રી જૂથ પાણી પુરવઠા યોજનાના રૂ.૧૫૩.૬૪ કરોડનાં કામો મંજૂર કરેલ છે. જે કામગીરી પ્રગતિ હેઠળ છે.આ કામો પૂર્ણ થતાં આ જૂથ યોજનાના ૩૪ ગામોને અને એક શહેરને પૂરતું શુદ્ધ પીવાનું પાણી પીવાનો લાભ મળતો થશે. બેડિયા મચ્છુન્દ્રી સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું ગીર સોમનાથ જિલ્લાની ઉના અને ગીરગઢડા તાલુકાની બેડીયા–મચ્છુન્દ્રી જૂથ પાણી પુરવઠા યોજના રૂપિયા ૧૫૩.૬૪ કરોડનાં કામો મંજૂર કરેલ છે જે કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામો પૂર્ણ થતાં આ જૂથ યોજના હેઠળના ૯૦ ગામોને શુદ્ધ પીવાનું પાણી પીવાનો લાભ મળશે. સોનારીયા ગ્રુપ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાની વાત કરું ત્યારે ગીર સોમનાથ જિલ્લાની તાલાળા અને સોનારીયા જૂથ પાણી પુરવઠા યોજનાના રૂપિયા ૭૦.૫૨ કરોડનાં કામો મંજૂર કરેલ છે અને કામગીરી પ્રગતિ હેઠળ છે. આ કામો પૂર્ણ થતાં આ જૂથ યોજના હેઠળના ૬૭ ગામોને પૂરતું અને શુદ્ધ પીવાનું પાણી મળવાનું છે. વિવિધ સભ્યશ્રીઓ દ્વારા કુલ–૭ જેટલી કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવેલ છે. પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજયના દરેકે દરેક જિલ્લા, તાલુકા અને નગરોમાં જરૂરિયાત મુજબનો પીવાના પાણીનો પુરવઠો પૂરો પાડવમાં આવેલ છે. આમ, પાણી પુરવઠા ક્ષેત્રમાં વિવિધ આયોજનો માટેની જરૂરી જોગવાઇ વર્ષ–૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ હોઇ હું રાજયના પાણી પુરવઠા મંત્રી તરીકે સર્વે સદસ્યશ્રીઓને કાપ દરખાસ્તો પાછી ખેંચવા અથવા તો આ કાપ દરખાસ્તોને રદ કરવા અને વિભાગની માગણીઓને સર્વાનુમતે પસાર કરવા આ સભાગૃહને હું આગ્રહ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ગુડ ગવર્નન્સ થકી દેશના વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે. જનતાના પ્રશ્નોને અગ્રતા આપી તેના નિરાકરણ માટે અમારી સરકાર અહર્નિશ કર્તવ્યરત છે. રાજયના છેવાડાના માનવીને વધુને વધુ મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા છે. આપણા યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વિકસાવેલી સુશાસન પ્રણાલીને વર્તમાન મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે સુપેરે આગળ ધપાવી છે. વિકસિત ગુજરાતનાં નિર્માણ થકી વિકસિત ભારતનાં નિર્માણ માટેની પ્રતિબદ્ધતા સાથે વિકસિત ભારત–૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે ગુજરાત સરકાર કામ કરી રહી છે. વિકાસની રાજનીતિ દ્વારા આયોજનબદ્ધ રીતે આગળ વધવાનું ઉત્તમ ઉદાહરણ ગુજરાતે પૂરું પાડયુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા હસ્તકના વિભાગો દ્વારા થતી કામગીરીથી મેં આ સન્માનનીય સભાગૃહને વાકેફ કર્યું છે અને આ વિભાગો દ્વારા આયોજનો માટેની જરૂરી જોગવાઇ વર્ષ–૨૦૨૬–૨૭ના અંદાજપત્રમાં સૂચવવામાં આવેલ હોય આ વિભાગોના મંત્રી તરીકે વિભાગની માગણીઓ સર્વાનુમતે પસાર કરવા મારી આગ્રહભરી વિનંતી સાથે મારી વાત હું પૂરી કરું છું.

જય જય ગરવી ગુજરાત, ભારત માતા કી જય.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ ખૂબ સરસ ગુજરાતી ભાષાની અંદર તેમનું સંબોધન કર્યું. માનનીય સચિવશ્રીઓ જે અહીંયા ઉપસ્થિત છે તો આપની બજેટની જોગવાઇઓના અનુસંધાને માનનીય ધારાસભ્યશ્રીઓના જે અત્યારે પ્રશ્નો છે તે પ્રજાની પ્રાયોરિટી છે એવુ સમજીને તમારે અત્યારે હાલ તમારે લખવાનું, નોંધ કરવાની છે મંત્રીશ્રી જવાબ અહીંયા નહીં આપે અને તેનું કામ શું થયુ તેની પ્રગતિ વિધાનસભા થ્રુ માનનીય સભ્યશ્રીઓને પહોંચાડવાની રહેશે.

શ્રી કેશુભાઇ શિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી બજેટના અનુસંધાને લઇને આવ્યા છે તેને લગભગ આખા ગુજરાતે, સૌરાષ્ટ્રને અને મારો કચ્છ જિલ્લો ગુજરાતનો ચોથા ભાગનો હિસ્સો છે અને રેગ્યુલર પાણી અને વધારાનું પાણી મળી રહે, મને એક મિનિટ આપજો સાહેબ તો મારી એક વિનંતી છે કે, વધારાનું પાણી જયારે મળશે ચોમાસાના એક માસમાં મળશે અને એકત્રિત પાણી આવશે. અત્યારે અમારી ક્ષમતા કચ્છની ડેમની જે જૂના ૩૦ ડેમ છે તે ભરાશે અને બાકીનું પાણી કયાં સંગ્રહ કરશો આના માટે પણ ચિંતા થવી જોઇએ. અને જયારે આ બે વધારાનું પાણી અને રેગ્યુલર પાણી મળી ૨૫ ટકા કચ્છની જમીન પિયત થાય છે. બાકીની જમીન નો–સોર્સ પાતાળમાં પાણી છે નહીં તો બાકીની રહેતી જમીન માટે પણ સરકારે કંઇક જે રીતે અમે સાંભળ્યું છે અનેક જિલ્લામાં અને તાલુકામાં તળાવો ભરવા, ચેકડેમ ભરવા તો આટલી ચિંતા થાય અને એક નેવાડા મારું ગામ છે નેવાડા ડેમમાં ખેડૂતો પાણી લે છે તેની કોઇ કેનાલ નથી અમે ઘણું લખીને આપ્યું છે એટલે એ પણ ચિંતા થઇને તેને જો આ પાઇપ નાંખીને પાણી પહોંચે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે એક મુદ્દાનો કાર્યક્રમ એમાં તમારું જે કામ હોય તેનું વર્ણન કરીને નહીં, પણ તમારે સીધો પોઇન્ટ જ મૂકવાનો છે આ કામ થાય. શું કામ થાય, કેમ થાય તેનું વર્ણન કરવાનો ટાઇમ અત્યારે નથી એટલે મારી તમને એક પ્રાર્થના છે સીધા મુદ્દા ઉપર આવો તો જ તેનો લાભ વધારે રહેશે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારના દિયોદર તાલુકાના ૧૪ જેટલા ગામ નર્મદા મુખ્ય કેનાલથી પશ્ચિમ ભાગે છે અને અનકમાન્ડેડ છે તો એને કમાન્ડમાં લેવા માટે અને સિંચાઇનો લાભ આપવા માટેની ફાઇલ ઘણા લાંબ સમયથી ચાલે છે તો ઝડપથી એનું નિરાકરણ આવે એવી આપના મારફત વિનંતી છે.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા મતવિસ્તારના ખેડબ્રહ્મા તાલુકાના ખેડવા જળાશય આધારીત ડિસ્ટ્રિબ્યુટરી બેઝ છે એને એમ.એસ. પાઇપલાઇન દ્વારા નવીનીકરણની કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં આવે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદાનું પાણી અમારા દરેક ગામડાઓની અંદર ખાસ કરીને અમરેલી જિલ્લાના છેવાડાના ગામડાઓમાં પહોંચ્યું છે. કયારેક અમારા ધ્યાન ઉપર એવું આવતું હોય છે કે જયારે કોઇ બ્રેકડાઉન થાય, કોઇ ભંગાણ પડે ત્યારે ૧૦–૧૫ દિવસ સુધી પાણી નથી મળતું, સ્વાભાવિક છે કે એમાં રિપેરિંગમાં સમય લાગે, કોઇ મોટી જગ્યાએ બ્રેકડાઉન થયું હોય કોઇ મોટી તકલીફ થઇ હોય તો સમય લાગતો હોય છે. મારું સૂચન એવું છે કે પહેલાં જે ઓલ્ટરનેટીવ વ્યવસ્થાઓ ગામડાની અંદર કૂવાઓ હતા, પાતાળ કૂવાઓ હતા અથવા બોર આધારીત જે વ્યવસ્થાઓ હતી એને પુનઃજીવિત કરીને આવી ઓલ્ટરનેટીવ વ્યવસ્થાઓ જો શરૂ રાખીશું તો ભવિષ્યમાં આવી મુશ્કેલી થાય તો ફરીથી એ ગામડાને એ ગામનું પાણી મળી રહે અને જયાં સુધી ભંગાણ રીપેર ના થાય ત્યાં સુધી ગામડાને પોતાના સોર્સમાંથી પાણી મળી રહે એવી વ્યવસ્થા કરવી જોઇએ આ મારું સૂચન છે.

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એ વિનંતી કરું છું કે મારો વિસ્તાર ભૌગોલિક રીતે ઉંચાણ અને નીચાણવાળો અને ડુંગરાળ છે, ચાર તાલુકા છે એટલે એમાં પહેલા ફેઝમાં તળાવ મંજૂર થયા છે એને કામગીરી ચાલુ છે પણ થોડી વધારે ઝડપી થાય અને બીજો ફેઝ મંજૂર કર્યો, વિરપુર, લુણાવાડાના થોડા ગામ અને બાયડના એ પણ ઝડપથી તૈયાર થાય અને શેઢી નદી છે જે આટકોટથી નીકળી વિરપુર તાલુકાના ત્યાંથી નીકળે એ ગોમતી તળાવ, ડાકોરને મળે છે, તો એનું ખોદકામ થાય.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કે અમારા દહેગામમાં મેઇન કેનાલના બન્ને બાજુ રસ્તા થોડાક ખરાબ છે તો મેઇન કેનાલ કમાન્ડ એરીયામાં આવતી હોય એટલે એ રસ્તા

બને અને બીજા નંબરમાં દહેગામમાં જે તળાવ કરવા માટેની જે નવી મંજૂરી આપી છે એ બદલ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર.

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, મેં લાંબા સમયથી માણેકપુર મુકામે બંધારાની માગણી કરેલી હોય તો સત્વરે એને મંજૂરી આપવા વિનંતી છે.

શ્રી લક્ષ્મણજી પું. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગું છું કે મારા વિસ્તારમાં હમણાં અતિવૃષ્ટિ થઇ ત્યારે મદ્રુતરાના લગભગ ૨૫-૩૦ માણસોએ કાલે આપને આવેદન આપ્યું છે અને અહીંયા માનનીય જીતુભાઇને પણ આવેદન આપ્યું છે અને ૨૦૦૦ એકરમાં લગભગ પાણી હજી સુધી ભરેલું પડયું છે તો આપના મારફત જો પાણીનો તાત્કાલિક નિકાલ થાય તો ખેડૂતોને ફાયદો થાય. બીજું મારા વિસ્તારમાં છેવાડામાં માઇનોર કેનાલો નાની છે એને મોટી કરી અને ખેતરોમાં પાણી પહોંચે એવી આપના મારફતે વિનંતી કરું છું.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં નર્મદાની સૌની યોજનાની કેનાલ એટલે પાઇપલાઇન દ્વારા લિંક વન અને લિંક થ્રી નીકળે છે એમાં ૩ કિલોમિટરની લંબાઇમાં ચેકડેમો ભરવામાં આવે છે, કિલોમિટરની ત્રિજ્યા વધારે તો વધારે ખેડૂતોને લાભ મળી શકે એમ છે.

શ્રી જેઠાભાઇ ઘે. આહીર(ભરવાડ) : માનનીય અધ્યક્ષશ્રી, મનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે શહેરા મતવિસ્તારના પૂર્વગાળાના ગામોને કાનમ હાઇલેવલ પાણીને લિફ્ટિંગ કરીને તળાવો ભરવા માટેની યોજના કરી અને કામ શરૂ થઇ ગયું છે પણ ખેડૂતોને ત્યાં સુધી લીફટ કરીને પાણી નાની નાની લિફટ ઇરીગેશનો બનાવીને જલદીમાં જલદી એ દરખાસ્ત સરકારમાં પડેલી તો એની મંજૂરી વહેલામાં વહેલી તકે મળે અને બીજી વાત કે જે સરકાર તરફથી હેન્ડપંપ અમારા પંચમહાલ વિસ્તાર અને દાહોદમાં છૂટી છવાઇ વસતિ રહેતી હોય છે.ત્યાં નલ સે જલ યોજનાની પાઇપલાઇનથી પાણી આપવા માટેની વ્યવસ્થા છે પણ જ્યાં ફળિયું નથી ત્યાં છે અને જ્યાં ફળિયું ના હોય અને છૂટા છવાયાં ઘર હોય ત્યાં ફરીથી હેડ પંપ શરૂ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી રમેશભાઇ ના. મિસ્ત્રી : માનનીય અધ્યક્ષશ્રી, મારા ભરૂચ તાલુકાની ચાવજ ગામની ૯ ગામની પીવાના પાણીની યોજના છે. એમાં ભરૂચ-અંકલેશ્વર બ્રાન્ચ કેનાલ પરથી પાઇપલાઇન લઇ જવાની મંજૂરી એસ.એસ.એન.એલ. નથી આપતી એના કારણે આ યોજના પૂરી નથી થતી. મારી માનનીય મંત્રીશ્રી અને વિભાગને વિનંતી છે કે આ યોજના ઝડપથી પૂરી કરાવે અને આ ૯ ગામમાં ભરૂચના આસપાસના ગામો છે ત્યાં સોસાયટીનો વિસ્તાર નવો ડેવલપ થયેલો છે. તો આ યોજનામાં સોસાયટીના વિસ્તારનો પણ સમાવેશ થાય એવી મારી માનનીય મંત્રીશ્રીને ભલામણ છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતો જે ખેત તલાવડીઓ માગે છે એ બધાને એનો લાભ મળે અને ઝડપી ખેત તલાવડીઓ માટેનું ઝીરો મેમોરીયમ મળે અને રોયલ્ટીમાંથી બાદ મળે એવી મારી વિનંતી છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં મોટાભાગના તળાવો ભરાઇ ગયા છે પણ ડોભાડા નજીકના આઠ-દસ ગામ છે એના તળાવો ભરવાની રજૂઆત મેં માનનીય મંત્રીશ્રી અને અધિકારીઓને પહોંચાડી છે એ થાય અને બીજું મારું સૂચન છે કે મોટેરાથી નર્મદા આધારિત પાણીની પાઇપલાઇન દ્વારા તળાવો ભરવાનું જે આયોજન છે. એમાં જે પમ્પિંગ સેટ સ્ટેન્ડ બાય હોય છે એ તો બંધ હોય છે પણ જે બાકીની કેપેસિટીના છે એ પણ બંધ હોય છે. બધાં જ પંપો રિપેર હોય અને ચાલુ હાલતમાં હોય એવું મારું સૂચન છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે મારા વિસ્તારમાં નર્મદાની અનેક નહેરો આવેલી છે અને એ નહેરોનો ટેઇલ વિસ્તાર પણ મારા વિસ્તારમાં જ આવેલો છે. ઘણી બધી નહેરોના ટેઇલમાં પાણી પહોંચતું નથી તો એ પહોંચાડવામાં આવે તેમજ માલપુર અને નાડા ગામ છેવાડાના છે. ત્યાં પણ પાણી નથી પહોંચતું તો પાઇપ દ્વારા અથવા તો કાંસ દ્વારા પણ પાણી પહોંચાડવામાં આવે. બીજું કે જંબુસર શહેરમાં ઉદ્યોગોના કારણે ખૂબ લોકો આવ્યા હોવાથી વસતીમાં વધારો થયો હોવાથી ત્યાં પણ વધારે પાણીનો જથ્થો આપવામાં આવે એવી માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરું છું.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે તલોદ તાલુકાના ખારાદેરિયા તળાવમાં પાણી નાખવા વિનંતી છે. બીજું સુજલામ્ સુફલામ્ કેનાલની બાજુમાં રોડ બનાવવા વિનંતી છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મહેસાણા મહાનગરપાલિકામાં રૂ.૧૨૫ કરોડનો પાણી પુરવઠાનો પ્રોજેક્ટ ચાલી રહ્યો છે અને લગભગ ૬૦ ટકા જેવું કામ પરિપૂર્ણ થઇ ગયું છે પરંતુ રો-વૉટર માટે મોઢેરાથી મહેસાણા સુધીની પાઇપલાઇનનું કામ હજી સુધી મંજૂર થયું નથી. એ જો ઝડપથી મંજૂર થાય તો જ આ પ્રોજેક્ટ સફળ થશે.

